અમદાવાદ—રાયખડમાં 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય'માં
ભિક્ષુ-અખંડાનંદના મણકાથી મુદ્રિત



यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत । अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

[illegible]

मफत के ओछा मूल्ये मागनारने विनति

આ સંસ્થાનાં પુસ્તકો માટે ઉપલા પ્રકારની માગણીઓ હજી આવ્યા કરતી હોવાથી જણાવવાનું કેઃ–

આ સંસ્થામાં વગર કિંમતે કે નિર્ણિત કરતાં ઓછી કિંમતે પુસ્તકો આપવાનાં સાધન, સગવડ કે રિવાજ નથી. કોઈવાર કોઇ સજ્જન તરફથી આર્થિક સગવડ આવી પડવાથી જ્યારે કોઇ અમુક પુસ્તક હરકોઇ માગનારને આપવાના સંયોગો ઉભા થાય છે, ત્યારે તે પ્રકાર પ્રથમથીજ જાહેર કરી દેવાય છે; માટે જ્યાંસુધી એવું જાહેર કરાયું હોય નહિ, ત્યાંસુધી કોઇએ પણ એવી માગણી કરવી જોઇએ નહિ. આ સિવાય કોઇ કોઇ વાર અલ્પ–સ્વલ્પ આર્થિક સગવડ નીકળી આવતાં તેમાંથી તો માત્ર એટલુંજ બની શકે છે કે, ખાસ અમુક કોટી અને અમુક સ્થિતિવાળાનેજ અમુક તમુક આપવાનું હોય છે; પરંતુ એવે પ્રસંગે પણ એવા પ્રકારનાં યોગ્ય પાત્રોને શોધી શોધાવીને વગર માગ્યેજ અપાય છે, અને માગવા આવનાર કે પત્રથી માગનારને તો શબ્દથી કે અનુત્તરથી નકારજ આપવાનો હોય છે. કોઈવાર કોઇને વગર માગ્યે કાંઇ અપાયું હોય તે ઉપરથી તે પોતાની લાયકાત કે હક્ક જુદાજ પ્રકારનાં કલ્પી લઇને એમ પણ માને છે કે, હવે તો આપણી આવા પ્રકારની સેવા આ સંસ્થાએ ઉઠાવી છે, અને તેથી જ્યારે જે પણ જોઈતું હશે તેની જરાપણ રુચિ દર્શાવીશું એટલે આપશેજ. કેટલાક માનવો વધારે સમજુ હોવાથી તેઓ પોતે તો એવું સમજી લેતા નથી; પણ તે નહિ તો તેમને અપાયલું જોઈ સાંભળીને બીજા સામાન્ય માનવો તો અનેક માગવા આવે છે; અને જ્યારે નકાર સાંભળે છે, ત્યારે તે બિચારા મનમાં ગાળો દેતા દેતા ચાલ્યા જાય છે!

આગળ નાગપુરની જેલમાં ગયેલા બંધુઓ માટે કેટલાંક પુસ્તકો અંતર્યામીની આજ્ઞાથી વગર-મૂલ્યે અપાયલાં તે ઉપરથી અનેક સમજુ માનવોને પણ માગવાની વૃત્તિ થઇ આવી હતી. ધનવાનો પાસે તો ભલે સમાજસેવકો માગી શકે; પણ આ સંસ્થા કેવી નીતિરીતિથી ચલવાતી હોય, અને માત્ર અજ-ભિક્ષુ હોવાથી ધનવાનોને દાનાપણાનો દાર પાવા જવા જેટલી રુચિ ધરાવતો હોય નહિ, તેથી કરીને કોઇએ પણ તેની ગુનેહગારીનો બદલો સામી માગણીરૂપે નહિ વાળતાં ક્ષમાજ આપવી જોઇએ.

જેઓ આ સેવકને ધનવાન કે સંસ્થાનો માલીક માનવાના ભ્રમમાં પડવાથી કે બીજી કોઇ સમજણથી, પોતામાટે કે પોતાની સંસ્થામાટે કે બીજા કોઇ માટે મુફત કે ઓછા મૂલ્યે મેળવવાની આશા રાખતા હોય તેમને વિનતિ છે કેઃ–'માત્ર છપામણનેજ ધર્મગ્રંથની કિંમતરૂપે સમજવી જોઇએ" એવી આ સેવકની હજી પણ પાકી માન્યતા છે; પરંતુ તેવી માગણીઓ પૂરી પાડવા પાછળ લાખો કરોડોની સમ્પત્તિ જોઇએ તે આ સંસ્થા ધરાવતી નથી. આ સંસ્થાની મદદ તો માત્ર પુસ્તકોની કિંમતમાં જે કાંઇ સસ્તાપણું લાવી શકાય, તે લાવવામાં સમજવાની છે; અને એ રીતે જે કાંઇ કિંમત ખર્ચવાની રહી, તેટલી પણ સગવડ જેમની પાસે ન હોય તેમણે તો પછી તે આ સેવકની માગવાને બદલે ધનવાન ગૃહસ્થો પાસે અથવા તો પોતે જે રાષ્ટ્ર-સેવકોની આગેવાની નીચે કે રાષ્ટ્રીય ફંડની રાહત નીચે દેશસેવા બજાવતા હોય ત્યાંજ માગવી જોઇએ. આ સેવકને જે પણ સંયોગો વચ્ચે જે કાંઇ કરવાનું હોય તે વર્ણવી બતાવવું, તેના કર્મો "મખ્ખીચૂસ" "કંજૂસ" "છાપખાનાનો માલીક થઇ બેઠો" તેમજ એવી પણ ખરાબ વાતો ને બજાવવા માટે આ સેવક ના નહિ પાડે.

જેમને ધન પણ ન હોય અને માગવાની વૃત્તિ પણ ન હોય અને ધર્મગ્રંથની પુસ્તકો [illegible] ભૂખ હોય, તેવાઓનેજ માટે આ સેવકનું કહેવું છે કે, માત્ર છપામણની છપાઇનેજ કિંમતરૂપે ગણીને [illegible]

[illegible] ભિક્ષુ–અખંડાનંદ

વિવિધ ગ્રંથમાળાના પાઠકોને સૂચના

૧-મહાભારતના પહેલા ભાગ સાથે જે ૪૦૦ પૃષ્ટ જેટલી મહત્ત્વની હકીકતો જોડાઈ છે, માંથી આ અંકમાં તો માત્ર ૫૦-૬૦ પૃષ્ઠ જેટલીજ હકીકતો અપાયલી હોઇને બાકીની હકીકતો ામાયણને લગતી છે. જે આઠ ચિત્રો આ અંકમાં આપ્યાં છે, તે પણ ઘણે ભાગે રામાયણનાંજ છે.

૨-વિવિધ ગ્રંથમાળાના આ અંકનું છુટક મૂલ્ય દશ આના છતાં તે (શિલક હશે તો) પોષમાસ સુધી છ આનામાંજ અપાશે.

૩-વિવિધ ગ્રંથમાળાનાં ચાલુ ગ્રાહકોને તો આ અંક વિનામૂલ્યે, અર્થાત એ માળાદ્વારા દરવર્ષે અપાતાં પુસ્તકો ઉપરાંત વધારાનાજ પુસ્તકતરીકે મોકલાયો છે.

૪-પરંતુ એ ઉપરથી કોઇ એમ ન સમજી લે કે, આ તો જાહેરખબરોનું ચોપાનીઉં છે. મહાભારત અને રામાયણ જેવા ધર્મનીતિના ગ્રંથોની ઉપકારકતા અને આવશ્યકતા લોકોના ધ્યાનપર લાવવી એજ હેતુથી તે મોકલાયો છે. કેમકે:—

એક માણસ સાક્ષાત્ કલ્પવૃક્ષ કે પારસમણિની પાસે બેઠો હોય, તોપણ જ્યાંસુધી તેના ગુણ અને ઉપયોગની તેને ખબર ન હોય, ત્યાંસુધી નથી તો તે તેનો લાભ ઉઠાવી શકતો, કે નથી તેનાં ભૂખ-દુઃખ દૂર થઇ શકતાં. મહાભારત અને રામાયણનું પણ એમજ છે. કેમકે તેમાં સમાયલાં જ્ઞાનચારિત્ર્ય એવાં ઉત્તમ છે, અને માનવહૃદયમાં તે એવી તો ઉત્તમ છાપ પાડી દે છે, તથા ઉચ્ચ ભાવના જગાડી દે છે, કે જેના પરિણામે ચારે પદાર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) પણ પામવા જેટલી યોગ્યતા પ્રાપ્ત કરી શકાય છે. રામાયણ અને મહાભારત એ આવી અદ્દભુત અને ઉચ્ચતમ વસ્તુ હોવા સાથે તેના રચનાર પણ વ્યાસ અને વાલ્મીકિ જેવા મહર્ષિઓ હોવાથી એવા મહાન ગ્રંથોની તો જેટલી પણ સ્તુતિ અને ઉપકારકતા ગવાય તેટલી ઓછી છે. કેમકે જનસમૂહની જાણમાં એની મહત્તા અને ઉપકારકતા જેટલી પણ વધુ આવે છે, તેટલું તેના તરફ વધારે ધ્યાન ખેંચાઇને તેનો પ્રચાર અને ઉપયોગ વધારે થતો ચાલે છે; અને તેમ થવાથી સત્ય સુખની સમજણ, ઇચ્છા, આતુરતા અને સમીપતા વધતાં ચાલીને લોકહિતનાં કાર્યો પણ જનસમાજમાં વધુ સંખ્યામાં, વધુ વેગથી, વધુ ઉંડાણથી અને વધુ નિષ્કામતાથી થવા માંડે છે.*

૫-ઉપલા હેતુથી વિવિધ ગ્રંથમાળાના ગ્રાહક બંધુઓપ્રત્યે આ અંક વિનામૂલ્યે મોકલવાની સાથે એક ખાસ વિનતિ પણ છે કે, તેઓ પોતાના સ્નેહી-પાડોશીઓ વગેરેને આ અંક વાંચવા-સાંભળવાનો બને તેટલો વધારે લાભ આપે; તથા બીજી રીતે પણ રામાયણ અને મહાભારત તરફ તેમનું ધ્યાન વધારે ખેંચાય તેમ કરે.

૬-વિવિધ ગ્રંથમાળાનાં ગ્રાહકોમાં કોઇકોઇ બંધુ એવા પણ હોય કે જેમને એક યા બીજા કારણસર આ અંક ઉપયોગી લાગે નહિ. એવા પ્રત્યેક બંધુને વિનતિ કે, જે કોઇને તે ઉપયોગી લાગે તેને તે આપી દેવો. અને તેવો પણ જોગ ન હોય તો ટિકીટ ચોઢીને યા કોઇ સાથે અમદાવાદ પાછો મોકલી આપવો.

૭-વિવિધ ગ્રંથમાળાના આ પછીના અંકતરીકે 'શુભસંગ્રહ-ભાગ બીજો' કેટલાક માસથી લગભગ છપાઇ ચૂકયા જેવું છે. સહેજસાજ બાકી છે તે પણ હવે સત્વર થઈ જશે. પરંતુ ગયા વર્ષમાં નીકળેલા પહેલા ભાગ કરતાં એ બીજો ભાગ ઘણો મ્હોટો (એટલે કે વિવિધ ગ્રંથમાળાના અર્ધા વર્ષ જેટલા કદનો) હોવાથી તે બંધાઇને રવાના થતાં સુધીમાં તો (રોગોની માતા શરદ્-ઋતુના પ્રતાપે) કાર્તિક માસ પણ વીતી જવા સંભવ છે. હકીકત આવી હોવાથી સંવત ૧૯૮૨ નું છેલ્લું પુસ્તક તો શિયાળાની આખર ગોરજ નીકળી શકશે.

૮-મહાભારતને લગતા ખાસ ઉપયોગી લેખોનો જે ચારસો પૃષ્ઠ જેટલો સંગ્રહ (મહાભારતના પહેલા ભાગ જેવો) છપાયો છે; તેની પણ થોડીક જુદી પ્રત બંધાવેલી હોઇને તેનું મૂલ્ય રૂ ૨) રખાયું છે. પરંતુ એ પણ (શિલક હશે તો) પોષમાસ સુધી માત્ર રૂ ૧) માં અને પાકાં પૂઠાં સાથે

* આ પેરો વાલ્મીકિ રામાયણના નિવેદનમાંથી થોડા ફેરફાર સાથે લીધો છે.

૧ા માં અપાશે. તેનું પોસ્ટેજ શુમારે આઠેક આના અને વી. પી. સાથે આઠેક આના વધુ આવશે.

૯—આ વર્ષમાં શુભસંગ્રહનો પહેલો ભાગ અગાઉ થઈ ગયેલો હતો, તેમજ દયાળુમાતા અને સદ્ગુણી પુત્રી, એ બન્ને પુસ્તકોની નવી આવૃત્તિઓ નીકળી ચુકી છે. એ પ્રત્યેકનું મૂલ્ય ચાર આના છે; પરંતુ રૂ ૧) ની પાંચ પ્રત અપાય છે. એ ઉપરાન્ત બાળોપયોગી પુસ્તકો—સદ્ગુણી બાળકો, બાળસદ્બોધ, અને બાળકોની વાતો આ પુસ્તકો પણ એજ મૂલ્યે ને એજ ધોરણે અપાય છે. આ કુલ પાંચ પુસ્તકોમાંનાં એક અથવા વધુ જાતનાં મગાવીને એક સાથે દશો પુસ્તક ખરીદશે, તેમને તે માત્ર સો રૂપિયામાંજ અપાશે.

૧૦—વિવિધ ગ્રંથમાળાના બીજા ભાગનું સંવત ૧૯૮૧ નું છેલ્લું પુસ્તક હજી બાકી રહ્યું છે તે પણ બનતાં સુધી ૧૯૮૪ ના ફાગણ સુધીમાં બહાર પડી જવા ઉમેદ છે. જો તે ઉતાવળ કરીને જેવું થાય તેવું ઝટપટ આપી દેવું હોત, તો તો તે ક્યારનુંય છપાઈને મોકલાઈ ગયું હોત.

૧૧—વિવિધ ગ્રંથમાળાના બીજા વિભાગનું બીજા વર્ષનું પણ લવાજમ જો કોઈ ગ્રા વર્ષમાં આપી ચૂક્યા હશે, તેમને તે ચાલુ વિભાગના નવા વર્ષમાં મજરે અપાઈ જશે. જેમની તેવી મરજી નહિ હોય, તેમને તે નાણાં એક પત્ર લખીને મંગાવી લેવા વિનતિ છે.

૧૨—ભગવતી ભાગવત—આ ગ્રંથની બીજી આવૃત્તિ છપાવા માંડી છે. બનતાં સુધી તે બે ત્રણ માસમાં અને ઢીલ થઈ તો હોળી સુધીમાં તો નીકળશેજ. તેનું મૂલ્ય રૂ. ૫) અને તરત મારે શુમારે ૪ાા રહેશે. વિવિધ ગ્રંથમાળાના એ સમયના અંકમાં એ વિષે જણાવાશે.

૧૩—ગ્રંથમાળામાં ઢીલ—ચાલુ સાલમાં મહાભારતના ભાગો, રામાયણો, યોગવાસિષ્ઠના ગ્રંથો, શુભ સંગ્રહનો બીજો ભાગ, એવા મોટા મોટા ગ્રંથો આડે અને શરીર-પ્રકૃતિનું જેમ તેમ ગણાતા આડે વિવિધ ગ્રંથમાળા પાછળ જોઈતું ધ્યાન આપી શકાયું નથી. પરંતુ જે નિયંતાએ ગાત સાલમાં આગલા કોઈપણ વર્ષ કરતાં વધારે ગ્રંથો પ્રસિદ્ધ કરાવ્યા છે; તેની ઇચ્છા હશે તો વિવિધ ગ્રંથમાળા એક વર્ષ મોડી પડી ગઈ છે, તે ખાડો પણ ૧૯૮૪ ના વર્ષમાં કે ૧૯૮૫ ના ગાળામાં પુરાઈ જાય તો આશ્ચર્ય નથી.



મહાભારત લેનાર તથા લેવા ઇચ્છનારને સૂચના



૧–મહાભારત જેવો આ અતિ હિતકારક ધર્મગ્રંથ સમજુ માણસોને તો વહેલો મોડો પૂરી કિંમતે પણ લેવોજ પડશે; તો પછી તે સવેળા અને કિફાયતી કિંમતેજ તેમણે શામારે ન લેવો ? ગુજરાતી પ્રેસનું આખું મહાભારત જ્યારે ૭૫) થી પણ મળતું નહિ, ત્યારે તેનું બીજું કનિષ્ઠ ભાષાન્તર રૂ. ૫૦)થી પણ અનેકોને લેવું પડેલું. માટે આ મહાભારત વેચાઈ ગયા પછી પાછું એવું ન કરવું પડે તેટલા માટે, તથા આવા મ્હોટા ગ્રંથ ફરી ફરીથી છપાવા સહજ નથી તેટલા માટે પણ જેમનાથી બને તેમણે આવી વિરલ તકનો લાભ બને તેમ તરતમાં લઇ લેવો જોઇયે.

૨–આગાઉથી પૈસા ભરી આ મહાભારતના ગ્રાહક થનારમાટે કેટલાક સમય સુધી રૂ. ૨૮) અને તે પછીને માટે ૩૦) રખાયા હતા; પરંતુ મહાભારત નીકળ્યા પછીજ વિવિધ ગ્રંથમાળાનો અંક કહાડવાનો હોવાથી તેની ઢીલને લીધે મહાભારતનું રૂ. ૩૦) મૂલ્ય, સં. ૧૯૮૩ના શ્રાવણ સુધી લંબાવાયું હતું. પરંતુ મહાભારતના પહેલા ગ્રંથમાં જે જે લેખો ઉમેરવા ઠર્યા, તેને લઇને ભાદ્રપદ આખરેજ બધા ભાગ તૈયાર થઈ શકયા; એટલે તે પછી આસોમાંજ વિવિધ ગ્રંથમાળાનો આ અંક નિકળી શકયો છે. આથી કરીને મહાભારતનું તૈયાર થયા પછીનું કિફાયતી મૂલ્ય દિવાળી પછી પણ ૧૯૮૪ ના પોષમાસ સુધી લંબાવવામાં આવ્યું છે. અર્થાત એ સમયસુધી તૈયાર મહાભારતના રૂ. ૩૨) અને મુંબઇના કાર્યાલયમાં ૩૩) રખાયા છે. વળી **મહાભારતચિત્રાવલિ** એની સાથે મફત અપાશે.

૩–અગાઉ જેઓ આ ખાતાનાં શાંતિપર્વને તથા આદિ અને સભાપર્વને ખરીદી ચૂકયા હોય, તેમણે પણ તે તે ગ્રંથ આ સાત ભાગના પેટામાં નવાજ લેવા ઠીક છે; છતાં જેમને તે એક અથવા બંને ગ્રંથ નહિજ લેવા હોય તેમની પાસે તે દરેક ગ્રંથ દીઠ ખર્ચાયલા પૈસા બદલ રૂ.૨ાા ઓછા આપવાના છે.

૪–મુંબઇના જે સજ્જનો પાસેથી આ ગ્રંથના માર્ગવ્યય બદલ રૂ. ૧ાાા વધુ લેવાયેલા; તેમને સાતે ભાગ એકી વખતે મુંબઈમાં આપવા ઠરવાથી એમાંનો વધારાનો રૂ. ૦ાાા એ ગ્રંથ સાથે પાછો અપાશે; અને જેમણે અમદાવાદથી મોકલવાના પેકીંગ ઇ૦ બદલ રૂ. ૧) વધુ ભર્યો હશે તેમને તે પણ પાછો અપાશે.

૫–મુંબઇના ગ્રાહકોએ ભરેલાં નાણાંની પાવતી મુંબઈમાં કાલબાદેવીના મંદિર સામેના કાર્યાલયમાં મોકલી આપીને તેમજ અમદાવાદના કાર્યાલય એહાં ગ્રાહક થનારે અમદાવાદના કાર્યાલયમાં પાવતી મોકલી આપીને મહાભારત મંગાવી લેવું. જેમની પાવતી ગેરવલ્લે ગઇ હોય તેમણે પોતાની સહીવાળો કાગળ તથા પાવતીનો નંબર, તારીખ, ઠેકાણું અને નામ વગેરે લખી મોકલવું જોઇએ; અને ધણી હયાત ન હોય તો તેવા શેરા સાથે તેમના વતી વંશવારસે લખવું જોઇએ. બે કે વધારે માણસો માગનારા નીકળશે તો તો તે આપવામાં ઘુંચવાડો અને ઢીલજ થશે.

૬–આ ગ્રંથ વી. પી. થી તો મોકલાશેજ નહિ. માટે પોસ્ટરસ્તે મંગાવનારે કિંમત ઉપરાંત પોસ્ટેજ તથા રજીસ્ટર ખર્ચ મળીને રૂા. સાડાપાંચ પ્રથમથીજ મોકલી આપવા જોઇએ. પોસ્ટેજ ખર્ચ વી. પી. રસ્તે ભરવો હશે તો તેમ પણ થઈ શકશે.

૭–રેલ્વેરસ્તે મંગાવનારને આ ગ્રંથ બહુ ઓછા ખર્ચે આવશે અને પેકીંગ ઇ૦ પણ નહિ થતાં માત્ર રેલ્વેખર્ચજ રૂ.૧ થી ૨ જેટલો ભરવાનો રહેશે.પરંતુ એ રસ્તે પણ વી.પી. થી નહિ મંગાવતાં કિંમત, તેમજ સ્ટેશનનું નામ અને રેલ્વે રીસીટ મોકલવાનું શીરનામું પ્રથમથીજ મોકલવાં.

૮–મહાભારતનું વજન પેકિંગ સાથે ૨૪–૨૫ રતલ થવાને લીધે રેલ્વે પાર્સલથી મોકલવામાં બંગાળી ૨૦ શેરનો ચાર્જ ભરવાનો આવશે. માટે જેમને એના બેગાં આ સંસ્થાનાં બીજાં પુસ્તકો પણ પંદર રતલ વજન સુધીનાં મંગાવવાં હશે, તેમને તે વિનાખર્ચે મંગાવવાની તક છે. મંગાવતી વખતે આ વાત પણ ધ્યાનમાં રાખવી કેઃ–આ સંસ્થા સિવાયનાં બીજાં પુસ્તકો મોકલવાનું એક નિયમતરીકેજ બંધ છે, અને કમીશન નીચેના નિયમ મુજબ અપાય છે.

૯–અમદાવાદના કાર્યાલયમાંથી મહાભારત સિવાયનાં પુસ્તકો કમમાં કમ રૂ. ૨૫) કે વધુનાં લેવાથી ૧૨ાા ટકા, અને ૧૦૦) કે વધુનાં લેનારને ૧૫ ટકા અપાય છે. ૨૫) નાં કે ૧૦૦) નાં

પુસ્તકોની ઉપરાંત મહાભારતની એક પણ પ્રત લેવાઇ હશે, તો તેમાંથી પણ એટલા ટકા કપાત થશે;

૧૦–એકલું મહાભારતજ લેવા ઇચ્છનાર માટે કમમાં કમ ત્રણ પ્રત લીધી હશે તોજ ૧૨॥ ટકા અને દશ પ્રત એકસાથે લીધી હશે તોજ ૧૫ ટકા કપાશે.

૧૧–મુંબઇમાં પણ ઉપલાજ ધોરણથી કમીશન અપાશે; પરંતુ તે ૧૨॥ ને બદલે ૬। ટકા, અને ૧૫ ટકાને બદલે દોઢ આનો અપાશે.

૧૨–કોઇ પણ પુસ્તકની કિફાયતી કિંમતમાંથી કાંઇ પણ કમીશન કપાતું નથી.

૧૩–**આફ્રિકા વગેરે દૂર દેશાવર** માટે પણ કિંમત ૧૯૮૪ ના પોષ માસ સુધી રૂ. ૩૬) ને બદલે ૩૨) અથવા તો પચાસ શીલીંગ અને પોસ્ટેજ ૪૦ બદલ તેર શીલીંગ અથવા રૂ. સાડાઆઠ મોકલવા. અને તે પછી તો પૂરેપૂરી કિંમત તથા પોસ્ટેજ મોકલવાં.

૧૪–દશેક વર્ષ પૂર્વે મહાભારતની યોજના, તે સમયના ખર્ચના પ્રમાણમાં રૂ. ૧૬) અને ૧૨॥થી કઢાડેલી; પણ પાછળથી મોંઘારત થતાં એ યોજના પડી મૂકાઇને અનામતવાળો રૂપિયો પાછો અપાયો હતો. હજી પણ જે થોડા સજ્જનોએ એ રૂપિયો નથી મંગાવ્યો, તેમણે તે ૧૯૮૪ની હોળી સુધીમાં તેની પાવતી અથવા બીજો દાખલો મોકલીને તે રૂપીયો મંગાવી લેવો; નહિ તો તે જ્ઞાનયજ્ઞખાતે વાપરી દેવાશે.

૧૫–મહાભારત તેમજ રામાયણને લગતાં ચિત્રોની જુદી ચિત્રાવલિઓ પણ બંધાવી છે. એ પૈકી "રામાયણચિત્રાવલિ"માં ચિત્રોની સંખ્યા ૩૬ છે; અને "મહાભારતચિત્રાવલિ"માં ૨૬ ચિત્રો ઉપરાંત મંગળાચરણ, માહાત્મ્ય, સ્મરણાંજલિ, વગેરેનાં ૧૬ પૃષ્ઠ અપાયાં છે. મૂલ્ય એ દરેકનું ૦॥≈, પાકાં પૂંઠાં સાથે ૧) અને પોષ સુધી ૦॥ તથા ૦॥। છે.

૧૬–રામાયણ તેમજ મહાભારતમાંનાં થોડાંક બહારનાં ચિત્રોસિવાયનાં બાકીનાં જે પણ ચિત્રો વહેંચવા કારવવા સારૂ છૂટાં લેવાં હશે, તેના મૂલ્યની વિગતઃ—

૧ થી ૧૦ પ્રતસુધી	દર પ્રત દીઠ	૭ પાઇ
૧૧ થી ૫૦ ,,	,,	ચાર પાઇ
૫૧ થી ૧૦૦ ,,	,,	ત્રણ પાઇ
૧૦૧ થી ૫૦૦ ,,	,,	અઢી પાઇ
૫૦૧ થી વધુ પ્રતો માટે	,,	બે પાઇ

આ અંકનું નિવેદન

આ સંસ્થા તરફથી ચાલુ ૧૯૮૩ માં નીકળેલા મહાભારત અને રામાયણ સાથે તે તે ગ્રંથને લગતા જે જે લેખો અપાયલા, તેમાંના કેટલાકનો આમાં સંગ્રહ અપાયો છે. આ સંગ્રહ વિવિધ ગ્રંથમાળાના વાચકો તરફ એટલા માટે મોકલાયો છે કે મહાભારત અને રામાયણની ઉપકારકતા તેમની જાણમાં વધારે આવે અને તેનો ઉપયોગ કરવા તરફ તેમનું ધ્યાન વધારે ખેંચાય.

આપણ હિંદુસંતાનોને ઋષિમુનિઓ તરફથી એ ગ્રંથોરૂપે જે અદ્‌ભુત વારસો મળ્યો છે; તે હીરા-રત્નોથી પણ ઘણો વધારે કિંમતી અને રોજરોજ વાપરવાના અન્નપાણીથી પણ વધારે અગત્યનો માનસિક ખોરાક છે. વળી એને પરમ સુખદાયક વસ્તુસ્થિતિ તરફ દોરવી જનારા ભોમીયા પણ કહી શકાય, અને પંથ-પ્રકાશક જ્ઞાનસૂર્ય પણ કહી શકાય.

'સંગ તેવો રંગ' ને 'અન્ન તેવો ઓડકાર' એ તો પ્રસિદ્ધ વાત છે. રામાયણ અને મહાભારત જેવા ઉચ્ચકક્ષ ગ્રંથોને રચવાવાળા મહર્ષિઓ પરમાત્મદર્શી હોવાથી તેઓ માત્ર લોકોના ધર્મ-કલ્યાણ અને યોગ-ક્ષેમ અર્થેજ એ ગ્રંથો ગુંથી આપી ગયા છે. પોતાની પ્રખર પ્રતિભા, શુદ્ધાતિશુદ્ધ હૃદય અને ઉચ્ચતમ જ્ઞાનાનુભવને એમાં જેટલાં પણ બને તેટલાં વધારે તેમણે રેડયાં છે. એથીજ જગત-ભરમાં જેનો જોટો ન મળે એવા ઉત્તમોત્તમ ગ્રંથ એ નિવડી શકયા છે; એથીજ એ ગ્રંથો હિંદુજાતિની શ્રેષ્ઠ સંપત્તિ અને સર્વોત્તમ વારસાતરીકે ગવાઇ રહ્યા છે; અને એથીજ એનો ઉપયોગ-સમાગમ કરવો એ તેને રચનારા મહર્ષિઓના સમાગમ સેવવા જેવું, અથવા તો પારસમણિ સાથે લોહને ઘસવા જેવું મહાફળદાયક નિવડે છે. એ ગ્રંથોમાં તે તે કથાનાં મુખ્ય પાત્રો ઉપરાંત અન્ય પણ એવા એવા જ્ઞાનચારિત્રની પરાકાષ્ઠાએ પહોંચેલા ઉન્નત આત્માઓની અનેકવિધ સાધના-સફળતાઓ એમાં વર્ણવાયલી છે, કે જેથી એ ગ્રંથોનું વાંચન-મનન જે કોઇ હૃદયપૂર્વક કરે, તેમના આચાર-વિચાર (જ્ઞાનચારિત્ર) સહજે સહજે ઉન્નત થતા ચાલે; અને ઇચ્છા હોય તો તેમને ઉચ્ચાતિઉચ્ચ સત્ય સંપત્તિ પણ સદાને માટે પ્રાપ્ત થાય, એમાં આશ્ચર્ય નથી. ઋષિકૃત ગ્રંથો આવા પરમ સુખદાયક હોવાથી તેને માટે ખરૂંજોતાં તો મણિની કે કલ્પતરુની ઉપમા પણ હીનોપમા-જ ગણાય. આવા ગ્રંથોને ચારે પદાર્થદાયક (ધર્મ, અર્થ, કામ અને મોક્ષદાયક) કહ્યા છે તેમાં પણ અતિશયોક્તિ નહિ હોઇને અક્ષરે અક્ષર સાચી વાત છે.

પરંતુ એવા ઉન્નતિદાયક ગ્રંથો ભારતભૂમિમાં મોજુદ હોવા છતાં દેશમાં આટલી બધી દુર્દશા અને ધર્મનીતિની ન્યૂનતા શાથી થઇ ? મુખ્ય કારણ તો એજ કહી શકાય કે, એ પરમ પૂજનીય ઋષિમુનિઓના ઉન્નત આચારવિચારો અને ગ્રંથ-ઉપદેશોનાં સેવન-સમાગમ અને શિક્ષણ-અનુસરણ કરવાનું અમો હિંદુજાતિનાં સંતાનોમાંથી ઘટતું ચાલ્યું, અને ઘટતાં ઘટતાં છેક નહિ જેવુંજ બની રહ્યું.

મહાભારતની રચના આજથી પાંચ હજાર વર્ષપર થઇ, કે જ્યારે કળિકાળની તો માત્ર શરૂઆતજ હતી; ત્યારથી ભારતવાસીઓમાંથી સર્વોચ્ચ ધ્યેય અને ધર્મ-ધ્યાન વિસરાતું ચાલીને દુનિયાઈ ધનવૈભવને ઇષ્ટતા-પ્રધાનતા અપાવા લાગી હતી; દીર્ઘદૃષ્ટિ અને વિશાળ હૃદયનું સ્થાન સંકુચિતપણું લેવા લાગ્યું હતું; અને તેથીજ ધનવૈભવ પણ ધર્માનુસાર મેળવવા-ભોગવવાને બદલે ચાર્વાક મત જેવી પામરતાપૂર્વક (એટલે કે ધર્મ-ધ્યાનને બાજુ મૂકી દેવાઇ અધર્મ ને અનીતિપૂર્વક) મેળવવા-ભોગવવાનું ધોરણ, રાજા-મહારાજાઓમાં અને તેમના શિક્ષક-સલાહકારોમાં પણ પ્રવેશતું ચાલ્યું હતું. આવી રીતેજ્યા પ્રજાના રક્ષક-શિક્ષકોમાંજ લૌકિક ધન-વૈભવને અને અધર્મ-અનીતિને સર્વસ્વ મનાય-સેવાય; ત્યાં પછી "યથા રાજા તથા પ્રજા" થવા માંડે એ પણ સ્વાભાવિકજ છે.

પરંતુ એ સમયે એવી રીતે શરૂ થયેલી કળિયુગની શરૂઆત, અથવા તો ઇધર ઉધર દેખાવા લાગેલાં અધર્મનાં વાદળો, આગળ જતાં કેવું ભયંકર રૂપ લેશે અને ધર્મનીતિના સૂર્યને, તથા તેના મુખ્ય ફળરૂપ મોક્ષ-વિલાસને અને ગૌણ ફળરૂપ ધનવૈભવના પ્રકાશને ઢંકાવી દઇને

ભારતવાસીઓને કેવા ભયંકર અજ્ઞાન–અંધકારમાં, અને તેના પરિણામે દુર્દશાના દરિયામાં ડુબાવી દેશે; એ વાત વ્યાસ ભગવાનના સમજવામાં આવી જાય અને તેથી પ્રબળ લાગણી થઈ આવે, એ પણ સ્વાભાવિકજ હતું. "वसुधैव कुटुम्बकं"ની હૃદયવિશાળતા તો એવા ઋષિવર્યમાં સ્વાભાવિક-જ બની રહી હોય; એટલે પછી એ અવળે રસ્તે ચઢાવી દેનારી કુમતિ કુલટાપર આર્ય સંતાનોને દિવસાનુદિવસ મોહાંધ બનતાં જોઇને, અને તેના અધિપતિરૂપ કળિયુગ–રાક્ષસના મુખમાં તેમને પ્રવેશતાં જોઇને તેમણે જે લાગણીભર્યો અવાજ ઉઠાવ્યો હતો; તે આજે પણ મહાભારતમાં તેના ભાગ્યશાળી પ્રેમી-ઓને અનેક આકાર–પ્રકારે જાણવા–સાંભળવાનું મળે તેમ છે. આ તરફથી હાલ નીકળેલા મહાભારતના પહેલા ગ્રંથની શરૂમાં એ પ્રકારનું જે "સાવિત્રીસ્તોત્ર" અલગ અપાયું છે; તેમાંની નીચલી લીટીઓમાં વ્યાસમુનિને અધિક સ્પષ્ટ અવાજ હોવાથી તે અહીં પણ આપવાનું મન થઈ જાય છે. તે એ કે:–

ऊर्ध्वं बाहुर्विरौम्येष नात्र कश्चित् शृणोति मे ।
धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ॥
न जातु कामान्न भयान्न लोभात् । धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः ॥
धर्मो नित्यः सुखदुःखे त्वनित्ये । जीवो नित्यो हेतुरस्य त्वनित्यः ॥

મહર્ષિ વ્યાસ ભગવાનની એ હાકલ આ ઘોર કળિકાળમાં તો વળી હિંદુ સંતાનોએ વધારે સાંભળવા–સમજવા જેવી છે. તેથી એમાં રહેલો ભાવ આ નીચે જરા વિસ્તારપૂર્વક આપીશું. કેમકે એમાં એવો ઉત્તમ, ટુંકો ને સાદો–સીધો માર્ગ દર્શાવાયલો છે, કે જેને અનુસરવાથી આ કળિકાળમાં પણ સતજુગનું આસ્વાદન અને પરિણામ મેળવી શકાય તેમ છે.

"મારા બન્ને હાથ ઉંચા કરીને હું હાકલ કરી રહ્યો છું, તોપણ આ જગતમાં મને કોઇ સાંભળતુંજ નથી! તે પોકાર એ છે કે:–હે માનવો! દુનિયાઈ ધનવૈભવ તો ધર્મપૂર્વક મેળવાય–ભોગવાય તોજ તે સુખકર નિવડે છે; એ એક સિદ્ધ થયેલી–'એક ને એક બે' જેવી પાકી વાત છે; તોપણ તમે શા માટે ધર્મનું સેવન કરતા નથી? વળી આ પણ એક પ્રયોગસિદ્ધ વાત છે કે, આ સંસારમાં 'ધર્મ' એ નિત્ય છે, અને સુખ–દુઃખ તો અનિત્ય છે; જીવાત્મા અમર (નાશરહિત) છે, અને જીવન તથા જીવનના સાધનરૂપ દેહ તથા ધનધામાદિ સર્વ અનિત્ય (નાશવંત) છે. માટે હે ભાઇઓ! એ અનિત્ય પદાર્થોને ખાતર, એને મેળવવાનાં લોભ–લાલચ ખાતર, એ પદાર્થો નહિ મળે કે જતા રહેશે એવા ભયને ખાતર, અથવા તો એ ચાર દિવસના અનિત્ય જીવનને ખાતર પણ તમે ધર્મને તો છોડતાજ નહિ."

કળિને એ પ્રારંભકાળ છતાં પણ વ્યાસ ભગવાનને એ અવળા માર્ગ સામે (ખરો રસ્તો મુકીને ખોટે રસ્તે ચઢી જવા સામે) એવો અવાજ ઉઠાવવો પડ્યો હતો; અને ઉઠાવ્યા છતાં પણ તે તરફ લોકો ધ્યાન આપતા નહિ; તો પછી અત્યારના ઘોર કળિયુગના શ્રોતા–ઉપદેશકાનું તો કહેવાનુંજ શું! અમે હિંદુ સંતાનો તો હવે એવાં વિચિત્ર બની ગયાં છીએ કે, ઉલટે કદાચ નર્કાગારમાં જવું પડે તો અમે ત્યાં પણ જઇ વસીશું; પણ અત્યારે તો અમને એ ધર્મ–કર્મની વાત જાણવા–સાંભળવાની ગરજ પણ નથી ને ફુરસદ પણ નથી! એક તરફ આવું છે, તો બીજી તરફ સ્રોતોને અહર્નિશ સાધુ બાહ્મણોની તો વળી પ્રથમથીજ વિરલતા (એટલે કે હજારો અને લાખોમાં કોઇકજ હોવાની વાત) કહેવાતી આવી છે; એટલે પછી હાલના અજ્ઞાનાંધકારમાં તો એવાઓની મુશ્કેલીના દોષજ કયાંથી! બીજી તરફ એવાઓને કેળવવા–ભોળવવાની અને ભણવા–સમજવાની બુદ્ધિ-શુદ્ધિ કે ગરજ–દરકારનું ભાન–ભાનજ જ્યાં ન હોય; ત્યાં પછી એવા [illegible] નેમ–ઉપયોગ તો [illegible]

[illegible]

પણ માત્ર પામર-વિપથી-કોટીના લોકવર્ગની હામે હાજ ભણના ગાલીને માનમોટપનાંજ મદિરાપાન ગટકાવના મ્હાલે છે! પાંચમી તરફ વિદેશીઓના દેશી દલાલ-કલાલોથી ઉભરાઈ રહેલાં શહેર-બંદરો તો વળી વિદેશી વિધર્મી બનાવરો અને પ્રચારકોને સહકારી-પ્રચારીને તેના બદલામાં બોરાની બોરા ભરી ભરીને લક્ષ્મીદેવીને તથા ઋષિમુનિઓએ શીખવેલાં ધર્મનીતિને દેશપાર કરવા પાછળ મંડ્યા રહે છે! છઠ્ઠી તરફ એકજ માતાના દીકરા હિંદુ-મુસલમાનો વચ્ચે દોરવાંકડા કરતાં પણ વધારે વૈમનસ્ય ફેલાવાઇને તેઓ ઘોર દુઃખ તરફ ફેલાઈ રહ્યા છે! સાતમી તરફ ધર્મને નામે પોતાનાં કાંડાં બાવડાં મજબૂત બનાવવા માટે-પોતાની સંખ્યા ખૂબ વધે અને હિંદુજાતિનું ઝટ સત્યાનાશ નીકળે તેટલા માટે-વરસ દહાડે સિત્તેર કરોડ રૂપિયા તો વિદેશી ખ્રિસ્તીઓ તરફથી સીધે સીધા પણ ભારતભૂમિમાં વાપરવાઇને બંદુકની ગોળીઓ કરતાં પણ વધારે ઘાણ હિંદુ-જાતિનો કાઢી રહ્યા છે! આઠમી તરફ કન્યાવિક્રય, જૂઠ-પ્રપંચ, બાળલગ્ન અને કુરઢિગ્રસ્ત માનવો પોતાના પુનિત પૂર્વજોના નામને લજાવી રહ્યા છે, અને તોપણ પોતાને ઉચ્ચ વર્ણોમાં ખપાવી રહ્યા છે! નવમી તરફ ચારે વર્ણાશ્રમવાળાઓ આભડછેટમાંજ સર્વસ્વ માની બેસીને પોતાનાં મળમૂત્ર ધોનારા અંત્યજ માનવોને તિરસ્કારી તિરસ્કારીને વિધર્મીઓમાંજ ભળવા-વટલાવાને ધકેલી રહ્યા છે! અને તેમ કરીને પોતાનાજ પગમાં કુહાડો મારવાની-એટલે કે હિંદુજાતિમાંથી ઋષિમુનિદત્ત ધર્મનીતિને જડમૂળથી ઉખેડી ફેંકાડવાની-બહાદુરી બજાવી રહ્યા છે! દશમી તરફ એવી રીતે અમારેજ હાથે લાખોની સંખ્યામાં પરધર્મમાં હોમાયા કરાતા એ અંત્યજ ભાઇઓ, બીજા પણ હિંદુ માનવીઓને ફોસલાવવા-વટલાવવા પાછળ ખાઇ-પીને મંડ્યા રહે એમાં પણ નવાઇ શી છે! અગિયારમી તરફ લોકપુણ્ય પણ હજી એટલાં બધાં દુર્બળ છે કે પાયાભૂત સાચા પ્રશ્નોને શોધવા-સમજવાવાળા, સાચાં જ્ઞાનચારિત્રને સાધવા-પ્રચારવાવાળા અને સાદા સીધા વિશાળ પંથે પળવા-પળાવવાવાળા જે ગુણવાન, બળવાન અને સર્વભાવે નિઃસ્પૃહી અગ્રેસર-ઉપદેશક જોઇએ, તેવા તો દેખાય-ઓળખાય અને સત્કારાય ત્યારની વાત ત્યારે! બારમી તરફ જનવર્ગના મનમાં પણ એવાઓની ભૂખ-ભાવના જાગે-માગે નહિ, ત્યાંસુધી કોણ કોને કહે-સાંભળે, મળે-મેળવે કે ઓળખે-ઓળખાવે! કેમકે એવો કોઇ ઘર બેઠાં આવી મળે તોપણ તે "આંધળાને આરસી" અથવા "મૂર્ખને હીરો" આવી મળવા જેવું નકામું નિવડે; એટલુંજ નહિ પણ બડેખાં માનવીઓ માટે તો તે મિથ્યાભિમાનનેજ વધારનારૂં નિવડે! તેરમી તરફ ઉચ્ચકક્ષ જેવા જણાતા અગ્રેસર-ઉપદેશક પણ ઘણા ખરા તો આ કળિકાળમાં બહારનાજ ડોળવાળા અને અંદરથી તો ગોળમટોળ કનકકામિની-નેજ ખોળવા-ઉપાસવાવાળા, કે પછી પ્રભુને ભૂલાવી દઇ પોતાનાંજ ચરણ અને છબીઓને ભજાવવા-પૂજાવવાવાળા હોય છે; કે જે ભજાવવા-પૂજાવવાનો અર્થ જનસમાજમાં ગુરુદેવપણું કે ગોરદેવતા-પણું માણવાને બદલે 'પતિદેવપણાંજ' માણવા જેવો થાય છે! ચૌદમી તરફ આત્મદર્શી જેવા દેખાતા આચાર્ય-મહંતો પણ પાપને પ્રવર્તાવવાનું કામ આવી પડતાં બીજું ન બને તો છેવટ તે ગાદી-તકીઆની મોહમમતાપર પૂળો મૂકી દેવો ઘટે; તેને બદલે નાની ઉંમરનાં માનવોને ધર્મવિરુદ્ધ સંન્યાસની દીક્ષાઓ આપી દેવાનાં ઘોર કર્મ બજાવતા થકા સદાચારને બદલે દુરાચારનોજ વધારો કરી-કરાવી રહ્યા છે! પંદરમી તરફ હિંદુ સંતાનો પોતાની વિધવા વહુ-બેટીઓને અધમાધમ ગુમાચાર તરફ કે વેશ્યાવર્ગ તરફ ધકેલાતી જોઈ શકે છે, પણ પુનર્લગ્નનો ધર્મનીતિમય માર્ગ સ્વીકારવામાં અધર્મ માને છે અને લજાઈ મરે છે! સોળમી તરફ ઉચ્ચવર્ણવાળાઓ, નાનાં નાનાં પુત્ર-પુત્રીને પરણાવી મારીને વાંઢા-વિધવાઓને ટીક વધારતા ચાલે છે અને તેના પરિણામે જડમૂળથી ઉખાડી નાખે એવા ઘોર ત્રાસ-નિસાસાના ટોપલા મેળવતા ચાલે છે! અને તેમ છતાં પણ પોતાને તો ધર્માવતાર અને બુદ્ધિમાનોનાજ સરદાર માન્યા કરે છે! સત્તરમી તરફ અમારા દોઢડાહ્યા માનવો પોતાનાં પશુઓ માટે પણ સબળ સંતતિની જરૂર જોઇ શકે છે; પણ પોતાનાં સંતાનોને તો બસ બાલ્યાવસ્થામાંજ મેળવીભેળવીને તેમને બળબુદ્ધિનાં બારદાન અને કુરકુરિયાં જેવાં સંતાન પેદા કરવાવાળાં બનાવી રહ્યા છે! આ તે તેમના ઝટપટ દાદાજી બની બેસવાના મનોરથ કહેવાય કે આ તે ભારતભૂમિમાં દુઃખદારિદ્ર ફેલાવવા-વધારવાનાં સદાવ્રત કહેવાય!

"ધનિક કો પુત્ર ભયો, રુની કે પંનગ; મૂરખ કો માલ ભયો, રોગી કો ગુજરાત."

માત્ર ગુરુવર્ણનાજ નહિ, પણ અમો ચારે વર્ણવાળા હવે તો એવા હેવાન અને અક્કલના બારદાન પાક્યા છીએ કે ભલે દિલ્હીમાં ને બીજે સ્થળે અંત્યજોને દેવસ્થાનમાં પણ પ્રવેશવાનું મળે; પણ અમે તો રહ્યા આ ગરવી ગુજરાતના દોઢડાહ્યા સપૂતો! એટલે અમે તો બસ તે અંત્યજો જ્યાંસુધી રામકૃષ્ણની ઉપાસનાને અને કંઠીતુલસીને છોડશે નહિ; ત્યાંસુધી તેમની આભડછેટ રાખવાના-રાખવાના ને રાખવાનાજ! હા, જો તેઓ ખ્રિસ્તી થઇને એકાદ સાહેબશાઈ ટોપચું પહેરી લાવે; તો તો તરતજ અમે તેમને માનમર્તબાપૂર્વક બોલાવીએ, વધાવીએ, હાથ મેળવીએ, સાથે બેસાડી ચ્હા-પાણી પીયે-પાઇયે, હાથ જોડી કાલાવાલા પણ કરીએ અને માબાપ સુદ્ધાં કહી શકીએ! જો અમે એવું તેવું કરવાનું મૂકી દઇને અંત્યજભાઈઓનો તિરસ્કાર કરતા અટકી જઇએ; થોડાક શુદ્ધાચાર શીખવીને આભડછેટ ત્યજી દઇએ; અમારાં મળમૂત્ર વાળનારાનરીકે તેમની કદર કરીએ; અમારાં પોતાનાં અને આખી હિંદુજાતિનાં શિખાસૂત્ર અને નામનિશાન ઉખડી જતાં અટકાવવા સારૂ તેમને માન-મદદથી ઉત્તેજીએ; તો તો પછી અમે જે અનેક પેઢીથી "મિયાં પડ્યા પણ ટંગડી ઉંચી" રાખતા આવ્યા છીએ, અને ખુદ અંત્યજોનાજ મુખમાંથી વહે જતાં "માબાપ! માબાપ!"નાં મદિરાપાન વગરખર્ચે પીતા આવ્યા છીએ, તે બધો અમારો હક્કદાવો અને સાત પેઢીનાં કર્યાંકારવ્યાં પાણીમાં જાયને!

ભારતવર્ષની અધોગતિનાં આવાં તેવાં સ્વરૂપો અને તેનાં ઉંડાં કારણો કોઇ પણ સાચા દેશભક્ત બનવા ઇચ્છનાર તરફથી શોધાય-તપાસાય; અને પૈસાપાત્રોનાંજ સંતાનોમાટે દેખાદેખી ફેલાવાતાં-લગભગ સરકારી સ્કૂલ કૉલેજોના જેવાંજ-દિવાસળી ચાંપવા જેવાં-દેશવિઘાતક અને સ્વાર્થવર્ધક વિદ્યાદાનો (કે પછી અવિદ્યાદાનો) આપવાને બદલે દેશનાં ગરીબો, અનાથો અને બીજાઓમાં સાચાં હિંદુત્વ-આર્યત્વના, કર્મ-કુશળતાના, જ્ઞાન-ચારિત્રના, સાધુતા-સજ્જનતાના અને ધીરતા-વીરતા વગેરેના ઉચ્ચતર આદર્શ અને આચાર-વિચારો સમજાવવા-પ્રસારવાનું વધારે આવશ્યક સમજાય; તથા એવા વર્ગોમાંથી દરવર્ષે જે હજારો લાખો માનવીઓ ભીખારી, બેખધારી, ચોર, વ્યભિચારી, પરધર્મી, પાખંડી વગેરે નિવડીને દેશને વધારે ને વધારે ડૂબાવી રહ્યાં છે; તેને બદલે એમને સાચા આર્ય હિંદુઓ, પરોપકારી ગૃહસ્થો અને ઉચ્ચકક્ષ સ્વયંસેવકો બનાવવાના અધિક શક્ય અને અતિહિતાવહ કાર્ય પાછળ ધ્યાન અપાય; અને એવાં તેવાં "થોડાં છતાં પણ સંગીન" કાર્યો કરાઇ-ફેલાવાઇને "બહારથી ઢમ ઢોલ (પણ) અંદરથી પોલંપોલ" અને "સાંધા એટલા વાંધા" વાળાં કામો તથા કાર્યપદ્ધતિઓથી બાર ગાઉ છેટા રહેવાય; તો તો પછી સાચી દેશસેવાનાં અને સાત્વિક દાન-ત્યાગનાં જ્ઞાન-ભાન અમારા વર્તમાન અહંભાવી બડેખાંને, ધનિકોને અને રાષ્ટ્રીય શિક્ષણ-સંસ્થાઓને પણ ઝટ આવી જાય. દુઃખવૃક્ષનું મૂળ ખોદનારૂં કામ તો ત્યારેજ ચાલુ થયેલું ગણાય. આવું તેવું અનેકોના ધ્યાનમાં હોય પણ ખરૂં; છતાં તે ફરી ફરીને સૂચવવા-યાદ કરાવવા નીકળીને ગુરુઘંટાલપેરે વાણીનાં વડાં કર્યાં કરવાં, એ તો આ અવગુણસાગર ભિક્ષુએ એક પ્રકારની નાલાયકીને લીધે, તથા ગાળ-અખાળા ભેગો વિલક્ષણ લાભ પણ તણાઈ આવવાના અનુભવને લીધે કર્યું છે. બાકી આ વાત પણ આ સેવકને સમજાય છે ખરી કે, આજથી વીસ-ત્રીસ વર્ષ પૂર્વે આવા આવા પણ દેશસેવકો અને લોકહિતચિંતકો ક્યાં હતા! અને હિંદુજાતિનું હજી એવા પ્રકારનું કોઇ પુણ્યજ ક્યાં પાક્યું છે કે જેને લીધે આ ધર્મનીતિવિદારક યુગ પલટાવી નાખનારા સાચા મહાપુરુષો ભારતભૂમિમાં દેખાઇ આવે!

અલબત્ત, તે પ્રાચીન ઋષિમુનિઓએ હિંદુસંતાનોના હાડેહાડમાં અને રૂંવેરૂંવામાં ઉતારી દીધેલી ધર્મનીતિની ઉત્તમ અસરો, હજીસુધી પણ જડમૂળમાંથી ઉખડી નહિ જતાં કોઇ કોઇ વિરલ સ્થળે તે તે એક યા બીજા રૂપે રડે ખડે પ્રકારે ચાલતી આવી છે; અને એક પછી એક ઋષિમુનિ જેવા મહાનુભાવો પણ ઇધર ઉધર પાકતાજ રહ્યા છે. શ્રીહરિએ આ ઘોર કળિયુગી માનવોને અનધિકારી માનીને પોતાનાં તે સાચાં હીરારત્નોને તેમનાથી અલગ રાખ્યાં છે; તોપણ અત્યારે "માટીના દેવને કપાશીઆની આંખો" એવાઓ કરતાં તો કાંઇ પણ ચઢીઆતાજ સરદાર-ઉમેદવાર આપવા માંડ્યા છે, એ પણ ભાવિ ઉન્નતિનુંજ ચિન્હ છે. પરંતુ એ પણ હજી માત્ર "પાશેરામાં પહેલી પૂણી" જેવું હોવાથી એ કરતાં પણ ઉપલા વર્ગના શિક્ષણ-શિક્ષક અને સરદાર મેળવવાના વિચાર જાગે એ પણ સ્વાભાવિકજ છે.

અઢારમી તરફ ગાય જેવી બહેનમાતાઓની છાપાંદ્વારા કારમી ચીસો સાંભળે તોપણ વાંચનારા તો મોટે ભાગે એવાજ જણાય છે કે તેઓ "જીયાં માયા રણીગે, તો કહે કિસ સાલેકુ લગી હૈ" તેની પેઠે રુંવાડું પણ ફરકવા દેતા નથી! ઓગણીસમી તરફ લાખો–કરોડોને હોઈયાં કર્યા કરનારાઓ પણ 'એરણની ચોરી ને સોયનું દાન' કરવામાં બધાંય પાપો દૂર થવાની ઉંધી સમજણ સેવતા થકા ભરબજારે ધોળે દહાડે લૂંટ ચલાવ્યા જાય છે; અને તોપણ પોથાંપંડિતો તરફથી "દો દાન, છુટે ગિરાન" નાં માન–મદિરા જોઇયે તેટલાં મેળવી શકે છે! વીસમી તરફ બુદ્ધિમાન ગણાનારાઓ પણ દહાડામાં દશવીસ માનવીઓને શ્મશાન–પંથે પળતાં જુએ તથા 'રામનામ સત્' બોલાતાં સાંભળે, તોપણ પોતે તો અમરપટો લાવેલા હોય તેમ અનિત્ય ધનધામ વધારવામાંજ મંડ્યા રહે છે! એકવીસમી તરફ વધારે હુશિયાર માનવો તો વળી એવા મહારથી નિવડે છે કે લાખ-કરોડ તો શું પણ રાજપાટ મળે તોપણ તેમને ઓછુંજ પડે અને છેવટે તેનીજ હાયવોય કરતા મરી જાય! બાવીસમી તરફ આવા અનેકાનેક માનવીઓ ભારતમૈયાને ઘોર ત્રાસ આપતા થકા ધોળે દહાડે દ્રૌપદીપેરે લજાવી–રોવરાવી રહ્યા છે; તો ત્રેવીસમી તરફ એવી દુર્દશા નિવારવામાટે રાજ્યપ્રકરણી મહા-રથી તો બસ ધનિકોની ને ખુશામતખોરોનીજ શરણના પ્રાપ્ત કરીને પોતાની તેમજ ભારતમૈયાની લાજ–આબરૂ તેમનાજ ખોળામાં મૂકી રાખે છે! અને પોતે તો બસ "રાજા, વાજાં ને વાંદરાં" અથવા "કાન પણ સાન નહિ" તેની પેઠે વિષયી માનવોની પરદષ્ટિએજ સર્વ કાંઇ જોવા–સાંભળવામાં અને આચરવા–વિચારવામાં મોટાભાપણાં માણતા હોય છે; અને એકનિષ્ઠતાથી અલગ રહીને બહુ-નિષ્ઠતામાંજ (બહુ બાબતોના બડેખાં બનવામાંજ) કૃતકૃત્યતા અને દેશોદ્ધાર જાણતા હોય છે! વીર વિક્રમ પરદુઃખભંજન શાથી કહેવાયા? કાર્નેગી, સગાળશા અને ભામાશા વગેરે દાનવીર શાથી કહેવાયા? નોકર–કારભારીનેજ તે તે કામ સોંપી દઇને તેઓ નિર્ભર રહ્યા હોત; અને પંડેપંડ કર્તવ્યમાં ન હોમાતાં સત્તર બાબતોના સરદારજ બની રહ્યા હોત, તો તો બીજા અનેકોની પેઠે તેમનાં પણ નામ અને કામ બરકતવગરનાંજ નિવડ્યાં હોત અને તેમને કોઈ યાદ પણ કરતું ન હોત!

આવી દુર્દશામાં હે દીનાનાથ! એક તુંજ ભારતમૈયાનો આશરો છે. તુંજ કાંઇક કરે–કરાવે તો થાય; બાકી અમો હિંદુસંતાનોની નાલાયકી તો હવે એટલી બધી વધી ગઇ છે કે અમો એકે એક હિંદુને ખ્રિસ્તી કે મુસ્લીમ બનવું પડે, તોપણ નવાઈ નથી. પરંતુ હે દીનાનાથ! એમ થાય તેના કરતાં તો અમોને દરિયાના એક મોટા મોજામાંજ કેમ નથી ડૂબાવી દેતા? આ અવદશામય વાતાવરણ છતાં પણ આ સેવકને તો આપે રાખ્યો એવો અવગુણનો સાગર, કે જેને લીધે, તેનાથી એવી તેવી બાબતોમાં બીજું કાંઇ ન બનતાં માત્ર કોઈ વાર આવું તેવું તીખુંકડવુંજ ચિત્રી મારવાની પોકળ પંડિતાઈ કરી નાખે! માટે એને તો આપ આ લોકમાંથી ઉઠાવી લ્યો એ સારૂં નહિ? શું તેના નશીબમાં આપે, દશિયાપેરે અહીં પણ એકેક ધનવાન અને ઉપદ્રક આગેવાનોપર ગરીબ માનવોથી કોરડો ચલાવાતો જોવાનું, અથવા તો તેઓમાંથી ગરીબોની માય જેવા, પાંસરા તીર જેવા, વિરકતોના વીર જેવા, કોડીભાગણ ફકીર જેવા, ઓલાદોલા અમીર જેવા, જ્ઞાનચારિત્રના પીર જેવા, વિક્રમ કે કાર્નેગી જેવા, કે જેવા પણ આપે તેમને બનાવવા ધાર્યા હોય તેવા, મગી નજરેજ જોવાનું લખી રાખ્યું છે! અત્યારે તો એવી અવદશા પ્રવર્તી રહી છે કે, જે મહાન મંથાએ હિંદુઓની જાતિ અને શિખાસૂત્રને માટ આટલા ઘોર અત્યાચારો વચ્ચે પણ ટકાવ રાખ્યાં છે; તે જ્ઞાનચારિત્ર્યપ્રેરક ગીતા, રામાયણ કે ભારતકથાને તો અમારા ધણાખરા હિંદુ [illegible] અને [illegible] સિટકો (તેમનામાં રોપવે રોપવા [illegible] [illegible] [illegible]ને લીધે) ધર્મનાં ધતિંગ જેવાંજ ગણે છે; ત્યાં પછી તેને પ્રચારવાનું કે [illegible] [illegible]–[illegible] તો તેમના નશીબમાં હોયજ ક્યાંથી!

[illegible] લખ્યું છે કે:—

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]ના [illegible], [illegible] પાંડે.

પરંતુ એમાં પણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] તે એ કે, જો [illegible] હિંદુ મટીને મુસ્લીમ કે ખ્રિસ્તી બને, તો તો [illegible] ધર્મના [illegible] તેમને [illegible] [illegible] [illegible] તૈયાર [illegible] છીએ. પછી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], તોપણ તેનું અમને [illegible] [illegible] [illegible] નહિ!

માત્ર ગુરુવર્ગનાજ નહિ, પણ અગો ચારે વર્ણવાળા હવે તો એવા હેવાન અને અક્કલના બારદાન
પાકયા છીએ કે ભલે દિલ્હીમાં ને બીજે સ્થળે અંત્યજોને દેવસ્થાનમાં પણ પ્રવેશવાનું મળે;
પણ અમે તો રહ્યા આ ગરવી ગુજરાતના દોઢડાહ્યા સપૂતો! એટલે અમે તો જ્યાં તે અંત્યજો
જ્યાંસુધી રામકૃષ્ણની ઉપાસનાને અને કંઠીતુલસીને છોડશે નહિ; ત્યાંસુધી તેમની આભડછેટ
રાખવાના-રાખવાના ને રાખવાનાજ! હા, જો તેઓ ખ્રિસ્તી થઇને એકાદ સાહેબશાઇ ટોપલું
પહેરી લાવે; તો તો તરતજ અગે તેમને માનમર્તબાપૂર્વક બોલાવીએ, વધાવીએ, હાથ મેળવીએ,
સાથે બેસાડી ચ્હા-પાણી પીયે-પાઇએ, હાથ જોડી કાલાવાલા પણ કરીએ અને માબાપ સુદ્ધાં
કહી શકીએ! જો અમે એવું તેવું કરવાનું મૂકી દઇને અંત્યજભાઇઓનો તિરસ્કાર કરતા અટકી
જઇએ; થોડાક શુદ્ધાચાર શીખવીને આભડછેટ ત્યજી દઇએ; અમારાં મળમૂત્ર વાળનારાતરીકે
તેમની કદર કરીએ; અમારાં પોતાનાં અને આખી હિંદુજાતિનાં શિખાસૂત્ર અને નામનિશાન ઉખડી
જતાં અટકાવવા સારૂ તેમને માન-મદદથી ઉત્તેજીએ; તો તો પછી અમે જે અનેક પેઢીથી "મિયાં
પડયા પણ ટંગડી ઉંચી" રાખતા આવ્યા છીએ, અને ખુદ અંત્યજોનાજ મુખમાંથી વહે જતાં
"માબાપ! માબાપ!'નાં મદિરાપાન વગરખર્ચે પીતા આવ્યા છીએ, તે બધો અમારો હક્કદાવો અને
સાત પેઢીનાં કર્યાંકારવ્યાં પાણીમાં જાયને!

ભારતવર્ષની અધોગતિનાં આવાં તેવાં સ્વરૂપો અને તેનાં ઉંડાં કારણો કોઇ પણ સાચા દેશભક્ત
બનવા ઇચ્છનાર તરફથી શોધાય-તપાસાય; અને પૈસાપાત્રોનાંજ સંતાનોમાટે દેખાદેખી ફેલાવાતાં-
લગભગ સરકારી સ્કૂલ કૉલેજોના જેવાંજ-દિવાસળી ચાંપવા જેવાં-દેશવિઘાતક અને સ્વાર્થવર્ધક
વિદ્યાદાનો (કે પછી અવિદ્યાદાનો) આપવાને બદલે દેશનાં ગરીબો, અનાથો અને બીજાઓમાં
સાચાં હિંદુત્વ-આર્યત્વના, કર્મ-કુશળતાના, જ્ઞાન-ચારિત્રના, સાધુતા-સજ્જનતાના અને ધીરતા-
વીરતા વગેરેના ઉચ્ચતર આદર્શ અને આચાર-વિચારો સમજાવવા-પ્રસારવાનું વધારે આવશ્યક
સમજાય; તથા એવા વર્ગોમાંથી દરવર્ષે જે હજારો લાખો માનવીઓ ભીખારી, બેખધારી, ચોર,
વ્યભિચારી, પરધર્મી, પાખંડી વગેરે નિવડીને દેશને વધારે ને વધારે ડૂબાવી રહ્યાં છે; તેને બદલે
એમને સાચા આર્ય હિંદુઓ, પરોપકારી ગૃહસ્થો અને ઉચ્ચકક્ષ સ્વયંસેવકો બનાવવાના અધિક
શક્ય અને અતિહિતાવહ કાર્ય પાછળ ધ્યાન અપાય; અને એવાં તેવાં "થોડાં છતાં પણ સંગીન"
કાર્યો કરાઇ-ફેલાવાઇને "બહારથી ઢમ ઢોલ (પણ) અંદરથી પોલંપોલ" અને "સાંધા એટલા વાંધા"
વાળાં કામો તથા કાર્યપદ્ધતિઓથી બાર ગાઉ છેટા રહેવાય; તો તો પછી સાચી દેશસેવાનાં અને સાત્વિક
દાન-ત્યાગનાં જ્ઞાન-ભાન અમારા વર્તમાન અહંભાવી બરેખાંને, ધનિકોને અને રાષ્ટ્રીય શિક્ષણ-
સંસ્થાઓને પણ ઝટ આવી જાય. દુઃખવૃક્ષનું મૂળ ખોદનારૂં કામ તો ત્યારેજ ચાલુ થયેલું ગણાય.
આવું તેવું અનેકોના ધ્યાનમાં હોય પણ ખરૂં; છતાં તે ફરી ફરીને સૂચવવા-યાદ કરાવવા નીકળીને
ગુરુઘંટાલપેરે વાણીનાં વડાં કર્યાં કરવાં, એ તો આ અવગુણસાગર ભિક્ષુએ એક પ્રકારની નાલાયકીને
લીધે, તથા ગાળ-ઝખાળા ભેગો વિલક્ષણ લાભ પણ તણાઇ આવવાના અનુભવને લીધે કર્યું છે.
બાકી આ વાત પણ આ સેવકને સમજાય છે ખરી કે, આજથી વીસ-ત્રીસ વર્ષ પૂર્વે આવા આવા
પણ દેશસેવકો અને લોકહિતચિંતકો ક્યાં હતા! અને હિંદુજાતિનું હજી એવા પ્રકારનું કોઇ પુણ્યજ
ક્યાં પાક્યું છે કે જેને લીધે આ ધર્મનીતિવિદારક યુગ પલટાવી નાખનારા સાચા મહાપુરુષો
ભારતભૂમિમાં દેખાઇ આવે!

અલબત્ત, તે પ્રાચીન ઋષિમુનિઓએ હિંદુસંતાનોના હાડેહાડમાં અને રૂવેરૂંવામાં ઉતારી
દીધેલી ધર્મનીતિની ઉત્તમ અસરો, હજીસુધી પણ જડમૂળમાંથી ઉખડી નહિ જતાં કોઇ કોઇ વિરલ
સ્થળે તે તે એક યા બીજા રૂપે રડે પ્રકારે ચાલતી આવી છે; અને એક પછી એક ઋષિમુનિ જેવા
મહાનુભાવો પણ ઇધર ઉધર પાકતાજ રહ્યા છે. શ્રીહરિએ આ ઘોર કળિયુગી માનવોને અન-
ધિકારી માનીને પોતાનાં તે સાચાં હીરારત્નોને તેમનાથી અલગ રાખ્યાં છે; તોપણ અત્યારે "માટીના
દેવને કપાસીઆની આંખો" એવાઓ કરતાં તો કાંઇ પણ ચઢીઆતાજ સરદાર-ઉમેદવાર આપવા માંડયા
છે, એ પણ ભાવિ ઉન્નતિનુંજ ચિન્હ છે. પરંતુ એ પણ હજી માત્ર "પાશેરામાં પહેલી પૂણી" જેવું
હોવાથી એ કરતાં પણ ઉપલા વર્ગના શિક્ષણ-શિક્ષક અને સરદાર મેળવવાના વિચાર જાગે એ
પણ સ્વાભાવિક છે.

અમારા પરમ કુશળ અને પ્રાતઃસ્મરણીય ઋષિમુનિઓએ અમો ભારતવાસીઓનાં હદયોમાં અને રોમેરોમમાં પોતાના વિચાર-સંસ્કાર એવા તો ઉંડા ઉતારી દીધા હતા કે જેના પ્રતાપે તેમની પરમ પ્રયોજનીય સંસ્કૃતિ, ભાષા, આચારવિચાર અને ગ્રંથસ્તોત્રોને માતૃભાષામાં પણ વિચારી-ઉતારીને-સાપના લીટા જેગી પણ જાળવી રાખવાવાળા સાધુકવિઓ અને સંતમહંતો પાકતાજ આવ્યા છે. વળી અવતારો અને ઋષિમુનિઓની તિથિજયંતિઓ, પર્વ-ઉત્સવો, વાર-તહેવારો, કથા-કીર્તનો અને મેળા-ખેળા વગેરે પણ તેમણે એવા ઉત્તમ પ્રકારે યોજી રાખેલાં છે, કે જે આવા ઘોર કળિયુગમાં પણ નિર્મૂળ નહિ થતાં "સાપ નહિ તો સાપના લીટા" જેગાં પણ આજુજ રહ્યાં છે; અને એના દ્વારા પણ કોઈ દેવ-માનવો કાંઇ પણ તલસ્પર્શી દેશસેવા કરવા ઇચ્છે તો "ભાગ્યું ભાગ્યું તોય ભરૂચ"ની પેઠે એ સાપના લીટા પણ તેમને પાયારૂપે કામ આવી શકે તેમ છે; તથા એના ઉપર પણ ભારતમૈયાના કોઇ સતવશીલ સપૂતો ઇચ્છે તો અજબ ઇમારત ચણી શકે તેમ છે.

દેશભરમાં ધર્મનીતિ જાળવવા-વધારવા માટે સ્થળે સ્થળે યોજાયલા કુંભ-અર્ધકુંભ વગેરેના મહાન મેળાઓ અને આ તરફ સિદ્ધપુર, વૌઠા, શુકલતીર્થાદિ સ્થળે ભરાતા મેળા-ખેળાઓની વાત જવા દઇને અમદાવાદનેજ લઇએ; તો ત્યાં પણ શ્રાવણ માસના ધાર્મિક દિવસોમાં ઉપરાઉપરિ ભરાતા મેળાઓ સર્વ કોઇના હિતાર્થે યોજાવા છતાં ઉંચી વર્ણવાળા તો હવે જાણે તેનાથી અભડાઈ જતા હોય એમ દૂરજ રહેતા દેખાય છે! ધન્ય છે એ નીચ વર્ણમાં ગણાતા નિર્ધન વર્ગોને કે જેઓ હજી પણ એની પરંપરા જાળવી રહ્યા છે. હજી પણ એ વર્ગનાં સ્ત્રીપુરુષો તો હજારોની સંખ્યામાં ધર્મભાવનાં ભજનકીર્તન ગાતાં થકાં એ મોટા મેળાવડા જેવા મેળાઓને માણવા-પ્રમાણવા જતાં જણાય છે. ભુંગળ, મૃદંગ, કાંસીજોડાં વગેરે હોંશથી વગાડાતાં સંભળાય છે; સ્ત્રી-વર્ગનાં પણ ટોળે ટોળાં જોશથી ધર્મકીર્તન ગાતાં-સુણાવતાં ચાલે છે; અને બાળકો ને યુવકો તો વળી ભજન-કીર્તનમાં તાલ પૂરતા થકા આનંદભેર નાચતા કૂદતા ચાલે-મહાલે છે! હે ભગવાન! અમારા દોઢડાહ્યા સુધારકો અને ગોટપીટીઆઓને કાં તો એવા વાર-તહેવાર અને મેળા-મેળાવડાદ્વારા-શાળાશિક્ષણદ્વારા-કે કોઇપણ આધાર-પ્રકારદ્વારા ધર્મનીતિ, પૂર્વજકીર્તિ અને તેના દ્વારા બળ-બુદ્ધિ અને શૌર્ય-ઉન્નતિનાં હોંશજોસાદિ પ્રવર્તાવવા સન્મતિ આપજે; કે કાં તો મિથ્યાભિમાનીઓના પંજા-સકંજામાંથી છોડાવીને અમને વીર-ધીર અને ઋષિમુનિ જેવા સાચા સુધારકો અને અગ્રેસરો આપજે. અને તેમ પણ બને તેવું ન હોય તો તો પુનઃ પણ એજ પ્રાર્થના છે કે, અમો સર્વને ખ્રિસ્તી કે મુસલમાન બનવું પડે, અથવા તો આ ચાતુર્માસના જેવા કૂર વાયરા-વર્ષાદ સહેવા પડે; તેના કરતાં તો આ મહાસાગરમાંથી એક મોજુંજ એવું પ્રકટાવજે કે જેથી આ ઘોર કળિયુગમાંથી અમો સર્વનો એકસાથે છૂટકો થઇ જાય!

આશા તો ઇશ્વર પૂરે ત્યારે; બાકી અત્યારે તો વિલાયતની શિક્ષણ વગેરેના પ્રતાપે એ પરમહિતાવહ ગ્રંથો, એ પૂર્વજો, એ ભાવનાઓ અને તેના પ્રવર્તક ઋષિમુનિઓ તથા પુરુષોત્તમોનાં નામ-કામ, વીર્ય-પરાક્રમ અને અસર-ઉપદેશના સર્વત્ર એવા તો રામ રમી રહેલા જણાય છે કે, બધુંય કડડડભૂસ થઇ જાય તોપણ આશ્ચર્ય નથી. ધૂળ પડજો અમારા એ હાલના મૂર્ખતાભર્યા હિંદુપણા ઉપર, કે જે નાશ્વાગ્રી વધી જવાને પરિણામે આ વર્ષે તો ગુજરાત ઉપર કૂર વાયુ-વર્ષાદ મોકલીને તે ઇશ્વરે કુદરતે સ્પષ્ટ સુચવી દીધું છે કે, ઓ સ્વાર્થસાધુ શિક્ષક-સુધારકો! ઓ મુડીવાદી દાતા-અગ્રેસરો! ઓ ભેખ-ટેકને લજવનારા ભેખધારીઓ! ઓ પોથાંપંડિત અદ્મન્યો! ઓ આડંબરી આચાર્ય-ગુરુઓ' અને ઓ અક્કલબન્ધ બકરાં-ઘેટાં જેવાં નમાલાં હિંદુ માનવીઓ' હજી પણ સમજાય તો જાગો, મનાય તો (આમાં હૃદયની પ્રાર્થનારૂપે) માનો અને ઋષિમુનિજન ધર્મ-કર્મને જગવો-ખીલવો. બાકી નમાલાં દોઢડાહ્યાપણું, રૂપમંડૂકના અને ટીલાં-ટપકાંનાં નખરાંમાં રહેશે, અધર્મ-અનીતિ, દેખાદેખી, અજ્ઞાન-આળસ, કજીયાંકીસ, ભાઈચારો અને વિખવાદો ઉપરના જુલમ-અન્યાય વગેરે તો હવે કુદરતથી પણ સહ્યાં જાય તેમ નથી'

હે ભગવાન! અને જ્યારે 'આ જમાનાની વાત તો દૂર રહી, પણ આજથી ૨૫-૫૦ વર્ષ પહેલાંનાં [illegible] [illegible] [illegible] [illegible]! [illegible]

સોએક વર્ષપરની સ્થિતિ જોતાં તો આસમાન જમીન જેટલો તફાવત પડી ગયો છે! ક્યાં એ આને શેર સ્વચ્છ ઘીની વાત અને ક્યાં બે આને શેર પાણીભેળેલા દૂધની દુર્દશા! ક્યાં ચાર આને મણ અનાજ ને ક્યાં ચાર રૂપિયે મણ અનાજની વાત! ક્યાં ભીમસમાં માનવીઓની વાત ને ક્યાં અત્યારની દીનહીન માનવીઓની જાત! પચાસ વર્ષમાં ક્યાં જાપાનમાં સત્વશીલ અગ્રેસર-ઉપદેશકોએ ચણી કહાડેલું જગતભરમાં પહેલા નંબરનું સ્વરાજ્ય અને ક્યાં એજ સમયદરમિયાન જગતભરમાં સર્વથી વધારે દીન પરાધીન દશામાં ધકેલી પાડીને છાતીપર ચઢી બેઠેલું આંતરિક શત્રુઓનું રાજ્ય! ક્યાં ત્યાંની ઉચ્ચગતિ ને ક્યાં અહીંની અધોગતિ!

ધર્મનીતિની ઓછપનું પરિણામ દુર્ગતિ, દુર્ગતિ એજ કળિયુગ અને કળિયુગ એજ દુર્દશા; એ વાત જો ખરીજ હોય, તો તો અત્યારે આપણા દેશમાં ઋષિદત્ત ધર્મનીતિપ્રેરક ગ્રંથો, પૂર્વજોનાં ચરિત્ર-ઉપદેશો અને કથાકીર્તનોને સાંભળવા-સંભળાવવાની પ્રથા જેમ બને તેમ જલદીથી અને ઉદાર ભાવે ફેલાવવા-પ્રવર્તાવવાની અને અમલમાં લાવવા-લવરાવવાની ઘણામાં ઘણી જરૂર છે; છતાં હજી પણ આવું તેવું જેમને ગળે નજ ઉતરતું હોય, તેમનાપર પ્રભુ દયા કરે!

ભલું થજો એ સાતવળેકર મહોદયનું કે જેમણે પોતાના પરમ વિદ્વાન પંડને જ્ઞાનપ્રચાર પાછળ હોમવાની સાથે તે તરફના સમજુ ઉદારાત્માને દ્રવ્ય ખર્ચવામાં પણ યોજ્યા છે. ભલું થજો તે બજાજભાઇનું કે જેમને (દેશભાષામાં) ધર્મનીતિવર્ધક ગ્રંથપ્રચાર પાછળ મુઠી-ચપટી પણ ધન રોકવા-ખર્ચવાની સન્મતિ શ્રીહરિએ (ખાદી કરતાં અનેકગણી આબાદીના પાયાભૂત એવી) આ બાબતમાટે પણ આપી છે. ભલું થજો એ કાંગડી ગુરુકુળના એક દેવ જેવા સ્નાતક બ્રહ્મચારી "યુધિષ્ઠિર"નું કે જે સાંભળવા મુજબ સ્વામી સત્યદેવજીના ભત્રીજા હોઇને વધારે ઉત્તમ નીતિરીતિવાળું ગુરુકુળ યોજવા પાછળ સંન્યાસદીક્ષા સ્વીકારી ચૂક્યા છે. પ્રભુ હવે તો દિવસાનુદિવસ એવા અનેકાનેક અને અધિકાધિક ઉન્નત દેવ-માનવોને પ્રકટાવજો કે જેમનાં નામ-કામો આગળ હાલની 'એકરૂ એક' જેવી લોકહિતાવહ નીતિ-પ્રવૃત્તિઓ ઝાંખી ઝસ જેવી જણાઇ રહે! हरि ॐ तत्सत्

અમદાવાદ-આસો સુદ ૫
સંવત ૧૯૮૩

અવગુણસાગર ભિક્ષુ-અખંડાનંદ



महाभारतना मूल्यादिविषे समजुत

ક–આ ગ્રંથના મૂલ્યવિષે કોઈને ઉપલક દૃષ્ટિથી એમ લાગે કે, આ સંસ્થાએ ચાલુ સાલમ
બે પ્રકારની રામાયણો પ્રસિદ્ધ કરી છે; તેના કરતાં આ મહાભારતનું કદ ચારગણું છતાં મૂલ્ય છગ
શાથી રખાયું હશે ? મહાભારતના પહેલા ભાગમાં અપાયલી તેના ખર્ચ તથા મૂલ્યની ગણનાને
વાલ્મીકિ રામાયણની ગણના સાથે ધ્યાનપૂર્વક સરખાવી જોવાથી એનાં કારણ સમજાય તેમ છે; પરં
તે સહજે સમજાય તે સારૂ જણાવવાનું કે:–

૧–અત્ર તરફથી હાલ પ્રસિદ્ધ થયેલી બન્ને રામાયણોમાં જે કાગળો વપરાયા છે, તેના કરતા
આ મહાભારતના ગ્રંથમાં તે વધારે વજનના–અને તેથી વધારે કિંમતના–વપરાયા છે.

૨–વાલ્મીકિ રામાયણ કરતાં મહાભારતનું કદ ચારગણું છે; પણ તેના ભાગો ચારને બદલે
સાત બંધાવાથી બંધાઈખર્ચ પણ વધ્યો છે.

૩–રામાયણો પુનરાવૃત્તિતરીકે છપાવાથી, તેમજ ચાલુ મકાનમાં તેનો સમાવેશ થવાથી
ભાષાન્તરનો તેમજ વધારાના મકાનભાડાનો ખાસ ખર્ચ તેને માટે કરવાનો હતો નહિ;
ત્યારે મહાભારતની આ આવૃત્તિ ઉપર એ બંને પ્રકારના ખાસ ખર્ચ ચઢ્યા છે.

૪–કોઈપણ પુસ્તકની ચાર હજાર પ્રત છપાવનાં દર પ્રતે જે છપાઈખર્ચ આવે, તેના કરતાં બે
હજાર પ્રત છપાવાથી સવાયો દોઢો ખર્ચ આવે છે.

ખ–કોઈ એમ પૂછે કે, રામાયણ કરતાં મહાભારતમાં ચિત્રોનું પ્રમાણ ઓછું છે, તે બદલ પણ
મૂલ્ય ઓછું આવવું જોઈએને ? તો તે વિષે જણાવવાનું કે, મહાભારતનાં ચિત્ર અને ચિત્રોના બ્લોક
ઘણાખરા નવાજ કરાવવા પડેલા, તેનું તેટલું પ્રમાણ રામાયણની બાબતમાં ન હતું. વળી રામાયણની
બાબતમાં ચિત્ર ખાતે જે ખાસ ખર્ચ થયેલો તે (બન્ને રામાયણો મળીને) આઠ હજાર પ્રત ઉપર
કાગરી શકાયલો, ત્યારે મહાભારતમાં તો તે બે હજારજ પ્રત ઉપર ફળવાયો છે.

ગ–કેટલાક સજ્જનોને ઉપલક દૃષ્ટિથી એમ પણ લાગે કે, મહાભારતનું મૂલ્ય અગાઉ બારેક
વર્ષપર કાઢેલી યોજનામાં રૂ. ૧૬) રખાયલું, અને આ વખતે રૂ. ૩૬) રખાયું તે વધારે ગણાય. એકવા
એક જણીના ન્યાયાધીશ મહોદયે સામાન્ય સૂચનારૂપે એને મળતો ભાવ દર્શાવેલો; તે ઉપરથી ઉપલી
કલ્પના ઉપજના જણાવવાનું કે, બીજી અનેક ચીજને પેઠે કાગળ, છપાઈ, બંધાઈ વગેરે પણ અમુક
અંશે મોંઘાંજ હજીસુધી રહ્યાં છે. જેમકે:–

૧–કાગળોનું મૂલ્ય આગળ કરતાં ચારપાંચગણું થઈ ગયેલું તેમાંનું બેવડું તો હજી પણ છે.

૨–વહીવટી માણસોના મોંઘારતને લીધે વધેલા પગાર ઘટાડી શકાયા નથી.

૩–મહાભારતની આગલી યોજના વખતે આ સંસ્થાનું સ્થળ અમદાવાદમાં રૂ. ૧૫)ના માસિક
ભાડાવાળું હતું, તેને બદલે પછી રૂ. ૨૫) વાળું લેવાયું હતું; પરંતુ એ પછી લડાઈની મોંઘારત
વધી જતા એજ મકાનનું ભાડું રૂ.૧૦૦)ની હદે પહોંચી ચૂક્યું છે, અને હજી તે ઘટતું નથી.

૪–એજ પ્રમાણે ભાષાંતર અને પૂંઠાં વગેરેમાં પણ આગળ કરતાં બેવડાથી તેવડો ખર્ચ આવે છે.

૫–આગલી યોજના વખતે હાથના જેવા ચિત્રો મહાભારતમાં આપવાનો, અને તે ઉપરાંત
ચિત્રાવલિની જુદી ચોપડી વિનામૂલ્યે આપવાનો હાથના જેવો વિચાર ન હતો; તથા
બંધાઈ, કવર, અસ્તર, એ વગેરે પણ હાથના જેવાં વાપરવાના વિચાર અને સંયોગ એ
સમયે ન હતા. બધી એ બાબતોમાં પણ આ વખતે ખર્ચ વધારે આવ્યો છે તથા
કેટલોક નવેનામે પણ ઉમેરાયો છે.

૬–છપાઈખર્ચ પણ વધ્યુ. આગળ કરતાં [illegible] વધી ગયેલો, તે પછીને અન્ય પ્રેસોમાં તો
ઘટાડો પછી હજી હવે માત્ર [illegible] ટકાનું [illegible] છે; પરંતુ આ સંસ્થાના પ્રેસમાં જે
પ્રમાણમાં [illegible] જોઈએ, તેને [illegible] પડ્યો ઘટ થઈ શકતો નથી. એકમાત્ર કંપોઝની
[illegible] સે હજી [illegible] પણ નથી પડતી [illegible].

ઘ-પણ ત્યારે મૂલ્ય ૩૬) છતાં આ મહાભારતને સસ્તું કેવી રીતે કહેવાય? એનું સાદું શીધું પ્રમાણ તો એટલુંજ બસ થશે કે અમદાવાદવાળું આગલું મહાભારત ૨૦) ને બદલે ૫૦) થી વેચાવા લાગ્યું હતું; અને ગુજરાતી પ્રેસવાળું ૨૯) ને બદલે ૭૫) થી વેચાવા લાગ્યું હતું.*

આટલી હકીકતથી મૂલ્યાદિવિષે યથાવત્ ખ્યાલ દરેકોઇને આવી રહેશે. બાકી રોટલાના બળ્યા બારોટને તો સાક્ષાત્ પ્રભુ પણ સમજાવી શકે નહિ; અને બીજી તરફ તેમનું વિરોધી વર્તન આ સેવકે તો હિતાવહજ માન્યું છે; તેથી પણ એ ખાતે કંઇ કહેવાપણું નથી.

ચ-આ મહાભારત જેવા શ્રેષ્ઠ ગ્રંથને સોનેરી નામવાળાં પૂંઠાં કેમ નથી કરાવ્યાં? વાત એવી છે કે, એ બદલ ખર્ચ કાંઇ ભારે આવી જતો નથી; પણ એમાં વિલાયતી કાપડ તથા સોનાના વિલાયતી વરખ ઉપરાંત ઘણાં પણ બાઇંડરને વાપરવાં પડે છે. સોનેરીને બદલે સાદા નામવાળાં હોય તોપણ ખાદી કરતાં તો વિલાયતી કપડાનાંજ પૂંઠાં સુંદર લાગે છે; પરંતુ એવા બહારનાજ ભપકા તરફ જોવા કરતાં ભારતવાસી ભાઇબહેનોની ગરીબાઇ તરફ જોવું એ વળી વધારે સુંદર લાગે છે.

છ-કિંમતના ધોરણવિષે આગળ ૧૯૭૨ સુધીના રિપોર્ટમાં જે વિચાર અને ધોરણ દર્શાવાયલાં તે હજીપણ કાયમ હોવાથી આ સ્થળે પણ એ વિષે જણાવવાનું કે, ધર્મનીતિનાં પુસ્તકો તો ખરું જોતાં તેના વાંચનની જિજ્ઞાસાનેજ મૂલ્યરૂપે ગણીને અપાવાં જોઇએ; અને જેઓ ઉત્તમ વાંચનના લાભ ન સમજતા હોય તેમને આકર્ષક ઉપાયોથી પણ તે રસ્તે વાળવા જોઇએ. આવા પ્રકારો અમેરિકા જેવા સમૃદ્ધ અને શિક્ષિત દેશમાટે આવશ્યક હોય, તો પછી હિંદ જેવા અતિ અજ્ઞાન અને યૂરોપ-અમેરિકા કરતાં રૂપિયે એક આની જેટલી પણ આવક વગરના દેશ માટે તો તે અત્યંત આવશ્યક કહી શકાય. પરંતુ અમેરિકાવાસી શ્રીમાનોના જેટલી દેશ, કાળ, ઉપાય અને પાત્રાદિને લગતી સાચી સમજણ અને ઉદારતા આ દેશના શ્રીમાનો તથા ધીમાનોમાં પ્રવર્તે નહિ, અથવા તો પરમાત્મા કૃપા કરીને બીજો કોઇ રસ્તો કહાડે નહિ, ત્યાંસુધી વિનામૂલ્યની વાત તો રહી; પરંતુ કાગળ-છપાઈ જોગા મૂલ્યે પણ સારાં પુસ્તકો કહાડી શકાવાં અશક્ય હતાં. આવા સંયોગોમાં કાંઇજ ન થાય તેના કરતાં કાંઇ પણ થાય તે ઠીક; એમ સમજીને નોકર, જાહેરખબર, બુકસેલરકમીશન, મકાનભાડું, લેખનસત્કાર વગેરે દરેક પ્રકારનો ખર્ચ પુસ્તકોની લાગતમાંજ ગણી લઇને કામ ચલવવું પડયું છે.

દરેક વર્ષપર એ વિષે જે થોડુંક લખેલું તેજ આ સ્થળે પણ લખીશું કે:-"સમય આવ્યે એવા પણ વિદ્વાનો, સમાજસેવકો અને સંસ્થાઓ નીકળી આવશે કે જેઓ જૂદા જૂદા ઉપકારક વિષયના અનેક ઉત્તમોત્તમ ગ્રંથ રચી-રચાવીને, તથા ખોટ ખમીને પણ આ ખાતા કરતાં અર્ધી અને પા કિંમતે અથવા વિનામૂલ્યે પણ ફેલાવશે; અને એ તેમજ અન્ય વિવિધ પ્રકારોદ્વારા મનુષ્યોમાં એવા એવા ઉચ્ચતમ સંસ્કારો ફેલાવાશે, કે જેના આગળ આ સંસ્થાનું કાર્ય કશી વિસાતમાં રહેશે નહિ. કૃપાળુ પ્રભુ એવો સમય સત્વર આપે !"



* આ વિષે એક ખુશ ખબર પણ આપી દેવી જોઇએ કે, આ તરફનું મહાભારત હાલના મૂલ્યે સત્વર નીકળવાનું જાહેર થયા પછી એ મ.દાવાદ.વાળાનો પણ અનુક્રમે ૩૫) ને ૫૦) થી વેચાય છે.

તુલસીકૃત રામાયણની ૪૦૦ આવૃત્તિઓ!

(સસ્તા સાહિત્યની તુલસીકૃત રામાયણના નિવેદન ઉપરથી)

અન્ય સર્વ રામાયણો કરતાં વાલ્મીકિ રામાયણ પ્રાચીન છે, સર્વ રામાયણોની માતા છે તથા સર્વ કોઇ માટે ઉપકારક પણ ઓછી નથી; છતાં પણ આજથી સાડાત્રણસો વર્ષ પર રચાયેલી તુલસીકૃત રામાયણનો પ્રચાર હિંદી ભાષામાં આટલો બધો–લગભગ ચારસો આવૃત્તિ જેટલો–શાથી થયો? અને તે ઘેરેઘેર ઘરગતુ વસ્તુ શાથી બની રહી?

કારણકે–મહાત્મા તુલસીદાસજી પણ વાલ્મીકિ જેવા મહર્ષિ અને પરોપકારી હતા.

કારણકે–તે પણ વાલ્મીકિ પેરે પરમાત્માનો સાક્ષાત્કાર પામેલા ગોસ્વામીજીએ રચેલી છે.

કારણકે–તેમણે પણ તે અનેક જમાના જોયા પછી એંશી વર્ષની પાકટ વયે રચી છે.

કારણકે–તેમણે પણ તે શ્રીહરિ સાથે ગાઢા સંબંધમાં રહીને રચી છે.

કારણકે–તેમણે પણ તે પૂર્ણપ્રેમે, ઉભરાતા હૃદયે અને વહેતાં ચક્ષુએ રચી છે.

કારણકે–તેથી તે પણ જાણે વેદની પેઠે શ્રીહરિએ પોતેજ રચી હોય એવી બની છે.

કારણકે–તુલસીદાસજીનાં નિરભિમાન અને લઘુતા પણ એવુંજ દર્શાવી રહ્યાં છે.

કારણકે–તે હિંદીભાષામાં રચાવાથી કોટયવધિ માનવો માટે સમજવી સુગમ થઈ છે.

કારણકે–તે આબાદ ઔષધિરૂપે અને દિવ્ય કાવ્યમાં રચાવાથી તળસ્પર્શી પિચકારી બની છે.

કારણકે–એમાં હિંદુજાતિના પિતામહ અને કુશળ મહાવૈદ્ય એવા ગોસ્વામીજીએ અવદશાનાં મૂળકારણ, આબાદ ઉપાય અને પથ્યાપથ્યની સમજણ સમાવેલાં છે.

કારણકે–એ પિચકારી વાપરી જાણવાથી, તેમાં કહેલા–સર્વ દુઃખના ઔષધરૂપ સાત્વિક આચારવિચાર–સીધે સીધા હૃદયમાં પ્રવેશી રોમેરોમ વ્યાપી જાય તેવા છે.

કારણકે–તેના બનાવનારે તેને કુશળતાથી, એકાગ્ર ચિત્તથી, અનન્ય નિષ્ઠાથી, સર્વભાવથી તથા એકાન્ત અને મૌન સેવીને તૈયાર કરવાથી એવી ઉત્તમ, લોકપ્રિય અને સર્વોપયોગી થઇ પડી, કે જેથી સ્વાર્થભ્રષ્ટ ઈર્ષાળુ માનવો તરફથી ગોસ્વામીજીને ખરાબ નિંદાઓ તથા જીવ લેવાનાં કાવત્રાંરૂપે પણ પુષ્કળ ઇનામ મળ્યું હતું.

કારણકે–તે એવી થવાથી સીયારામજીનાં સ્મરણ અને હિંદુજાતિની હયાતિ રહી શક્યાં.

કારણકે–તે એવી હોવાથીજ ધર્મનીતિનાં સેંકડો ઉત્તમોત્તમ વચન કરોડો હિંદી સ્ત્રીપુરુષોની જીભે વસી જઇને સેંકડો વર્ષથી વદાતાં અને ગવાતાં આવ્યાં છે.

કારણકે–ગુરુઓના ગુરુ, વૈદ્યોના વૈદ્ય અને સકળ જ્ઞાનશક્તિના સાગર એવા શ્રીહરિએ વિદેશીઓ અને વિધર્મીઓના હાથમાં જઈ પડેલાં હિંદુસંતાનોનો સમૂળો નાશ થતો અટકાવવા સારૂજ ગોસ્વામીજીને સવાસો વર્ષની વયસુધી વધાર્યા.

કારણકે–શ્રી ગોસ્વામીજીની વાણી આજે પણ પામર વિધર્મી પ્રાણીઓની અને ગમે તે કોઈની હલકાઈ તથા તોછડાઈને કતલ કરવામાં સોંસરી ઉતરી જાય એવી તીક્ષ્ણ તલવારનું અને પાણીદાર બરછીનું કામ બજાવવા સમર્થ છે.

કારણકે–સ્વધર્મ પર ઈર્ષાળુ માનવો તરફથી છોડાતાં કટાક્ષ, નિંદા વગેરેનાં તીવ્ર બાણોથી માનવીનાં હૃદય વીંધાઈ જાય, ત્યારે તેના ઉપર શાન્તિ અને આશ્વાસનનું સુંદર ઔષધ આપવામાં રામચરિતમાનસ જેવું દ્રવ્ય અન્યત્ર દુર્લભ છે.

કારણકે–ગોસ્વામીજીએ [illegible] સમર્થ ચિતારાની પેઠે ઠામઠામ ઊંડું નિદાન [illegible] ઊંચામાં ઊંચા [illegible] દર્શાવવામાં [illegible] છે.

કારણકે–તેઓ બાહ્યભાવે માનવસમાજથી અલગ–એકાન્તવાસી–રહી શકયા, પૂર્ણ માન-
વો અને ચેલાચેલી તરફની ખુશામતરૂપી મદિરાથી, તથા સ્તુતિ–પ્રતિષ્ઠારૂપી
શ્વાનવિષ્ઠાથી બચી શકયા; તેથીજ શ્રીહરિનું સામીપ્ય અધિક સેવી શકયા;
અને તેથીજ હિંદુજાતિની ઉંચામાં ઉંચી અને વધુમાં વધુ સેવા બજાવવાની
સુગમતા, સગવડતા, સદ્વૃત્તિ અને અવકાશ મેળવી શકયા.

આવાં આવાં કારણોને લીધે તેમજ હિંદીભાષાભાષી માનવો ગુજરાતીભાષાભાષી માન-
વો કરતાં ધનધામના લોભપ્રપંચાદિમાં ઉતરતા હોઇને માનવસંખ્યામાં, હૃદયશુદ્ધિમાં તથા
પ્રભુપ્રેમમાં ચઢિયાતા હોવાથી પણ તેઓમાં તુલસીકૃત રામાયણ લગભગ ચારસો આવૃત્તિ
જેટલાં પ્રચલિત થઇ શકયાં; તથા રંકથી રાજાસુધીના સર્વ માનવોનો અપાર આદર અને
પ્રેમભર્યાં પૂજન–વંદન પામી શકયાં; એ સ્વાભાવિકજ છે.

હિંદીભાષાના પ્રેમી અને રામાયણના ભક્ત એવા વિદેશી વિદ્વાન ડૉ૦ ગ્રિયર્સન તો
એટલે સુધી લખે છે કે:–"ગંગાયમુનાના પ્રદેશમાં આ મહાન ગ્રંથ–તુલસીકૃત રામાયણનો
જેટલો પ્રચાર છે, તેટલો પ્રચાર ઇંગ્લૅંડમાં બાઈબલનો પણ નથી."

વાંચનાર બંધુ! આ સર્વ ઉપરથી તને આ તુલસીકૃત રામાયણ તરફ પણ સદ્ભાવ અને
આકર્ષણ જાગે, તો ગમે તેમ કરીને પણ ખરીદજેજ. હા, તારી પાસે ખરીદવા જેટલી સગવડ
ન હોય તો શ્રીમાનો પાસે માગી ભીખીને પણ મેળવજે. અમુક કોટીવાળાથી તેમ પણ ન
બને તો ભગવાન પાસે પણ ઉંડા હૃદયથી માગવાનો માર્ગ કયાં નથી! હા, જેની પાસે ખરે-
ખર સૂકા રોટલા જેટલી પણ સગવડ કે માલીકિ ન હોય, તેને માટેજ આ રસ્તો છે. કારણકે
સર્વજ્ઞ પ્રભુ કાંઇ છેતરાઇ જાય તેવો નથી. કેમકે રોટલાની સગવડવાળો તો આખા રોટલાને
બદલે અર્ધો ખાઇને પણ ગ્રંથ ખરીદવાની સગવડ ઉભી કરી શકે છે. આ સસ્તા સાહિત્યની
સંસ્થામાં તો લેખધારીએ પણ મુફત માગવા, અને 'ના' કહેવરાવવા માટે આવવાની મહેરબા-
ની જરાય કરવી નહિ. અત્ર તરફથી કોઈ કોઇને વિનામૂલ્યે પણ મોકલાય છે, પણ તે સામા-
ના માગવાથી નહિ, પરંતુ અંતર્યામીની પ્રેરણાથી મોકલાય છે. પછી તે નિર્ધન પણ હોય,
લેખધારી પણ હોય અને ધનવાન પણ હોય. જે કોઈ રૂબરૂમાં કે પત્રથી મફત કે ઓછા મૂલ્યે
માગશે તેણે નકારજ સાંભળવો પડશે. માટે આતુર બંધુએ શ્રીહરિ પાસેજ પ્રાર્થના કરવી.
કેમકે તે જો યોગ્યતા જોશે તો તો હરકોઇને પ્રેરી–મેળવીને અપાવશેજ અપાવશે. ૐ તત્ સત્ ।

ઉત્તમ ગ્રંથોના સેવનનો મહિમા

(અનેક ઉત્તમ પુરુષોના ઉદ્દગાર)

यस्यास्ति सद्ग्रन्थविमर्शभाग्यं, किं तस्य शुष्कैश्चपलाविनोदैः ॥

અર્થાત્ જેને સારા સારા ગ્રંથો વાંચવાવિચારવાનું સદ્‌ભાગ્ય મળેલું હોય, તેને ચપળાના (લક્ષ્મીના-સ્ત્રીના) શુષ્ક વિનોદ શી ગણતરીમાં છે?

"તમે ગમે તેવી નવલકથાઓ અને બીજું જે આવ્યું તે વાંચવા માંડી પડો છો, પણ એવું તો તમે થોડું વાંચો તેજ સારું. ગીતાજી વાંચો, વેદાંતનાં બીજાં પુસ્તકો વાંચો; કેમકે તેની આખા જીવન સુધી જરૂર છે."

"સ્વામી વિવેકાનંદ"

"પુસ્તકોમાં હું ગુંથાયેલો રહી શકતો, તેથી મને બે માસ વધારે જેલ મળત તોપણ હું કાયર નહિ થાત; એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઉલટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે, જેને સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે, તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઇથી વેઠી શકે. × × એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે આંતર્વિચાર પણ કરી શકશો."

"મહાત્મા ગાંધીજી"

"મને પુસ્તકો વાંચવાથી જેવો આનંદ મળે છે તેવો આનંદ આ જગતમાં બીજા કોઈ પણ કામથી નથી મળતો." × × × "માતૃભાષામાં વિવિધ જ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રચાર થયા વિના કોઇ પણ પ્રજા ઉન્નતિ પામી શકતી નથી અને જાતીય ભાવના (સ્વદેશપ્રીતિ) પણ મેળવી શકાતી નથી." × × × "બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિ છે. પશુ આદિના જેવી ઇંદ્રિયતૃપ્તિસિવાયનું બીજું કોઇ પણ એવું સુખ તમે નહિ બતાવી શકો કે જેનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં રહેલું ન હોય." × × × "સાહિત્ય-ઉદ્યાનના ચતુર માળી થવાનું સુભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય અથવા જેનું મન સદૈવ સાહિત્યસરોવરનાં કમળોની મધુર સુગંધથી મસ્ત બનવા લાગ્યું હોય, તેને તો સાહિત્યસિવાયનાં સ્વર્ગીય સુખો પણ તુચ્છજ લાગે છે." "બંકિમચંદ્ર"

"ગરીબોને દરિદ્રતામાંથી છોડવવાની, દુઃખીઓનાં દુઃખ દૂર કરવાની, શરીર તથા મનનો થાક ઉતારવાની અને માંદાઓનું દર્દ ભૂલાવી દેવાની ગ્રંથોમાં જેટલી શક્તિ છે, તેટલી શક્તિ બીજી કોઇ ચીજમાં નથી."

"મારડન"

"જ્ઞાન એ આકાશ છે અને પુસ્તકો એ તેમાં શોભી રહેલા ચળકતા તારાઓ છે; જ્ઞાન એ સમુદ્ર છે અને પુસ્તકો તે એ સમુદ્રનો લાભ લઇ શકાય તેવાં વહાણો છે; જ્ઞાન એ સૂર્ય છે અને પુસ્તકો એ આપણા ઘરમાં આવી શકે એવો તેનો પ્રકાશ છે; જ્ઞાન એ સોનાની ખાણ છે અને પુસ્તકો એ તેમાંથી બનાવેલા આપણને બંધબેસતા થાય તેવા દાગીના છે; જ્ઞાન એ મોટામાં મોટી કિંમતી નોટો છે અને પુસ્તકો એ આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા ચલણી સિક્કાઓ છે; જ્ઞાન એ વાયુ છે અને પુસ્તકો તે એ વાયુને ચલાવી ઠંડક આપનારા પંખા છે; જ્ઞાન એ અગ્નિ છે અને પુસ્તકો તે અગ્નિથી પ્રકટાવેલા દીવા છે; જ્ઞાન એ પૃથ્વી છે અને પુસ્તકો એ આપણને રહેવાલાયક મકાનો છે; જ્ઞાન એ અનાજનો ભંડાર છે અને પુસ્તકો એ તેમાંથી તૈયાર કરેલા રોટલા છે; જ્ઞાન એ મેઘ છે અને પુસ્તકો તે આપણા ઘરમાં રહી શકે તેવાં પાણીભરેલાં માટલાં છે; અને જ્ઞાન એ સર્વશક્તિમાન પરમાત્મા છે તથા પુસ્તકો એ તે પરમાત્માનો રસ્તો દેખાડનારા પૂજનીય દેવો છે."

"સ્વર્ગનાં રત્નો"

"પુસ્તકોપ્રત્યેનો સ્નેહ એ ઈશ્વરના રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે."

"ખરાબ ચોપડીઓનું વાચન, એ તો ઝેર પીવાસમાન છે."

"મહેલોની તથા ધનવૈભવના અખૂટ ભંડારથી જે સંતોષ તમને નહિ મળે તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે."

"કસરતવિનાના શરીરની પેઠે જ્ઞાનવિનાનું મન પણ નિર્માલ્ય છે. એ જ્ઞાનને મેળવવાનું સર્વોપરિ સાધન વાચન હોવાથી જે ઘરમાં સારાં પુસ્તકો નથી, તે ઘર ઘર નહિ પણ નિર્માલ્ય તબેલાવત્ જીવતાં મુડદાંઓને રહેવાની ઠેર છે."

એક વિદ્વાન ડાક્ટર કહે છે કે, "વાચનની ટેવ પડી હોવાથી બાળપણમાં કોઇ મને આખા

હિંદુસ્તાનની સંપત્તિ આપે, તોપણ હું તેને કદી છોડું નહિ."

" પુસ્તકો તરુણાવસ્થામાં સુમાર્ગ દેખાડે છે, વૃદ્ધાવસ્થામાં મનરંજન કરે છે અને ઉદાસીને વખતે સમાધાન કરીને આપણું જીવન આપણને નકામું લાગવા દેતાં નથી. વળી તે આપણી ચિંતા તથા ક્રોધાદિને શાંત કરી નિરાશાનો નાશ કરે છે."

" એક પાશ્ચાત્ય પંડિતનો તો એટલે સુધી મત છે કેઃ–'માણસને લુગડાંલત્તાંની જેટલી જરૂર નથી, તેટલી પુસ્તકોની છે.' તે પોતે પણ જરૂરનાં પુસ્તકો ખરીદી લેતાંસુધી લુગડાં લેવાનું મુલતવી રાખતો. તેને સિસેરોનાં પુસ્તકો બહુ ગમતાં હતાં. તે વાંચતો ત્યારે ત્યારે 'હું વધારે સારો થયો છું' એમ તેને લાગતું."

"'ઉત્તમ ગ્રંથો, તેનું સેવન કરનારાઓમાં ધર્મ, નીતિ, ચાતુર્ય, પ્રતિભા, શૌર્ય, ધૈર્ય તથા પરોપકારવૃત્તિને વિસ્તારે છે; અને જેમ જેમ એ દૈવી ગુણોની સત્તા જામતી ચાલે છે, તેમ તેમ દુનિયાને પીડારૂપ આસુરી ભાવોની જડ નાશ પામતી જાય છે."

" સુખ, વિદ્યા અથવા પ્રમાણિકતાના પ્રેગીઓએ તો જરૂર પુસ્તકોનો શોખ રાખવો."

" ગ્રંથોની ઓરડીમાં ગયા પછી તમે એને હાથ નહિ લગાડો તો એ ગ્રંથોજ માનસવાણીથી તમને કહેશે કેઃ–' અમારામાં પુષ્કળ જ્ઞાન ભર્યું છે તે લ્યો અને વાપરો, એટલે તમારું કલ્યાણ થશે.' શું આ માનસવાણી ઓછી કિંમતી છે?"

उत्तम जीवनचरित्रोनो महिमा

"જીવનચરિત્ર એ એક પ્રકારનું દર્પણ છે. જેમ અરીસામાં મનુષ્ય પોતાની મુખાકૃતિમાં ખાંપણ જુએ છે, ત્યારે તે ખાંપણને કાઢી નાખવા અને કાંતિમાં વધારો કરવામાટે પ્રયત્ન કરે છે, તેમ ચરિત્રરૂપી આરસીથી પોતાના સ્વભાવમાં વળગેલાં ભૂષણદૂષણ–ગુણદોષ–તેના જોવામાં આવે છે અને તેમ થતાં દૂષણનો ક્ષય અને ભૂષણમાં વૃદ્ધિ કરવાને તે જાગૃત થાય છે. વળી જે કામ ઉપદેશ અથવા બોધ કરવાથી નથી બનતું, તે કામ જીવનચરિત્ર સહેલાઇથી પાર પાડી શકે છે. અતિ શ્રમ લઇ વિદ્યા ભણો, દેશાટન કરો, સ્વદેશહિતેચ્છુ થાઓ, પ્રેમશૌર્ય દાખવો, એવા એવા ઉપદેશો મુખે અથવા પુસ્તકદ્વારા કરવાથી જેવી અને જેટલી અસર થાય છે; તેના કરતાં એવા ગુણોથી અંકિત થઇ પ્રખ્યાતિમાં આવેલા મહાપુરુષોનાં ચરિત્રો વાંચી સમજવાથી અધિક અસર થાય છે. વાંચનારના સ્મરણસ્થાનમાં તેની આબાદ ઊંડી છાપ પડે છે અને પછી તે તેને અનુસરીને ઉત્તેજિત થઇને બહાર પડે છે."

"ઉત્તમ ચરિત્રો તેના વાચકને બતાવી આપે છે કે, એક સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન કેટલી હદસુધી ઉત્તમ બનાવી શકે તથા કેવાં ઉચ્ચ કાર્ય કરી શકે અને જગતમાં કેટલી બધી સારી અસરો ફેલાવી શકે."

"ચરિત્રોના વાચનથી આપણું ચૈતન્ય સતેજ થાય છે; આપણી આશામાં જીવન આવે છે; આપણામાં નવું કૌવત, હિંમત અને શ્રદ્ધા આવે છે; આપણે આપણા ઉપર તેમજ બીજાઓ ઉપર શ્રદ્ધા રાખીએ છીએ; આપણામાં મહત્ત્વાકાંક્ષા જાગે છે; આપણે રૂડાં કામોમાં જોડાઇએ છીએ; અને મોટાઓનાં કામોમાં તેમની સાથે હિસ્સેદાર થવાને પ્રેરાઇએ છીએ. આ પ્રમાણે જીવનચરિત્રોના સહવાસમાં રહેવું, જીવવું અને તેમાંના દાખલાઓ જોઇને સ્ફુરણાયમાન થવું, એ તે તે ઉત્તમ આત્માઓના સમાગમમાં આવવા બરાબર અને ઉત્તમ મંડળમાં સહવાસ કરવા બરાબર છે."

" મહાન સ્ત્રીપુરુષોનાં જીવનચરિત્રોનું ચિંતન કરાય છે, ત્યારે બરાબર સમજી શકાય છે કે, મહત્તાનો દરવાજો સર્વને માટે ઉઘાડો છે."

" શિક્ષણનું મોટામાં મોટું લક્ષ્ય ચરિત્રસંગઠન છે અને ચરિત્રસંગઠનમાં મોટામાં મોટી મદદ મહાન સ્ત્રીપુરુષોનાં જીવનચરિત્રોના અભ્યાસથી મળે છે;માટે જીવનચરિત્રનો અભ્યાસ કરવો એ શિક્ષણનું એક મોટામાં મોટું અંગ માનવું જોઇએ."

" માનવજાતિના વર્તનને ઉચ્ચ સ્થિતિએ લાવવામાં રૂડાં મનુષ્યોનાં જીવનચરિત્રોએ જે અસર નિપજાવી છે, તેનું મૂલ્ય જેટલું આંકીએ તેટલું થોડું છે."

अनुक्रमणिका

મહાભારતને લગતા વિષયો

વિષય	પૃષ્ઠાંક
કિફાયતની ખાસ તક … … …	૩
મફત કે ઓછા મૂલ્યે માગનારને વિનતિ	૪
વિવિધ ગ્રંથમાળાના પાઠકોને સૂચના	૫
મહાભારત લેનાર તથા લેવા ઈચ્છનારને સૂચના… … … …	૭
આ અંકનું નિવેદન … … …	૮–૯
મહાભારતના મૂલ્યાદિ વિષે સમજુત	૮–૯
તુલસીકૃત રામાયણની ૪૮૦ આવૃત્તિઓ	૧૦
ઉત્તમ ગ્રંથોના સેવનનો મહિમા …	૧૨
ઉત્તમ જીવનચરિત્રોનો મહિમા …	૧૩
શ્રીકૃષ્ણાર્પણ … … … …	૧૬
મંગલાચરણ … … … …	૧૭
સત્યરૂપ પરમાત્માનું ધ્યાન … …	૨૦
વૈદિક પ્રાર્થના … … … …	૨૧
ભારતસાવિત્રી–સ્તોત્ર … … …	૨૨
મહર્ષિઓને સ્મરણાંજલિ … …	૨૩
શ્રી પરમેશ્વરસ્તોત્ર … … …	૨૭
શ્રી સ્તવપંચકસ્તોત્ર … … …	૨૭
મહાભારતમાહાત્મ્ય … … …	૨૯
મહાભારતનું નિવેદન … … …	૩૪

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક
	મહાભારતવિષે વિદ્વાનોના મનનીયવિચાર	૪૯
૧	લોકમાન્ય તિલક મહારાજના વિચાર	૪૯
૨	પંડિત રામજીલાલ શર્માના વિચાર	૫૨
૩	પંડિત જયગોપાલ વિદ્યાલંકારનાવિચાર	૫૪
૪	ઇંડિયન પ્રેસ (પ્રયાગ)તરફના વિચાર	૫૫
૫	પંડિત ઈશ્વરીપ્રસાદ શર્માના વિચાર	૫૭
૬	મહાત્મા ગાંધીજીના વિચાર …	૫૭
૭	દેશહિતનિરત લાલાહંસરાજજીનાવિચાર	૫૮
૮	પંડિત નરદેવશાસ્ત્રી વેદતીર્થના વિચાર	૫૯
	ભગવાન શ્રીકૃષ્ણના સમયનું ભારતવર્ષ	૫૯
	સ્વરાજ્ય અને સામ્રાજ્ય … …	૫૯
	મન્ત્ર… … … … …	૬૦
	સ્વશિક્ષણ … … … …	૬૦
	આચાર–વ્યવહાર… … …	૬૦
	વિજ્ઞાન … … … …	૬૧
	રાજનીતિ … … … …	૬૧
૯	પ્રૉફેસર દાવરના વિચાર… …	૬૨
૧૦	કવિરાજ ન્હાનાલાલના વિચાર…	૬૨
૧૧	જગનવંદ્ય સ્વામી વિવેકાનંદજીના વિચાર … … … …	૬૨
	ભિક્ષુની ભલામણ અને માગણી …	૬૩

રામાયણને લગતા વિષયો

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક
૧–	ગોસ્વામી તુલસીદાસજીનું સંક્ષિપ્ત વૃત્તાંત	
	ઉપોદ્ઘાત … … … …	૧
	ગોસ્વામીજીનું સંક્ષિપ્ત જીવનવૃત્તાંત…	૨
	તુલસીજયન્તી … … …	૩૦
	ગોસ્વામીજીના ગુણસ્વભાવ … …	૩૨
	બીજી પૌરાણિક બાબતો … …	૩૯
૨–	ગોસ્વામીજીના કેટલાક ઉપદેશ	
૧	મહામોહવિનાશિની–વૈરાગ્યસંદીપિની	૪૨
	સંત-સ્વભાવ-વર્ણન … … …	૪૩
	સંત-મહિમા-વર્ણન … …	૪૬
	શાંતિ-વર્ણન … … …	૪૭
૨	શ્રીતુલસીદાસજીકૃત રામનામરટના	૪૯
૩	શ્રીરામમહામંત્ર … … …	૫૦
૪	[illegible] … …	૫૦
૫	[illegible] … [illegible] … … …	૫૧
૬	જ્ઞાનમય ભજન … … …	૫૨
૩–	તુલસીસ્તોત્ર–ગોસ્વામીજી કી સ્તુતિ	૫૩
૪–	આદ્યકવિ મહર્ષિ વાલ્મીકિનું વૃત્તાંત	૫૫
૧	કવિની મહત્તા … … …	૫૫
૨	મહામુનિ વાલ્મીકિનું પૂર્વાશ્રમનું વૃત્તાંત	૫૬
૩	રામાયણની રચના કેવા સંજોગોમાંથી ઉપજી? … … …	૫૮
૪	શ્રી સીતાજીનું આગમન … …	૬૧
૫	શત્રુઘ્નનું આગમન અને આશ્રમની ધર્મભૂમિનો ઇતિહાસ … …	૬૨
૬	લવ-કુશનો જન્મ અને શત્રુઘ્નને આગમન થયું … … …	૬૩
૭	વાલ્મીકિએ લવ અને કુશને રામાયણ શીખવાડી … … …	૬૮
૮	[illegible]	

ક્રમાંક | વિષય | પૃષ્ઠાંક

શ્રમમાં આવવું ૬૪
૯ મહર્ષિ સાથે લવકુશનું યજ્ઞપ્રસંગે અયોધ્યા આવવું; અને રામાયણનું ગાન કરવું ૬૬
૧૦ વાલ્મીકિની પ્રતિજ્ઞા અને સીતાજીનું જમીનમાં સમાવું ૬૮
૧૧ હિંદુજાતિનો મહાન અને સાચો ધર્મગુરુ ૭૨
૫–રઘુનાથદાસ ગોસ્વામીનું ટુંક ચરિત્ર ૭૩
૬–મહાન ભક્ત લાલાબાબુનું ટુંક ચરિત્ર ૭૮
૭–રામાયણવિષે કેટલાક વિચારો ૮૧
૧ રામાયણની સર્વસામાન્યમાટે ઉપકારકતા ૮૧
૨ ઇતિહાસનો મહિમા અને સ્વરૂપ... ૮૩
૩ (क) રામાયણ અને એક મહાત્માજી.. ૮૮
૩ (ख) ગોસ્વામીજી અને તેમની રામાયણવિષે મહત્ત્વના અભિપ્રાય ... ૯૧
૪ હિંદુજાતિ ઉપર રામાયણનો પ્રભાવ ૯૫
૫ રામાયણની રહસ્યકથા ૯૭
૮–રામાયણવિષે જાણવાજોગ હકીકત ૧૦૩
૧ રામાયણમહિમા ૧૦૩
૨ કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના વિચાર ૧૦૬
૩ રામાયણના સમયની સ્થિતિ ... ૧૧૦
૪ દ્રાવિડ દેશની રામાયણ ૧૧૬
૫ શું પ્રાચીન આર્યો ઐતિહાસિક વિદ્યાથી અજ્ઞાન હતા? ૧૧૮
૬ રામાયણ મેં ક્ષેપક (પાછળથી થયેલા ઉમેરા) ૧૨૧
૭ ઉત્તરકાંડ પ્રક્ષિપ્ત હૈ... ... ... ૧૨૧
૮ રાવણ એક શીશ ઔર દો હી ભુજાવાલા થા ૧૨૨
૯ હનુમાન ઔર ઉનકે સહચર મનુષ્ય થે, પૂંછવાલે બંદર નહીં... ... ૧૨૪
૧૦ હનુમાન સમુદ્ર કો કૂદ ગયે થે વા તર ગયે થે? ૧૨૪
૧૧ સમુદ્રપર સેતુ બનાના અશક્ય નહીં થા. ૧૨૫
૧૨ શ્રી રામચરિત કે વિષય મેં વેબર આદિ કા ભ્રમ ૧૨૫
૧૩ રામાયણ ઔર મહાભારત કે સમયોં કી તુલના ૧૨૬
૧૪ રામાયણ કે સમય કી અયોધ્યા ... ૧૨૬
૧૫ શ્રીરામ કે સમય મેં અસ્ત્ર–શસ્ત્ર કૈસે થે? ૧૨૮

रामायणने लगता विषयोनुं शुद्धिपत्र

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧	૨૯	દેહરૂપ અને	દેહરૂપ
૮	૧૭	ભવવનમાં	ભવનમાં
૮	૧૮	પૂ ક	પૂર્વક
૩૨	૨૯	હતા;	હતા.
૩૨	૩૭	પદ્ધતિની આવશ્યકતા	પદ્ધતિ એક રીતે
૩૨	૪૦	ફેર, એટલું તો	ખરૂં જ ફેર!
૫૦	૨૮	વિષ્ણુ કે	વિષ્ણુ કે
૫૦	૨૯	આર	ઔર
૫૧	૧૧	આસન ત્રીજામાં મને બદલે મિ જોઇએ	
૫૧	૧૫	આસન ચારમાં ह्वाને બદલે ह्व જોઇએ	
૫૧	૧૫	આસન ચૌદમાં ज्ञाને બદલે ज्ञ જોઇએ	
૫૧	૧૬	આસન આઠમાં ज्ञને બદલે । જોઇએ	
૫૨	૪	તમારૂં	(૫) તમારૂં
૫૨	૪	નથી.	નથી. (૬)
૫૨	૯	સવ	સર્વ
૫૭	૧૧	મુનને	મુનિને
૫૭	૧૭	ભાગ	ભોગ
૫૮	૨૫	શત્રઓનું	શત્રુઓનું
૬૨	૨૮	સાદાસ	સૌદાસ
૬૩	૪૪	આ	અને
૬૪	૨૪	જત	જતાં
૬૪	૨૫	સવે	સર્વે
૮૧	૨	(આ સંખ્યા	આ સંખ્યા
૮૨	૨૦	શાક્તમાં	શક્તિમાં
૯૨	૩૦	આર	ઔર
૯૫	૩૪	વાણા	વીણા
૯૯	૩૯	કાસ્મીનરેન્દ્ર	કાશ્મીર–નરેન્દ્ર
૧૦૫	૨–૩	આર્યોચિત	આર્યોચિત
૧૧૦	૩૫	તથ	તથા
૧૧૩	૨૫	ભક્ષા	ભિક્ષા
૧૧૩	૪૨	આશ્ર	અશ્રુ
૧૧૯	૬	બાદ્ધ	બૌદ્ધ
૧૨૫	૨૫	આર	ઔર
૧૨૭	૧૭	વણિક ભ	વણિક ભી



श्रीकृष्णार्पण

भीष्मद्रोणतटा जयद्रथजला गांधारनीलोपला ।
शल्यग्राहवती कृपेण वहनी कर्णेन वेलाकुला ॥
अश्वत्थामविकर्णघोरमकरा दुर्योधनावर्तिनी ।
सोत्तीर्णा खलु पांडवै रणनदी कैवर्तकः केशवः ॥

ભીષ્મ અને દ્રોણરૂપી કિનારાઓવાળી, જયદ્રથરૂપી જળવાળી, શકુનીરૂપી નીલ પથ્થરવાળી, શલ્યરૂપી ગ્રુડવાળી, કૃપાચાર્યરૂપી પ્રવાહવાળી, કર્ણરૂપી મોજાંવાળી, અશ્વત્થામા અને વિકર્ણરૂપી ભયાનક મગરમચ્છવાળી અને દુર્યોધનરૂપી ઘુમરીવાળી એવી મહાભારતરૂપી યુદ્ધનદીને ભગવાન કેશવરૂપી સુકાનીવડેજ પાંડવો તરી ગયા હતા.

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥
प्रपन्नपारिजाताय तोत्रवेत्रैकपाणये । ज्ञानमुद्राय कृष्णाय गीतामृतदुहे नमः ॥
वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनम् । देवकीपरमानंदं कृष्णं वंदे जगद्गुरुम् ॥

સર્વ ઉપનિષદોરૂપી ગાયો છે; ગીતામૃતરૂપી ઉત્તમ દૂધ છે; ગોપાલનંદન શ્રીકૃષ્ણ ભગવાન તેના દોહનાર છે; અર્જુનરૂપી વત્સ છે; અને સદ્‌બુદ્ધિવાળા પુરુષો તેના ભોક્તા (પીનારા) છે. શરણ થનારને કલ્પવૃક્ષ પેરે ઈચ્છિત ફળ આપનારા, એક હાથમાં ચાબુક ધારણ કરનારા, જ્ઞાનમુદ્રાથી યુક્ત અને ગીતામૃતરૂપી અમૃતનું દોહન કરનારા એવા હે શ્રીકૃષ્ણ ! આપને નમસ્કાર હો. વસુદેવના પુત્ર, દિવ્ય રૂપવાળા, કંસ અને ચાણૂર દૈત્યોનો નાશ કરનારા અને દેવકીને પરમ આનંદ આપનારા એવા હે શ્રીકૃષ્ણ ! હે જગદ્‌ગુરો ! આપને વંદન કરું છું.

कायेन वाचा मनसेन्द्रियैर्वा बुद्ध्यात्मना वा प्रकृतेः स्वभावात् ।
करोमि यद्यत्सकलं परस्मै नारायणायेति समर्पयामि ॥

કાયાથી, વાણીથી, મનથી, ઇંદ્રિયોથી, બુદ્ધિથી, આત્માથી કિંવા પ્રકૃતિના સ્વભાવથી હું જે કંઈ કરું; તે આપ નારાયણના ચરણકમળમાં સમર્પણ કરું છું.



महाभारत साथे अपायला लेखोनी शरूमां अपायलुं

मंगलाचरण

ॐकारं बिंदुसंयुक्तं नित्यं ध्यायंति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥

બિંદુસહિત ૐકાર–(જે પરબ્રહ્મ પરમાત્માનું સર્વથી ઊંચું અને સર્વોપરિ નામ છે) જેનું યોગીપુરુષો નિત્ય ધ્યાન કરે છે અને જે કામ તથા મોક્ષના દાતા છે; તે પરબ્રહ્મ ૐકારને વારંવાર નમસ્કાર કરૂં છું.

सर्वदा सर्वकार्येषु नास्ति तेषाममंगलम् ।
येषां हृदिस्थो भगवान् मंगलायतनो हरिः ॥

સર્વ મંગળોના ભંડાર (અને ઉદાર દાતા) એવા ભગવાન શ્રીહરિ, જે કોઇ મનુષ્યના હૃદયમાં (દર્શન, સ્મરણ કે કથા–કીર્તનાદિદ્વારા) વિરાજમાન હોય છે; તેનું સર્વદા અને સર્વ કાર્યોમાં અમંગળ તો થતુંજ નથી–અર્થાત્ મંગળજ થાય છે.×

नमोऽस्त्वनंताय सहस्रमूर्तये सहस्रपादाक्षिशिरोरुबाहवे ।
सहस्रनाम्ने पुरुषाय शाश्वते सहस्रकोटी युगधारिणे नमः ॥

અંત રહિત, હજારો સ્વરૂપવાળા અને હજારો ચરણ, નેત્ર, મસ્તક, સાથળ તથા બાહુવાળા એવા આપ પરમાત્માને નમસ્કાર હો. હજારો નામવાળા અને સહસ્ર કોટી યુગોને ધારણ કરનારા એવા આપ શાશ્વત પરમાત્માને નમસ્કાર હો.

× આમાં તલમાત્ર પણ અતિશયોક્તિ નથી; પરંતુ પરમાત્માના મહિમા અને આજ્ઞાને જાણ્યા–અનુસર્યાવિના માત્ર **श्रीकृष्ण शरणं मम** કે એકાદ સ્તોત્ર–ભજન બોલી જવાથી અથવા દેવસ્થાને જઇ આવવાથી કલ્યાણ થઇ જાય; અથવા તો સાધનચતુષ્ટયરૂપી દિવ્ય સંપત્તિ મેળવ્યાવિના માત્ર **अहं ब्रह्मास्मि** કે વિચારસાગર વાંચી જવાથી જીવનમુક્ત બની જવાય અને 'હમો કયા લગના હૈ' એવું બની જાય, એવું જરાપણ સમજવાનું નથી.

यं ब्रह्मावरुणेंद्ररुद्रमरुतः स्तुन्वंति दिव्यैः स्तवै-
र्वेदैः सांगपदक्रमोपनिषदैर्गायंति यं सामगाः ।
ध्यानावस्थित तद्गतेन मनसा पश्यंति यं योगिनो
यस्यां तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥

બ્રહ્મા, વરુણ, ઈંદ્ર, રુદ્ર અને મરુત્ (વાયુ) વગેરે દેવતાઓ જેમની દિવ્ય સ્તોત્રોવડે સ્તુતિ કરે છે; સામવેદનું ગાન કરનારા મુનિઓ અંગો, પદ, ક્રમ અને ઉપનિષદોસહિત વેદોવડે જેમની સ્તુતિ ગાય છે; ધ્યાનમાં સ્થિર થયેલા યોગીઓ તેમાં ગયેલા ચિત્તવડે જેમનાં દર્શન કરે છે; અને દેવો તેમજ અસુરો જેમના પારને પામી શકતા નથી; એવા આપ પરમાત્મદેવને અનેકાનેક નમસ્કાર હો.

असितगिरि समं स्यात् कज्जलं सिंधुपात्रे
सुरतरुवरशाखा लेखिनी पत्रमुर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं
तदपि तव गुणानामीश पारं न याति ॥

મહાસાગરરૂપી ખડીઓ હોય; નીલગિરિ પર્વત જેટલું કાજળ હોય; શ્રેષ્ઠ કલ્પવૃક્ષની ડાળીની કલમ હોય; પૃથ્વીરૂપી કાગળ હોય અને એને ગ્રહીને સરસ્વતી પોતે સર્વ કાળ લખ્યા કરે; તોપણ હે નાથ! આપના મહાન ગુણોનો પાર આવે તેમ નથી.

सत्यव्रतं सत्यपरं त्रिसत्यं सत्यस्य योनिं निहितं च सत्ये ।
सत्यस्य सत्यं ऋतसत्यनेत्रं सत्यात्मकं त्वां शरणं प्रपद्ये ॥

હે સત્યસંકલ્પ! હે સત્યથી પણ શ્રેષ્ઠ! હે ત્રણે કાળમાં સત્યસ્વરૂપ! હે સત્યના અખૂટ ભંડાર અને મહાન ઝરાસ્વરૂપ! હે સત્યમાં વસી રહેલા! હે સત્યના પણ સત્યસ્વરૂપ! હે ઋત અને સત્યરૂપી નેત્રોવાળા! અને હે સત્યના પણ આત્મા એવા પરમાત્મદેવ! હું આપને શરણે આવ્યો છું.

त्वमेव माता च पिता त्वमेव त्वमेव बंधुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव त्वमेव सर्वं मम देवदेव ॥

હે દેવતાઓના પણ દેવના! મારાં માતા પણ તમે છો ને પિતા પણ તમે છો; બંધુ પણ તમે છો ને સખા પણ તમે છો; મારે વિદ્યા પણ તમે છો ને દ્રવ્ય પણ તમે છો; વધારે શું કહું! મારે તો સર્વ કાંઈ તમેજ છો.

कायेन वाचा मनसेन्द्रियैर्वा बुद्ध्यात्मना वा प्रकृतेः स्वभावात्।
करोमि यद्यत्सकलं परस्मै नारायणायेति समर्पयामि ॥

કાયાથી, વાણીથી, મનથી, ઇંદ્રિયોથી, બુદ્ધિથી, આત્માથી કિંવા પ્રકૃતિના સ્વભાવથી હું જે કંઇ કરૂં; તે આપ નારાયણના ચરણકમળમાં સમર્પણ કરૂં છું.

यं शैवाः समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो ।
बौद्धा बुद्ध इति प्रमाणपटवः कर्तेति नैयायिकाः ॥
अर्हन्नित्यथ जैनशासनरताः कर्मेति मीमांसकाः ।
सोऽयं नो विदधातु वांच्छित फलं त्रैलोक्यनाथो हरिः ॥

જે પરમાત્માને શિવના ઉપાસકો 'શિવ' નામથી, વેદાન્તીઓ 'બ્રહ્મ' નામથી, બૌદ્ધો 'બુદ્ધ' નામથી, પ્રમાણકુશળ નૈયાયિકો 'કર્તા' નામથી, જૈનશાસનપ્રેમીઓ 'અર્હન્' (અરિહંત) નામથી અને મીમાંસકો 'કર્મ' નામથી ઉપાસે છે; એવા તે ત્રિલોકીના નાથ શ્રીહરિ અમને મનવાંચ્છિત ફળ આપજો.*

अजातपक्षा इव मातरं खगाः स्तन्यं यथा वत्सतराः क्षुधार्ताः ।
प्रियं प्रियेवाप्युपितं विपण्णा मनोऽरविंदाक्ष दिदृक्षते त्वाम् ॥

હે કમળનેત્ર પ્રભો ! જેમ પક્ષીઓનાં પાંખો આવ્યા વિનાનાં બચ્ચાં પોતાની માતાને જોવા ઇચ્છે છે; બહુજ ક્ષુધાર્ત વત્સો જેમ સ્તનમાંથી દૂધ ઇચ્છે છે; અને જેમ વિયોગી સ્ત્રી પરદેશ ગયેલા પતિને આવેલા જોવા ઇચ્છે છે; તેવીજ આતુરતાથી મારૂં મન સદાસર્વદા આપને ઇચ્છે એવી કૃપા કરો.

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात् ॥

આ જગતમાં સર્વ પ્રાણીપદાર્થ સુખી થાઓ; સર્વ કોઈ વિકારરહિત થાઓ; સર્વ કોઇ કલ્યાણને જુઓ—પામો અને કોઈને કાંઇપણ દુઃખ થાઓ નહિ.

---

* વાંચનાર ! પરમાત્માનાં આ નામોમાં મુસલીમોના અલ્લાહ, પારસીઓના અહુર્મઝદ અને ખ્રિસ્તીઓના ગૉડ, એ વગેરે નામો પણ ઉમેરી લેવા જેવાં છે. કેમકે એ પણ તે પરમાત્માનાંજ નામ હોવાથી એ નામોદ્વારા પણ પરમાત્માને ઉપાસીને અનેકાનેક માનવો પરમાત્મદર્શી અને કૃતકૃત્ય બન્યાં છે. જૂદા જૂદા ધર્મસંપ્રદાયવાળાઓને લડાવી મારવાવાળા તો પેલા–તે તે ધર્મ–સંપ્રદાયના બખેડામાં ખપતા પોથાંપંડિતોજ હોય છે; કે જેઓ ત્રિવિધ તાપને બદલે ૭ પ્રકારના તાપથી તપતા હોય છે. માટે હવે તો સૌ કોઇએ બીજાઓ ઉપરાન્ત એરાઓથી પણ ચેતી જઇને એકબીજા વચ્ચે બંધુભાવ વધે, એવુંજ કરવું જોઇએ.



सत्यरूप परमात्मानुं ध्यान

॥ सत्यं परं धीमहि ॥

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्।
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यंति यत्सूरयः ॥
तेजोवारिमृदां यथाविनिमयो यत्र त्रिसर्गो मृषा ।
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥

(શ્રીમદ્ ભાગવતનો સર્વથી પહેલો શ્લોક)

જે પરમેશ્વરથી આ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે; ઘડામાં માટી અને અલંકારોમાં સુવર્ણની પેઠે જે પરમેશ્વર કાર્યરૂપ જગતમાં કારણરૂપે વ્યાપી રહેલા પણ છે; અને એ મિથ્યા જગતથી પર—શ્રેષ્ઠ—અલગ—જૂદા પણ છે; જે પરમેશ્વર જ્ઞાનરૂપ અને સ્વયંપ્રકાશ છે; જેનો અર્થ જાણવામાં મહાબુદ્ધિમાનો પણ મોહ પામે છે એવા વેદને જે પરમેશ્વરે આદિકવિ બ્રહ્માના મનમાં અંતર્યામીરૂપે પ્રકાશ કર્યો છે; જેમ સૂર્યનાં કિરણોવિષે ભ્રાંતિથી દેખાતું ઝાંઝવાનું પાણી સાચું નથી તોપણ સૂર્યનાં કિરણોની સત્તાથી તે સાચા જેવું ભાસે છે; અને જેમ સ્થિર પાણીમાં ભ્રાંતિથી 'આ કાચ છે' એવી બુદ્ધિ થાય છે તે સાચી નથી તોપણ તે પાણીની સત્તાથી સાચી હોય તેમ ભાસે છે; તથા જેમ કાચના વિષે ભ્રાંતિથી 'આ પાણી છે' એવી બુદ્ધિ થાય છે તે પણ સાચી નહિ, છતાં કાચની સત્તાથી સાચી ભાસે છે; તેમ જે અધિષ્ઠાન પરમેશ્વરના વિષે તમોગુણના કાર્યરૂપ પંચભૂતની સૃષ્ટિ અને સત્વગુણના કાર્યરૂપ દેવતાઓની સૃષ્ટિ કલ્પિત અને અસત્યરૂપ હોવા છતાં, જે પરમાત્માની સત્તાથી તે સાચી હોય તેમ ભાસે છે; જે પરમેશ્વરે પોતાના જ્ઞાનરૂપી પ્રકાશથી માયારૂપ કપટને ટાળી નાખ્યું છે; અને જે પરમેશ્વરનો ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળમાં તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણે અવસ્થામાં નાશ નથી; એવા સત્યસ્વરૂપ તથા સર્વથી પર (શ્રેષ્ઠ) પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ.

वैदिक प्रार्थना

ॐअग्ने नय सुपथा राये अस्मान् विश्वानि देव वयुनानि विद्वान् ।
युयोध्यस्मज्जुहुराणमेनो भूयिष्ठां ते नम उक्तिं विधेम ॥

હે પ્રકાશસ્વરૂપ પરમાત્મન્! હે અમારાં સર્વ કર્મોના જ્ઞાતા પ્રભો! અમે આપને વારંવાર નમસ્કાર કરીને પ્રાર્થીએ છીએ કે, આપ અમને સદાએ શુભ માર્ગે દોરવજો તથા અશુભ અને પાપના માર્ગથી દૂર રાખજો.

भद्रं कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिर्व्यशेमहि देवहितं यदायुः ॥

હે પરમેશ્વર! એવી કૃપા કરો કે અમે આપના સાચા ભક્ત થઇને સદાયે કાનથી પવિત્ર શબ્દો સાંભળીએ; નેત્રોથી સુખકર દશ્યો જોઇએ; તથા આપની કૃપાથી બળવાન અંગોવાળા થઇને સદા આપની સ્તુતિ કરીએ અને દીર્ઘાયુ ભોગવીએ.

आ ब्रह्मन् ब्राह्मणो ब्रह्मवर्चसी जायताम्, आ राष्ट्रे राजन्यः शूरइषव्योऽतिव्याधीमहारथो जायताम्, दोग्ध्रीधेनुर्वोढा नड्वा नाशुःसप्तिः पुरन्धिर्योषा, जिष्णू रथेष्ठाः, सभेयो युवास्य यजमानस्य वीरो जायताम् । निकामे निकामे नः पर्जन्यो वर्षतु, फलवत्यो न ओषधयः पच्यन्तां, योगक्षेमो नः कल्पताम् ॥

હે પ્રભો! આ વિશાળ દેશમાં બ્રહ્મવર્ચસવાળા (તેજસ્વી અને બ્રહ્મવેત્તા) બ્રાહ્મણો ઉત્પન્ન થાઓ; અસ્ત્ર ને શસ્ત્રવિદ્યામાં નિપુણ, દુષ્ટોનું દમન કરનારા, નિર્ભય અને મહાબળવાન વીર ક્ષત્રીઓ ઉત્પન્ન થાઓ; દૂધ આપનારી ગાયો, ભારવાહી બળદો, શીઘ્રગામી ઘોડાઓ, વ્યવહારકુશળ સ્ત્રીઓ અને શત્રુઓને જીતનારા મહારથી વિજયી પુરુષો ઉત્પન્ન થાઓ; યજમાનોનાં ઘર વીર પુત્રોથી ભરપૂર થાઓ; આવશ્યકતા પ્રમાણે વૃષ્ટિ થાઓ; ઉત્તમ ફળોને આપનાર વૃક્ષાદિ ઔષધિઓ પાકો; અને અમો સર્વનું યોગક્ષેમ (અપ્રાપ્તની પ્રાપ્તિ અને પ્રાપ્તિનું રક્ષણ) થાઓ.

ॐ द्यौः शान्तिरन्तरिक्षँ शान्तिः पृथिवी शान्तिरापः
शान्तिरोषधयः शान्तिः सर्वँ शान्तिः शान्तिरेव शान्तिः
सामाशान्तिरेधि—ॐ शान्तिः शान्तिः शान्तिर्ब्रह्म शान्तिः॥

હે 'ॐ' નામવાળા પ્રભો! આકાશ શાંત થાઓ; અંતરિક્ષ શાંત થાઓ; પૃથ્વી શાંત થાઓ; જલ શાંત થાઓ; ઔષધિઓ (વનસ્પતિઓ) શાંત થાઓ; સર્વ પ્રાણીપદાર્થ શાંત થાઓ; સર્વત્ર શાંતિ થાઓ–શાંતિ થાઓ; હે ॐ પ્રભો! શાંતિ થાઓ, શાંતિ થાઓ, શાંતિ થાઓ; હે બ્રહ્મ! શાંતિ થાઓ.

भारतसावित्री–स्तोत्र

(આ મહાભારતમાંથી લેવાયું છે.)

मातापितृ सहस्राणि पुत्रदार शतानि च ।
संसारेष्वनुभूतानि यान्ति यास्यन्ति चापरे ॥१॥
हर्षस्थान सहस्राणि भयस्थान शतानि च ।
दिवसे दिवसे मूढमाविशन्ति न पण्डितम् ॥२॥

અનંત સંસારોમાં મનુષ્યને હજારો માતાઓ તથા પિતાઓનો અને સેંકડો સ્રીપુત્રાદિનો અનુભવ થયેલો છે; વર્તમાનકાળમાં થઈ રહ્યો છે; અને ભવિષ્યમાં પણ થશે. આ જગતમાં હર્ષનાં પણ હજારો સ્થાન છે અને ભયનાં પણ સેંકડો સ્થાન છે; પરંતુ મૂઢ (અજ્ઞાની) મનુષ્યોમાંજ તે દિવસાનુદિવસ પગપેસારો કરે છે; જ્ઞાની મનુષ્યોમાં નહિ. ૧–૨

ऊर्ध्वं वाहुर्विरौम्येष नात्र कश्चित् शृणोति मे ।
धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ॥३॥

(મહર્ષિ વ્યાસ મુનિ કહે છે કે,) મારા બાહુઓ ઉંચા કરીને હું પોકાર કરૂં છું તોપણ આ લોકમાં મારૂં કોઇ સાંભળતુંજ નથી. તે એ કે, " હે માનવો ! ધર્મથીજ અર્થ અને ભોગની પ્રાપ્તિ થાય છે, છતાં પણ તમે શામાટે ધર્મનું સેવન કરતા નથી ! " ૩

न जातु कामान्न भयान्न लोभात् धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः ।
धर्मो नित्यः सुखदुःखे त्वनित्ये जीवो नित्यो हेतुरस्य त्वनित्यः ॥४॥

કામ, ભય, લોભ અથવા જીવિત માટે પણ કદી તમારે ધર્મનો ત્યાગ કરવો નહિ. કેમકે ધર્મ નિત્ય છે અને સુખદુઃખ તો અનિત્ય છે; તથા જીવ નિત્ય છે અને સંસારના કારણરૂપ જીવનાં શરીરાદિ તો અનિત્ય છે. ૪

इमां भारतसावित्रीं प्रातरुत्थाय यः पठेत् ।
स भारतफलं प्राप्य परं ब्रह्माधिगच्छति ॥५॥

જે પુરૂષ આ ભારતસાવિત્રીનું નિત્ય પ્રાતઃકાળે પાઠ કરે છે, તે ભારતના ફળને પ્રાપ્ત કરીને પરિણામે પરબ્રહ્મને પ્રાપ્ત થાય છે. ૫

આપણને મહાભારત અને રામાયણ જેવો અનુપમ વારસો આપી જનારા

મહર્ષિઓને સ્મરણાંજલિ

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥

અનંત બ્રહ્માંડાધિપતિ શ્રીમન્નારાયણને, પોતાના ચારિત્રબળવડે ભગવાનના પોતાનાજ મુખથી પાંડવાનાં ધનંજયઃ અર્થાત્ 'પાંડવોમાં અર્જુન હું છું' એવું સાંભળવાને ભાગ્યશાળી થએલા ધનુર્ધારી અર્જુનને, તથા ઉત્તમ નરોમાં પણ પરમોત્તમ (અને અધર્મીઓનો નાશ, ધર્મનું સ્થાપન તથા સાધુજનોનું રક્ષણ કરનારા) એવા શ્રીકૃષ્ણ ભગવાનને, અને સુવિદ્યાનાં પ્રેરક એવાં શ્રી સરસ્વતી દેવીને નમસ્કાર કરીનેજ મહાભારતરૂપી જયગ્રંથનો આરંભ કરવો.×

लौकिकानां हि साधूनामर्थं वागनुवर्तते ।
ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति ॥

× મહર્ષિ વ્યાસ ભગવાન આપણને આવી પરમ હિતાવહ સૂચના કરી ગયા છે; તેનું પરિપાલન પ્રત્યેક પાઠક અને વક્તા કરતા હશે અને કરશેજ; પરંતુ એ ઉપરાંત આપણને રામાયણ અને મહાભારતાદિ અપૂર્વ ગ્રંથો વારસામાં આપી જવાવાળા એ પ્રાતઃસ્મરણીય મહર્ષિઓનું પણ આપણે સ્તવન-સ્મરણ કરવું જોઇએ. કેમકે એથી કૃતઘ્નતાના દોષમાંથી છૂટવા ઉપરાન્ત ઉન્નતિપ્રદ શુભ સંસ્કારોને જગાડવા-વધારવામાં તથા અનેકવિધ અવદશાઓમાંથી બચવા-છૂટવામાં આપણને બહુ સારી સહાયતા મળે છે. બ્રાહ્મણસંતાનો પોતાના આવા આવા પૂર્વજોનાં નામ, કામ, સમજણ, આદેશ, ઇત્યાદિ મહાન વારસાને ભૂલી જઇ બાહ્ય વિષયોની અને વિષયી માનવોની ઉપાસના પાછળ મંડી ગયા; તેથીજ તેમને ઘણાકોને શૂદ્રો, પાખંડીઓ અને રખડતા ભીખારીઓના જેવા નિષિદ્ધ ધંધા આદરવા પડ્યા છે. હજી પણ સવળે રસ્તે વળાય તો તક છે. કેમકે જે પરમાત્મદર્શી મહર્ષિઓએ મહાભારત અને રામાયણને વારસામાં આપીને હિંદુસંતાનોને અત્યારસુધી આટલા પ્રમાણમાં પણ હિંદુપણામાં ટકાવી રાખ્યા છે; તે હિંદુજાતિ અત્યારે પણ (જો એ ભૂદેવો પોતાના પૂર્વજોની નીતિરીતિ પકડતા ચાલે તો) તેમને અન્ન-વંદનાદિવડે તો બનતા પ્રકારે વધારેજ સત્કારશે. માટે એ મહાન પૂર્વજોનાં નામકામાદિનાં સ્મરણ-વંદન અને અનુસરણ સમસ્ત બ્રહ્મસંતાનોએ તો અવશ્ય સાચા રૂપરંગથી ચાલુ કરી દઈ દિવસાનુદિવસ વધારતાજ ચાલવું જોઇએ. એ મહર્ષિઓનાં સ્મરણ-સ્તવનાદિ માટે જુઓ આપણને શ્લોક પણ કેવા મનોહર અને લાલિત્યપૂર્ણ મળ્યા છે, કે જેના ભાવભર્યા ઉપયોગથી આપણું હૃદય પવિત્ર અને સુસંસ્કૃત થયાવિના રહેજ નહિ!

લૈકિક સાધુ–વિદ્વાનોની વાણી (ગમે તેટલી છટાવાળી હોય તોપણ અંતરેચ્છા તો લૈકિક પદાર્થોનીજ હોય છે તેથી તે) લૈકિક પદાર્થોને (અને પદાર્થોના લૈકિક માલીકોને)જ અનુસરે છે–અર્થાત્ ઇચ્છે છે, યાચે છે, તાબે રહે છે; ત્યારે (આ તરફ વ્યાસ–વાલ્મીકાદિ તો લૈકિક વસ્તુસ્થિતિઓથી ઉપરામ રહીને પરમાત્મ-ધ્યાનમાં એકનિષ્ઠ થયા તેથીજ 'મુનિ' કહેવાયા, અને એને પરિણામે પરમાત્મ-દર્શનને પામ્યા, તેથીજ 'મહર્ષિ'પદ પામ્યા હતા; તેથી એવા)બ્રહ્મવેત્તા ઋષિઓની વાણીને તો ઉલટા લૈકિક પદાર્થો (અને પદાર્થવાળાઓ)જ અનુસરે છે–આધીન રહે છે. તાત્પર્ય કે પૂર્ણકામ બ્રહ્મવેત્તાઓ, અને લૈકિક વિષયેચ્છુ વિદ્વાનોની યોગ્યતા અને કથન–કવન વચ્ચે આસમાનજમીન જેટલો તફાવત હોય છે.

तमृषिं मनुष्यलोकप्रवेशविश्रामशाखिनं वाचाम्।
सुरलोकादवतारप्रान्तरखेदच्छिदं वन्दे ॥

સરસ્વતીને દેવલોકમાંથી માનવલોકમાં અવતરતાં થયેલા ખેદને છેદવાવાળા, અને સરસ્વતી દેવી મનુષ્યલોકમાં આવ્યા પછી આ જગતમાં તેને વિશ્રામ આપનારા વૃક્ષરૂપ બનેલા,એવા તે (વ્યાસ–વાલ્મીકાદિ સર્વ)ઋષિજનોને હું વંદના કરું છું.

महर्षि व्यास भगवान प्रत्ये—

श्रवणाञ्जलिपुटपेयं विरचितवान्भारताख्यममृतं यः ।
तमहमरागमतृष्णं कृष्णद्वैपायनं वन्दे ॥

કર્ણરૂપી અંજલિવડે પીવાલાયક ભારત નામનું અમૃત જેમણે રચ્યું છે, એવા રાગરહિત અને તૃષ્ણારહિત ભગવાન કૃષ્ણદ્વૈપાયન વ્યાસને હું વંદન કરૂં છું.

नमः सर्वविदे तस्मै व्यासाय कविवेधसे ।
चक्रे पुण्यं सरस्वत्या यो वर्षमिव भारतम् ॥

જેમણે આ ભારતખંડને પોતાની અદ્ભુત સરસ્વતીવડે (ઉદ્ધારક વિદ્યાનાં જ્ઞાન–દાન અને ધર્મ–ધ્યાનના આચાર–પ્રચારમાટે, અત્યંત હિતકારક અમર ગ્રંથો રચી આપી જઇને) પવિત્ર કર્યો છે; એવા તે સર્વજ્ઞ અને કવિઓના વિધાતા મહર્ષિ વ્યાસ ભગવાનને અનેકાનેક નમસ્કાર કરૂં છું.

नमोऽस्तु ते व्यास विशालबुद्धे फुल्लारविंदायतपत्रनेत्र ।
येन त्वया भारततैलपूर्णः प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ॥*

* આ [illegible] સર્વ શ્લોક પદ્દેશ શ્લોક સિવાયના બધા શ્લોક 'સુભાષિત-રત્ન ભાંડાગાર'માંથી લેવાયા છે. [illegible] તે એ ગ્રંથ પણ અવશ્ય નજરથી [illegible].

હે વિશાળ બુદ્ધિવાળા અને ખીલેલા કમળ જેવાં પ્રફુલ્લ નેત્રવાળા વ્યાસ ભગવાન! આપકે જેમણે મહાભારતરૂપી પાત્રમાં (અનેકવિધ ચરિત્રો અને ધર્મોરૂપી) તેલ પૂરીને (અમો સામાન્ય માનવોને વ્યવહારપરમાર્થના ઉભય માર્ગો યથાવત્ સૂઝાડે એવો) જે અદ્ભુત ગીતારૂપી જ્ઞાનદીપક પ્રકટાવ્યો છે; તેને માટે આપને અમારા અનેકાનેક નમસ્કાર હો.

अचतुर्वदनो ब्रह्मा द्विबाहुरपरो हरिः ।
अभाललोचनः शंभुर्भगवान्बादरायणः ॥

હે બાદરાયણ વ્યાસમુનિ! આપ ચાર મુખવાળા નથી તોપણ બીજા બ્રહ્મા છો; બે હાથવાળા છો તોપણ બીજા ચતુર્ભુજ શ્રીહરિ છો; અને કપાળ ઉપર ત્રીજું નેત્ર નથી તોપણ આપ બીજા શંકર છો.

व्यासगिरां निर्यासं सारं विश्वस्य भारतं वंदे ।
भूपणतयैव संज्ञां यदङ्कितां भारती वहति ॥

આપ વ્યાસમુનિની દિવ્ય વાણીના ભંડાર તથા સારરૂપ અને વિશ્વમાં સર્વ વેદશાસ્ત્રાદિના સારભૂત એવા શ્રીમહાભારતને હું નમસ્કાર કરૂં છું. કારણકે તે ગ્રંથના નામ ઉપરથી અંકિત કરાયલા પોતાના 'ભારતી' એવા નામને સરસ્વતી દેવી, એક ઉત્તમ આભૂષણતરીકે ધારણ કરે છે.

आदिकवि—महर्षि वाल्मीकि प्रत्येः—

कवीन्दुं नौमि वाल्मीकिं यस्य रामायणीं कथाम् ।
चंद्रिकामिव चिन्वन्ति चकोरा इव साधवः ॥

ચકોર પક્ષીઓ જેમ ચંદ્રિકાને શોધે, તેમ સાધુપુરુષો જેની રચેલી શ્રીરામકથાને (રામાયણને) આતુરતાપૂર્વક શોધ્યા કરે છે અને જે કવિઓમાં ચંદ્રસમાન છે; એવા આદિકવિ મહર્ષિ વાલ્મીકિને હું નમસ્કાર કરૂં છું.

सदूपणापि निर्दोपा सखरापि सुकोमला ।
नमस्तस्मै कृता येन रम्या रामायणी कथा ॥

દૂષણવાળી છતાં પણ નિર્દોષ અને ખરવાળી છતાં પણ સુકોમળ* એવી મનોહર રામાયણ કથા જેમણે રચીછે;એવા તે કવિકુલગુરુ મહર્ષિ વાલ્મીકિને હું નમસ્કાર કરૂં છું.

* અહીં દેખીતી રીતે તો વિરોધાભાસ અલંકાર થાય છે; પણ તેનો ઉંડો અર્થ એ છે કે, સદૂષણા એટલે કે દૂષણ નામક રાક્ષસની કથા એમાં છે, તોપણ રામાયણ નિર્દોષ છે; તથા સખરા એટલે ખર નામક રાક્ષસની કથા એમાં છે તોપણ રામાયણ કોમળ છે.આ અર્થ જાણ્યા પછી એ વિરોધ રહેતો નથી.“સુભાષિતરત્નભાન્ડાગાર”માંથી

योगींद्रश्छन्दसां स्रष्टा रामायणमहाकविः ।
वल्मीकजन्मा जयति प्राच्यः प्राचेतसो मुनिः ॥

યોગીઓના ઇંદ્ર, છંદોના સર્વથી પહેલા સૃજનાર, રામાયણના કર્તા મહાકવિ, પ્રાચીન એવા પ્રચેતાના પુત્ર, તથા શરીરપર વલ્મીક—એટલે માટીનો રાફડો—જામી ગયો ત્યાં સુધી ધ્યાનનિષ્ઠા સેવીને મહર્ષિપદને જન્માવનારા (પ્રાપ્ત કરનારા) એવા મહામુનિ વાલ્મીકિ (તેમની રામાયણરૂપી રચનાદ્વારા હજી પણ સર્વત્ર) જય જયકાર પામે છે.

सति काकुत्स्थकुलोन्नतिकारिणि रामायणेऽपि किं काव्यम् ।
रोहति कुल्या गंगापूरे किं वहुरसे वहति ॥

રાઘવકુળની ઉન્નતિને પ્રકાશિત કરવાવાળું રામાયણ કાવ્ય હયાત છતાં આ સંસારમાં અન્ય કાવ્યની શી જરૂર છે ? જ્યાં ઘણા જળવાળું ગંગાનું પૂર વહી રહ્યું હોય, ત્યાં પછી અન્ય નાની નદીને વહેવાનું શું પ્રયોજન ? ×



× સમજુ સમાજસેવકો ! બીજાત્રીજા પ્રકારની લોકસેવા તમે બજાવતા હો, તેને માટે જેવી તમારી મરજી; પણ એવા મહત્ત્વપૂર્ણ ગ્રંથો છપાવી ખોટ ખાઈને પણ તમે પૂરા પાડી શકો એવી સગવડો ઉભી કરો; અને એથી પણ બહુ વધારે અગત્યની વાત તો એ છે કે, રામાયણ અને મહાભારતને લગતી કથાઓ, કહાણીઓ, નિબંધમાળાઓ અને વ્યાખ્યાનમાળાઓ પણ ખૂબાખૂબ જમાવો અને ફેલાવો. વળી આવા મહાપરોપકારી ઋષિમુનિઓ, અને તેમણે વર્ણવેલા મહાત્મા—વીરાત્માદિના સંબંધમાં જયંતિઓને લગતા પણ જબરજસ્ત મેળાઓ તથા અગત્યના પ્રસંગોને લગતા નાટ્યપ્રયોગો પણ સાર્વજનિક અને ટીકીટવગરના જલસાઓરૂપે ભજવો—ભજવાવો; તો તમારો પોતાનો યશ (અને તમો તેને માટે પણ પૂર્ણ નિષ્કામ હો તોપણ એથી પણ વધારે મહત્ત્વનો આન્તરિક લાભ) પણ કેટલો બધો પ્રાપ્ત થાય! જે સેવાસમિતિઓ અને સેવકમંડળો મોટે ભાગે ધનિકોનાંજ છોકરાંને—અને તે પણ સરકારીપુંજ શિક્ષણ શીખવવા માટે યોજવા-ચલાવવામાં આવે છે; તેમને પણ પ્રભુ એને બદલે આવાં તેવાં અનેકવિધ કાર્યો યોજવા ચલાવવાનું સૂઝાડે; અને નિરાધાર અનાથોમાંથી હલકા માનવો પાકતા હોય તેને બદલે તેમનામાંથી સમાજસેવકો અને ઉત્તમ કામદારો પકવવાની શક્યતા અને યોજના તેમના મનમાં ઉપજાવે; તથા કીર્તિપ્રેમી રાજ્ય આગેવાનોના પંજામાંથી તેમને છોડાવીને એવાં એવા અનેકવિધ દિવ્યાતિદિવ્ય કાર્યોમાં કર્તવ્યો કે નિમિત્તરૂપ બનવાની તેમને મતિગતિ આપે; કે જેથી ભારતવર્ષની નજરથી નેત્રાનો [illegible] વ.ભીમેનો દુઃખાદિકમાંથી વહેલો છૂટકો થાય, એજ પ્રાર્થના.

श्रीपरमेश्वरस्तोत्रम् ।

जगदीश ! सुधीश ! भवेश ! विभो ! परमेश ! परात्पर पूत ! पितः॥ प्रणतं पतितं हततत्त्वजनं जनतारण तारय तापितकम् ॥१॥ गुणहीनसुदीनमलीनमतिं त्वयि पातरि दातरि चापरतिम् ॥ तमसा रजसावृतवृत्तमिमं ॥ जन० ॥२॥ मम जीवनमीनमिमं पतितं मरुघोरभुवीह सुवीहमहो ॥ करुणाब्धिचलोर्म्मिजलानयनं ॥ जन० ॥३॥ भववारण ! कारण कर्म्मततौ भवसिंधुजले शिव ममगतः ॥ करुणाञ्च समर्प्य तरिं त्वरितं॥ जन० ॥४॥ अतिनाश्य जनुर्मम पुण्यरुचे ! दुरितौघभरैः परिपूर्णभुवः ॥ सुजघन्यमगण्यमपुण्यरुचिं ॥ जन० ॥५॥ भवकारक ! तारकहारक हे भवतारक पातकदारक हे ॥ हर शङ्कर किंकरकर्म्मचयं ॥ जन० ॥६॥ तृपितश्रितमास्मि सुधां हितमेऽच्युत ! चिन्मय ! देहि वदान्यवर॥ अतिमोहवशेन विनष्टकृतं ॥ जनतारण तारय तापितकम् ॥७॥ प्रणमामि नमामि नमामि जनं भवजन्मकृतिप्रणिसूदनकम् ॥ गुणहीनमनन्तमितं शरणं जनतारण तारय तापितकम् ॥८॥

श्रीस्तवपञ्चकस्तोत्रम् ।

नमस्ते सते सर्वलोकाश्रयाय नमस्ते चिते विश्वरूपात्मकाय ॥
नमोऽद्वैततत्त्वाय मुक्तिप्रदाय नमो ब्रह्मणे व्यापिने निर्गुणाय ॥१॥
त्वमेकं शरण्यं त्वमेकं वरेण्यं त्वमेकं जगत्कारणम् विश्वरूपम् ॥
त्वमेकं जगत्कर्तृपातृप्रहर्तृ त्वमेकं परं निश्चलं निर्विकल्पम् ॥२॥
भयानां भयं भीषणं भीषणानां गतिः प्राणिनां पावनं पावनानाम्॥
महोच्चैःपदानां नियन्तृ त्वमेकं परेषां परं रक्षणं रक्षणानाम् ॥३॥
परेश ! प्रभो ! सर्वरूपाविनाशिन्ननिर्देश्य सर्वेन्द्रियागम्य सत्य ॥
अचिन्त्याक्षर! व्यापकाव्यक्ततत्त्वाजगद्भासकाधीश! पायादपायात्
त्वदेकं स्मरामस्त्वदेकं भजामस्त्वदेकं जगत्साक्षिरूपं नमामः ॥
सदेकं निधानं निरालम्बमीशं भवाम्भोधिपोतं शरण्यं व्रजामः॥५॥

परमेश्वरस्तोत्रनो अर्थ

હે પ્રભો ! હે જગદીશ ! હે જ્ઞાનીઓના પણ ઈશ ! હે સંસારના સ્વામી ! હે સર્વવ્યાપક ! હે પરમેશ્વર ! હે પરાત્પર ! (પરથી પણ પર !) હે પવિત્ર ! હે પિતા ! હું પતિત (પાપી) અને તત્ત્વજ્ઞાનથી રહિત આપને પ્રણામ કરું છું. હે જનતારણ ! (મનુષ્યોને તારનાર) મને તાપમાં તપી રહેલાને તારો. (૧) હું ગુણહીન, ઘણોજ દીન તથા મલિન મતિવાળો છું. આપ દાતાર અને પાલનકર્તા છો, છતાં પણ મારી મતિ આપનામાં આસક્ત રહેતી નથી. મારી વૃત્તિઓ હમેશાં તમોગુણ તથા રજોગુણથી ઘેરાયેલી રહે છે, માટે હે જગતને તારનાર પ્રભુ ! મારું બહુ તપી રહેલાનું રક્ષણ કરો. (૨) અહો ! મારું જીવન આ સંસારરૂપી મહાઘોર મરુભૂમિમાં માછલાંની પેઠે દુઃખી થઈ પડેલું છે. આપ આપના કરુણારૂપી સમુદ્રની લહરિવડે તેનાપર જળસિંચન કરી હે જનતારણ ! મને તપી રહેલાને તારો. (૩) હે ભવતારણ ! (સંસારમાં દુઃખથી મુક્ત કરનાર !) આપજ આ જગતરૂપી કર્મવિસ્તારના કારણરૂપ છો. હે કલ્યાણરૂપ ! ભવસાગરના જળમાં ડૂબી રહેલા એવા મારા દુઃખી જીવને નાવ આપી મારો એમાંથી ઉદ્ધાર કરો. (૪) હે જનતારણ ! હે પવિત્ર બુદ્ધિવાળા ! મારો ફરીથી જન્મ ન થાય એમ કરી પાપોના પ્રવાહરૂપી ભારથી પરિપૂર્ણ થયેલી આ પૃથ્વીમાંથી અતિ અધમ, નજીવા, પાપબુદ્ધિવાળા અને તપી રહેલા એવા મારા જીવનો ઉદ્ધાર કરો. (૫) હે સંસારના કર્તા ! હે તારક ! હે નરકના દુઃખોનો નાશ કરનારા ! હે સંસારમાંથી તારનારા ! હે પાપોનો નાશ કરનારા ! હે કલ્યાણ કરનારા ! હે જનતારણ ! તપી રહેલા આ દાસના સર્વ કર્મોના સમૂહનો નાશ કરી ઉદ્ધાર કરો. (૬) હે અચ્યુત ! હે ચિન્મય ! હે વર દેનારાઓમાં શ્રેષ્ઠ ! હું તૃષ્ણાતુર થયેલો છું, માટે મને જ્ઞાનરૂપી અમૃત આપો; અત્યંત મોહને વશ થઈને મેં મારા સર્વ કર્તવ્યકર્મનો નાશ કરેલો છે; માટે મને તપી ગયેલાને તારો. (૭) હે જનતારણ ! હું આપને પ્રણામ કરું છું, હું આપને નમસ્કાર કરું છું, નમસ્કાર કરું છું; આપ સંસારના જન્મ તથા કર્મોનો નાશ કરનાર, નિર્ગુણ અને અનંત છો. હું અત્યંત સંતાપિત થઈને આપને શરણે આવેલો છું, માટે આપ મને તારો (૮).

श्रीस्तवपंचकस्तोत्रनो अर्थ

સત્યસ્વરૂપ અને સર્વે લોકોના આશ્રયભૂત હે પ્રભો ! આપને નમસ્કાર હો. જ્ઞાનસ્વરૂપ અને વિશ્વના આત્મારૂપ આપને નમસ્કાર હો. અદ્વૈતતત્ત્વસ્વરૂપ અને મોક્ષ આપનાર એવા આપને હું નમસ્કાર કરું છું, સર્વવ્યાપક અને નિર્ગુણ બ્રહ્મરૂપ આપને નમસ્કાર કરું છું. (૧) હે પરમાત્મન્ ! તમેજ સર્વના આધારરૂપ છો, તમેજ સર્વથી શ્રેષ્ઠ છો, તમેજ જગતનું કારણ અને વિશ્વરૂપ છો. આ જગતના ઉત્પન્ન કરનાર, પાલન કરનાર અને સંહાર કરનાર તમેજ છો; તથા તમેજ સર્વથી પર, નિશ્ચળ અને નિર્વિકલ્પ છો. (૨) હે પ્રભો ! આપ સર્વ ભયનાં પણ ભયરૂપ અને ભીષણના પણ ભીષણરૂપ છો. આપ પ્રાણીમાત્રના ગતિસ્વરૂપ અને પવિત્રને પણ અધિક પવિત્ર કરનાર છો. આપજ સર્વોત્તમ પદના નિયંતા, પરથી પણ પર અને રક્ષકોના પણ રક્ષક છો. (૩) હે પરમેશ્વર ! હે પ્રભો ! આપ સર્વ રૂપોમાં અવિનાશીરૂપ, વર્ણવી શકાય નહિ એવા, સર્વ ઇંદ્રિયોથી જાણી શકાઓ નહિ એવા અને સત્યસ્વરૂપ છો. આપ ચિંતવી શકાઓ નહિ એવા અક્ષર, સર્વવ્યાપક, અવ્યક્ત તત્ત્વરૂપ અને અજપા મંત્રનો ભાસ કરાવનાર છો. આપ સંકટમાંથી મારું રક્ષણ કરો. (૪) હું એક આપનુંજ સ્મરણ અને આપનુંજ ભજન કરું છું અને હે જગતના સારરૂપ ! આપનેજ નમસ્કાર કરું છું. આધાર સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, સર્વજનરંજન, ઈશ્વર અને સંસારસાગરમાંથી તરવાને આધાર કરવા યોગ્ય નૌકાસ્વરૂપ દેવાધી હું આપનેજ શરણ ગયો છું. (૫)

महाभारतमाहात्म्य×

पाराशर्यवचःसरोजममलं गीतार्थ गंधोत्कटं। नानाख्यानककेसरं हरिकथा संबोधना बोधितम्
लोके सज्जनषट्पदैरहरहः पेपीयमानं मुदा। भूयाद्भारत पंकजं कलिमलप्रध्वंसि नः श्रेयसे ॥

પરાશરના પુત્ર મહર્ષિ વ્યાસદેવના વાણીરૂપી સરોવરમાં ઉગેલું આ મહાભારતરૂપી કમળ, કે જે ગીતાર્થરૂપી ઉત્કટ (તીવ્ર) સુગંધવાળું છે; જે નાના પ્રકારનાં આખ્યાનો-રૂપી કેસરવાળું છે; જે હરિકથાના ઉપદેશવડે પ્રફુલ્લ થયેલું છે; જે કળિકાળનાં પાપરૂપી મળનો વિનાશ કરવાવાળું છે; સજ્જનરૂપી ભ્રમરો આ લોકમાં જેના રસનું નિરંતર આનંદ-પૂર્વક પાન કર્યા કરે છે; તે (શ્રીમદ્ મહાભારત ગ્રંથ) સદાય અમારૂં કલ્યાણ કરનાર થાઓ.

यत्र विष्णुकथा दिव्याः श्रुतयश्च सनातनाः। तच्छ्रोतव्यं मनुष्येण परं पदमिहेच्छता ॥
श्रूयतां सिंहनादोऽयमृषेस्तस्य महात्मनः। अष्टादश पुराणानां कर्तुर्वेदमहोदधेः॥

આ લોકમાં જે મનુષ્ય પરમપદને ઇચ્છતો હોય તેણે, જેમાં ભગવાન વિષ્ણુની દિવ્ય કથાઓ વર્ણવી છે અને જેમાં સનાતન શ્રુતિઓનું પ્રતિપાદન કરેલું છે, એવું આ મહાભારત સાંભળવું યોગ્ય છે. અઢાર પુરાણોના સ્રષ્ટા અને જ્ઞાનના મહાસાગરરૂપ મહાત્મા વેદવ્યાસ ઋષિનો આ સિંહનાદ છે કે, "તમે નિત્ય મહાભારતનું શ્રવણ કરો."

धर्मशास्त्रमिदं पुण्यमर्थशास्त्रमिदं परम्। मोक्षशास्त्रमिदं प्रोक्तं व्यासेनामितबुद्धिना ॥
भारतं सर्वशास्त्राणामुत्तमं भरतर्षभ। संप्रत्याचक्षते चेदं तथा श्रोष्यन्ति चापरे ॥

અમાપ બુદ્ધિવાળા ભગવાન વ્યાસે કહેલું આ મહાભારત પવિત્ર ધર્મશાસ્ત્ર છે; ઉત્તમ અર્થશાસ્ત્ર છે અને પરમ મોક્ષશાસ્ત્ર પણ છે. હે ભરતશ્રેષ્ઠ! સર્વ શાસ્ત્રોમાં મહાભારત આવું ઉત્તમ હોવાથીજ સાંપ્રતમાં વિદ્વાનો તેનું વાંચન–શ્રવણ કરે છે અને હવે પછી પણ કરશે.

योधीते भारतं पुण्यं ब्राह्मणो नियतव्रतः। चतुरो वार्षिकान्मासान्सर्वपापैः प्रमुच्यते ॥
कुरूणां प्रथितं वंशं कीर्तयन्सततं शुचिः। वंशमाप्नोति विपुलं लोके पूज्यतमो भवेत् ॥

જે બ્રાહ્મણ નિયમિત વ્રતપાલન કરતો થકો ચાતુર્માસ્યમાં પવિત્ર ભારતનો પાઠ કરે છે, તે સર્વ પાપથી મુક્ત થાય છે. જે પુરુષ પવિત્ર થઈને કુરુના પ્રસિદ્ધ વંશને નિરંતર વાંચે છે; તેનો વંશ બહોળો વિસ્તાર પામે છે અને લોકોમાં અત્યંત પૂજ્ય થાય છે.

अनागतश्च मोक्षश्च कृष्णद्वैपायनः प्रभुः। संदर्भं भारतस्यास्य कृतवान्धर्मकाम्यया ॥
धर्मे चार्थे च कामे च मोक्षे च भरतर्षभ। यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न कुत्रचित् ॥

દીર્ઘદૃષ્ટિવાળા અને મોક્ષસ્વરૂપ એવા ભગવાન વેદવ્યાસે કેવળ ધર્મનીજ કામનાથી આ મહાભારતની રચના કરી છે. હે ભરતશ્રેષ્ઠ! ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–આ ચાર પુરુષાર્થો-ના સંબંધમાં આ મહાભારતમાં જે કંઈ કહ્યું છે, તેજ બીજાં શાસ્ત્રોમાં કહ્યું છે; અને જે આમાં કહ્યું નથી તે બીજે ક્યાંય પણ કહેલું નથી.

× આ માહાત્મ્ય મોટે ભાગે મહાભારતમાંનાજ શ્લોક અને શ્લોકાર્ધો ઉપરથી યોજ્યું છે.

एतत्पवित्रं परममेतद्धर्मनिदर्शनम् । एतत्सर्वगुणोपेतं श्रोतव्यं भूतिमिच्छता ॥
कायिकं वाचिकं चैव मनसा समुपार्जितम् । तत्सर्वं नाशमायाति तमः सूर्योदये यथा ॥

આ મહાભારત પરમ પવિત્ર છે, ધર્મને દર્શાવનારૂં છે અને સર્વ ગુણોથી સંપન્ન છે; માટે કલ્યાણને ઈચ્છનારા માણસે આનું વાંચન-શ્રવણ અવશ્ય કરવું જોઇયે.કેમકે એથી કાયિક, વાચિક તથા માનસિક સર્વ પાપો, સૂર્યોદયથી જેમ અંધકાર નાશ પામે તેમ નાશ પામે છે.

य इदं मानवो लोके पुण्यार्थे ब्राह्मणाञ्छुचीन् । श्रावयेत् महापुण्यं तस्य धर्मः सनातनः॥
महाभारतमाख्यानं क्षितिं गां च सरस्वतीम् । ब्राह्मणान् केशवं चैव कीर्तयन्नावसीदति ॥

જે મનુષ્ય મહાપુણ્યરૂપ આ ઇતિહાસ પુણ્યને માટે પવિત્ર બ્રાહ્મણોને શ્રવણ કરાવશે, તેને સનાતન ધર્મ પ્રાપ્ત થશે. મહાભારતના આખ્યાનનું, પૃથ્વીનું, ગાયનું, સરસ્વતીનું, બ્રહ્મવેત્તાઓનું તથા શ્રીવિષ્ણુ ભગવાનનું કીર્તન કરનારો મનુષ્ય કદી નાશ પામતો નથી.

शृणोति श्रावयेद्वापि सततं चैव यो नरः । सर्वपापविनिर्मुक्तो वैष्णवं पदमाप्नुयात् ॥
पितॄनुद्धरते सर्वानेकादशसमुद्भवान् । आत्मानं ससुतं चैव स्त्रियं च भरतर्षभ ॥

જે પુરુષ નિત્યપ્રતિ મહાભારત સાંભળે છે કિંવા સંભળાવે છે, તે સર્વ પાપથી મુક્ત થઈને વિષ્ણુના પદને પામે છે; એટલુંજ નહિ પણ હે ભરતશ્રેષ્ઠ ! તે પુરુષ પોતાની અગિયાર પેઢીના પિતૃઓનો, તથા પુત્ર અને સ્રીસહિત પોતાનો પણ ઉદ્ધાર કરે છે.

यथा समुद्रो भगवान्यथा मेरुर्महान्गिरिः । उभौ ख्यातौ रत्ननिधी तथा भारतमुच्यते ॥
न तां स्वर्गगतिं प्राप्य तुष्टिं प्राप्नोति मानवः । यां श्रुत्वैव महापुण्यमितिहासमुपाश्नुते ॥

જેમ ઐશ્વર્યવાન સમુદ્ર અને મહાપર્વત મેરુ એ બંને રત્નનિધિતરીકે પ્રખ્યાત છે; તેમ આ મહાભારત પણ રત્નોના ભંડારતરીકે પ્રસિદ્ધ છે. મનુષ્યને આ મહાપુણ્યરૂપ ઇતિહાસ વાંચવા-સાંભળવાથી જેવો સંતોષ થાય છે,તેવો સંતોષ સ્વર્ગપ્રાપ્તિથી પણ થતો નથી.

शरीरेण कृतं पापं वाचा च मनसैव च । सर्वं संत्यजति क्षिप्रं य इदं शृणुयान्नरः ॥
भरतानां महज्जन्म शृण्वतामनसूयताम् । नास्ति व्याधिभयं तेषां परलोकभयं कुतः ॥

જે મનુષ્ય આ મહાભારત વાંચે કે સાંભળે છે; તે મન, વાણી અને કાયાવડે કરાયલાં સર્વ પાપોને ઝટ તજી દે છે. જે મનુષ્ય ઈર્ષ્યારહિત થઇને ભરતવંશીઓનાં મહાન ચરિત્ર વાંચે-સાંભળે છે, તેને વ્યાધિનોજ ભય નથી; તો પછી પરલોકનો તો ભયજ ક્યાંથી !

इदं हि वेदैः समितं पवित्रमपि चोत्तमम् । श्राव्यं श्रुतिसुखं चैव पावनं शीलवर्धनम् ॥
य इदं भारतं राजन्वाचकाय प्रयच्छति । तेन सर्वा मही दत्ता भवेत्सागरमेखला ॥

આ મહાભારત વેદતુલ્ય છે; ઉત્તમ છે; પરમ પવિત્ર છે; સાંભળવા યોગ્ય છે; કર્ણપ્રિય છે અને શુભ આચરણને વધારનાર છે. માટે હે રાજન્ ! જે મનુષ્ય આ ભારતનો ગ્રંથ વાંચનારને આપે છે; તેને સમુદ્રપર્યંતની સમગ્ર પૃથ્વી દાન કર્યાનું ફળ મળે છે.

अष्टादश पुराणानि धर्मशास्त्राणि सर्वशः । वेदाः साङ्गास्तथैकत्र भारतं चैकतः स्थितम् ॥
महत्त्वाद्भारवत्त्वाच्च महाभारतमुच्यते । निरुक्तमस्य यो वेद सर्वपापैः प्रमुच्यते ॥

એક તરફ અઢાર પુરાણો, સર્વ ધર્મશાસ્ત્રો તથા અંગોસહિત વેદો હોય, અને બીજી તરફ એકલું મહાભારત હોય; તોપણ તે તેઓની બરાબરી કરી શકે છે. કેમકે આ ગ્રંથ અત્યંત મહત્ત્વવાળો અને રહસ્યરૂપી અસાધારણ ભાર-વજનવાળો છે તેથી પણ એ 'મહાભારત' કહેવાય છે. જે પુરુષ મહાભારતના તે રહસ્યને જાણે છે, તે સર્વ પાપોથી મુક્ત થાય છે.

जयो नामेतिहासोऽयं श्रोतव्यो मोक्षमिच्छता। ब्राह्मणेन च राज्ञा च गर्भिण्या चैव योषिता ॥
स्वर्गकामो लभेत्स्वर्गं जयकामो लभेज्जयम्। गर्भिणी लभते पुत्रं कन्यां वा बहुभागिनीम् ॥

'જય' નામનો આ ઇતિહાસ, મોક્ષની ઇચ્છા રાખનારે, બ્રાહ્મણે, રાજાએ તથા ગર્ભિણી સ્ત્રીએ તો અવશ્ય સાંભળવો યોગ્ય છે. કેમકે એનું શ્રવણ કરવાથી સ્વર્ગની ઇચ્છાવાળો સ્વર્ગને, જયની ઇચ્છાવાળો જયને અને ગર્ભિણી સ્ત્રી પુત્રને કિંવા મહાભાગ્યશાળી કન્યાને પામે છે.

योगो शतं कनकशृंगमयं ददाति विप्राय वेदविदुषे सुबहुश्रुताय ।
पुण्यां च भारतकथां सततं शृणोति तुल्यं फलं भवति तस्य च तस्य चैव ॥

વેદને જાણનારા એવા બહુશ્રુત બ્રાહ્મણને એક માણસ સુવર્ણનાં શીંગડાંવાળી સો ગાયો આપે, અને બીજો નિત્ય પવિત્ર ભારતકથા વાંચે-સાંભળે, તો તેથી તે બંનેને સમાન ફળ મળે છે.

कार्ष्णं वेदमिमं सर्वं शृणुयाद्यः समाहितः। ब्रह्महत्यादि पापानां कोटिस्तस्य विनश्यति ॥
पुत्राः शुश्रूषवः सन्ति प्रेष्याश्च प्रियकारिणः । भरतानां महज्जन्म महाभारतमुच्यते ॥

વેદવ્યાસે રચેલા આ પાંચમા વેદરૂપ મહાભારતનું જે પુરુષ એકાગ્રચિત્તે શ્રવણ કરે છે, તેનાં બ્રહ્મહત્યાદિ કોટી પાપ નાશ પામે છે. વળી આ ઇતિહાસને સાંભળનારા પુત્રો માતાપિતાની સેવા કરનારા, અને સેવકો સ્વામીનું પ્રિય કરનારા થાય છે. એમાં મહાન ભરતવંશીઓનાં ચરિત્ર વર્ણવ્યાં છે તેથી પણ તે મહાભારત કહેવાય છે.

देवा राजर्षयो ह्यत्र पुण्या ब्रह्मर्षयस्तथा । कीर्त्यन्ते धूतपाप्मानः कीर्त्यते केशवस्तथा ॥
भगवांश्चापि देवेशो यत्र देवी च कीर्त्यते ।अनेकजननो यत्र कार्तिकेयस्य संभवः ॥

આ મહાભારતમાં પાપરહિત દેવતાઓ, મહાન રાજર્ષિઓ અને પુણ્યસ્વરૂપ બ્રહ્મર્ષિઓનું વર્ણન કરેલું છે; કેશવનું ચરિત્ર વર્ણવેલું છે; ભગવાન મહાદેવ તથા દેવી પાર્વતીનું વર્ણન કરેલું છે; અને અનેક માતાઓથી જન્મેલા કાર્તિકેયનો પણ જન્મ વર્ણવ્યો છે.

ब्राह्मणानां गवां चैव माहात्म्यं यत्र कीर्त्यते। सर्वं श्रुतिसमूहोऽयं श्रोतव्यो धर्मबुद्धिभिः ॥
मुच्यते सर्वपापेभ्यो राहुणा चन्द्रमा यथा ।जयो नामेतिहासोयं श्रोतव्यो विजिगीषुणा ॥

વળી આ ઇતિહાસમાં બ્રાહ્મણો અને ગાયોનું માહાત્મ્ય કહેલું છે; તથા આ મહાભારત સર્વ શ્રુતિઓના સમૂહરૂપ છે, માટે ધર્મબુદ્ધિવાળાઓએ પણ એ અવશ્ય વાંચવું-સાંભળવું જોઇએ. વિજયની ઇચ્છાવાળાએ આ જય નામનો ઇતિહાસ અવશ્ય સાંભળવો જોઇએ. કેમકે એથી તે-જેમ રાહુથી ચંદ્ર મુક્ત થાય તેની પેઠે-સર્વ પાપોથી મુક્ત થાય છે.

अस्मिन्नर्थश्च कामश्च निखिलेनोपदिश्येते । इतिहासे महापुण्ये बुद्धिश्च परिनैष्ठिकी ॥
भारतं शृणुयान्नित्यं भारतं परिकीर्तयेत् । भारतं भवने यस्य तस्य हस्तगतो जयः ॥

આ મહાપુણ્યદાયક ઇતિહાસમાં અર્થ અને કામનો એવો સંપૂર્ણ ઉપદેશ છે કે

જેથી તેને વાંચનાર–સાંભળનારની બુદ્ધિ પરમાત્મામાં પણ નિષ્ઠાવાળી થાય છે. માટે સમજુ માણસે તો મહાભારતનું વાંચન–શ્રવણ કિંવા કથા–કીર્તન નિત્યપ્રતિ કરવું જોઇએ. જેને ઘેર મહાભારતનું કથન–શ્રવણ થાય છે, તેને જય પણ હસ્તગતજ છે.

पुण्योयमितिहासाख्यः पवित्रं चेदमुत्तमम् । कृष्णेन मुनिना विप्रनिर्मितं सत्यवादिना ॥
सर्वज्ञेन विधिज्ञेन धर्मज्ञानवता सता । अतींद्रियेण शुचिना तपसा भावितात्मना ॥
ऐश्वर्येवर्तता चैव सांख्ययोगवता तथा । नैकतंत्र विबुद्धेन दृष्ट्वा दिव्येन चक्षुषा ॥
कीर्तिं प्रथयता लोके पांडवानां महात्मनाम् । अन्येषां क्षत्रियाणां च भूरिद्रविणतेजसाम् ॥

હે બ્રાહ્મણ! કૃષ્ણ દ્વૈપાયન વ્યાસમુનિ, કે જે સત્યવાદી, સર્વજ્ઞ, દૈવજ્ઞ, ધર્મજ્ઞ, સત્પુરુષ, ઇંદ્રિયાતીત પદાર્થોને જોનારા, પવિત્ર, તપવડે શુદ્ધ ચિત્તવાળા, ઐશ્વર્યમાં સ્થિતિવાળા, જ્ઞાનનિષ્ઠ, યોગનિષ્ઠ, અનેક શાસ્ત્રોના ઉત્તમ જ્ઞાતા અને દિવ્ય દૃષ્ટિથી જોઇને મહાત્મા પાંડવો તથા બીજા મહાતેજસ્વી ક્ષત્રિયોની કીર્તિને જગતમાં પ્રસિદ્ધ કરનારા છે; તેમણે આ મહાભારત નામનો પુણ્યમય પવિત્ર ઇતિહાસ રચ્યો છે, અને તેથી તે આવો ઉત્તમ થયો છે.

अष्टादशपुराणानां श्रवणाद्यत्फलं भवेत् । तत्फलं समवाप्नोति वैष्णवो नात्र संशयः ॥
स्त्रियश्च पुरुषाश्चैव वैष्णवं पदमाप्नुयुः । स्त्रीभिश्च पुत्रकामाभिः श्रोतव्यं वैष्णवं यशः ॥

અઢારે પુરાણોના શ્રવણથી જે ફળ થાય છે, તેટલુંજ ફળ મહાભારતના શ્રવણથી વૈષ્ણવને પ્રાપ્ત થાય છે, એમાં સંશય નથી. સ્ત્રીઓ તેમજ પુરુષો ભારતના શ્રવણથી વૈષ્ણવપણાને પામે છે. પુત્રેચ્છાવાળી સ્ત્રીઓએ તો વિષ્ણુના યશરૂપ મહાભારત અવશ્ય શ્રવણ કરવું.

नरेण धर्मकामेन सर्वः श्रोतव्य इत्यपि । निखिलेनेतिहासोऽयं ततः सिद्धिमवाप्नुयात् ॥
शृण्वन्श्राद्धः पुण्यशीलः श्रावयंश्चेदमद्भुतम् । नरः फलमवाप्नोति राजसूयाश्वमेधयोः ॥

ધર્મ ઈત્યાદિની કામનાવાળા પુરુષે તો આ સમગ્ર ઇતિહાસ સાંભળવો જોઈએ. કેમકે તેથી તેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જે મનુષ્ય પુણ્યશીલ અને શ્રદ્ધાવાન થઇને આ અદ્ભુત ઈતિહાસ શ્રવણ કરે છે અને શ્રવણ કરાવે છે, તે બંને રાજસૂય યજ્ઞ અને અશ્વમેધ યજ્ઞનાં ફળને પ્રાપ્ત થાય છે.

त्रिभिर्वर्षैर्लब्धकामः कृष्णद्वैपायनो मुनिः । नित्योत्थितः शुचिः शक्तो महाभारतमादितः ॥
तपो नियममास्थाय कृतमेतन्महर्षिणा । तस्मान्नियमसंयुक्तैः श्रोतव्यं ब्राह्मणैरिदम् ॥

કૃષ્ણદ્વૈપાયન મુનિ પવિત્રતાથી આ મહાભારતને ત્રણ વર્ષના નિત્ય ઉદ્યોગવડે રચીને પૂર્ણ મનોરથવાળા થયા હતા. મહર્ષિ વ્યાસે આ મહાભારત તપ અને નિયમ ધારણ કરીને રચ્યું હતું; માટે બ્રાહ્મણોએ પણ એને નિયમયુક્ત થઇને વાંચવું–સાંભળવું જોઇએ.

महीं विजयते राजा शत्रूंश्चापि पराजयेत् । इदं पुंसवनं श्रेष्ठमिदं स्वस्त्ययनं महत् ॥
महिषीयुवराजाभ्यां श्रोतव्यं बहुशस्तथा । वीरं जनयते पुत्रं कन्यां वा राज्यभागिनीम् ॥

આ ઇતિહાસ શ્રવણ કરવાથી રાજા પૃથ્વીનો વિજય કરે છે અને શત્રુઓનો પરાજય કરે છે. વળી એથી શ્રેષ્ઠ પુત્રની પ્રાપ્તિ થાય છે અને મહાન કલ્યાણ થાય છે. આ ઇતિહાસ રાજમહિષીએ યુવરાજસહિત વારંવાર સાંભળવો જોઇએ; કારણ કે તેથી તેને પેટે વીરપુત્ર જન્મે છે, અને કન્યા જન્મે તો તે રાજાની રાણી થાય છે.

यश्चेदं श्रावयेद्विद्वान्सदा पर्वणि पर्वणि । धूतपाप्मा जितस्वर्गो ब्रह्मभूयाय कल्पते ॥
यश्चेदं श्रावयेच्छ्राद्धे ब्राह्मणान्पादमंततः । अक्षय्यमन्नपानं वै पितॄंस्तस्योपतिष्ठते ॥

જે વિદ્વાન પુરુષ હમેશાં પ્રત્યેક પર્વના દિવસે આનું શ્રવણ કરાવે છે, તે પાપરહિત અને સ્વર્ગને જીતનારો થઇને બ્રહ્મદશાને પ્રાપ્ત થાય છે. જે પુરુષ શ્રાદ્ધપ્રસંગે બ્રહ્મવેત્તાઓના ચરણ સમીપમાં આ સંવાદનું શ્રવણ કરાવે છે, તેના પિતૃઓ પણ અખૂટ અન્ન-પાન પામે છે.

इतिहासमिमं पुण्यं महार्थं वेदसंमितम् । व्यासोक्तं श्रूयते येन कृत्वा ब्राह्मणमग्रतः ॥
स नरः सर्वकामांश्च कीर्तिं प्राप्येह शौनक । गच्छेत्परमिकां सिद्धिमत्र मे नास्ति संशयः ॥

હે શૌનક ! જે મનુષ્ય વ્યાસે કહેલા, મહાન અર્થવાળા અને વેદતુલ્ય આ પવિત્ર ઇતિહાસનું શ્રેષ્ઠ બ્રાહ્મણ (બ્રહ્મવેત્તા) પાસેથી શ્રવણ કરે છે; તે આ લોકમાં સર્વ કામનાઓને તથા કીર્તિને મેળવી અંતે ઉત્તમ સિદ્ધિને પામે છે, એમાં મને કંઇ પણ સંશય નથી.

श्रावयेत् ब्राह्मणाञ्छ्राद्धे यश्चैनं पादमन्ततः । अक्षय्यं तस्य तच्छ्राद्धमुपावर्तेत पितॄनिह ॥
भारतं परमं पुण्यं भारते विविधाः कथाः । भारतं सेव्यते देवैर्भारतं परमं पदम् ॥

જે કોઇ શ્રાદ્ધના અંતમાં ભારતનું એક પાદ પણ બ્રાહ્મણોને સંભળાવે, તેનું શ્રાદ્ધ તેના પિતૃઓને અક્ષય થઇને પ્રાપ્ત થાય છે. મહાભારત પરમ પુણ્યદાયક છે; કેમકે તેમાં વિવિધ પ્રકારની કથાઓ છે. વળી દેવતાઓ પણ મહાભારતનું સેવન કરે છે; કેમકે તે પરમપદને આપનાર છે.

भारतं सर्वशास्त्राणामुत्तमं भरतर्षभ । भारतात्प्राप्यते मोक्षस्तत्त्वमेतद्ब्रवीमि तत् ॥
एवमेतन्महाराज नात्र कार्या विचारणा । श्रद्दधानेन वै भाव्यमेवमाह गुरुर्मम ॥

હે ભરતશ્રેષ્ઠ ! હું તને સત્ય કહું છું કે, સર્વ શાસ્ત્રોમાં મહાભારત ઉત્તમ છે અને તેના શ્રવણમનનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. હે મહારાજ ! આ પ્રમાણે મેં જે કહ્યું, તે તેમજ છે. એમાં કંઇ વિચાર કરવા જેવું નથી. મારા ગુરુએ પણ મને એમજ કહ્યું છે કે, મનુષ્યે મહાભારત ઉપર અવશ્ય શ્રદ્ધાળુ થવું.

वेदे रामायणे पुण्ये भारते भरतर्षभ । आदौ चान्ते च मध्ये च हरिः सर्वत्र गीयते ॥

હે ભરતશ્રેષ્ઠ ! વેદ, રામાયણ અને પવિત્ર મહાભારત, એ સર્વમાં આદિ, મધ્ય તથા અંતમાં શ્રીહરિનુંજ કીર્તન કરવામાં આવ્યું છે.

भारतश्रवणे राजन् पारणे च नृपोत्तम । सदा यत्नवता भाव्यं श्रेयस्तु परिमिच्छता ॥
आकर्ण्य भक्त्या सततं जयाख्यं भारतं महत् । श्रीश्च कीर्तिस्तथा विद्या भवंति सहिताः सदा ॥

હે ઉત્તમ રાજા ! ઉત્તમ કલ્યાણને ઇચ્છનારા પ્રત્યેક પુરુષે ભારતનું શ્રવણ કરવામાં તથા તેનું પારાયણ કરવામાં નિત્ય યત્નશીલ રહેવું. (કેમકે) 'જય' નામના આ મહાભારતનું જે ભક્તિપૂર્વક નિત્ય શ્રવણ કરે છે, તેને સદા વિદ્યાસહિત લક્ષ્મી અને કીર્તિ પ્રાપ્ત થાય છે.

મહાભારતનું નિવેદન

ભારતવર્ષમાં મહાભારતના નામથી કોઈકજ હિંદુ-આર્ય અજાણ્યો હશે. આ ગ્રંથ રચાયો ત્યારથી માંડીને અદ્યાપિસુધીનાં હજારો વર્ષદરમિયાન હિંદુજાતિમાં જે જે પ્રાચીન ગ્રંથો અતિ આકર્ષક, માર્ગદર્શક અને ઉપકારક ગણાતા આવ્યા છે; તેમાં મહાભારત ગ્રંથ પણ સદા પ્રથમ શ્રેણીમાંજ રહ્યો છે અને રહેશે.

જનસમાજના પુણ્ય અને પરમાત્મદેવની કૃપાથી આજે તેનું આ ગુજરાતી ભાષાંતર સાત ભાગોમાં પ્રસિદ્ધ થાય છે.* એ સાત ભાગમાંનો આ પહેલો ભાગ હોઇને એમાં આદિ અને સભાપર્વનો સમાવેશ છે.

મહાભારતરૂપી જે મહાસાગરના એક સ્વલ્પ અંશરૂપ 'શ્રીમદ્ ભગવદ્ગીતા' જગતભરના વિદ્વાનોને પોતાના અલૌકિક જ્ઞાનગૌરવથી ચકિત કરી રહી છે; જે મહાસાગરમાંથી એ ઉપરાંત બીજાં પણ એવાં એવાં અનુપમ રત્નો હિંદુજાતિને પ્રાપ્ત થયાં છે કે જે નિત્યપ્રતિ લક્ષાવધિ અધિકારીજનોનાં હૃદયને જ્ઞાનભક્તિના અનેરા પ્રકાશથી અજવાળી રહ્યાં છે; જે મહોદધિના એક અગત્યના ખંડરૂપ "શાંતિપર્વ"માં લહેરાઈ રહેલું ધર્મામૃત તેમાં નિમજ્જન કરનારાં હજારો ધર્મજિજ્ઞાસુ હૃદયોને શાંત, પવિત્ર અને ચારે પદાર્થને પાત્ર બનાવતું આવ્યું છે; જે મહાન ગ્રંથનો અદ્ભુત પ્રકાશ સહસ્રો વર્ષથી આર્ય નૃપતિઓની પરંપરાને રાજધર્મ અને વીરત્વના ઉત્તમોત્તમ આદર્શ દર્શાવતો આવ્યો છે; જે મહાન ગ્રંથની ઓજસ્વી કથાઓએ શતાવધિ નૃપતિઓને અને લક્ષાવધિ ક્ષત્રિયોને પ્રભાવિત કરી વીરત્વના પરમહિતાવહ ધર્મપંથે પળાવ્યા છે; જે મહાગ્રંથના પ્રભાવે વિકટ સમયે પણ પ્રતાપ, ગુરુ ગોવિંદ અને શિવાજી ઇત્યાદિ મહાવીરોમાં આર્યત્વની રક્ષામાટે અપૂર્વ ચેતના અને અદ્ભુત પરાક્રમ પ્રેરીને તેમને અપાર બળશાળી શત્રુદળોસામે અડગભાવે ઉભા રાખ્યા છે; જે

---

* એ સાત ભાગોમાં આવેલાં પર્વ, ચિત્ર તથા પૃષ્ઠોની વિગત નીચે મુજબ છેઃ—

ભાગ	પર્વોનાં નામ	ચિત્રસંખ્યા	પૃષ્ઠસંખ્યા
પહેલો	આદિ અને સભાપર્વ	૧૧ ...	૬૩૬
બીજો	વન અને વિરાટપર્વ	૯ ...	૭૦૪
ત્રીજો	ઉદ્યોગ અને ભીષ્મપર્વ	૬ ...	૮૪૮
ચોથો	દ્રોણપર્વ	૬ ...	૪૧૮
પાંચમો	કર્ણ, શલ્ય, સૌપ્તિક અને સ્ત્રીપર્વ ...	૦ ...	૫૪૪
છઠ્ઠો	શાન્તિપર્વ	૪ ...	૬૨૮
સાતમો	અનુશાસન, આશ્વમેધિક, મૌસલ, મહાપ્રસ્થાનિક અને સ્વર્ગારોહણપર્વ ...	૦ ...	૧૨૩૧
	કુલ સંખ્યા	૩૬ ...	૫૨૦૪

ચિત્રો કુલ ૩૮ છે; પરંતુ શ્રીકૃષ્ણ તથા અર્જુન વધારે મહત્ત્વનાં પાત્ર હોવાથી તેમનાં ચિત્ર મહાભારતની શરૂઆતમાં આ પહેલા ભાગમાં પણ આપવાં છે.

મહાન ગ્રંથની જ્વલંત પ્રેરણાઓથી પ્રેરાઈને લક્ષાવધિ ક્ષાત્રકુળદીપક વીરાત્માઓએ આ નશ્વર જગતપ્રત્યેનાં મોહ-મમતા મૂકી દઈ પોતાનાં પ્રચંડ શરીરોને પ્રફુલ્લવદને સ્વધર્મપાલનના મહાયજ્ઞમાં હોમી દીધાં છે; અને દેવ-દુર્લભ એવી વીરગતિને પ્રાપ્ત કરી છે; જે મહાન ગ્રંથ ભારતવર્ષની વર્તમાન દીનહીન દશામાં પણ વિદ્વાનથી માંડીને ખેડુતસુધીનાં અને રાજાથી માંડીને રંકપર્યંતનાં હિંદુ સંતાનોને, તેમના જગતભરને ધ્રુજાવનારા આર્ય પૂર્વજોનાં સ્મરણ આપવાવાળા સ્મારકસ્તંભરૂપે ઉભો છે; કે જે મહાન સ્તંભમાં દેવર્ષિ, બ્રહ્મર્ષિ, રાજર્ષિ અને ચારે વર્ણાશ્રમના અનેકાનેક મહાત્માઓનાં ચરિત્રરૂપી મહામણિઓ શોભી રહેલા છે; અને જે મણિઓ હજી પણ વ્યવહાર તેમજ પરમાર્થના પંથને પ્રકાશવા-દર્શાવવાવાળો અપૂર્વ પ્રકાશ, તેમના અનેકવિધ પ્રોત્સાહક અનુભવો અને જ્વલંત ઉપદેશોરૂપે આપી રહ્યા છે; આવો આ આર્યોનાં આદર્શભૂત જ્ઞાનચારિત્ર્યોથી શોભી રહેલો મહાભારત નામક મહાન ગ્રંથ, પોતાના સમગ્ર સ્વરૂપમાં અને ભારતની પ્રત્યેક ભાષામાં પ્રચલિત થાય; પ્રત્યેક આર્યહિંદુના ગૃહને સુશોભિત કરે; આબાલવૃદ્ધને ઉચ્ચાતિઉચ્ચ પ્રેરણાઓ આપ્યા કરે; ઉન્નતિપરાયણ રાખ્યા કરે; અને તેમ થાય તેટલા સારૂ તે સ્વલ્પ મૂલ્યે બહાર પડે, એવું કોણ નહિ ઇચ્છે ?

જેનું નામજ "મહાભારત" છે; જેના રચનાર મહર્ષિ વ્યાસ ભગવાન છે; જેના સૂત્રધાર યોગેશ્વર કૃષ્ણ ભગવાન છે; જેમાં બાણાવળી અર્જુન, દૃઢપ્રતિજ્ઞ ભીષ્મપિતામહ, મહાનીતિજ્ઞ વિદુર, ધર્માવતાર યુધિષ્ઠિર, ગદાધારી ભીમ, યુદ્ધવિશારદ દ્રોણ, મહાન દાતા કર્ણ, મહાસતી ગાન્ધારી અને વીરાંગના દ્રૌપદી વગેરે જેવાં અસામાન્ય અને પ્રાતઃસ્મરણીય પાત્ર છે; તેમાં અન્ય પણ એક એકથી ચઢી જાય એવા અનેકાનેક રાજા-મહારાજા, રથી-મહારથી, વીર-મહાવીર અને સતી-મહાસતીઓના અપૂર્વ શૌર્ય-પરાક્રમાદિનાં વર્ણન તથા અનેકાનેક ઋષિમુનિ અને અવતારાદિનાં ગુણગાન છે. જેમકે નર ને નારાયણ, વ્યાસ ને વાલ્મીક, યાજ્ઞવલ્ક્ય ને ભૃગુ, સનત્સુજાત ને અષ્ટાવક્ર, વિષ્ણુ ને મહાદેવ, મૈત્રેય ને અંગિરા, સુહોત્ર ને ઉશીનર, અભિમન્યુ ને બલરામ, ગાલવ ને માંડુક્ય, કપિલ ને વિશ્વામિત્ર, સગર ને ભગીરથ, શ્રીરામ ને હનુમાન, સત્યભામા ને સુભદ્રા, સીતા ને વિદુલા, ભરત ને પૃથુ, દીલીપ ને યયાતિ, સાંખ્ય ને પરાશર, મંદોદરી ને પાર્વતી, માન્ધાતા ને જનક, ગાર્ગી ને સુલભા, જાજલી ને તુલાધાર, મનુ ને બૃહસ્પતિ, બલિ ને પ્રહ્લાદ, સેનજિત ને ઇક્ષ્વાકુ, ઋષભ ને વામદેવ, પર્વત ને શુક્રાચાર્ય, દમયંતી ને સાવિત્રી, અસિત ને દેવલ, દ્રોણ ને કૃપાચાર્ય, વસિષ્ઠ ને પરશુરામ, શુકદેવ ને નારદ, દુર્વાસા ને દત્તાત્રેય, રંતિદેવ ને શિબિ, વિદુર ને સંજય, ઇત્યાદિ ઇત્યાદિ.

જે ઇતિહાસ ગ્રંથ એવા એવા અનેકાનેક રાજર્ષિ ને બ્રહ્મર્ષિ, દેવર્ષિ ને મહર્ષિ, ગૃહસ્થ ને વાનપ્રસ્થ, યોગી ને મહાયોગી, સાધક ને સિદ્ધ, દાતા ને ધર્માત્મા, જ્ઞાની ને ભક્તાત્મા, તેમજ જિજ્ઞાસુ અને મુક્તાત્માઓનાં મનોહર નામો અને અલૌકિક કામોથી ભરપૂર હોઇને જેમાંનાં થોડાં પણ નામો-કામોનું નિત્યપ્રતિ પ્રાતઃકાળે શ્રવણ-કીર્તન કરવામાં આવે, અથવા તો ભાવભક્તિથી સ્મરણ-ચિંતન કરવામાં આવે, તો તેથી માણસના હૃદયમાં કલ્યાણકારી સંસ્કારો અવશ્ય જાગી ઉઠે, અને ખીલી ઉઠે તેમ છે; અને તેના પરિણામે જ્ઞાનચારિત્ર (એટલે કે આચાર વિચાર ને ઉચ્ચાર, અથવા તો મન વાણી ને ક્રિયા) પણ પાત્રતા કે ગ્રહણશક્તિના પ્રમાણમાં પવિત્ર અને ઉન્નત થઇ શકે તેમ છે; તેવા મહાન ગ્રંથનું પઠન-પાઠન પ્રત્યેક હિંદુ-સંતાને નિત્યપ્રતિ કરવુંજ જોઇએ.

આ મહાભારતરૂપી મહાવનમાં એવાં એવાં અનેકાનેક ઐતિહાસિક ચરિત્રચિત્રોને એકી

મહાભારતનું નિવેદન

ભારતવર્ષમાં મહાભારતના નામથી કોઈકજ હિંદુ–આર્ય અજાણ્યો હશે. આ ગ્રંથ રચાયો ત્યારથી માંડીને અદ્યાપિસુધીનાં હજારો વર્ષદરમિયાન હિંદુજાતિમાં જે જે પ્રાચીન ગ્રંથો અતિ આકર્ષક, માર્ગદર્શક અને ઉપકારક ગણાતા આવ્યા છે; તેમાં મહાભારત ગ્રંથ પણ સદા પ્રથમ શ્રેણીમાંજ રહ્યો છે અને રહેશે.

જનસમાજના પુણ્ય અને પરમાત્મદેવની કૃપાથી આજે તેનું આ ગુજરાતી ભાષાંતર સાત ભાગોમાં પ્રસિદ્ધ થાય છે.* એ સાત ભાગમાંનો આ પહેલો ભાગ હોઇને એમાં આદિ અને સભાપર્વનો સમાવેશ છે.

મહાભારતરૂપી જે મહાસાગરના એક સ્વલ્પ અંશરૂપ 'શ્રીમદ્ ભગવદ્ગીતા' જગતભરના વિદ્વાનોને પોતાના અલૌકિક જ્ઞાનગૌરવથી ચકિત કરી રહી છે; જે મહાસાગરમાંથી એ ઉપરાંત બીજાં પણ એવાં એવાં અનુપમ રત્નો હિંદુજાતિને પ્રાપ્ત થયાં છે કે જે નિત્યપ્રતિ લક્ષાવધિ અધિકારીજનોનાં હૃદયને જ્ઞાનભક્તિના અનેરા પ્રકાશથી અજવાળી રહ્યાં છે; જે મહોદધિના એક અગત્યના ખંડરૂપ "શાંતિપર્વ"માં લહેરાઈ રહેલું ધર્મામૃત તેમાં નિમજ્જન કરનારાં હજારો ધર્મજિજ્ઞાસુ હૃદયોને શાંત, પવિત્ર અને ચારે પદાર્થને પાત્ર બનાવતું આવ્યું છે; જે મહાન ગ્રંથનો અદ્ભુત પ્રકાશ સહસ્રો વર્ષથી આર્ય નૃપતિઓની પરંપરાને રાજધર્મ અને વીરત્વના ઉત્તમોત્તમ આદર્શ દર્શાવતો આવ્યો છે; જે મહાન ગ્રંથની ઓજસ્વી કથાઓએ શતાવધિ નૃપતિઓને અને લક્ષાવધિ ક્ષત્રિયોને પ્રભાવિત કરી વીરત્વના પરમહિતાવહ ધર્મપંથે પળાવ્યા છે; જે મહાગ્રંથના પ્રભાવે વિકટ સમયે પણ પ્રતાપ, ગુરુ ગોવિંદ અને શિવાજી ઇત્યાદિ મહાવીરોમાં આર્યત્વની રક્ષામાટે અપૂર્વ ચેતના અને અદ્ભુત પરાક્રમ પ્રેરીને તેમને અપાર બળશાળી શત્રુદળોસામે અડગભાવે ઉભા રાખ્યા છે; જે

---

* એ સાત ભાગોમાં આવેલાં પર્વ, ચિત્ર તથા પૃષ્ઠોની વિગત નીચે મુજબ છે:–

ભાગ		પર્વોનાં નામ	ચિત્રસંખ્યા	પૃષ્ઠસંખ્યા
પહેલો ...	...	આદિ અને સભાપર્વ	૧૧ ...	૬૩૬
બીજો ...	...	વન અને વિરાટપર્વ	૫ ...	૭૦૪
ત્રીજો ...	...	ઉદ્યોગ અને ભીષ્મપર્વ	૧ ...	૮૪૮
ચોથો ...	...	દ્રોણપર્વ	૦ ...	૪૧૮
પાંચમો ...	...	કર્ણ, શલ્ય, સૌપ્તિક અને સ્ત્રીપર્વ ...	૦ ...	૫૪૬
છઠ્ઠો ...	...	શાન્તિપર્વ	૪ ...	૬૨૮
સાતમો ...	...	અનુશાસન, આશ્વમેધિક, મૌસલ, મહાપ્રસ્થાનિક અને સ્વર્ગારોહણપર્વ ...	૦ ...	૭૩૨
		કુલ સંખ્યા	૨૦ ...	૫૨૦૮

ચિત્રો કુલ ૨૮ છે; પરંતુ શ્રીકૃષ્ણ તથા અર્જુન વગેરે મહત્ત્વનાં પાત્ર હોવાથી તેમનાં ચિત્ર મહાભારતની શરૂઆતમાં આ પહેલા ભાગમાં પણ આપ્યાં છે.

લક્ષાવધિ ક્ષાત્રકુળદીપક વીરાત્માઓએ આ નશ્વર
મહાન ગ્રંથની જ્વલંત પ્રેરણાઓથી પ્રેરાઇને લક્ષાવધિ ક્ષાત્રકુળદીપક વીરાત્માઓએ આ નશ્વર
જગતપ્રત્યેનાં મોહ-મમતા મૂકી દઇ પોતાનાં પ્રચંડ શરીરોને પ્રફુલ્લવદને સ્વધર્મપાલનના
મહાયજ્ઞમાં હોમી દીધાં છે; અને દેવ-દુર્લભ એવી વીરગતિને પ્રાપ્ત કરી છે; જે મહાન ગ્રંથ
ભારતવર્ષની વર્તમાન દીનહીન દશામાં પણ વિદ્વાનથી માંડીને ખેડુતસુધીનાં અને રાજાથી
માંડીને રંકપર્યંતનાં હિંદુ સંતાનોને, તેમના જગતભરને મુગ્ધ કરનારા આર્ય પૂર્વજોનાં સ્મરણ
આપવાવાળા સ્મારકસ્તંભરૂપે ઉભો છે; કે જે મહાન સ્તંભમાં દેવર્ષિ, બ્રહ્મર્ષિ, રાજર્ષિ અને ચારે
વર્ણાશ્રમના અનેકાનેક મહાત્માઓનાં ચરિત્રરૂપી મહામણિઓ શોભી રહેલા છે; અને જે મણિઓ
હજી પણ વ્યવહાર તેમજ પરમાર્થના પંથને પ્રકાશવા-દર્શાવવાવાળો અપૂર્વ પ્રકાશ, તેમના
અનેકવિધ પ્રોત્સાહક અનુભવો અને જ્વલંત ઉપદેશોરૂપે આપી રહ્યા છે; આવો આ આર્યોનાં
આદર્શભૂત જ્ઞાનચારિત્ર્યોથી શોભી રહેલો મહાભારત નામક મહાન ગ્રંથ, પોતાના
સમગ્ર સ્વરૂપમાં અને ભારતની પ્રત્યેક ભાષામાં પ્રચલિત થાય; પ્રત્યેક આર્યહિંદુના ગૃહને
સુશોભિત કરે; આબાલવૃદ્ધને ઉચ્ચાતિઉચ્ચ પ્રેરણાઓ આપ્યા કરે; ઉન્નતિપરાયણ રાખ્યા કરે;
અને તેમ થાય તેટલા સારૂ તે સ્વલ્પ મૂલ્યે બહાર પડે, એવું કોણ નહિ ઇચ્છે ?

જેનું નામજ "મહાભારત" છે; જેના રચનાર મહર્ષિ વ્યાસ ભગવાન છે; જેના સૂત્ર-
ધાર યોગેશ્વર કૃષ્ણ ભગવાન છે; જેમાં બાણાવળી અર્જુન, દૃઢપ્રતિજ્ઞ ભીષ્મપિતામહ, મહા-
નીતિજ્ઞ વિદુર, ધર્માવતાર યુધિષ્ઠિર, ગદાધારી ભીમ, યુદ્ધવિશારદ દ્રોણ, મહાન દાતા કર્ણ,
મહાસતી ગાન્ધારી અને વીરાંગના દ્રૌપદી વગેરે જેવાં અસામાન્ય અને પ્રાતઃસ્મરણીય
પાત્ર છે; તેમાં અન્ય પણ એક એકથી ચઢી જાય એવા અનેકાનેક રાજા-મહારાજા, રથી-
મહારથી, વીર-મહાવીર અને સતી-મહાસતીઓના અપૂર્વ શૌર્ય-પરાક્રમાદિનાં વર્ણન
તથા અનેકાનેક ઋષિમુનિ અને અવતારાદિનાં ગુણગાન છે. જેમકે નર ને નારાયણ, વ્યાસ ને
વાલ્મીક, યાજ્ઞવલ્ક્ય ને ભૃગુ, સનત્સુજાત ને અષ્ટાવક્ર, વિષ્ણુ ને મહાદેવ, મૈત્રેય ને અંગિરા,
સુહોત્ર ને ઉશીનર, અભિમન્યુ ને બલરામ, ગાલવ ને માંડૂક્ય, કપિલ ને વિશ્વામિત્ર, સગર
ને ભગીરથ, શ્રીરામ ને હનુમાન, સત્યભામા ને સુભદ્રા, સીતા ને વિદુલા, ભરત ને પૃથુ, દીલીપ
ને યયાતિ, માંડવ્ય ને પરાશર, મંદોદરી ને પાર્વતી, માન્ધાતા ને જનક, ગાર્ગી ને સુલભા,
જાજલી ને તુલાધાર, મનુ ને બૃહસ્પતિ, બલિ ને પ્રહ્લાદ, સેનજિત ને ઇક્ષ્વાકુ, ઋષભ ને
વામદેવ, પર્વત ને શુક્રાચાર્ય, દમયંતી ને સાવિત્રી, અસિત ને દેવલ, દ્રોણ ને કૃપાચાર્ય,
વસિષ્ઠ ને પરશુરામ, શુકદેવ ને નારદ, દુર્વાસા ને દત્તાત્રેય, રંતિદેવ ને શિબિ, વિદુર ને
સંજય, ઇત્યાદિ ઇત્યાદિ.

જે ઇતિહાસ ગ્રંથ એવા એવા અનેકાનેક રાજર્ષિ ને બ્રહ્મર્ષિ, દેવર્ષિ ને મહર્ષિ, ગૃહસ્થ ને
વાનપ્રસ્થ, યોગી ને મહાયોગી, સાધક ને સિદ્ધ, દાતા ને ધર્માત્મા, જ્ઞાની ને ભક્તાત્મા,
તેમજ જિજ્ઞાસુ અને મુક્તાત્માઓનાં મનોહર નામો અને અલૌકિક કામોથી ભરપૂર હોઇને
જેમાંનાં થોડાં પણ નામો-કામોનું નિત્યપ્રતિ પ્રાતઃકાળે શ્રવણ-કીર્તન કરવામાં આવે, અથવા તો
ભાવભક્તિથી સ્મરણ-ચિંતન કરવામાં આવે, તો તેથી માણસના હૃદયમાં કલ્યાણકારી સંસ્કારો
અવશ્ય જાગી ઉઠે, અને ખીલી ઉઠે તેમ છે; અને તેના પરિણામે જ્ઞાનચારિત્ર (એટલે કે
આચાર વિચાર ને ઉચ્ચાર, અથવા તો મન વાણી ને ક્રિયા) પણ પાત્રતા કે ગ્રહણશક્તિના
પ્રમાણમાં પવિત્ર અને ઉન્નત થઇ શકે તેમ છે; તેવા મહાન ગ્રંથનું પઠન-પાઠન પ્રત્યેક હિંદુ-
સંતાને નિત્યપ્રતિ કરવુંજ જોઇએ.

આ મહાભારતરૂપી મહાલયમાં એવાં એવાં અનેકાનેક ઐતિહાસિક ચરિત્રચિત્રોને એવી

સૂક્ષ્મ અને અજબ કળાથી ચીતરવામાં આવ્યાં છે, કે જાણે તે જીવતાં જાગતાં તેજસ્વી માનવો પેઠે આપણી નજર સામેજ બોલી-આચરી રહ્યાં હોય એવોજ ભાસ સ્થળે સ્થળે થઇ આવે છે. આવા મહાન ગ્રંથને માટે આ સેવકને તો કોઇ પણ એકાદ બે ટુંકી અને બંધબેસતી ઉપમાઓ જડી નહિ, કે જેનાથી સંતોષ વળે. આથી એણે તો પછી નીચે પ્રમાણે લખી દીધું છે.પણ એમાં,હ્રસ્વ-દીર્ઘ-માત્રા-ની કળા; એ જાણે સેવકની બલા!

ધર્મતણું મહાભારત ક્ષેત્ર, અધર્મનું નાશક કુરુક્ષેત્ર;
ત્રિદેવનું દેવાલય લહો, સર્વેશ્વરનું મહાલય કહો.
એમાં ઉત્તમ પાત્ર અપાર, જ્ઞાન-ચરિત્ર તણા અંબાર;
ધર્મ-નીતિમય બહુ આરસા, પૂર્વજના મોંઘા વારસા.
ત્યાં ત્યાં હરિને હરિના મિત્ર, ધર્મ-નીતિમય રસબસ ચિત્ર;
કંઇએક મહારથીનાં ચિત્ર, કંઇએક શત્રુ-મિત્ર વિચીત્ર.
મહાવીરો મહાસતી અનેક, ચરિત્રં કેવાં કેવા ટેક;
કેવા સુંદર શ્રેષ્ઠ વિચાર, વળી કેવા ઉન્નત આચાર.
વ્યાસ વર્ણવે પ્રભુના દૂત, લખતા ગણેશ સમ શિવસૂત;
લૂંટાવે રત્નોની ખાણ, લ્યો કોઇ માનવતાની લ્હાણ.
ભરીયા શાસ્ત્રતણા ભંડાર, સર્વ રસોના રસ આગાર;
સદ્‌ગુણના આપે બહુ સાર, અવગુણના ટાળે સૌ ભાર.
કંઈ આદર્શ, અનેક ઉપાય, પરામર્શ ત્રિવિજનથી થાય;
સર્વ કળાઓની કળ ત્યાંય, સર્વ બળોનું બળ એ માંય.
લ્યો,લ્યો,ભાઈ કોઇ દુઃખની દવા! ગોલોકધામની માણો હવા;
મૂળ કથા સાથે બહુ કથા, વર્ણી નહિ ભારતમાં વૃથા.
સાધુ સંતની ગલી જણાય, અધર્મનાં ત્યાં ગળાં કપાય;
સદ્‌ગુણનો ત્યાં ચળકે છરો, અવગુણનો ત્યાં ઝટપટ મરો.
કાર્ય કરે ત્યાં દૈવી દૂત, નહિ ત્યાં જૂઠ પ્રપંચી ભૂત;
જ્ઞાન ચરિત્ર તણા આરસા, મહર્ષિના માનો વારસા.
મહાભારત મહાસૂત્રજ ગણો, શુભ આચાર-વિચારે વણો;
શુદ્ધિ બુદ્ધિનાં પહેરો વસ્ત્ર, એ છે શત્રુવિનાશક શસ્ત્ર.
વસ્ત્ર-શસ્ત્ર એ જેને દેહ, સર્વ સ્થળે વંદાયે તેહ;
શુદ્ધ ચિત્તે સેવે જન જેહ, જે ધારે તે કરશે એહ.
ભારત વસ્ત્ર-શસ્ત્રનું વહાણ, પહેરો ને લૂંટાવો લ્હાણ;
બહુ બ્રાહ્મણ પકરો એ કામ, ગજવો પૂર્વજનાં ગુણનામ.
બાપ, દર કે દાના બનો, એવાં કાર્ય, કથન, બહુ કરો;
કીર્તન કથા બપોરાપ થાય, હરિહરની સૌ પામે સ્હાય.
જો એ મહા માતા સેવાય, જરૂર કંઇના કંઇક બનાય;
સૌ વર્ણાશ્રમ જાગી જાય, અનેક વીર ને મુનિ જણાય.
ક્ષત્રાણી પ્રસવે મહાવીર, બહુ બ્રાહ્મણ પણ પાકે ધીર;
અવળી સમજણ નાખો કુવે, શિખા-સૂત્ર હાવે બહુ રૂવે.
'પશુવિના નર પશુ' નવ કહો, મહાધન જ્ઞાન-ચરિત્રે લહો;
કહનારેના ભજ ન બનો, સમજી-જી.ધો આવાં ધનેઃ

ત્યારે અંતરશત્રુ જાય, બાહ્યશત્રુ પછી આપ પળાય;
ગુરુ-ચેલા ને મુરીદ-પીર, ખોઇ બેઠા અંતરનાં હીર.
'ધર્મ' નથી બૂડવાનો કુવો, છૂત છાતને 'ધર્મ' ન રૂવો;
સુધર્મ કહી અભડાય ન મિત્ર, ગંગાપેરે કરે પવિત્ર.
ઉચ્ચ ધર્મ તો અગ્નિ ગણાય, નીચ જનો પણ પવિત્ર થાય;
સર્વ ધર્મમાં મુનિ જન વસે, પોથાં પંડિત મન વિષ વસે.
અંત્યજ ને મુસ્લીમો જેહ, રાખો હાથે જમણે તેહ;
બાહ્ય શત્રુઓથી શું થાય, બકરી થઇને ભાગી જાય.
પછી જુઓ ધન કેવાં ધપે, બળ બુદ્ધિ કેવાં મઘમઘે;
નક્કી દુર્યોધન છે જવો, જગમાં જશ ભારતનો થવો.
નિમિત્ત જેને થાવું હોય, ભારત ગ્રંથ જરૂરજ જોય;
જેને ફેરવવું છે ભાગ્ય, જરૂર લે તે એવા લાગ.
મહાભારત રામાયણ જેહ, સર્વ ગુરુના ગુરુની દેહ;
રામાયણને હૃદિયે ધરો, મહાભારતમય બુદ્ધિ કરો.
મહાભારત પકવે મહાવીર, રામાયણ પય પાય સુધીર;
શ્રેયપ્રેયની× એ બે ખાણ, યોગક્ષેમવાહકનાં* વહાણ.
ભારતમાં પૂર્વજ ગુણગાન, ભારત ભવ્યાત્માનાં દાન;
ભારત ભવ્ય ગુણોનાં ગ્રામ, ભારત પરમ તીર્થનાં ધામ.
વેદોમાં એ પંચમ વેદ, સર્વ શાસ્ત્રના આપે ભેદ;
ચરિત્રમય મહાસાગર એહ, જ્ઞાન રત્ન-રત્નાકર તેહ.
સારામૃત ભરી દહાણી કહો, ઋષિમુનિદત્ત લહાણી લહો;
એને શી ઉપમા દેવાય, બસ એ 'મહાભારત' કહેવાય.
સૌ ઉપમા એ ગુરુ શીખવે, એને કોણ કઇ ઉપમા દિયે;
પ્રભુકૃપાની વૃષ્ટિ એહ, નમો કર્મ-મન-વાણી-દેહ.
ભારતમાં જે દેશે ધ્યાન, શ્રવણ-નમનથી દેશે માન;
જાશે અવગુણ, વૃથાભિમાન, મળશે બહુ સદ્ગુણ ને જ્ઞાન.
સર્વેશ્વરની થાશે સહાય, રાજ-પાટ સૌ તુચ્છ જણાય;
મહર્ષિઓના સુણો અવાજ, સાગર તરવા સેવો જહાજ.
શુભ રસ્તે જ્યાં રહે સુકાન, પશુ પણ દેવ બનેજ નિદાન;
હરિ પણ દે દે નિજપદ દાન, સર્વ સંતની એવી સાન.

પરંતુ આટલું લખીને પણ એમજ લાગ્યું કે, સાક્ષાત્ સરસ્વતી પણ કદાચ જે મહાભારત અને રામાયણનાં યથાવત્ ગુણગાન કરી શકે નહિ; ત્યાં પછી ભિક્ષુનું તો ગજુંજ કેટલું ? આથી આ સેવકે તો પાછું નીચે પ્રમાણે પણ કર્યું છે.

આદિપર્વના પહેલા અધ્યાયમાં મહાભારતના માહાત્મ્ય જેવું કેટલુંક છે; પરંતુ આગળ બીજા ભાગોમાં તો એનાથી પણ વધારે સરસ જણાયું. આથી એમ લાગ્યું કે આમ ને આમ જો

× શ્રેય એટલે અલૌકિક અથવા પારમાર્થિક હિત, અને પ્રેય એટલે લૌકિક હિત. મોક્ષ અને ભોગ, એ શબ્દોમાં પણ એજ ભાવ છે.

* યોગ એટલે ઇષ્ટ વસ્તુપદાર્થની પ્રાપ્તિ; અને ક્ષેમ એટલે પ્રાપ્તપદાર્થની રક્ષા. 'યોગક્ષેમવાહક' એટલે પોતાને શરણ થનારના યોગક્ષેમનું વહન કરનાર સર્વજ્ઞ-સર્વશક્ત-ભક્તવત્સલ શ્રીહરિ.

મહાભારતનું એકાદ અલગજ માહાત્મ્ય યોજાય તોતે હરકોઇને હરવખતે વાંચવું–સાંભળવું વધારે સુગમ થાય. આથી પછી મહાભારતમાં જ્યાં જ્યાં એ પ્રકારની સામગ્રી જણાઇ, ત્યાં ત્યાંથી તે એકત્ર કરાઈ. પછી એમાંથી જે જે શ્લોક–શ્લોકાર્ધ વધારે મહત્ત્વના જણાયા, તે તે યથામતિ ગોઠવીને 'મહાભારતમાહાત્મ્ય' એવા મથાળા નીચે આની પૂર્વનાં પૃષ્ઠોમાં ભાવાર્થસહિત અપાયા છે. એકાદ બે શ્લોક એમાં બહારના પણ છે. એ ઉપરાંત બીજી પણ જે જે શ્લોકાત્મક બાબતો પાઠક ભાઈબહેનોમાટે નિત્યોપયોગી લાગી, તે પણ મહાભારતમાંથી તથા અન્ય ગ્રંથોમાંથી લઇને **ભારતસાવિત્રીસ્તોત્ર, શ્રીકૃષ્ણાર્પણ, સત્યરૂપ પરમાત્માનું ધ્યાન, મંગલાચરણ, વૈદિક પ્રાર્થના, મહર્ષિઓને સ્મરણાંજલિ, પરમેશ્વરસ્તોત્ર** તથા શ્રીસ્તવપંચકસ્તોત્ર,એવાં મથાળાં નીચે (આની પહેલાંનાં પૃષ્ઠ ૩ થી ૧૯ સુધીમાં)અપાઈ છે. આશા છે કે પાઠક ભાઇબહેનોને પણ એ ગમશે, અને તેનો વારંવાર ઉપયોગ કરશે–કરાવશે.

એ પછીનાં છએક પૃષ્ઠમાં આ ગ્રંથસંબંધી હિસાબ, ખુલાસા, સૂચનાઓ, વગેરે જુદાં જુદાં મથાળાં નીચે અપાયું છે. એ તેમજ ઉપરે જણાવેલી બાબતો ઉપરાંત આ નિવેદન પછી જે જે બાબતો અપાઇ છે; તે સર્વની વિગત નીચે પ્રમાણે છે.

લેખનું મથાળું	પૃષ્ઠાંક
૧-ભારતસાવિત્રી-સ્તોત્ર … … … … … …	૩
૨-શ્રીકૃષ્ણાર્પણ … … … … … …	૫
૩-સત્યરૂપ પરમાત્માનું ધ્યાન… … … … …	૬
૪-મંગલાચરણ … … … … … …	૭
૫-વૈદિક પ્રાર્થના … … … … … …	૧૦
૬-મહર્ષિઓને સ્મરણાંજલિ … … … … …	૧૧
૭-શ્રી પરમેશ્વરસ્તોત્ર તથા શ્રી સ્તવપંચકસ્તોત્ર … … …	૧૪
૮-મહાભારતમાહાત્મ્ય … … … … … …	૧૭
૯-મહાભારતના ખર્ચ તથા મૂલ્યની ગણના … … … …	૨૨
૧૦-આ ગ્રંથના મૂલ્યાદિ વિષે સમજૂત … … … …	૨૨-૧
૧૧-વાંચનાર વગેરેને ખાસ સૂચના … … … … …	૨૨-૨
૧૨-મફત કે ઓછા મૂલ્યે માગનારને વિનતિ … … … …	૨૨-૪૦-ક
૧૩-એક બુકસેલરનો બળાપો અને તેનો રદીઓ .. … …	૨૨-૪૦-ખ
૧૪-નિવેદન (આ લેખ પોતેજ) … … … … …	૨૩
૧૫-પ્રકીર્ણ વિષયોની અને ચિત્રોની અનુક્રમણિકા તથા તેનું શુદ્ધિપત્ર ૩૨-૩૧,	૩૨-૩૨
૧૬-આદિ અને સભાપર્વની અનુક્રમણિકા … … … …	૩૨-૩૩
૧૭-આદિ અને સભાપર્વનું શુદ્ધિપત્ર … … … …	૩૨-૩૬
૧૮-ભિક્ષુની બક્ષામણ અને માગણી … .. … … …	૩૨-૪૬
૧૯-મહાભારતના આ પ્રકાશનનું વૃત્તાંત … … … …	૩૨-૫૬
૨૦-સદ્ગત શાસ્ત્રી [illegible] … … … …	૩૨-૫૫
૨૧-મહાભારતવિષે વિદ્વાનોના મનનીય વિચાર	
૧-[illegible]ના વિચાર … … … …	૩૨-૬૧
૨-પંડિત [illegible]ના વિચાર… … … … …	૩૨-૬૬
૩-પંડિત [illegible]ના વિચાર … … … …	૩૨-૪૬
૪-[illegible]ના વિચાર … … … …	૩૨-૬૭
૫-પંડિત [illegible]ના વિચાર … … … …	૩૨-૬૯
૬-[illegible]ના વિચાર … … … … …	૩૨-૬૯

૭–દેશહિતનિરત લાલા હંસરાજજીના વિચાર ૩૨–૫૦
૮–પંડિત નરદેવશાસ્ત્રી વેદતીર્થના વિચાર ૩૨–૫૦–ક
૯–પ્રૉફેસર દાવરના વિચાર ૩૨–૫૧
૧૦–કવિરાજ ન્હાનાલાલના વિચાર ૩૨–૫૧
૧૧–જગતવંદ્ય વિવેકાનંદજીના વિચાર ૩૨–૫૧
૨૨–મહાભારતવિષે ખાસ જાણવાજેવી હકીકતો
૧–શ્રીયુત ચિંતામણ વિ. વૈદ્યના કેટલાક વિચારો ૩૩
૨–શ્રીયુત રામદેવજીના કેટલાક વિચાર ૫૨
૩–કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના વિચાર ૫૫
૪–સ્વ૦ સાધુચરિત નારાયણ હેમચંદ્રના વિચાર ૬૦
૫–સાહિત્યસમ્રાટ બંકિમચંદ્રના વિચાર ૬૨
૨૩–શું દ્રૌપદીને પાંચ પતિ હતા? ૬૬
૨૪–પંડિત રાજારામની ભૂમિકા ૧૧૦
૨૫–શાસ્ત્રી કરુણાશંકરજીની ભૂમિકા ૧૨૦
૨૬–મહાભારતનાં પાત્રો ૧૫૬
૨૭–મહાભારતની સમાલોચના ૧૭૯

ઉપલા પૈકી આ નિવેદન પછીની કેટલીક બાબતોવિષે કહેવાનું કે:–

ભિક્ષુની ભલામણ અને માગણી—આ સંસ્થા તરફથી ચાલુ સાલે બહાર પડેલી તુલસીકૃત અને વાલ્મીકિ રામાયણોનાં નિવેદનોમાં જે જે ભલામણ, ભિક્ષા વગેરે વિષે લખાયું છે; તે આમાં પણ ઉપયોગી સમજીને આ મથાળા નીચે અપાયું છે.

મહાભારતના આ પ્રકાશનનું વૃત્તાંત—અત્ર તરફથી સંવત ૧૯૬૪ માં એક ચોપાનિયાદ્વારા જે જે લોકોપયોગી ગ્રંથો સ્વલ્પ મૂલ્યે પ્રસારવા જેવા જણાવાયલા, તેમાં મહાભારતનું પણ નામ હતું; પરંતુ કામ થવાનો આધાર તો જરૂરી સાધનસંયોગ ઉપર હતો. પછી એવિષે ક્યારે અને કેવી રીતે આ મહાભારતની યોજના શરૂ થઇ; શાથી પડી મૂકાઇ; ફરી પાછી તે કેવી રીતે શરૂ થઈ અને હાલના રૂપમાં પાર પડી; એ વગેરે હકીકત આ મથાળાનીચે અપાઇ છે.

સદ્‍ગત શાસ્ત્રી કરુણાશંકર ભાનુશંકર—મહાભારતના આ પહેલા અનુવાદક હોઇને વલસાડનિવાસી વે. શા. સં. શાસ્ત્રી મોતીરામ કલ્યાણજીના હાથે લખાયલા તેમના વૃત્તાંત ઉપરથી આ ચરિત્ર યોજાયું છે. પ્રથમ તો લોકોના સારા નશીબે એ સુયોગ્ય અને ભાવિક ભૂદેવનો યોગ થયેલો જણાયો; પણ પાછળથી એ નશીબ એવું પોલું નીકળ્યું કે મહાભારતનું અનુવાદન ત્રીજા ભાગનું (ભીષ્મપર્વસુધીનું) તેમના હાથે તૈયાર થયું; તેવામાંજ તેમને કોઈ દેવદૂત ઉપાડી ગયો! એઓ કેવા વિદ્વાન હતા; મહાભારતપ્રત્યે એમનો કેવો પ્રેમ હતો; સેવાવૃત્તિ કેવી હતી; કેવી રીતે તેમનો મેળાપ થયો; એ વગેરે હકીકત આ લેખમાં અપાઇ છે.

શાસ્ત્રી કરુણાશંકરજીની ભૂમિકા—આ ભૂમિકા આ પછીનાં પૃષ્ઠ ૧૨૦ થી ૧૫૫ સુધીમાં અપાયલી હોઇને સદ્‍ગત શાસ્ત્રીજીએ તે સંવત ૧૯૭૧–૭૨ માં તૈયાર કરી હતી. એમાં એમણે જે જે મુદ્દાઓ ઉપર લખ્યું છે તેમાં–જો તેઓ હયાત હોત તો–અત્યાર સુધીમાં સાધન અને માહિતીમાં ઘણો વધારો થવાથી–તેમણે પુષ્કળ શોધન વગેરે કરીને એ લેખ હજી વધારે ઉપયોગી બનાવ્યો હોત.

મહાભારતનાં પાત્રો ... જો સદ્‍ગત કરુણાશંકરજીના ... ... હોઇને એમાં ટીપણીરૂપે અપાયલી એજ વિ. ... હકીકતો નડિયાદનિવાસી ... પતિ

"સંક્ષિપ્ત મહાભારત"માંથી લેવાઇ છે.*

ઉપલી બાબતો ઉપરાન્ત અન્ય પણ જે જે વિદ્વાનોએ મહાભારતનાં ગુણગાન વગેરેથી પોતાની કલમને પુનિત કરેલી જણાઇ, તેમાંનું પણ પાઠક બંધુઓની સેવામાં જે જે રજુ કરવા જેવું લાગ્યું તે તે આ પહેલા ગ્રંથ સાથે જોડવામાં આવ્યું છે. વિશેષમાં એ વિષે કહેવાનું કેઃ—

'શું દ્રૌપદીને પાંચ પતિ હતા ?' એ શીર્ષક લેખ, લાંબો છતાં પણ ખાસ વાંચવા–વિચારવા જેવો છે; તેથીજ લેવાયો છે. શ્રીયુત મગનલાલ માણેકલાલ ઝવેરીએ એ લેખ કેવી લાગણી અને મહેનતથી તૈયાર કર્યો છે; એ વાત વાંચનારને તેના વાંચનથી આપોઆપ સમજાઇ જશે. એ લેખ સંવત ૧૯૭૨ માં તેમણે પુસ્તકાકારે છપાવેલો તે ઉપરથી એ લેવાયો છે. એ લેખ તૈયાર કરવામાં હેતુ તેમણે "એક પ્રાચીન હિંદુ સતીના ઉજ્જ્વલ ચારિત્ર્યપરનું લાંછન દૂર કરવાનો પ્રયત્ન" લખ્યો છે; તે હેતુ અને પ્રયત્ન કેવો પ્રશંસનીય છે; અને એમાં તેઓ કેટલા સફળ થયા છે, તે વાંચનારને તરતજ સમજાઇ જશે.

શ્રીયુત ચિંતામણ વિનાયક વૈદ્યના કેટલાક વિચારો—આ સમર્થ વિદ્વાન મહાભારતના ઉંડા અભ્યાસી હોઇને મરાઠીમાં એક ઉત્તમ અનુવાદ પણ તૈયાર કરી પ્રસિદ્ધ કરાવી ચૂક્યા છે. એ ઉપરાંત એ મહોદયે મહાભારતના દશમા ભાગતરીકે મહાભારતના ઉપસંહારવિષેનો મરાઠી ગ્રંથ તૈયાર કરીને સંવત ૧૯૭૪માં પ્રસિદ્ધ કરાવ્યો હતો. એ ભાગ પાછળ તો તેમણે ઘણોજ પરિશ્રમ કરેલો જણાય છે.× એમણે મહાભારતવિષે એક અંગ્રેજી પુસ્તક છપાવેલું;તે ઉપરથી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ **'મહાભારતની સમાલોચના'** નામક ચોપડી પ્રસિદ્ધ કરી હતી. એમાંના કેટલાક ઉતારા આ મથાળા નીચે અપાયા છે.

'મહાભારતની સમાલોચના'ને લગતો જે લાંબો વિષય પૃષ્ઠ ૧૭૯ થી ૩૧૨ સુધીમાં અપાયો છે, તેના મૂળલેખક શ્રીપાદ દામોદર સાતવળેકર છે. એમના તરફથી દોઢ–બે વર્ષપર હિંદીમાં નીકળેલા "મહાભારતની સમાલોચના" ના બન્ને ભાગોનો એ અનુવાદ છે. તેમની એ સમાલોચનાને મહાભારતને વાંચવા–સમજવાની આંખ પણ કહી શકાય, ને પ્રાચીન સમયના ઐતિહાસિક ઉંડાણ–ઉડાણમાં ઉડવા–ઉતરવાની પાંખ પણ કહી શકાય. એમાંથી જે ઉત્તમ આંખ અને પાંખ પ્રાપ્ત થાય છે, તેના પ્રતાપે મહાભારતમાં વર્ણવેલી અનેક ચિત્રવિચિત્ર બાબતો સમજવી સુગમ થાય તેમ છે. શ્રીમાન સાતવળેકરજીની સૂક્ષ્મ બુદ્ધિએ એ દ્વારા મહત્ત્વપૂર્ણ પ્રકાશ નાખેલો હોવાથી એને સૂક્ષ્મદર્શક યંત્ર અથવા તો દેવતાઈ ફાનસ પણ કહી શકાય. સાતવળેકરજીના એ બંને ભાગ અનેકવાર વાંચવા છતાં એમાંથી પડતું મૂકવા જેવું જણાયું નહિ તેથીજ એમાંનું બધું લખાણ લેવાયું છે. આશા છે કે, સમજુ વાંચનાર ભાઇબહેનો એ લાંબો લેખ પણ એકવાર પૂરેપૂરો વાંચી જશે.

તેઓ એક સંસ્કૃત પંડિત અને મહારાષ્ટ્રીય વિદ્વાન હોવા સાથે હિંદીના પણ પ્રસિદ્ધ વિદ્વાન છે. 'મહાભારત' ગ્રંથ એઓ અત્યારે મૂળ તથા હિંદી ભાષાન્તરસહિત માસિક પત્રરૂપે પ્રસિદ્ધ કરી રહ્યા છે. એ પૂરેપૂરા સચિત્ર મહાભારતનું મૂલ્ય, પ્રથમથી નાણાં ભરનાર માટે તેમણે રૂ. ૫૦) રાખ્યું છે. નવીન ભાષાંતર, નવાં ચિત્ર અને બીજા અનેક પ્રકારના ખર્ચ તરફ જોતાં કીમતે એ કાર્ય કેવા ચમકથી અને નિસ્વાર્થ ભાવથી ઉપાડ્યું છે, એનો તેમણે રાખેલી

* એ ગ્રંથ એમણે [illegible] અને [illegible]પૂર્વક તૈયાર કર્યો છે. [illegible] પૃષ્ઠ ૨૩૦, મૂલ્ય [illegible], પ્રકાશક [illegible] અમદાવાદ.

× એ પુસ્તકનું નામ 'श्रीमन्महाभारताचे मराठी सुरस भाषांतराचा उपसंहार' છે; [illegible]

કિંમતજ કહી આપે છે. માત્ર મહાભારતજ નહિ, પરંતુ હિંદી તેમજ મરાઠી ભાષામાં મહત્ત્વના વિષયો ઉપર ઉંડા અભ્યાસ અને આયાસપૂર્વક તેઓ ઉત્તમ માસિકો પ્રસિદ્ધ કરી રહ્યા છે. આવી વિદ્વત્તા, શ્રમશીલતા, વિચારણા, શોધક વૃત્તિ, સાદાઇ અને કશા પણ ટોળદમામ વગર કામ કર્યે જનારા, એમના જેવા દેવદૂતસમા વિદ્વાન આ તરફ તો પાકે ત્યારે ખરા !*

લોકમાન્ય તિલક મહારાજના વિચારઃ—આ મથાળાવાળી બાબત તિલક મહારાજે લખેલી, 'ભારતીય યુદ્ધ' નામક મરાઠી પુસ્તકની પ્રસ્તાવનામાંથી લીધી છે. માત્ર મહારાષ્ટ્રનાજ નહિ, પરંતુ સમગ્ર ભારતના તિલકરૂપે શોભનાર સ્વનામધન્ય તિલક મહારાજનું નામ ગુજરાતમાં કોને અજ્ઞાત હોય! મહાભારતના તો એ નિત્યના પાઠક, રસરહસ્યનું પાન કરનાર અને બને તેટલું વધારે અમલમાં મૂકી બતાવનાર રાષ્ટ્રગુરુ હતા. જે પણ વિષય હાથમાં લે, તેમાં એ બને તેટલા ઉંડા અભ્યાસી અને એકનિષ્ઠ રહેતા. જે પુરુષ એવા દેશદશાની અંગત માહિતીપૂર્વક લોકહિતના ઉંડા વિચારક અને પાયાભૂત પ્રવૃત્તિધારક હોય; જે પુરુષ, જગતભરમાં જેના જોટા નહિ એવા ગ્રંથોના રચનાર, સર્વ અગ્રેસરો કરતાં સૂક્ષ્મ બુદ્ધિ ધરાવનાર અને ગીતાને સમયાનુસાર કર્મયોગરૂપે યોજી તેના પ્રચારમાટે પણ શ્રમ અને ધનવ્યય ઉઠાવનારા હોય; જે પુરુષ 'કેસરી' જેવા ઉપયોગી અને અત્યંત સ્વલ્પ મૂલ્યવાળા વર્તમાનપત્રના પ્રયોજક, પ્રવર્તક અને તેને નિર્ધન મહારાષ્ટ્રમાં ઘરોઘરનો પ્રીતિપાત્ર સલાહકાર બનાવનાર હોય; સરકારની વધારે વિલક્ષણ નીતિ છતાં પણ જે પુરુષ ચોખ્ખે ચોખ્ખું કહી દેનાર, દેશહિતાર્થે સજા સહેનાર અને તેમ કરીને 'કેસરી' તેમજ 'તિલક' નામને શોભાવનાર તથા અન્યપ્રકારે પણ ભારતવાસીઓમાં લોકસેવાનો નમુનો બની જાણનાર હોય; એવા ભવ્ય રાષ્ટ્રસેવક તો ભારતવર્ષમાં એકમાત્ર નરકેસરી તિલક મહારાજજ હતા. એમનું જીવન એક આ મુદ્દો પણ સ્પષ્ટ સૂચવી રહ્યું છે કે, અસામાન્ય રાષ્ટ્રસેવક નીવડવા ઇચ્છનારે પોતાના ઋષિમુનિઓ અને મહાત્મા—વીરાત્માઓનાં કથન—વર્તનને તો સર્વથી પ્રથમ અને સારી પેઠે શીખવાં—શીખવવાં જોઇએ. વેદ, મહાભારત, ગીતા અને રામાયણાદિ મહત્ત્વપૂર્ણ ગ્રંથો ઉપરાંત રાજર્ષિ શિવાજી મહારાજ, અને તેમના ગુરુદેવ રામદાસ જેવા બ્રહ્મર્ષિના આદર્શભૂત આચારવિચારો એમણે કેટલા ઉંડાણથી સમજી લીધા હશે, તે એ ઉપરથી પણ સમજાશે કે મહારાષ્ટ્રમાં ગણપતિના તહેવારો, કસરતી અખાડા અને શિવજયંતિ વગેરે મહત્ત્વપૂર્ણ કાર્યોના તેઓ ઉંડા વિચારક સાથે પ્રચારક પણ બની શક્યા હતા. એમની પણ જીવતાં જીવત જન્મતિથિ દરવર્ષે ધામધૂમથી ઉજવવા—ફેલાવવા માગનારા મિત્રો, નોકરો, આશ્રિતો વગેરે મળ્યાજ હશે; પરંતુ

* એ મહોદયનું સ્થળ 'સ્વાધ્યાય મંડળ' મુકામ ઔંધ, જીલ્લો સતારા છે. એ મંડળના આત્મા તેઓ છે. તેમના તરફથી હિંદીમાં નીકળતા માસિકનું નામ વૈદિક ધર્મ છે; તથા મરાઠી માસિકનું નામ પુરુષાર્થ છે. જેમને વેદ, યોગ, ભક્તિ, આરોગ્ય, ઇત્યાદિના સંબંધમાં મહત્ત્વના લેખો વાંચવા હોય, તેમણે એ માસિકોના જરૂર ગ્રાહક થવું જોઇયે. 'વૈદિક ધર્મ'ની હિંદી ભાષા બહુજ સરલ અને ગુજરાતી પાઠકોથી સમજી શકાય તેવી છે. મહાભારતના મૂળ શ્લોકોમાં ઋષિમુનિઓએ જે અપારવિદ્વત્તા અને અતિ ઉન્નતહૃદય ઠાલવ્યાં છે; તેની મઝા માણવા ઉપરાન્ત જેમને ભારતમૈયાની રાષ્ટ્રભાષા—હિંદી—નું પણ આસ્વાદન લેવું હોય, તેમણે તો આર્થિક અગવડ હોય તો અત્ર તરફનું આ મહાભારત લેવાનું બંધ રાખીને પણ એજ સ્થળનું મહાભારત ખરીદવું જોઇયે. મૂલ્ય એનું રૂ. ૫૦) રખાયું છે, તે તરતને માટે અને પ્રથમથી પૈસા ભરી દેનાર માટે છે. માટે એના ઇચ્છુકે સત્વર ગ્રાહક થવું જોઇએ. એ મહાભારતના નીકળેલા અંકો તરતજ મળી જશે બાકીના નીકળશે તેમ તેમ મળશે. પાછળથી એની કિંમત ઘણું કરીને ૭૫) ઠરાવેલી યાદ છે. માટે ઇચ્છા હોય તેમણે તરતજ એ ઠેકાણે લખીને જોઇતી હકીકત મેળવવી.

આ નરકેસરી તેથી ફુલાઇ જાય, તથા વધારે માન લેવામાટે–ઉપર ઉપરની ના, ને અંદર હાની મા! એવું કરવાવાળા ખુબાખુબ કીર્તિપ્રેમી ન હતા. કોઈ પણ બાબતમાં અંતરના અભાવસૂચક સાચા નકાર તો જુદીજ જાતના હોઇને તેનું પાલન પણ થયા વિના રહેતુંજ નથી. તિલક મહારાજનું જીવનવૃત્તાંત ગુજરાતવાસીઓએ પણ અનેક પ્રકારે જાણવા–સમજવા જેવું છે. ×

મહાભારતવિષેના વિચારસંગ્રહમાં લોકમાન્ય ઉપરાંત કવિસમ્રાટ રવીન્દ્રનાથ ઠાકુર, મ૦ ગાંધીજી, પંડિત રામજીલાલ શર્મા, પંડિત જયગોપાલવિદ્યાભંડાર, લોકહિતનિરત લાલા હંસરાજજી, પંડિત નરદેવશાસ્ત્રી, પ્રૉ૦ દાવર, કવિરાજ ન્હાનાલાલ, જગતવંદ્ય વિવેકાનંદજી, ઇન્ડિયન પ્રેસ પ્રયાગ, પંડિત રાજારામ, પંડિત ઇશ્વરીપ્રસાદ શર્મા, શ્રીયુત રામદેવજી અને સાધુચરિત નારાયણ હેમચંદ્ર, એમના વિચારો અપાયા છે; તે પણ વાંચવાવિચારવા જેવા છે.

ટુંકમાં એજ કહેવાનું કે, આ ઉપયોગી લખાણોવાળાં ચારસો પૃષ્ઠ વાંચ્યા–સાંભળ્યા વિનાજ મહાભારતનું વાચન–શ્રવણ આદરવું, એહવે તો વગર આંખે હિંદના સ્વર્ગ–કાસ્મીરમાં વિચરવા જેવું જાણવું. એ લેખો માત્ર મહાભારત વાંચવા પૂર્વેજ નહિ, પરંતુ વાંચી રહ્યા પછી પણ કમમાં કમ એકવાર વાંચવા–સાંભળવા જોઇએ. વધારાનાં આ ચારસોક પૃષ્ઠ પાછળ સમય, શ્રમ અને ખર્ચ તદ્દન વધારાનો અને અણધાર્યો હોવા છતાં તે થવા દીધો છે; તે ઉપરથી પણ એ લેખોની અગત્ય પાઠક બંધુઓના ધ્યાનમાં આવી જઇને એકવાર તો એમાંનો એકે એક લેખ વાંચશેજ; તથા એમાંના જે જે વિચારો વધારે અગત્યના અને ઉપકારક લાગે તેને તેઓ બીજાઓમાં પણ પ્રચલિત કરવા ચૂકશે નહિ. અલબત્ત, જેમ બધા પાઠકો એકજ કક્ષાવાળા હોતા નથી; તેમ લેખો પણ બધા એકસરખા મહત્ત્વના હોતા નથી; અને હોય તોપણ તે સર્વ કોઇને તો તેવા લાગેજ નહિ.

ઉપલા લેખો પૈકી જે જે ગુજરાતીમાં લખાયલા હતા, તે તો લગભગ જેમના તેમ લેવાયા છે અને બાકીના લેખો સ્વતંત્રાનુવાદરૂપે લેવાયા છે. એ સર્વ લેખોના લેખક તેમજ પ્રકાશક મહાશયોનો આ સ્થળે હૃદયપૂર્વક ઉપકાર માનવામાં આવે છે.

મહાભારત ગ્રંથ સમૂળગો વાંચે–સાંભળે નહિ, તેના કરતાં તો ભલે જે કોઇ નવલકથાની પેઠે જેમ તેમ વાંચી–સાંભળી જાય તે પણ સારૂં છે; પરંતુ એ બાબતમાં વિદ્વાનોના હિતાવહ વિચાર અને સલાહસૂચનાદિ વાંચ્યા–સાંભળ્યા પછીજ જેઓ મહાભારતને મનનપૂર્વક વાંચે–સાંભળે, તેમને માટે તે અનેકગુણ લાભદાયક નિવડે, એ પણ સ્પષ્ટજ છે.

મહાભારતરૂપી મહાલયના આન્તરિક ભાગમાં યોજના, રચના, હેતુ, રહસ્ય, વ્યવસ્થા, ઉપકારકતા, ઉપયોગ તથા ચારિત્રચિત્રો અને આખ્યાનપ્રતિમાઓ વગેરે જે જે રહેલાં છે તે વિષે; તેમજ એ મહાલયનાં ઓસરી, આંગણાં અને બાગબગીચા વગેરે બાહ્ય ભાગોવિષે પણ પાઠક બંધુએ જો પ્રથમથીજ માહિતી મેળવી લીધી હોય; તથા મહાલયની આન્તરબાહ્ય રચનામાં વપરાયલી કળા–કુશળતા અને ઉપકારકતા વગેરે ઝીણવટથી જોવા–સમજવા સારૂ તેણે ઉપયોગી ચશ્માં પણ પહેરી લીધાં હોય; તો તો એ તમામ દૃશ્ય–રહસ્ય તેને એવાં સારૂ દેખાય–સમજાય; અને તેના પરિણામે જ્ઞાન–ચારિત્ર, સુખ–સામર્થ્ય અને આનંદ–ઉત્સાહ પણ એટલાં બધાં જાગવા–ખીલવા પામે, કે કહેવાની વાતજ નહિ.

એકાદ ગામડીઓ વગર પૂછપેગાછયે વડોદરાના રાજમહેલના આંગણામાં ઘુસી જાય

× એમનું એ ચરિત્ર મરાઠીમાં કેટલાક ભાગોમાં નીકળ્યું છે. પૂનાના 'કેસરી' કાર્યાલયમાં તે મળશે. એક ભાગ હિંદીમાં પણ નીકળ્યો છે. એનું નામ લોકમાન્ય તિલક કા ચરિત્ર, પૃ ૮૫૦, [illegible], ભાગ ૪) અને ઠેકાણું અરૂણોદય પ્રેસ, [illegible]-મુંબઈ છે.

તો ચોકીદાર તો વળી બહુ તો (જો તે દયાળુ હોય તો) બાગબગીચાઓમાંનાં ઝાડ-બીડ જોવા દે; પરંતુ તે છતાં પણ તે તેને 'ગામડીઓ ગમાર' તો જરૂરજ ધારે. અસ્તુઃ એ તો થવું હોય તે થાય; પરંતુ એ ગામડીઓ તો એ બાગબગીચાનાં દશ્યથી ખુશ ખુશજ થઈ જઈને ઘડીભર એ સ્થાનને સ્વર્ગધામની પણ ઉપમા આપી દે. આ પ્રમાણે તેને સુખલાભ તો ઘડીભર મળેજ; પણ એમ નહિ કરતાં જો તે એ મહેલની બાહ્યાંતર રચના, યોજના, દશ્ય, વસવાટ, વહીવટ, દેશકાળ, રીતભાત, રાજા, રાજકુટુંબ, વહીવટદાર, નોકરચાકર ઈત્યાદિવિષે પ્રથમથીજ જરૂરી માહિતી મેળવી ચૂકયો હોય અને તે પછીજ તે સ્થળમાં પ્રવેશ્યો હોય; તો તો વળી એને ઘણું ઘણું જોવા-સમજવાનું અને મોટમોટાં માનવો સાથે હળવામળવાનું પણ મળી જાય; અને તેથી એને સારા સારા સ્થાયી લાભ પણ મળીજ જાય.

એકાદ પત્રાવળીનેજ લ્યો. ભલે એ પત્રાવળીમાં કોઈ પરમ કુશળ રસોઇઆની વાનીઓ પીરસાઇ હોય; અને તેની સાથે કોઇ કુશળ પીરસણીઆએ તેમાંની પ્રત્યેક વાનીના જૂદા જૂદા સ્વાદ, ગુણ, ખાવાના ક્રમ અને લાભાલાભ વગેરે પણ બતાવ્યા હોય; છતાં પણ જો તે ગામડીઓ તેના તરફ ધ્યાન નહિ આપતાં જે પણ હાથમાં આવે તે મોઢામાં મૂકયો જાય; તો તો પછી તેનીજ મૂર્ખતા કે બીજું કાંઇ! ન કરે નારાયણ ને મીઠામરચાનીજ ઢગલીઓ પ્રાથમિક કોળીઆરૂપે તેના મુખમાં પહોંચી જાય, તો તો તે બિચારો "બળ્યુ આ હાળુ રાજા શ્યાબ્યનું ખાવાનું! એણે તો મારીને મોઢુંજ બગાડી નાંછ્યું!" એમ કહીને નાસી જાય તોપણ નવાઇ નથી.

માટે પુનઃ પણ કહેવાનું કે, પાઠકબંધુને એવું ન થતાં મહાભારતરૂપી આ અતિઉપકારક ગ્રંથનો લાભ તેમને વધારે ઉંડાણથી, વધારે પ્રમાણમાં અને વધારે સહેલાઇથી પ્રાપ્ત થાય; એટલાજ સારૂ ઉપરોક્ત માહાત્મ્ય અને લેખો વગેરે અપાયું છે; અને તેથી કરીને વાંચનારે પણ એમાંનો એકેએક લેખ વાંચ્યાવિના મૂકયો નહિ.

વાંચનાર બંધુ! આ પ્રમાણે જે ચારસોક પૃષ્ઠનો થોકડો આમાં આ સેવકે ઉમેરી લીધો છે, તેમાં તેનું પોતાનું તો 'મુસાભાઈનું વા ને પાણી' જેવુંજ હોઇને મુદ્દામાલ તો ભિખારીવેડાથીજ યોજાયો છે. મહાનુભાવો અને વિદ્વાનોના વિચારોમાંથી જે પણ ઠીકઠાક જેવું લાગ્યું તે પ્રથમ તો ઝોળીમાં ભરી લેવાયું; અને પછી તેમાંથી તાછી તાછીને જે જે વાનીઓ તમારે માટે કંઇપણ વધારે ઠીક લાગી તેજ આ પત્રાવળીઓમાં (પૃષ્ઠોમાં) પીરસાઇ છે.

મહાભારતનું ભાષાન્તર, તેમજ ઉપર જણાવેલા લેખોની મળીને જે હજારો પત્રાવળીઓ તૈયાર થઈ, તે દરેક પત્રાવળીને પાછી એકની અનેક બનાવી દેવા માટે છાપખાનામાં અપાઇ ગઇ; અને અપાયા પછી પ્રેસના ભૂત-ભૂતેશ્વરાદિએ પણ તેના ઉપર (સં. ૧૯૮૨ ના શિયાળાથી માંડીને આ ભાદ્રપદ સુધીનાં) પોણાબે વર્ષસુધી યંત્ર, મંત્ર, તંત્ર વગેરે એવાં તો ચાલુ કરી દીધાં કે જેથી (તેમજ વિદ્યુત્ ભવાનીની શક્તિ-ભક્તિ તો પ્રથમથીજ પ્રાપ્ત હતી તેથી) એ દરેકે દરેક પત્રાવળીમાંથી એકની અનેક બની ગઇ! છાપખાનું સંસ્થાનું રહ્યું, તેથીજ આ કાર્ય આ પ્રકારે ઉકલી શકયું; અને આ મહાભારતરૂપી મહાવાટિકાઓ એકમાંથી અઢી હજાર જેટલી બની ગઇ! આ પ્રમાણે તૈયાર થયા પછી એ પ્રત્યેક મહાવાટિકાને પાછી સાત સાત ઉપવાટિકાઓમાં (સાત ભાગોમાં) વહેંચી નંખાઈ છે; અને તેથી એ ઉપવાડીઓની સંખ્યા તો ખાસી અઢાર હજારે પહોંચી ગઈ છે. એ પેટાવાડીઓમાં જો કે ગોઠવાઇ છે તો સરાસરી સાતસો-સાડીસાતસો પત્રાવળીઓ (પૃષ્ઠસંખ્યા); પરંતુ તે દરેક પત્રાવળીને એમાં એવી રીતે એક ઉપર એક ગુંથી લેવાઇ છે, કે જેથી એટલી બધી પત્રાવળીઓ છતાં પણ તેમાંથી જમવાનું તો એકીવેળાએ એકજ માનવથી બની શકવાનું!

હા, એક બીજો રસ્તો છે ખરો. તે એ કે, એકાદ સારા અવાજવાળો પીરસણીઓ યોજવા-

માં આવ્યો હોય; તો તે પોતાની ચક્ષુચાંચદ્વારા એક તરફથી વિવિધ પ્રકારની વાનીઓ મનરૂપી મોટા ઓચીઆમાં ઝપાટાબંધ ભરતો ચાલે; ને બીજી તરફથી ઘાંટારૂપી મજબૂત સૂંઢદ્વારા એવી તો સફાઇથી પીરસતો ચાલે; કે જેથી એકી વેળાએ સાતસો તો શું પણ સાત કે સત્તર હજાર જેટલી પણ જ્ઞાનભિક્ષુઓની જમાત જમી ગઇ હોય તો તેટલાને પણ તેમાંની દરેકે દરેક વાની, તુરતાતુરત એકની અનેકરૂપે નિવડતી ચાલી એકસાથે દશેદિશામાં પહોંચતી ચાલે! વળી એથી કરીને આનંદાસ્વાદ પણ એમાંથી જરા સરખો ઘટવા નહિ પામતાં એ ભવ્ય ભિક્ષુઓના મનૈક્યને લીધે ઉલટો વધારેજ આવ્યા કરે!! હા, એટલું ખરૂં કે, એ વિશાળ શ્રોતા-સમાજ સુખ-શાંતિથી તથા ઐક્યપૂર્વક બેસવા-જમવાવાળો હોવો જોઇએ. વળી દરેક ઇચ્છુકે પોતાના કર્ણ-કટોરાઓ પણ તે જ્ઞાનામૃતના પ્રવાહ તરફ, તથા જબરદસ્ત પીરસણીઆની વાણીરૂપી સૂંઢ તરફ એવા એકાગ્ર ચિત્તે ધરી રાખવા જોઇએ, કે જેથી તે દ્વારા પીરસાતું કથામૃત અને તેની સાથે જોડાયલી બીજી પણ જ્ઞાનચારિત્રવર્ધક વાનીઓ તે કટોરામાં જઈ પડતાંજ પાછી ત્યાંથી બૉલ-દડાપેરે નાચતી કૂદતી સીધેસીધી હૃદયમંદિરમાંજ પધારી જાય!

આ પ્રમાણે જો આ પત્રાવળીઓનો લાભ કોઇ લઇ જાણે–અર્થાત એમાંની અતિ હિતાવહ વાનીઓને જે કોઇ ખરા મનથી કર્ણપાત્રદ્વારા આરોગે, અને બીજા કાનદ્વારા કહાડી નહિ નાખતાં અંદર મનબુદ્ધિ સુધી પહોંચી જવા દે; તો તો વળી એમાં એવો જાદુઇ ચમત્કાર છે કે આ સમગ્ર સંસારને તપાવી રહેલા ત્રિવિધ તાપ તો તેના તનમનમાં ટકવાજ પામે નહિ! એટલુંજ નહિ પણ જો તીવ્ર ઇચ્છા હોય તો તો પછી તે પ્રબળ શત્રુજી પણ સદાનેજ માટે પલાયન થઇ જાય, અને એમ થયું એટલે તો પછી આ પવિત્ર પત્રાવળીઓનો તે ભાવિક લોકો પણ સદાને માટે તૃપ્તાત્મા, શાન્તાત્મા, સિદ્ધાત્મા, સર્વાત્મા અને નરનો નારાયણ સુદ્ધાં બની જાય!

વાંચનાર બંધુ! તમારાં અને તમારા પૂર્વજોનાં કોઈ પુણ્યપ્રતાપેજ તે દયાના અમાપ સાગર શ્રીહરિએ આવા પ્રકારની ભાતભાતની પત્રાવળીઓ અને વાડી-મહાવાડીઓ તમારે માટે તૈયાર કરાવી છે. એને તૈયાર કરનારા પણ કેવા? એ તો રહ્યા વ્યાસ અને વાલ્મીક જેવા યોગેશ્વર મહર્ષિઓ. એમણે આપ સર્વ માટે આવી જે જ્ઞાનચારિત્રવર્ધક અને તુષ્ટિપુષ્ટિદાયક ઉત્તમોત્તમ પત્રાવળીઓ બનાવી છે; તે એવી તો કાળજીથી, યોગશક્તિથી અને કળાકૌશલ્યથી તેમણે બનાવી છે કે જેથી કરીને તે સાક્ષાત્ પ્રભુની પોતાનીજ પ્રસાદીરૂપ બની રહી છે!

આવી અનુપમ પત્રાવળીઓના એ મૂળ પ્રણેતાઓ જાદુગર પણ જબરાજ હોવા જોઇએ. કેમકે જે પણ પત્રાવળી પીરસાઈ ગઈ તે બહુજ સ્વાદિષ્ટ બનવા ઉપરાંત ખુબીદાર પણ એવી બની રહી છે, કે તેને જ્યાંસુધી ફાડી તોડીને ફેંકી દેવામાં આવે નહિ, ત્યાંસુધી ગમે ત્યારે અને ગમે તેટલી વાર તથા ગમે તેટલી પેઢીઓ સુધી તેમાંનાં માલપાણી કઢાયા કરે તોપણ ન તો તેમાંની કોઇ વાની તલમાત્ર ઓછી થાય; કે ન તો જરા સરખો સ્વાદ ઓછો થાય! અરે ઓછું થવાની વાત તો રહી, પણ એમાંની હરકોઇ અથવા ગમે તેટલી પત્રાવળીઓને પુનઃ પણ એકની અનેક બનાવવી હોય; અને પાછી તેમાંથી પણ એકની અનેક–એમ ગમે તેટલી વાર ગમે તેટલી સંખ્યામાં બનાવવી હોય, તો તેમ પણ બન્યાજ કરે! હા, એમાં જટેશ્વર (ધનકુબેર) જેવા ઓરદેવ (યુરોપીયન) દૂત એકાદ વિશાળ કાયાવાળો અને ઠેઠ વિલાયતથી આવી પહોંચેલો કાળા ભૂત જેવો રાક્ષસ પણ તંત્રમંત્રથી સાધી લેવો જોઇએ; તથા તેની સાથે એકાદ-બે શરીરધારી જીનો, પાંચપંદર દૂતો અને એકાદ દૂત-જીનેશ્વરને પણ એવા પ્રકારના સાધી લેવા જોઇએ કે જે યંત્રમંત્ર ને તંત્રના હુન્નરમાં પ્રવીણ અને લીન તથા નિયમિત રહે એવા હોય.

વાંચનાર ભાઇબહેનો! આ પ્રમાણે જે પણ આકાર પ્રકારથી આ ભાતભાત ઉપજાવીકાએ-

વાળી મહાભારતરૂપી અનેકાનેક મહાવાટિકાઓ શ્રીહરિએ તમારે માટે તૈયાર કરાવી છે, તેનો લાભ તમે જેટલો પણ લેવાય તેટલો ઔષધવાટિકા કરતાં પણ વધુ મહત્ત્વની વાટિકા સમજીને સારીપેઠે તથા સાચા મનથી લેજો; અને બીજાઓ પણ લે તેમ કરજો; તથા પુનઃ પણ ધ્યાનમાં રાખજો કે, એમાં (મહાભારત અને રામાયણમાં) પીરસાયલી વાનીઓને પકાવનાર પાકશાસ્ત્રી (રસોઇઆ) એવા તો રસાયનશાસ્ત્રી અને રસસિદ્ધો માંહેલા હતા કે જે સિદ્ધાત્માઓના કહેવા મુજબ જે કોઈ માનવ ચાલે, તે આ ને આજ જન્મમાં મ્હોટા પદપર મ્હાલે તેમ છે. અર્થાત એમની ઉચ્ચતમ નીતિરીતિને અનુસરનારા માનવનાં સર્વ દુઃખદારિદ્રોને સદાકાળને માટે પલાયન થઈ જઇ નાશજ પામવું પડે છે. એ પ્રાતઃસ્મરણીય વ્યાસ ભગવાન અને મહર્ષિ વાલ્મીકિના અપૂર્વ જ્ઞાનચારિત્રમાંથી ઉદ્ભવેલી મહાભારત ને રામાયણરૂપી પત્રાવળીઓ એવી તો પ્રયોગસિદ્ધ અને રાસાયનિક વાનીઓથી ભરપૂર છે કે જેવી વાનીઓ અને પત્રાવળીઓ જગતભરમાં કોઇથી પણ બનાવી શકાઈ નથી અને બનવાની પણ નથી.

હવે આ પત્રાવળીઓના રસેશ્વર પ્રણેતાઓ જેમ બ્રાહ્મણ છે; તેમ એમાંની દેવભાષામય દિવ્ય વાનીઓને હાલના જમાનાને બંધબેસતી બનાવવાવાળા–ગુર્જર ભાષામાં ફેરવી આપનારા પણ બ્રાહ્મણપુત્રોજ છે. તેમના હાથની આ ભાષાંતરરૂપી રસોઇ બ્રાહ્મણીઆ હોવા ઉપરાંત સદાને માટે તાજી તાજી ને આભડછેટથી તો પ્રથમથીજ મુક્ત છે. જેથી આશા છે કે, જ્ઞાનચારિત્રના ભોજનેચ્છુ પ્રત્યેક પાઠકને તે જરૂર ભાવશે. પછી તો સાચી ભુખ સાથે; સાચા સુખાનંદના વેષે ભૂતપેરે વળગી પડેલા દુઃખાનંદ સાથે; અને અનિત્ય જડ તથા દુઃખરૂપ પદાર્થો સાથે બંધાયલી નિત્યબુદ્ધિ, ચેતનબુદ્ધિ અને સુખબુદ્ધિરૂપી કુબુદ્ધિ સાથે જેને જેવી લેણાદેણી!

પાઠકબંધુ! આ પ્રમાણે આ મહાભારતરૂપી મહાવાટિકા જે પણ રૂપરંગમાં તમારી આગળ રજુ કરાઈ છે; તેને માટે જો કાંઇ પણ થોડોઘણો ઉપકાર માનવાની વૃત્તિ તમને થઈ આવે, તો સર્વથી પ્રથમ તો તેના આદ્યપ્રણેતા એવા તે તમારા પૂર્વજ ઋષિમુનિઓનોજ માનજો. અને તેથી પણ આગળની હેડઓફિસ સુધી પહોંચી શકો તેમ હો, તો તો તે અકથ્ય મહિમાવાળા પરમાત્મદેવને પણ અનેકાનેક પ્રણતિપૂર્વક અપાય તેટલો યશ આપજો, કે જે દેવાધિદેવના એકેક રૂંવાટામાં અનેકાનેક ઋષિમુનિઓ વસતાથકા સચ્ચિદાનંદમય મહાપદને માણી રહેલા છે.

પરંતુ એ તો ઋષિમુનિઓની પેલી તરફની વાત થઇ. જેમની દૃષ્ટિ ત્યાંસુધી પહોંચી શકે, તેમને તો આ સેવકનાં અનેકાનેક નમન–વંદન છે. પરંતુ આ કળિકાળમાં તો કોઇ વિરલ માનવનીજ દૃષ્ટિ ત્યાંસુધી પહોંચી શકે તેવું હોઈને ઘણાખરાઓની દૃષ્ટિ તો આ દૃશ્ય પદાર્થો તરફજ હોય છે. માટે એવા સજ્જનોને પણ સૂચવવાનું કે, તે પરમ પિતાને અથવા મહાન ઋષિમુનિઓને બદલે કોઇ વર્તમાન યુગનાજ માનવોને આ મહાભારતપ્રકાશનનો યશ આપવો હોય, તો તો તે મહાભારતની આગલી ગુજરાતી આવૃત્તિના અમદાવાદનિવાસી અનુવાદક–પ્રકાશકને, તથા તે કામમાં સહાયક બનવાનું સૌભાગ્ય ધરાવનાર સદ્ગત ભાઇશંકર નાનાભાઇને આપવો જોઇએ. (કેમકે તેમણે મહાભારત કઢાવ્યા પછીજ અન્ય પ્રકાશકની વૃત્તિ તે તરફ ગઇ હતી.) એઓ પછી એ યશ સદ્ગત ઈચ્છારામ સૂર્યરામ અને તેમના અનુવાદકોને આપવો જોઈએ. (કેમકે એ બંને સ્થળેથી નીકળેલાં ગુજરાતી ભાષાન્તરો જોવાથીજ મહાભારતનો વિશેષ ખ્યાલ આ સેવકને આવ્યો હતો.) અને તે પછી પણ આ સેવકને તે આજુપરજ રહેવા દઇને અત્ર તરફના અનુવાદક બન્ને વિદ્વાન સજ્જનોને–સદ્ગત શાસ્ત્રી કેશવશંકરજી તથા વિદ્યમાન શાસ્ત્રી ત્રિભુવનશંકર મયાશંકરનેજ યશભાગી ગણવા જોઇએ*

* એ સિવાય આ મહાભારત છાપવામાં નીચેના સજ્જનો તરફથી કેટલેક અંશે આર્થિક સહાય મળી છે, તે પણ અહીં યાદ કરવું જોઇએ કે:-

કેમકે એવી દેવભાષા મહામહેનતે ભણેલા, તથા અનુવાદકળામાં પ્રવીણ ભૂદેવો આવી મળ્યા તોજ આવા ભાષાંતરરૂપે આ ગ્રંથ નીકળી શકયો છે.

સંભવ છે કે, આમ છતાં પણ કોઇ પાઠક આ સેવકને યશભાગી બનાવવા માગે. માટે હવે આ મહાભારતપ્રકાશનમાં તેણે કાંઇ આપ્યું છે કે ઉલટું લીધું છે, તે પણ કહી દઉં છું. પેલા મુસાભાઇને તો નાત જમાડવામાં "વા ને પાણી" પણ કદાચ તેમના ઘરનાં હશે; પણ આ ભિખારી ભાઇને તો ઘરજ નહિ, ત્યાં 'ઘરનું' તો હોયજ શું! એનો તો ઘરબાર ઉપરાંત હવાપાણી ઉપરનો પણ બધો હક્ક પુંચવી લેવાયો છે; અને તેમ કરીને પેલા મહાન ચોરે પોતાનું કહેવું સત્ય કરી બતાવ્યું છે કે, "જેના ઉપર હું વધારે કૃપા કરૂં છું, તેનું સર્વસ્વ બાહ્યધન લઇ લઉં છું" માટે આ સેવકથી તો હવે 'તેરા પુણ્ય તેરે દ્વાર' એટલુંજ કહી શકાય તેમ છે. આ કહેવું વધારે માન મેળવવા માટે નથી, પણ સાચી વાત કહીને ભ્રાંતિ ભાગવા માટે છે. કેમકે તમો તરફ આ મહાભારત પહોંચી જતાં સુધીમાં તેનાથી જો કાંઇપણ બન્યું હોય, તો તેથી કરીને તેને તો ઉલટું તમારી સેવાનિમિત્તે સમયનો સદ્વ્યય કરવાનું સદ્ભાગ્યજ મળ્યું છે. માટે એ બદલ એને તો ઉલટો તમારો, તમારા પુણ્યોદયનો અને તે વિશ્વનિયંતાનો આભારજ માનવાનો છે. હા, તમારી વધારે અગત્યની સેવા થવામાં તેને તેની એક કમનશીબી હજી પણ નડયાજ કરે છે. તે એ કે, તેને સ્વ–પર ઉભય માટે જે નીતિ–રીતિ અધિક હિતાવહ સમજાઇ–અનુભવાઇ છે; તેનીજ પાછળ મંડી પડવાને બદલે તે તેના કરતાં આ ઉતરતી અને સ્વપ્રકૃતિવિરુદ્ધની બાબતમાં બધો સમય ગાળી રહ્યો છે!

હવે ખામીઓવિષે પણ બે શબ્દો કહેવાના છે. તે એ કે, ખુદ પ્રભુસિવાયની સર્વ કોઇ કૃતિ–વ્યક્તિઓમાં ખામી તો કોઇ ને કોઈ રૂપે હોય છેજ; તેમ આ પ્રકાશનમાં પણ હોઈ શકે. પરંતુ એ બદલ જો આ સેવકનેજ અપયશ આપવાનું કોઈ પાઠકને મન થઇ જાય; તો તેમને પણ વિનતિ છે કે પ્રથમ તો તેમણે તેમના પોતાના પાલિત–પોષિત પાપાસુરનેજ એ ઇનામ આપી દેવું ઘટે છે.× અને પછી જરા વધારે ડાહ્યા બનીને એને બદલે તેમના પેલા દુબળા પાતળા બની ગયેલા પુણ્યદેવનેજ પાળી પોષીને એવો તો પ્રબળ અને રાતો માતો બનાવી દેવો, કે જેથી તે પેલા આગળ પાછળ ભરાઇ બેઠેલા બળવાન પાપાસુરોનો તો બસ ઘાણજ કાઢી નાખે! અને તેમ થયું એટલે તો પછી જોઇ લેજો કે શ્રીહરિ એવા એવા સુયોગ્ય યોગેશ્વરોને સમાજસેવામાં નિયુક્ત કરી દેશે, કે જેથી પાઠક ભાઇઓ, તેમના પૂર્વજો, અને ભવિષ્યની પણ અનેક પેઢીના વંશવારસો સુદ્ધાં તમારા ઉપર ખુશ ખુશ થઇ જવાના અને તમારાં ઉપરાઉપરી ગુણગાન કર્યા કરવાના!! જો તમે આ સેવકનું આ પ્રકારનું કાંઇ પણ

કલકત્તાની જીવણલાલ કંપનીવાળા શેઠ જીવણલાલ મોતીચંદ, કે જેમના તરફથી જ્યારે પણ જરૂર પડે ત્યારે ત્યારે રૂા. દશહજાર સુધીની રકમ આ સંસ્થાને ઉછી દાખલ અપાતી રહે છે; તેનો આ બાબતમાં પણ ઉપયોગ થયો છે. આટલેક મદદ તરફનાં નાણાં કે જે મહાભારત છપાવવા માંડયા પછી મળ્યા છે; તોપણ તે કોઇ ને કોઇ રીતે ઉપયોગીજ થયાં છે. એમાં સંદર્ભગ્રંથો વગેરેનાં નમુનાઓ માટેક વડોદરાની સેન્ટ્રલ લાયબ્રેરીવાળા શ્રીયુત મોતીભાઇ નરસિંહભાઇ અમીનની મહેરબાની તથા વડોદરાની 'પુસ્તકાલય મદદક સહકારી મંડળી' દ્વારા મળ્યાં છે.

× આ સેવક અલ્પગુણમાત્ર હોવાથી અપયશપાત્ર તો અનેક રીતે છેજ. છતાં આવી બાબતમાં તે એકલા માથેજ પોતાને માથે અપયશ નથી લેવા ઇચ્છતો કે, તેના નવમનમાં પૂરતી સત્તાજ નહિ છતાં. સર્વોપરિ તેનેજ આવી મહત્ત્વની બાબતમાં નિમિત્ત તરીકે યોજ્યો, તે જો તમારા પુણ્ય ઉદય હોત તો યોજત નહિ. અને કોઇ યોગ્ય માનવનેજ તેણે પસંદ કર્યો હોત. માટું કે આ 'હરિ' પણ પુણ્યબળ ખીલવે તો. ના કાંઇ અર્થ નથી. તમારે માટે ને તમારા વંશજો માટે હજી પણ અવકાશ બાકી છે.

કામકાજ બજાવશો તો તો આ ભણેલોગણેલો ભિક્ષુ તમને પોતાના મહેરબાન-કદરદાન સમજશે. માત્ર શેર અન્નથીજ કાંઈ તેને તમે રાજી રાજી કરી નાખવાના નથી, કે જેથી તમે તેની પાસે "અન્નદાતા" પણાનું મદિરાપાન એક છાંટો પણ ચાખી શકો! એવી તેવી બાહ્ય બાબતોમાં તો તે "એક રોટી લુંગા, ને દો ગાલી દુંગા" એવા અક્કલના ઓથમીરો માંહેલો એક છે.

વાંચનાર! એક બીજી વાત પણ પાછી ફરીથી કહી લઉં છું. તે એ કે, આરોગ્યનો આ નિયમ તો તમે જાણતાજ હશો કે, પ્રથમ થોડુંક આદુ-લવણ અને પછી થોડાક કોળીઆ દાળભાતના લીધા હોય, તોજ પછી પત્રાવળીમાંનાં માલમિષ્ટાન્ન વધારે રોચક પાચક નીવડે છે. માટે મહાભારત વાંચવા પહેલાં દરવખતે કૃષ્ણાર્પણ, મંગલાચરણ, વૈદિક પ્રાર્થના, મહર્ષિઓને સ્મરણાંજલિ, પરમેશ્વરસ્તોત્ર, સ્તવપંચક, મહાભારતમાહાત્મ્ય, પરમાત્મધ્યાન, ભારતસાવિત્રી, એમાંનું પણ થોડુંઘણું રોજ રોજ વાંચજો-સાંભળજો. કેમકે તે તમારા ચિત્તમાં સંસ્કારસંવર્ધન તથા શુચિ-રુચિ અધિકાધિક ઉપજાવશે. અને તે પછી બીજા લેખાદિમાંનું પણ થોડું ઘણું પ્રાથમિક અપૂપણ જેવું સમજીને વાંચતા-સાંભળતાજ રહેજો. હરહમેશ એવો તેવો પ્રાથમિક વિધિ કર્યા પછીજ મહાભારતરૂપી સુદામ માલપાણી ઉડાવવાનું રાખજો. વળી એ સ્તોત્રસ્તવનાદિમાંનું બને તેટલું તમે કંઠસ્થ પણ કરી લઇને ભાવભક્તિપૂર્વક ગાતા સંભળાવતા રહેશો, તો તો વળી તમારા જેવું બીજું દાતા-ભોક્તા પણ કોણ! કેમકે એકવાર એવી વસ્તુ મગજમાં ભરી લેવાઈ, એટલે તો પછી તે ગમે ત્યારે અને ગમે તેટલી વારતથા ગમે તેટલી મોટી પંગતને એકી વેળાએ જમવા-પીરસવાની તમને સાવ સુગમતા થઇ રહેવાની!

નાણું તો તમો આ સંસ્થાને આ પત્રાવળી બદલ માત્ર એકજ વાર અને તે પણ માત્ર કાગદી, છાપનાર, મકાનદાર, વ્યવસ્થા કરનાર, વેચનાર, જાહેરાત છાપનાર અને વેચનાર સાટનાર વગેરેને વહેંચી આપવા માટે આપો છો.* પરંતુ તેના બદલામાં આ આન્તરિક ભોજનનાં માલપાણીથી ભરપૂર એવી પાંચહજાર જેટલી પત્રાવળીઓ તમને એવા પ્રકારની પ્રાપ્ત થાય છે કે જેમાંની દરેકે દરેક તમારે માટે સદા સર્વત્ર તાજી ને તાજીજ રહેવાની! વળી એની સાથે, તે સાત પેઢીસુધી કામ આપે એવી પાકી રસોઈથી ભરપૂર હોઇને વિવિધ વાનીઓથી મહેકી રહેલી છે. આ પત્રાવળીઓ અને મહાવાટિકાઓ કાંઈ તમારે માટે માત્ર બે પાંચ વર્ષ સારૂ તૈયાર કરાઇ નથી.પણ એ તો તમારી સાત પેઢી સુધી પણ પહોંચી શકે એટલામાટે, અને જોઇએ તો રોજરોજ ને ઘડીએ ઘડીએ પણ માલપાણીના હાંડા ટોપલા કાઢી આપ્યા કરે એવી અજબ પ્રકારની જાદુઇ વસ્તુતરીકે યોજાયલી છે. માટે વધારે નહિ તો રોજ રોજ ઘડી બે

* પોતાના તનમનધન ઉપર મહેરબાની કરીને જો કોઇ સમજુ માનશો, (કોઈપણ બાબતમાં આ સેવક ઉપર ગુરુપણું સમજવાનું નહિ રાખતાં) માત્ર વહિવટી વ્યય અને દેખરેખ ઉપાડી લે, તો તો આ સંસ્થાના હાલના મૂલ્ય કરતાં અર્ધોઅર્ધ પણ મૂલ્ય ઘટી જાય; અને હજી ધર્મનીતિવર્ધક વાંચનનો ઘણો વધારે પ્રચાર થાય તેમ છે. વળી એ સાથે કાગળ, છપાઇ વગેરેનો બોજો પણ ઉપાડી લેનારા નીકળી આવે, તો તો વળી આવા ગ્રંથો નામમાત્રની-આની બેઆની જેટલી-કિંમતે પણ તે શામાટે લોકોને ન મળે! પણ એ તો બાઇ પરધર્મી મીશનરીઓ હિંદુજાતિના રાંગા બાગવા માટે જે જે રીતે જે જે યત્ન કરી રહ્યા છે, તે તે બાબતો જોવાસમજવા જેટલી આપણા વર્તમાન રાષ્ટ્રમેવકોમાં લાગણી ને અક્કલ જ્યારે આવવાની હોય, ધનવાનોનું પુણ્યધર્મિનું અનાભાન્ય નદીમ જ્યારે ખુલવાનું હોય અને સાથે સામાન્ય વાંચકોનું પણ પાનીયું કરવાનું હોય, ત્યારનીજ વાત છે!! અત્યારે તો આ સેવકને પણ સામાન્ય વાંચનારાઓ કરતાં અનેકગણા સેવાપાત્ર એવા અભણ-અનાથ અને ગરીબ ગામડીઆઓનીજ સેવાના વિચારો બહુ આવ્યા કરે છે. હા, અવકાશ મળે તોપે પણ તો એવું તેવું કરવાની દાનતજ નથી. બહુ તો માત્ર ગુરુઘંટાલની પેઠે વાતોનાજ વડાં કર્યા કરે, એવો અવગુણનો સાગર અને ગાંડપણની ગાગર જેવો તે છે.

ઘડી પણ આ મહાભારત–વાટિકામાંથી ધર્મનીતિમય સુવાસ–ઉલ્લાસ તથા સાચી ઉન્નતિદ્વારા મીઠી તીખી વાનીઓ રોજરોજ જશતરા પણ જમતાજ રહેજો. ભગવાન તમારૂં ભલું કરે !

પણ વળી માલની જોડે 'પાણી' શબ્દની શી જરૂર ? પાણી એટલે પેલું છાંટોપાણી કહેવાય છે તે તો નહિ ને ? હા ભાઇ, એના જેવું પણ કંઇક ખરૂંજ. કેમકે એમાં પણ નિશો તો જરૂર રહેલો છે. હા, એ નિશો કાંઈ સ્થૂળ મદિરા પેઠે દુઃખદારિદ્રના દરિયામાં કે ધનવૈભવજન્ય મોહમદિરાના નર્કાગારમાં ડૂબાવે એવો નથી. એ તો એ દુષ્ટ સ્થળોમાંથી ઉદ્ધાર કરીને તમને સત્ય ઉન્નતિના શિખર તરફ ખેંચવાવાળો, ઇચ્છે તેને વિમાન કરતાં પણ વધુ ત્વરાવાળાં વૈરાગ્ય અને અભ્યાસરૂપી પેડાંપર આરૂઢ કરવાવાળો, તીવ્ર મોક્ષેચ્છારૂપી જોરાવર શક્તિ–સ્પિરીટ ધરાવનારો અને કોઈ જીવતાજાગતા પરમાત્મદર્શીને શોધાવનારો કે ખેંચી લાવનારો પણ નિવડે; એવા ધર્મનીતિના અદ્‌ભુત નિશાવાળો છાંટોપાણી એ મહાભારતરૂપી મહાપાત્રમાં ભરેલો છે. શ્રવણમનનદ્વારા વારંવાર પીવાયા કરતી જ્ઞાનાનંદમય મદિરાની સાથે એ અનુપમ નિશો તો સદા જોડાયલોજ રહેવાનો. એ સોમરસ તમારે કદાચ આખો દહાડો પીધા કરવો હશે, તો તેમાં પણ આ મહર્ષિકૃત અજોડ–અમોલ સહસ્ત્રઋષિસમા સાતે ગ્રંથ તમારી સેવામાટે એકપગે તૈયાર સમજવા ! તમારે જ્યારે પણ, જેટલો પણ અને જેટલી પણ વાર તે છાંટોપાણી લેવો હોય, તેટલો લીધાજ કરજો. પરંતુ હા, એની પણ પહેલાં પેલાં અતિ ઉદાર રામાયણમૈયાના હૃદયપાત્રમાં ઉભરાયા કરતો પેલો જ્ઞાનચારિત્રનો ડબલ નિશો આપી દેનારો, અને લોભમોહાદિ પ્રબળ શત્રુઓનું જડમૂળમાંથી સત્યાનાશ કાઢી નાખવાવાળો જે અજબ જેવો છાંટોપાણી, તે પણ તમે ચાખ્યો છે ને ? ન ચાખ્યો હોય તો તે તો વળી જરૂર જરૂર તથા બને તેટલો વધારે વધારે ચાખતા–ઉડાવતા રહેજો. એમ જ્યાં રામાયણ અને મહાભારતરૂપી ગંગાયમુનાનો જોગ જામ્યો; કે પછી તો તમારા હૃદયક્ષેત્રમાં ત્રીજાં સરસ્વતી મૈયાનો–બ્રહ્મવિદ્યાનો–પણ ઉદ્‌ભવ આપોઆપ પણ થઈ આવવાનોજ ! અને એમ જ્યાં ત્રિપુટીનું ઐક્ય થયું, ત્યાં પછી તમારાં સર્વ પ્રકારનાં દુઃખદારિદ્ર અને દૈન્યરૂપી ત્રિપુટીને સદાને માટે ભાગીજ જવું પડવાનું ! ભગવાન તમારૂં ભલું કરે !

હે વાંચનાર ભાઇ–બ્હેનોના અંતર્યામી ! હે ભક્તજનોના દુશ્મનોની (દુઃખ, દારિદ્ર્ય, દૌર્બલ્ય અને દુર્ગુણરૂપી) ચંડાળચોકડીનું મર્દન કરનારા જનાર્દન ! આપ અને આપના હરિજનોના ગુણગાનથી ભરપૂર એવા આ મહાભારતને આપેજ સર્વ સંયોગ–પ્રયોગ પ્રેરીને પ્રસિદ્ધ કરવા–કરાવવાની કૃપા કરી છે; તો તેની સાથે આપ સર્વેશ્વરને અનેકાનેક પ્રણતિપૂર્વક એ પણ પ્રાર્થના છે કે, વાંચનાર–સાંભળનાર ભાઇબ્હેનો વગેરે અમો સર્વના હૃદયમાં, આપના પોતાના તેમજ આપના જનોના ગુણમાહાત્મ્યનું સદાય શ્રવણ–સ્મરણ થયા કરે; આપને તથા આપના જનોને અનેકાનેક નમનવંદન થયા કરે અને ભાવભક્તિ જાગ્યા–જામ્યા કરે એવી પણ કૃપા અમો સર્વપર વર્ષાવતાજ રહેજો; તથા આપ જે અપાર કૃપા વર્ષાવી રહ્યા છો તેનું અમો સર્વને અધિકાધિક ભાન કરાવતા રહેજો; કે જેથી તેનો અધિકાધિક લાભ લેવાની અમો સર્વમાં શુદ્ધિ–બુદ્ધિ આવે. હે કરુણાનિધિ પરમપિતા ! આપ એવા સમર્થ છો કેઃ–

मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम् । यत्कृपा तमहं वंदे परमानंदमाधवम् ॥

અર્થાત્ જેમની કૃપા મુંગાને પણ બોલતો કરે છે; અને પાંગળાને પણ પર્વતો ઓળંગાવે છે. માટે આપ સચ્ચિદાનંદસ્વરૂપ પરમાનંદ માધવને અનેકાનેક વંદન હો. હરિ ૐ તત્સત્

કૃષ્ણજન્માષ્ટમી }
સંવત ૧૯૮૩ }

દેહમ.વે સેવા. ધંધા, ઇત્યાદિ અનેક અવગુણોનો સાગર
ભિક્ષુ–અખંડાનંદના સર્વને જયસચ્ચિદાનંદ

महाभारतविषे विद्वानोना मननीय विचार

૧—લોકમાન્ય તિલક મહારાજના વિચાર*

આજ લગભગ બે હજાર વર્ષથી જે મહાભારતના આધારે ભારતવર્ષના સર્વ પ્રાંતોના કવિ, પુરાણી, કીર્તનકાર વગેરે પોતાનાં કાવ્ય, કથા અને કીર્તન રસપૂર્વક કરતા આવ્યા છે; તે એક એવો ગ્રંથ છે કે જે હિમાલયથી કન્યાકુમારી સુધી અને સિંધુથી તે બ્રહ્મપુત્રા સુધીના પ્રાચીનકાળના છપ્પને દેશોમાં આબાલવૃદ્ધ–સર્વ કોઇને એકસરખો પ્રિય થયેલો છે. જો કે રામકથા પણ ભારતકથાના જેટલીજ ભારતવર્ષમાં લોકપ્રિય છે; પરંતુ રાષ્ટ્રીય દૃષ્ટિએ તો મહાભારતનીજ યોગ્યતા વધારે છે એમાં સંદેહ નથી. કારણ એ છે કે, રાષ્ટ્રના લોકોના વ્યવહારમાં રોજ રોજ જે અનેક પ્રકારના પ્રસંગો ઉભા થયા કરે છે અને તેમને જે જે સંકટોમાંથી પાર પડવું પડે છે; અથવા તો જે જે વિઘ્નો અને સુખદુઃખોનો તેમને અનુભવ કરવો પડે છે; તે બધીજ બાબતોનું મહાભારતમાં યથાર્થ વર્ણન સમાયલું છે. વળી એટલુંજ નહિ પણ એવા અનેકવિધ પ્રસંગો આવતાં મનુષ્યમાત્ર પોતાનું કેવું વર્તન રાખે કે જેથી આ લોક અને પરલોકમાં પણ તેનું કલ્યાણ થાય; આપણા પૂર્વજો એવે પ્રસંગે કેવું વર્તન રાખતા; એવે પ્રસંગે અમારો ધર્મ શું છે, નીતિ શું છે અને એ બન્નેનું તારતમ્ય વિચારીને તેનો અમારે વ્યવહારમાં કેવી રીતે અમલ કરવાનો છે; લૌકિક સુખ–સાધન કરતાં પારલૌકિક સુખ–સાધન ક્યારે અને કેવી રીતે વધારે મહત્ત્વનાં હોય છે; એકબીજા વચ્ચે એ સાધનોનો કેવો સંબંધ છે અને તેમના વચ્ચેનો વિરોધ કેવી રીતે દૂર કરી શકાય છે; એ વગેરે અનેક મહત્ત્વના પ્રશ્નોનો ઉકેલ, આ ગ્રંથમાં ભગવાન વેદવ્યાસે પોતાની સાહજિક અને સરળ ભાષામાં, પ્રાસાદિક વાણીમાં અને નાનું બાળક પણ સમજી શકે એવાં મનોરંજક ઉદાહરણોના રૂપમાં અત્યંત સુંદર અને માર્મિક રીતે આપ્યો છે. એ ઉપરાન્ત આ ગ્રંથની વિશેષ ખુબી તો એ છે કે, તે પંચતંત્રની પેઠે કલ્પિત કથાઓથી ભરપૂર નથી; અથવા મનુસ્મૃતિ કે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની પેઠે કેવળ ધર્મવિષયક આજ્ઞાઓ કે ચર્ચાઓથી ભરપૂર નથી કે જેથી તે આબાલવૃદ્ધની સામાન્ય સમજણમાં ઝટ ઉતરે નહિ. મહાભારત ગ્રંથ તો પ્રાચીન ભારતના ઇતિહાસનેજ આધારે રચાયેલો હોઇને પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં તેને 'ઇતિહાસ' તરીકે પણ વર્ણવેલો છે. હવે અર્વાચીન ઇતિહાસકારોને પણ દૃઢ વિશ્વાસ બેઠો છે કે, ભીષ્મ, યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, શ્રીકૃષ્ણ, દુર્યોધન વગેરે જે આ આર્ષ મહાકાવ્યના નાયક, ઉપનાયક કે પ્રતિનાયક છે; તે પણ બધા કપોલકલ્પિત નથી પણ ઐતિહાસિક પુરુષો છે.

દ્વાપરયુગ પૂરો થઇ કલિયુગની શરૂઆત થાય તે પહેલાં–અર્થાત્ ભારતવર્ષ અત્યંત વૈભવવાળી અને ઉજ્જવળ સ્થિતિએ પહોંચ્યા પછી જ્યારથી તેની ઉતરતી દશાનાં પૂર્વલક્ષણ દેખાવા લાગ્યાં; તેજ સમયે એ મહાપુરુષોએ આર્યાવર્ત દેશને પવિત્ર કર્યો હતો. કારણકે તેમનાં ચરિત્ર એટલાં ઉદાત્ત, બોધપ્રદ અને મનોરંજક હતાં કે તે ઉપરથી મોટે ભાગે એમજ લાગે છે કે, આ કલિયુગના આરંભમાં

* મરાઠી "ભારતીય યુદ્ધ" માં [illegible] સંવત ૧૯૭૦ માં લખેલી પ્રસ્તાવનામાંથી સ્વતંત્રાનુવાદ

પરમેશ્વરે એ મહાપુરુષોને એટલાજ માટે ખાસ ઇરાદાપૂર્વક ઉત્પન્ન કર્યા હતા કે એ સમય પછી ભારતવર્ષની જે દુર્દશા થવાની હતી તે થવા છતાં પણ (જેમ જગતમાંથી અન્ય પ્રજાઓનાં નામ-નિશાન ઉખડી ગયાં છે તેમ–આર્યપ્રજા અને તેનો સર્વોત્તમ આર્ય ધર્મ પણ જડમૂળમાંથી ઉખડી જાય નહિ; અને "ભાગ્યું ભાગ્યું તોયે ભરૂચ" ની પેઠે કાંઈ પણ તેનું સાચું બીજ–મૂળ–જળવાયલું રહીને) ભારતવર્ષના (થોડા ઘણા પણ) લોકો ધર્માચરણમાં પ્રવૃત્ત રહી શકે.

ભગવાન વેદવ્યાસની વાણી કાવ્યદૃષ્ટિએ તો રસભરી છેજ; પરંતુ તેની સાથે એ વાણીરૂપી કુંદનમાં જે હીરા જડેલા છે તે પણ તેજસ્વિતાદિ ગુણોમાં કાંઇ જેવા તેવા નથી. આજ કારણથી મહાભારત ગ્રંથ અને તેના નાયક–ઉપનાયક વગેરે મહાપુરુષો, તેમને હજારો વર્ષ વીતી જવા છતાં પણ આર્યભૂમિનાં આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષોના હૃદયમાં પ્રિયજ થતા આવ્યા છે.'

ટુંકમાં કહીએ તો મહાભારત એ એક અત્યુત્તમ રાષ્ટ્રીય ગ્રંથ છે. આર્યભૂમિના અતિશ્રેષ્ઠ મહાકવિએ પોતાની પ્રાસાદિક વાણીથી તે રચ્યો છે અને તેના નાયક અમારા પૂર્વજોમાં પણ મહાપુરુષ ગણાયલા હોવાથી અમને વર્તમાન આર્યલોકોને પણ એ રાષ્ટ્રીય ગ્રંથ સ્વભાવથીજ અત્યંત પ્રિય લાગે એમાં નવાઇ નથી. કેમકે એ ગ્રંથ ચતુર્વિધ પુરુષાર્થને સાધ્ય કરવામાં અમને સેંકડો–હજારો–વર્ષોથી અચૂક માર્ગદર્શક થતો આવ્યો છે. બીજાં પણ રાષ્ટ્રોમાં પ્રાચીન કાળમાં આ જાતના ગ્રંથો રચાયા હશે; પરંતુ અમને મહાભારતનાં કથાનકોમાં જેવું પોતાપણું લાગે છે; તેવું અન્ય દેશોના કથાગ્રંથોમાં નથી લાગતું. પૃથ્વી ઉપર ભાગીરથી કરતાં પણ વધારે મોટી અનેક નદીઓ છે; પણ જેમણે આર્યભૂમિમાં જન્મ લીધો છે, તે મનુષ્યોમાટે તો ગંગા જેવી પવિત્ર બીજી કોઇ પણ નદી નથી. રાષ્ટ્રીય ગ્રંથનું પણ એજ પ્રમાણે સમજી લેવું. આજ સુધીમાં આ આર્યભૂમિમાં આર્યધર્મસિવાયના અનેક ધર્મો આવ્યા છે અને તેથી આખા દેશના લોકોના ધર્મવિચારોમાં ઝાઝા ભેદ પડી ગયા છે; પરંતુ તે છતાં પણ ભારતના ભિન્ન ભિન્ન પ્રાંતોમાં આર્યધર્મના અનુયાયીઓનો સમાજ અત્યારે પણ જે ધર્મનીતિના વિચારોથી તથા વ્યાવહારિક તત્ત્વોથી બંધાયલો છે; તે તત્ત્વ, તે નીતિ અને તે ધર્મ ઇત્યાદિનું મૂળ મહાભારતમાંજ મળી આવે છે.

ભારતવર્ષના દક્ષિણી પ્રાંતોની દ્રાવિડી ભાષા છોડી દઇએ તો બીજા પ્રાંતોનો ભાષાભેદ ઘણે ભાગે મહાભારતના ગ્રંથકાળ પછીજ વધારે ફેલાયો હશે, એવો ભાષાશાસ્ત્રીઓનો સામાન્ય મત છે. કોઇ પૂછે કે, મહાભારત સેતુબંધ રામેશ્વરથી હિમાલયસુધી સૌને માટે એકસરખોજ પ્રમાણભૂત કેમ મનાય છે ? તો તેનું કારણ એ છે કે, પાંડવોનો કાળ એ ભારતવર્ષના ભાગ્યોદયનો કાળ હતો. ભરતખંડની બહારના પરાક્રમી દેશોના લોકો સાથે તે સમયે વૈદિક ધર્મીઓનો સંબંધ ચાલુ હતો અને તે સમયનાં તમામ સભ્ય રાષ્ટ્રોમાં ભારતવર્ષને અગ્રસ્થાન મળેલું હતું. એ સમયની નીતિ, એ સમયનો ધર્મ, એ સમયનું વ્યવહારશાસ્ત્ર અને એ સમયના અવતારી મહાપુરુષોનાં ચરિત્ર, તે સમયના પણ જગતભરનાં સર્વ રાષ્ટ્રોમાં સર્વમાન્ય થઇ પડે; તોપછી તે ખુદ ભારતવર્ષમાં–અને તે પણ તેમના પછીના ઉત્તરના કાળમાં–તે સર્વમાન્ય અને શિરસાવંદ્ય થાય, એમાં તો આશ્ચર્યજ શું છે !

અસ્તુ. ઇતિહાસ કિંવા તત્ત્વજ્ઞાનતરીકે અથવા પ્રાચીન શાસ્ત્રીય પરિભાષા મુજબ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. એ ચારે પુરુષાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરાવનારતરીકે પણ આ ગ્રંથનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. ભારતભૂમિમાં ચારે તરફ જે હિંદુસમાજ યા આર્યસમાજ ફેલાયલો છે; તેના જીવાત્માતરીકે આ ગ્રંથને ગણીએ તો તેમાં પણ જરાયે અતિશયોક્તિ નથી. અમારામાંથી અનેક જાતના માણસો અનેક કારણોથી તેનું અધ્યયન અને અધ્યાપન હજુસુધી કરતા આવ્યા છે. કાલિદાસ જેવા કવિઓએ પોતાની અલૌકિક કવિતાશક્તિને માટે જે કથાનકોને પ્રમાણભૂત ગણીને લીધાં છે, તેમાંનાં પણ કેટલાંક કથાનકો આ 'રત્નનિધિ'માંનાંજ છે. ઉત્તરભારતવર્ષના ભાટોએ રાજપૂતાનાના રાજપૂત વીરોની શૂરતાને પાનો ચઢાવવા માટે આજ ત્રૈલોક્યચિંતામણિ મહાભારતનો ઉપયોગ કર્યો છે; અને અર્વાચીન ધર્મશાસ્ત્રકારોએ તથા રાજનીતિજ્ઞોએ પણ ધર્મ, નીતિ અને વ્યવહારનાં શ્રેયસ્કર સમર્થક પ્રમાણો અને વચનો આ સર્વોત્કૃષ્ટ ભંડારમાંથીજ ઉદ્ધૃત કરેલાં છે. તત્ત્વજ્ઞાન તથા લૌકિક નીતિને માટે પણ બરાબર એજ ન્યાય લાગુ પડે છે. તાત્પર્ય કે, આ ગ્રંથને 'પાંચમો વેદ' કહેવામાં આવે છે તે પણ યથાર્થજ છે. વ્યાસે પોતેજ આ ગ્રંથવિષે કહ્યું છે કે, "જે આમાં છે તેજ

બધા સંસ્કૃત સાહિત્યમાં છે અને જે આમાં નથી તે ક્યાંય પણ નથી."× તેમનું આ કથન કંઇ અતિશયોક્તિભર્યું નથી. ભારતવર્ષમાં નાનાં બાળક-બાળકીઓના કોમળ ચિત્તથી લઇને અનુભવથી ઘડાયેલા વૃદ્ધોનાં ચિત્ત સુધી, સૌ કોઈ ઉપર જે ગ્રંથે આજસુધી સચોટ અસર પાડી છે; તેના કર્તાનાં બુદ્ધિવૈભવ, પ્રતિભા અને સામર્થ્ય કેટલાં અલૌકિક હોવાં જોઇએ તે વિશેષ સમજાવવાની જરૂર નથી. તદ્દન અર્વાચીન કાળમાં-અર્થાત્ શ્રી શિવાજી મહારાજના સમયમાં (આજથી થોડાંક સૈકાં પૂર્વે) જે દેશોન્નતિ, રાષ્ટ્રોન્નતિ અને ધર્મોન્નતિ થયેલી; તેમાં પણ એજ ગ્રંથ કારણરૂપ થયેલો છે. પેશ્વાઇમાં પણ ધર્મ, વ્યવહાર તથા રાજનીતિ શીખવવામાં અમારા તરફ (મહારાષ્ટ્ર પ્રાંતમાં) એજ ગ્રંથનો ઉપયોગ કરતા હતા. ધર્મવિષયમાં સર્વમાન્ય થઈ ચૂકેલી શ્રીમદ્ ભગવદ્ગીતા પણ મૂળે તો મહાભારતમાંનીજ છે ને ! બારમી સદીના અરસામાં જે ધર્મજાગૃતિ થયેલી તેમાં પણ તેનુંજ ભાષાંતર કારણભૂત થયું હતું. આથી કહી શકાય છે કે, ભારતવર્ષમાં ઉન્નત પુરુષાર્થનાં બીજ સદૈવ કાયમ રાખી, પ્રસંગાનુસાર તે બીજોમાંથી યોગ્ય અંકુર ઉત્પન્ન કરવાની બાબતમાં આ મહાભારત નામક રાષ્ટ્રીય ગ્રંથજ સંસ્કૃત અથવા પ્રાકૃત ભાષાંતરદ્વારા કારણભૂત થયો છે. શરૂઆતમાં અંગ્રેજીમાં પણ-અર્થાત્ જ્યાંસુધી આપણા દેશમાં પૂર્વપરંપરા થોડીઘણી પણ ચાલુ હતી ત્યાંસુધી-આ **મહાભારતમાંનીજ કથાઓ ઐતિહાસિક હકીકતોના રૂપમાં છોકરાંને ભણાવતા હતા;** પણ એ રિવાજ હવે બંધ થતો જાય છે. જ્યાં મોટી અક્ષરો તરફજ દુર્લક્ષ છે ત્યાં પછી પાંડવોની અતિ ઉપકારક હકીકતોને જાણવા-માનવાની કે શીખવા-શીખવવાની તો કોનેજ પડી હોય ? પરિણામ તેનું એજ આવ્યું છે કે, જે સાધારણ વાતો અથવા ધર્મનીતિનાં તત્ત્વો, સ્વરાજ્યના સમયમાં નાનાં બાળકો સુધી પણ (વગર ખર્ચે પહોંચી જતાં અને તે તેમને) અનાયાસે સમજાઇ જતાં; તેજ તત્ત્વો અને તેજ વાતો આજે એક પણ વિદ્યાર્થીને (જો તે પુષ્કળ પૈસા ખર્ચીને કૉલેજમાં જાય, અને જઇને પણ બીજી ભાષાતરીકે જો સંસ્કૃતને પસંદ કરે; અને ભણવા માંડ્યા પછી પણ જો તેના પાઠ્યપુસ્તકમાં ક્યાંક તે પ્રાચીન પૂર્વજોની અસામાન્ય વાતો કે તત્ત્વોનો ઉલ્લેખ તેના વાંચવામાં આવી જાઇ કાંઈપણ જિજ્ઞાસા જાગવા પામે; તોજ તેને પોતાના ખુરશીપાટલની ગુરુદેવને) પૂછવાનું મન થાય કે, " સાહેબ ! આ તત્ત્વો અને આ વાતો મૂળે કયા દેશનાં હશે અને કયા ગ્રંથમાંનાં હશે ? " આજના ગ્રૅજ્યુએટ વિદ્યાર્થીને કાં તો આમ છેકજ અજાણ્યાની પેઠે પૂછવું પડે છે; અથવા તો એકાદ શબ્દકોષમાંથી ખોળી કાઢીને યાદ કરવું પડે છે !

ભારતવર્ષમાં અત્યારે જ્યારે એક તરફ રાષ્ટ્રીય એકતા પ્રાપ્ત કરવા માટે જેટલાં પણ સાધન મળી આવે તેટલાં ખોળી કાઢવાને આપણે તત્પર થયા છીએ; ત્યારે બીજી તરફ અત્યંત અફસોસની વાત છે કે, જે રાષ્ટ્રીય ગ્રંથનો આજે સેંકડો-હજારો વર્ષથી હિંદુસમાજને સંગઠિત કરવા પાછળ અત્યુત્તમ ઉપયોગ થતો આવેલો; તેની આપણા આજના નવજુવાનોજ અવગણના કરી રહ્યા છે ! આવી સ્થિતિમાં આ તરફ કેટલાક સમયથી આ ગ્રંથના અનુવાદો, તેમજ સંક્ષિપ્ત ગદ્યપદ્ય ગ્રંથો એજ હેતુથી પ્રસિદ્ધ થવા લાગ્યા છે, કે જેથી ઉપર્યુક્ત શોચનીય સ્થિતિ કંઇક અંશે પણ દૂર થાય; પોતાના પૂર્વજોના વૈભવ, શૂરતા, ઉદાત્ત વિચાર અને મહત્તા નવી પ્રજાના મનમાં યોગ્ય સમયે ઉતારાય; મહાભારત જેવા રાષ્ટ્રીય ગ્રંથપ્રત્યે તેમના મનમાં આદરભાવ પેદા થાય; અને તેદ્વારા તેઓ પોતાના આચરણ સુધારી દેશકલ્યાણ સાધવાને તત્પર થાય. × × × ×

તાત્પર્ય એ છે કે, ઘણા વિદ્વાન અને દેશહિતૈષીઓનું ધ્યાન હવે એ તરફ દોરાયું છે કે, સ્વરાજ્યના સમયે નાનાં બાળકોને જે રીતે મોઢી અક્ષર બતાવીને કે બીજી કોઈ રીતે-અર્થાત્ કથા પુરાણ વગેરે સંભળાવીને-આ ગ્રંથની અને તેમાંનાં પાત્રોની ઓળખાણ સહજમાં કરાવાતી; તેમ આ સમયમાં પણ-અર્થાત્ જ્યારે સાર્વજનિક શિક્ષણમાટે પાઠશાળાઓ સ્થપાઇ ચૂકી છે, તેવા સમયમાં પણ-નાનાં નાનાં બાળક સુદ્ધાંને આ ગ્રંથનો સારી પેઠે પરિચય કરાવવો જોઇએ. × × ×

પૂના, આશ્વિન શુક્લ ૧૦,
શાકે ૧૮૨૯. વિ૦ સં૦ ૧૯૬૦ 									બાલ ગંગાધર તિલક

× यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत्क्वचित् ।

૨—પંડિત રામજીલાલ શર્માના વિચાર×

જે જાતિ પાસે પોતાનો પુરાણો ઇતિહાસ નથી; જે જાતિ પાસે તેના પૂર્વજોનાં મ[...]
-ચરિત્રોનો સંગ્રહ નથી; અને જે જાતિ પાસે પોતાના મહાન પૂર્વજોની કીર્તિને યાદ કરાવનારો [...]
નથી; તે જાતિ મુડદાલજ બને છે–રહે છે અને તે સભ્ય સંસારમાં કદી પણ મસ્તક ઉંચું કરી શક[...]

હિંદુજાતિને માટે મહાગૌરવની વાત છે કે, તેની પાસે પૂર્વજોનો કોપ વિદ્યમાન [...]
પાસે કર્મવીર પૂર્વજોની સાચી કહાણીઓ મોજૂદ છે; તેની પાસે તેનો સાચો ઇતિહાસ–પૂરે[...]
તો કેટલાક સમયનો પણ–હયાત છે; અને છે તે પણ જેવા તેવા રૂપમાં નથી, પરંતુ ઉન્નત [...]
અને તેના સાધનભૂત ઉચ્ચ ભાવનાઓ તથા ઔદાર્યાદિ દિવ્ય ગુણોને જગાડી દે એવા [...]
રૂપમાં હયાત છે. વાંચનાર બંધુ! તમે જાણો છો કે, એ કયો ગ્રંથ છે? એ ગ્રંથ તે આ મહાભારત[...]

જે જાતિ પાસે આ મહાભારત જેવો જગતભરમાં જોટાવગરનો અનુપમ ગ્રંથ હ[...]
હોય; તે કદી પણ પડતી દશામાં રહી શકે નહિ. જે જાતિ પાસે પોતાના પૂર્વજોનાં એવાં તેજ[...]
સ્ફૂર્તિદાયક અને અનુકરણીય વીરચરિત્રો હોય; તેનું નામ સભ્ય જાતિઓની શ્રેણીમાંથી બા[...]
રહી શકે નહિ. પરંતુ ત્યારે એ ઉપરથી તો અહીં એજ પ્રશ્ન ઉભો થાય છે કે, મહાભા[...]
જેવો ગ્રંથ હયાત હોવા છતાંપણુ આજે હિંદુજાતિ કર્તવ્યભ્રષ્ટ કેમ થતી જાય છે? ભગવાન શ્રીકૃષ્ણ[...]
બાલબ્રહ્મચારી ભીષ્મપિતામહ, મહાયોદ્ધો અર્જુન, મહાબલી ભીમ, ધર્માત્મા યુધિષ્ઠિર, મહા[...]
પંડિત સહદેવ, મહાનીતિજ્ઞ વિદુર, મહાપરાક્રમી કર્ણ અને યુદ્ધવિશારદ દ્રોણાચાર્ય આદિ મહાત્મા[...]
ઓની અનેકાનેક વીરકથાઓ ધરાવનારો મહાભારત ગ્રંથ મોજુદ છતાં પણ આજે હિંદુજાતિ
શામાટે દુર્ગતિમાં ડૂબી રહી છે? ગીતા જેવું અમૃતમય શિક્ષણ હયાત હોવા છતાં હજી પણ હિંદુ-
જાતિ પોતાના પૂર્વજોનાં નામ ઉપર શામાટે કલંક લગાડી રહી છે?

કારણ એનું માત્ર એજ છે કે, હિંદુજાતિએ મહાભારત ગ્રંથ વાંચવો–સાંભળવો છોડી દીધો છે;
અને પોતાના પૂર્વજોની અનુકરણીય ગુણગાથાઓનું ગાન બંધ કરી દીધું છે. આથીજ હિંદુજાતિ-
માંથી પોતાના પૂર્વજોનું જ્ઞાન–ગૌરવ ઓછું થઇ ગયું છે. એને તો હવે એટલી પણ ખબર નથી રહી કે,
એને ત્યાં કેવા કેવા રાજનૈતિક, ધાર્મિક, વીર, પરાક્રમી, પ્રભુદર્શી, નિર્લેપ, વિરક્ત અને સાહસિક
મનુષ્યો થઇ ગયા છે? પોતાના મહાન પૂર્વજોનું મહત્ત્વ ભૂલી જવાથીજ આજે હિંદુજાતિ બીજા-
ઓની મદદ માટે તલસ્યા કરે છે; અને વિદેશીઓના કેટલાક ઉપલકિયા ગુણો ઉપર મુગ્ધ બની
જઇ તેમનેજ કેવળ રાજનૈતિક, મહાપરાક્રમી અને સાહસિક માની બેસે છે!

વસ્તુસ્થિતિ આવી થઇ પડેલી હોવાથી અમારા અભિપ્રાય પ્રમાણે હવે તો પ્રત્યેક હિંદુએ
મહાભારતની કથા અવશ્યમેવ જાણવી જોઇએ. પરંતુ વર્તમાન કળિકાળનો સમય મહાકઠિન હોવાથી
હિંદુજાતિમાં બીજા હલકા વાચનનો જેટલો પ્રચાર થાય છે તેટલો અને મહાભારતનો જેટલો પ્રચાર
થવો જોઇએ તેટલો થતો નથી.

કથા કહેવા–સાંભળવાનો પ્રચાર આપણા દેશમાં પહેલાં થોડો ઘણો હતો તેટલો પણ હવે
રહ્યો નથી; અને બહુજ દુઃખની વાત છે કે, હવે એ પ્રથા છેક જ નાશ પામતી ચાલે છે!! એવી
કથાઓ સર્વ લોકોના હિતમાટે એટલી બધી ઉપકારક થાય છે કે એનાવડે તો દરેકેદરેક કોટીના
લોકો ઘણીજ સહેલાઇથી અને અનેક પ્રકારનું ઉત્તમોત્તમ શિક્ષણ મેળવી શકે છે. ભારતવર્ષમાં
અગાઉ જ્યારે આ પ્રથાનો સર્વ જગાએ પ્રચાર હતો; ત્યારે ઘરઘર બધાંજ માણસો પોતાના
પૂર્વજોનો મહિમા જાણતાં હતાં અને તેમનાં હૃદયમાં પૂર્વજોનું ગૌરવ પણ ટકી રહ્યું હતું. પણ
કરાલ કાળની કુટિલ ગતિથી એ બધી વાતો હવે તો છેક જ લુપ્તપ્રાય થતી ગઇ છે અને થતી જાય છે.
કથાની એ પરમોપયોગી પ્રથાને (હવે આપણે સદ્ભાગ્યે ચેતી જઇને–હજુ "આર્યું બાળ્યું"
[...]તે ભાગ" હવાન છે તે પ્રમાણમાન [illegible] ત્યાંસુધીમાં) ઝટપટ પાછી સજીવન કરીદેવી જોઇએ.

× [illegible] સં. ૧૯૭૪ માં મહાભારતના [illegible] હિંદી મહાભારત [illegible]
[illegible] ૧) [illegible] હિન્દી [illegible]

મહાભારત જેવા લાભદાયક ગ્રંથની કથા જો કોઇ સુયોગ્ય વક્તા પાસેથી સાંભળવાની મળે;
તો તેથી સર્વ કોટીનાં આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષો સહેલાઇથી તેનો લાભ ઉઠાવી શકે તેમ છે; અને શું
ભણેલા કે શું અભણ, બધા લોકો મહાભારતની કથા સાંભળીને તેનો મર્મ પણ સમજી શકે તેમ
છે; તેમાંથી ઉત્તમોત્તમ શિક્ષણ મેળવી શકે તેમ છે; અને પોતાના હૃદયમાં પોતાના પૂર્વજોના
ગુણ–ગૌરવની સ્થાપના કરી શકે તેમ છે.

× × × ×

અમે ઇચ્છીએ છીએ કે, જેમ રામાયણનો પ્રચાર (ગંગાયમુના તરફના પ્રદેશમાં) ઘેરઘેર થઇ
ગયો છે; તેમ મહાભારતની કથાનો પ્રચાર પણ ઘેરઘેર થઈ જાય. કેમકે પ્રત્યેક મનુષ્ય આ લાભદાયક
કથાનો મર્મ સમજે એવા પ્રયત્નની ઘણીજ આવશ્યકતા છે. ભારતવાસીઓમાં હાલમાં કંઇક એવીજ
ભાવનાઓ (અને તેમને અધોગતિના છેકજ ઉંડા ખાડામાં નાખી દઇ સદાને માટે સત્યાનાશ કાઢી નાખે
એવી અવળીજ બુદ્ધિ) પેદા થવા લાગી છે; અને તેથી કરીને તેઓ પોતાના પ્રાચીન ગુણગૌરવને
જડમૂળથી વિસરી જવા લાગેલા સાફ જણાય છે. હિંદુજાતિ એજ કારણથી આજે મૃગતૃષ્ણામાં
આમથી તેમ ભટકયા કરે છે; સૂર્યના પ્રકાશને તજી કેરોસીન અને વિજળીના તેજદાર દીવાઓથી
પોતાનાં નેત્રોનું તેજ ગુમાવી રહી છે; પારસમણિ તજીને પથ્થર–કંકર પાછળજ ગાંડી ગમાર
અને કંગાલની સરદાર બનવા મથી રહી છે; પોતાનાં પ્રાચીન જવાહીરો વિદેશમાં સિધાવી જઇને
ત્યાં તે કોડીના મૂલ્યે વેચાઇ જતાં સગી નજરે જોવા–વાંચવા છતાં પણ પોતાને મોટા નસીબદાર
સમજીને પશ્ચિમના બનાવટી રત્નાભાસો પાછળજ તે વધારે ને વધારે લટ્ટુ થતી ચાલે છે; અને
·અમૃતમય શિક્ષણથી ઉભરાતી રામાયણ અને મહાભારતની સાચી કથાઓ નહિ વાંચતાં પ્રેમલા-
પ્રેમલીઓની કલ્પિત કહાણીઓમાંજ લગની લગાવીને અધોગતિમાં ડૂબતી ચાલે છે!

શું આનો કોઇ ઉપાયજ નથી, કે જેથી હિંદુજાતિ ફરીથી પોતાના પૂર્વજોને માર્ગે ચાલવા
લાગે? અમારા અભિપ્રાય પ્રમાણે તો હજી પણ જો તેમના હાથમાં, તેમના પૂર્વજોના મહત્વ અને
ગુણગૌરવથી ભરપૂર એવા મહાભારત અને રામાયણના ગ્રંથ આપવામાં આવે; અને જો તેમાં
વર્ણવાયલી તેમના પૂર્વજોની વીર કહાણીઓ તેમના વાંચવા–સાંભળવામાં આવે; તો હજી પણ
તેમનો બચાવ થવાનો સંભવ છે. અત્યારે એથી વધારે સારો અને સુગમ ઉપાય દેશોન્નતિમાટે બીજો
કોઇ પણ નથી. જો હવે આ પ્રમાણે નહિ કરવામાં આવે, તો પછી ભારતવાસી હિંદુ–આર્યોમાં
માથું ઉંચું કરવાના ઉચ્ચ અભિલાષો કદીપણ જાગવાના નથી.*

× × × ×

રામજીલાલ શર્મા

* આ શું જેવી તેવી તક છે? જેવી તેવી રાષ્ટ્રસેવા છે? જેવી તેવી સમાજસુધારણા છે? જેવો
તેવો લાભ છે? જનસમાજને તો એવી તેવી બાબતોની પરવાજ નથી; પરંતુ હાલના સમાજ–સુધારકો અને
રાષ્ટ્ર–સેવકોની પણ (ગુજરાતમાં તો) હજીસુધી એટલી ઉંડી ગતિ મતિ જણાતી નથી; તો પછી બીજાની
તો વાતજ શી? તેઓ એટલા બધા ગાંડા તો ઘેલાજ છે, કે જેથી પોતાનાં ચરિત્રો અને ગુણગાનોની મોહ-
મમતા ત્યજી દઇને તે સ્વધામે પહોંચી ગયેલા જુનાપુરાણા પૂર્વજોનાં ગુણચારિત્ર્ય ચવરાવવા–ફેલાવવાનું, ગોટપીટીયા
બાજુનર બણ્યાવગરના કથાકારોને વધારવા–સત્કારવાનું અને તે મહાન પૂર્વજોની જયંતિઓ તથા રામાયણ–મહા-
ભારતની કથાઓ તેમજ સમાહો સ્થળે સ્થળે ફેલાવી ગજવીને તે પૂર્વજોના ઉત્તમોત્તમ આચારવિચારો અને
નામો તથા કામોને જગાડવાનું કામ પોતાનેજ હાથે કરે: અને તેમ કરીને તેઓ પોતાને હાથેજ પોતાને
તેમના કરતાં ઝાંખા દેખાડવાનો ધંધો આદરે!! દેશ ભલે ડૂબતો હોય તો આજ ભલે ડૂબે; પણ પોતાના
પંડનીજ પ્રતિષ્ઠા, લોકપૂજા, ઈ૦ સાચવવા વધારવાનું મૂકીને તે સ્વધામ પહોંચી ગયેલા મૃત પૂર્વજોના
ગુણચરિત્ર (તે ભલે તેટલાં પ્રાણદાયક હોય તોપણ) ગાવા–ગવરાવવાનું તેમને પરવડેજ કેમ! કારણ
જેવું તેવું કરવા કરાવવા જવાં ન કરે નારાયણ ને કદાચ કોઈ કેઈ તેજસ્વી માનવોજ પાકી આવ્યા; તે
તો પછી એ બિચારા ભંડખાંભીઓના નામ, કામ અને જયંતિઓ આ સંસારમાંથી ઉખડીજ જાય ને! પણ
આવ.જા.ઈ! આ લેખક પોતેજ એવાં તેવા કામો કરવા કરાવવાનું છોડીને આમ શામાટે બીજાની વાત કરતે
હશે! કારણ બીજ કે, તે દોષોનો અને અવગુણોનો સાગર છે.

૩–પંડિત જયગોપાલ વિદ્યાભંડારના વિચાર*

મહાભારત ગ્રંથની પ્રશંસા કરવી; એ તો સૂર્ય દેખાડવા માટે દીવો ધરવા જેવું છે. જો હું એ વિષે ટૂંકમાં કાંઇ કહેવા માગું તો તો એટલુંજ કહું કે, જે હિંદુ સંતાને મહાભારતને વાંચ્યું કે સાંભળ્યું નથી; તે ગમે તો સંસારમાંની સર્વ વિદ્યાઓ ભણી ચૂકયો હોય તોપણ કશુંયે નથી ભણ્યો એમજ સમજવું; અને જેણે મહાભારત વાંચ્યું–વિચાર્યું છે તથા પોતાના હૃદય-મંદિરમાં ધારણ કર્યું છે; તેને બીજું કોઇપણ પુસ્તક વાંચવાવિચારવાની જરૂર નથી.

સમુદ્રમાં જેમ હીરા, મોતી, છીપ, શંખ, પરવાળાં વગેરે અનેક પ્રકારની સંપત્તિઓ ભરી પડી છે; તેમ મહાભારતરૂપી વિચારસાગરમાં પણ જેના વડે ચારે પદાર્થ પ્રાપ્ત થાય, એવાં જ્ઞાન-ચારિત્રવર્ધક હીરારત્નો સર્વ પ્રકારનાં ભર્યાં પડ્યાં છે.×

ધર્મનીતિ, રાજનીતિ, માનવી સભ્યતા, દુષ્કર્મોનું પરિણામ, પુણ્યોનું ફળ, સંસારના આરંભથી મહાભારતના સમયસુધીના રાજા–મહારાજાઓના ઇતિહાસ, તેમનાં વીરત્વ તથા વૈરાગ્ય વગેરે સર્વ પ્રકારના આચાર તથા વિચાર આ મહાભારતમાંથી મળી આવવાના.

મારી તો એટલે સુધી ખાત્રી છે કે, આખા ભારતવર્ષમાં–એટલુંજ નહિ પણ સમસ્ત સંસાર-માં મળીને પણ–હાલમાં જેટલું પણ સાહિત્ય દેખાય છે; તે ગમે તો હિંદી, ઉર્દૂ, અંગ્રેજી, ફ્રેંચ, જર્મન, અરબી, ફારસી, જાપાની કે ગમે તે ભાષામાં હોય; તોપણ તે સર્વનો મૂળ આધાર તો મહાભારતજ છે.

સાચી વાત તો એ છે કે, મહાભારત એ અમારી આર્યજાતિની રાષ્ટ્રીય સંપત્તિ છે; અને જ્યાં-સુધી તે અમારી પાસે છે, ત્યાંસુધી આર્યજાતિ કદીપણ નષ્ટ થવાની નથી. હજારો વર્ષોથી પીડાતી અને વિદેશી રાજ્યકર્તાઓથી કચરાતી આ જાતિ હજુ પણ નાબુદ થઈ નથી તેનું કોઇ પણ ખાસ કારણ હોય તો તે એકમાત્ર રામાયણ અને મહાભારતજ છે. આ સંસારસમુદ્રને તરી જવા માટે મહામુનિ વ્યાસદેવજીએ ખરેખર મહાભારતરૂપી એક જબરદસ્ત વહાણજ બનાવી આપ્યું છે.

મારું કામ અત્રે મહાભારતની સમાલોચના કરવાનું નથી; પરંતુ માત્ર એટલુંજ દર્શાવવાનું છે કે, આર્ય સંતાનોએ મહાભારતને વાંચવા–સમજવાની અને તેને અનુસરતી વર્તણૂક બનાવવાની જરૂર શામાટે છે !

પાઠકબંધુ ! મહાભારતકાળમાં આર્યજાતિ સમસ્ત સંસારમાં રાજ્ય કરતી હતી, એ તો તમને મહાભારત વાંચવાથી તરતજ સમજાઇ જશે. કૌરવ અને પાંડવોના યુદ્ધમાં ભારતના સઘળા પ્રાંતોના રાજામહારાજાઓ એકત્ર થવા ઉપરાંત ચીનનો રાજા પણ આવે છે; અમેરિકા(પાતાલ)નો રાજા પણ આવે છે અને હરિવર્ષ(યૂરોપ)ની સેનાઓ પણ એમાં એકત્ર થાય છે! વળી કાબુલ, કંદહાર, શક અને હૂણ (ફારસ) ઇત્યાદિના પણ લડવૈયાઓ ત્યાં એકત્ર થાય છે; અને એ સર્વને લીધે કુરુક્ષેત્રનું મેદાન તો જાણે સંસારની સમસ્ત જાતિઓના યોદ્ધાઓની એક અપૂર્વ પ્રદર્શિની જેવીજ બની રહે છે!! આર્યજાતિના આટલા બધા અભ્યુદય અને ઐશ્વર્યનું જો કોઇપણ ખાસ કારણ હોય તો તે એકમાત્ર આપણા પ્રાચીન આર્યોની સભ્યતા, મનોબળ અને શરીરબળની શ્રેષ્ઠતામાંજ હતું; અને એ શ્રેષ્ઠતાઓનાં કારણ તેમનાં **બ્રહ્મચર્ય, આત્મજ્ઞાન, વેદાભ્યાસ અને ઉત્તમોત્તમ ભાવનાઓમાંજ** રહેલાં હતાં. મહાભારતમાં એ સર્વ બાબતોને વ્યાખ્યાઓ અને ઉપદેશરૂપે

---

* એમણે મહાભારતના સારાંશરૂપે હિંદીમાં સંવત ૧૯૮૨ માં પ્રસિદ્ધ કરેલ "સચિત્ર મહાભારત" માંની ભૂમિકામાંથી આ વિચારો સ્વતંત્રાનુવાદરૂપે લીધા છે. એ પુસ્તક મળવાનું ઠેકાણું "ગુલશન [illegible]" ઠે. [illegible] દરવાજા, મુ. લાહોર. એ પ્રમાણે છે.

× એને વૈ.કિં હીરારત્નોની ઉપમા આપવી, એ પણ તેને હલકી પાડવા જેવું છે; કેમકે વૈ.કિં હીરારત્નો [illegible] મોંઘાં-દુર્લભ(?) [illegible] મૂલ્ય [illegible] તોપણ [illegible] વૈ.કિં હીરારત્નો [illegible] આધારે [illegible] તોપણ [illegible] મહાપુરુષને ખરીદી શકાય નહિ; અને જે વૈ.કિં હીરારત્નોને [illegible] સંતાનોના દૈહિક [illegible] તેની તો કિંમત [illegible] અને કિંમતજ [illegible] તોપણ [illegible] સર્વને [illegible] તે [illegible] પણ [illegible] છે !!

વર્ણવવાને બદલે સાચા બનેલા બનાવોદ્વારા વર્ણવી છે; અને તે પણ એવી ઉત્તમ શૈલીથી વર્ણવી છે કે જાણે અત્યારે આપણી નજર સામેજ એ બનાવો બની રહ્યા હોય એવો આપણને ભાસ થઇ આવે છે. મહાભારતમાં આપણા પૂર્વજોનાં ચરિત્રચિત્રોને આ પ્રમાણે બહુજ તાદશ્ય રીતે આલેખવામાં આવ્યાં છે.

માત્ર બ્રહ્મચર્યનેજ લ્યો. પિતામહ ભીષ્મ પોતાના પિતાને પ્રસન્ન કરવાને ખાતર આજન્મ બ્રહ્મચારી રહે છે; રાજગાદીના હક્કનો રાજીખુશીથી ત્યાગ કરે છે; એકસોપચીસ વર્ષની વયે પણ એવું પ્રખર-પ્રબળ યુદ્ધ કરે છે કે પાંડવી સેનાના છક્કા છૂટી જાય છે; અને સ્ત્રીજાતિને ધર્મશાસ્ત્રે અવધ્ય કહેલી હોવાથી તેમજ શિખંડીનો ચહેરો સ્ત્રી જેવો હોવાથી-અથવા તો પૂર્વજન્મમાં તે સ્ત્રી હોવાથી-ધર્મજ્ઞ ભીષ્મપિતા પોતે આદર્શ બળવાન છતાં પણ તેના ઉપર હાથ ચલાવવાને બદલે તેને હાથે મરવાનુંજ પસંદ કરે છે ! વળી પોતે ઉત્તરાયણસમયેજ દેહ છોડવાનું ઉત્તમ માનતા હોવાથી તે સમય આવતાં સુધી-મહીનાઓ સુધી-બાણશય્યા ઉપરજ પડ્યા રહે છે; અને તે છતાં પણ દુઃખનો એક પણ ઉચ્ચાર તેમણે કર્યો નથી! વળી ઓશીકું કર્યું તે પણ બાણનું કર્યું અને પ્રાણ તજ્યા તે પણ સ્વેચ્છાએ તજ્યા !!

વાંચનાર બંધુ ! તારા પૂર્વજ આર્યોમાં આટલું બધું આત્મિક અને શારીરિક બળ હતું અને આર્યોને તેમના એ ઉભય પ્રકારના બળપરાક્રમેજ આ સમગ્ર સંસારના સ્વામી બનાવી દીધા હતા.*

બાલમાતા સ્ટ્રીટ લાહોર સં-૧૯૮૨ જયગોપાલ

૪-ઇંડિયન પ્રેસ (પ્રયાગ) તરફના વિચાર

મહાભારતમાં જે શિક્ષણ આપવામાં આવ્યું છે; વ્યવહારની બાબતમાં જેવો ઉપદેશ અપાયો છે; અને જે કામોથી દૂર રહેવાની શિખામણ અપાઇ છે; તેને માન્ય કરવાથી ઘણા માણસો શૂરવીર થયા છે; ઘણાઓને અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત થયું છે; અને ઘણાઓએ એવાં કામ કર્યાં છે કે જેથી તેઓ જગતપૂજ્ય થઇ શક્યા છે. આ હકીકત જોતાં મહાભારતને સાચા ધનનો ખજાનો કહે છે તે વાત પણ ખોટી નથી; તો પછી એવી તે કયી બાબત હોય કે જે એમાં સમાયલી હોય નહિ ? એમાં બધા જટિલ અને ગૂઢ પ્રશ્નોનું સમાધાન કરેલું છે અને કઠિનમાં કઠિન ગુંચવણો ઉકેલવાનો માર્ગ દર્શાવેલો છે. જો હિંદુઓ એમાંના ઉપદેશનું બરાબર પાલન કરે તો તેમનાં સઘળાં દુઃખ-દારિદ્ર દૂર થઈ જાય; વિપત્તિઓ ટળી જાય અને તેમના સૌભાગ્યસૂર્યનો ઉદય થાય એમાં આશ્ચર્ય નથી.

પણ મહાભારતના એ અમૂલ્ય ઉપદેશો સામાન્ય જનતાને પહોંચી શકે કેવી રીતે ? કેમકે મહાભારતરૂપી ખજાના ઉપર સંસ્કૃત ભાષાનો એવો જબરદસ્ત પહેરો છે કે જે પહેરો વટાવી જવાનો અધિકાર માત્ર પંડિતોનેજ છે. વળી એ પણ સ્પષ્ટજ છે કે, સંસ્કૃત જાણનારાઓની સંખ્યા બહુજ થોડી હોવાથી; અને તેથી કિંમત પણ સંસ્કૃત મહાભારતની વધારે હોવાથી સંસ્કૃતદ્વારા તો તેના ઉપદેશ જનતાને પ્રાપ્ત થઈ શકતા નથી. આ પ્રમાણે એ ઉપદેશો પ્રાપ્ત નહિ થવાથી, અને તેને લીધે આપણામાં મનોબળ અને ચારિત્રબળ ઘટી જવાથી આપણે બહુજ દીનહીન થઇ ગયા છીએ; એ મહાદુઃખની વાત છે. જે ગ્રંથમાં વર્ણવેલા ઉપદેશો સ્વીકારવાથી અને આચરવાથી

* કોઈ અહીં એમ પૂછે કે, હવે કાંઈ એવું બળ ઓછુંજ આવે તેમ છે ? તો જણાવવાનું કે, તે ગોઇએ છેજ કોને અને લગની લાગી છે પણ કોને ? લગની વેપારી અમેસરોને લાગી છે દેશને લૂંટવા-લૂંટાવવાની, લૂંટવા લાગવાની અને બહુ તો કોઈ કોઈને લગની લાગે છે દેશભરને આવરી બેઠેલાં દુઃખદારિદ્રનાં અનેકવિધ વૃક્ષોમાંથી એકાદ પાંદડુંજ તોડવા બેસી જઇને તેમાંજ મોટો દેશોદ્ધાર થઈ જવાનો રોળ અને ઉપદેશ કરવાની ! વળી ઋષિમુનિઓનાં શિક્ષણ શીખવા-શીખવવાની અને પાળવા-પળાવવાની, તથા હજારો અનાથ સંતાનોનાં તનમનને વજ્ર જેવાં બનાવીને તેમાંથી દેશના સાચા સપૂતો નીકળે તેમ કરવાની તો પડી છેજ કોને !! દીન-દુઃખી અને અનાથ ભલે ટાઢે મરતાં હોય તો આજ મરે; પણ લોકોમાંથી લાખો ઉઘરાવીને એવાં તેવાંઓની સેવામાં વાપરવા કરતાં ન ખર્ચે ધનિકપુત્રોને અતિધૂર્ત બનાવવા પાછળ, કે જેથી કરીને ચટાપટ પોતાની છબીઓ, હવેલીઓ, અને જયંતિઓ થાતુ થઈ પોતાના અનિત્ય શરીરનું નામ આ જગતભરમાં અમર થઈ જાય !

અવગુણસાગર ભિક્ષુ-અખંડાનંદ

તે તે માનવોનો દુઃખક્લેશમાંથી ઉદ્ધાર થયો; સુખદાયક જ્ઞાનચારિત્ર પ્રાપ્ત થયું; અને તેમનાં નામ સંસારમાં પ્રખ્યાત થઇ ગયાં; એવા અતિ ઉપકારક ઉપદેશો આપણા દેશમાં મોજુદ છતાં આપણે તેનો લાભ ઉઠાવી શકતા નથી; તો તો પછી ધન-ધાન્યના છતા ભંડારે અપવાસી રહેવા જેવીજ વાત એ તો થઇ ને!!

કોઈ પૂછે કે, મહાભારતમાં શું છે? તો તેને ટુંકો ઉત્તર તો એજ આપી શકાય કે, એ મહાપુરાણમાં સર્વ કાંઈ છે. જે એમાં છે, તેજ બીજે મળી શકે છે; અને જે એમાં નથી તે ક્યાંય પણ મળવું અસંભવિત છે. મહાભારતમાં રાજાઓના વંશનું વર્ણન છે; તેમનો અદ્ભુત કીર્તિ-કલાપ છે; તેમની ભૂલોનું પણ વર્ણન છે અને તે ભૂલોને સુધારવાના ઉપાય પણ દર્શાવેલા છે. વળી એમાં ઋષિઓની કથાઓ છે; તેમની તપશ્ચર્યાઓનાં વર્ણન છે; તેથી થતા વિશ્વહિતના ઉલ્લેખ છે; અને જે જે ઋષિઓ તપોભ્રષ્ટ થયેલા તેનાં પણ કારણો દર્શાવેલાં છે. આ પ્રમાણે એક સામાન્ય માનવ પણ સાધનાદ્વારા પ્રયત્ન કરતો કરતો કેવી રીતે શ્રેષ્ઠ માનવ થઇ શકે છે, તે એમાં દર્શાવેલું છે; તેની સાથે એ પણ દર્શાવ્યું છે કે, ગમે એવો મહાબળવાન માનવ હોય તોપણ જો તે વિવેકભ્રષ્ટ હોય કે થાય, તો તે પણ કેવી દુર્દશાને પ્રાપ્ત થાય છે; તથા તેની પાસે બળ, વીર્ય, બુદ્ધિ, ધન, પ્રભુતા, રાજ્ય, ભાઇ, ભાંડુ, સ્વજન, પરિવાર વગેરે ગમે તેટલું હોય તોપણ તેમાંનું કોઈપણ તેની રક્ષા કરી શકતું નથી. આવા સત્ય સિદ્ધાંતોને સાબીત કરનારા બનાવોનાં અનેક જીવતાં જાગતાં વર્ણનો મહાભારતમાં છે. વળી અનેક પ્રકારનાં તપોવન, ઉપવન, સરોવર, નદીઓ, પર્વતો, વન, આકાશ, પાતાળ તથા સર્વ પ્રકારના લોકોનાં અને ભવનોનાં વર્ણન એમાં આબેહુબ છે. એમાંથી તમને નવલકથાની મઝા, ઇતિહાસનો આનંદ તથા નાટક અને કાવ્યની પણ રસિકતા પ્રાપ્ત થશે. નીતિના ઉપદેશ, કુટિલ નીતિની ચાલબાજી, રાજનીતિના દાવપેચ, છળરહિત નિર્મળ વ્યવહારના ઉપદેશ, લોકો સાથે વર્તવાની રીતિ, વૃદ્ધો-વડીલોને તુચ્છ માનવાનાં અને સ્ત્રીઓનો અનાદર કરવાનાં માઠાં પરિણામ, એ વગેરે મહાભારતમાં બહુજ ખુબીથી દર્શાવવામાં આવ્યું છે.

આ ગ્રંથમાં જ્યાં યુદ્ધની ચર્ચા ચાલતી જોશો, ત્યાં તેનો પણ તમને પૂર્ણ ઉત્કર્ષ થયેલો દેખાશે; તથા સર્વ જાતનાં હથિયારો, અસ્ત્રશસ્ત્રો, સ્વારીઓ અને સેનાઓનાં પણ આબેહુબ વર્ણન દેખાશે. જ્યાં મલ્લવિદ્યાનાં વર્ણન વાંચશો, ત્યાં તમને કુસ્તીના જાત જાતના દાવપેચ પ્રાપ્ત થશે. જ્યાં ચાલાકીનું વર્ણન વાંચશો, ત્યાં તેનું પણ એવું વર્ણન મળશે કે જે વાંચીને તમે દિંગ થઈ જશો. એમાં તમે તીર્થોનાં માહાત્મ્ય જોશો; તીર્થયાત્રા કરવાના લાભ જોશો; અને કયી યાત્રામાં તથા કયા અનુષ્ઠાનમાં શી શી હરકતો છે તે પણ યથાવત્ આલેખાયલું જોશો. ક્યાંક આપ એમાં દિગ્વિજય થતો જોશો તો ક્યાંક યજ્ઞસમારંભ થતો જોશો. ક્યાંક વિચિત્ર સભામંડપ બંધાયલો જોશો તો ક્યાંક દાનભોજનાદિનો અપૂર્વ મહોત્સવ ચાલતો જોશો. એમાં તમને જે રથયો અનેક પુણ્યકાર્ય જોવા મળશે; ત્યાં કેટલીક એવી વાતો પણ દેખાશે કે જે જોઇને તમને દુઃખ પણ ઉપજશે અને દુરાચારીઓ ઉપર બહુ ક્રોધ ઉપજશે; પરંતુ છેવટે એ સર્વનું પરિણામ જોશો, ત્યારે તમને આનંદ પણ અપાર થશે. કેમકે તમે જોશો કે, છેવટે તો અધર્મની હાર અને ધર્મનીજ જીત થઇ છે; અસત્ય ઉપર સત્યનોજ વિજય થયો છે અને અનીતિને નીતિએજ હાર ખવડાવી છે. ધમંડમાં આવી જઇને કે ઐશ્વર્યના મદમાં છકી જઇને જેમણે સાધુ માણસોને સતાવ્યાં; અધર્મથી યુદ્ધ કરીને નિર્દોષ બાળકો પણ મારી નાખ્યાં અને નિરપરાધી સ્ત્રીઓની આબરૂ લીધી; તેમની પોતાની પણ આખરે એટલી બધી સતાવણી અને એઆબરૂ થઇ કે તેમની પાછળ તેમનું નામ લેનાર પણ રહેવા પામ્યું નહિ!

આવા આ મહાન ગ્રંથને વાંચવાથી મનુષ્યને દુરાચારથી દૂર રહી સદાચારી થવાનું શિક્ષણ મળશે; અધર્મથી દૂર રહી ધર્માત્મા થવાનો ઉપદેશ મળશે; અને બીજાઓનાં [illegible] કરીને-નિભાવવાના આનાથવંત ઐશ્વર્યને ભોગવવા-ભોગવવાનાં જેવાં દૃષ્ટાંતે સારું-સીધું અને સરળ જીવનજ ગાળી-રસ-કસવાળો ઉત્સાહ મળશે. આ એક એવો અસામાન્ય ગ્રંથ છે કે જેને વાંચવામાં તમારો જીવ સહીસલામત પરોવાશે અને તેની સાથે [illegible] ઉપદેશ તો માનમાંજ મળશે. વળી આમાં એવો એક પણ વાક્ય નથી કે જે તમારું નકામાં પણ નુકસાન કરે. કેમકે એમાં જે કંઇ છે તે બધુંજ એ કે જેનાથી તમારું કલ્યાણજ થવાનું; અને અહિત તો થવાનુંજ નહિ.

મહાભારતના રચનાર પોતે પણ ભારતવાસીજ હતા, એટલે તેમણે તેમાં ભારતવાસીઓના ચારિત્રનાં અને સ્વભાવનાં વર્ણન આબેહૂબ આપ્યાં છે. વળી ભારતીય નીતિરીતિના ગુણ-દોષ ઉપર પણ એમાં અસરકારક ચર્ચાઓ અને વિવેચનો છે; અને ભારતનાં નદ-નદી, પહાડ, મેદાન, જંગલ અને પશુપક્ષીઓનાં પણ અસામાન્ય વર્ણન છે. આવા દરેક પ્રકારની વિશેષતા ધરાવવાવાળા મહાભારત ગ્રંથના ભારતીય ભાષાઓમાં અનુવાદ થાય, એમાં તો કાંઇ મોટી વાતજ નથી; પણ મોટી વાત તો એ છે કે, જગતની સઘળી ઉન્નત ભાષાઓમાં આપણું મહાભારત છપાઇ ચૂક્યું છે!

૫—પંડિત ઈશ્વરીપ્રસાદ શર્માના વિચાર

મહાભારતમાં સર્વ રસોનો યથાસ્થાને સમાવેશ કરવામાં આવ્યો છે. શૃંગારથી તે વૈરાગ્યસુધીના બધા રસોનું એમાં એવું સુંદર મિલન થયું છે કે ભારતના પ્રાચીન વીરોની આ પવિત્ર કથા બહુજ મનમોહક, હૃદયગ્રાહી અને પ્રભાવશાળી બની રહી છે; અને તેથી કરીને અત્યંત પ્રાચીન કાળથી અદ્યાપિપર્યંતના બધા પંડિતોનો એજ મત છે કે, **જે કંઈ મહાભારતમાં છે તેજ બીજે સ્થળે જોવામાં આવે છે; અને જે તેમાં નથી તે ક્યાંય પણ નથી.** × × × × વાત પણ ખરી છે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ ચારે વર્ણના લોકોએ જાણવા જેવાં શિક્ષણ એમાં ભરેલાં છે. પ્રાચીનકાળથી મોટા-મોટા કવિઓ, મહાકવિઓ અને નાટકકારો મહાભારતના આધારથીજ અનેકાનેક કાવ્ય, મહાકાવ્ય અને નાટકો લખતા આવ્યા છે; અને તે છતાં પણ હજુસુધી એ ભંડાર ખાલીજ થતો નથી! આજે પણ એ અખૂટ ભંડારમાંથી ભારતની જૂદી જૂદી ભાષાઓના કવિઓ અને લેખકોને અનેક પ્રકારની સામગ્રી મળ્યા કરે છે; અને એનેજ આધારે તેઓ પોતાની પ્રતિભાનો વિકાસ કર્યા કરે છે. આથીજ લોકો કહે છે કે, ઉચ્ચ કોટિના કવિઓમાં જે કંઈ કાવ્ય-કુશળતા અને રચનાના ચમકારા દેખાય છે, તે બધું ભગવાન કૃષ્ણદ્વૈપાયન વ્યાસનુંજ ઉચ્છિષ્ટ છે.

મહાભારતના એકેએક પાત્રનું ચરિત્ર અદ્ભુત છે. એ બાબતનું નિરીક્ષણ કરવાથી આપણને આપણા દેશ અને સમાજની હજારો વર્ષ પહેલાંની અવસ્થાનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે. એ સમયનો વર્ણાશ્રમ ધર્મ કેવો હતો અને તે વખતના ક્ષત્રિયો કેવા શૂરવીર, પરાક્રમી અને સત્યસંકલ્પ હતા; એ સર્વ આપણા લક્ષમાં આવી જાય છે. અને તેથી આ ગ્રંથ વાંચીને આપણા પૂર્વજોનાં ઉત્તમ ચરિત્રોથી પરિચિત થવું એ પ્રત્યેક હિંદુનું-નહિ નહિ, પ્રત્યેક ભારતવાસીનું-મુખ્ય કર્તવ્ય છે.

ભીષ્મપિતામહની અલૌકિક પિતૃભક્તિ, શ્રીકૃષ્ણની વિલક્ષણ રાજનીતિ, યુધિષ્ઠિરની પ્રશંસાપાત્ર સત્યનિષ્ઠા તથા દ્રોણ, દુર્યોધન, કર્ણ, અર્જુન અને ભીમ વગેરે વીરોની અદ્ભુત વીરત્વપૂર્ણ કથાઓ વાંચીને કયા ભારતવાસીના મુરદાલ પ્રાણોમાં પણ નવજીવનનો સંચાર નહિ થાય? પોતાના પૂર્વજોના ગૌરવનું સ્મરણ કરીને ગર્વથી કોની છાતી નહિ ફૂલી ઉઠે? માટે જો આપણને આપણા ભૂતકાળના મહત્ત્વનું યથાર્થ ચિત્ર જોવાની અભિલાષા હોય તો આપણે મહાભારત જરૂર વાંચવું જોઇએ. જો સંસારના એ મહાવીરોની વીરકથા વાંચીને આપણા મુરદાલ પ્રાણોમાં નવીન સંજીવની શક્તિ ભરવાની ઇચ્છા હોય તો મહાભારતનો પાઠ અવશ્ય કરવો જોઇએ; અને સત્ય વાત તો એ છે કે, **જેણે મહાભારત નથી વાંચ્યું તેનું ભારતવાસી હોવુંજ વ્યર્થ છે.**

૬—મહાત્મા ગાંધીજીના વિચાર

મેં આ પહેલાં 'મહાભારત'નો સંપૂર્ણ ગ્રંથ વાંચ્યો ન હતો. કોઇ કોઇવાર થોડું થોડું જોયું હોય તે જૂદી વાત. મેં તો ઉલટો તેની વિરૂદ્ધમાંજ મન બાંધી દીધો હતો કે, એમાં મારપીટ, લડાઇ અને ઝઘડાઓની કહાણીઓ હશે; અને એવાં લાંબાં વર્ણન હશે કે મારાથી વાંચી પણ નહિ શકાય અથવા હું વાંચવા બેસીશ તો મને નિદ્રાજ આવશે! એથી કરીને મહાભારતનાં ૭ હજાર પાનાંનાં મોટા પોથાં જોઇને પ્રથમ તો હું ગભરાયો હતો. પરંતુ પછી જ્યારે મેં તેને વાંચવું શરૂ કર્યું. ત્યારે તો પછી અમુક ભાગસિવાય એ એટલું બધું મનમોહક થઇ પડ્યું; એમાં એટલી બધી રૂચિ લાગી આવે કે એકવાર શરૂ કર્યા પછી એ ગ્રંથ પૂરો કરવાને હું અધીરોજ બની ગયો અને એ સંપૂર્ણ વાંચી રહ્યા પછી એ વિષેના મારા પહેલાંના ખ્યાલો ખોટા ઠર્યા.

એ ગ્રંથ મેં ચાર મહીનામાં (યરોડા જેલમાં) પૂરો કર્યો ત્યારે મને લાગ્યું કે, આ મહાભારતને કાંઇ ઉપમા આપવી હોય તો તે ગણ્યાં-ગાંઠ્યાં સુંદર જવાહીરોની એકાદ તિજોરીની ન આપી શકાય પણ અમૂલ્ય રત્નોની એકાદ અખૂટ ખાણ સાથેજ તેને સરખાવી શકાય; કે જે ખાણને જેમ જેમ વધુ ને વધુ ઉંડી ખોદીએ તેમ તેમ તેમાંથી કિંમતી જવાહીર વધુ ને વધુજ નીકળતાં જાય.

૭–દેશહિતનિરત લાલા હંસરાજજીના વિચાર

(પંડિત સંતરામજીએ લખેલા 'સચિત્ર મહાભારત' પુસ્તકની ભૂમિકામાંથી)

મહાભારત એક બડા હી અદ્‌ભુત ઔર વિચિત્ર ગ્રંથ હૈ. ઇસમેં જિન ઘટનાઓં કા વર્ણન હૈ વે ભારત કે સબ પ્રાન્તોં સે સંબંધ રખતી હૈં; ઔર ભારત કી પ્રસિદ્ધ કથાઓં મેં સે કોઇ હી ઐસી હોગી જિસકા બીજ ઇસ ગ્રંથ મેં ન પાયા જાતા હો. ધર્મ, અર્થ, કામ ઔર મોક્ષ સંબંધી જિતને ઉપદેશ ઇસ ગ્રંથ મેં વિસ્તૃત રૂપ સે લિપિબદ્ધ હૈં, વૈસે સંસાર કી કિસી પુસ્તક મેં ભી દિખાઇ નહીં દેતે. સમાજ કી રક્ષા, સ્થિતિ ઔર ઉન્નતિ કે જો ઉપાય વર્ણન કિયે ગયે હૈં અથવા જો ઉચ્ચ આદર્શ વ્યક્તિયોં ઔર સમષ્ટિયોં કે સામને રખે ગયે હૈં, ઉનકી તુલના કઠિનતા સે હી કિસી અન્ય પુસ્તક કે અંતર્ગત હોગી. × × ×

× × × × ×

મહાભારત કા પ્રભાવ ભારતવર્ષપર મહાન હૈ. અંધકાર કે સમય મેં જબ વિદ્યા કા હ્રાસ ઇસ દેશ મેં હો ગયા થા, તબ ભી મહાભારત લોગોં કી દૃષ્ટિ સે ઓઝલ નહીં હુઆ થા. પ્રત્યેક માતા-પિતા અપને સંતાન કે મનોં કો ઇસકી કથાઓં સે પ્રસન્ન કરતે હુએ ઉનકે આત્માઓં કો ધર્મ, શૌર્ય, જ્ઞાન ઔર ઉત્સાહ સે રંજિત કરતે થે. સહસ્રોં પંડિત નગરોં ઔર ગ્રામોં મેં ઘૂમતે હુયે રાત્રિ કે સમય વૃદ્ધોં, યુવકોં, કુમાર ઔર કુમારિયોં કે હૃદયોં ઔર મસ્તિષ્કોં કો અપની કથાઓં સે આર્દ્ર ઔર પ્રકાશિત કરતે થે. ઇસ કથા કી રીતિ સે હિંદૂ જનતા કે અંદર એકતા, સમાનતા, જાતિત્વ ઔર સહાનુભૂતિ કે ભાવ ઉત્પન્ન હોને સે જાતિ બલવાન બનાઇ જાતી થી. મહાભારત જૈસા પ્રભાવશાલી ગ્રંથ હમારે પૂર્વજોં કે હાથ મેં એક તીક્ષ્ણ શસ્ત્ર થા, ઔર ઉન્હોંને અપને ઇસ શસ્ત્ર કા ઉપયોગ ઉત્તમ રીતિ સે કિયા થા. હિંદૂ જાતિ બડી હી પુરાની જાતિ હૈ. ઉસકે જીવન મેં અનેક ઘટનાઓંને અપના મુંહ દિખલાયા હૈ. ઉન ઘટનાઓં કો સુલઝાને ઔર જાતિ ઔર ધર્મ કી રક્ષા કે લિયે હમારી જાતિ કે મહાપુરુષોં કો અનેક ઉપાય બર્તને પડે હૈં. ઐસા પ્રતીત હોતા હૈ કિ જાતિ કી વિશેષ આપત્તિયોં કો દૂર કરને કે લિયે દેશ કી વિદ્વત્ સભાઓં ઔર રાજમંડલોં ને સમય કી આવશ્યકતાનુસાર મહાભારત મેં પરિવર્તન કિયા. દુર્ઘટનાયેં તભી દૂર હો સકતી હૈ કિ જબ જાતિ કે અંદર ઉનકો જીતનેવાલે વિરોધાભાવ ઉત્પન્ન કિયે જાવેં. હમારે રાજાઓં, મહારાજાઓં ઔર પંડિતોં ને શુદ્ધ ભાવ મેં ઇસ મહાપુસ્તક મેં અધિક ન્યૂન કરકે કથાઓં દ્વારા વિશેષ ભાવોં કા પ્રચાર ઔર સંચાર હિંદૂ જાતિ મેં કિયા. પરંતુ જિન્હોંને મહાભારત મેં પરિવર્તન કિયે, ઉન સબકે ભાવ શુદ્ધ નહીં થે. જબ બહુત સે મતમતાન્તરોં ઔર સંપ્રદાયોં કે ફૈલને સે હિંદૂ જાતિ કે ભિન્ન ભિન્ન વિભાગોં મેં પરસ્પર કલહ ઔર દ્વેષ ફૈલ ગયા, તબ સંપ્રદાયી પંડિતોં ને ઇસ કથાગ્રંથ કો અપને વિચારોં કા સહારા ઔર પ્રમાણ બનાકર ઇસમેં બહુત કુછ હસ્તક્ષેપ કિયા. આજકલ પુસ્તકોં મેં હસ્તક્ષેપ કરના કઠિન હૈ; ક્યોંકિ મુદ્રણયંત્ર મૌજૂદ હૈ. જો પુસ્તક એક વાર છપ જાતી હૈ, ઉસમેં ન્યૂનાધિક હોના અસંભવ હૈ. પરંતુ જબ હસ્તલેખ સે હી પુસ્તક પ્રસ્તુત કિયે જાતે થે, તબ તો પ્રત્યેક લેખક કે લિયે સુગમ થા કિ વહ અપની ઓર સે કુછ શ્લોક બનાકર પુસ્તક મેં લિખ દે; ઔર આગે કે લિયે જો પુસ્તકેં લિખી જાવે વે ઇન શ્લોકોં કો મૂલ પુસ્તક કા ભાગ સમઝ કર મૂલ પુસ્તક મેં સંમિલિત કર લેવે. જ્ઞાત હોતા હૈ કિ મહાભારત મેં પૂર્વોક્ત દોનોં કારણોં સે બહુતસા પ્રક્ષિપ્ત ભાગ મૌજૂદ હૈ.

ઇસ પ્રક્ષિપ્ત ભાગમેં ઐસે પ્રકારકે ભી વિચાર વર્તમાન હૈ જિનસે રુચિ ઔર બુદ્ધિ કે વિરુદ્ધ હૈ. ઐસે વિચારોં કે પ્રચાર સે હિંદૂજાતિ કો હાનિ પહુંચતી રહી ઔર અધિક હાનિ પહુંચને કી સંભાવના હૈ. પાપી લોગ અપને પતિત આચરણોં પર લજ્જિત હોને કે સ્થાન મેં મહાભારત કે પતિત ચરિત્રોં કા આશ્રય લેકર અપની લજ્જા કો છિપાને કી ચેષ્ટા કરતે હૈં. ઇસી પ્રકાર કે વિચારોં ને

તત્ત્વદર્શી, આત્મદર્શી, વિદ્યાસંપન્ન, યોગી, શૂરવીર, દૃઢસંકલ્પ, ઐસે મહાન આત્મા કૃષ્ણ કો ભોગ-વિલાસ મેં રત કામાતુર સ્વરૂપ મેં હિંદૂજાતિ કે સામને પ્રગટ કિયા હૈ. ઇસ લિયે પરમ આવ-શ્યક હૈ કિ મહાભારત કો ઉસકે અપને અસલી સ્વરૂપ મેં લોગોં કે સામને પ્રકાશિત કિયા જાવે.

× × × × ×

લાહોર
તા-૨૨-જનવરી ૧૯૨૫ } હંસરાજ

૮–પંડિત નરદેવશાસ્ત્રી વેદતીર્થના વિચાર

ભગવાન શ્રીકૃષ્ણના સમયનું ભારતવર્ષ

(કલકત્તાના "હિંદુપંચ"ના હાલમાંજ નીકળેલા શ્રીકૃષ્ણાંક ઉપરથી અનૂદિત)

ધન્યભાગ્ય છે પવિત્ર ભારત-ભૂમિનાં કે જ્યાં અનંતકાળથી સમયે સમયે મર્યાદા-પુરુષોત્તમ માર્ગદર્શક મહાપુરુષો ઉત્પન્ન થતા રહ્યા છે, કે જેમને માર્ગે ચાલીને સંસાર સુખ-શાંતિનું ધામ બની શકે તેમ છે. ભગવાન શ્રીકૃષ્ણ એવાજ અવતારી પુરુષોમાંના છે. તેમની ગીતાએ તેમને અને તેમની સાથે આ ભારત-ભૂમિને પણ અજર-અમર બનાવી દીધી છે. આજે જન્માષ્ટમીનો પવિત્ર દિવસ છે. મહાકવિ કાલિદાસના કથનાનુસાર "भवो हि लोकाभ्युदयाय तादृशाम् ।" આવી વિભૂતિનો જન્મ લોક-કલ્યાણ અથવા લોકોન્નતિનેજ માટે થાય છે. લોકસંગ્રહના ઉપદેષ્ટા ભગવાન શ્રીકૃષ્ણનો ઉપદેશ લોકોન્નતિના કારણરૂપ ન થાય એ તો બનેજ કેમ ? આજે અમે આ જન્માષ્ટમીના પ્રસંગે કૃષ્ણ ભગવાનના સમયના ભારતવર્ષ ઉપર દૃષ્ટિ ફેરવીએ તો તે એક સમયોચિત કાર્યજ થશે. ચાલો, પાઠક ! આપણે તે સમયના ભારતવર્ષ ઉપર દૃષ્ટિ ફેરવીએ.

સ્વરાજ્ય અને સામ્રાજ્ય

એ સમયે ભારત-ભૂમિ ઉપર તો ભારતીય રાજા-મહારાજાઓનું સ્વરાજ્ય તો હતુંજ, પરંતુ એ બળવાન સ્વરાજ્યને લીધે સમસ્ત ભૂમંડળ ઉપર પણ આર્ય રાજાઓનું સામ્રાજ્ય હતું. આર્યજાતિ-ની સભ્યતા એ સમયે સર્વશ્રેષ્ઠ સભ્યતા ગણાતી હતી. ભારતીય રાજામહારાજાઓ ભલે આપસ આપસમાં દ્વેષ રાખતા હતા; પરંતુ પ્રજાને માટે તો તેઓ એકસરખા સુખદાતા હતા. મગધદેશના જરાસંધને, ચેદિદેશના શિશુપાલને અને હસ્તિનાપુરના દુર્યોધનને ખરાબ દર્શાવવામાં આવે છે; પરંતુ એ રાજાઓ એકબીજા રાજા સાથે વેર રાખતા હતા, અને પ્રજાને તો પુત્ર પ્રમાણે પાળતા હતા. રાજાઓને રાજાઓ માટેજ ફરિયાદ હતી, પરંતુ પ્રજાને પોતાના રાજાવિષે કંઇ પણ શંકા રહેતી નહિ. કંસ કૃષ્ણથી ડરતો હતો, તેણે તેમને દુઃખ દેવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તે પોતાની પ્રજાની દૃષ્ટિમાં કોઈ પણ રીતે નુકસાનકારક ગણાયો નથી. એ સમયે રાજા-મહારાજાઓ શરદૃઋતુમાં ચઢાઇઓ કરતા હતા. શત્રુ હારી જતાં અથવા મૃત્યુ પામતાં તેનું રાજ્ય છીનવી લઇ પોતાના રાજ્યમાં જોડી દેવાની રૂઢિજ નહોતી. તેઓ શરણાગતને છોડી દેતા હતા અને જો તે યુદ્ધમાં હારી જાય તોપણ થોડીજ ખંડણી લઇને તેને છોડી દેતા હતા; અથવા તો યુદ્ધમાં મરાયા બાદ તેના પુત્ર વગેરેને રાજ્યગાદીએ બેસાડીને પાછા ફરતા હતા. અશ્વમેધ યજ્ઞમાં પૃથ્વી ઉપર પરિભ્રમણ કરવાને ઘોડો છૂટો મૂકાતો હતો. જેનો ઘોડો અટકાયતસિવાય પૃથ્વીપ્રદક્ષિણા કરીને પાછો આવતો, તેનું સમસ્ત પૃથ્વી ઉપર સામ્રાજ્ય ગણાતું હતું.

એ સમયે પ્રજાને પોતાનો સ્વતંત્ર અભિપ્રાય પ્રકટ કરવાનો પૂર્ણ અધિકાર હતો. આમ સ્વતંત્ર મત પ્રદર્શવાને ખાતર રાજા-મહારાજાઓએ કદી પણ પ્રજાને સતાવી નથી. શાસનપદ્ધતિ રાજસત્તાક હતી; પરંતુ આજકાલની કહેવાની પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ કરતાં તો તે અત્યંત શ્રેષ્ઠ હતી. રાજા-મહારાજાઓ હાલની પેઠે મોઘમાથું નહિ પણ વિદ્યાસભા, રાજસભા અને ધર્મસભાદ્વારા રાજ્ય કરતા હતા. એ સભાઓમાં જનતાના સાચા પ્રતિનિધિતરીકે વિદ્વાન બ્રાહ્મણો, સંન્યાસીઓ અને ઋષિમુનિઓ મધ્યસ્થતરીકે વિરાજતા હતા. રાજાઓ પણ ઋષિ-મુનિઓના શાપ અને ધાકથી એવા તો ધ્રુજતા કે કોઇપણ અગત્યનું કામ તેમની સાથે મસલત કર્યા સિવાય કરતાજ નહિ.

પ્રજા

પ્રજા સર્વ પ્રકારે સુખી હતી તથા રાજદંડના ભયથી પોતપોતાનાં વર્ણાનુરૂપ કાર્યોમાં તત્પર રહેતી હતી. તેના ઉપર સ્વધર્મરક્ષક અને પોષક રાજ્યપદ્ધતિ હોવાથી પ્રજામાં છળ, કપટ અને દંભનું નામ સરખુંયે ન હતું. રાજાઓ પ્રજા પાસેથી આવકનો છઠ્ઠો અથવા ચોથો ભાગ લેતા હતા, પરંતુ આજકાલના જેવા કરોની અતિશયતા નહોતી. રાજા આજકાલના રાજાઓની પેઠે વેપાર કરતા ન હતા. આજકાલ તો આપણા રાજ્યકર્તાઓ પક્કા વેપારી છે. એટલે પ્રજાનો ભાગ રાજાના ભંડારમાંજ જાય છે અને પ્રજા ભૂખે મરે છે. રાજા અને પ્રજાનો એકજ ધર્મ હતો; તેથી બન્ને પરસ્પર એક જેવાજ લાગતા હતા. દેશની સંપત્તિ એ સમયે હાલની પેઠે સાત સમુદ્ર પાર ચાલી જતી નહોતી; પરંતુ વિદ્યા, કળાકૌશલ્ય, વેપાર વગેરેની વૃદ્ધિ થવાથી ભારતવર્ષ સમસ્ત સંસારનું કેન્દ્ર બની રહ્યો હતો. આજે તો આપણે માથે સંપૂર્ણ વિદેશી, વિધર્મી અને તેથી અસ્વાભાવિક રાજ્ય-શાસન-પદ્ધતિનું ચક્ર જોરથી ઘુમી રહેલું છે; અને તેથી સ્વધર્મ અને સ્વરાજ્ય બન્ને નાબુદ થઈ ગયાં છે, એટલે પછી પ્રજા તો સુખી હોયજ શી રીતે?

સ્વશિક્ષણ

સ્વરાજ્યને લીધે એ સમયે ભારતવર્ષજ સ્વશિક્ષણનું કેન્દ્ર હતો. સમસ્ત સંસારના લોકો અહીં આવીને ચારિત્ર-શિક્ષણ લઇને સ્વદેશ જતા હતા. અહીં વેદવેદાંગોનું શિક્ષણ અપાતું હતું. અહીંનું તત્ત્વજ્ઞાન પણ એટલું બધું ઉન્નત થયેલું હતું કે સમસ્ત સંસારના વિદ્વાનો અહીં આવીને આપણા ગુરુઓને ચરણે પડતા હતા.

एतद्देश-प्रसूतस्य सकाशादग्रजन्मनः। स्वं स्वं चरित्रं शिक्षेरन् पृथिव्यां सर्वमानवाः॥ (મનુ)

આ પ્રમાણે અહીં અઢારે વિદ્યા અને ચોસઠ કળાઓનું સામ્રાજ્ય તો હતુંજ, પરંતુ એ ઉપરાંત બ્રહ્મવિદ્યા અને આત્મવિદ્યાના પણ શિક્ષકો ભારતવર્ષ સિવાય બીજે ક્યાંય મળતા નહિ. આ પ્રમાણે એ સમયે આર્યજાતિની સભ્યતા સમસ્ત સંસારને સુખશાંતિ આપનારી અને સર્વશ્રેષ્ઠ હતી. અહીંના ઋષિમુનિઓ દેશદેશાન્તરોમાં જઇને સ્વશિક્ષણ અને સ્વધર્મનો પ્રચાર કરતા હતા; શિક્ષણ **મફત આપવામાં આવતું; અને જ્ઞાન-વિક્રય નિંદાસ્પદ ગણાતો હતો.**

શિક્ષણ પૂર્ણ થતાં સુધી વિદ્યાર્થીઓએ બ્રહ્મચારી રહેવું પડતું હતું. અધ્યયન સમાપ્ત થયા પછી તો કોઇ કોઇકજ જન્મપર્યંત નૈષ્ઠિક બ્રહ્મચારી રહેતા હતા; અને બાકીના ક્રમાનુસાર ગૃહસ્થ અને વાનપ્રસ્થ આશ્રમોમાં રહીને તે પછીજ સંસારનો ત્યાગ કરીને નિવૃત્તિમાર્ગ ગ્રહણ કરતા હતા. આજકાલ વિદેશી અને વિધર્મીઓ તરફની અસ્વાભાવિક શિક્ષણપદ્ધતિથી આપણા દેશના નવજુવાનોની જે દુર્ગતિ થઇ રહી છે, તે આપણે પ્રતિદિન સગી આંખે જોઇએ છીએ. આપણા નવજુવાનોનાં હૃદય અને મગજ બન્ને વિદેશી અને વિધર્મી થઇ ગયાં છે. અને તેનું હાનિકારક પરિણામ એ આવ્યું છે કે, તેમનામાંથી સ્વાવલંબન અને સ્વાભિમાન લુપ્તપ્રાય થઇ ગયાં છે. તેઓ સદાયે પરાવલંબી થઇને પોતાને દીન, હીન અને પરાધીન માની બેઠા છે, અને હોય છે પણ એવાજ.

તે પ્રાચીન સમયે ભારત સ્વશિક્ષણને પોતાનું હતું. પોતાનુંજ રાજ્ય અને પોતાનુંજ કામ હતું. તેથીજ સ્વતંત્રતાનું સામ્રાજ્ય હતું. બ્રાહ્મણ નિષ્કિંચન રહીને વિદ્યાદાન આપતા હતા; ક્ષત્રિયો રાજકાજ કરતા હતા; વૈશ્યો વેપાર કરતા હતા; અને શૂદ્રો સેવા-ભાવમાં તત્પર રહેતા હતા. આથીજ સ્વધર્મ અને સ્વરાજ્યનો રથ બહુ ઉત્તમ રીતે ચાલતો હતો. આજકાલ તો આ સ્વધર્મ-નાશક અને સ્વરાજ્ય-વિરોધી રાજ્યમાં બધું એથી ઉલટું અને ઉંધુંચત્તુંજ થઇ રહ્યું છે. આજે તો બધાજ બ્રાહ્મણ, બધાજ ક્ષત્રિય, બધાજ વૈશ્ય અને બધાજ શૂદ્ર! કોઇ પ્રકારની કશી વ્યવસ્થાજ રહી નથી!

આચાર-વ્યવહાર

ઉપરોક્ત સમયે પ્રજાના આચાર અને વ્યવહાર સર્વશ્રેષ્ઠ હતા. રાજદંડ જોરથી ગુન્હા કરતો હતો. લોકો ધર્મ-કર્મમાં મગ્ન રહેતા હતા. ઈશ્વરમાં વિશ્વાસ, ધર્મશ્રદ્ધા અને આસ્તિક બુદ્ધિને લીધે પરસ્પર દ્વેષ ઓછો હતો. [illegible] શી રીતે હોય! જેમને ઈશ્વરીય ન્યાય, કર્મોના અને પુનર્જન્મના સિદ્ધાંતમાં દૃઢ વિશ્વાસ હોય, તેઓ સ્વકર્તવ્યપાલનમાં તત્પર કેમ ન રહે! [illegible] અને આશ્રમ [illegible] તેઓ સુખપૂર્વક [illegible] હતા. એ સમયે [illegible]

વિવાહ જેવી કુપ્રથાઓ તો હતીજ નહિ. લોકો હૃષ્ટપુષ્ટ રહેતા અને તેમનાં સંતાન પણ બળવાન થતાં હતાં. જો કે પ્રજાનો ધર્મ વૈદિક હતો, છતાં પણ નાસ્તિક, લોકાયતિક વગેરે વિલક્ષણ માન્યતાવાળાઓ પણ નિર્ભયતાથી રહેતા હતા. કુળધર્મ, જાતિધર્મ, દેશધર્મ એ સર્વનો ખ્યાલ રાખીને રાજા-મહારાજાઓ એવી ઉત્તમતાથી શાસનચક્ર ચલાવતા હતા કે જેથી રાજા-પ્રજા બન્ને સુખી રહેતાં હતાં.

વિજ્ઞાન

વિજ્ઞાનમાં તો એ સમયના ભારતવાસીઓ હાલના પાશ્ચાત્ય વિજ્ઞાનવેત્તાઓ કરતાં હજારોગણા આગળ વધેલા હતા. તેઓ વિમાન બનાવવાનું જાણતા હતા અને તેના ઉપર સુખપૂર્વક મુસાફરી કરતા હતા. શસ્ત્રાસ્ત્ર બનાવવામાં, ચલાવવામાં, ફેંકવામાં અને તેને ઇચ્છાનુસાર રોકવામાં તેઓ સિદ્ધહસ્ત હતા. અનેક પ્રકારના રથ બનાવવામાં અને વાહન ગોઠવામાં તેઓ અત્યંત કુશળ હતા. તેમના પહેરવેશ ઉપરથી અમે કહી શકીએ છીએ કે, તે વખતના જેવાં વિવિધ પ્રકારનાં સુંદર વસ્ત્રો તો હાલમાં કોઇકનાજ નસીબમાં હોય! તેમનાં આભૂષણ ઉપરથી માલમ પડે છે કે, સમસ્ત સંસારનાં ઉચ્ચ કોટિનાં રત્નો આપણા પૂર્વજોના ભંડારમાં હતાં. તેમનાં વાહન પણ અપૂર્વ હતાં. સારાંશ કે જળ, સ્થળ અને આકાશમાં પણ તેઓની ગતિ હતી. મહાભારતના યોદ્ધાઓ, તેમનાં વાહનો, તેમના પહેરવેશો, તેમના શણગારો અને તેમનાં અસ્ત્ર-શસ્ત્રોનાં વર્ણન વાંચવાથી અમારી વાતોને ટેકો મળે છે. વાસ્તુવિદ્યામાં તેઓ કેટલા નિપુણ હતા તે મયાસુરની બનાવેલી સભાનું વર્ણન વાંચવાથી સમજાય છે. કેવી અપૂર્વ એ સભા! વાસ્તુવિદ્યાની પરાકાષ્ઠાનાં તેમાં દર્શન થશે; એટલુંજ નહિ પણ દુર્યોધનને પાંડવોનો ભય લાગ્યો ત્યારે તે એક તળાવમાં જળની વચ્ચે આનંદપૂર્વક સૂઇ ગયો હતો! આ જાતની જળસ્થંભન વિદ્યા તો હજુ સુધી પાશ્ચાત્ય વિજ્ઞાનીઓના પણ ખ્યાલમાં નથી આવી. કેટલું કેટલું લખી શકાય! એ સમયના લોકોના આચાર, વ્યવહાર અને વિજ્ઞાન વગેરે અપૂર્વજ હતાં.

રાજનીતિ

બાણશય્યા ઉપર પડેલા ભીષ્મ પિતામહે યુધિષ્ઠિર વગેરેને જે ઉપદેશ આપ્યો અને જે અપૂર્વતાથી રાજધર્મનું વર્ણન કર્યું; તેની ઉપમા સમસ્ત સંસારમાં ક્યાંયે મળે તેમ નથી. એવા રાજધર્મના ઉપદેશ હાલમાં કોણ જાણે છે?

यदिहास्ति तदन्यत्र, यन्नेहास्ति न तत्क्वचित्।

બસ ઉપલા ઋષિવાક્ય પ્રમાણે એટલુંજ કહેવું પૂરતું છે કે, જે કાંઇ આ મહાભારતમાં કહેલું છે, તેનુંજ ઉચ્છિષ્ટ સર્વ જગામે છે; અને જે વાત આમાં નથી તે સમસ્ત સંસારમાં ક્યાંયે મળી શકશે નહિ. આપણો ધર્મ, રાજધર્મ, યુદ્ધધર્મ, આચાર, વિચાર, વ્યવહાર, વિદ્યા, કળા, વિજ્ઞાન, નીતિ અને રાજનીતિ એમાંથી કોનું કોનું અને શું શું વર્ણન કરીએ?

હાલમાં તો આપણા રાજ્યકર્તાઓને-તેમનાથી જૂદા પ્રકારનાં ધર્મ-કર્મ, જૂદા હિત-સંબંધ અને જૂદી સંસ્કૃતિ ધરાવતી પ્રજાના કલ્યાણની કંઇજ ચિંતા નથી, અને હોય તોપણ તે નામમાત્રનીજ છે. તેઓ તો અમારા મહાભારતના એક નીતિના આચાર્ય કણિકની નીતિ પ્રમાણે વર્તી રહ્યા છે. કણિકનો મત એવો છે કે, પ્રથમ તો કોઇને કંઇ આશાજ આપવી નહિ; અને આપી તો તેમાં કોઇને કોઇ બહાનાં બનાવીને વિલંબ કર્યા કરવો. બને ત્યાંસુધી તો વૃક્ષે ફૂલવુંજ નહિ; ફૂલવું તો સહજે ફળવું નહિ અને ફળવું તોપણ એટલે ઉંચે ફળવું કે જેથી લેનારના હાથમાં થોડાંજ ફળ આવે! વળી એ થોડાં ફળો પણ પોતાની મેળે તો કદી ગરવાનાંજ નહિ!! જ્યારે પાંડવોનો દૂત ધૃતરાષ્ટ્ર પાસે અર્ધું રાજ્ય માગવા સંબંધી સંદેશો લાવ્યો, ત્યારે કણિકે ધૃતરાષ્ટ્રને ઉપલીજ વાત સમજાવી હતી. આપણા વર્તમાન રાજકર્તા "आशां कालवतीं कुर्यात्" એ પ્રમાણે બરાબર કણિકનાજ રાહ ઉપર ચાલે છે. આપણને અયોગ્યજ ગણતા રહીને તથા આશામાં ને આશામાંજ રાખ્યા કરીને તેમણે ખારસાં પચાસ વર્ષ ગાળી નાખ્યાં! અને એ પછી કંઇક આપવા લાગ્યા તેમાં પણ કેટલી બધી અડચણો!!! અમારીજ વસ્તુ અમને સોંપવામાં જ્યારે આવી દશા છે, તો પછી કદાચ પોતાનીજ કોઇ વસ્તુ આપવાની હોત તો તો કોણ જાણે શુંનું શુંયે કરત! અસ્તુ.

આ પ્રમાણે સિંહાવલોકન કરવાથી ભગવાન શ્રીકૃષ્ણના સમયમાં ભારતવર્ષની કેવી સ્થિતિ

હતી, તે સ્પષ્ટ દેખાઈ આવે છે. માત્ર તેના જોનાર જોઇએ.

ભગવાન કૃષ્ણચંદ્રે પોતાના લોકસંગ્રહદ્વારા સમસ્ત સંસારને કર્મયોગમાં જોડાઇ રહેવાનો જે ઉપદેશ આપેલો છે; તે સમસ્ત સંસારને માટે મહાપ્રલય સુધી દીવાદાંડીરૂપ થશે. તે ઉપદેશ કેવો છે? તે નિવૃત્તિ અને પ્રવૃત્તિનો મધ્યમ માર્ગ છે. સંસારમાં રહીને સંસારનાં કામ કરવા છતાં પણ કેવી રીતે તેના દોષોથી અલિપ્ત રહીને મોક્ષ-સુખ મેળવી શકાય તેજ દર્શાવવાનો ગીતાનો ઉદ્દેશ છે. ભારતવર્ષનું સર્વ કાંઇ ભલે જતું રહે, પણ તેની ગીતા અને તેનો કૃષ્ણ ન જાય, એટલે બસ! કેમકે:—યત્ર ધર્મસ્તત્र कृष्ण: यत: कृष्णस्ततो जय: ॥
અથવા તો–यत्र कृष्णस्तत्र धर्म: यतो धर्मस्ततो जय: ॥

૯—પ્રૉફેસર દાવરના વિચાર

મહાભારત આધ્યાત્મિક પુસ્તકતરીકે પણ અદ્વિતીય છે. મહાભારત એ માત્ર મહાકાવ્યજ નથી, પણ 'એન-સાઇક્લોપીડીયા' (એટલે કે વિશ્વકોષ) પણ છે; કેમકે તેમાં દરેક વિષયને લગતું જ્ઞાન સમાયલું છે. વળી મહાભારત એ મહાકાવ્ય નહિ પણ વિરાટકાવ્ય છે. હોમરને ઇલીયડ લખવામાં પાંચ-દશ વર્ષ ગયાં, પણ મહાભારત લખવામાં તો (ભારતવાસીઓને) ૩૦૦૦ વર્ષો ગયાં છે. સંસ્કૃત સાહિત્યના બગીચામાં રામાયણ અને મહાભારત એ એક કલ્પવૃક્ષસમાન છે; કારણ કે એમાંથી જે પણ માગો તે મળશે. રામાયણ અને મહાભારતમાંના રામ અને કૃષ્ણ, એ માત્ર પુસ્તકોમાંજ રહેલી વ્યક્તિઓ નથી, પણ હિંદીઓના હૃદયમાં રહેલી જીવતીજાગતી પ્રતિમાઓ છે. પવિત્ર બાઇબલ કે જે (પાશ્ચાત્ય) પ્રજાઓનું પુસ્તક કહેવાય છે, તે પણ જૂદાં જૂદાં ૬૬ પુસ્તકો-નું બનેલું છે.

૧૦—કવિરાજ ન્હાનાલાલના વિચાર

રામાયણ અને મહાભારતની ભાષાશૈલી એ ભરતખંડની ભાષાશૈલી છે. હિંદની ભાષાશૈલી યૂરોપ સમજી શકશે નહિ. યૂરોપ હમેશાં પોતાનાંજ ચસ્માંથી જુએ છે. રામાયણ અને મહાભા-રતનાં અગાધ જળ માપવાના એ વામનજીના પ્રયાસ હજુ સફળ થયા નથી. મહાભારત અને રામા-યણ એ સાગરસમા છે. સાગરની આજુબાજુના દેશ-પ્રદેશો નહિ બતાવો તો સાગરનું ચિત્ર અપુર્ણજ રહેશે. આડકથાઓ સાગરની આજુબાજુના દેશપ્રદેશો સમાન છે. × × × સંસ્કૃત સાહિત્યમાં મહાભારત અને રામાયણ એ ઇતિહાસ છે, મહાકાવ્ય નથી. શિશુપાલવધ વગેરે મહાકાવ્યો છે ખરાં, પરંતુ સારામાં સારૂં મહાકાવ્ય પણ એ મહાભારત કે રામાયણની સરખામણીમાં ઉભું રહી શકે તેમ નથી. મહાભારતનાં બે પર્વથી કાલિદાસે જગવિખ્યાત શાકુંતલ લખ્યું. એક પર્વ-ના આખ્યાનમાંથી ગુજરાતનો મહાકવિ પ્રેમાનંદ જન્મ્યો. સર્જન પૂર્વે કીધું, તેનું પૃથક્કરણ પશ્ચિમે કર્યું છે. ઇલીયડ અને મહાભારત વચ્ચે જમીન અને આસ્માનનો ભેદ છે.

૧૧—જગતવંદ્ય સ્વામી વિવેકાનંદજીના વિચાર

"આ વીરરસપ્રધાન મહાભારત કાવ્યનાં યત્રાત્રપિ પાત્રો તથા રામાયણનાં પાત્રો, એ તો [illegible]રો વંશથી ચાલ્યો આવતો સમગ્ર હિંદુ પ્રજાનો પ્રિય વારસો છે. તેમના ધર્મવિચારો [illegible] નૈતિક કલ્પનાઓનો પાયો એમાંજ રહેલો છે. કેમકે ખરૂં જોતાં રામાયણ અને મહા-[illegible]ના પ્રાચીન મથો તો આર્યજીવન તથા આર્યબુદ્ધિને માર્ગદર્શન આપનારા ઉત્તમ ગ્રન્થો છે. પૂજ્ય ઋષિમુનિઓએ એમાં એવી આદર્શમય સંસ્કૃતિ આલેખી છે કે જેને માટે [illegible]તિ ઉત્તમ સમય માનવજાતિને પણ હવે તીવ્ર આકાંક્ષા ઉત્પન્ન થશે.

ભિક્ષુની ભલામણ અને માગણી*

રામાયણ, મહાભારત, વેદ, ઉપનિષદ, હરિવંશ, ભાગવત, દર્શનશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને દકશાસ્ત્ર વગેરેને લગતા ઋષિમુનિકૃત ગ્રંથો, એ અમૂલ્ય વસ્તુ હોવા છતાં પણ શ્રીહરિએ કૃપા કરીને તે આપણેમાટે આ યંત્રયુગમાં એટલા બધા સુલભ કરી દીધા છે કે જે તેમને માટે આપણા ગૃહસ્થાશ્રમીઓમાં પાણીના જેટલું (રોજના બે ચાર પૈસા જેટલું) પણ ખર્ચવાની ઇચ્છા પ્રગટે; અથવા અકિંચન પ્રભુપ્રેમીઓમાં વગરપૈસે પણ મેળવવાની તીવ્રેચ્છા ઉદ્ભવીને તે ધનવાનોપ્રત્યે નહિ તો પ્રભુપ્રત્યે પણ ઉંડા હૃદયથી પ્રાર્થના કરાવે; તો તેમને પણ એવા સદ્ગ્રંથ શ્રીહરિ કોઇ પણ પ્રકારે મોકલેજ મોકલે. આમ કોઇ પણ પ્રકારે આવો ગ્રંથરૂપી સન્મિત્ર એક વાર મેળવો, એટલે તો પછી તે આપણો એવો વફાદાર સાથી અને આજ્ઞાંકિત અનુચર બની રહેવાનો કે જન્મારાસુધી ન તો કાંઇ પગાર માગે કે ન તો કાંઈ અન્નપાણી માગે! તેને જ્યાં પણ બેસાડીએ ત્યાં સમાધિનિષ્ઠ મુનિ પેરે અડગભાવે બેસી રહે; જ્યારે પણ પૂછીએ ત્યારે આપણા પૂજ્ય પૂર્વજોની, પ્રાતઃસ્મરણીય અવતારોની અને મોટા મોટા ઋષિમુનિ-ઓની તથા વીરવીરાંગનાઓની અત્યંત સુખકારક અને હિતાવહ એવી જ્ઞાનચારિત્ર્યવર્ધક વાતો તેને જેવી પણ મનોરંજક અને અસરકારક વાણીમાં સોંપાયલી હોય તેવીજ આબેહુબ, મનોરંજક, અસરકારક અને અક્ષરશઃ સંભળાવવા માંડે! વળી સત્યસુખનો માર્ગ પૂછીએ ત્યારે તે પણ જુગજૂના જોગીઓનીજ કૃતિ અને વાણીમાં કહી સંભળાવે; અને માર્ગદર્શક દિવ્ય દીપકનું કે ભોમીઆ મશાલચીનું કામ લેવું હોય ત્યારે તેને માટે પણ ક્ષણમાત્રનીયે ઢીલવિના તૈયાર!

આવા ઋષિમુનિકૃત ગ્રંથો એ ખરૂં જોતાં તો સાક્ષાત્ શ્રીહરિનાજ સંદેશવાહક-કાસદરૂપે છે. કેમકે પરમાત્મદેવનીજ પ્રેરણાનુસાર દ્રષ્ટા મહર્ષિઓએ એ અક્ષરદેહો રચેલા છે; અને તેમ હોવા-થીજ તે હિંદુજાતિનો અમૂલ્ય ખજાનો, માર્ગદર્શક ભોમીઓ અને વ્યવહારપરમાર્થ ઉભયને દર્શાવવા-વાળો જ્વલંત દીપક બની રહેલો છે; તથા સૃષ્ટિ હયાત હશે ત્યાંસુધી પણ તે તેવોજ રહેશે. હા, છતે ખજાને પણ આપણે પાખંડી ગુરુઘંટાલો અને કીર્તિપ્રેમી, વાણિજ્યકુશળ કે એક આંખવાળા આગે-વાનોનાજ ફંદામાં ફસી રહીએ; અને એ અનુપમ ખજાનો સ્વલ્પ પણ ખર્ચ કે શ્રમથી કાઢવા-ભોગવવા ઇચ્છીએ નહિ; ત્યાંસુધી તો સાક્ષાત્ શ્રીહરિ પણ આપણા કપાળમાં લખાયેલી દુઃખદારિદ્રની બેડીઓ તોડવાને અશક્તજ રહેશે. કારણ કે જે જ્ઞાનચારિત્ર્યવર્ધક ગ્રંથો સાક્ષાત્ શ્રીહરિનાજ ઉપદેશરૂપ હોય; જે ગ્રંથો વાલ્મીકિ અને વ્યાસ ઇ૦ જેવા મહર્ષિઓએ પરમાત્માથીજ પ્રેરાઇને આપણને અનુપમ વારસારૂપે રચી આપ્યા હોય; અને જે ગ્રંથો આપણી હિંદુ સંતાનોની સેવા બજાવવાને એક પગે ટાંપી રહ્યા હોય; છતાં પણ જો આપણે તેનો લાભ લેવા ઇચ્છીએ નહિ; તો તો પછી હજી પણ આપણે 'અકર્મીના પડિયા કાણા'ની પેઠે કર્મના ફૂટેલાજ રહેવાના! અત્યારસુધી તો થયું તે થયું, પણ હવે તો જરૂર જાગો. નહિ તો આપણું હિંદુત્વ અને હિંદુસ્તાન, આપણા પોતાના અને આડંબરી ધર્મગુરુઓના તથા મિથ્યાભિમાની અગ્રેસરોના અધુરા જ્ઞાન-ચારિત્ર અને દુર્બળ તન-મનના પ્રતાપે હવે દુઃખ અને અધોગતિના એવા તો ઉંડા મહાસાગરમાં ગારત થઇ જશે કે પછી સદાકાળને માટે સત્યાનાશજ ગયું જાણજો!! માટે હવે તો આપણે આપણા હાલના બટેખાં-ઓના ગુણગાનનાં પોથાં, પ્રેમલા-પ્રેમલીનાં પોથાં તથા રઢિયાળી રાતોના રાગડા ત્યજી દઇને આપણા તનમાં ને મનમા મિત્રરૂપે ઘુસી બેઠેલા અજ્ઞાન અને અવગુણરૂપી શત્રુઓનેજ ઓળખ-વાનું તથા દૂર કરવાનું શીખો; અને એ બાબતમા આપણને તથા અન્ય સર્વને મોટી મદદ મળે તેટલા સારૂ રોજરોજ ઉંડા હૃદયથી પ્રભુપ્રાર્થના કરવા ઉપરાંત ઈશ્વરી પ્રકાશથી ભરપૂર ગ્રંથોના નિત્યપાઠ, સ્વાધ્યાય અને બને તેટલું અનુસરણ પણ કરવા કરાવવા તરફ ધ્યાન આપો. વળી કુળ, કુટુંબ, સગાંવહાલાં, નાતજાત અને સર્વ હિંદુ ભાઇબહેનોમાં તેની ભેટ-લહાણી કરવા કરાવવા

---

* આ લેખ અત્ર તરફની વાલ્મીકિરામાયણના નિવેદનમાંથી જરૂરી ફેરફાર સાથે લીધો છે.

તરફ પણ અધિકાધિક ધ્યાન આપો; કે જેથી તમારૂં, તમારી સંતતિનું, તમારી હિંદુજાતિનું અને તમારા શત્રુઓનું પણ કલ્યાણજ થાય !

મહાભારત અને રામાયણનું નામ આપણા દેશમાં સર્વત્ર પ્રસિદ્ધ છતાં પણ તેની અસામાન્ય મહત્તા અને ઉપકારકતાનો ખ્યાલ થોડાજ માણસોને હોય છે. વળી સ્વાર્થસાધુ ગૌરાંગો તરફના ગોટપીટીઆ શિક્ષણથી રંગાયેલો વર્ગ તો એવા ગ્રંથોને ગપસપ જેવા ગણી કાઢીને મોટે ભાગે તેનાથી દૂરજ રહે છે. એટલુંજ નહિ પણ જેમ કોઇ એક ઍકડા ઘુંટતું છોકરૂં એકાદ સમ્રાટના ધનવૈભવની આંકણી કરવા બેસે; અથવા તો એકાદ-કાચલીવડે અમાપ મહાસાગરનું પાણી માપવા બેસે; તેમ કોઇ કોઈ તો વળી એમાંનાં અતિ અસામાન્ય, મહાન, પરમ પવિત્ર અને પ્રાતઃસ્મરણીય પાત્રોને રસ્તે જનારાં સામાન્ય માનવ જેવાંજ સમજી લઇને તેમના અમાપ જ્ઞાનચારિત્ર્યને પોતાના ક્ષુદ્રક-વેંતીઆ જ્ઞાનચારિત્ર્યવડે માપવા બેસે છે અને તેમનામાં ખામીઓ પણ શોધવા-દર્શાવવા મંડી પડે છે ! માટે આ કારણથી પણ સમર્થ વિચારકો અને અભ્યાસીઓએ આ પ્રાચીન ગ્રંથોની મહત્તા અને ઉપકારકતાનાં મુક્તકંઠે ગુણગાન કર્યાં છે, તે આ પછીનાં પૃષ્ઠોમાં જોડવામાં આવ્યાંછે.

વાંચનાર માનવબંધુ ! આવા અતિ ઉપકારક ગ્રંથો પરમાત્માએ પોતેજ મહાન ઋષિમુનિઓના હૃદયમાં રહીને લખાવેલા સમજજો અને તે બદલ એ મહાન દ્રષ્ટાઓનો અને મહાન પ્રભુનો નિત્યપ્રતિ ઉંડા હૃદયથી આભાર માનવા ઉપરાંત બે હાથ જોડીને તેમના શ્રીચરણમાં નમસ્કાર પણ કરતા રહેજો. કેમકે આવા સ્મરણવંદનથી તમારાં હૃદય અને વર્તન અધિકાધિક ઉચ્ચગામી થતાં ચાલશે અને સચ્ચિદાનંદ શ્રીહરિની તમને કૃપા અને સહાયતા પ્રાપ્ત થશે.

હા, એટલું ખરૂં કે, તે આભાર મોઢાના શબ્દોવડે માનવા ઉપરાંત શુભ કૃતિઓથી પણ માનવો જોઇયે. કેમકે એમ કરવાથીજ પરમાત્મદેવની કૃપા મેળવી શકાય તેમ છે. આ શુભ કૃતિ કેવી સમજણ અને ઉદારતાથી થવી જોઇએ; તે વિષે પણ આપણા વંદનીય ઋષિમુનિઓનાં વચન-વર્તન કહે છે કેઃ-योऽयं निजपरो वेत्ति गणना लघुचेतसाम् ! उदारचरितानां तु वसुधैव कुटुंबकम् ॥ અર્થાત્ સાંકડા મનવાળાજ 'આ મારૂં' અને 'આ પારકું' એમ સમજે છે. ઉદાર ચરિત્રવાળા તો આખા જગતને કુટુંબરૂપે માને છે. માટે હે ભાઇઓ અને બહેનો ! એટલું વિશાળ તમારૂં હૃદય ન જ થયેલું હોય, તો પછી નીચેની વાત તો ધ્યાનમાં લેજોજ લેજો.

જો દયાસાગર પ્રભુ પાસે અધિકાધિક દયા પામવી હોય, તો તમારૂં હૃદયપાત્ર જેટલું પણ મોટું રાખશો, તેટલા પ્રમાણમાં તે પણ અવશ્ય પામી શકશો. માટે હે ભાઇ ! વધારે નહિ તો તમારાં કુટુંબી, પડોશી અને સગાંસંબંધીઓને પણ આપણા પ્રભુસાક્ષાત્કારને પામેલા ઋષિમુનિઓએ સર્વ કોઇના ભલા માટે રચી આપેલી પરમપાવની કથાઓ રોજ ઘડી બે ઘડી પણ નિત્યપ્રતિ વાંચવા-સંભળાવવાનો લાભ મળે તેમ કરજોજ કરજો. કેમકે એ કથાઓ આપણા મહાન પૂર્વજો, અવતારો અને પ્રાતઃસ્મરણીય વીર વીરાંગનાઓને લગતી છે; અને આપણા હૃદયને જ્ઞાનચારિત્રના રંગમાં રમાડીને નિર્મળ તથા પવિત્ર બનાવનારી છે. આવી ઉત્તમ કથાઓમાં વર્ણવાયેલાં ઉત્તમ જ્ઞાનચારિત્રની કદર, ઇચ્છા અને પ્રાપ્તિ કરવાની જરૂર પ્રત્યેક શ્રોતા અને વક્તાને પોતાના પંડ માટે પણ ચોટીપણી જણાશેજ. કોઇપણ માનવ એવું તો નજ માની રાખે કે, અમારા જેવાંથી તે કાંઇ એ કથાઓમાં વર્ણવેલા પાત્ર જેવા થવાય ! અહીં તો એ વિષે લખવું પણ કેટલું ! ટુંકામાં એજ કે, જે પણ માનવો સાચા મનથી જેવું પણ થવા કે મેળવવા ધારે, જેવું પણ વિચારે, જેવું પણ પ્રાર્થે, તેવું તેઓ પણ જરૂરજ પામી શકે છે અને તેવાં જરૂર બની શકે છે. માટે હે પુરષ રામ ! હે સીતાદેવીનાં વારસ આ-માતા ! હે ઋષિમુનિઓનાં શુભ સંતાન ! તમ પૂર્વજોના ગુણ ગાવા-સાંભળવામાં જરા બની તો જુઓ ગુણવાન ! હે બહેન અને ભાઇ ! સાચી તો જુઓ એ આપણા સમર્થ પૂર્વજો સાથેની સાચી સગાઇ ! આર્યંત અને દિં મુકુટમણિ અને ઋષિમુનિનાં પણ કદર કરી લેનાર એવા તેમના ગુણચારિત્રના ઉત્તમ મેળવવા તરફ જો તમારૂં કાંઇ પણ ધ્યાન હોય; તમારા પૂર્વજોપ્રત્યે કાંઇ પણ માન પોતાને અને પોતાના ઘર, કુટુંબ [illegible] ને ઉન્નત કરવા-કરાવવા તરફ કાંઇ પણ તાન હો ઉન્નતિ અને [illegible] કાંઇ પણ ભાન હોય; તો તો જરૂર તમે આ મહાભારત [illegible] ઘણાંથી રત્નખાણમાંથી તે [illegible] હૃદયને-સ્વપ્નને અને-[illegible]

ીમહાભારત અને રામાયણ વાંચી–વંચાવીને, ગાઇ–ગવરાવીને અને સાંભળી–સંભળાવીને તમારાં ામેરોમમાં–અણુએ અણુમાં સાચું આર્યત્વ–હિંદુત્વ–જાગી ઉઠે, અને તે ઘરનાં તેમજ બહારનાં ાનવોમાં રેલાય; વાણીવર્તનમાં વર્તાય તથા ગરીબમાં ગરીબ અભણોમાં પણ તે ફેલાય તેમ રજોજ કરજો. આ મેલાઘેલા ભિક્ષુની તમારાપ્રત્યે એજ મુખ્ય ભિક્ષા છે. ભારતવાસી કહેવાયા ત્નાં તમે શું એક યાચક–ભિક્ષાર્થી–ને પાછો વાળશો ? ટુકડામાંથી પણ ટુકડો આપ્યા વિના એક ભિક્ષુને પાછો કાઢવાથી તો તે તમારૂં–ગૃહસ્થાશ્રમીનું–એકઠું કરી રાખેલું પુણ્ય પોતાની સાથે લેતો જાય છે, એ તો ખબરજ હશે; પણ ધીરજ રાખજો. આ ભિક્ષુ કાંઇ ગાંડા ગુરુનો ચેલો નથી કે અનંત ઐશ્વર્યના સાગર શ્રીહરિએ સર્વ કોઈ માટે તથા સદાકાળ માટે ખુલ્લું રાખી મૂકેલું દિવ્ય સંપત્તિનું સુલભ સદાવ્રત મેળવવાનું મૂકી દઇને તમારા દૂબળા–પાતળા પુણ્યને લઇ જાય ! એ તો ઉપલી ભિક્ષા તમોપ્રત્યે એટલાજ માટે યાચે છે, કે જેથી તમને પોતાને પણ એ અખૂટ અને સર્વોપરિ ખજાનો જ્ઞાન થાય, મેળવવાનો યત્ન સેવાય અને પ્રાપ્ત પણ થાય. વળી એટલુંજ નહિ પણ અત્યારે તમે સુખને નામે દુઃખનેજ જે અધિકાધિક ઇચ્છી તથા સેવી રહ્યા હો; તે તમારી ભૂલ એવી તો ભાગી જાય કે જેથી સાચું સુખ શું છે અને ક્યાં છે, તે પણ તમને સત્વર સમજાય; અને દુઃખમાત્રની આત્યંતિકી નિવૃત્તિપૂર્વક પરમ સચ્ચિદાનંદમય અક્ષરધામની–મોક્ષપદની સદાસર્વદા માટે પ્રાપ્તિ થાય.

પણ ભિક્ષુ તો ખોબામાં માગે–ઝોળીમાં માગે–પાત્રમાં માગે ! બતાવ તે તારી પાસે છે ?

સજ્જન મિત્ર ! જરૂર જાણજો કે, તમારા પોતામાં અને સર્વ કોઇમાં જે હૃદય છે, તેજ આ ભિક્ષુની ઝોળીઓ છે–પાત્રો છે–ખોબા છે. કેમ, હવે તો તેમાં કાંઇ સારૂં સારૂં ચપટી–મૂઠી નાખવાની મહેરબાની કરશો ને ! જગદીશ્વર તમને જ્યારે રોજરોજ સાઠ સાઠ ઘડી જેટલી અમૂલ્ય બક્ષિસ આપે જાય છે; તેના નોકર સૂર્ય, ચંદ્ર, પ્રકાશ ઇ૦ તરફથી પણ તમને પ્રાણતત્ત્વની, અન્ન–પકવાન્નની અને જળ, વાયુ વગેરેની અસાધારણ પ્રમાણમાં રોજ રોજ મદદ મળ્યે જાય છે; તો શું એ ૬૦ ઘડીમાંથી રૂપિયે આની–અર્ધી આની જેટલો બે–ચાર ઘડી સમય, પણ આ યાચકની તમારે ત્યાં મૂકી રાખેલી ઝોળીઓમાં જ્ઞાનચારિત્રામૃત સિંચવા ખાતે નહિ આપી શકો ! અમારા અત્યારના જાણીતા દેશસેવકો તો–ઇશ્વરે જેમને માત્ર નિમિત્તભૂતજ બનાવી રાખેલા છે એવા બાહ્યશત્રુઓ તરફ અને બાહ્યધનનીજ તરફ ભાળી રહ્યા છે. આંતરશત્રુઓ તરફ, આંતરિક વ્યાધિઓ તરફ અને તે સર્વનાં મૂળ–બીજ–રૂપ એવા અજ્ઞાન તથા વિપરીત જ્ઞાનસુધી તો તેમની બુદ્ધિ પહોંચી વળે અને આચરણમાં ઉતરે ત્યારની વાત ત્યારે ! બીજું ગમે તેમ હોય, પણ એવા આગેવાનો અને ધર્મગુરુઓના હૃદયમાંથી સ્વાર્થકુશળતા અને ઉપલક યોગ્યતાઓ તથા યોજનાઓ ધબાયનમઃજ થાય; અને તેને ઠેકાણે આન્તરિક શત્રુને સંહારવાવાળાં સાચે-સાચાંજ ક્ષાત્રબળ અને બ્રહ્મબળનાં તેજસ્–ઓજસ્ સત્વર જાગી ઉઠે તોજ દહાડો વળે. 'મોટાભા' પણાનાં મિથ્યાભિમાન દેશને દબાવતાં–ભમાવતાં–અટકીને હવે તો જ્ઞાન–ચારિત્રના ઉંડા મહા-સાગરમાં ડૂબી મરે તોજ સારૂં થાય. પ્રભુ હવે એવી તેવી પણ આશા–ઉમેદ આપીજ રહ્યા છે. કેમકે ઈશ્વરી કૃપાના કોમળ અંકુરસમા રામલક્ષ્મણ જેવા બાળક લાલોના અને વ્યાસ–વસિષ્ઠ-નારદ–વિશ્વામિત્ર અને શુક–જનક જેવા ભાવિ ઉપકારક ગૃહી–ત્યાગીઓના ચળકતા ચહેરાઓ હવે ઉગતા–ખીલતા હોય એવું પણ કોઇ કોઇ સ્થળે દેખાય છેજ. પ્રભુ કરે ને વર્તમાન સમાજ-સેવકો પણ પ્રથમ પોતાને પરમાત્મદર્શી બનાવે, કે જે મૂળભૂત યોગ્યતા આવે તોજ તેઓમાં દેશદશાના જડમૂળસુધી અને આબાદ ઉપાયો સુધી પહોંચી જવાનું સાચું બળ આવી શકે તેમ છે.

વાંચનારપ્રત્યે પુનઃ પણ એજ કહેવાનું કે, તમે પણ તમારી આસપાસનાં બાળક, સ્ત્રી, વૃદ્ધ, અભણ વગેરેને મહાભારત અને રામાયણ જેવા ધર્મગ્રંથ રોજ રોજ થોડે થોડે પણ બનતા પ્રકારે વાંચી સંભળાવશો, તો તેમનામાં ધર્મનીતિના ઉચ્ચ સંસ્કારો પડવા સાથે તમારૂં પોતાનું પણ ઘણું ઘણું ભલું થશે; અને કોઇવાર પવિત્ર પ્રેરણારૂપી વિજળી ઝબુક [illegible] ાનજર પણ તે પુણ્યનેઃ ઢગલો જોઇને તમે આશ્ચર્ય પામશો.

પણ ભાઈ ! કદાચ એટલું પણ કરવું ન બને કે ન રુચે, તો નીચેની ચોંટી [illegible] ો તો જરૂર બૈરાંછોકરાં વગેરેને બનાવજો શી માણસે [illegible] પડે, શું કરવું પડે, શું ન કરવું પડે·

તરફ પણ અધિકાધિક ધ્યાન આપો; કે જેથી તમારૂં, તમારી સંતતિનું, તમારી દિંદુજાતિનું અને તમારા શત્રુઓનું પણ કલ્યાણજ થાય !

મહાભારત અને રામાયણનું નામ આપણા દેશમાં સર્વત્ર પ્રસિદ્ધ છતાં પણ તેની અસામાન્ય મહત્તા અને ઉપકારકતાનો ખ્યાલ થોડાજ માણસોને હોય છે. વળી સ્વાર્થસાધુ ગોરાંગો તરફના ગોટપીટીઆ શિક્ષણથી રંગાયેલો વર્ગ તો એવા ગ્રંથોને ગપસપ જેવા ગણી કાઢીને મોટે ભાગે તેનાથી દૂરજ રહે છે. એટલુંજ નહિ પણ જેમ કોઇ એક એકડા ઘુંટતું છોકરૂં એકાદ સમ્રાટના ધનવૈભવની આંકણી કરવા બેસે; અથવા તો એકાદ કાચલીવડે અમાપ મહાસાગરનું પાણી માપવા બેસે; તેમ કોઇ કોઈ તો વળી એમાંનાં અતિ અસામાન્ય, મહાન, પરમ પવિત્ર અને પ્રાતઃસ્મરણીય પાત્રોને રસ્તે જનારાં સામાન્ય માનવ જેવાંજ સમજી લઇને તેમના અમાપ જ્ઞાનચારિત્ર્યને પોતાના ક્ષુલ્લક-વેંતીઆ જ્ઞાનચારિત્ર્યવડે માપવા બેસે છે અને તેમનામાં ખામીઓ પણ શોધવા-દર્શાવવા મંડી પડે છે ! માટે આ કારણથી પણ સમર્થ વિચારકો અને અભ્યાસીઓએ આ પ્રાચીન ગ્રંથોની મહત્તા અને ઉપકારકતાનાં મુક્તકંઠે ગુણગાન કર્યાં છે, તે આ પછીનાં પૃષ્ઠોમાં જોડવામાં આવ્યાં છે.

વાંચનાર માનવબંધુ ! આવા અતિ ઉપકારક ગ્રંથો પરમાત્માએ પોતેજ મહાન ઋષિમુનિઓના હૃદયમાં રહીને લખાવેલા સમજજો અને તે બદલ એ મહાન દ્રષ્ટાઓનો અને મહાન પ્રભુનો નિત્યપ્રતિ ઊંડા હૃદયથી આભાર માનવા ઉપરાંત બે હાથ જોડીને તેમના શ્રીચરણમાં નમસ્કાર પણ કરતા રહેજો. કેમકે આવા સ્મરણવંદનથી તમારાં હૃદય અને વર્તન અધિકાધિક ઉચ્ચગામી થતાં ચાલશે અને સચ્ચિદાનંદ શ્રીહરિની તમને કૃપા અને સહાયતા પ્રાપ્ત થશે.

હા, એટલું ખરૂં કે, તે આભાર મોઢાના શબ્દોવડે માનવા ઉપરાંત શુભ કૃતિઓથી પણ માનવો જોઇએ. કેમકે એમ કરવાથીજ પરમાત્મદેવની કૃપા મેળવી શકાય તેમ છે. આ શુભ કૃતિ કેવી સમજણ અને ઉદારતાથી થવી જોઇએ; તે વિષે પણ આપણા વંદનીય ઋષિમુનિઓનાં વચન-વર્તન કહે છે કેઃ—योऽयं निजपरो वेत्ति गणना लघुचेतसाम् ! उदारचरितानां तु वसुधैव कुटुंबकम् ॥ અર્થાત્ સાંકડા મનવાળાજ 'આ મારૂં' અને 'આ પારકું' એમ સમજે છે. ઉદાર ચરિત્રવાળા તો આખા જગતને કુટુંબરૂપે માને છે. માટે હે ભાઇઓ અને બહેનો ! એટલું વિશાળ તમારૂં હૃદય નજ થયેલું હોય, તો પછી નીચેની વાત તો ધ્યાનમાં લેજોજ લેજો.

જો દયાસાગર પ્રભુ પાસે અધિકાધિક દયા પામવી હોય, તો તમારૂં હૃદયપાત્ર જેટલું પણ મોટું રાખશો, તેટલા પ્રમાણમાં તે પણ અવશ્ય પામી શકશો. માટે હે ભાઇ ! વધારે નહિ તો તમારાં કુટુંબી, પડોશી અને સગાંસંબંધીઓને પણ આપણા પ્રભુસાક્ષાત્કારને પામેલા ઋષિઓએ સર્વ કોઇના ભલા માટે રચી આપેલી પરમપાવની કથાઓ રોજ ઘડી બે ઘડી પણ નિત્યપ્રતિ વાંચવા-સંભળાવવાનો લાભ મળે તેમ કરજોજ કરજો. કેમકે એ કથાઓ આપણા મહાન પૂર્વજો, અવતારો અને પ્રાતઃસ્મરણીય વીર વીરાંગનાઓને લગતી છે; અને આપણા હૃદયને જ્ઞાનચારિત્રના રંગમાં રમાડીને નિર્મળ તથા પવિત્ર બનાવનારી છે. આવી ઉત્તમ કથાઓમાં વર્ણવાયલાં ઉત્તમ જ્ઞાનચારિત્રની કદર, ઇચ્છા અને પ્રાપ્તિ કરવાની જરૂર પ્રત્યેક શ્રોતા અને વક્તાને પોતાના પંડ માટે પણ થોડીઘણી જણાશેજ. કોઇપણ માનવ એવું તો નજ માની રાખે કે, અમારા જેવાંથી તે કાંઇ એ કથાઓમાં વર્ણવેલા પાત્ર જેવા થવાય ! અહીં તો એ વિષે લખવું પણ કેટલું ! ટુંકામાં એજ કે, જે પણ માનવો સાચા મનથી જેવું પણ થવા કે મેળવવા ધારે, જેવું પણ વિચારે, જેવું પણ પ્રાર્થે, તેવું તેઓ પણ જરૂરજ પામી શકે છે અને તેવાં જરૂર બની શકે છે. માટે હે પુરૂષ રામ ! હે સીતામૈયાનાં વારસ સ્ત્રી-માતા ! હે ઋષિમુનિઓનાં શુભ સંતાન ! તમારા પૂર્વજોના ગુણ ગાવા-સાંભળવામાં જરા બની તો જુઓ ગુણવાન ! હે બહેન, અને ભાઇ ! જરા સાંધી તો જુઓ એ આપણા સમર્થ પૂર્વજો સાથેની સાચી સગાઇ ! આર્યત્વ અને હિંદુત્વનાં મુકુટમણિ અને ઋષિમુનિનાં પણ હૃદય હરી લેનાર એવા તેમના ગુણચારિત્રના ઉત્તમ વારસાને મેળવવા તરફ જો તમારૂં કાંઇ પણ ધ્યાન હોય; તમારા પૂર્વજોપ્રત્યે કાંઇ પણ માન હોય; પોતાને અને પોતાના પર, કુટુંબ ઇ૦ ને ઉન્નત કરવા-કરાવવા તરફ કાંઇ પણ તાન હોય; સાચી ઉન્નતિ અને સાચા સુખનું કાંઈ પણ ભાન હોય; તો તો જરૂર તમે આ મહાભારત અને રામાયણ રત્નાકરમાંથી તે સત્ય-સુખપ્રદ વારસાને શોધજો-સાધજો અને માણજો-માણાવજો.

શ્રીમહાભારત અને રામાયણ વાંચી-વંચાવીને, ગાઇ-ગવરાવીને અને સાંભળી-સંભળાવીને તમારાં રોમેરોમમાં-અણુએ અણુમાં સાચું આર્યત્વ-હિંદુત્વ-જાગી ઉઠે, અને તે ઘરનાં તેમજ બહારનાં માનવોમાં ફેલાય; વાણીવર્તનમાં વર્તાય તથા ગરીબમાં ગરીબ અભણોમાં પણ તે ફેલાય તેમ કરજોજ કરજો. આ મેલાઘેલા ભિક્ષુની તમારાપ્રત્યે એજ મુખ્ય ભિક્ષા છે. ભારતવાસી કહેવાયા છતાં તમે શું એક યાચક-ભિક્ષાર્થી-ને પાછો વાળશો ? ટુકડામાંથી પણ ટુકડો આપ્યા વિના એક ભિક્ષુને પાછો કાઢવાથી તો તે તમારૂં-ગૃહસ્થાશ્રમીનું-એકઠું કરી રાખેલું પુણ્ય પોતાની સાથે લેતો જાય છે, એ તો ખબરજ હશે; પણ ધીરજ રાખજો. આ ભિક્ષુ કાંઇ ગાંડા ગુરુનો ચેલો નથી કે અનંત ઐશ્વર્યના સાગર શ્રીહરિએ સર્વ કોઈ માટે તથા સદાકાળ માટે ખુલ્લું રાખી મૂકેલું દિવ્ય સંપત્તિનું સુલભ સદાવ્રત મેળવવાનું મૂકી દઇને તમારા દૂબળા-પાતળા પુણ્યને લઇ જાય ! એ તો ઉપલી ભિક્ષા તમોપ્રત્યે એટલાજ માટે યાચે છે, કે જેથી તમને પોતાને પણ એ અખૂટ અને સર્વોપરિ ખજાનો જ્ઞાન થાય, મેળવવાનો યત્ન સેવાય અને પ્રાપ્ત પણ થાય. વળી એટલુંજ નહિ પણ અત્યારે તમે સુખને નામે દુઃખનેજ જે અધિકાધિક ઇચ્છી તથા સેવી રહ્યા હો; તે તમારી ભૂલ એવી તો ભાગી જાય કે જેથી સાચું સુખ શું છે અને ક્યાં છે, તે પણ તમને સત્વર સમજાય; અને દુઃખમાત્રની આત્યંતિકી નિવૃત્તિપૂર્વક પરમ સચ્ચિદાનંદમય અક્ષરધામની-મોક્ષપદની સદાસર્વદા માટે પ્રાપ્તિ થાય.

પણ ભિક્ષુ તો ખોબામાં માગે-ઝોળીમાં માગે-પાત્રમાં માગે ! બતાવ તે તારી પાસે છે ?

સજ્જન મિત્ર ! જરૂર જાણજો કે, તમારા પોતામાં અને સર્વ કોઇમાં જે હૃદય છે, તેજ આ ભિક્ષુની ઝોળીઓ છે-પાત્રો છે-ખોબા છે. કેમ, હવે તો તેમાં કાંઇ સારૂં સારૂં ચપટી-મૂઠી નાખવાની મહેરબાની કરશો ને ! જગદીશ્વર તમને જ્યારે રોજરોજ સાઠ સાઠ ઘડી જેટલી અમૂલ્ય બક્ષિસ આપે જાય છે; તેના નોકર સૂર્ય, ચંદ્ર, પ્રકાશ ઇ૦ તરફથી પણ તમને પ્રાણતત્ત્વની, અન્ન-પક્વાન્નની અને જળ, વાયુ વગેરેની અસાધારણ પ્રમાણમાં રોજ રોજ મદદ મળ્યે જાય છે; તો શું એ ૬૦ ઘડીમાંથી રૂપિયે આની-અર્ધી આની જેટલો બે-ચાર ઘડી સમય, પણ આ યાચકની તમારે ત્યાં મૂકી રાખેલી ઝોળીઓમાં જ્ઞાનચારિત્રામૃત સિંચવા ખાતે નહિ આપી શકો ! અમારા અત્યારના જાણીના દેશસેવકો તો-ઈશ્વરે જેમને માત્ર નિમિત્તભૂતજ બનાવી રાખેલા છે એવા બાહ્યશત્રુઓ તરફ અને બાહ્યધનનીજ તરફ ભાળી રહ્યા છે. આંતરશત્રુઓ તરફ, આંતરિક વ્યાધિઓ તરફ અને તે સર્વનાં મૂળ-બીજ-રૂપ એવા અજ્ઞાન તથા વિપરીત જ્ઞાનસુધી તો તેમની બુદ્ધિ પહોંચી વળે અને આચરણમાં ઉતરે ત્યારની વાત ત્યારે ! બીજું ગમે તેમ હોય, પણ એવા આગેવાનો અને ધર્મગુરુઓના હૃદયમાંથી સ્વાર્થકુશળના અને ઉપલક યોગ્યતાઓ તથા યોજનાઓ ધન્વાયનમઃજ થાય; અને તેને ઠેકાણે આન્તરિક શત્રુને સંહારવાવાળાં સાચે-સાચાંજ ક્ષાત્રબળ અને બ્રહ્મબળનાં તેજસ્-ઓજસ્ સત્વર જાગી ઉઠે તોજ દહાડો વળે. 'મોટાભા' પણાનાં મિથ્યાભિમાન દેશને દબાવતાં-ભમાવતાં-અટકીને હવે તો જ્ઞાન-ચારિત્રના ઉંડા મહા-સાગરમાં ડૂબી મરે તોજ સારૂં થાય. પ્રભુ હવે એવી તેવી પણ આશા-ઉમેદ આપીજ રહ્યા છે. કેમકે ઈશ્વરી કૃપાના કોમળ અંકુરસમા રામલક્ષ્મણ જેવા બાળક લાલોના અને વ્યાસ-વસિષ્ઠ-નારદ-વિશ્વામિત્ર અને શુક-જનક જેવા ભાવિ ઉપકારક ગૃહી-ત્યાગીઓના ચળકતા ચહેરાઓ હવે ઉગતા-ખીલતા હોય એવું પણ કોઇ કોઇ સ્થળે દેખાય છેજ. પ્રભુ કરે ને વર્તમાન સમાજ-સેવકો પણ પ્રથમ પોતાને પરમાત્મદર્શી બનાવે, કે જે મૂળભૂત યોગ્યતા આવે તોજ તેઓમાં દેશદશાના જડમૂળસુધી અને આબાદ ઉપાયો સુધી પહોંચી જવાનું સાચું બળ આવી શકે તેમ છે.

વાંચનારપ્રત્યે પુનઃ પણ એજ કહેવાનું કે, તમે પણ તમારી આસપાસનાં બાળક, સ્ત્રી, વૃદ્ધ, અભણ વગેરેને મહાભારત અને રામાયણ જેવા ધર્મગ્રંથ રોજ રોજ થોડે થોડે પણ બનતા પ્રકારે વાંચી સંભળાવશો, તો તેમનામાં ધર્મનીતિના ઉચ્ચ સંસ્કારો પડવા સાથે તમારૂં પોતાનું પણ ઘણું ઘણું ભલું થશે; અને કોઇવાર પવિત્ર પ્રેરણારૂપી વિજળી ઝબુકતાં નજરોનજર પણ તે પુણ્યનો ઢગલો જોઇને તમે આશ્ચર્ય પામશો.

પણ ભાઈ ! કદાચ એટલું પણ કરવું ન બને કે ન રુચે, તો આમાંનાં ચિત્રો અને તેની નીચેની થોડી થોડી લીટીઓ તો જરૂર છૈયાંછોકરાં વગેરેને બતાવજો સંભળાવજો; અને તે ઉપર-થી માણસે શું બોધ લેવો ઘટે, શું કરવું ઘટે, શું ન કરવું ઘટે, તે વગેરે પણ સમજાવવા તરફી

લેજો. શું આ ભિક્ષુને આવા પ્રકારની–૧૦ ઘડીમાંથી છેવટ ઘડી બે ઘડીની–પચીસમા પચાસમા ભાગની–પણ ભિક્ષા નહિ આપો ? પ્રભુ તમારું કલ્યાણ કરો !

હે વાંચનાર ભાઇબહેનો ! ઉપલી બાબતમાં એટલું જરાતરા તો શું, પણ જો તમે ધારી-આદરી બેસો તો તો તમે એટલું બધું કરી શકો–આપી શકો–કે જેથી શ્રીહરિનું સર્વસ્વ તેના બદલામાં પામી શકો; અને સાક્ષાત્ શ્રીહરિના જમણા હાથ જેવા પરોપકારી પણ બની શકો એમાં સંશય નથી. માટે અમારાથી શું બને ? એવું જરાપણ ધારતા નહિ. જુઓ, જરા કાન દઇને સાંભળો. તે પરમપિતા અને જગદંબા મૈયા વદી રહ્યાં છે કે:–" હે ભારતમૈયાનાં પુત્રપુત્રીઓ ! તમારી સહાયમાટે અમે સદાકાળ તમારી પૂંઠે એકપગે ખડાં છીએ. અમોએ તમારેમાટે અને સર્વ કોઇને માટે સર્વ પ્રકારના ઐશ્વર્યનાં અને સંપૂર્ણ જ્ઞાન–ચારિત્રનાં સદાવ્રત સદાને માટે ખુલ્લાં રાખ્યાં છે. દુઃખજ એ છે કે, અમો પાસે આટઆટલી અખૂટ સંપત્તિ છતાં પણ તેના ઇચ્છુક-યાચક તો હજારો–લાખોમાં માત્ર કોઇકજ હોય છે ! માટે અમારું માનો તો હજી પણ જાગો, ઉઠો, અને તમારાં અમો તરફનાં બારીબારણાંને–અમારી છેક નજીકમાં આવેલા તમારા હૃદયદ્વારને–તરતજ સાફ સુતરાં અને ખુલ્લાં કરી નાખો ! તમે અત્યારસુધી વગરસમજ્યે એ દ્વાર નાહકનાં વાસી રાખ્યાં છે; તે જો હવે પણ તમે કંઇક સમજુ થયા હો તો તરતજ ચારે તરફથી ખોલી નાખો; કે જેથી અમારા જ્ઞાનચારિત્ર્યરૂપી પ્રકાશને તમે સારી પેઠે પામી શકો; અંધકારને લીધે ઘૂસી ગયેલાં ચામાચીડીઆં, કીડીમંકોડી, સાપવીંછી વગેરે આપોઆપજ ભાગી જાય; આંતરિક આરોગ્યની પવિત્રતા વધતી જાય; અને અમારો સાક્ષાત્કાર સાધી સચ્ચિદાનંદમય બનાય !! હે બંધુ અને બહેન ! જો આ સર્વ સમજવા–આચરવા જેટલું જોર તમને તમારામાં ન દેખાતું હોય, તો પછી અંદર અંધારામાં રહીને પણ જરા અમો તરફ ચિત્ત તો ફેરવો ! અને જરા સાચા ભાવથી તો પોકારો ! એટલે એટલું કળ–બળ તો તમારાં હૃદયકપાટ બંધ છતાં પણ અમે મોકલી આપીશું, કે જેથી કરીને તમે તમારાં બારણાં ઝટ ખોલી શકો; અંધકાર વગેરેને તગડી શકો તથા પરમ સત્યનો પ્રકાશ પામી અમારાં પણ દર્શન મેળવી શકો ! માટે જરા અમો તરફ સાચા મનથી વળી જુઓ અને પછી જોઇ લ્યો કે તમારે માટે અમારી પાસે કેવું કેવું અને કેટકેટલું અખૂટ ઐશ્વર્ય ભરેલું છે ! તમે આ પણ સાંભળ્યુંજ હશેકે, ખુદા મહેરબાન તો બંદા પહેલવાન ! અર્થાત્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એમાંનું જે કાંઇ પૂર્ણ વિશ્વાસથી અને હક્કદાવાપૂર્વક તથા અનન્યભાવથી અમારી પાસે જે કોઇ યાચે છે; તે સર્વ કાંઇ અવશ્યમેવ મેળવી શકે તેમ છે. જુઓ, ગીતામાં હું દુઃખીજનોને તથા દુનિયાઇ પદાર્થના પ્રેમીઓને પણ–જો તેઓ મ્હારાજ યાચક બની રહે તો–મારા ભક્તમાંજ ગણું છું. શું તમારી પાસે તીવ્ર ઇચ્છા પણ નથી ? જો ના હોય તો તે પણ માગી લ્યો ને ! તે પણ મળશેજ !! માટે ભાઇ મારા ! આવું તેવું પણ સમજી જાણો, માગી જાણો અને મેળવી જાણો !"

પરંતુ સાચા જિજ્ઞાસુ–મોક્ષાર્થીને માટે મહાન ઋષિમુનિઓ નીચેની પણ એક ખાસ ધ્યાનમાં રાખવા જેવી વાત સૂચવી ગયા છે કે:—

अभिमानं सुरापानं गौरवं घोर रौरवं । प्रतिष्ठा सुकरी विष्ठा त्रिणी त्यक्त्वा सुखी भवेत् ॥

અર્થાત્ મોક્ષજિજ્ઞાસુએ તો હું આવો છું, તેવો છું, અમુક છું, તમુક છું, એવા અભિમાનને મદિરાપાનજ સમજવું; ગૌરવને ઘોર રૌરવ નરક સમજવું; અને લોકપ્રતિષ્ઠા–લોકકીર્તિને ભૂંડવિષ્ઠા સમજવી. આ પ્રમાણે એ ત્રણે લૌકિક પદાર્થોને પ્રભુના માર્ગમાં અંતરાય નાખનારા સમજીને માનવ જ્યારે એનો ત્યાગ કરે છે; ત્યારેજ તે સાચું જ્ઞાન, દેવ્ય બળ અને અટલ–અનુપમ સુખ પ્રાપ્ત કરી શકે છે. હા, આ જગતમાં એવા પરમ સત્યના પ્રેમી તથા અનાત્મ વસ્તુસ્થિતિના વિરક્ત માનવ તો હજારો લાખોમાં કોઇકજ હોય છે; અને એવું હોવાથીજ સાચા સંતોએ સામાન્ય જનવર્ગને 'દિવાની દુનિયા' કહી છે. [illegible] કોઇનું કંઇક બગાડે, કોઇનું કંઇ [illegible] નિંદા કરે, તોપણ [illegible]

એ.કે. [illegible] હોવાથીજ લાખો–કરોડો મ[illegible] [illegible] ના જેવું કોઇ નથી.

[illegible] અને સમજણવિનાનું,

[illegible] આદિને તેનોક .

તો એ લાભ, પરમ આસ્તિક, બળવાન અને સદ્દગુણી માતાપિતાના
ગૃહશિક્ષણમાંથીજ મળી રહેતો. અને તે પછી એ લાભ ગામમાંના જ્ઞાન-
ભાટ, ચારણ, શાસ્ત્રી, પુરાણી, ધર્માચાર્ય, મહંત, યાત્રાળુ, પંડિતો,
મહંસો તેમજ અતિથિઅભ્યાગતો પાસેથી પણ સહજે સહજે મળ્યા કરતો
ળુઓ, મેળાઓ અને યાત્રાએ નીકળતા સંઘો પણ એ બાબતમાં બહુજ

સમાજમાં સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, યુવકો, ખેડૂતો તેમજ ગરીબગુરબાં
જ્ઞાનચારિત્ર્યવર્ધક આર્યસંસ્કૃતિથી પોષાયા કરતા; ત્યારે મનુષ્યો કેવાં
ાન રહેતાં ! તેઓ આખું આયુષ્ય ધર્મનીતિથી તથા સુખસંપત્તિપૂર્વક
ોમાં તો શું પણ ગામના ભંગી સુદ્ધાંમાં એવું બળ અને આરોગ્ય
ા ભણીગણીને કુરકુરીઆં પેદા કરી જાણનારા પાંચ–દશ યુવકો પણ
હિ !

પણ પુષ્કળ માણસો જાણે છે કે, આજથી પચાસ અને સો વર્ષ પહેલાં
રોગ, દુષ્કાળ, મોંઘારત, તનમનની દુર્બળતા, કુસંપ, ઝેરવેર, સ્વાર્થ-
ાપ્રપંચ અને લોભલાલચ વગેરે ન હતાં; અને એના સામા છેડાની
ળ, સંપ, હેતપ્રીત, ઉદારતા, સાદાઇ, પરોપકાર, સરળતા, સહાનુભૂતિ,
કરતાં ઘણાં વધારે હતાં. એ સમયે એવી સ્થિતિ હોવાનું મુખ્ય કારણ
પ્રકારોદ્વારા લોકોને જ્ઞાનચારિત્ર્યનું શિક્ષણ ખૂબ છૂટથી તથા સ્વાભાવિક
જે આપણે નાના કે મોટા પ્રત્યેક ગામમાં બ્રાહ્મણોને, ભટ્ટ ચારણોને તેમજ
ગરાસો પળતા જોઇએ છીએ; તે સર્વ એવા ઉચ્ચકક્ષ અને નિઃસ્પૃહ
રદાન રાજકર્તાઓ, ધનિકો તથા ગામલોકોદ્વારા તેમના ગુણચારિત્ર્ય અને
ંખાયેલાં હતાં. આજે તેમના ઉત્તરાધિકારીઓ તો એ જ્ઞાનચારિત્ર્ય પણ
ાછળ પાછળ તેમની જમીનજાગીરો પણ ખોવાતી ચાલી છે !!

ાં પણ ઉપર જણાવ્યું તેમ હજી પણ એ વર્ગોને સચેત અને સુસંસ્કૃત
યોગી બનાવી શકાય તેમ છે; અને માનવસમાજ પોતે તંગી વેઠીને
ર સહાયકોને રોટલો આપી શકે તેમ છે. એમાં પણ જે અનેક બાળકો,
નાનાં હોઇને જે તે પ્રકારે જીવન ગાળતાં હોય તેમનીજ સેવા અને
જેવી નિર્ધનતા વગેરે સ્વીકારીને સર્વભાવથી આચરવામાં આવે તો
કારીગર બને છે' તેમ જ્ઞાનચારિત્ર્યસંપન્ન શિક્ષક–રક્ષકના પોતાના
પરથી ધારણા મુજબના જ્ઞાનચારિત્ર્યસંપન્ન, મજબૂત અને સેવાવૃત્તિવાળા
અવશ્ય સારા પ્રમાણમાં ઉપજી આવે, એમાં નવાઇ નથી. રાષ્ટ્રસેવાની
પંદનું ભાન ભૂલી તેની પાછળ મચી પડનારા સજ્જનોમાટે શું આ
જે નબાપાં નિરાધારો મોટે ભાગે તો દેશને માટે કષ્ટકારક, ચોર, ભામટા,
ારી, પાખંડી, ઠગ અને હરામી ભેખધારીજ બની જવાનાં; તેમનામાંથી
ાવવાનું કામ કેટલું બધું શક્ય અને મહત્ત્વનું છે !

અને સંગ્રહવૃત્તિને દૂર કરી પ્રભુનેજ સર્વસ્વ માની શકનારા જ્ઞાન-
જ્જનો પણ જો સર્વભાવે એકનિષ્ઠાથી અને સતતપણે ઉપર જણાવ્યા
માવવા ઇચ્છે; તો હાલની શ્રીમંતશેઠી તથા લૂંટારાવર્ધક અનેક શાળા-
ડિંગો જે વિઘાતક કાર્ય બજાવી રહી છે; તેને બદલે સમાજના સત્ય
રણ પરિણામ આવ્યાવિના રહેજ નહિ. આવા કૃષિપ્રાધાન્ય દેશમાં એવા
ાની પાસે ભીખ માગી તેમને મોટા બા બનાવવાનું કામ પણ જ્યાંસુધી
ાં આવે નહિ, ત્યાંસુધી બજાવવુંજ પડે. ઉચ્ચ ભાવનાવાળા, આસ્તિક અને
પ્રભુ આવી બાબતો માટે પણ કોઇ ને કોઇ માર્ગ ખોલી આપેજ. દેશનો ઉદય
થવો અનિવાર્ય હોવાથી સાચી લાગણીવાળા અને સંયમી નરદેવતાઓને

શકે તો સમયદાન તો કરી શકે ખરોને ! માટે એ રસ્તે પણ આ ગ્રંથો અભણ તેમજ ભણેલા મજુરો, ખેડુતો, અંત્યજો અને બાળકોને તથા યુવકો અને વૃદ્ધોને વાંચી સંભળાવવાનો માર્ગ તારેમાટે તો બહુજ સરસ છે. કેમકે આ પ્રકારનું કામ તો સેંકડો-હજારો ને લાખોના દાનથી પણ વધારે મહત્ત્વનું છે. વળી એથી તો તારે માટે એક પંથ ને દો કાજ જેવું થશે. એક તો એથી કરીને બીજાઓનાં હૃદયોમાં ઉત્તમ સંસ્કારો રોપવા-સીંચવાનું શ્રેય મળે છે; અને બીજું એ કે, એમ કરનારનું પોતાનું હૃદય તો વળી શ્રોતાઓ કરતાં પણ વધારે સંસ્કારી અને પવિત્ર બનતું ચાલે છે. હા, એ કામ નિષ્કામભાવથી બજાવવું જોઇએ એટલું તો ખરૂંજ.

ધનધામનાં લોભલાલચ, માનવહૃદયને પાપપ્રપંચમાં પણ એવાં ડૂબાવી દે છે; ધર્મનીતિથી એવાં તો ભ્રષ્ટ કરી મૂકે છે; કે તેમના હૃદયમાં સાચી લાગણી, સાચી દયા, સાચી સત્યની ભૂખ, સાચું સત-પાલન, સાચી સરળતા કે પોતાની ખોટપને કબૂલ કરવા જેટલું હૃદયબળ તેનામાં રહેવાજ પામતું નથી. વળી તે અવગુણોને સદ્‌ગુણ માનીને એવાજ મિત્રો અને નોકરો શોધી લે છે કે જેથી કરીને તે મોટરે ચઢીને કે પાપરૂપી ભારે પૈડાતળે ચગદાઇ પીસાઇને સીધેસીધો રૌરવ નરકમાંજ સીધાવી જાય ! અલબત્ત, પામરો પણ કાંઇ એટલા બધા નીચ હોતા નથી. હિંદભૂમિમાં અવતરવાને લીધે પણ મરણ અને નરકના ભાવિ ભય કોઇ કોઇવાર તેમને પણ સતાવી જાય; એટલી યોગ્યતા તો ઘણાખરા પામરોમાં પણ રહેલીજ હોય છે; અને તેથી કરીને તેમને પણ જો કોઇ છાપરે ચઢાવનાર, નામ કોતરાવનાર કે મોટાભા બનાવનાર વગેરે મળી જાય; તો તો વળી થોડુંઘણું ધન પણ આપેજ આપે ! જેઓ આની રીતે લોકકીર્તિ માટે પણ થોડુંઘણું ખર્ચી શકે છે; તેમનું હૃદય પણ પૂરૂં નહિ તો અધુંપધું પણ જો વિષયથી કોઈનું હોય; અને આની બેઆની જેટલું પણ જિજ્ઞાસુ કોઈનું હોય; તો તો તેવાઓને પણ ઋષિમુનિઓનાં ઉત્તમોત્તમ જીવનકથન પસંદ પડયા વિના રહેતાંજ નથી. વળી કેટલાકોને તો તે એટલાં બધાં ગમી જાય છે કે જેથી કરીને તેમનું જીવન દિવસાનુદિવસ ફેરવાતું ચાલીને પરમ ઉન્નત પણ બની રહે છે!

ઉપલી સમજણથીજ આ સંસ્થાદ્વારા સુપ્રયત્ને ધર્મનીતિના ગ્રંથો નીકળે છે અને ઉપર જે બે કાવ્ય-વચન ટાંકેલાં છે, તે પણ એવાજ સજ્જનોમાટે છે. માટે તે ઉપરથી કોઇએ એમ ન સમજવું કે, પોતાની પ્રતિષ્ઠા-ગૌરવ-નામના-કે કીર્તિને ખાતર પણ જેઓ દાનપુણ્ય-લોકસેવા-રાષ્ટ્રસેવા ઇ૦ કરતા હોય, તેમનો વિરોધ કે હલકાઇ કરવાનો અહીં જરાપણ ઉદ્દેશ છે. ઉદ્દેશ જો કાંઈ પણ હોય તો તે એજ છે કે, તેઓ જે કાંઇ રૂડું કરતા હોય તે વધારે સમજણથી, વધારે કાળજીથી અને વધારે આવડતથી વિચારે તથા આચરે; અને જેઓ ભારતવાસીઓપર જામી ગયેલાં દુઃખનાં અનેકવિધ ઝાડ-કે જેની ઉપર પત્ર, પુષ્પ અને ફળ પણ ફાલી રહ્યાં છે; તેનેજ-ઉપર ઉપરનાં અનિષ્ટોનેજ-માત્ર ચૂંટી નાખવા પાછળ મંડી પડયા હોય; તેઓ તેજ મહેનતનો અને તેજ ઉચ્ચ વૃત્તિનો ઉપયોગ તે વૃક્ષોનાં જડમૂળનેજ ખોદી કાઢવા પાછળ કરે! **असंगशस्त्रेण दृढेन छित्त्वा !**

કોઇ એમ કહે કે, રામાયણ અને મહાભારત ઇત્યાદિ મહાન ગ્રંથો દેશમાં વિદ્યમાન હોવા છતાં પણ ભારતવાસીઓની દુર્દશા કેમ શરૂ થઈ અને અત્યાર સુધી કેમ ટકી રહી છે? ઉત્તર સ્પષ્ટજ છે કે, એવા ગ્રંથોમાં દર્શાવેલા અનુભવસિદ્ધ આચારવિચાર (જ્ઞાન-ચારિત્ર) પરનાં ચાલવાનુંજ એ પરિણામ છે. ઘરમાં પુષ્કળ ખાવાનો હોવા છતાં પણ તેનાથી અજ્ઞાન મનુષ્ય "અન્ન, અન્ન" કરતો મરી જાય; અથવા તો તે ખાવાનાનો દુરુપયોગ કરીને કોઇ એ કરતાં પણ ભૂંડે મોતે મરે: તો તેમાં પણ એ ખાવાનાનો દોષ તો નજ કહી શકાય; એવુંજ આર્યગ્રંથોવિષે પણ સમજવું. પરંતુ તેની સાથે આ વાત પણ ભૂલવાની નથી કે, પડી પડીને પણ એ જ્ઞાન-ચારિત્ર જેટલા પ્રમાણમાં કાયમ રહી શક્યાં છે; તે પણ એ મહાન આર્યગ્રંથોનો અને પૂર્વજોનોજ પ્રતાપ છે. એમના પ્રતાપેજ ભારતવર્ષ ભારતવર્ષતરીકે અને હિંદુજાતિ હિંદુતરીકે અત્યાર સુધી ટકાવી ધરાવી શક્યાં છે; અને નહિ તો અન્ય અનેક પ્રાચીન પ્રજાઓની પેઠે હિંદુજાતિ પણ નામશેષ બનીને આજે મુસલમાન કે ક્રિશ્ચિયનનેજ દિપાવતી હોત!

આશ્ચર્યની વાત છે કે, અન્ય કેટલાક ઉપરાંત આજનેની પેઠે રામાયણ, મહાભારત, ભાગવત વગેરેની કથાઓ પણ અનેક [illegible] . [illegible] બધી સંભળાવનારા [illegible]

ઓમાં ઓછું થતું ચાલે છે અને નથી તેવી કથાઓ લલકારીને ગાઇ સંભળાવનારા સુયોગ્ય ઉત્સાહી વ્યાસદેવનાઓ પણ ઘટનાજ ચાલે છે.

એજ પ્રમાણે આપણા પ્રાતઃસ્મરણીય સંતમહાત્મા અને કવિવરોનાં રચેલાં અનેક પ્રકારનાં જ્ઞાનચારિત્ર્યવર્ધક આખ્યાન, ભજન, ધોળ, ગરબી, ગરબા, પ્રેમના વગેરેને પણ અસરકારક રીતે ગાઇ સંભળાવનારી વ્યક્તિઓ તથા ભજનમંડળીઓ દિવસાનુદિવસ ઘટતીજ ચાલે છે; અને જે જાય છે તેની જગ્યા મોટે ભાગે ખાલીજ રહે છે.

જંબુસર તાલુકાના સારોદ ગામમાં આજથી ૭૫-૧૦૦ વર્ષપર એક કદાવર અને બળવાન બાંધાવાળા ભટ્ટજી હતા. તેઓ ઓખાહરણની કથા, પગે ઘુઘરા અને કેડે નરઘાં બાંધીને તેના લલિત રાગોમાં એવી તો સરસ રીતે ગાતા, કે શ્રોતાઓ ચિત્રવત્ બની રહેતા અને તેમનાં હૃદય આનંદ તથા ઉત્સાહથી ઉછળી રહેતાં.

એજ ગામમાં વહોરા પટેલોમાં "સુલેમાન ભગત" તો હમણાંજ થઇ ગયા. આ લખનારને નાનપણથી અનેક વ્યાસોના મુખથી કથાવાર્તાઓ શ્રવણ કરવાનું સૌભાગ્ય મળ્યા કરેલું; પણ એજ ઓખાહરણ કે ગિરધરકૃત રામાયણ જ્યારે સુલેમાન ભગત એક હાથમાં તંબુરો અને બીજા હાથમાં મંજીરા લઇને તથા એક તરફ નરઘાં વગાડનારને અને બીજી તરફ સારંગીવાળા ભરથરી-ને સાથે બેસાડીને પોતાના પહાડી રાગથી ગાતા, ત્યારે તો હદજ વળતી! એ લેહ, એ હલક, એ જોશ અને એ અસર અજબજ હતી. ભગત પોતે પણ તે ગાતા ગાતા આમતેમ ડોલ્યા કરે અને શ્રોતાઓ પણ ડોલ્યા કરે! હિંદુઓનાં ઘર અને દેવમંદિરમાં તો એમનાં કથાકીર્તન થતાંજ; પરંતુ મુસલમાન કોમથી વસેલા મહોલ્લામાં અને એજ કોમના એક પટેલના મ્હોટા મેડા ઉપર પણ એ ભગતની ઓખાહરણ વગેરેની કથા એવીજ છટાથી ચાલતી અને ત્યાં પ્રાયઃ એજ કોમના શ્રોતા એટલા બધા એકઠા થતા કે પગ મૂકવાની પણ જગ્યા રહે નહિ!

એજ ગામમાં ભંગીની કોમમાં 'બોજીઓ' કરીને એક ઉંચો પડછંદ અને મજબૂત બાંધાનો વૃદ્ધ હતો. એ માણસ રાત્રે જ્યારે વાર્તા માંડતો, ત્યારે વચમાં વારંવાર જોસમાં આવીને ઉભો થઇ જાય, અને જાણે તે પોતેજ તે વાર્તાનું કોઈ એક અસામાન્ય પાત્ર હોય એવોજ મુસ્લીમ શ્રોતા-ઓને પણ ભાસ થઇ આવી તેઓનાં હૃદય રસથી તરબોળ બની જાય!

દશેક વર્ષપર અમદાવાદમાં સાધુચરિત ગણેશ ગોપાળ પંડિતના મકાન પાસે સસ્તા સાહિત્ય-નું કાર્યાલય હતું ત્યારે તેમને ત્યાં કોઈ આધેડ વયના બારોટ ઉતરેલા. એક રાત્રે કાર્યાલયમાં આવીને તેમણે એ ત્રણ કલાક સુધી એક વાર્તા સંભળાવી હતી. શી વર્ણનશક્તિ અને શી રસ જમાવવાની ખુબી! વાર્તામાં વચ્ચે પ્રસંગ આવતાં એકવાર તેમણે એક હોકારો કરેલો, તે તો જીંદગીસુધી ભૂલાય તેમ નથી. 'આભના ગાભ છૂટે' એવી ઉપમા કવિજનો આવા ભટ્ટ ચારણાદિ કથાવાર્તા કહેનારાઓના હોકારાને આપે એમાં જરાપણ નવાઈ નથી.

એજ પ્રમાણે ભીમની વાત કહેતી વખતે ભીમના ભાવમાં આવી જાય; સહદેવની વાત કરતાં સહદેવ જેવાજ જણાઇ રહે; અર્જુનની વાત આવતાં અર્જુનનોજ ભાસ કરાવે; ધર્મરાજાનો પ્રસંગ આવતાં ધર્મમૂર્તિજ બની રહે; અને હનુમાન, રાવણ, કુંભકર્ણ, લક્ષ્મણ, શબરી વગેરેના પ્રસંગ ચાલતાં તેવા તેવા પણ ભાવ દર્શાવવામાં કમાલ કરે; તેમજ રોજ રોજ નવી નવી અસરકારક વાર્તાઓથી ધર્મનીતિનો બોધ પણ એવો સરસ આપે, તથા સાથે સાથે હસાવે પણ એટલાબધા કે કહેવાની વાતજ નહિ! એવા એવા અનેકવિધ ખુબીઓવાળા વ્યાસદેવનાઓની કથાઓ સાંભ-ળવાની જે મઝા પૂર્વાશ્રમમાં છેવટસુધી મળેલી, તે ભૂલી ભૂલાય એવી નથી. પણ હવે તો એ વાતો ૪૦-૪૫ વર્ષ જેટલી જૂની થઇ ગઇ!

પરંતુ ઈશ્વરકૃપાથી હજી પણ, બહુ નહિ તો કોઇ કોઇ પણ એવા અસામાન્ય વાર્તાકારો,
ર્તનકારો વગેરે હયાત હશેજ; અને તેઓ છે ત્યાંસુધીજ તેમના હુન્નરને ઉત્તેજી અનેક
જ્વલિત કરીને મરતો અટકાવવાની તક છે. એવી પ્રત્યેક વ્યક્તિ ભારતનું મોંઘું
રિ ગયું તેમ એ ધન પણ જતું રહેશે, તો ફરી તેને ઉપજાવવું મુશ્કેલ છે.
કારો, કીર્તનકારો, વાર્તાકારો, પુરાણીઓ, ભાટચારણો, ભગતો, વ્યાસદેવો,
ભરથરીઓ, કાપડીઓ, વગેરેનો પણ દિવસાનુદિવસ ઘટાડોજ થતો ચાલે છે;

અને જે જે હોંશિયાર માણસો જાય છે તેમનું સ્થાન ખાલી જરહે છે. અનેક પ્રયત્નોવડે જાળવી અને સેંકડો-હજારો વર્ષ સુધી ઉપકારક થતી આવીને હિંદુજાતિને જડમૂળથી ઉખડી જતી અટકાવી શકનારી હિંદુસંસ્કૃતિનાં આ સાધન અત્યારે તો, મોટે ભાગે દીનહીન સ્થિતિમાં અને જડમૂળથી ઉખડી જવાની તૈયારીમાંજ છે; પણ આગલા સમયમાં જ્યારે તે પોતાના ઉન્નત સ્વરૂપમાં હશે ત્યારે તો કેવી અદ્‌ભુત અસર અને જાગૃતિ રાખનારાં હશે, તથા લડાઇ વખતે કેટલું બધું જોસ જગાડી જાણનારાં હશે; તેની તો વાતજ શી કરવી? આજે તો એમાં દશાંશ જેટલી પણ યોગ્યતા અને ઉપકારકતા રહેલી ન ગણાય. પરંતુ એવાં એવાં પણ એ સાધનોમાંથી સારી સારી વ્યક્તિઓને શોધી, ઉત્તેજીને તથા સુયશી કેળવીને ઉન્નતિપ્રદ દિવ્ય સંસ્કારોથી તરબોળ બનાવવામાં આવે; અને જો તેમનો યોગ્ય લાભ લેવામાં આવે; તથા તેમની સંખ્યા વધે તેમ કરીને જનસમૂહને છૂટથી તેમનો લાભ આપવામાં આવે; તો તો દેશની નષ્ટ થવા બેઠેલી એ શુભ સંસ્કૃતિમાં કાંઈ ને કાંઇ ચેતન પૂરાતુંજ રહે અને ખાદી ઉપરાન્ત ઉચ્ચ સુરાદી વગેરે પણ જે જે પ્રચલિત કરવું હોય તેમાં એવા માનવો કેટલા બધા ઉપયોગી થાય; અને તેની સાથે એ લોકો પોતે પણ પોતાને અંતરનાં જ્ઞાન, ચારિત્ર્ય, કળા અને ઉપકારકતામાં ક્રમે ક્રમે કેટલાં બધાં ખીલતાં-ખુલતાં ચાલે એ શું દેશહિત માટે ઓછી અગત્યનો, ઓછો વિચારણીય અને ઓછો આચરણીય પ્રશ્ન છે ? હવે આગળ કરતાં તો ઉંચીજ કક્ષાના સમાજસેવકો દેખાય છે; પરંતુ જ્યાં પહોંચવું છે, અને તેમાં જેટલું બાકી છે; તે જોતાં તો તેમના આચારવિચારો હજી પણ આગળ વધવાની ખાસ જરૂર છે; તે દર્શાવવાજ આટલું અહીં લખ્યું છે.

લોકરુચિને વશ બની રાષ્ટ્રીયતાના નામ નીચે પણ ગોટપીટીઆ ગોખણપટ્ટીવાળી શાળાઓ ચલવીને લાખોની બરબાદી કરવી અને દેશમાંના ગરીબોનાં લોહી અનેક પ્રકારે પીવાવાળા લોકોની સંખ્યા તથા આવડતને વધાર્યા જવી; એના કરતાં તો ઉપર જણાવ્યા જેવી વ્યક્તિઓ અને સંસ્થાઓને ખીલવીને દેશના ખરા આધારરૂપ સ્ત્રીવર્ગ, ખેડુતો, અંત્યજો તેમજ બીજા નિરાધાર, ગરીબ અને અજ્ઞાન લોકોનીજ સંગીન સેવા બજાવવામાં રાષ્ટ્રનું સાચું અને સંગીન હિત રહેલું છે. સમજુઓએ હવે તો એવાંજ કાર્યોની પાછળ ધનના ઢગ અને સુયોગ્ય સેવાભાવી જીવનો અર્પણ કરવાં-કરાવવાં ઘટે છે.

ભારતમાતાનો સાચો સપુત બંકિમબાબુ કે જે આર્યસંસ્કૃતિનો મહાન અભ્યાસી અને હિમાયતી હતો; વર્તમાનયુગનો જ્ઞાનચારિત્ર્યસંપન્ન મહાવિદ્વાન હતો; જેનું રોમેરોમ દેશદાઝથી ફેફડી રહેલું હતું અને જેના પછી દેશમાં તેનો જોટો પાક્યો નથી એવો એ અસામાન્ય સાહિત્યસેવક હતો. આનંદમઠ તથા કૃષ્ણચરિત્રાદિ જેવા અનેકાનેક પ્રેરક ગ્રંથોનો તથા 'વંદેમાતરમ્' જેવા રાષ્ટ્રીય ગીતનો જે પ્રણેતા હતો; એવો સમર્થ સાહિત્યસમ્રાટ્ પણ એવા શિક્ષણ અને શિક્ષિતો-વિષે કહે છે કે:–"લખતાં-વાંચતાં આવડે તેજ શિક્ષિત અને ન આવડે તે અશિક્ષિત; એવું જરા પણ સમજતા નહિ. પાઠશાળાઓ અને નિશાળોમાં ભણ્યાવિના પણ જ્ઞાનની વૃદ્ધિ થઇ શકે છે. આપણા દેશમાં પૂર્વે જ્ઞાન પ્રાપ્ત કરવાના જે કેટલાક ખાસ માર્ગો હતા; તે આજે લુપ્તપ્રાય થઇ ગયા છે. 'કથા' અને 'હરિકીર્તન' એ પૂર્વકાળે જ્ઞાનપ્રાપ્તિનો એક મુખ્ય ઉપાય હતો. પ્રાચીન સન્નારીઓ કથાકારોના મુખથી પુરાણ તથા ઇતિહાસની વાતો સાંભળતી અને તેથી કરીને પુરાણ-ઇતિહાસમાં જ્ઞાનનો જે ઉત્તમ ભંડાર છુપાયેલો છે, તે તેમની પાસે ખુલ્લો થઇ જતો. અત્યારના આપણા સુશિક્ષિત જમાના પુરુષો કરતાં પણ અનેક વિષયો પૂર્વકાળની સન્નારીઓ બહુ સારી રીતે સમજી શકતી હતી. ભોગવિલાસમાંજ જીવનની સાર્થકતા સમજનારી, કાળા મોંવાળી આ વીસમી સદીએ તો એક હાથમાં તોપ-બંદુક અને બીજા હાથમાં કળ-કારખાનાંઓને ધારણ કરીને સેંકડો શિક્ષિત, અર્ધશિક્ષિત તથા અશિક્ષિત પુરુષોને ધર્મસંસ્કારથી ભ્રષ્ટ કર્યા છે."

પોતાનું નામ પણ ન લખી જાણનારા પ્રાતઃસ્મરણીય ભગવાન રામકૃષ્ણ પરમહંસ, છત્રપતિ શિવાજી અને મહાન અકબર જેવાનો જે અસામાન્ય જ્ઞાનપ્રતિભા અને નરીકળ ધરાવતા હતા; તે સર્વ ક્યાંથી આવેલું ? આર્યસંસ્કૃતિ. એ સમયના ભારતવાસીની ભવ્યતા ઉત્તમ સંસ્કૃતિનોજ એ સર્વ પ્રતાપ હતો.

વળી એ સાધનોને ફક્ત [illegible] છે એમ કંઇ ન હતું. એ [illegible]

કોઇને મળી શકતો. પ્રથમ તો એ લાભ, પરમ આસ્તિક, બળવાન અને સદ્‌ગુણી માતાપિતાના આચાર, વિચાર, ઉછેર અને ગૃહશિક્ષણમાંથીજ મળી રહેતો. અને તે પછી એ લાભ ગામમાંના જ્ઞાન-ચારિત્ર્યસંપન્ન કુળપુરોહિત, ભાટ, ચારણ, શાસ્ત્રી, પુરાણી, ધર્માચાર્ય, મહંત, યાત્રાળુ, પંડિતો, મંડળેશ્વરો, સંતસાધુઓ, પરમહંસો તેમજ અતિથિઅભ્યાગતો પાસેથી પણ સહજે સહજે મળ્યા કરતો હતો. વારતહેવારોની ઉજવણીઓ, મેળાઓ અને યાત્રાએ નીકળતા સંઘો પણ એ બાબતમાં બહુજ મદદગાર થતા હતા.

એવે એવે પ્રકારે જનસમાજમાં સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, યુવકો, ખેડુતો તેમજ ગરીબગુરબાં વગેરે તમામ વર્ગો જ્યારે જ્ઞાનચારિત્ર્યવર્ધક આર્યસંસ્કૃતિથી પોષાયા કરતા; ત્યારે મનુષ્યો કેવાં સુખી, સદ્‌ગુણી અને બળવાન રહેતાં! તેઓ આખું આયુષ્ય ધર્મનીતિથી તથા સુખસંપત્તિપૂર્વક ગુજારતાં; અને ગરાસીઆઓમાં તો શું પણ ગામના ભંગી સુદ્ધાંમાં એવું બળ અને આરોગ્ય રહેતું કે અત્યારના આપણા ભણીગણીને કુરકુરીઆં પેદા કરી જાણનારા પાંચ–દશ યુવકો પણ તેવા એકને પહોંચી શકે નહિ!

આ વાત તો આજે પણ પુષ્કળ માણસો જાણે છે કે, આજથી પચાસ અને સો વર્ષ પહેલાં દેશમાં આજના જેટલું દારિદ્ર, દુષ્કાળ, મોંઘારત, તનમનની દુર્બળતા, કુસંપ, ઝેરવેર, સ્વાર્થ-પરાયણતા, વિલાસિતા, છળપ્રપંચ અને લોભલાલચ વગેરે ન હતાં; અને એના સામા છેડાની સંપત્તિ, સુખશાન્તિ, સુકાળ, સંપ, હેતપ્રીત, ઉદારતા, સાદાઇ, પરોપકાર, સરળતા, સહાનુભૂતિ, આસ્તિકતા વગેરે હાલના કરતાં ઘણાં વધારે હતાં. એ સમયે એવી સ્થિતિ હોવાનું મુખ્ય કારણ એજ હતું કે ઉપર જણાવેલા પ્રકારોદ્વારા લોકોને જ્ઞાનચારિત્ર્યનું શિક્ષણ ખૂબ છૂટથી તથા સ્વાભાવિક રીતે મળ્યા કરતું હતું. આજે આપણે નાના કે મોટા પ્રત્યેક ગામમાં બ્રાહ્મણોને, ભટ્ટ ચારણોને તેમજ અટમંદિરવાળાઓને જે ગામગરાસો પળના જોઇએ છીએ; તે સર્વ એવા ઉચ્ચકક્ષ અને નિઃસ્પૃહ લોકશિક્ષકોના ચરણમાં કદરદાન રાજકર્તાઓ, ધનિકો તથા ગામલોકોદ્વારા તેમના ગુણચારિત્ર્ય અને ઉપકારકતા ઉપર ઓવારી નંખાયેલાં હતાં. આજે તેમના ઉત્તરાધિકારીઓ તો એ જ્ઞાનચારિત્ર્ય પણ ખોઇ બેઠા છે અને તેની પાછળ પાછળ તેમની જમીનજાગીરો પણ ખોવાતી ચાલી છે!!

પરંતુ આ સર્વ છતાં પણ ઉપર જણાવ્યું તેમ હજી પણ એ વર્ગોને સચેત અને સુસંસ્કૃત કરીને સમાજસેવામાટે ઉપયોગી બનાવી શકાય તેમ છે; અને માનવસમાજ પોતે તંગી વેઠીને પણ પોતાના એવા સુયોગ્ય સહાયકોને રોટલો આપી શકે તેમ છે. એમાં પણ જે અનેક બાળકો, માતપિતા કે પાલકપોષકવિનાનાં હોઇને જે તે પ્રકારે જીવન ગાળતાં હોય તેમનીજ સેવા અને સુશિક્ષણનું કાર્ય તેમનાજ જેવી નિર્ધનતા વગેરે સ્વીકારીને સર્વભાવથી આચરવામાં આવે તો 'કારીગરનો છોકરો સહેજે કારીગર બને છે' તેમ જ્ઞાનચારિત્ર્યસંપન્ન શિક્ષક–રક્ષકના પોતાના શિક્ષણ અને આચરણ ઉપરથી ધારણા મુજબના જ્ઞાનચારિત્ર્યસંપન્ન, મજબૂત અને સેવાવૃત્તિવાળા સમાજસેવકો તેમનામાંથી અવશ્ય સારા પ્રમાણમાં ઉપજી આવે, એમાં નવાઇ નથી. રાષ્ટ્રસેવાની સાચી દાનતવાળા અને પંડનું ભાન ભૂલી તેની પાછળ મચી પડનારા સજ્જનોમાટે શું આ ઓછી આકર્ષક તક છે! જે નબાપાં નિરાધારો મોટે ભાગે તો દેશને માટે કષ્ટકારક, ચોર, ભામટા, જુઠા, ભીખારી, વ્યભિચારી, પાખંડી, ઠગ અને હરામી ભેખધારીજ બની જવાનાં; તેમનામાંથી ઉત્તમ સમાજસેવકો બનાવવાનું કામ કેટલું બધું શક્ય અને મહત્ત્વનું છે!

લૌકિક સ્વાર્થ અને સંગ્રહવૃત્તિને દૂર કરી પ્રભુનેજ સર્વસ્વ માની શકનારા જ્ઞાન-ચારિત્ર્યસંપન્ન થોડાક સજ્જનો પણ જો સર્વભાવે એકનિષ્ઠાથી અને સતતપણે ઉપર જણાવ્યા જેવી એકાદ સંસ્થા જમાવવા ઇચ્છે; તો હાલની શ્રીમંતસેવી તથા લૂંટારાવર્ધક અનેક શાળા-પાઠશાળાઓ અને બોર્ડિંગો જે વિઘાતક કાર્ય બજાવી રહી છે; તેને બદલે સમાજના સત્ય હિતની દિશામાં અસાધારણ પરિણામ આવ્યાવિના રહેજ નહિ. આવા કૃષિપ્રધાન્ય દેશમાં એવા કામમાટે લૂંટારા ધનિકોની પાસે ભીખ માગી તેમને મોટા ભા બનાવવાનું કામ પણ જ્યાંસુધી કુશળ કૃષિકાર બનવામાં આવે નહિ, ત્યાંસુધી બજાવવુંજ પડે. ઉચ્ચ ભાવનાવાળા, આસ્તિક અને પરિશ્રમી સમાજસેવકને પ્રભુ આવી બાબતો માટે પણ કોઇ ને કોઇ માર્ગ ખોળી આપેજ. દેશનો ઉદય હવે કોઇ પણ પ્રકારે થવો અનિવાર્ય હોવાથી સાચી લાગણીવાળા અને સંયમી નરદેવનાઓને

માટે કાંઇ ને કાંઇ ઉકેલ પોતાની ઉચ્ચ ભાવનાઓ પાર પડે એવા મળીજ આવે. હા, ઉચ્
દ્ધાંતોને ખાતર પડે અકિંચનતામાં અને જરૂર પડે તો ભૂખમાં પણ સુખ માનવા જેટલું
ચારિત્ર્ય તેમનામાં હોવુંજ જોઇએ.

જગતકર્તાને જે કાંઇ કરવું છે, તે તો થવાનુંજ છે. માત્ર જેમનું પરમ ભાગ્ય હશે
માં હથિયારરૂપે બની શકશે; અને આત્મોન્નતિ કે પરમ યશ એમાંનું જે પણ જોઇતું હ
ાગી થશે.

હે સર્વત્ર રમી રહેલા પરમ પ્રભો! સર્વપર આપની અધિકાધિક કૃપા ઉતારજો અ
ઊંડે રાખેલાં દિવ્ય રત્નોને પણ હવે લોકસેવામાં વાપરજો; કે જેમના જ્ઞાનચારિત્રનો પ્ર
સર્વ કોઇ પોતાના અંતઃકરણમાં રહેલા મૂળ શત્રુઓની સામે તથા અયોગ્ય રૂઢિરિવા
માંહેના ક્લેશ-કુસંપ ઇ૦ બાહ્યશત્રુઓ સામે પણ લડવા માંડે; જગતના સર્વ ધર્મો અ
ઐક્યપ્રદાયક રહસ્યો પ્રવર્તે, રાગદ્વેષ, મિથ્યાભિમાન અને અક્કલનાં બારદાનોની દ
જનસમાજ સત્વર છૂટે, અને પરમ ધ્યેયને પામી ચૂકેલા એવા સાચા ચિકિત્સક પુ
દોરવણી તેમને સત્વર પ્રાપ્ત થાય. વાંચનાર! તમે પણ રોજ આવી પ્રાર્થના કરશો
અને તમારા વંશવારસોનું પણ એથી વધારે વહેલું અને વધારે પ્રમાણમાં ભલું થશે.

આ પછીનાં પૃષ્ઠોમાં જે જે લેખો તેમજ ઉતારા જેમના અને જેમાંથી લીધા
નાં નામ બનતાંસુધી તે તે સ્થળે આપેલાંજ છે. અહીં એ તમામ લેખકો તથા તેન
અંતઃકરણપૂર્વક આભાર માની આ લેખ સમાપ્ત કરીએ છીએ. હરિઃ ૐ તત્સત્

ભિક્ષુ–

સંવત ૧૯૮૩–શ્રાવણ માસ





महर्षि गुरु वसिष्ठ तथा महाभक्त हनुमान सहित

श्रीरामपंचायतन



"श्रीरामनामकी लूट है, लूटा जाय सो लूट; अंतकाल पछतायगा, प्रान जायगा छूट।"

"श्रीराम लछमन जानकी, जय बोलो हनुमान की!"—मुद्रक और प्रकाशकः-सस्तुं साहित्य मुद्रणालय-अहमदाबाद

श्रीरामचंद्र कृपालु भज मन, हरण भवभयदारुणं; नवकंजलोचन कंजमुख, करकंज पदकंजारुणं ॥
कंदर्प अगणित अमित छवि, नवनील नीरदसुंदरं, पटपीत मानहु तडित रुचिशुचि, नौमि जनकसुतावरं ॥
सिर मुकुट कुंडल तिलक चारु, उदार अंग विभूषणं; आजानुभुज शरचापधर, संग्रामजित खरदूषणं ॥
भज दीनबन्धु दिनेश, दानव दैत्य वंश निकंदनं; रघुनंद आनंदकंद, कोशलचंद दशरथनंदनं ॥
तुलसीदास, शंकर शेष मुनिमनरंजनं; मम हृदयकंज निवास कर, कामादि खलदल गंजनं ॥



गोस्वामी तुलसीदासजीनुं संक्षिप्त वृत्तान्त

त्रेता काव्य निबंध करिव सतकोटि रमायन ।
इक अक्षर उद्धरैं ब्रह्महत्यादि परायन ॥
अब भक्तनि सुखदैन बहुरि लीला विस्तारी ।
रामचरन रस मत्त रटत अहनिसि व्रतधारी ॥
संसार अपार के पारको सुगम रूप नवका लयौ।
कलिकुटिल जीव-निस्तारहित वाल्मीकि तुलसी भयौ ॥

ઉપોદ્ઘાત

ભક્તમાળવાળા પરમ સંત નાભાસ્વામીના ઉપલા ઉદ્ગાર કેવા સુંદર અને ભાવપૂર્ણ છે !

કાશીની સુપ્રતિષ્ઠિત નાગરી પ્રચારિણી સભાએ ગોસ્વામી તુલસીદાસજીની ત્રણસો વર્ષની જયંતિના અવસરનિમિત્તે સં. ૧૯૮૦ ના વર્ષમાં 'તુલસી-ગ્રંથાવલી' ત્રણ ખંડોમાં પ્રસિદ્ધ કરી હતી. એ ગ્રંથાવલીમાં ગોસ્વામીજીના જીવનવૃત્તાંત તથા રામાયણાદિ ગ્રંથોના સંબંધમાં યથાશક્ય વિસ્તાર તથા વિવેચનપૂર્વક જે જે હકીકતો, નિબંધો વગેરે સમાવવામાં આવ્યું છે, તે એવું સમયોચિત કાર્ય થયું છે કે તેનાં વખાણ કરીએ એટલાં ઓછાં.

ઉપરોક્ત તુલસી-ગ્રંથાવલીના ત્રીજા ખંડમાં તેની વિસ્તૃત પ્રસ્તાવનારૂપે ગોસ્વામી તુલસીદાસજીને લગતી હકીકત તથા સમાલોચના અઢીસોક પૃષ્ઠની સમાયલી છે, તે વાંચવાથી તેના વિદ્વાન લેખક પંડિત રામચંદ્ર શુક્લ, ગોસ્વામીજીના સંબંધમાં કેવા ઉંડા અભ્યાસી અને પરિશ્રમી હોવા જોઇએ તે જણાઇ આવે છે.

એ ત્રીજા ખંડમાં બીજાં ત્રણસોથી વધુ પૃષ્ઠ નિબંધોના રૂપમાં સમાયલાં છે; તે પણ ગોસ્વામીજીના જીવન તેમજ કાવ્યગ્રંથો ઉપર હોઇને ઉંડા વિચાર તથા અભ્યાસપૂર્વક સારા સારા વિદ્વાનોને હાથે લખાયલાં જણાય છે અને તે તે લેખકોના શ્રમ તથા ધર્મપ્રેમમાટે માન ઉપજાવે છે.

ગોસ્વામીજી રચિત 'રામચરિતમાનસ' ગ્રંથ પોતેજ એક એવી અદ્ભુત-અનુપમ-વસ્તુ છે કે તેમના અમર દેહની ઉપમા પણ તેને આપી શકાય અને તેમનું સર્વોપરી સ્મારક પણ તે ગ્રંથ પોતેજ બની રહેલો છે. કેમકે ખ્રિસ્તીઓના હૃદયમાં ખ્રિસ્ત અને તેનું બાઇબલ જેટલું વસ્યું છે; તેના કરતાં પણ હિન્દીભાષા બોલનાર બંધુઓના હૃદયમાં તુલસીકૃત રામાયણે ઘણોજ વધારે વાસ કર્યો છે.

ઉપરોક્ત નાગરી પ્રચારિણી સભાએ અને અનેક વિદ્વાનોએ મળીને ઉપરોક્ત ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં ગોસ્વામીજીનું અને તેમના ઉપરોક્ત અમર દેહરૂપ અને સ્વયંભૂ સ્મારકનું જે ભાવભર્યું પૂજન કર્યું છે; તેનાં જેટલાં પણ વખાણ કરીએ તેટલાં ઓછાં છે.

પરંતુ ગોસ્વામીજીનું અને તેમના રામાયણરૂપી અમર દેહનું સર્વોપરી પૂજન કરનાર તો વળી તેમને લગતો એક બીજોજ ચરિત્રગ્રંથ કહી શકાય તેમ છે. ગોસ્વામીજીના સહવાસી,

દાન શિષ્ય અને પરમ સંત એવા 'વેણીમાધવદાસજી'ના હાથથી તેમનું તે એક અતિ સુંદર
ને બૃહદ્ ચરિત્ર કાવ્યગ્રંથના રૂપમાં રચાયલું હોઇને તેનું કદ આપણા હાલના બૃહદ્ મહા-
ભારત કરતાં પણ મોટું—એટલે કે એક લાખ અને ચોત્રીસ હજાર દોહરાનું છે.

એ ગ્રંથનો છેલ્લો અધ્યાય ઈશ્વરકૃપાથી અયોધ્યાનિવાસી શ્રીયુત બાલકરામ વિનાય-
કને પ્રાપ્ત થયો, કે જેમાં ગોસ્વામીજીનું ચરિત્ર તેમના ભક્તોને નિત્યપાઠતરીકે કામ આવવા
માટે સંક્ષેપરૂપે અપાયલું હતું. હિંદી ભાષાના એ અદ્વિતીય કાવ્યસમ્રાટ્ અને મહર્ષિ તથા
સમર્થ આચાર્ય એવા ગોસ્વામી શ્રીતુલસીદાસજીના પ્રાપ્ત થયેલા એ સંક્ષિપ્ત ચરિત્ર ઉપર
થી એજ વિદ્વાનને હાથે હિંદી ગદ્યમાં તૈયાર થયેલું જીવનવૃત્તાન્ત ચાલુ સં. ૧૯૮૨ ના વર્ષ-
માં લખનૌના નવલકિશોર પ્રેસે ગોસ્વામીજીકૃત મૂળ તથા શુદ્ધ સ્વરૂપે પ્રસિદ્ધ કરેલા
'રામચરિતમાનસ'ની શરૂઆતમાં ઉપરોક્ત છેલ્લા અધ્યાયસહિત પ્રસિદ્ધ થયેલું જણાયું.

અત્યારસુધીમાં હિંદીમાં પ્રકાશિત થયેલાં ગોસ્વામીજીનાં ચરિત્રો કરતાં નાગરી પ્રચા-
રિણી સભા તેમજ નવલકિશોર પ્રેસદ્વારા પ્રસિદ્ધ થયેલાં ઉપરોક્ત ચરિત્ર વિશેષ પ્રમાણભૂત
હોવાથી મોટે ભાગે તેના અનુવાદરૂપે અને તેનાજ આધારે, પરંતુ જ્યાં જ્યાં સંક્ષેપ, વિસ્તાર,
ટિપ્પણ* ઇ૦ કરવાની જરૂર જણાઇ ત્યાં ત્યાં સંપૂર્ણ છૂટ લઇને યથામતિ આ સંક્ષિપ્ત ચરિત્ર
યોજ્યું છે. ગોસ્વામીજીના ચરિત્રવિષે કેટલીક બાબતોમાટે જૂદા જૂદા લેખકો વચ્ચે હજી
મતભેદ પણ છે; પરંતુ તેમાં ઉતરવા જેટલો સમય, સ્થાન અને બીજા સંયોગ હતા નહિ.

ઉપરોક્ત બંને ગ્રંથો આ ચરિત્ર યોજવામાં અત્યંત ઉપયોગી થવા બદલ તેના સુયોગ્ય
યોજકો, શોધકો, લેખકો, અનુવાદકો અને પ્રકાશક મહાશયોનો આ સ્થળે અમે જેટલો
ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

ગોસ્વામીજીનું સંક્ષિપ્ત જીવનવૃત્તાંત


પ્રસિદ્ધ રાજાપુર શહેરની નજીક યમુનાકિનારે 'દુબેપુરવા' નામના ગામમાં સર્વ જ્ઞાતિના
લોકો ઉપરાંત રાજાપુર રાજ્યના રાજ્યગુરુ પણ રહેતા હતા. તેઓ પરાશરગોત્રી સરયૂપારી
બ્રાહ્મણ હતા. તેઓ બહુ વિદ્વાન, ધનધાન્યસંપન્ન અને પ્રતિષ્ઠિત હતા તેમનું નામ રુદ્રનાથ
મિશ્ર અને તેમનાં ધર્મપત્નીનું નામ હુલસી હતું. માતાના ગર્ભમાં બાર-તેર માસ રહ્યા પછીજ
સંવત ૧૫૫૪ ના શ્રાવણ સુદિ સાતમે સંધ્યાસમયે તુલસીદાસજીનો જન્મ થયો હતો.

પુત્રોત્પત્તિના શુભ સમાચાર મળતાં રાજ્યગુરુ તરફથી સૌ કોઇનો ઉચિત સત્કાર થયો.
એ સમયે તેમની પાસે ગામના પણ બે-ચાર માણસો બેઠા હતા અને યાચકોને દાનથી સંતુષ્ટ
કરવામાં આવતા હતા; પરંતુ એટલામાંજ ઘરમાંથી એક દાસી દોડી આવી અને કહેવા લાગી
કે:—"મહારાજ ! ઘરમાં આવો. આપના પુત્રે બીજાં બાળકોની પેઠે જન્મતાંની સાથે રડવાને
બદલે "રામ" એવો ઉચ્ચાર કર્યો છે. વળી દાંત પણ તેના મુખમાં બત્રીસે આવી ગયેલા
જણાય છે અને જાણે પાંચ વર્ષનો હોય તેવો જણાય છે. ત્યાં બેઠેલી સ્ત્રીઓ કહે છે કે, આ તો
કોઇ રાક્ષસેજ જન્મ લીધેલો લાગે છે. હુલસીમાતાને એવું સાંભળીને બહુજ દુઃખ થાય છે;
માટે આપ જલદી ઘરમાં આવો અને તેમને આશ્વાસન આપી શાંત કરો."

રાજ્યગુરુ પણ પ્રસૂતિગૃહના બારણા આગળ જતાં તેવુંજ સાંભળીને દુઃખી થતા
પાછા ચાલ્યા ગયા; અને ત્યાં એકઠાં થયેલાં સગાંવહાલાં, મિત્રો, જોષી વગેરે સાથે બહુ વાદ-
વિવાદ થયા પછી સૌ એવા નિશ્ચયપર આવ્યા કે, ત્રણ દિવસ પછી જો આ પુત્ર જીવતો રહે તો
આ પ્રશ્નને માટે ફરી વિચાર કરી યોગ્ય લાગે તે કરવું.

એ પછી શ્રાવણ સુદિ ૧૧ ની અર્ધ ઘડી રાત જતાં માતા હુલસીએ તેમની પ્રિય દાસીને

* આવા જ્યાં એ મૂળ ગ્રંથોમાંના ટિપ્પણ આમાં લીધાં છે, ત્યાં તો તેમ પણ વર્ણવ્યું છે



राम चरितमानस सुकवि, मूर्तिमान् विश्वास ।
ज्ञान शिरोमणि भक्तवर, ये हैं तुलसीदास ॥

કહ્યું કેઃ–"હે સખિ! હવે આ પ્રાણપક્ષી ઉડવા ઇચ્છે છે. તું આ મારાં ઘરેણાં તથા મારા વહાલા પુત્રને લઇને હમણાંજ 'હરિપુર' તારી સાસુને ત્યાં ચાલી જા; અને ત્યાં સર્વ પ્રકારે તેનું પાલન-પોષણ કરજે. જો તું નહિ લઈ જાય તો મારા મરણ પછી મારા આ પતિમૂર્ખ જેવા પતિ તો જરૂર આ બાળકને ફેંકીજ દેશે; માટે અત્યારે રાતોરાતજ તું કોઈ જાણે નહિ તેમ નીકળી પડીને ત્યાં પહોંચી જાય તો સારૂં."

આ પ્રમાણે માતા હુલસીએ દાસીને વિનતિ કરી; અને પોતાનાં સર્વ ઘરેણાં તથા પુત્ર તેના ખોળામાં સોંપી દઇને તેને વિદાય કરી દીધી. પછી હુલસીમાતાની તબિયત બહુજ બગડી આવી. તેમણે બ્રહ્મા–વિષ્ણુ–મહેશનું સ્મરણ કરી પ્રાર્થના કરી કેઃ–"હે ભગવન્! આપ મારા સર્વસ્વનું–પ્રિય પુત્રનું રક્ષણ કરજો." પછી બ્રાહ્મમુહૂર્તમાં તેમણે દેહ મૂકયો.

પાંચ ઘડી દિવસ ચઢતાંજ ચુનિયા દાસી 'હરિપુર'માં પોતાની સાસુ પાસે પહોંચી ગઇ; તથા તેમને નમન કરીને સર્વ હકિકત કહેતાં તેણે રાજી થઇને કહ્યું કે, 'તેં બહુજ ઉત્તમ કામ કર્યું છે. તારે ઘેર પહેલું વેતર વીયાયેલી ગાય છે, તેનું દૂધ પાઈને આ માતાવિનાના બાળકને જીવાડ.' પછી તે પ્રેમપૂર્વક બાળકનું પાલન કરવા લાગી. આ રીતે પાંચ વર્ષ અને પાંચ મહિના વીતી ગયા અને બાળક બોલવા તથા હરવાફરવા લાગ્યો; પરંતુ એ અરસામાં એ દાસીને સાપ કરડવાથી તેનો દેહ પડયો અને એ બાળક અનાથ બની રહ્યો! હરિપુરના લોકોએ દાસીના મૃત્યુના સમાચાર રાજ્યગુરુને મોકલી આપ્યા અને તેમના પુત્રને બોલાવી લેવાની પ્રાર્થના કરી; પરંતુ રાજ્યગુરુએ જવાબ આપી દીધો કેઃ–"જે બાળક પોતાના પાલકપોષકનોજ નાશ કરી દે, તેને લઇને હું શું કરૂં?" હરિપુરવાસીઓમાં પણ આ ઉત્તરથી એવોજ વહેમ પેસીગયો કે, તે બાળકને જે કોઈ રાખશે તેને નુકસાન થશે. આથી હવે તેને કોઈ પણ રાખતું નહોતું.

આ પ્રમાણે વહેમી વિચારને લીધે આ ભાવી મહાન સંતને રોટલાનો કે ઓટલાનો કાંઈપણ આશ્રય નહિ મળવાથી તે બિચારો અનાથ બાળક કયારેક આ દ્વારપર તો કયારેક પેલા દ્વારપર ભટકતો ફરતો અને કયારેક કોઇ કાંઇ આપતું, તે ખાઈ લેતો.×

બાળકની દીનહીન દશા જોઇને જાણે શ્રીજગન્માતાનેજ દયા આવી હોયને! તેમ એક બ્રાહ્મણબાઈ આવીને તેમને ખવડાવી જતાં હતાં. આ રીતે બીજાં બે વર્ષો વીતી ગયાં. ÷

એ સમયે ચિત્રકૂટમાં સ્વામી અનંતાનંદજીના પ્રિય શિષ્ય સ્વામી નરહરાનંદજી* કુટી બાંધીને રહેતા હતા. તેઓ ભગવાનના અનન્ય ભક્ત હોઈ તલ્લીન દશામાં રહેતા હતા;

× ગોસ્વામીજીએ પોતાની એ સમયની દીનહીન દશા દર્શાવતાં સ્વમુખેજ કહ્યું છે કેઃ—

"બારે તે લલાત બિલલાત દ્વાર દ્વાર દીન, જાનત હીં ચારિ ફલ ચારિ હિ ચનકકો."

અર્થાત્ તે સમયે દીન–અનાથ એવો હું ઘેરે ઘેર તિરસ્કાર પામતો ભટકતો હતો અને જે દિવસ ચાર ચાનકી–કે ચણા પણ મળી જતા, તે દિવસ જાણે ચારે પુરુષાર્થ (ધર્મ–અર્થ–કામ–મોક્ષ) મળ્યા હોય એમ માનતો હતો!

÷ આખું ગામ વહેમી વિચારનું ત્યાં આ બ્રાહ્મણ બાઇને કયાંથી આ બાળકમાટે દયા આવી હશે! મૂળ ગ્રંથમાં તો સાક્ષાત્ પાર્વતીજ જમાડીને અલોપ થઇ જતાં એમ કહ્યું છે; પરંતુ તે લોકવાયકા ઉપરથીજ લખેલું સમજીને ઉપરમુજબજ લખ્યું છે. એ બાઇ કોઇ પૂર્ણ જ્ઞાની કે વહેમરહિત જિજ્ઞાસુ હશે, કે પછી તેવા પુરુષનાં આજ્ઞાંકિત કે વિધવા હશે; અને તેથી એમજ માનતાં હશે કેઃ–"આવા નિરાધાર બાળકને અન્નપાણી આપવાથી તે કાંઇ મરી જવાનું હશે? પુણ્યે તો પાપજ ટેલાય." વાંચનાર ભાઇબહેન! આવા વખતમાં તમને તો આવીતેવી જોઇએ તેટલી તકો મળી આવે તેમ હોવાથી તે જરૂર શોધતાં–સાધતાં રહેજો.

* શ્રી નરહરાનંદજી શ્રી અનંતાનંદજીના પ્રિય શિષ્ય હતા; અને શ્રી અનંતાનંદજી યતીંદ્ર શ્રીરામાનંદ સ્વામીના બાર શિષ્યોમાં મુખ્ય હતા.

આ અનાથ બાળકની નિરાધાર દશા
અને શ્રીહરિનો સાક્ષાત્કાર પામીને કૃતાર્થ થયેલા હતા. આ અનાથ બાળકની નિરાધાર દશા તેમના સાંભળવામાં આવતાંજ તેમને બહુજ લાગણી થઈ આવી.

એ સમય આજથી ચારસો વર્ષ અગાઉનો છે, કે જ્યારે ભારતવર્ષમાં અનાજ, ઘી, દૂધ વગેરે હાલના કરતાં દશવીસગણાં સસ્તાં હોઈ માણસો પણ બહુજ ઉદાર હતાં; એટલે પછી અન્નવિના તો ભાગ્યેજ કોઇ ભૂખે મરતું હશે. આથી માત્ર વહેમનેજ લીધે એક બાળકને અતિ દુઃખી અવસ્થામાં આવી પડેલો સાંભળતાંજ નરહરાનંદ જેવા પ્રભુનો સાક્ષાત્કાર પામેલા સંતને ઉંડી લાગણી થઈ આવે, એમાં આશ્ચર્ય નથી.

હાલ આપણા દેશમાં તો એવા નિરાધાર, દુઃખી અને જ્ઞાન-ધાન-પાન-વસ્ત્ર-ઔષધ ઈ૦ વિના દુઃખી થનારા તો શું પણ મરી સુદ્ધાં જનારા માનવ તથા બાળકોની સંખ્યા લાખોની હોય છે; એટલે પછી દરવર્ષે લાખો લોક સદાને માટે ભીખારી, ભેખધારી અને ચોરીજારી કરનારા પણ એવી સ્થિતિવાળામાંનાજ મોટે ભાગે બન્યા કરે તેમાં પણ નવાઈ શી! પણ પડી છે કોને? મોટમોટા દેશસેવકો પણ રજસપ્રકૃતિગત કીર્તિલોભ ધરાવતા હોય; એટલે પછી માબાપવાળાજ હજારો લાખો વિદ્યાર્થીઓને ભણાવવા-ખવરાવવાનું અને ઝટ મોટા ભામાં ખપી શકાય, ઇલ્કાબ મેળવી શકાય, એવું તેવું કરવાનું મૂકીને દીનદુઃખીઓની અને નિરાધારોની તેમને શી પડી હોય! 'જિસકે તડમેં લડ્ડુ, ઉસકે તડમેં હમ!' મોઢેથી બોલી જાણનારા વાણીકુશળો, અનેક ડોળડિમાકથી બડેખાંમાં

ઉપરોક્ત નરહરાનંદજી પણ હાલના જેવા ઉપર ઉપરના ઈ૦ ની પેઠે ભેખધારી ઈ૦ ની પેઠે સારા એવા તે જમાનામાં ધનવાનો, લકધારી, મઠધારી, ભેખધારી ઈ૦ ની પેઠે ઉપર ઉપરના અનેક બાબતે સારા એવા તે જમાનામાં નહિ ખપવા ઈચ્છતા હોય; અને હાલના કરતાં અનેક બાબતે સારા એવા તે જમાનામાં હાલની પેઠે લાખો તો શું પણ થોડા પણ અનાથ, છેક રખડી પડેલા અને ભૂખે મરી જવાવાળા નહિ હોય; એટલે પછી લોકવહેમનાજ પ્રતાપે થયેલી બાળકની અવદશા સાંભળીને વંદનીય નરહરાનંદજી તો અંતર્યામી પ્રભુની પ્રેરણાને અનુસરીને તરતજ હરિપુર પહોંચી ગયા! એક ઘર આગળ એક અનાથ છોકરારૂપે તે ભાવી મહાન પુરુષ નિરાધાર ભિખારીની હાલતમાં ઉભેલો હતો, એક વહેમી ઘરધણી તેના તરફ લાકડી બતાવીને 'ચાલ્યો જા અહીંથી' એમ બરાડી રહ્યો હતો અને એવામાંજ નરહરાનંદજી પહોંચી ગયા! તરતજ તેમણે તેને પોતા તરફ ખેંચી લઇને તથા બીજે હાથ લાકડી સામે આડો ધરીને તે દીન-અનાથને સનાથ બનાવી દીધા અને કહ્યું કેઃ-"રામબોલા! તું શોક ન કર. પરમ કૃપાળુ પિતા સર્વ પ્રકારે તારી સંભાળ લેશે." પછી ગામનાં મનુષ્યોની સંમતિ લઇને બાળકસહિત તે અયોધ્યામાં આવી પહોંચ્યા.

પછી સંવત ૧૫૬૧ ના માઘસુદિ પંચમી (વસંતપંચમી)ને દિવસે સરયૂતટપર યજ્ઞોપવીત યજ્ઞ કરાવીને તે વિપ્રબાળકને તેમણે યજ્ઞોપવીત તથા ગાયત્રીમંત્ર આપ્યો અને શ્રીરામ નામનો પણ ઉપદેશ કર્યો.

પછી ત્યાં સ્વામીજી હનુમાનટીલાપર દશમહિનાપર્યંત રહ્યા. તેઓ પોતાના શિષ્યને વિદ્યાધ્યયન અને અષ્ટાધ્યાયી સૂત્રો કંઠે કરાવવા લાગ્યા. હવે આ નાના બાળકમાં ગ્રહણ-ધારણશક્તિ, સેવાબુદ્ધિ તથા ભક્તિભાવનો વિકાસ થતો જોઇને સ્વામીજી બહુજ પ્રસન્ન રહેતા અને તેમ દયાળુ ઇચ્છતા. બાળકે પણ તેમના આગળ હૃદય ખોલીને પોતાની સર્વ કરુણકથા આચાર્ય એ સાંભળીને બહુજ આશ્ચર્યચકિત થયા; નેત્રોમાં અશ્રુ ભરાઇ આવ્યાં; અને શિષ્યને હૃદયસાથે ચાંપીને ઉત્તમ ઉપદેશ કર્યો.

ત્યારપછી હેમંતઋતુનો આરંભ થતાંજ સ્વામીજી ત્યાંથી શિષ્યસહિત નીકળ્યા; માર્ગમાં કથાપુરાણ કહેતા કહેતા સરયૂ-ઘોઘરાના સંગમપર શૂકરખેત (વારાહક્ષેત્ર)માં આવ્યા. ત્યાં આખો પોષમાસ નિવાસ કરવો પડે છે અને પૂર્ણિમાના સ્નાનનો મહિમા છે



બાળક તુલસીદાસને વહેમને લીધે ટુકડો ન આપતાં સર્વ કોઈ ધૂતકારી કહાડે. આથી તે બહુ દુઃખી રહે. પ્રભુપ્રેમી નરહરાનંદ સ્વામી એ વાત સાંભળતાંજ હરિપુર પહોંચ્યા. ત્યાં એક માનવને તેની પાછળ પડેલો જોઈ તેમણે રોક્યો અને બાળકને આશ્રયમાં લઇ નિરાધારનો આધાર બન્યા; [illegible] તેને તેઓ સાથે લઇ ગયા.

પોતે પાંચ વર્ષપર્યંત જપ-તપપરાયણ રહ્યા અને શિષ્યને શિક્ષણ પણ આપતા રહ્યા. એ પછી જ્યારે તે બાળકની બુદ્ધિ રૂડે પ્રકારે પ્રવીણ થતી જણાઇ, ત્યારે સ્વામીજીએ રામાયણનો પણ આરંભ કરી દીધો. બાળકને પણ તેના શ્રવણથી બહુજ આનંદ અને બોધ મળવા લાગ્યો.

આવી રીતે શિષ્ય સુશિક્ષિત થયા પછી પર્વ આવતાં પોતે શિષ્યસહિત કાશીજી તરફ જવા નીકળ્યા. માર્ગમાં પ્રારબ્ધાનુસાર તેઓ અનેક સ્થળે રોકાતા, અધિકારી જનોને ઉપદેશ કરતા તથા દીન જનોનાં દુઃખ દૂર કરતા વિચરતા વિચરતા કાશીજી પહોંચી ગયા. ત્યાં તેમણે પરમ ગુરુ સ્વામી રામાનંદજીના સ્થાનપર ઉતારો કર્યો.

કાશીપુરીમાં મનોહર પંચગંગા ઘાટપર યતીંદ્ર રામાનંદજી પુષ્કળ વખત રહ્યા હતા. એ સુંદર ઘાટપર 'શેષ સનાતનજી' નામના મહાત્મા એ સમયે રહેતા હતા. તેમનું શરીર તો વૃદ્ધ હતું; પણ મનોબળ યુવાનના જેવું હતું. તેઓ વેદો અને શાસ્ત્રોના અદ્વિતીય જ્ઞાતા હતા. તેમના તેજસ્વી મુખચંદ્રમાંથી જાણે પ્રકાશનાંજ કિરણો વહ્યા કરતાં હોય એમ લાગતું હતું. સિદ્ધદશા અને તપશ્ચર્યાને માટે તેઓ સર્વત્ર પ્રસિદ્ધ હતા. તેમણે આપણા ચરિત્રનાયક બાળબ્રહ્મચારી તુલસીદાસજીમાં સુંદર સરળ સ્વભાવ વગેરે લક્ષણો જોઇને તેમને પોતાની સકળ વિદ્યાઓના સર્વોત્તમ-સુયોગ્ય પાત્ર માન્યા; અને સ્વામી નરહરાનંદજીને કહ્યું કેઃ-"હે મુનિરાજ! આપ કૃપા કરીને આપના શિષ્યને અહીંજ રાખો. તેની વૃત્તિ સાંસારિક નથી; પરંતુ મંત્રના ધ્વનિ અને ઇષ્ટધ્યાનમાં મગ્ન રહેનારી છે. હું તેને ચાર વેદ, છ શાસ્ત્ર, ઇતિહાસ, પુરાણ, કાવ્ય વગેરે શીખવીને એવો ધુરંધર વિદ્વાન બનાવી દઇશ કે આપ પણ તેનાં યશોગાન સાંભળીને પ્રસન્ન થશો."

તે મહાત્માનાં હિતપૂર્ણ વચનો સાંભળીને સ્વામી નરહરાનંદે તેજ વેળા પવિત્ર ગંગાતટપર તે બાળબ્રહ્મચારીને બોલાવીને બહુજ પ્રસન્નતાપૂર્વક તેઓને સોંપી દીધા; અને પોતે કેટલોક સમય ત્યાં રહ્યા પછી જ્યારે સૂત્રભાષ્યના અધ્યયનમાં તેમનું ચિત્ત ખૂબ લાગેલું જણાયું તથા તેમને માટે કાંઇપણ ચિંતા જેવું ન જણાયું, ત્યારે તેઓ ચિત્રકૂટ ગયા.

આ રીતે ગોસ્વામીજીએ ત્યાં પંદર વર્ષ અધ્યયન કરી સમગ્ર શાસ્ત્રોના સિદ્ધાંતો સમજી લીધા. વિદ્યાગુરુની પણ તેમણે તનમનથી સેવા કરી અને ગુરુનું શરીર પંચત્વ પામ્યું ત્યારે તેમની અંત્યેષ્ટિક્રિયા પણ કરીને આચાર્યઋણથી તેઓ નિવૃત્ત થયા. ગુરુનું શરીર પંચત્વ પામતાં એ સ્થાનમાંથી તેમનું મન ઉંચું થયું અને પર્યટન કરતા કરતા પોતાની જન્મભૂમિ તરફ ચાલી નીકળ્યા. ફરતા ફરતા પોતાની જન્મભૂમિ રાજાપુર પહોંચી જઇ તેમણે પોતાનું ઘર જોયું, તો માત્ર તેનું ખંડિયેરજ ઉભું હતું અને ઘરમાંનું કોઇ પણ હયાત ન હતું. પછી તેમણે વિધિપૂર્વક શ્રાદ્ધ અને પિંડદાન કર્યું. ગામલોકોના આગ્રહથી મકાન પણ તેમણે સુધારી લીધું અને તેમાં નિવાસ કરી શ્રીરામાયણની કથા વાંચવા લાગ્યા.

યમુનાજીના સામા કિનારાપર 'તારિપતો' નામના ગામમાં ભરદ્વાજગોત્રના એક સરયૂપારી બ્રાહ્મણ રહેતા હતા. તેઓ યમદ્વિતીયા(કાર્તિક સુદિ બીજ)ના પર્વપર સહકુટુંબ યમુનાસ્નાન કરવા આવ્યા હતા. સ્નાનદાનથી નિવૃત્ત થઇને તેઓ જ્યાં પંડિત તુલસીદાસજી કથા કરતા હતા ત્યાં આવ્યા. તેઓ ગોસ્વામીજીને જોઇને બહુજ પ્રસન્ન થયા અને તેમના સંબંધે ગામલોકોને કેટલીક પૂછપરછ કરીને પાછા પોતાને ઘેર ચાલ્યા ગયા. પછી તેઓ વૈશાખ માસમાં ફરીને ગોસ્વામીજી પાસે આવ્યા અને હાથ જોડીને કહ્યું કેઃ-"અહીં આપની કથા શ્રવણ કરીને મારે ગામ ગયા પછી તો સ્વપ્નમાં પણ આપજ મને દેખાવા લાગ્યા અને જાણે જગદંબાજ આજ્ઞા કરતાં હોય તેમ લાગ્યું કે, મારે મારી કન્યાનો વિવાહ આપ સાથેજ કરવો. આથી હવે આપની પાસે હું એજ કાર્યમાટે આવ્યો છું; માટે આપ મારી પુત્રીસાથે વિવાહ કરો."

ગોસ્વામીજી વિચારમાં પડી ગયા અને પછી બહુજ સંકોચસાથે તેમણે પરણવાની ના પાડી. પછી તે બ્રાહ્મણ તો "કાર્યં સાધયામિ કે દેહં પાતયામિ" ની પેઠે અન્નપાણીનો ત્યાગ કરીને ત્યાં લાંઘવા બેઠા. છેવટે "પ્રભુ ઇચ્છા" સમજીને ગોસ્વામીજીને તેમની વાતનો સ્વીકાર કરવોજ પડ્યો અને જ્યારે તેમણે હા પાડી ત્યારેજ—બીજે દિવસેજ તે બ્રાહ્મણે અન્નપાણી ગ્રહણ કર્યું.

ત્યાર પછી તે બ્રાહ્મણે ઘેર જઈ જોષીને બોલાવી લગ્ન નક્કી કરીને લગ્નપત્રિકા મોકલી આપી. અહીં રાજાપુરવાસીઓએ જાનની તૈયારી કરી આપી અને સંવત ૧૫૮૩ ના જેઠ સુદી ૧૩ ને ગુરુવારની અર્ધરાત્રીને સમયે હસ્તમેળાપ અને મંગળ વર્તાવવાની શુભ ક્રિયા કરવામાં આવી. પછી ત્રીજે દિવસે તે બ્રાહ્મણે યથાશક્તિ દાયજો આપી પંડિતજીને કન્યાસહિત વિદાય કર્યા.

ગોસ્વામીજી ઘેર પહોંચી ગયા પછી શહેરની આખો વહુનું મુખ જોવા આવી અને બહુજ પ્રસન્ન થઇ. ગોસ્વામીજી તો પછી તેના રૂપસૌંદર્યપર એવા મોહિત થઇ ગયા કે રાતદિવસ તેની સાથે ને સાથેજ રહેવા લાગ્યા. આવી રીતે પાંચ વર્ષ ઝડપથી વીતી ગયાં. તેઓ ક્યાંય બહાર જતા નહિ તેમ પત્નીને પણ નજરથી દૂર થવા દેતા નહિ.

પત્નીને પિયરથી કેટલીએ વાર તેડાં આવી ગયાં; પરંતુ ગોસ્વામીજીએ તેને મોકલીજ નહિ. એક દિવસ તેનો ભાઈ આવ્યો અને બહેનને સમાચાર આપ્યા કે, 'માતા બહુજ બિમાર છે અને તને જોવા ઇચ્છે છે.' આ સમાચારની તેના હૃદયપર એવી અસર થઇ કે એક ઘડી એક વર્ષ જેટલી જણાવા લાગી. એ અરસામાં ગોસ્વામીજી જરૂરી કામપ્રસંગે તેજ દિવસે બહારગામ ગયા હતા. એટલે તેને એમ લાગ્યું હશે કે, તેઓ ઘેર આવ્યા પછી પણ આવી બાબતમાં ના તો નહિજ પાડે, પણ તેમના આવવાસુધી અહીં બેઠી [illegible] ત્યાં માતા ગુજરી જાય, તો પછી જવું પણ શા કામનું? આવી પછી ને તે તરતજ [illegible] [illegible] [illegible] પછી [illegible] જ્યારે ગોસ્વામીજીએ [illegible] ઘર સૂનું જોયું, ત્યારે તેઓ બહુજ દુઃખી થયા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કેમકે તેમનું મન તેનામાં બહુજ [illegible]

[illegible]

[illegible]

[illegible]



ગોસ્વામીજી ભણ્યા ત્યારે (૨૦ વર્ષ સુધી) ભણ્યા પણ ખૂબ, અને (૨૯ વર્ષની ઉંમરે) પરણ્યા ત્યારે વિષયાસક્ત પણ ખૂબ બન્યા. તેમની ગેરહાજરીમાં એક દિવસ સ્ત્રીનું ભાઇસાથે પિયર જવું થતાં તેઓ પણ તેજ રાત્રે ત્યાં પહોંચી ગયા અને બારણું ખખડાવ્યું ! સ્ત્રીએ અવાજ ઓળખતાંજ બારણું ખોલ્યું; અને આશ્ચર્ય પામીને કહ્યું કેઃ—

" લાજ ન લાગત આપકો, દૌડે આયે હો સાથ, ધિક્ ધિક્ ઐસે પ્રેમકો, કહા કહું મેં નાથ;
અસ્થિ-ચરમ-મય દેહ મમ, તામેં જૈસી પ્રીતિ, ઐસી જો શ્રીરામમેં હોત ન તો ભવભીતિ. "

એ સાંભળતાંજ તુલસીદાસના મનમાં અગાઉ સંતસેવા અને ઋષિવિદ્યાના જે ઉત્તમોત્તમ સંસ્કાર પડેલા. તે તાજા થઇ ગયા, અને જાણે પ્રભુએ પોતેજ ઉપદેશ શબ્દો કહ્યા હોય તેમ પૂર્વજન્મનો અધુરો યોગ પૂર્ણ કરવા માટે ત્યાંથી તરતજ પરબાર્યા ચાલી નીકળ્યા.

ના સત્કારનુંજ કરતી હતી. એકવાર ગોસ્વામીજીનું પણ તેણે આતિથ્ય કર્યું હતું. આ પ્રસંગે તેનો અત્યંત સાત્વિક તથા ઉદાર સ્વભાવ જોઈને અને તેની છેક્જ નિર્ધનતા તથા ભિક્ષા અને રેંટીઓજ નિર્વાહનું સાધન જોઈને ગોસ્વામીજીને એટલી બધી લાગણી થઈ આવી કે તેના પરિણામે "જે વસ્તુ ઉપર તું તારો હાથ મૂકીશ, તે વસ્તુ ગમે તેટલી વાપર્યા છતાં ખૂટશે નહિ" એવા આશીર્વાદવિના પણ તે ભગવદીય બ્રાહ્મણીની ગૃહદશા સુધરી જાય, તો તેમાં આશ્ચર્ય નથી.

ગોસ્વામીજીને વાલ્મીકિ રામાયણ એટલી બધી પ્રિય હતી કે જગન્નાથપુરીમાં નિવાસ કરીને વાલ્મીકિ રામાયણની પ્રત સ્વહસ્તેજ ઉતારીને તૈયાર કરી હતી. ત્યારપછી તેઓ રામેશ્વર ગયા. ત્યાંથી દ્વારકાં અને બદરીનારાયણ ગયા. ત્યાં નારાયણઋષિ અને મહર્ષિ વ્યાસ જેવા ઈશ્વરના અવતારસમા અસામાન્ય મહાત્માઓનાં પણ ગોસ્વામીજીને દર્શન થયાં. તેમના મુખે તેમણે માનસસરોવરની બહુજ પ્રશંસા સાંભળવાથી અત્યંત દુર્ગમ માર્ગ છતાં પણ માનસસરોવરની યાત્રા કરી. તે પરમ પવિત્ર સ્થાનપર કેટલાક દિવસ રોકાઈ દિવ્ય સંતોના સમાગમનો અતિ ઉત્તમ લાભ તેમણે લીધો. ત્યાંથી પછી તેઓ સુમેરુ પર્વતપર જઈને પાછા માનસસરોવર આવી પહોંચ્યા; અને એ રીતે કૈલાસની પ્રદક્ષિણા કરી.

ઉપરોક્ત રીતે ચૌદ વર્ષ, દશ માસ અને સત્તર દિવસસુધી તીર્થયાત્રા કરીને પછી [illegible]માં આવી ચાતુર્માસ પૂર્ણ થતાંસુધી રહ્યા. અહીં તેઓ બહુજ ઉત્સાહથી રામાયણની કથા કરતા અને તે અનેક [illegible] આવીને પ્રેમપૂર્વક શ્રવણ કરતા. તે વનના એક વૃક્ષ ઉપર એક પ્રેત રહેતો હતો. ગોસ્વામીજી શરીરની ક્રિયા કર્યા પછી પાત્રમાં બચેલું જળ તે વૃક્ષની નીચે રેડી નાખતા હતા અને તે જળથી તે પ્રેતની તૃષા શાન્ત થતી હતી. તે પ્રેતે જાણી લીધું કે, આ મુનિના ધ્યાનમાં [illegible] તેજ મુનિ આ છે. એક દિવસ તે પ્રેતે પ્રગટ થઈને મહાત્માને કહ્યું કે, આપની સેવાનો મને [illegible] [illegible] ... "[illegible] હનુમાનજીને [illegible] [illegible] અહર્નિશ [illegible] એટલે જરૂર આપને તેમનાં દર્શન થશે."

[illegible]

પાછળથી હનુમાનજીએ ભેદ બતાવ્યો કે, તેઓ શ્રીરામલક્ષ્મણ હતા. આ સાંભળીને ગોસ્વામીજી બહુજ પસ્તાયા અને તેમનાં પુનઃ દર્શનમાટે ઘણાજ આતુર બની ગયા. હનુમાનજીએ પછી "પ્રાતઃકાળમાં પુનઃ દર્શન થશે" એમ કહી તેમને વિશ્વાસ બંધાવ્યો અને ધીરજ આપી.

સંવત ૧૬૦૭ ની મૌની અમાવાસ્યાને દિવસે પ્રાતઃકાળમાં ગોસ્વામીજી રામઘાટપર બેઠા હતા. તે દિવસે પર્વ હોવાથી મેળો ભરાવાને લીધે ત્યાં બહુજ ભીડ હતી. પુષ્કળ સંતમહાત્માઓ એકઠા થયા હતા. ગોસ્વામીજી અત્યંત પ્રેમપૂર્વક ચંદન ઘસી રહ્યા હતા. આ સમયે બે મનોહર રાજકુમારો ગોસ્વામીજી પાસે આવીને બોલ્યાઃ—" બાબાજી ! મને પણ ચંદન લગાવો. " આ વિષે નીચેનો સુંદર દુહો પ્રસિદ્ધજ છે કેઃ—

" ચિત્રકૂટકે ઘાટપર, ભઈ સંતનકી ભીર; તુલસિદાસ ચંદન ઘિસે, તિલક કરે રઘુવીર."

ગોસ્વામીજી શ્રીરામચંદ્રને જોતાંજ અત્યંત વ્યાકુળ થઈ ગયા અને ચંદન ઘસવું છોડી દઈને શ્રીભગવાનની અપાર શોભાને નિરખતા તલ્લીન થઇ ગયા! શ્રીભગવાને ફરીથી પણ એજ વચન કહ્યું કેઃ—" બાબાજી ! મને પણ ચંદન લગાવો. " આમ કહ્યા છતાં પણ જ્યારે ગોસ્વામીજીએ ઉંચું જોયું નહિ, ત્યારે શ્રીભગવાને પોતાનેજ હાથે ઓરસીઆપરથી ચંદન લઇને તિલક કર્યું અને તુરત અંતર્ધાન થઈ ગયા.પછી જ્યારે ગોસ્વામીજીની વૃત્તિ બહિર્મુખ થઇ અને જોયું કે શ્રીભગવાન નથી, એટલે તેઓ વ્યાકુળ થઈને ત્યાંજ પડી ગયા અને તે દિવ્ય મૂર્તિ નેત્રદ્વારા હૃદયમાં સ્થિર થઈ ચૂકેલી હતી તેમાં એવા નિમગ્ન થઇ ગયા, કે કોઇએ છેક રાત્રે ત્યાં આવીને તેમને જગાડ્યા ત્યારેજ ગોસ્વામીજી એ દશામાંથી જાગ્યા. પછી તે જાગ્રત કરનાર સંતે તેમનું રૂડે પ્રકારે સમાધાન કરીને તથા શ્રીરામરહસ્યનું વર્ણન કરીને તેમને ખૂબ સંતુષ્ટ કર્યા. આ જગાડનાર ઈત્યાદિતરીકે મૂળગ્રંથમાં તો શ્રીહનુમાનજીનુંજ નામ આપેલું છે.

હવે ગોસ્વામીજીની વિદ્વત્તા સાંભળીને એટલા બધા મનુષ્યો આવવા લાગ્યા, કે ઘણીજ ભીડ થવા લાગી. આ ભીડ પોતાના ભજનમાં વિઘ્નકારક જણાવાથી પછી ગોસ્વામીજી ગુફામાં અલગજ રહેવા લાગ્યા. આથી તેઓનાં દર્શન નહિ મળવાથી પુષ્કળ જનો નિરાશ થઇ પાછા જવા લાગ્યા. એક દિવસ સ્વામી દરિયાનંદજી તેમને મળવા આવ્યા. તેમને પણ ગોસ્વામીજીનાં દર્શન થયાં નહિ; પરંતુ તેઓ બીજા લોકોની પેઠે ત્યાંથી પાછા ન ચાલ્યા જતાં કોઈ વાર અવશ્ય દર્શન થશે એમ વિચારી ત્યાંજ ટકી ગયા. પછી જ્યારે ગોસ્વામીજી લઘુશંકા કરવા માટે બહાર નીકળ્યા, ત્યારે સ્વામી દરિયાનંદજી તેમની સન્મુખ હાથ જોડી નમસ્કાર કરીને ઉભા રહ્યા અને કહ્યુંઃ—" હે નાથ ! આપ ક્ષમા આપજો; પરંતુ આપ લઘુશંકા કરવા બહાર નીકળો અને સાધુસંતોને દર્શન આપવામાટે કેમ બહાર નીકળતા નથી ? દર્શનાર્થે આવી નિરાશ થઇ પાછા ફરતા સજ્જનોને બહુ દુઃખ થાય છે; માટે હું બહાર એક નિવાસસ્થાન બનાવી આપું છું, તેમાં આપ દિવસે નિવાસ કરો કે જેથી દર્શનાર્થે આવનારાં સૌ કોઈને આપના દર્શનથી આનંદ થાય. "

ગોસ્વામીજીએ સ્વામી દરિયાનંદજીની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને નિવાસસ્થાન તૈયાર થતાં તેમાં રહેવા લાગ્યા. ત્યાં તેમને આગલા સ્થાન જેવી ભીડ નહિ નડતાં જેઓ સંસ્કારી હોય, ધર્મપ્રેમી હોય, પ્રભુપ્રેમી હોય; અર્થાત સાધક કે સિદ્ધ કોટીના હોય તેવાજ સજ્જનો મોટેભાગે તેમનાં દર્શનસમાગમમાટે આવવા લાગ્યા. મહાત્મા યાદવપ્રકાશજી, અનન્ય માધવજી, વેણીમાધવદાસજી, ચિત્સુખાચાર્યજી, કરુણેશજી, સદાનંદજી, તપસ્વી મુરારિજી, દિગંબર પરમહંસજી, વિરહી ભગવંતજી, સૌભાગ્યવતી દેવીજી, વિભવાનંદજી, દેવજી, દિનેશજી અને દક્ષિણ નિવાસી પિલ્લે સ્વામી; આ સર્વ એક પછી એક આવતા ગયા અને ગોસ્વામીજીના દર્શનસમાગમથી રંગાઇને અજ્ઞાનનિદ્રાથી તેમજ અભિમાનથી રહિત થયા અને પરમ શાં-

તિના અધિકારી બન્યા.

ગોસ્વામીજી જ્યાં પણ રહેતા ત્યાં સર્વ કોઇ કહેતા કે:—" ગોસ્વામીજી કૃતાર્થ મહાત્મા છે. આ પૃથ્વીપર જન્મ લઇને તેમણે અમને દર્શનસત્સંગનો અપાર લાભ આપી કૃતાર્થ કર્યાં છે." ગોસ્વામીજી ત્યાંથી જ્યારે વિદાય થતા, ત્યારે તેઓનાં નેત્રામાંથી અશ્રુધારા છૂટતી, અને વ્યાકુળતાને લીધે બોલી પણ શકતા નહિ. કેમકે તેઓનાં હૃદય કૃતજ્ઞતાથી અને પ્રેમથી પરિપૂર્ણ થઈ જતાં હતાં. ગોસ્વામીજીને વળાવવા જનારા સર્વ આવી રીતે અલૌકિક અવસ્થા પ્રાપ્ત કરીને પોતપોતાના ઘર તરફ જતા.

આ પ્રમાણે સાધુસમાગમમાં આઠ વર્ષો કેવી રીતે વીતી ગયાં તે જણાયું પણ નહિ. જ્યારે સંવત ૧૬૧૬માં ગોસ્વામીજી કામદગિરિની પાસે રહેતા હતા, ત્યારે તે એકાંતસ્થાનમાં પરમભક્ત સૂરદાસજીએ તેમની પાસે આવીને એક અઠવાડિયું રહી સત્સંગનો ખૂબ આનંદ લીધો હતો.

મહાત્મા સૂરદાસજી ગયા પછી મેવાડથી એક બ્રાહ્મણ મીરાંબાઈનો પત્ર લઈને આવ્યો. મેવાડના રાજકુમાર ભોજરાજનાં પત્ની મીરાંબાઇ ભગવદ્ભક્તિપરાયણ હતાં. તેઓનો ઘણોખરો સમય સાધુસમાગમમાં જતો હતો. સંસારમાં ઉપહાસપાત્ર થવાના ભયથી રાણાજીને તે વાત ગમતી નહોતી. તેમણે તેમને ઘણું ઘણું સમજાવ્યાં, પણ મીરાંબાઇએ તે તરફ ધ્યાન આપ્યું નહિ; ત્યારે રાણાજીએ તેમને મારી નાખવાને ઘણા ઉપાયો કર્યા: પરંતુ ભગવાનની કૃપાથી તે સર્વ વ્યર્થ ગયા, પરંતુ તે છતાં પણ મીરાંબાઈ કુટુંબીઓની પજવણીથી બહુજ દુઃખી રહેવા લાગ્યાં. તેમણે ગોસ્વામી તુલસીદાસજીની નિર્મળ કીર્તિ સાંભળી હતી. તેથી તેમને જ્યારે માલૂમ પડ્યું કે ગોસ્વામીજી વૃંદાવનમાં છે, ત્યારે તેમણે નીચેનો પત્ર મોકલીને તેમને પૂછાવ્યું હતું કે હવે મારે શું કરવું યોગ્ય છે?

" સ્વસ્તિશ્રી તુલસી ગુણભૂષણ, દૂષણ હરણ ગુસાંઈ;
બારહિં બાર પ્રણામ કરહું, હરહુ શોક સમુદાઈ. ॥ ૧ ॥
ઘરકે સ્વજન હમારે જેતે, સબન ઉપાધિ બઢાઈ;
સાધુસંગ અરુ ભજન કરત મોહિં, દેત કલેશ મહાઈ. ॥ ૨ ॥
બાલપનેતેં મીરાં કીન્હીં, ગિરધરલાલ મિતાઈ,
સો તો અબ છૂટત નહિં ક્યોંહૂં, લગી લગન બરિયાઈ. ॥ ૩ ॥
મેરે માતપિતાકે સમ હો, હરિ-ભક્તન સુખદાઈ,
હમકો કહા ઉચિત કરિબો હૈ, સો લિખિયે સમુઝાઈ. ॥ ૪ ॥"

ગોસ્વામીજીએ એનો ઉત્તર નીચે મુજબ લખી મોકલ્યો, અને [illegible]
[illegible]

૫૯

[illegible]

તુલસી સોઇ સબ ભાંતિ આપકો, પૂજ્ય પ્રાનતેં પ્યારો;
જાતેં હોઇ સનેહ રામ સોં, સોઇ મતો હમારો. ॥ ૫ ॥

કવિત્ત

સો જનની સો પિતા સો ભ્રાત, સો ભામિનિ સો સુત સો હિત મેરો;
સોઈ સગો સો સખા સોઇ સેવક, સો ગુરુ સો સુર સાહબ ચેરો.
સો તુલસી પ્રિય પ્રાણસમાન, કહાં લોં બનાય કહોં બહુતેરો;
જો તજિ દેહકો ગેહકો નેહ, સનેહ સો રામકો હોય સબેરો.

કહેવાય છે કે આ ઉત્તર વાંચીને મીરાંબાઈ મહેલનો ત્યાગ કરીને તીર્થાટનમાટે નીકળી પડયાં અને પોતાનું શેષ જીવન પ્રભુના ગુણગાનમાં તથા ધ્યાનભજનમાંજ ગાળ્યું.

" ભક્તમાળ " ના કર્તા નાભાજી એક પ્રસંગે તેમને મળવા આવ્યા, ત્યારે ગોસાંઈજી ધ્યાનમાં હતા, તેથી નાભાજીસાથે તેમને મેળાપ થઈ શકયો નહિ; એટલે તરત નાભાજી વૃંદાવન ચાલ્યા ગયા. જ્યારે આ વાત ગોસાંઇજીના જાણવામાં આવી, ત્યારે તેમને ઘણો પસ્તાવો થયો. આથી નાભાજીને મળવામાટે તેઓ પોતેજ વૃંદાવન ગયા. નાભાજીને ત્યાં તે દિવસે વૈષ્ણવોનો ભંડારો હતો,છતાં પણ ત્યાં તેઓ વિના આમંત્રણે પહોંચી ગયા; પરંતુ કોઈએ તેમને નહિ ઓળખવાથી કે બીજા કારણથી તેમનો આદરસત્કાર કર્યો નહિ.નાભાજી મને અભિમાની ધારશે, એમ વિચારીને તુલસીદાસજી તો વૈરાગીઓની પંગતને છેક છેડે જઇને બેસી ગયા. કદાચ પડિયોપત્રાળું પણ કોઇયે તેમના આગળ નહિ મૂકયું હોય તો ચાર પુરી હાથમાં પણ તેમણે લઈ લીધી હોય;પરંતુ ખીર શામાં લેવી ? આથી ગોસાંઈજીએ ઝટ એક વૈષ્ણવનું ખાસડું હાથમાં લઇ આવીને પીરસનારપ્રત્યે કહ્યું કે આમાં પીરસો; સંતના ઉપાન કરતાં બીજું કયું ઉત્તમ પાત્ર હોઇ શકે ? તેમનું તેજ અને નિરભિમાનતા જોઇને સર્વને અત્યંત આશ્ચર્ય થયું; પરંતુ તરતજ ગોસ્વામીજી બોલ્યા કેઃ—

"તુલસી જાકે મુખતેં, ધોખેઉ નિકસ્ત રામ; તાકે પગકી પગતરી, મેરે તનકો ચામ."

આ વચન સાંભળતાંજ નાભાજીએ દોડી આવીને તેમને હૃદયસાથે ચાંપ્યા અને બોલ્યા કે, આજે તો મને ભક્તમાળનો સુમેરુજ મળી ગયો !

અનેક પ્રણતિ હો એવા જ્ઞાનભક્તિના અવતારસમાન સંતમહંતોને ! હે નાથ ! હવે તો ભારતીય સંતાનોના સાચા ઉદ્ધારમાટે અત્યંત અનુપમ એવા પરમ પદને ઇચ્છવા–મેળવવા-વાળા સાવ સાચા અને ઉત્તમ જિજ્ઞાસુઓ, નિષ્કામ ભક્તો તથા મુક્તાત્માઓ અધિકાધિક પ્રકટાવજો; અને અવતારમાં ખપવા ખપાવવા મથી રહેલાં પાખંડોથી સર્વ કોઇને બચાવજો.

કેટલાક દિવસો પછી તેમની પાસે નિત્ય પ્રાતઃકાળમાં એક બાળક આવવા માંડયો અને સુંદર કંઠથી ગીતો ગાઈને ગોસ્વામીજીને સંભળાવવા લાગ્યો. તે ગાનથી તેઓ અત્યંત પ્રસન્ન થયા અને ચાર નવીન પદો બનાવીને તેને આપ્યાં. બીજે દિવસે તે બાળક તે પદો કંઠ કરીને આવ્યો અને તે ગોસ્વામીજીને સંભળાવ્યાં. આવી રીતે તે રોજ નવાં પદ કંઠ કરતો અને આવીને ગોસ્વામીજીને ગાઇ સંભળાવતો હતો. આવી રીતે તે રોજ નવીન પદ રચી આપવામાટે ગોસ્વામીજીપ્રત્યે પ્રાર્થના કરતો અને તેમને નિત્ય એક નવીન પદ બનાવી આપવું પડતું. આમ આ બહાને નવીન નવીન પદો રચાતાં ચાલી,ગોસ્વામીજીના હૃદયમાં પરમ સુંદર ભાવો જાગવા–ખીલવા લાગ્યા. પછી સંવત ૧૬૨૮માં તેમણે તે સર્વ ગીતોની સંકલના કરીને એક ગ્રંથ તૈયાર કર્યો અને તેનું નામ "શ્રીરામગીતાવળી" રાખ્યું. પછી "શ્રીકૃષ્ણગીતાવળી" પણ તેમણે રચી અને પછી તે બને ગ્રંથોનું સંશોધન કરીને તેને અત્યંત પ્રેમથી લખીને તૈયાર કર્યા.

એ પછી તેમના અંતરમાં અંતર્યામીની પ્રેરણા થતાં તેઓ ત્યાંથી તીર્થરાજ પ્રયાગ તરફ

રવાના થઈ ત્યાં રોકાયા. આ સમયે ત્યાં મકરસ્નાનને માટે યોગી, તપસ્વી, સંન્યાસી તેમજ ચતુર તથા મૂર્ખ–સર્વ પ્રકારના લોકો એકઠા થયા હતા. પર્વની સમાપ્તિ થયા પછી છઠ્ઠે દિવસે તેમણે સુંદર અક્ષયવટની શીતળ છાયાનીચે બે ઉત્તમ મુનિઓને બેઠેલા જોયા. તે બંને પરમ તપસ્વી હોઇ તેમના મુખની કાંતિ એવી ઝળકી રહી હતી કે જાણે પૂર્ણિમાની અમૃતમયી ચંદ્રકાંતિ પ્રકાશી રહી હોય ને! ગોસ્વામીજી તો બંને મુનિઓને જોતાંજ દંડવત પ્રણામ કરી હાથ જોડીને ઉભા રહ્યા. તરતજ તેમાંના એક મુનિએ તેમને પોતાની પાસે આસન આપીને બેસવા સૂચવ્યું. ગોસ્વામીજી તે આસનને બાજુપર મૂકી ભૂમિપરજ બેસી ગયા; અને પોતાની ઓળખાણ આપ્યા પછી તે બેઉ મુનિઓવિષે તેમને પૂછી લઇને માહિતી મેળવી. તે બંને મુનિઓ ત્યાં એકાંતમાં પરસ્પર શ્રીરામકથાની ચર્ચા કરી રહ્યા હતા, કે જે કથા ગોસ્વામીજીએ શ્રીનરહર્યાનંદજી પાસે શૂકરક્ષેત્રમાં શ્રવણ કરી હતી. ગોસ્વામીજીએ તેમના વચ્ચેની ચર્ચાથી આશ્ચર્યચકિત થઇને રામકથાનું ગુપ્ત રહસ્ય તે મુનિઓને પૂછતાં મહર્ષિ યાજ્ઞવલ્કયે કહ્યું કે, "સાક્ષાત મહાદેવજીએ 'રામચરિતમાનસ' રચેલું હોઇ તેમણે પાર્વતીજીને અને પછી કાકભુશુંડજીને ઉપદેશેલું. એ પછી મેં (યાજ્ઞવલ્કયે) તે ભુશુંડજી પાસે જઇને પ્રાપ્ત કર્યું અને પછી તે શ્રીભરદ્વાજઋષિને શ્રવણ કરાવ્યું છે."

આવી રીતે ભગવાન યાજ્ઞવલ્કય મુનિ પાસે રામચરિતમાનસના રહસ્યની પરંપરા સાંભળીને ગોસ્વામીજી તેમના ચરણમાં પડ્યા અને બંને મુનીશ્વરો પ્રસન્ન થયા. એ પછી તેમણે પ્રસન્નતાપૂર્વક તે બંને મુનિઓ વચ્ચેનો સંવાદ સાંભળ્યો. પછી બીજે દિવસે પણ ગોસ્વામીજી પાછા તે સ્થાને ગયા; પરંતુ નથી બંને મુનિઓ કે નહોતી વડની સુંદર છાયા કે પર્ણકુટી! આ જોઈ તેઓ પરમ આશ્ચર્યચકિત થયા અને બંને મુનિઓના સુંદર સ્વભાવનું સ્મરણ કરતા ત્યાંથી વિદાય થયા.+

પછી ત્યાંથી ગોસ્વામીજીને જવાનું હતું તો અયોધ્યાજી; પણ ભગવદીચ્છાથી કાશીજીના માર્ગે ચડી ગયા. કેટલેક દૂર ગયા પછીજ તેમને માલૂમ પડ્યું કે, પોતે માર્ગ ભૂલી ગયા છે. પછી તેમણે વિચાર કર્યો કે, હવે આજ માર્ગે આગળ જવું કે પાછા ફરવું ? છેવટે તેમણે નિર્ણય કર્યો કે, હવે જે થયું તે થયું. હવે તો આજ માર્ગે કાશીજી જવું

મહેશ્વરનાં દર્શન કરીને પછીજ અયોધ્યા જઇશું. આમ વિચાર કરી તેઓ આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં ગંગાજીના તટપર પહોંચ્યા. પછી કિનારે કિનારે ચાલવા માંડયું; અને સાયંકાળ થઇ જતો ત્યાં તેઓ રોકાઈ જતા. આ રીતે પ્રવાસ કરતા તેઓ વારિપુર અને દિગપુરની વચ્ચે આવેલ સીતામઢી* નામના સ્થળે પહોંચ્યા. અહીં આસન કરતાંજ અચાનક તેમની ચિત્તવૃત્તિનો પ્રવાહ બદલાઈ ગયો. ન લાગે ભૂખ કે ન લાગે તૃષા કે ન આવે નિદ્રા! વિક્ષિપ્ત–ગાંડા–ના જેવી તેમની દશા થઇ ગઇ! પૂર્વના પુનિત સંસ્કારો જાગૃત થઇ આવ્યા! ત્યાં સીતાવટનીનીચે તેઓ ત્રણ દિવસ રહ્યા અને ત્યાં સુંદર કવિત્તદ્વારા જે ઉદ્ગાર કાઢીને તેઓ આગળ ચાલ્યા, તેની પહેલી અને છેલ્લી પંક્તિઓ નીચે મુજબ હતી–છે.

"જહાં વાલ્મીકિ ભયે વ્યાધતેં મુનીંદ્ર સાધુ, મરા મરા જપે સિખ સુનિ ઋષિ સાતકી;"

× × × ×

"રામ ભગતનકો તો કામતરુ તેં અધિક, સીયવટ-સેંયે કરતલ ફલ ચારિ હૈ."

આ આખું કવિત્ત જોતાં જણાય છે કે, શ્રીરામચંદ્રજીએ સીતાજીનો ધોબીનાં વચનોપરથી ત્યાગ કરેલો ત્યારે લક્ષ્મણજી તેમને અહીં મૂકી ગયેલા હોવા જોઇએ;અને વાલ્મીકિમુનિનો આશ્રમ તથા લવકુશનો જન્મ વગેરે આ સ્થળેજ હશે.

વાંચનાર! છેલ્લી લીટીના છેલ્લા ભાગપરથી તો એમજ લાગે છે કે, ભગવાન બુદ્ધ અમુક વૃક્ષ તળે પરમાત્મસાક્ષાત્કાર પામેલા, તેજ અનુભવ ગોસ્વામીજીને આ સ્થળે થયેલો હોવો જોઈએ, કે જેના પેટામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચારે ફળ રહેલાં હોય છે–હથેલીમાં આવી પડે છે.

"રામ ભગતનકોં તો કામતરુ તેં અધિક, સિય વટસેંયે કરતલ ફળ ચારિ હૈ."

માર્ગમાં વિંધ્યાચળ (ચુનારગઢ)ના રાજાને કેદખાનામાંથી છોડાવી ગોસ્વામીજી કાશીધામ પહોંચ્યા. ત્યાં તેમણે પ્રહ્‌લાદઘાટપર એક બ્રાહ્મણને ઘેર નિવાસ કર્યો. ત્યાં તેમના હૃદયમાં ઉમંગનો પ્રવાહ ઉછળવા માંડયો અને તેઓ શ્રીરામચરિતમાનસનુંજ વર્ણન કરવા લાગ્યા; પરંતુ દિવસે રચેલી કવિતાનું સાવધાનતાપૂર્વક રક્ષણ કર્યા છતાં રાત્રે તેનો લોપ થઇ જતો હતો. નિત્ય નિત્ય આવી રીતે કવિતાનો લોપ થતો જોઇ ગોસ્વામીજી ચિંતામાં પડયા અને હવે શું કરવું તે સમજી શકયા નહિ. પ્રભુપરાયણ માનવની આવી સાત્વિક ચિંતા અને મુંઝવણનો પ્રભુ ઉકેલ બતાવીને–પ્રેરણા–સ્ફુર્તિ આપીને દૂર કરવા કૃપા કરેજ કરે. આ પ્રસંગે એક સપ્તાહસુધી ગોસ્વામીજીને એ મુંઝવણ ચાલ્યાપછી આઠમા દિવસે ભૂતપતિ શ્રીમહાદેવજીએ તેમને સ્વપ્નમાં× આજ્ઞા કરી કેઃ—"તમે તમારી માતૃભાષા (હિંદી)માંજ કાવ્યની રચના કરો." ગોસ્વામીજીએ પોતેજ આ વિષે ગાયું છે કેઃ—

"સપનેહુ સાંચેહુ મોહિપર, જો હરગૌરિ–પસાવ; તો ફુર હોઈ જો કહેઉં સબ, ભાષાભનિત પ્રભાવ."

---

* આ સ્થાન બી. એન. ડબ્લ્યુ. રેલ્વેની બનારસ–અલ્હાબાદ શાખામાં 'મીઢા' સ્ટેશનની પાસે છે. અદ્યાપિપર્યંત વારિપુર અને દિગપુર બન્ને ગામોનાં તેજ નામ ચાલ્યાં આવે છે. ત્યાં કાશીના રાજાએ બંધાવેલાં બે મંદિરો છે. તેની પાસે એક ખેતર છે,કે જેમાં વાળના જેવું કાળું બારીક ઘાસ ઉગે છે. આ ઘાસને કોઈપણ પશુપક્ષી ખાતાં નથી. લોકો કહે છે કે, એ સીતાજીના કેશ છે, ખરેખર આ સ્થાન જોવા યોગ્ય છે.

આ ટીપણી શ્રીમાન "બાલકરામ વિનાયક"ની ટીપણીનો અનુવાદ છે.


× વાંચનાર! સ્વપ્નમાંહે તો શું પણ જાગ્રત અવસ્થામાટે પણ આવું બની શકે; અને તેમાં પણ આ તો તુર્યા અને તુર્યાતીત અનુભવામૃતનાં ચટકાં–છાંટાજ સમજવા. તારે એ કૃપાને લાયક થવું છે? થવું હોય તો એકવાર બીજું સર્વ ભૂલી જઇને બની જા એનીજ પાછળ ગાંડો! અને ડહાપણ, અનિત્ય ધન–ધામ–સ્તુતિ નિંદા–મિથ્યાભિમાન ઈર્ષાદિની પાછળ ડહાપણ ડહોળ્યા કર.

પછી જાગ્રત થતાંજ ગોસ્વામીજી ઉઠીને બિછાનામાં બેઠા થયા. તેમના મનમાં હજી-પણ તે સ્વપ્નનોજ ધ્વનિ ગુંજી રહ્યો હતો. એજ વખતે સર્વાંતર્યામીએ–મહેશ્વરે–તેમની સામે પ્રકટ થઈને કહ્યું કેઃ—"તમે તમારી માતૃભાષામાંજ કાવ્યરચના કરો. દેવવાણી સંસ્કૃતની પાછળ શામાટે પડયા છો? જેમ કરવાથી સર્વનું કલ્યાણ થાય તેજ પ્રકારે કરવું જોઈએ. કેવળ–પ્રાચીન ભાષા, પ્રથા કે રૂઢિ વર્તમાનમાં સર્વોપકારક–સર્વોપયોગી–ન હોય, તોપણ તેનોજ આદર કરવા નિમિત્તે સર્વના કલ્યાણની ઉપેક્ષા કરવી, એ તે કોઈપણ બુદ્ધિમાનને છાજે એવું નથી. હવે તમે અયોધ્યાજી જઇ ત્યાંજ નિવાસ કરો અને ત્યાંજ તમારા કાવ્યની રચના કરો; કેમકે આ સમયમાં માતૃભાષામાં જે ઉચ્ચ ભાવો–દિવ્ય પ્રેરણાઓ–આદર્શો–વર્ણવાશે, તે સામવેદના મંત્રોની પેઠે અવશ્ય સફળ થશે."

આ પ્રમાણે થયાપછી ગોસ્વામીજી પોતાના પરમ ભાગ્યની પ્રશંસા કરતા અયોધ્યાજી જવા વિદાય થયા; અને જે દિવસે ઉદયસિંહને બાદશાહી દરબારમાં સન્માન મળ્યું, તેજ દિવસે અયોધ્યાપુરી પહોંચ્યા.

પ્રાતઃકાળમાં નિર્મળ સરયૂપ્રવાહમાં સ્નાન કરી ગોસ્વામીજી નદીકિનારે, બાગબગીચા અને શેરીઓમાં વિચરવા લાગ્યા. માર્ગમાં એક સંત મળી આવ્યા. તેમણે કહ્યું કેઃ–"ચાલો, હનુમાનગઢની પાસે આપને એક અતિ રમણીય સ્થાન દેખાડું." તે સંત ગોસ્વામીજીને સાથે લઈ ગયા અને તે સ્થાન બતાવ્યું. તે સ્થળે વટવૃક્ષોની સુંદર ઘટાદાર ઝાડી હતી. તેમાં એક વડ બહુ વિશાળ અને સુંદર હતો. તેની નીચે એક સરસ વેદિકા બનાવેલી હતી અને તેના-પર એક મૂર્તિમાન કાંતિવાળા પરમ સંત સિદ્ધાસન વાળીને બેઠા હતા. તે મનોહર સ્થાન જોઈ ગોસ્વામીજીનું ચિત્ત ત્યાં નિવાસ કરવામાટે લોભાયું. ત્યાં એક બાજુ કુટી બનાવીને રહેવું, એવી તેમને તીવ્ર પ્રેરણા થઈ આવી. તેથી તેઓ ધીમી ચાલથી તે મહાપુરુષ સમીપ ગયા અને નમસ્કાર કર્યા! એટલે તે મહાપુરુષે આસન છોડી સામા નમસ્કાર કરીને કહ્યું કેઃ–"મારા ગુરુએ મને અહીં બેસવાની આજ્ઞા આપેલી તેથીજ હું અહીં રહેલો છું. તેમણે મને અહીં રહેવાનું કારણ કહ્યું હતું કે, જે પ્રભુ જ્યાં ત્યાં રમણ કરે છે, તે અંતર્યામીનીજ પ્રેરણાથી હું તને કહું છું કે–આ રૂપના બનવામાં અને આ વડનું ઝાડ રોપવામાં જે હેતુ અને જે મર્યાદા રહેલાં છે, તે સર્વદા યાદ રાખીને તું અહીં રહેજે; સ્થાનને સ્વચ્છ રાખજે અને પરમાત્માનું ધ્યાન-ભજન કરજે. પછી જ્યારે કોઈ યોગ્ય અને દિવ્ય પુરુષ અહીં આવે, ત્યારે આ કુટી અને આ વેદિકા તેમને સોંપી તારે શરીર છોડી દઈને મારી પાસે આવવું." [illegible]

[illegible]



[illegible]

तनमन में हरि जानि कर, नर नर किये निहाल ।
राम-नाम मादक जगत, परिचय तुलसीदास ॥

દૂર ચાલ્યા ગયા. પછી ત્યાં તેઓ આસન લગાવી ધ્યાનમગ્ન થઇ ગયા અને પોતાનું શરીર ત્યજી દઇ પરમધામમાં ગયા. તેમની આ અપૂર્વ લીલા જોઇને ગોસ્વામીજીએ કહ્યું કેઃ–"હે ધનુર્ધર શ્રીરામચંદ્રજી ! આપની બલિહારી છે."

તે સ્થાનપર સર્વ પ્રકારની અનુકૂળતા પ્રભુજીએજ રચી રાખેલી અને તેમણેજ આજ્ઞા કરેલી સમજીને ગોસ્વામીજી પણ ત્યાંજ રહી ગયા; અને દૃઢ સંયમપૂર્વક સમય વીતાવવા લાગ્યા. કેવળ એકજ વેળા અને તે પણ માત્ર દૂધપરજ તે રહેતા. આ રીતે પ્રભુભજન કરતાં બે વર્ષ વીતી ગયાં; અને આન્તરશાંતિમાં વિશેષ ને વિશેષ વૃદ્ધિ થવા લાગી.

એ પછી સંવત ૧૬૩૧નો આરંભ થયો. ત્રેતાયુગમાં શ્રીરામચંદ્રજીના જન્મની તિથિને દિવસે જે ગ્રહ, રાશિ, લગ્ન, યોગ વગેરે પડયાં હતાં, તેજ સંવત ૧૬૩૧ની રામનવમી (ચૈત્ર સુદિ નવમી) ને રોજ પણ પડયાં. આ મંગળમય દિવસે મંગળવારના પ્રાતઃકાળમાં જાણે શ્રી-હનુમાનજીએજ પ્રકટ થઇને અભિષેક ન કર્યો હોય ! તેમ સંસારના કલ્યાણને માટે શ્રીગોસ્વા-મીજીને અભિષેક થયો; તથા જાણે શ્રીશંકર, પાર્વતી, ગણપતિ, સરસ્વતી, નારદ, શેષ, સૂર્ય, શુક્રાચાર્ય અને-બૃહસ્પતિએ આશીર્વાદ આપ્યા હોય, એમ અનેક ઋષિમુનિ જેવા સંત-મહાત્માઓએ મંગળમય આશીર્વાદ આપ્યા. આ પ્રકારના વિધિપૂર્વક શ્રીરામચરિતમાનસની રચનાનો આરંભ થયો કે જેના શ્રવણથી મદ, દંભ, કામાદિક વિકારો અને સર્વ પ્રકારના સંશયો નિવૃત્ત થઈ જાય છે.

આ પવિત્ર દિવસથી આરંભી બે વર્ષ, સાત મહિના અને છવ્વીસ દિવસે એટલે સંવત ૧૬૩૩ના માર્ગશીર્ષમાસમાં શ્રીરામવિવાહને દિવસે ભવસાગરથી પાર ઉતારવાવાળાં સાત કાંડ-રૂપી સાત વહાણો બનીને તૈયાર થઈ ગયાં–અર્થાત્ પાખંડ–પ્રપંચને દૂર કરવા, પવિત્ર સાત્વિક ધર્મની વૃદ્ધિ કરવા, કલિયુગનાં પાપો નાશ કરવા, હરિભક્તિની છટા દેખાડવા, મતમતાંતરના વાદવિવાદો મટાડવા, પ્રેમના પાઠ ભણાવવા, પ્રભુભજનની લગની લગાડવા, સજ્જનોમાં આનંદ વધારવા અને વૈદિક ભક્તિમાર્ગ સૂઝાડવામાટે સાત સોપાન–પગથીઆં–રૂપી સાતે કાંડયુક્ત રામાયણગ્રંથ તૈયાર થયો. મંગળવારને દિવસે મધ્યાહ્નસમયે **"શુભમિતિ"** "હરિઃ **ૐતત્સત્**" એમ લખી પુસ્તકની સમાપ્તિ કરવામાં આવી અને દેવગણોની પેઠે સર્વ કોઇએ જયજયકાર અને પુષ્પવૃષ્ટિ કર્યાં.

શ્રીરામકથાની રચનાથી સર્વ કોઈ પ્રસન્ન થયા અને સર્વ કોઇના મનમાં તેને–રામકથા-ને–રામચરિતમાનસને–સ્થાન મળ્યું. સર્વ સંપ્રદાયના ઉદારચિત્ત મહાપુરુષોએ તેને શિ-રોધાર્ય ગણ્યું અને સર્વેએ શુદ્ધ મન–વચન–કર્મથી ગોસ્વામીજીના ચરણમાં નમન કર્યું.

આ વેળા જનકપુરના પ્રસિદ્ધ સંત સ્વામી શ્રીરૂપાણજી અયોધ્યામાં આવેલા હતા. તેઓ જનકની કોટીના પુરુષ હતા. તેમણે સૌથી પ્રથમ શ્રીરામચરિતમાનસનું શ્રવણ કર્યું અને ગોસ્વામીજીએ તેમનેજ સૌથી પ્રથમ પંક્તિના અધિકારી જોયા.

ત્યારપછી સંડીલાવાળા સ્વામી નંદલાલજીના શિષ્ય દયાલુદાસજી માનસની એક પ્રત લખીને પોતાના ગુરુ પાસે લઇ ગયા અને તેમને તેનું શ્રવણ કરાવ્યું. પછી યમુનાતટપર ત્રણ વર્ષપર્યંત રસખાનજીને શ્રવણ કરાવ્યું. ત્યારથી આ ગ્રંથની અનેક પ્રતો લખવામાં આવી. કેટલીક બીજા લોકોએ અને કેટલીક પોતે ગ્રંથકારે પણ લખી.

ત્યારપછી ગોસ્વામીજી કાશીપુરી ગયા અને શિવપાર્વતીના મંદિરમાં રામચરિતમાનસનું શ્રવણ કરાવ્યું.

શ્રીમહેશ્વરની કાશીનગરીમાં ગોસ્વામીજીની એ રામકથા–રામચરિતમાનસપર શિ-વજીએ સહી કર્યાના સમાચાર ફેલાઈ ગયા. આથી સર્વ સ્ત્રીપુરુષો દોડયાં દોડયાં ગો-

સ્વામીજીની પાસે જઈ નમસ્કાર કરીને જયજયકાર બોલવા લાગ્યાં તથા ન્યોછાવર કરવા લાગ્યાં; પરંતુ પંડિતો આ સાંભળીને ચિંતાગ્રસ્ત થયા. તેમને તો એમજ લાગ્યું કે, હવે તો આપણું માનમાહાત્મ્ય ઉડી ગયું અને આપણી આજીવિકામાં પણ વિઘ્ન આવવાનું. કેમકે હવે સર્વ લોકો આ પોથીને વાંચવા લાગશે તેથી આપણો સંસ્કૃતના અર્થ કરનાર તરીકે કોઈ ભાવ નહિ પૂછે. આવા ભયને લીધે પંડિતો સભાઓ કરી કરીને ગોસ્વામીજીની અને રામકથાની નિંદા કરવા લાગ્યા તથા સંસ્કૃત ભાષાનો મહિમા ગાવા મંડી પડીને પ્રાચીન રૂઢિમાટે દુરાગ્રહ કરવા લાગ્યા. તેઓએ શ્રીરામચરિતમાનસની પોથી ચોરાવવામાટે પણ અનેક પ્રપંચ રચવા માંડ્યા. તેઓના મોકલેલા નિધુઆ અને સિધુઆ નામના બે ચોર રાત્રે ચોરી કરવાની ઈચ્છાથી ગોસ્વામીજીના સ્થાનપર તો ગયા; પરંતુ ત્યાં કોઈ દિવ્ય રક્ષકોને જોઈ ચોરી કરી શક્યા નહિ અને આશ્ચર્યચકિત થઈ પાછા ચાલ્યા ગયા. બીજે દિવસે સવારે તે બંને જણ ગોસ્વામીજી પાસે આવી તેમને પૂછવા લાગ્યા કેઃ–"આપના સ્થાનમાં ધનુષ-બાણ ધારણ કરનારા શ્યામ અને ગૌર શરીરવાળા તથા કિશોર અવસ્થાવાળા બે રક્ષકો કોણ છે કે જે આખી રાત જાગીને પહેરો ભર્યા કરે છે?" આ વાત સાંભળતાંજ ગોસ્વામીજીનાં નેત્રોમાં અશ્રુ ભરાઈ આવ્યાં અને તેઓ બોલ્યા કેઃ–" ભાઈઓ! તમને ધન્ય છે કે ભગવાન રામલક્ષ્મણનાં દર્શન તમને મળ્યાં." આ વાત સાંભળી તે બંને ચોરોનાં મન પર એટલી બધી અસર થઈ કે તેઓએ પાપકર્મ છોડી દીધું અને શ્રીભગવદ્ભજનમાં એવા જોડાયા કે સંસારસાગર તરી ગયા. પછી ગોસ્વામીજીએ પણ પંડિતોના દ્વેષ તથા છળપ્રપંચને લીધે ભગવાનને પોતાના યોગક્ષેમમાટે એવો શ્રમ લેવો પડે તે અઠીક જાણીને પોતા પાસે આવેલી તમામ વસ્તુઓ લૂંટાવી દીધી અને શ્રીરામચરિતમાનસની પોથી પણ પોતાના સ્નેહી ટોડરમલને ઘેર મૂકી દીધી.

ગોસ્વામીજીએ પછી શ્રીરામચરિતમાનસની એક બીજી પ્રત લખીને તૈયાર કરી અને તે ઉપરાઉપરી [illegible] પણ અનેક પ્રતો લખી-લખાવી. આમ તેનો પ્રચાર દિનપ્રતિદિન વધ્યો. [illegible] કાશીના પંડિતોને બહુજ ઈર્ષ્યા થવા [illegible] તાંત્રિકની પાસે જઈને પોતાનું દુઃખ રુદન કરીને સંભળાવ્યું. પછી તે તાંત્રિકે ગોસ્વામીજીપર મારણપ્રયોગ [illegible] ભૈરવને [illegible] ગોસ્વામીજી પાસે મોકલ્યા; પણ [illegible] (હનુમાનજી) [illegible] તેમનું

* [illegible]

[illegible]

રક્ષણ કરતા જોતાંજ તે ભયભીત થઇને પાછો ફર્યો; અને પછી 'ભીંતમાં મુક્કી મારનારને પોતાનેજ સામું વાગે' તેવુંજ થયું. ભૈરવે તે વટેશ્વર મિશ્રનોજ પ્રાણ લીધો! *

પંડિતોનો ઉપલો પ્રયત્ન પણ નિષ્ફળ થયો, ત્યારે તેઓ એકઠા થઈ સ્વામી શ્રી મધુસૂદન સરસ્વતી પાસે ગયા અને કહ્યું કેઃ-"શ્રીમહેશ્વરે 'શ્રીરામચરિતમાનસ'ને પ્રામાણિક ગ્રંથ માન્યો, પરંતુ તે ગ્રંથ કયી કોટિનો છે તે દર્શાવ્યું નથી; માટે વેદ, શાસ્ત્ર, પુરાણ અને ઈતિહાસમાંના કોની બરોબરી એ કરી શકે એમ છે,એ વાતનો પણ નિર્ણય થવો જોઇએ." આના ઉત્તરમાં સ્વામીજીએ કહ્યું કેઃ-"પ્રથમ હું એ પુસ્તક મંગાવીને જોઇ લઉં, તે પછીજ કહી શકું." પછી તેમણે ગોસ્વામીજી પાસેથી તે ગ્રંથ મંગાવી લીધો અને આદિથી અંત સુધી જોઇ ગયા. પરિણામે તેઓ એટલા તો પ્રસન્ન થયા કે ગ્રંથ પાછો મોકલ્યો તેની સાથે નીચેનો એક શ્લોક પણ રચીને ગોસ્વામીજી ઉપર મોકલી આપ્યો કેઃ—

जयति सच्चिदानंदः

" आनंदकानने ह्यस्मिन् जंगमस्तुलसीतरुः। कवितामंजरी भाति रामभ्रमरभूषिताः ॥ "

અર્થાત્ આ શ્રીરામચરિતમાનસરૂપી આનંદવનમાં તુલસીદાસજી જંગમ વૃક્ષરૂપ છે અને તેમાં શ્રીરામચંદ્રજીરૂપ ભ્રમરથી શોભાયમાન કવિતારૂપી મંજરીઓ પ્રકાશી રહી છે.

જ્યારે પંડિતોએ સ્વામીજી પાસે ફરીવાર આવીને નિર્ણયમાટે પ્રાર્થના કરી,ત્યારે સ્વામીજીએ તેઓને ઉત્તર આપ્યો કેઃ—"આ નિર્ણય પણ ખુદ શ્રીમહાદેવજીનેજ શામાટે નથી પૂછી લેતા ?" એટલે પંડિતોએ રાત્રે શિવજીના મંદિરમાં જઈ શિવજીની પાસે સૌથી ઉપર વેદો, તેની નીચે શાસ્ત્રો,પછી પુરાણો અને તે સર્વની નીચે શ્રીરામચરિતમાનસ ગોઠવીને દરવાજો બંધ કરીને ઠરાવ્યું કે સવારે મંદિર ખુલતાં જે ગ્રંથ સૌની ઉપર જણાય તેનેજ સર્વોપરી માનવો.

પ્રાતઃકાળ થતાં મંદિરનાં દ્વાર ખુલ્યાં અને ઘણાં મનુષ્યો જોવામાટે તૂટી પડયાં. હવે વેદોની પણ ઉપર શ્રીરામચરિતમાનસ ગ્રંથ આવેલો જોઇને ગોસ્વામીજીની નિંદા કર્યા કરવાવાળા પંડિતો બહુજ લજ્જિત થઈ ગયા. તરતજ તેઓ ગોસ્વામીજીના ચરણમાં પડયા અને પોતાનો અપરાધ ક્ષમા કરાવીને તથા તેમનું ચરણોદક લઇને સૌ કોઇ પોતપોતાને ઘેર ગયા. કોઇ સુકવિએ ઠીકજ કહ્યું છે કેઃ-

" બ્રહ્મવિદ અહિ બ્રહ્મવત,તાકી બાની બેદ; ભાષા અથવા સંસ્કૃત, કરત ભેદ ભ્રમ છેદ."

અર્થાત્ પરબ્રહ્મનો સાક્ષાત્કાર પામનાર બ્રહ્મ જેવોજ નિષ્કામ અને નિર્લેપ બની રહેતો હોવાથી તેની વાણી પ્રાકૃત ભાષામાં હોય, કે સંસ્કૃત ભાષામાં હોય પરંતુ તે

* ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ પોતેજ પરમાત્મભાવે કહી ચૂકયા છે કે, જેઓ અનન્ય ભાવે મનેજ સદા ઉપાસે છે, તેવાઓનાં યોગક્ષેમ-પ્રાપ્તિ અને રક્ષા-હુંજ વહન કરૂં છું. ઉપલા બનાવમાં એજ રહસ્ય રહેલું છે. જેમ મેસ્મેરીઝમની લૌકિક વિદ્યા ગણિતવિદ્યાની પેઠે નિયમસિદ્ધ છે, તે પ્રમાણે આ મેલી વિદ્યા (મનોબળનો દુરૂપયોગ) પણ નિયમસિદ્ધ છે; પરંતુ કુદરતના નિયમ પ્રમાણે તેવી વિદ્યા સાધનાર પોતાનું પ્રાણતત્ત્વ જલદી જલદી ગુમાવતો ચાલે છે અને કોઇવાર ઉચ્ચકક્ષાવાળાને નુકશાન કરવા જતાં આ વટેશ્વર મિશ્રની પેઠે પોતાનોજ જીવ ગુમાવી બેસે છે, તથા પછી પણ તેને મહાનર્કમાં જવું પડે છે. હવે બીજી તરફ જો એજ મનોબળની ખીલવણી અને સદુપયોગ કરવાના નિયમો બરાબર સમજી તથા સાધી લેવામાં આવે; અને પછી પરમાત્મકૃપામાટે-મોક્ષેચ્છાના હેતુથી-નિષ્કામ કર્મમાં-એટલે કે કર્મયોગમાં-સદુપયોગ કરાય, તો એમાં અમુક નમુક બાહ્યવિધિઓનાં સખ્જડ બંધન કે અંતરાય પણ નથીજ નડતા. વળી એથી બીજાઓનું ભલું થવા સાથે સાધકનું પોતાનું પણ એટલું બધું કલ્યાણ થઇ જાય છે કે, स्वल्पमप्यस्य धर्मस्य त्रायेत महतो भयात्। એમાં કહ્યા મુજબ મહાન ભયથી (અર્થાત પરમધામની અપેક્ષાએ અનિત્ય, જડ અને દુઃખમય એવા આ સંસારસાગરમાં ડૂબી જઇને ઠેઠ નર્કધામમાં જઇ વસવાના મહાન ભયથી)ને અવશ્ય તરી જાય છે.

વેદતુલ્યજ હોઈને બુદ્ધિમાં વ્યાપી રહેલા સર્વ દુઃખોના કારણરૂપ જે અજ્ઞાનજન્ય ભેદભ્રમ, તેનો મુદ્દાં અવશ્ય નાશ કરે છે.

ત્યારપછી નુદીયા–શાંતિપુરના પંડિત રવિદત્ત શાસ્ત્રી ગોસ્વામીજીની પાસે આવ્યા. તેઓ સર્વ શાસ્ત્રોના જ્ઞાતા અને શીઘ્રકવિ હતા. તેઓએ હઠપૂર્વક ગોસ્વામીજીની સાથે શાસ્ત્રાર્થ કર્યો પણ છેવટે હાર્યા; પરંતુ આથી તે તો ઉલટા ગોસ્વામીજીને મારવાનોજ લાગ શોધવા લાગ્યા! જ્યારે ગોસ્વામીજી ગંગાજીપર સ્નાન કરવામાટે નીકળ્યા, ત્યારે તે શાસ્ત્રી પણ હાથમાં લાકડી લઈ પાછળ પાછળ ચાલ્યા! પણ ત્યાં તો તેમણે જોયું કે, હનુમાનજી ગોસ્વામીજીની રક્ષા કરતા ચાલ્યા આવે છે, એટલે તેઓ ભયભીત થઇ નાઠા અને પોતાના નીચ કાર્યમાટે લજ્જિત થઇ ગયા. આટલું થયા છતાં પણ તેમનો દ્વેષ ગયો નહિ; અને એક બીજી યુક્તિ શોધી કાઢી. તેઓ ગોસ્વામીજીની સેવા કરવા લાગ્યા. એક તરફ છળકપટના અવતારરૂપ પંડિતજી અને બીજી તરફ સાધુતાના–બ્રાહ્મણપણાના અવતાર રૂપ સરલચિત્ત ગોસ્વામીજી! ગોસ્વામીજીએ પંડિતજીની સેવાથી પ્રસન્ન થઇને પોતાને લાયક કામસેવા પૂછતાંજ તેમને વચનમાં ઠીક સપડાયલા જોઇને પંડિતજીએ કહ્યું કેઃ–"કૃપા કરીને આપ કાશીજી છોડી અન્ય સ્થળે પધારી જાઓ." ગોસ્વામીજીએ એમાં પણ શ્રીમહાદેવની આજ્ઞા માની લઈને 'તથાસ્તુ' કહ્યું; તથા નીચેની કવિતા રચીને શ્રીવિશ્વનાથજીના મંદિરમાં આપીને દક્ષિણ દિશાતરફ પ્રયાણ કર્યું.

દેવસરિ સેવૌં વામ દેવ ગૌવ રાવરે હી, નામ રામ હી કે માંગિ ઉદર ભરત હૌં;
દીબે જોગ 'તુલસી' ન લેત કાહૂ કી કછુક, લિખીન ભલાઈ ભાલ પોચ ન કરત હૌં.
એતે પર હૂં જો કોઉ રાવરો હ્વૈ જોર કરે, તાકો જોર દેવ દીન દ્વારે ગુદરત હૌં;
પાઇકે ઉરાહનો ઉરાહનો ન દીજે મોહિ, કાલ–કલા કાશીનાથ કહે નિબરત હૌં.

અર્થાત્ કે, "હું કાશીમાં પડ્યો છું; શ્રીગંગાજીનું સેવન કરૂં છું; શ્રીરામનામની ભિક્ષા માગીને પેટ ભરૂં છું; કોઈ બીજું કશું આપવા માગે તો પણ કોઈનું કાંઇ લેતો નથી; અને તોપણ હે દેવ! ભલાઈ તો ભાગ્યમાં વિધાતાએ લખીજ નથી! કોઇનું ભૂંડું નથી કરતો તોપણ લોકો તો મારૂં ભૂંડું કર્યાં કરે છે! તો હવે મારે બીજું શું કરવું? હવે તો આપના દરબારમાં આ અરજ દાખલ કરીને અહીંથી જવાની રજા માગું છું. આપને કંઇ ઠપકો મારે તો મને ઠપકો આપશો નહિ."

[illegible]

ગોસાંઇજી ચિત્રકૂટ ગયા પછી વિશ્વનાથનો કોપ એવો થયો કે, સર્વ લોકો જઇને તેમને બોલાવી લાવ્યા હતા.

ગોસ્વામીજી પાછા આવ્યાના સમાચાર જાણતાંજ તેમના પરમભક્ત ટોડરમલજી તેમની પાસે ગયા અને પ્રાર્થના કરી કેઃ—"અસિપર ઘાટસહિત મકાન બંધાઇને તૈયાર થઇ ગયું છે; માટે આપ હવે ત્યાંજ સુખપૂર્વક નિવાસ કરી સૌ કોઇને સુખ આપો. હું પણ આપનાં ચરણકમળની સેવા કરીને કૃતાર્થ થઇશ." તેમની આ પ્રાર્થના સાંભળીને ગોસ્વામીજીએ પ્રસન્નતાપૂર્વક અસિઘાટપર નિવાસ કર્યો અને શ્રીરઘુનંદનના ગુણગાનમાં તત્પર રહેવા લાગ્યા.

એક રાત્રે કલિયુગ* હાથમાં ખડ્ગ લઇ ત્યાં આવ્યો અને ગોસ્વામીજીને ડરાવવા લાગ્યો. તેણે કહ્યું કેઃ—"તમે તમારા શ્રીરામચરિતમાનસની પોથીને ગંગાજીમાં ફેંકી દો; નહિ તો હું તમને અનેક પ્રકારે શિક્ષા કરતો રહીશ." આમ ડરાવીને કલિયુગ ચાલ્યો ગયો, પરંતુ ગોસ્વામીજી તો ભગવાનનાજ ધ્યાનમાં જોડાયા.

પછી શ્રીહનુમાનજીએ દર્શન આપીને (કે પછી પ્રેરણા આપીને) ગોસ્વામીજીને કહ્યું કેઃ— "કલિયુગને જો હું આપની પાસે આવવાની મના કરીશ, તો ઉલટો તે વધારે વૈર રાખશે; માટે આપ વિનયાવલી લખી આપો અને હું તે શ્રીભગવાન પાસે રજુ કરી કલિયુગને દંડ અપાવું." આવી રીતે ગોસ્વામીજીદ્વારા "શ્રીરામવિનયાવલી"ની રચના થઇ અને કરુણાનિધાન સર્વશક્તિમાન પરમાત્માએ ગોસ્વામીજી તરફ સુસંયોગ મોકલી આપીને તેમને સુરક્ષિત કર્યા હતા.

પછી ગોસ્વામીજીએ "દોહાવલી"ની રચના કરી અને તે પછી સંવત ૧૬૪૧માં માગશર સુદિ સાતમને રવિવારથી શ્રીવાલ્મીકિ રામાયણની એક પ્રત સ્વહસ્તે લખવા માંડી.

એ પછી કેટલાક દિવસો બાદ આદિલશાહના રાજ્યના દાનવિભાગના અધ્યક્ષ પંડિત દત્તાત્રેયજી ગોસ્વામીજીના આશ્રમમાં આવ્યા. તેમણે ગોસ્વામીજીના ચરણની વિધિપૂર્વક પૂજા કરી, અને આશીર્વાદ મળ્યા પછી પ્રસાદમાટે પ્રાર્થના કરી. પછી ગોસ્વામીજીએ પોતે લખેલી શ્રીમદ્વાલ્મીકિ રામાયણની† પ્રત તેમને ભેટ આપી.

એ પછી પણ ગોસ્વામીજી પાછા અન્ય તીર્થોને પવિત્ર કરતા વિચરવા લાગ્યા. વૃંદાવન, નૈમિષારણ્ય, ઇ૦ સ્થળે યાત્રા કરતા કરતા "સિયાવર" ગામમાં રોકાયા. ત્યાં શ્રીસીતાકૂપના જળનું પાન કરી ત્યાંથી તેઓ લખનઉ આવ્યા. ત્યાં ગોમતીને કિનારે ઉતર્યા.

* કલિયુગ એટલે અહીં પેલા કલિયુગી–દૂષાત્માઓએ કોઇ દુષ્ટસાથે ગોસ્વામીજીને ધમકી અપાવવાની ગોઠવણ કરી હોય અને તેને આવું રૂપક લોકવાયકામાં—અને તેથી મૂળ ચરિત્રકાવ્યમાં—મળ્યું હોય એ પણ સંભવિત છે; કેમકે એ મૂળ લેખક ગોસ્વામીજીના સંગાથી અને શિષ્ય હોવા છતાં પણ દરેકે દરેક માસ–દિવસ કે ઘડીએ ઘડી કાંઇ તેમની સાથે ને સાથેજ હોય નહિ.

† ગોસ્વામીજીએ સ્વહસ્તે લખેલી આ પ્રતનોજ ઉત્તરકાંડ બનારસની ક્વીન્સ કૉલેજના સંસ્કૃત પુસ્તકાલયમાં અદ્યાપિપર્યંત સુરક્ષિત હોઇને તેની સમાપ્તિમાં લખેલું છે કેઃ—

"इत्यार्षे रामायणे वाल्मीकीये चतुर्विंशति साहस्र्यां संहितायां उत्तरकाण्डे स्वर्गारोहणकंनाम सर्गः॥ शुभमस्तु॥ समाप्तं चेदं महाकाव्यं श्रीरामायणमिति संवत १६४१ समये मार्ग सुदि ७ रवौ लिः तुलसीदासेन॥"

વળી તે રામાયણના છેવટના પૃષ્ઠપર નીચેનો શ્લોક પણ લખેલો હોવાથી ખાત્રી થાય છે કે, પંડિત દત્તાત્રેયજીને તેજ પ્રત તેમણે આપેલી હોવી જોઇએ.

"श्रीमद्येदिलशाह भूमिपसभासभ्येंद्र भूमिसुरः।
येर्णामंडनमंडली धुरिदयादानादिभाजि प्रभुः॥
वाल्मीकेः कृतिमुत्तमं पुररिपोः पुर्या पुरोगः कृतिः।
दत्तात्रेय समाह्वयो लिपिकृते कर्मंत्वमाचीकरत्॥

કોઈ પણ દુઃખી તેમના જોવામાં આવતાં બનતા પ્રકારે તેનું દુઃખ દૂર કર્યાવિના તેમને ચેન પડતું નહિ. આ સર્વવંદ્ય મહાસંત દીનદુઃખીને માતાપિતા જેવા તેમજ શુદ્ધ ચિત્તવાળાને વાલ્મીકિ જેવા, નારદ જેવા કે સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ જેવા પણ લાગ્યાજ હશે; કેમકે કોઈ સ્થળે તે દુઃખીનાં દુઃખ ટાળતા તો કોઈ સ્થળે સાધુજનોનાં હૃદય આનંદથી પરિપૂર્ણ કરી દેતા. કોઈ સ્થળે રામયશ ગાતા; તો કોઈ સ્થળે લક્ષ્મણ, ભરત, સીતા, હનુમાન ઈત્યાદિનાં યશોગાન સંભળાવતા; અને કોઈ સ્થળે તેમના પ્રેમમાં મસ્ત બની જઈ નાચવા પણ મંડી પડતા ! જ્યારે જ્યારે તેઓ પ્રેમમાં ગુલતાન બની જઈને પ્રભુના ગુણ ગાતા-ગવરાવતા, ત્યારે સર્વત્ર અત્યંત ઉત્સાહ અને આનંદ ફેલાઈ જતો તથા પ્રભુપ્રેમમાં સર્વ કોઈ રોઈ ઉઠતા અને તેમના હૃદયમાં જ્ઞાનભક્તિની જ્યોત પ્રકાશી ઉઠતી. હા, કોઈ અનધિકારી હોય તે તેમની કૃપાનો દુરુપયોગ પણ કરે ! જેમકે દામોદર નામના એક ભાટને ગોસ્વામીજીએ કાવ્યકળા એવી સુંદર શીખવી દીધી કે તે કવિતા તો બહુ સરસ રચવા લાગ્યો, પણ કાવ્યકળાનો ઉપયોગ તો તેણે પ્રભુને બદલે ધનધામવાળાઓનેજ વખાણી વખાણીને ધન તથા માન મેળવવામાંજ કર્યો હતો.

ત્યાંથી તેઓ મલિહાબાદ આવ્યા અને ત્યાં ભક્ત મજવરદાસ નામના ભાટને "શ્રીરામચરિતમાનસ"ની એક પ્રત ભેટ આપી. પછી કોટરા ગામમાં જઈને પરમ ભક્ત અનન્યમાધવજીને મળ્યા અને તેમની "માનાપ્રતિ શિક્ષા" સંબંધી કવિતા સાંભળીને તેઓ પ્રસન્ન થયા તથા તેમને ભક્તિનું સ્વરૂપ બતાવ્યું. ત્યાંથી તેઓ વિહુર નામના ગામમાં ગયા. ત્યાં રાત રહીને સવારે ગંગાજીમાં સ્નાન કરવા ગયા; પરંતુ ત્યાં કાદવમાં ખુંચી ગયા. તે જોતાંજ ગંગાજીએ હાથ પકડીને+ તેમને ખેંચી લીધા; કેમકે વૃદ્ધાવસ્થાને લીધે હવે તેમનું શરીર ઘરડું અને અશક્ત થઈ ગયું હતું.

એ પછી ગોસ્વામીજી ફરતા ફરતા નૈમિષારણ્યમાં આવી પહોંચ્યા. ત્યાં રાજા મહિના સુધી રહીને તેમણે વિશુદ્ધ ચિત્તવાળા 'વનખંડી'ની પ્રાર્થના મુજબ એ પ્રદેશમાંનાં લુપ્ત થઈ ગયેલાં શુભ તીર્થોની ઓળખાણ કરી આપી તથા તેની સ્થાપના માટે તેમણે એકત્ર કરેલા પુષ્કળ ધનના વ્યયપૂર્વક તે તે તીર્થોની પુનઃ સ્થાપના કરી. એ પછી સંવત ૧૬૪૯નો આરંભ થતાંજ તેઓ ત્યાંથી વિચરતા વિચરતા મિસરિખ ગયા. આ વેળા સાથે નૈમિષારણ્યવાળા 'વનખંડી' અને તેના શિષ્યો પણ હતા.

[illegible]

[illegible]

[illegible]

એક દિવસ ગોસ્વામીજી નાભાસ્વામીને મળવામાટે તેમના સ્થાનપર ગયા. તેમણે ગોસ્વામીજીનું બહુજ સન્માન કરી ઉંચા આસનપર પધરાવીને પૂજા કરી. પછી પોતે અનેક બ્રાહ્મણ, સંત અને નાભાસ્વામીસહિત શ્રીમદનમોહનજીના મંદિરમાં ગયા. ત્યાં ભક્તવત્સલ શ્રીભગવાને ગોસ્વામીજીને શ્રીરામચંદ્રજીના ઉપાસક જાણી ધનુષબાણ ધારણ કરીને તેમને દર્શન આપ્યું. તે સંબંધી ગોસ્વામીજીનો નીચેનો દોહો પ્રસિદ્ધજ છે કેઃ—

" કહા બરનઉં છબિ આજકી, ભલે બિરાજેઉ નાથ;
તુલસી મસ્તક તબ નવૈં, (જબ) ધનુષબાણ લેઉ હાથ. "

આ અદ્‌ભુત લીલાના સમાચાર જ્યારે બરસાનામાં પહોંચી ગયા, ત્યારથી ગોસ્વામીજીના ઉતારાપર ભારે ભીડ થવા લાગી. કેટલાક કૃષ્ણઉપાસકોના હૃદયમાં સાંપ્રદાયિક દ્વેષ ભરેલો હતો, તેઓ તો ઉપલો બનાવ સાંભળીને બહુજ આશ્ચર્ય પામ્યા. પછી ગોસ્વામીજીએ નીચેની કવિતા સંભળાવીને તેઓના મનનું સમાધાન કર્યું.

પ્રભુ સત્ય કરી પ્રહ્‌લાદ ગિરા, પ્રકટે નરકેસરી ખંભમહાં;
ઝખરાજ ગ્રસ્યો ગજરાજ કૃપા, તતકાલ વિલંબ કિયે ન તહાં.
સુર સાખી દે રાખી હૈ પાંડુવધુ, પટ લૂટત કોટિન ભૂપ જહાં;
તુલસી ભજુ સોચ વિમોચન કો, જનકો પ્રણ રામ ન રાખ્યો કહાં.

ત્યારપછી ગોસ્વામીજી ચિત્રકૂટ જઈ ત્યાં કેટલોક સમય રહ્યા. પછી સત્યકામ નામના એક બ્રાહ્મણે તેમની પાસે દીક્ષા લેવાની માગણી કરી;પરંતુ ગોસ્વામીજીને તે તેટલી યોગ્યતાવાળો નહિ જણાવાથી તેને દીક્ષા આપી નહિ. પછી તો તે પોતાની સુધારણામાટે હઠ કરીને પણ ત્યાંજ રહ્યો. એક દિવસ રાત્રે કદંબલતા નામનાં એક રાણીજી ગોસ્વામીજીનાં દર્શન કરવામાટે દાસીસહિત આવેલાં, તે સમયે તે બ્રાહ્મણે તેનું સુંદર મુખ સારી રીતે જોઈ શકાય એટલા માટે દીવાની બત્તી વધારી. તેની આ પ્રકારની ચપળતા જોઇને ગોસ્વામીજીએ તેને યોગ્ય શિક્ષા કરી. પછી તે બ્રાહ્મણ બહુજ પસ્તાયો અને લજ્જિત થઈને તેમના ચરણમાં પડયો; અને પોતાના દોષ સુધરાવવાની વિનતિ કરી. આથી ગોસ્વામીજીએ કૃપા કરીને તેને યમ, નિયમ, કર્મ, વિવેક, ભક્તિ, ઇત્યાદિની સાધના સમજાવી. પછી તે બ્રાહ્મણ તે મુજબ વર્તીને ગોસ્વામીજીના શિષ્યપણામાટે યોગ્ય બની કૃતકૃત્ય થયો.

ત્યારપછી એકવાર દિલ્હીના બાદશાહે ગોસ્વામીજીને બોલાવવામાટે પોતાના હજુરીઆને મોકલ્યો. ગોસ્વામીજી માર્ગમાં ભજન, ઉપદેશ તેમજ જિજ્ઞાસુ તથા દુઃખી માટે ઉપાય કરતા–બતાવતા પાંચમે દિવસે દિલ્હી પહોંચ્યા. સમાચાર મળતાંજ બાદશાહ જહાંગીરે તેમને દરબારમાં બોલાવી સન્માનસહિત આસન આપ્યું,અને ચમત્કાર દેખાડવાનો આગ્રહ કર્યો; પરંતુ ગોસ્વામીજીએ ના પાડવાથી તેમને કેદમાં પૂરી દીધા. આથી શ્રીહનુમાનજીની પ્રેરણાથી દરબારમાં અનેક વાનરો પ્રકટ થયા અને ઉત્પાત કરવા લાગ્યા. બેગમોનાં કપડાં ફાડી નાખી તેઓને નગ્ન કરી દીધી અને બાદશાહને પણ પૃથ્વીપર પટકી દીધો. આ રીતે રાજમહેલમાં હાહાકાર થઈ રહ્યો એટલે બાદશાહે તુરતજ ગોસ્વામીજીને કેદખાનામાંથી મુક્ત કરી દીધા અને ચરણે પડી અપરાધની ક્ષમા માગીને તથા પાલખીમાં બેસાડીને સન્માનપૂર્વક વિદાય કર્યા.

દિલ્હીથી નીકળી તેઓ મહાવનમાં આવ્યા અને ત્યાં રાત્રે આહિરલોકોના ટોળામાં વાસ કર્યો. ત્યાં તેઓ ભગીરથ નામના ગોવાળનું હૃદય અને આકાંક્ષાઓ અતિ વિશુદ્ધ અને ઉન્નત જોઇને અત્યંત પ્રસન્ન થયા; તથા તેને ઉત્તમ અધિકારી સમજી તેના અધિકાર મુજબની એવી ઉચિત સાધના બતાવી કે જેથી તે સર્વભાવે પરમાત્મપરાયણ થઇને પરમ સંત બની રહ્યો. એ પછી ત્યાંથી રવાના થઇને દશમે દિવસે તેઓ અયોધ્યા પહોંચ્યા અને ત્યાં એક પખવાડિયું રહ્યા.

.... છુ (પ્રણામ કરી) કેઃ—"મારા દાસ"
કાંઈ શબ્દોની શુદ્ધિઅશુદ્ધિપર નથી; પરંતુ કેવળ હૃદયના ભાવો ઉપરજ છે."
પછી ગોસ્વામીજીએ ભક્તજી પાસે જઈને તેમને કહ્યું કેઃ—" આપ જે રીતે ગાઓ છો તેજ
રીતે ગાયા કરો. પ્રભુને તેજ વધારે પસંદ છે."

ત્યારપછી મહાત્મા દેવમુરારીજી અને તેમના શિષ્ય મથુરાદાસજીને મળીને ગોસ્વામી-
જી કાશી પહોંચ્યા અને ત્યાં તેમણે પોતાના આશ્રમમાં અખંડ વાસ કર્યો.

એક વાર માઘ મહિનામાં ગોસ્વામીજી ગંગાજીમાં સ્નાન કરીને ગંગામાંજ ઉભા ઉભા
જપ-ધ્યાન કરતા હતા. એ સમયે તેમનું વૃદ્ધ શરીર ઠંડીને લીધે કંપી રહ્યું હતું ને રુવાં
ઉભાં થઈ ગયાં હતાં. આ દૃશ્ય એક વેશ્યા કિનારાપર ઉભી ઉભી જોતી હતી. ગોસ્વામીજીની
યોગ્યતા પ્રથમથીજ તે સાંભળી ચૂકી હતી, અને આ પ્રસંગે તેમને ખુશતા અને
કંપતા શરીરે જપ-ધ્યાન કરતા જોયા! એક વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને પરમસંત એવા
મહર્ષિનો ધ્યાનમગ્ન-અંતર્મુખ-પરમશાન્ત-આનંદમગ્ન અને દિવ્ય કાન્તિમય પરમ દર્શનીય
ચહેરો નિહાળવાનું સર્વ કોઈના નસીબમાં હોતું નથી. એ પ્રસંગે બીજાં પણ કેટલાંય માણસો
ગંગામાં ન્હાતાં હશે; કિનારે પણ ઉભાં હશે; પણ જેની જેવી યોગ્યતા અને શોખ હોય, તેવુંજ તે
જોતા હશે! ગોસ્વામી જેવા સંતનાં દર્શની તો દરથી, પણ પેટ ભરીને દર્શન નિરીક્ષણ કરવાનો
સંજોગ, સુસંયોગ અને સુયોગ્યતા, એ તો પૂર્વના કોઈ પુણ્યયોગેજ પ્રાપ્ત થાયને! આ વેશ્યા
નાળાનું પણ પૂર્વનું કોઈ પુણ્ય ... અને ઘડી બે ઘડી
પણ જેવા ગોસ્વામીજીનાં દર્શન નિરીક્ષણ ઉપરોક્ત સ્થિતિમાં ... પૂર્વક ... કે
... [illegible]

[illegible]

એ પછી એક દિવસે ગોસ્વામીજીની નિંદા કરનારો એક બ્રાહ્મણ મરી ગયો. તેને લોકો બાળવામાટે શ્મશાનમાં લઇ ચાલ્યા. તેની સ્ત્રી પણ પતિના શબ સાથે સતી થવામાટે વિલાપ કરતી કરતી પાછળ જઇ રહી હતી.

ખુલ્લી–ચોખ્ખી હવાનો, વિષ્ણુચરણોદકરૂપ શ્રીગંગામયાના દર્શનનો, અને તેની સાથે દિવ્ય ભાવોત્પાદક ઘટ્ટ વનરાજી નિહાળવાનો લાભ લેતા થકા જ્ઞાનભક્તિજન્ય વિલક્ષણ આનંદભર્યા આન્તરિક ભાવોની મસ્તીમાં ડોલી રહેલા એવા દિવ્ય કાન્તિમય ગોસ્વામીજી એ સમયે બહાર બેઠા હતા. આ સમયે તેમના દિવ્ય દેહ અને પ્રતિભાપૂર્ણ ચહેરામાંથી ઉચ્ચ દશાના જે અનુપમ ભાવ તથા તેજ ઓજસ્ વર્ષી રહ્યાં હતાં; તે તરફ દૃષ્ટિ જતાંજ સુંદર બાહ્યવેશમાં અને અંતરના દૈવી આવેશમાં દીપી રહેલાં એવાં તે બ્રાહ્મણપત્નીના હૃદયમાં કેવા કેવા ઉચ્ચ ભાવ ઉદ્દીપ્ત થઇ આવે, તે ઉચ્ચકક્ષ વાંચનારને સમજાવવું પડે તેમ નથી. બસ, તે અંબાભવાની જેવાં દેવીએ તો ગોસ્વામીજી જેવાનાં દૂરથી દર્શન થતાં વારમાંજ વિલાપ કરવાનું મૂકી દીધું અને સતી થવા પહેલાં એ જગતપિતા જેવા સંતપુરુષનું દર્શન કરી લેવામાટે તરતજ દોડી! તેમનાં આ છેલ્લીજ વારનાં દર્શન હોવાથી તેમના ચરણ સામે તેણે અનેક દંડવત્ પ્રણામ કર્યા. ગોસ્વામીજી પણ સાક્ષાત્ શિવશંભુ જેવા ભોળા, એટલે તેમણે તો તેનાં છેવટનાં સારાં કપડાં તથા શણગાર ઉપરથી તેને કોઈ વરરાજાની માતા કે એવાં કોઇક ધારી લીધાં હશે, તેથી એમજ કહી દીધું કેઃ–" અખંડ સૌભાગ્યવતી ભવ."

પરંતુ આવો આશીર્વાદ સાંભળતાંજ પરાણે દબાવેલો ડુમ્મો તે બાઈના હૃદયમાં ઉછળી આવ્યો. પછી રુદન અને ચોધારાં આંસુદ્વારા કેટલીક આન્તરવ્યથા હલકી થતાં તેણે પોતાના વૈધવ્યની તથા પોતે પતિ પાછળ સતી થવા માટે જઈ રહી છે, તે વગેરે વાત કહી સંભળાવી; મરનાર પતિએ ગોસ્વામીજીની કરેલી નિંદામાટે દંડવત્ પ્રણામ કરીને તેમના ગુનાહની ક્ષમા માગી; પતિ પાછળ બળી મરવાની રજા માગી; બેઉનો ઉદ્ધાર થાય એવો આશીર્વાદ માગ્યો; અને શ્મશાને સર્વ રાહ જોઈ રહ્યા હશે, એમ ધારીને ત્યાં જવાની આજ્ઞા માગી.

અનેકાનેક વંદન પ્રણામ હો આપ સંતોના શિરોમણિ ગોસ્વામીજીને! એક તરફ છો આપ સર્વના પિતામહ દયાના દરિયા! અને બીજી તરફ પવિત્ર બ્રાહ્મણપત્નીના વદનપર અશ્રુરૂપે ઉભરાઇ રહેલા દુઃખના દરિયા! એ હૃદયાવેગનાં છેલ્લાં ઉત્થાન અને જગદંબા જેવી આર્યપત્નીનાં બલિદાન! એ દેવતાઇ તેજ ઓજસ્‌ના પ્રકાશ અને પરમ સતિસાધ્વીના વિનાશ! એ છેવટના વેશ અને પતિવિયોગના આવેશ! બળી મરવામાટે છેવટના સુશોભિત શણગાર સજીને નીકળી પડેલાં તે મહાયોગિનીસમાં બ્રાહ્મણપુત્રીની આંખોમાંથી આંસુપર આંસુની અખંડ ધારાઓ એક તરફ વહી રહી હોય, અને બીજી તરફ એકવચની એવા શ્રીરામ પ્રભુનાં જ્ઞાનઉપાસના અનુભવસિદ્ધ કરીને સાક્ષાત શ્રીરામસ્વરૂપ બની રહેલા આપ ગોસ્વામીજીના સ્વમુખથીજ " અખંડ સૌભાગ્યવતી ભવ " એવું બોલાઈ ચૂકયું હોય! એટલે એવા સંયોગો વચ્ચે આપ જેવાને કેવી કેવી અને કેટલી ઉંડી લાગણીઓ થઇ આવી હશે! વળી ભુંડું બોલનારનું ભલું કરવું, એ તો આપ જેવા પરમ સંતોનો સ્વભાવજ રહ્યો; એટલે તે કારણે પણ આપ જગતપિતાના હૃદયમાં તે નિંદકપ્રત્યે ક્ષમા–દયાની લાગણી દરિયાની ભરતી પેરે ઉભરાઇ હશે! અનેકાનેક સાષ્ટાંગ પ્રણતિ હો આપના સંતપણાને! આપે તો બસ તરતજ તે શબને પાછું વળાવ્યું અને આજ્ઞા કરી કે, જ્યાંસુધી હું પાછો ન આવું, ત્યાંસુધી તેને બાળવું નહિ. (એટલુંજ નહિ પણ તે પત્નીએ અને સગાંસંબંધી વગેરેએ પણ ખૂબ શ્રદ્ધાભક્તિપૂર્વક પ્રભુના ધ્યાનભજનમાં તે શબના ઘર આગળ પોતાના આવતાંસુધી સમય ગાળવો, એમ પણ કહ્યુંજ હશે.) એ પ્રમાણે કરીને પછી ગોસ્વામીજી ગંગાસ્નાન કરવા ગયા અને

ત્યાં ત્રણ દિવસસુધી અપવાસી રહીને હૃદયની ઉંડી લાગણીપૂર્વક ભગવાનની સ્તુતિ અને ધ્યાન-ભજન કર્યાંજ કર્યું ! પરિણામે બીજું શું-થાય ? મુડદું જીવતું થયું !

પરંતુ એવા હૃદયને ફાડી નાખનારા તથા રોજ ને રોજ બન્યા જતા અનેક બનાવો એક પરમ સંતનું હૃદય કેવી રીતે જોઈ સાંભળી શકે ! એટલે પછી ગોસ્વામીજીએ અધિક ઉચ્ચ-ભાવોમાં રહીને સર્વ દુઃખોના મૂળરૂપ અજ્ઞાન—અધર્મ—અનીતિ વગેરેને જનસમૂહમાંથી દૂર કરે એવાં કાવ્ય અને ધ્યાનભજન પાછળ એકાંતમાંજ સમય ગાળવાનું રાખીને બહાર બેસવાનું બંધજ કરી દીધું.

બનારસમાં અત્યંત પુણ્યશાળી અને ગોસ્વામીજીના ચરણમાં બહુજ પ્રીતિ રાખનારા ત્રણ કુમારો (બ્રહ્મચારીઓ) હતા. એકનું નામ હૃષીકેશ હતું અને તે મણિકર્ણિકા ઘાટપર રહેતો હતો. બીજાનું નામ શાંતિપદ હતું અને તે શ્રીવિશ્વનાથજીના મંદિરમાં રહેતો હતો. ત્રીજાનું નામ દાનાદીન હતું અને તે શ્રીઅન્નપૂર્ણાજીના મંદિરમાં રહેતો હતો. ત્રણેની રહેણી-કરણી સમાન હતી. તેઓ નિત્ય ગોસ્વામીજીનાં દર્શને આવતા હતા અને તેમનું ચરણોદક લઈને મુકામે જતા હતા. તેઓની દૃઢ ટેક અને શ્રદ્ધાવિવેક જોઈને ગોસ્વામીજી કેવળ તેઓનેજ દર્શન આપવામાટે બહાર નીકળતા અને તેઓના ગયાપછી તુરતજ પાછા અંદર પધારી જતા હતા. આ જોઈને બીજા જે લોકોને ત્યાં આવ્યા છતાં દર્શનનો લાભ નહોતો મળતો, તેઓ ગોસ્વામીજીપર પક્ષપાતનો દોષ આરોપવા લાગ્યા. આથી એક દિવસ ગોસ્વા-મીજી બહારજ ન નીકળ્યા. આથી ત્રણે કુમારો કે જેઓને નિત્ય દર્શન કરવાની પ્રતિજ્ઞા હતી. તેઓએ દર્શનવિના વ્યાકુળ થઈને પોતાનાં શરીર ત્યાંજ છોડી દીધાં. આ જોઈ ગોસ્વામીજીને પક્ષપાતી કહેનારા લોકો પસ્તાવા લાગ્યા. પછી ગોસ્વામીજીએ કુમારોની ઉપરોક્ત દશા જાણતાંજ બહાર આવી ભગવાન વિષ્ણુના ચરણોદકરૂપ ગંગાજળવડે તેમને સજીવન કર્યા.*

સંવત ૧૬૬૯ના વૈશાખમાસની પૂર્ણિમાએ ગોસ્વામીજીના પરમ મિત્ર અને ભક્ત ટોડરમલજીએ શરીર છોડ્યું.‡ ગોસ્વામીજીને તે મિત્રભક્તના અતિ ઉત્તમ ગુણોનું સ્મરણ થતાં નેત્રોમાં જળ આવી જતું હતું. આ પ્રસંગે તેમણે લાગણીભર્યા દુહા કહ્યા હતા કે:—

ચાર ગાંવકો ઠાકુરો, મનકો મહા મહીપ; તુલસી યા કલિકાલમેં, અથયે ટોડર દીપ.
તુલસી રામ સનેહકો, સિરપર ભારી ભાર; ટોડર કાંધા ના દિયો, સબ કહિ રહે ઉતાર.
તુલસી ઉર થાલા બિમલ, ટોડર ગુનગન બાગ; યે દોઉ નયનન સીંચિહૌં, સમુઝિ સમુઝિ અનુરાગ.
રામ ધામ ટોડર ગયે, તુલસી ભયે અસોચ, જિયબો મિત પુનિત બિનુ, યહી જાનિ સંકોચ.

ટોડરમલજીના સ્વર્ગવાસ [illegible] આશ્વિન સુદિ ૧૩ ને દિવસે ટોડરમલજીએ સ્વર્ગરચના [illegible]

[illegible]

[illegible]

વંશજોને ત્યાં હજી પણ છે. તેમના વંશજો હજી પણ અસીઘાટ તરફ રહે છે.

એક દિવસ કવિ ગંગ આવ્યા. તેઓના હૃદયમાં 'ગોસ્વામીજી પહેલા નંબરના કવિ ગણાય અને હું શું બીજા નંબરનો કવિ ગણાઉં? એવો' દ્વેષ ભરેલો હતો; જેથી ગોસ્વામીજીની અદ્‌ભુત પ્રતિભા અને કવિત્વશક્તિ જોઇને રાજી થવાને બદલે તેમને તો ક્રોધજ ચઢી ગયો! આથી એ તો ગોસ્વામીજીને 'કંઠમલિયો, વંચક ભક્ત,' તથા 'ભગવાને જે હાથીનો ઉદ્ધાર કરેલો તે હાથી કયી માળા જપતો હતો?' એવું એવું કહી બબડીને ત્યાંથી ચાલતા થયા! ગોસ્વામીજી તો આ પ્રસંગે કશું બોલ્યા પણ નહિ અને ક્રોધ પણ થવા દીધો નહિ; અને મનને સમજાવી દીધું કેઃ—

"શીલ ગહનિ સબકી સહનિ, કહનિ હીય મુખ રામ;
તુલસી રહિયે યહિ રહનિ, સંત જનનકો કામ."

ઉપર કહ્યા પ્રમાણે ગોસ્વામીજીનું અપમાન કરીને કવિ ગંગ ચાલ્યા જતા હતા, ત્યારે માર્ગમાં તેમને એક હાથી મળ્યો અને તેણે કવિ ગંગનો સૂંઢવડે પછાડીને પ્રાણ લીધો.×

એકવાર અબ્દુર્રહીમખાં ખાનખાનાએ—" કવિ રહીમે " બરવા છંદમાં કાવ્ય કરીને ગોસ્વામીજીપર મોકલાવ્યું. ગોસ્વામીજીએ પણ તે છંદ પસંદ કર્યો અને તે સુંદર કોમળ છંદમાં પોતે પણ "બરવા રામાયણ"ની રચના કરી.

પછી મિથિલાયાત્રામાં રચેલા "શ્રીરામલલા નહછૂ" "શ્રીપાર્વતીમંગલ" અને "શ્રીજાનકીમંગલ" આ ત્રણે ગ્રંથોનું સંશોધન કરીને, તેનો પાઠ કરવાથી લોકો સુખી થાય તે માટે તે ત્રણે ગ્રંથોપર ગોસ્વામીજીએ મંત્રવિધાન કર્યું.

ત્યારપછી એકવાર હાથમાં પીડા થઈ આવવાથી તેના નિવારણમાટે "શ્રીહનુમાનબાહુક" રચ્યો; અને "વૈરાગ્યસંદીપની" તેમજ "શ્રીરામાજ્ઞાશકુનાવલી"ની પણ રચના કરી. તે પછી પોતે લખેલા નાના નાના ગ્રંથોનું સંશોધન કરી તે બીજાની પાસે લખાવ્યા, કેમકે વૃદ્ધાવસ્થાને લીધે શરીર શિથિલ બનવાથી હવે તેઓ પોતે લખી શકતા નહિ.

સંવત ૧૬૭૦ની આખરે બાદશાહ જહાંગીર ગોસ્વામીજીનાં દર્શને આવ્યા. તેમણે ગોસ્વામીજીને પુષ્કળ ધન અને જમીન અર્પણ કરવાની ઇચ્છા પ્રકટ કરી; પરંતુ ધનપતિ કે મઠપતિ બનવાનું ગોસ્વામીજી જેવાને કયાંથી ગમે! એટલે પછી તેમણે તો "વસતા તેમજ વસીયે, માયામાં શીદ ફસીયે!" એમ રાખીને કાંઇ પણ સ્વીકાર્યું નહિ.

ત્યાર પછી બીરબલના વિષયમાં બાદશાહે ગોસ્વામીજીની સાથે ચર્ચા ચલાવી. બાદશાહે બીરબલની હાજરજવાબી અને તીવ્ર બુદ્ધિની બહુજ પ્રશંસા કરી. ત્યારે બાદશાહથી જરાય ન સંકોચાતાં તરતજ ખરી વાત ગોસ્વામીજીએ કહી દીધી કેઃ—**"આવી સુંદર બુદ્ધિ પ્રાપ્ત થયા છતાં પણ તેઓએ ન તો તેનાવડે પરમાત્મસ્વરૂપને ઓળખ્યું કે ન તો તે સમ્રાટોના સમ્રાટ્ શ્રીહરિને ઓળખવા ઈચ્છી ભજન-પૂજન કર્યું! એટલે મને તો તેમને માટે દુઃખજ થાય છે."***

× અહીં જોવાનું એ છે કે, અપમાન કરનારને ગોસ્વામીજીએ શાપ પણ નથી દીધો ને ભુંડું પણ નથી ઈચ્છયું, છતાં આમ કેમ કરીને બની જાય! એ તો ઉલટા "એવાને પ્રભુ દયા કરે-સન્મતિ આપે" એવું એવું ઈચ્છનારા હોય; પરંતુ જનસ્વભાવજ મોટા ભાગનો એવો જણાય છે કે, 'કાગનું બેસવું ને ડાળનું ભાગવું' એવું બન્યું હોય તો તે ઉપરથી, અને નહિ તો અમસ્થી પણ એક વાત અનેક મોઢે ફરવાથી બીજુંજ રૂપ લઈ લે છે; એટલે પછી જનસમાજમાં જેટલાં પણ ગપસપ, વહેમ ઇત્યાદિ ચાલે તેટલાં ઓછાં!

* ઓ લાખો લોકોમાં વંદાના વ્યવહારકુશળ બુદ્ધિમાનો, ધનવાનો અને કીર્તિપ્રેમીઓ! જુઓ આ સ્વદેશી શહેનશાહતમાં સેનાપતિ અને વજીરને હોદ્દે પહોંચેલા બીરબલની પણ વાસ્તવ હિત નહિ

એકવાર ગિરનારના સિદ્ધો આકાશમાર્ગથી જતા જતા ગોસ્વામીજીના આશ્રમપર ઉતર્યા;× તેઓ તેમનાં દર્શન કરી પ્રસન્ન થયા અને સદ્ભાવપૂર્વક તેમણે પ્રશ્ન કર્યો કેઃ–

"તુમહિં ન વ્યાપે કામ, અતિ કરાલ કારન કવન;
કહિય તાત ! સુખધામ, યોગપ્રભાવ કિ ભક્તિ બલ ?"

ગોસ્વામીજીએ આના ઉત્તરમાં કહ્યું કેઃ–

"યોગ ન ભક્તિ ન જ્ઞાન બલ, કેવલ નામ અધાર" આવો નિર્માનપણાભર્યો અને અતિ નમ્ર ઉત્તર સાંભળીને સિદ્ધલોકો અત્યંત પ્રસન્ન થયા અને પછી ગિરનાર તરફ ચાલ્યા ગયા.

એક દિવસ ગોસ્વામીજી ઘાટપર બેઠા હતા. ત્યાં ઘણા લોકો એકઠા થયા હતા અને સત્સંગ ચાલી રહ્યો હતો; એટલામાં એક ચંદ્રમણિ નામનો ભાટ ત્યાં આવ્યો અને ગોસ્વામીજીના ચરણમાં નમસ્કાર કરી વિનતિ કરી કેઃ–

"અબલોં સબ ઇંદ્રિન લોગ હર્યો અબ તો જનિનાથ હંસાઇયે જૂ;
મદમોહ મહાખલ કામ અતી મમ માનસ તેં નિકસાઇયે જૂ;
રઘુનંદનકે પદકે સદકે તુલસી મોહિ કાશી બસાઇયે જૂ."

તેની આ સાચા હૃદયની પ્રાર્થના સાંભળીને ગોસ્વામીજીએ તેના તરફ જોયું અને તેની

સાચેસાચ મારીની કમનશીબી દર્શાવી રહેલા આપણા પ્રાતઃસ્મરણીય મહર્ષિ તુલસીદાસજીના ઉદ્ગારો! બીજી તરફ જુઓ ફ્રાન્સના પરમ દેશવત્સલ મહાન નેપોલિયનના અંતસમયના એવા ભાવના ઉદ્ગારો કે:–"કરવાનું હતું તે તો રહીજ ગયું!" લોકકીર્તિની વાસનાને ખાતર ભલે સારા પૂ[illegible] ને શરીરનું સુદ્ધાં દાન–ત્યાગ કરી દેવાય, તોપણ તેનું નામ કાંઇ આપણા પરમ વંદનીય ઋષિમુનિઓએ પરમાત્મજિજ્ઞાસા, મોક્ષેચ્છા, કર્મયોગ, ભક્તિયોગ કે જ્ઞાનયોગ નથી કહ્યો. પછી ભલે રામ, કૃષ્ણ, બુદ્ધ, શંકરાચાર્ય, તુલસીદાસજી, રામકૃષ્ણ પરમહંસ, દયાનંદ સરસ્વતી, રામતીર્થ, વિવેકાનંદ ઇત્યાદિ જેવાને માટે પ્રભુદર્શનની પાછળ પાછળ લોકકીર્તિને પણ સહજરૂપે–છાયારૂપે [illegible] કરીને પોતાની કીર્તિ વધારતી હોય તો વધારે; અને જનસમાજને પણ પોતાના સ્વાર્થ તથા સદ્ગુણને ખાતર તેમનાં સ્મરણ, જયંતિઓ અને ગુણગાન કરવાં હોય તો કરે! [illegible] પોતે તો પોતાના મનજીભાઇને માટે તેમજ જિજ્ઞાસુ જનો માટે કેવું સરસ કહી ગયા છે કે:—

"કંચન તજવો સહજ હૈ, સહજ ત્રિયાકો નેહ; માન–બડાઈ–ઈર્ષા, તજનો દુર્લભ એહ."

આ [illegible]

[illegible]

વૃત્તિ તથા યોગ્યતા પરખી જઇને પ્રસન્નતાપૂર્વક બોલ્યા કેઃ-"તમે અહીં સુખપૂર્વક રહો અને ભગવાનનું ધ્યાન-ભજન કરો, પ્રભુ સર્વ સારૂં કરશે."*

એક દિવસ વિપ્રચંદ્ર નામનો એક હત્યારો આવ્યો. ગોસ્વામીજી સામે તેણે છેટે ઉભા રહી ત્રણવાર પ્રણામપૂર્વક શ્રીરામનામનો ઉચ્ચાર કર્યો. પોતાના ઇષ્ટદેવનું પ્રિય નામ સાંભળતાંજ ગોસ્વામીજી તો એવા પ્રેમમસ્ત બની ગયા કે દોડીને તેને ભેટી પડયા; ભોજન કરાવ્યું અને ગદ્‌ગદ્ કંઠથી (આગળ એક પ્રસંગે બોલેલા તેજ વચન) બોલ્યા કેઃ-

"તુલસી જા કે મુખનિતેં,ધોખેઉ નિકસે રામ; તાકે પગકી પેતરી, મેરે તનુકો ચામ."

આ સમાચાર શહેરની પ્રત્યેક ગલીકુંચીમાં ફેલાઈ જતાં શહેરમાંના વૈષ્ણવ, શૈવ, કર્મકાંડી, વેદપાઠી, પ્રખર વિદ્વાનો તેમજ અન્ય લોકો સંધ્યાસમયે ગોસ્વામીજીની પાસે એકત્ર થયા. તેઓએ પૂછયું કેઃ-"ભગવન્! તે હત્યારો પ્રાયશ્ચિત્ત કર્યાવિનાજ કેવી રીતે આપને ભેટવા યોગ્ય શુદ્ધ થઈ ગયો?" ગોસ્વામીજીએ ઉત્તર આપ્યો કેઃ-"શ્રીરામનામના પ્રતાપથી તે શુદ્ધ થઇ ગયો છે. આપ વેદપુરાણમાં શ્રીરામનામનું માહાત્મ્ય વાંચી લો."

પંડિતોએ કહ્યું:-"વેદપુરાણમાં નામમાહાત્મ્યનો ઉલ્લેખ છે ખરો, પણ તેમાં વિશ્વાસ બેસતો નથી. જો શ્રીવિશ્વનાથજીનો પોઠિયો તેના હાથમાંથી ખાઈ જાય તોજ વિશ્વાસ બેસે."

પછી ગોસ્વામીજીના પ્રભાવથી નંદી તેના હાથમાંથી ખાઇ ગયો એટલે ચારે તરફ જય-જયકાર થવા લાગ્યો અને નિંદા કરનારાઓ પણ તરતજ ગોસ્વામીજીના ચરણમાં વારંવાર નમસ્કાર તથા સ્તુતિ કરીને પોતાના અપરાધની ક્ષમા માગવા લાગ્યા. ×

વાંચનાર! ગોસ્વામીજીને આ પ્રસંગે દુનિયાઇ સ્તુતિનિંદામાટે એવુંજ લાગ્યું હશે કેઃ-

"તું તેરા કર્તવ્ય કર, કહા કરેંગે કૂર; સ્તુતિ નિંદા જગતકિ, દોનોંકે સિર ધૂર."

એક લોભી બ્રાહ્મણ દરરોજ ગોસ્વામીજીના સ્થાનપર ધનની આશાથી શ્રીરામનામ જપ્યા કરતો હતો અને સંધ્યાસમયે શ્રીહનુમાનજી પોતે તેને દ્રવ્ય આપી જતા હતા. ‡

એક દિવસ ભગવાનના દર્શનની અભિલાષા રાખનારા કમલભવ નામના એક મનુષ્યે શ્રીભગવાનનું દર્શન કરવામાટે ગોસ્વામીજી પાસે બહુજ હઠ કરી; એટલે ગોસ્વામીજીએ તેને કહ્યું કેઃ-"જો તમે આ વૃક્ષપરથી ત્રિશૂળપર કૂદી શકો-અર્થાત્ પ્રભુને પામવા ખાતર પ્રાણ પણ આપવાને તત્પર થશો-જીવન ઓવારી નાખવા જેટલો પ્રભુપ્રેમ જાગ્યો હશે-તો પછી પરમાત્મદર્શન શામાટે નહિ થાય?" આ સાંભળીને તરતજ તેણે મોટા વૃક્ષની નીચે એક ત્રિશૂળ રોપી દીધું અને વૃક્ષપર પણ ચઢી ગયો; પણ પછી તેના ઉપરથી નીચે કૂદી પડવામાં તેનું દોઢડહાપણજ તેને રોકવા લાગ્યું! હિંમત ચાલતી નહોતી! પછી આ બનાવ જોવામાટે

ખરો અર્થ-કે જે દુનિયાઈ કીર્તિ કરતાં ઘણો ઉંચો અને ગહન છે તે-સમજી શકાય અને અમલમાં મૂકી શકાય.

*ધન્ય જિજ્ઞાસુ તારી જિજ્ઞાસાને, ધન્ય તારી સરળતાને, ધન્ય છે તારી આત્મનિરીક્ષણની અને ઈશ્વરદર્શનની વૃત્તિને, ધન્ય છે ગોસ્વામીજી જેવાની શરણતા લેવાને, ધન્ય છે તારી પવિત્ર સૂક્ષ્મ બુદ્ધિને! અને ધન્ય છે તારા પુણ્યોદયને!

× આ બનાવ જેટલો બોધપ્રદ છે, તેટલો અત્યુક્તિપૂર્ણ હોય તોપણ નવાઇ નથી. અત્યારે કોઇ કોઇ હયાત માણસોમાટે પણ ચમત્કારનાં ગપસપ ચાલે છે તો પછી ત્રણસો વર્ષપૂર્વે તો લોકોમાં ગોસ્વામીજી જેવાને માટે ગપસપ ચાલતાં હોય અને લોકરુચિને લીધે પણ વેણીમાધવદાસજીને તે તેવાજ રૂપમાં આલેખવાં પડયાં હોય, તો આશ્ચર્ય નથી. ગોસ્વામીજી કાંઇ ચમત્કાર કરી બતાવનારા મદારી કે જાદુગર ન હતા; એ વાત તો તેમના જીવનના અનેક પ્રસંગ આપોઆપજ દર્શાવી રહ્યા છે

‡ કોઇ ગોસ્વામીજીના ભક્ત કે હનુમાન ઘ૦ નાં દેવદર્શને આવનાર ભક્તજન રોજ આપી જતા હશે, તેને બદલે લોકોમાં હનુમાનનું નામ ચાલી પડવાથીજ મૂળ ચરિત્રમાં આવ્યું હશે.

આવી ઉભેલા એક સુંદર ઘોડેસ્વારે પૂછતાં ક્રમશઃભવે તેને સર્વ હકીકત કહી સંભળાવી.
આ સાંભળીને ઘોડેસ્વારે તો તત્તજ નિશ્ચય કર્યો કે, મહાપુરુષનું વચન કાંઈ ખોટું હોય?
આમ વિચારીને તે તો તત્તજ વૃક્ષપર ચઢી ગયો અને શ્રીરામનું નામ લઈને ત્રિશૂળપર કૂદી
પડ્યો! પરમાત્માએ પણ તેને દર્શન આપી કૃતાર્થ કર્યો.*

(ઉપલા બનાવવિષે નીચે ટીપણીમાં કેટલુંક લખ્યું છે. છતાં અહીં પણ લખવાનું કે, કેટ-
લાંક વર્ષપર વાસદ પાસેના એક કૂવામાં એક માણસે બહેકાવવાથી પ્રભુનાં દર્શન થશે, એમ
સમજીને પાંચ-દશ માણસ અગ્નિમાં પડી મુવાં હતાં! વળી કોઇ કોઇ માણસો 'કમળપૂજા'
ના નામે પણ આપઘાત કરતા સંભળાય છે. ઉપલો બનાવ પણ "વા વાયાથી નળિયું ખસ્યું,
તે દેખીને કુતરું ભસ્યું; બહુ થયો ત્યાં શોર બકોર, કોઇ કહે મેં દીઠો ચોર!" એની પેઠે
બીજાજ રૂપે લોકોમાં ફેલાઇ ગયો હોય, એવો સંભવ છે. માટે ભૂલેચૂકે પણ આવા સાહસમાં
કોઇયે પડવું નહિ. એકાદ વર્ષપર એક જાણીતા વિદ્વાન બ્રહ્મચારી રામેશ્વરાનંદજીનો જીવ
પણ તેમણે પોતે ચાલુ કરેલા કોઈ સાત્વિક પ્રયોગથી કે દેહથી ઉપરામ થઈ અગ્નિમાં કૂદી
પડવાથી ગયેલો સાંભળ્યો હતો.)

કહેવાય છે કે, રામાયણ લખાયા પછી એક દિવસ ગોસાંઇજી મણિકર્ણિકાના ઘાટ-
પર નહાતા હતા; એટલામાં એક પંડિત કે જેમને પોતાના પાંડિત્યનું અભિમાન આવ્યું હતું,તેમણે
તેમને પૂછ્યું કેઃ-"મહારાજ! આપ સંસ્કૃતના પંડિત છતાં આપે આપનો ગ્રંથ પ્રાકૃત-ગામડી
ભાષામાં કેમ બનાવ્યો?" ત્યારે ગોસાંઇજીએ તેમને કહ્યું કેઃ-" મારી ગામડી ભાષા અજાણ-
વાળી તો છેજ; તોપણ આપના સંસ્કૃત ભાષાના નાયિકા-વર્ણન કરતાં તો સારી છે ના?" પંડિતે
પૂછ્યું કેઃ-" એ કેવી રીતે?" ત્યારે ગોસાંઇજીએ કહ્યુંકેઃ-

" મનિ ભાજન બિષ પાઇઈ, પૂરન અમી નિહાર,
કા છાંડિય કા સંગ્રહિય, કહહુ વિવેક વિચાર."

અર્થાત્ મણિમણિના પાત્રમાં વિષ ભરેલું હોય અને માટીના પાત્રમાં અમૃત ભરેલું
હોય, એવા પ્રસંગે વિવેકદૃષ્ટિથી વિચારીને કહો કે એમાંનું કયું છોડવું અને કયું રાખવું
[illegible] સંસ્કૃતના ઉત્તમ કવિ હતા; પરંતુ તેમને ભાષામાં કવિતા બનાવવા-
[illegible] ગ્રંથો બનાવ્યા હતા. તેથી એક પંડિતે તેમ-
[illegible]

[illegible]

હું કે:-"આ વિષયને દેવવાણી સંસ્કૃતમાં નહિ લખવાથી ઈશ્વર નારાજ થાય છે; માટે હવેથી આપ સંસ્કૃતમાંજ લખ્યા કરજો." તેમણે આ વિષે તુલસીદાસજીની સલાહ પૂછતાં તેમણે કહ્યું કે:-

"કા ભાષા કા સંસ્કૃત, પ્રેમચહિયતુ સાઁચ; કામ જો આવઈ કામરી, કા લે કરે કુમાચ."

અર્થાત્ ભાષા પ્રાકૃત હોય કે સંસ્કૃત હોય, પણ પ્રભુ તો માત્ર સાચો પ્રેમજ જોવા ચાહે છે. જો સાદી કામળીથીજ કામ સરતું હોય, તો પછી મોંઘી કુમાસદાર સાલપામરી શા માટે લેવી!

એક દિવસે એક અલખ સાધુ આવેલો, તેણે ગોસ્વામીજીનું ચિત્ત લખવામાં પરોવાયલું જોઈને જાણે તેમને ઉપદેશ આપવા માગતો હોય, એવી ઢબથી "અલખ, અલખ" ના સાંટા પાડવા લાગ્યો. તે ઉપરથી ગોસ્વામીજીએ કહ્યું કે:-

"હમ લખિ લખહિ હમાર લખિ, હમ હમાર કે બીચ;
તુલસી અલખે કા લખૈ, રામનામ જપુ નીચ."

જહાંગીર સન ૧૬૦૫ (સંવત ૧૬૬૨) માં ગાદીએ આવ્યો તથા સન ૧૬૨૭ (સંવત ૧૬૮૪) માં મરણ પામ્યો. તેના રાજ્યસમયમાં સન ૧૬૧૬ (સંવત ૧૬૭૩) માં પંજાબમાં મહામારી (પ્લેગ) ફેલાઈ; અને સન ૧૬૧૮ (સંવત ૧૬૭૫) થી આઠ વર્ષ સુધી આગ્રામાં તેનો પ્રકોપ ચાલુ રહ્યો. આની ભીષણતાનું સંપૂર્ણ વર્ણન "તુજુક જહાંગીરી"માં આપેલું છે. આ રોગથી આગ્રામાં દરરોજ ૧૦૦ માણસો મરતાં હતાં; લોકો ઘરબાર છોડી નાસી ગયા હતા; મુડદાંને ઉઠાવનાર પણ કોઈ મળતું નહિ અને કોઇ કોઇની પાસે પણ જતું નહિ.

કવિતાવલીના ૩૧૨મા કવિત્તમાં તુલસીદાસજીએ લખ્યું છે કે:--

"ખીસી બિસ્વનાથ કી બિપાદ બઢયો બારાનસી બૂઝિયે ન ઐસે ગતિ શંકર સહર કી."

આથી જણાય છે કે, તે સમય "રુદ્રવીશી" નો હતો. જ્યોતિષની ગણના પ્રમાણે તે સમય સંવત ૧૬૬૫થી ૧૬૮૫ સુધીનો છે.

ગોસ્વામીજીનાં કવિતો ઉપરથી સ્પષ્ટ થાય છે કે, તેમને પ્લેગનો વ્યાધિ લાગુ પડી તાવ આવવા લાગ્યો, બગલમાં ગાંઠ નીકળી, હાથમાં પીડા શરૂ થઇ અને ધીરે ધીરે એટલી વધી પડી કે આખું શરીર પીડાવા લાગ્યું. અનેક પ્રકારના ઉપચારો થયા, પણ કશાથી ફાયદો થયો નહિ; ત્યારે છેવટે તેમણે મનને સમજાવી દીધું કે, "જો આ જન્મે નહિ તો આગલા જન્મે પણ અજ્ઞાન શત્રુએ કરાવેલાં અનુચિત કર્મનુંજ આ ફળ છે."

શરીર વ્યાધિગ્રસ્ત થતાં એક કવિત્તમાં ગોસ્વામીજીએ કહ્યું છે કે:-" મને બચપણથી ઘર ઘરના ટુકડા ખવડાવીને જીવાડયો અને સદા મારી સંભાળ રાખી રક્ષા કરી; તો પછી આજે આ શું ખેલ છે? 'બિલાડીને મન રમત અને ઉંદરનો જીવ જાય!'"

ટૂકની કો ઘર ઘર ડોલતો કંગાલ બોલી, બાલ જ્યોં કૃપાલ નતપાલ પાલિ પોસો હૈ;
કીન્હેં હૈ સઁભાર સાર અંજનીકુમાર બીર, અપનો બિસારી હૈ ન મેરે હૂ ભરોસો હૈ.
ઈતનો પરેખો સમરથ સબ ભાઁતિ આજુ, કપિરાજ સાઁચી કહૌં કો તિલોક તોસો હૈ;
સાઁસતિ સહત દાસ કીજે પેખિ પરિહાસ, કીરી કો મરન ખેલ બાલકનિ કો સો હૈ.

તૈયાર છો? જો હો, તો દર્શાવી આપો તે માર્ગમાં તમારી સઘળી તાકાત અને લાયકાત! આ સંસાર-વૃક્ષપર ગમે તેટલા ઉંચા ચઢી ગયા હો, ત્યાંથી ક્રમે ક્રમે ઉતરવાનું ડહાપણ જાગે, તો એને ડહાપણ નહિ પણ દોઢડહાપણુજ સમજીને એકવાર સર્વભાવથી યાહોમ કરી મારી બતાવો જુસ્સો! પછી જોઈ લો મઝાહ કે તમે શું હતા ને શું બની જાઓ છો! પણ આ વિચારો માત્ર જિજ્ઞાસુત્વને પામનાર કે ઇચ્છનાર માટેજ છે. બાકી સર્વસામાન્ય માટે તો એજ કહેવાનું કે સ્વર્ગમાટે, લોકકીર્તિ-માટે કે પછી સંસારના ગમે તે પદાર્થ માટે પણ જેઓ દાન, પુણ્ય, સ્વાર્થત્યાગ, ઇ૦ કરતા હોય તેમને પણ ધન્ય છે-ધન્ય છે. કેમકે અત્યારે તો એવા અને એટલી સમજણવાળા પણ આપણા દીન-દુઃખી દેશમાં બહુ ઘટી ગયા છે.

પછી બિમારી અતિશય વધવાથી દેહમુક્ત થવામાટે તુલસીદાસજી ગંગાતટપર આવ્યા; અને કહ્યું કેઃ-

"રામચંદ્રયશ બરનિકે, ભયો ચહત અબ મૌન;
તુલસીકે મુખ દીજિયે, અબહીં તુલસી સોન."

આવી રીતે ગોસ્વામીજીએ એકસોસત્તાવીસ વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવ્યા પછી સંવત ૧૬૮૦ના શ્રાવણ સુદી સપ્તમીએ અસિઘાટપર નશ્વર દેહ તજીને પરમધામ પ્રયાણ કર્યું.*

આ ગ્રંથમાટે આ ચરિત્ર તૈયાર થતી વખતે કાશી, કલકત્તા ઇ૦ માં શ્રાવણ સુદી સપ્તમી વિ. સં. ૧૯૮૨ (પણ ચૈત્રી વર્ષ મુજબ સં. ૧૯૮૩)ના દિવસે ગોસ્વામીજીની ૩૦૩ ની જયંતિ ઉજવાઈ, તેજ દિવસના કલકત્તાના હિંદી સપ્તાહિક "વિશ્વામિત્ર" ના તા. ૧૫-૮-૨૩ ના અંકમાં જે ઉત્તમ લેખ પ્રસિદ્ધ થયો છે, તે આ સ્થળે શબ્દશઃ ઉતાર્યાવિના રહી શકાતું નથી. એ હિંદી લેખ નીચે મુજબ છેઃ-

તુલસીજયન્તી

"આજસે ૩૦૩ વર્ષ પૂર્વ શ્રાવણ શુક્લા સપ્તમીકે દિન હિન્દી-સાહિત્યસમ્રાટ-કવિ-કામિનીકાન્ત ગોસ્વામી તુલસીદાસજીને વિશ્વનાથપુરીમેં ભગવતી જન્હુકન્યાકે પવિત્ર તટપર અપના ભૌતિક શરીરકા ત્યાગ કર પરમધામકી યાત્રા કી થી. ઇસ પવિત્ર દિવસકે આતે હી હમારા મસ્તક ગર્વસે ઉંચા હો જાતા હૈ! ગોસ્વામીજીને અપની પ્રતિભામયી લેખનીસે નવરસકી જો ધારા બહાઈ થી, ઉસમેં અવગાહન કર આજ ભી કોટિ કોટિ હિન્દૂ ભક્તિભાવમેં વિભોર હોકર ભગવાન કે પાદપદ્મોંમેં તન્મય હો જાતે હૈં. લાખોં શ્રદ્ધાલુ ભારતવાસી આજ ભી ગોસ્વામીજીકી રચનાકા પ્રતિદિન નિયમિત રૂપસે પાઠ કર શાન્તિકા અનુભવ કરતે હૈં. ગોસ્વામીજી આજ નહીં હૈ, પર આપકી અક્ષય કીર્તિ ચિરકાલતક બની રહેગી. જબ તક હિન્દૂ જાતિકા એક ભી બચ્ચા જીતા રહેગા, તબ તક તુલસીદાસજી અમર રહેંગે.

ગોસ્વામીજીકે ચરિત્રપર વિસ્તારપૂર્વક વિચાર કરનેકે લિયે હમારે પાસ યથેષ્ટ સ્થાન નહીં, પર ઇતના તો અવશ્ય કહા જા સકતા હૈ કિ ગોસ્વામીજી અધ્યવસાયકે મૂર્તિમા[illegible] [illegible] માતા-પિતાદ્વારા પરિત્યક્ત હોકર, સાધુઓંકે સાથ ઇધર ઉધર ઘૂમતે હુએ ભી [illegible] [illegible] વિસ્તીર્ણ જ્ઞાન પ્રાપ્ત કિયા થા, ઉસે દેખ કર આશ્ચર્યમેં [illegible] [illegible] હિન્દૂ ધર્મગ્રન્થોંકા [illegible] ગોસ્વામીજીકી રચનાઓંમેં સ્પષ્ટ પતા ચલતા હૈ કિ, આપ [illegible] [illegible] પતા હૈ! ગોસ્વામીજીકી [illegible] આપને તત્કાલીન સમાજમેં ભી [illegible] [illegible] અપની વિદ્વત્તા ઔર તપસ્યાકે પ્રભાવસે [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

ભી તુલસીદાસજી ભક્તશિરોમણિ સમઝે જાતે હૈ. કહતે હૈં કિ ભગવાન રામચન્દ્રને આપકો સાક્ષાત્ દર્શન દિયા થા. ભગવાન તો ભક્તોંકે વશમેં રહતે હૈ! સ્વામીજી કી અવિચલિત પ્રગાઢ ભક્તિકે સામને ઉન્હોંને ભી શિર નવાયા તો ઇસમેં આશ્ચર્ય ક્યા હૈ? ગો૦ તુલસીદાસજીકે ગ્રન્થ હિન્દી સાહિત્યકે અનુપમ રત્ન હૈ. યદિ ગોસ્વામીજી કેવલ રામાયણ યા બિનયપત્રિકા હી લિખ કર અપની લેખની રોક લેતે, તો ભી લોગ ઉન્હેં મહાકવિકે પદપર નિઃસંકોચ આરૂઢ કરતે. રામાયણકી તો જીતની પ્રશંસા કી જાય, થોડી હૈ. ગોસ્વામીજીને સાગરકો ગાગરમેં ભર દિયા હૈ. 'નાનાપુરાણ નિગમાગમ સમ્મત' જિતને દિવ્ય બિચાર હૈ પ્રાયઃ સભી કા આભાસ રામાયણમેં પાયા જાતા હૈ. રાજધર્મ, સમાજધર્મ પ્રભૃતિ કા જૈસા પ્રાંજલવર્ણન રામાયણમેં મિલતા હૈ વહ અનુપમ હૈ. આદર્શ ચરિત્રોંકો ચિત્રણ કરનેમેં તો ગોસ્વામીજીને કલમ તોડ દી હૈ! આદર્શ રાજા, આદર્શ પુત્ર, આદર્શ પતિવ્રતા, આદર્શ ભ્રાતા, આદર્શ સેવક, કહાં તક ગિનાયેં? આદર્શ મિત્ર આદર્શ માતા પ્રભૃતિ કા જૈસા જીવિત ચિત્ર રામાયણમેં એકત્ર મિલતા હૈ, વૈસા કહાં દિખાયી દેતા હૈ? સાહિત્યકી દૃષ્ટિ સે અનૂઠા હોને કે સાથ સાથ રામાયણ નીતિશિક્ષા કા ભાંડાર હૈ. રામાયણકી યહ ખૂબી હૈ કિ અનપઢ ગંવાર સે લેકર પ્રગાઢ વિદ્વાન ભી અપની જ્ઞાનપિપાસા તૃપ્ત કરને કે લિયે ઉપયુક્ત સામગ્રી રામાયણમેં પાતે હૈં. ઉન્મુક્ત આકાશમેં જિસ પ્રકાર સભી પક્ષી મનમાના ઉપર ઉડતે હૈં, કિસીકો પરિમિત સ્થાન હોને કી શિકાયત નહીં હૈ, ઉસી પ્રકાર રામાયણ ભી સભી શ્રેણીકે જિજ્ઞાસુઓં કી લિપ્સા પૂર્ણ કરતી હૈ. ઇસી સે આજ ભારતમેં રામાયણકા જિતના પ્રચાર હૈ ઉતના કિસી અન્ય ગ્રન્થ કા નહીં હૈ. સંસ્કૃત સાહિત્ય કો છોડ આધુનિક ભાષાઓંમેં તુલસીકૃત રામાયણકા મુકાબલા કરનેવાલા કોઈ ગ્રન્થ નહીં હૈ.

પરાધીનતા કે પાપપંક મેં સને હુએ ઔર ત્રિવિધતાપ સે સંતપ્ત ભારતવાસિયોં કે લિયે આજ રામાયણ પદ–પદ મેં શિક્ષાપ્રદ હૈ. 'પરાધીન સપને હું સુખ નાહી' ઇસ છોટે સે વાક્ય મેં ક્યા ગજબ કા જાદૂ ભરા હૈ! યદિ ભારતવાસી કેવલ ઇસી વાક્ય કા મર્મ આજ સમઝપાતે તો ગોસ્વામીજી કા શ્રમ સાર્થક હોતા. યદિ ભારતવાસી ઇસ શિક્ષાકો હૃદયઙ્ગમ કર આજ દાસતાકે કાલિમા પૂર્ણ કલંક કો ધોને કે લિયે સર્વસ્વ ઉત્સર્ગ કરને કો તૈયાર હો જાય, તો દેશોદ્ધાર મેં ક્યા કસર રહે? ક્યા હમ યહ આશા કર સકતે હૈં કિ આજ ગોસ્વામીજી કી પવિત્ર સ્મૃતિ કે દિન સભી હિન્દૂ યહ પ્રતિજ્ઞા કરેંગે કિ હમ અબ પરાધીનતા કો દૂર કર હી દમ લેંગે?

આજ હિન્દૂસમાજ જીસ પ્રકાર વિશૃંખલિત હો રહા હૈ, ઉસકે સુધાર કે લિયે પ્રત્યેક હિન્દૂ કો રામાયણ કા નિત્ય પાઠ કર આદર્શ ચરિત્રોં સે શિક્ષા ગ્રહણ કરની ચાહિયે. ઘર ઘરમેં જો કલહાગ્નિ મચી હુઈ હૈ, પિતા પુત્રમેં, સ્વામી સ્ત્રીમેં, ભાઈ ભાઈ મેં, સ્વામી ઔર નૌકરમેં, જૈસા અસ્વાભાવિક સમ્બન્ધ હિન્દૂસમાજ મેં બર્તમાન હૈ, ઉસે દૂર કરને કે લિયે રામાયણકા ઘર ઘર પ્રચાર કી જરુરત હૈ. લક્ષ્મણ ઔર ભરત કા ભ્રાતૃપ્રેમ કૈસા નિર્મલ હૈ. આજ એક હી માતા કે દો લાલ તુચ્છ પાર્થિવ લાભોં કે લિયે એક દૂસરે કા ગલા કાટને કે લિયે તૈયાર રહતે હૈ. રાજ્યપ્રાપ્તિકી ઉચ્ચાભિલાષાકી પૂર્તિકે લિયે તો ન માલૂમ કૈસા અનર્થ મચતા હૈ; પર શ્રીરામ ચન્દ્ર ઔર ભરત કા ચરિત્ર પઢિયે. શ્રીરામચન્દ્ર પિતા કી આજ્ઞા સે ભરત કે લિયે રાજ્ય છોડ ૧૪ વર્ષ કે લિયે બન ગમન કરતે હૈ. પર જબ ભરત કો ઇસ બાત કી ખબર હોતી હૈ તો વે પુરવાસિયોં સમેત જંગલ કો દૌડ પડતે હૈ. ઔર રામચન્દ્રજી સે લૌટને કે લિયે આગ્રહ કરતે હૈ. ભગવાન રામચન્દ્ર કી પિતૃભક્તિ દેખિયે. પિતાબચન મિથ્યા નહીં હો ઇસી વિચાર સે વે અયોધ્યા નહીં લૌટતે હૈ, ઔર ભારતકો રાજ્ય પ્રબન્ધ કરનેકે લિયે

વાપસ લૌટને પર બાધ્ય કરતે હૈ. પર વાહરે ભરત! રામચન્દ્રજીકી પાદુકા લેકર ઔર ઉસે ભ્રાતા-
કો સ્થાનમેં ગદ્દી પર રખ કર સ્વયં મન્ત્રકી ભાંતિ રાજ્ય કાર્ય ચલાતે હૈ. ભ્રાતૃપ્રેમ ઔર ન્યા-
યાનુકૂલ આચરણકી હદ હો ગયી. ક્યા ઇસકે જોડકા પાવન ચરિત્ર ઔર કહીં દિખાયી પડ સ-
કતા હૈ? ભારતવાસિયોં, ભરત કે ચરિત્રસે શિક્ષા ગ્રહણ કરો ઔર બન્ધુવિગ્રહ કો આજસે
તિલાંજલિ દેકર એકવાર ફિર ભાઈકે ગલેસે મિલો. શાન્તિ ઔર સુખ તુમ્હારે હી હિસ્સેમેં પડેગા.
ભગવતી સીતાકા આદર્શ ચિત્ર ખીંચનેમેં ગોસ્વામીજીને કમાલ કિયા હૈ! ભારતવર્ષ કા
યહ આદર્શ પતિવ્રત ધર્મ આજ કહાં ગયા. ભગવતી સીતાને રાક્ષસોંકે બીચ ૧૨ વર્ષ રહ કર
જીસ પ્રકાર અપને ધર્મકી રક્ષા કી ઔર મન બચન કર્મ સે ભી કભી ભગવાન્ રામચન્દ્ર કા
પ્રેમ નહીં ભુલાયા-ઉસે પઢ કિસ નારીકા કોમલ હૃદય પુલકિત નહીં હો ઉઠેગા? ભગવાન
રામચન્દ્રકા એકપત્નીવ્રત કિસ કામી હિન્દૂ સન્તાનકો લજ્જિત નહીં કરેગા? ભારતકે જો
છત્ર સમ્રાટ હોકર પ્રભૂત સાધનોંકે વર્તમાન રહતે ભગવાનને સીતાજીકે ત્યાગકે ભી દાર-પરિ
ગ્રહ નહીં કિયા. અશ્વમેધ યજ્ઞકે સમય ભગવતી જાનકી કી સુવર્ણ પ્રતિમા બના કર હી યજ્ઞ
વિધિકો પૂરા કિયા ગયા હૈ. સંસ્કૃત કો છોડ કિસ ભાષાકે સાહિત્યમેં ઐસા વિવાદ ચરિત ચિ
ત્રિત કિયા ગયા હૈ-જૈસા ગોસ્વામીજીને કર દિખાયા હૈ. ગોસ્વામીકે અન્ય ગ્રન્થ ભી ઇસી પ્ર
કાર શિક્ષાપ્રદ હૈ. વિનય પત્રિકા કે પદ તો અનમોલ હૈ. યદિ ભગવાન ઐસે પ્રેમપદોં પર રીઝ
ગયે હોં તો આશ્ચર્ય ક્યા હૈ.

હિન્દુઓ! આજ ભક્તિભાવસે ગોસ્વામીકા સ્મરણ કર ઉનકે ગ્રન્થોંકા પરિશીલન આ-
રંભ કર દો! પ્રત્યેક હિન્દૂકો ગોસ્વામીજી કી ઉત્કૃષ્ટ રચનાઓંસે પરિચિત હોનેકી આવશ્યક
હૈ. સમાજકે નિર્જીવ અંગ મેં પ્રાણ ડાલનેકે લિયે યહ રસાયનકા કામ દેગા. ઇંગ્લૈંડકે પ્રતિ
સમ્રાટ શેક્સપિયરકે નામ પર વહાંવાસી જૈસા પ્રેમ દિખાતે હૈ ઔર ઉનકી કીર્તિ બનાયે
અનંત રખનેકે લિયે ભગીરથ પરિશ્રમ કરતે હૈ; વૈસા હમ અપને હૃદયસમ્રાટ ગોસ્વામી
જીકે લિયે નહીં કર સકતે? ક્યા હમમેં કુછ ભી કૃતજ્ઞતા નહીં રહ ગયી? હમેં આશા હૈ
કિ સમાજકે પવિત્ર દિવસ કા મહત્ત્વ દિન દિન બઢતા જાયગા ઔર કુછ વર્ષોમેં બાદ તુલસી
દાસ ભારતવાસિયોંકે ઘર ઘરમેં બિરાજમાન હોંગે."

ગોસ્વામીજીના ગુણસ્વભાવ

ગોસ્વામીજીના જેવા પરમ શ્રેષ્ઠ મહામુનિની દીનતા અને વિનયગંભીરતા ...

-અત્યંત નમ્ર, નિરભિમાન અને સરલ રહેવામાં એવી આન્તરમોજ માણી જાણતા હતા કે તે તો જે માણતા હોય તેજ જાણે. જે સાહિત્ય હિંદુસમાજને અજ્ઞાન, અધર્મ અને તજ્જન્ય દુઃખમાંથી બચાવીને ઉત્તમોત્તમ જ્ઞાન તથા સુખસામર્થ્યને પ્રાપ્ત કરાવે; એટલુંજ નહિ પણ ઇચ્છે તેને સર્વોપરિ મોક્ષપદાર્થ પણ પ્રાપ્ત કરાવે એવું જ્ઞાનચારિત્રવર્ધક, રસદાયક, દિવ્યભાવોત્પાદક, સર્વોપકારક, સર્વોપરિ અને અમર સાહિત્ય તેમણે દેશભાષામાં અને મનોહર ગેય કાવ્યના રૂપમાં રચી આપ્યું; સ્વહસ્તે પણ લખી લખીને અનેકોને દાન આપ્યાં; અને એવી તેમની નિષ્કામી તથા સર્વોપરિ લોકસેવાથી કાશીજીના સ્વાર્થકુશળ પંડિતોએ પોતાની લોકપ્રિયતામાં તથા સંસ્કૃત ગ્રંથોની કથા કરી પ્રાપ્ત વિદ્યા વેચવામાં નુકશાન થતું માની લઈને ગોસ્વામીજીના હૃદયભેદી ઉપહાસ, નિંદાઓ તથા જીવલેણ કાવતરાં કર્યાં, તે સર્વ તેઓ સહન કર્યે ગયા.

આ પ્રમાણે ગોસ્વામી તુલસીદાસજી સ્થૂળ ધન કરતાં અત્યંત મોંઘી અને સદા સાથે રહેવાવાળી જ્ઞાનચારિત્રરૂપી દૈવી સંપત્તિના કુબેરભંડારી બનવા સાથે દાતા પણ એવા જબરદસ્ત બન્યા હતા કે તેમના આગળ રાજા કર્ણ જેવા સ્થૂળ દાતા તો સૂર્ય આગળ તારા જેવાજ લાગે! કેમકે અનેક સજ્જનો કહે છે તેમ તેઓ 'રામચરિતમાનસ' રૂપે જ્ઞાન-ચારિત્રનો જે જીવતો જાગતો ભંડાર હિંદુ જાતિને આપી ગયા, તે જો ન આપી ગયા હોત તો જેટલા પ્રમાણમાં હિંદુઓ હિંદુ મટતા અટકયા, તેટલા પ્રમાણમાં નજ અટકયા હોત. ગરીબ તથા શૂદ્રથી માંડીને ધનવાનો, બ્રાહ્મણો તથા રાજામહારાજાઓ સુદ્ધાં ગોસ્વામીજીના એ અનુપમ ધનનો અને દિવ્ય દાનનો લાભ આજે અનેક પેઢીઓથી અને ત્રણસો વરસથી એટલો બધો લેતા આવ્યા છે; અને હજી પણ જમાનાઓના જમાના અને પેઢીઓની પેઢી-ઓ સુધી લીધા કરશે કે ગોસ્વામીજીના એ અદ્‌ભુત પરોપકારનો—એ અનુપમ દાનનો મહિમા કોઈ અસામાન્ય મહાકવિજ વર્ણવી શકે તો વર્ણવી શકે. ગોસ્વામીજી આ પ્રમાણે હિન્દી પદ્યસાહિત્યના શ્રેષ્ઠ ઉત્પાદકોમાં જેવા સર્વશ્રેષ્ઠ ઉત્પાદક હતા, તેવાજ દાતાઓમાં સર્વોપરી દાતા હતા; સહનશીલતામાં એરણ જેવા મજબૂત અને અડગ હતા; બાદશાહી સખાવત હાલી-ચાલીને સામી આવે તેનો પણ નકાર કરવાવાળા મહાન ત્યાગી હતા; બ્રાહ્મણોમાં બ્રહ્મવેત્તા બ્રહ્મર્ષિ હતા; કવિવરોમાં કવિસમ્રાટ્ હતા; સંતસાધુઓના શિરોમણિ હતા અને ભક્તમા-ળાના ભક્તજનોના મુકુટમણિ હતા. પોતે આવા મહાન જ્ઞાની, અનુપમ દાની અને ગુણ-ચારિત્રના અખૂટ ભંડારી હોવા છતાં પણ કેવા અત્યંત નિરભિમાની, ચેલાચેલી વગરના, મઠમંદિર વગરના, અને રામને નામે ટુકડા માગીનેજ ઉદર ભરનારા રહ્યા હતા! સ્વમુખે તેઓ વદે છે કેઃ—"નામ રામ હી કે માંગી ઉદર ભરત હૌં" ઇ૦ ઇ૦×

પણ અધિક જંજાળવાળા થઈ પડયા હોત; અને જેવા એકનિષ્ઠ, એકાકી, એકાંતવાસી અને અંતર્મુખી બનીને જ્ઞાનભક્તિના અસામાન્ય ગ્રાહક તથા પ્રચારક થઈ શકયા, તેવા ભાગ્યેજ નિવડયા હોત.

× કહેવત છે કેઃ-" ઉત્તમ ખેતી, મધ્યમ વહેપાર, કનિષ્ઠ નોકરી, નિદાન ભીખ. " આ પ્રમાણે સંસારમાં ભિખારીપણું–ભિક્ષાર્થીપણું–સર્વથી કનિષ્ઠ કહેવાય છે; તથા માધુકરી ભિક્ષાવાળા વિરક્તોને તો કોઈ કોઇ શ્વાનની ઉપમા સુદ્ધાં આપે છે; અને તોપણ મહાસમર્થ બુદ્ધ, ભગવાન શંકરાચાર્ય, સંતશિરોમણિ તુલસીદાસ, સમર્થ રામદાસ, સ્વામી રામતીર્થ, દયાનંદ સરસ્વતી ઇત્યાદિ જેવા મહાન ત્યાગીઓ અને અનુપમ દાતાઓ કયા રહસ્યથી અન્નના ભિક્ષાર્થી રહ્યા હશે! અને કયી યોગ્યતાથી એ ભિક્ષુપણાને રાજ્યપદ કરતાં પણ વધારે સ્મરણીય અને વંદનીય બનાવી દીધું હશે! જે આન્તરિક યોગ્યના ખીલી ઉઠીને "ज्ञानविज्ञानसिद्ध्यर्थं भिक्षान्देहि भगवति" એ રહસ્યપૂર્ણ વચનમાં કહેલી પરમાત્માના જ્ઞાનવિજ્ઞાનની તીવ્ર જિજ્ઞાસા ધારણ કરાવે છે; લૌકિક તૃષ્ણા પરિત્યજાવે છે; કુટુંબપાલનાદિ સર્વસામાન્ય ધર્મો ત્યજાવી દઇ એકમાત્ર ઈશ્વરશરણતાનો સર્વોપરિ ધર્મજ પળાવે છે; ઉદરનિર્વાહને લગતા અનેક માર્ગ તૈયાર છતાં તેને ત્યજાવીને 'નારાયણહરિ,'

'રામચરિતમાનસ' જેવો અદ્ભુત ગ્રંથ પૂર્ણ કરતી વખતે પણ તેઓ પોતાવિષે કહે છે કે:-

કવિ ન હોઉં, નહિં ચતુર પ્રબીના, સકલ કલા સબ બિદ્યાહીના;
કબિત બિબેક એક નહિં મોરે, સત્ય કહૌં લિખિં કાગદ કોરે.
બંચક ભગત કહાઈ રામકે, કિંકર કંચન કોહ કામકે;
તિનમહેં પ્રથમ રેખ જગ મોરી, ધિગ ધર્મધ્વજ ધંધરક ધોરી.
જૌં અપને અવગુન સબ કહઉં, બઢહિ કથા પાર નહિં લહઉં.

આ પ્રમાણે જો કે ગોસ્વામીજી નિરાભિમાન હતા,તોપણ લોભ કે ભયવશ થઇને દીનતા દર્શાવવી એને તેઓ સદ્‌ગુણ નહિ પણ અવગુણ માનતા હતા.

'જયશ્રી રામ' 'ભગવતિ ભિક્ષાન્દેહિ' 'ધર્મલાભ,' ઇત્યાદિ ભિન્નપ્રદ શબ્દો સંભળાવના થઇ માધુકરી ભિક્ષાન્ન મંગાવે છે; ગાદીતકિયે બેસીને નમસ્કાર ઝીલવાનું અને પોતાના જયનાદો સાંભળવાનું ક્યાંય રહી જઇને પ્રભુકીર્તનપર નાચવાકૂદવાનું, હસવારોવાનું અને હરિજનોને ચોંટવાનું ઠરાવે છે; અને પાસે એક કોડી પણ નહિ છતાં એક બાદશાહ કરતાં પણ અધિક આનન્દ શાન્તિના અને વિલક્ષણ-નિર્વિષયી-આનંદના ભોક્તા બનાવે છે; તે આન્તરિક રોશની કઇ! એનું નામ વિવેક અને વૈરાગ્ય હોઇને નિશ્ચલદાસજી તેનાં શાસ્ત્રોક્ત સ્વરૂપ કહે છે કે:-

અવિનાશી આતમ અચલ, જગતાતેં પ્રતિકૂલ; ઐસો જ્ઞાન વિવેક હૈ, સબ સાધનકો મૂલ.
બ્રહ્મલોક લોં ભોગ જો, ચહૈ સબનકો ત્યાગ; વેદઅર્થ જ્ઞાતા મુનિ, કહત તાહિ વૈરાગ.

જ્ઞાની અને તત્ત્વદર્શી સત્પુરુષોપ્રતે પ્રણામ, પ્રશ્ન અને સેવા કરવાથી; અને કેટલો ખરે તેમના ઉપદેશરૂપ સામર્થ્યના સેવનથી પણ ઉપરોક્ત વાસ્તવ વિવેકરૂપી બીજ હૃદયમાં વવાય [illegible]; અને એકવાર વવાયું એટલે પછી તેમાંથી વૈરાગ્યરૂપી અંકુર તો ઉગી નીકળ્યા રહેતા નહિ એ અંકુર વૃદ્ધિ પામતાં પટ્સંપત્તિરૂપી શાખાપાન અને શાખાપાનમાંથી [illegible] પરમાત્મભક્તિરૂપી પુષ્પ પણ એવાં વિકસી ઉઠે, કે પછી મોક્ષરૂપી સર્વોપરિ ફળ [illegible] [illegible]. [illegible] પછી તે વૃદ્ધિંગત દશા આન્તરિક [illegible] પ્રતાપે અને [illegible] [illegible] [illegible] પ્રકટીત બનાવે, કે જેથી અધિકારી માનવોમાં જ્ઞાનમાર્ગ તરફનું [illegible] [illegible]. એ [illegible] ફળ જીવન્મુક્તના વચન, ચક્ષુ અને વર્તનદ્વારા પણ શાન્તિ-[illegible] [illegible] [illegible] [illegible] એવું તો [illegible] [illegible] દીપવા કરે, કે જાણે સર્વને [illegible] [illegible] [illegible] ન રહ્યું હોય કે, 'આ તો અમારા દેશમાં.' હવે આવા સાચા જિજ્ઞાસુઓ અને [illegible] [illegible] [illegible]. તેને માટે પ્રભુ [illegible], રામકૃષ્ણ પરમહંસ, દયાનંદ સરસ્વતી, સ્વામી રામતીર્થ, [illegible], વિવેકાનંદ સ્વામી, ગુરુ [illegible], [illegible], કબીર, ગુરુ નાનક, [illegible], [illegible], [illegible], નરસિંહ મહેતા, તુકારામ, [illegible], [illegible], [illegible], જ્ઞાનેશ્વર, [illegible] [illegible]

[illegible]

'રામચરિતમાનસ' જેવો અદ્ભુત ગ્રંથ પૂર્ણ કરતી વખતે પણ તેઓ પોતાવિષે કહે છે કેઃ-

> કવિ ન હોઉં, નહિં ચતુર પ્રબીના, સકલ કલા સબ બિદ્યાહીના;
> કબિત બિબેક એક નહિં મોરે, સત્ય કહૌં લિખિં કાગદ કોરે.
> બંચક ભગત કહાઈ રામકે, કિંકર કંચન કોહ કામકે;
> તિનમહેં પ્રથમ રેખ જગ મોરી, ધિગ ધર્મધ્વજ ધંધરક ધોરી.
> જોં અપને અવગુન સબ કહઉં, બઢહિ કથા પાર નહિં લહઉં.

આ પ્રમાણે જો કે ગોસ્વામીજી નિરાભિમાન હતા, તોપણ લોભ કે ભયવશ થઈને દીનતા દર્શાવવી એને તેઓ સદ્ગુણ નહિ પણ અવગુણ માનતા હતા.

'જયશ્રી રામ' 'ભગવતિ ભિક્ષાન્દેહિ' 'ધર્મલાભ,' ઇત્યાદિ હિતપ્રદ શબ્દો સંભળાવતા શા માધુકરી ભિક્ષાન્ન મંગાવે છે; ગાદીતકિયે બેસીને નમસ્કાર ઝીલવાનું અને પોતાના જયનાદ સાંભળવાનું ક્યાંય રહી જઇને પ્રભુકીર્તનપર નાચવાકૂદવાનું, હસવારોવાનું અને હરિજનોને વં[illegible]વાનું કરાવે છે; અને પાસે એક કોડી પણ નહિ છતાં એક બાદશાહ કરતાં પણ અધિક આન્તર શાન્તિના અને વિલક્ષણ-નિર્વિષયી-આનંદના ભોક્તા બનાવે છે; તે આન્તરિક યોગ્યતા [illegible] એનું નામ વિવેક અને વૈરાગ્ય હોઇને નિશ્ચલદાસજી તેનાં શાસ્ત્રોક્ત સ્વરૂપ કહે છે કેઃ-

> અવિનાશી આતમ અચલ, જગતાતેં પ્રતિકૂલ; ઐસો જ્ઞાન વિવેક હૈ, સબ સાધનકો મૂલ.
> બ્રહ્મલોક લોં ભોગ જો, ચહૈ સબનકો ત્યાગ; વેદઅર્થ જ્ઞાતા મુનિ, કહત તાહિ વૈરાગ.

જ્ઞાની અને તત્ત્વદર્શી સત્પુરુષોપ્રત્યે પ્રણામ, પ્રશ્ન અને સેવા કરવાથી; અને કેટલેક અંશે તેમના ઉપદેશરૂપ સદ્ગ્રંથોના સેવનથી પણ ઉપરોક્ત વાસ્તવ વિવેકરૂપી બીજ હૃદયમાં [illegible] ઉગે; અને એકવાર વવાયું એટલે પછી તેમાંથી વૈરાગ્યરૂપી અંકુર તો ઉગી [illegible] રહે નહિ એ અંકુર વૃદ્ધિ પામતાં [illegible] અને [illegible] પરમાત્મ[illegible] પુષ્પ પણ એમાં વિકસી ઉઠે, કે પછી મોક્ષરૂપી સર્વોપરિ [illegible] [illegible]. [illegible] પછી તે વૃદ્ધિંગત [illegible] આન્તરિક [illegible] અને [illegible]

[illegible]

ગોસ્વામી તુલસીદાસજીનું સંક્ષિપ્ત વૃત્તાન્ત છોડવાનો છે!
અર્થાત્ કાગડાને ગમે તેટલા પ્રેમપૂર્વક પાળીએ, તોપણ તે શું માંસાહાર છોડવાનો છે!
ગોસ્વામીજી પરમાત્મમહિમાના પણ એવા જ્ઞાની અને અનુભવી હતા કે, ધનવાનોની
કૃપા કે અવકૃપા તેમને મહત્ત્વનાં લાગતાં નહિ. તેઓ સ્પષ્ટપણે કહેતા કેઃ—
"કિરપા જિનકી કછુ કાજ નહિ, ન અકાજ કછુ જિનકે મુખ મોરે."
અર્થાત્ ધનવાનોની કૃપાથી મારું ઉચ્ચ અને સંગીન લોકસેવાનું વિશાળ પ્રયોજન
સરવાનું પણ નથી; અને તેમણે મુખ મરડવાથી તે પ્રયોજન અટકે કે બગડે એવું પણ નથી.
મતલબ કે ગોસ્વામીજી જેવા પરમ સંતનું જ્ઞાનચારિત્ર્ય એવું હતું; અને પોતાનું તન-
મન એક એવા સર્વજ્ઞ સર્વશક્ત પ્રભુને સર્વભાવે સમર્પી ચૂકયા હતા; કે જેથી હરિજનોનું
યોગક્ષેમ (પ્રાપ્તિ અને રક્ષણ) વહન કરવાનું માથે લઇ ચૂકેલા સર્વેશ્વરે તેમની યોગ્યતા અને
વૃત્તિસુજનનું એવું અસામાન્ય લોકસેવાનું કાર્ય સોંપી આપ્યું; કે તેની સફળતા કે નિષ્ફળતાનો
આધાર ધનિકોની કે બીજા કોઇની કૃપા અવકૃપા ઉપર નહિ રહેતાં કાર્યકર્તાની પોતાની એ-
નિષ્ઠા, નિષ્કામતા, તપ, યત્ન, પરમાત્મશ્રદ્ધા, પ્રભુપરાયણતા અને પ્રભુકૃપા ઉપરજ હતો.
ગોસ્વામીજી તો આવા દૈવીસંપત્તિવાળા અને એકમાત્ર પ્રભુનીજ સ્પૃહા રાખવાવાળા.
એટલે પછી ધનકીર્તિના ગુલામોની પ્રશંસા કે ખુશામત તેઓ શામાટે કરે? અને શામાટે
પ્રભુપરાયણતાના વેષને લજાવે! તેઓ કહે છે કેઃ—
"કીન્હે પ્રાકૃત જન ગુનગાના, સિર ધુનિ ગિરા લાગિ પછીતાના."
અર્થાત્ પ્રાકૃતજનનાં ગુણગાન—ખુશામત—ક્યાંસુધી કર્યા કરવાં? લોકહિતની અતિ વિ
શાળ ભાવનાઓને પહોંચી વળવામાં એ લોભમોહના અને ખુશામતના ગુલામો કયાં સુધી સા
થ આપી શકવાના હતા? એટલે તો તેનું મસ્તક ધુણવાનુંજ છે; અને જ્યાં મસ્તક ધુણ્યું (નકાર દર્શા
વ્યો) કે તરતજ પ્રભુને ત્યજી ધનિકને ભજવાની પોતાની નિર્બળતામાટે પસ્તાવોજ થવાનો!

ક્યાં જગતનાં દુઃખ અને અજ્ઞાનતાના દરિયા, અને ક્યાં તેમના અજ્ઞાનનો લાભ લઇને પૈસાદાર બનવાની પાપી પ્રવૃત્તિઓ! ક્યાં એરણની ચોરીઓ ને ક્યાં સોયનાં દાન! અને તે છતાં પણ દાનેશ્વરી કર્ણ પોતે હોય તેવાં મિથ્યાભિમાન! નંદના ફંદ ગોવિંદ જાણે, બળીઆ કાકાને પાઠો તાણે! સર્વ સંપત્તિના અપાર સાગર અને હજારો હાથવાળા અનંત બ્રહ્માંડના નાથ અનાદિકાળથી કેવી કેવી રીતે જગતનું ભલું કરતા આવ્યા છે અને કર્યા જાય છે; તેની અકળ કળા તો પ્રભુના જનોજ સમજે. જુઓ, ગોસ્વામીજીની લોકહિત માટેની પ્રબળ દયા અને ભાવના જોઇને તેમના હાથે શ્રીહરિએ કેવા પ્રકારનું અને કેવું સંગીન કાર્ય ધનવાનોની જરા પણ સ્પૃહાવિના કરાવ્યું! વળી 'સાધુ બ્રાહ્મણનું તે લેવાય' એવું ડહાપણ ડહોળનારાઓ જરા વિચાર કરી જુએ કે, ગોસ્વામીજી અને વ્યાસ વાલ્મીકિ જેવા સાધુ બ્રાહ્મણોના હાથથી દયાભાવે રચી અપાયલાં રામાયણાદિ ગ્રંથોનાં અમૂલ્ય જ્ઞાનદાનવડેજ હિંદુજાતિ હિંદુતરીકે રહી શકીને! જરા વિચારી તો જુઓ કે તેમનાં એ જ્ઞાનદાન કેવી અજબ વસ્તુ છે, કે જેનું દાન ધનવાનોને તો શું પણ રાજામહારાજાઓને પણ યુગોના યુગોથી ઉપયોગમાં લેવું પડે છે અને લીધાજ કરવું પડશે! એ પાપપ્રપંચથી મેળવેલા ધનના થોડાક ટકા ધર્મને નામે ખર્ચી પ્રભુને પટાવવાવાળા, પાપ ધોવરાવવાવાળા, અને તે છતાં પણ પોતાને મોટા દાનેશ્વરી સમજીને ફુલણજી બની બેસવાવાળા માણસો! તમે તે મોટા દાતા છો, કે ઋષિમુનિઓના મોટા દેવાદાર–કે જ્ઞાનભિક્ષુ છો? ખુલ્લમખુલ્લું માગી ભીખીને પેટ ભરવાવાળા કંગાલ–રખડતા ભિખારીઓ વધારે નીચ? કેપછી ધોળે દહાડે ભરવસ્તી વચ્ચે મિત્રવેષે વસીને જંગલી લૂંટારા કરતાં પણ ઘણું વધારે લૂંટી જાણનારા, તથા સ્વાર્થને ખાતર પરદેશી લુંટારાઓના દલાલ–મદદગાર–બનવાવાળા વધારે નીચ? આ તે કહેવાય અક્કલના ભંડાર, કે નર્કની ટિકીટ વહોરનાર! મોટરની ઝડપે બની રહ્યા છો તિજોરી તર કરનાર, કે પછી રૌ રૌ નર્કના ઉમેદવાર!

આવા ધનવાનો આગળ પ્રભુશરણતાના લેખને ન લજાવતાં દીપાવે એવીજ રીતે ગોસ્વામીજી વર્ત્યા હતા. તેમણે કોઇ મનુષ્યની પ્રશંસા કરી નથી. સાચા ભક્તાત્મા ટોડરમલ સાથે અલૌકિક સંબંધ તથા પૂરો પરિચય હોવાથી માત્ર તેમના વિષેજ ચાર દોહા કહ્યા હતા, કે જે આગળ આવી ગયા છે.

પોતાનો સર્વ ભરોસો, બળ, આશ, વિશ્વાસ અને હિતપ્રીત, એકમાત્ર ઘનશ્યામ શ્રીરામ પ્રભુમાંજ હોઇને પોતાને વાસ્તવમાં એકમાત્ર તેમનાજ ચાતક–યાચક દર્શાવતાં કવે છે કેઃ–

"એક ભરોસો એક બલ, એક આસ બિસ્વાસ; એક રામ ઘન–શ્યામ હિત, ચાતક તુલસીદાસ."

તેઓ નિંદા અને નિંદકોપ્રત્યે કેટલા નિઃસ્પૃહ હતા; ધનધામના ગુલામ નહિ રહેતાં ઘનશ્યામ શ્રીરામના ગુલામ બનવા માટે કેવા મસ્તરામ રહેતા હતા; તથા કીર્તિ અને કાંચન-કામિનીથી કેવા નિષ્કામ હોઈ દૂર રહેતા; તે તેમના નીચલા શબ્દોથી જણાઇ રહે છે.

"ધૂત કહો અવધૂત કહો, રજપૂત કહો જુલહા કહો કોઉ,
કાહૂ કી બેટી સે બેટા ન બ્યાહનુ, કાહૂ કી જાતિ બિગાર ન સોઉ;
તુલસી સરનામ ગુલામ હૈ રામકો, ચાહે કોઊ જો કહૈ કછુ ઓઊ,
માંગિ કે ખાઉ મજીદમેં સોઉ, ન લેવે કો એક ન દેવે કો દોઊ."

ભારતભૂમિમાં જન્મનારે કેવો લાભ લેવો જોઇએ, તે વિષે કાંઇપણ અસર થાય, તે સારૂ કટક ભાષામાં કહેવા સાથે પ્રભુને પામવાની એક ખાસ કુંચી પણ બતાવી દે છે કેઃ—

"ભલિ ભારતભૂમિ, ભલે કુલ જન્મ, સમાજ સરીર ભલો લહિકે;
જો ભજૈ ભગવાન, સયાન સોઇ, તુલસી હઠ ચાતક જ્યોં ગહિકે."

* * * * *

" યહ ભરતખંડ સમીપ સુરસરિ,થલ ભલો સંગતિ ભલી;
તેરી કુમતિ કાયર કલ્પ વલ્લી, ચહતિ હૈ બિષફલ ફલી."

અર્થાત્ હે મનુષ્ય ! આ ભારતભૂમિમાં અને આર્યજાતિમાં જન્મ મળ્યો, તેને એક ખાસ તક મળેલી સમજીને–જેમ ચાતક પક્ષી, હઠ કરીને સ્વાતિબુંદનેજ ઝંખે છે તેમ–તારી બુદ્ધિ જો એક શ્રીહરિનેજ આગ્રહ અને એકનિષ્ઠાપૂર્વક ઝંખી–ભજી–જાણે, તોજ તારી બુદ્ધિને શાણી સમજજે; અને આ ભરતખંડમાં આવાં ઉત્તમ ગંગા, ઉત્તમ સ્થાન અને સંતોની સંગતિ મેળવવાં શક્ય તથા કલ્પતરૂ પેરે ઈચ્છીત ફળ આપે એવાં છે; છતાં પણ હે કાયર, માણસ ! જો તારી બુદ્ધિ એવા અતિ હિતાવહ સંયોગોને પણ શોધવા–સાધવાની ઇચ્છા અને પ્રવૃત્તિ ન કરાવે; અને કરાવે તોપણ તે કલ્પવૃક્ષ પાસે મોક્ષરૂપી અમૃતફળને બદલે લૌકિક-વિષયોરૂપી વિષમય ફળનેજ જો ઈચ્છાવે, તો તો તેને કુબુદ્ધિજ જાણજે.

ગોસ્વામીજીની અનેક લોકો નિંદા, મશ્કરી, હેરાનગતિ વગેરે કરતા હતા અને તેમનો જીવ પણ લેવા ઈચ્છતા હતા; છતાં પણ તેઓ પોતે આનંદમાં કેવી રીતે રહી શકતા હશે ? એ વિષે તેઓ પોતે પોતાના સરલ અને તેજસ્વી સ્વભાવને અનુસરતા શબ્દોમાં કથે છે કેઃ–

" લોગ કહૈં પોચ સો ન સોચ ન સંકોચ મેરે, બ્યાહ ન બરેખી જાતિ પાँતિ ન ચહત હોં;
તુલસી અકાજ કાજ રામહી કે રીઝે ખીઝે, પ્રીતિ કી પ્રતીતિ મન મુદિત રહત હોં."

અર્થાત્ લોકો મને પોચો, નીચ, ભ્રષ્ટ કે ગમે તેવો કહે; તેથી મને શોક, ચિંતા કે સંકોચ ઉપજતો નથી; કેમકે હું વિવાહ મહાલવાની, ઉચ્ચજાતિમાં ગણાવાની કે અમુક જ્ઞાતિ અથવા સંપ્રદાયવાળાઓની પંક્તિમાં (પંગતમાં) બેસવાજમવાની ચાહનાવાળો નથી. મારે તો પ્રયોજનજ કોઈ એવા પ્રકારનું છે કે જે બનવા ન બનવાનો સર્વ આધાર એકમાત્ર સર્વાંતર્યામી શ્રીહરિની કૃપા થવા કે ન થવા ઉપર છે; માણસોના રીઝવા–ખીજવા ઉપર નથી; અને તે પ્રભુની પ્રીતિરીતિ ઉપર તો મ્હારો એવો વિશ્વાસ બેસી ગયો છે, કે જેથી મનમાં કોઈ વાતની ચિંતા ન થતાં સદા આનંદમાંજ રહું છું.

ગોસ્વામીજીનો સર્વથી પ્રધાન ગુણ સરળતા હતો; અને તેથી કરીનેજ તેઓ પોતાના મનમાં જે જે મનોભાવ ઉપજે, તે તે ઉપર પ્રમાણે સરલ અને સ્પષ્ટપણે કહી દેતા. મનમાં એક વાત અને મોઢે બીજી વાત, એવું મહાત્માપણું જરાપણ નહિ રાખતાં અકળામણને પ્રસંગે તેઓ અકળામણ પણ જેવાને તેવાજ રૂપમાં ખાલી કરી નાખતા. આવા સરલ સ્વભાવને લીધેજ તેઓ બાકીના સર્વ સમયમાં ચોખ્ખા હૃદયવાળા, બાળક જેવા આનંદી, કવિઓના કવિ અને દાતાઓના દાતા રહેતા; તથા મોટા સમ્રાટપ્રત્યે પણ નિડર અને સ્પષ્ટભાષી રહેતા.

રહી શકતા હતા.

ગુરુ દત્તાત્રેયની પેઠે ગોસ્વામીજી પણ એવી તળસ્પર્શી બુદ્ધિવાળા હતા, કે જેથી ખળ (દુષ્ટ + શઠ = ખળ) માણસના અવગુણમાંથી પણ પોતાનું સરસ હિત થતું જોઈ કહેતા કેઃ–

" ખલ પરિહાસ હોહિ હિતમોરા, કાક કહહિં કલકંઠ કઠોરા."

અર્થાત્ કાગડો તો બળાપો કહાડવા માટે એમજ કહેશે કે, ' જુઓને આ કોયલનો સ્વર કેવો કઠોર છે !' પરંતુ એથી કોયલને તો ઉલટો લાભજ થાય છે; કેમકે તેના તરફ લોકોનું ધ્યાન ઉલટું વધુ ખેંચાઇને તથા તટસ્થ, નિડર અને હૃદયબળવાળા માનવદેવો નીકળી આવીને ઉલટા કોયલનાજ સ્વરની વાહ વાહ ગજાવી મૂકે છે ! માટે ખળ માણસ મ્હારી કે મ્હારાં કામોની નિંદામશ્કરી કરે, તેથી તો ઉલટું લોકોનું ધ્યાન મ્હારા તરફ વિશેષ ખેંચાઇને મ્હારી લોકહિતની ધારણા વધુ સફળ થવારૂપે મ્હારૂં હિતજ થતું ચાલે છે.

કોઈ માણસ ધન કે લોકકીર્તિમાં ગમે તેટલો આગળ વધેલો હોય, તેટલા ઉપરથી તેને

ગોસ્વામીજી સાચો પ્રભુભક્ત કે પરમાત્મજિજ્ઞાસુ માનતા નહિ. વળી તેમણે ઉપદેશેલાં કર્મ, જ્ઞાન થતા ભક્તિમાર્ગનાં આચરણ એવા પ્રકારનાં હતાં કે જેને કોઈથી વિષયલંપટતા કે વિષયવિલાસના પડદારૂપે-બહાનારૂપે ચલાવી શકાય નહિ.

બીજી થોડીક બાબતો

અસ્સીપર તુલસીદાસજીનો ઘાટ પ્રસિદ્ધ હોઈ ત્યાં તેમણે સ્થાપેલા હનુમાનજીના મંદિરની બહાર વીસાયંત્ર પણ લખેલો છે; પણ તે હવે વાંચી શકાતો નથી. અહીં ગોસ્વામીજીની ગુફા પણ હજી છે. વિશેષ કરીને તે આ ગુફામાંજ રહેતા અને અંતસમયે પણ ત્યાંજ હતા. આ અસ્સીસ્થાનપર ગોસ્વામીજીએ પોતાની રામાયણ અનુસારજ રામલીલાનો આરંભ કરેલો અને હજી પણ કાશીમાં સર્વથી પુરાણી રામલીલા એજ મનાય છે તથા થતી રહે છે.

રામલીલા ઉપરાંત ગોસ્વામીજી કૃષ્ણલીલા પણ રૂડે પ્રકારે કરાવતા અને હજી પણ કાશીજીમાં આસો વદ પાંચમે એ લીલા બહુજ સુંદર રીતે થાય છે.

કાશીમાં આવેલા ગોપાલમંદિરમાં મુકુંદરાયજીના બાગના નૈઋત્યખૂણામાં એક ઓરડીમાં ગોસ્વામીજીની બેઠક છે. કેવળ શ્રાવણ સુદ સાતમેજ તે ઓરડી ખુલે છે અને લોકો પૂજા ઇ૦ કરે છે. અન્ય દિવસોમાં તો ઝરૂખામાંથીજ લોકો દર્શન કરી શકે છે. વિનયપત્રિકાનો કેટલોક ભાગ ગોસ્વામીજીએ આ સ્થળેજ લખ્યો હતો.

ગોસ્વામીજી પ્રથમ ઉપરોક્ત અસ્સીવાળા હનુમાનફાટકમાં (હનુમાન મંદિરમાં) રહેલા, પરંતુ મુસલમાનોના ઉપદ્રવથી પછી ઉપરોક્ત ગોપાલમંદિરવાળા સ્થાનમાં જઈ રહ્યા; અને એ પછી ત્યાં પણ વલ્લભકુળવાળા ગોસ્વામીઓનો વિરોધ જાગતાં ગોસ્વામી તુલસીદાસજી પાછા અસ્સીપર આવીને પછી મરણપર્યંત ત્યાંજ રહ્યા.

અસ્સીના નાળા ઉપર "સંકટમોચન હનુમાન" ગોસ્વામીજીએ સ્થાપ્યા હતા. ગોસ્વામીજીના મિત્ર, જ્યોતિષી ગંગારામજીને રાજા તરફથી જે દ્રવ્ય પ્રાપ્ત થયેલું; તેમાંથી તેમણે બાર હજારની રકમ બહુજ આગ્રહથી ગોસ્વામીજીને ભેટ આપેલી. ગોસ્વામીજી પણ હાલના અનેક ભેખધારી ઇ૦ ની પેઠે પોતામાટે ને ચેલાચેલીમાટે સંઘરી રાખે તેવા ન હતા. એ તો રહ્યા ધનધામના અને મઠમંદિરના સાચા વિરક્ત; એટલે તેમણે તો અંગત રોટલાપાણીનો કે સુખસગવડનો વિચાર નહિ કરતાં માત્ર લોકહિતનોજ વિચાર કર્યો; અને કાશી જેવા મોટા ધામમાં જનવર્ગને સર્વત્ર બ્રહ્મચર્યનો અને આન્તરબાહ્ય સામર્થ્ય ખીલવવાનો વિચાર ઉપજાવ્યા કરે તેવી હનુમાનની બાર મૂર્તિઓની સ્થાપના જૂદે જૂદે સ્થળે કરી; અને તેનીજ પાછળ એ રકમ ખર્ચી નાખી. 'સંકટમોચન હનુમાન' પણ એ બારમાંનાજ એક છે.

કહેવાય છે કે અકબરના પ્રસિદ્ધ વજીર નવાબ ખાનખાના અને તુલસીદાસજીને અત્યંત સ્નેહ હતો. એક વાર એક ગરીબ બ્રાહ્મણ કે જે દ્રવ્યના અભાવને લીધે કન્યાનો વિવાહ કરવાને અશક્ત હતો, તે ગોસ્વામીજીની પાસે આવ્યો. ગોસ્વામીજીને આ બ્રાહ્મણ ખરેખરો બ્રાહ્મણના જેવીજ વૃત્તિવાળો-દૈવી સંપત્તિવાળો-લાગ્યો. આથી એવાને જે કોઇ વિપત્તિમાં સહાય કરે તેનું અહોભાગ્ય સમજીને તેમણે એક ચીઠ્ઠીપર એવો અર્ધો દોહો લખી આપીને ખાનખાના પાસે તે બ્રાહ્મણને મોકલ્યો કેઃ—

" સુરતિય, નરતિય, નાગતિય, સબ ચાહત અસ હોય. "

ઉપલી લીટી વાંચતાંજ ખાનખાનાએ તેને પુષ્કળ ધન આપ્યું. સાથે પૂર્તિ પણ લખી મોકલી કેઃ— " ગોદ લિએ હુલસી ફિરૈ તુલસી સો સુત હોય. "

આમેરના મહારાજ માનસિંહ અને તેમના ભાઇ જગતસિંહ વખતોવખત ગોસ્વામીજી પાસે આવતા હતા. એક દિવસ ગોસ્વામીજીને કોઇએ પૂછ્યું કેઃ—'મહારાજ! પહેલાં તો આ-

પની પાસે કોઈ આવતું નહોતું, અને હવે એવું શું કારણ થયું છે કે આવા મોટા મોટા લોકો પણ આપની પાસે આવે છે?' ત્યારે ગોસ્વામીજીએ કહ્યું કેઃ—

" લહે ન ફૂટી કૌડી હૂઁ, કો ચાહે કેહિ કાજ, સો તુલસી મહઁગો કિયો રામ ગરીબનિવાજ;
ઘર ઘર માઁગે ટૂક પુનિ, ભૂપતિ પૂંજે પાય, તે તુલસી તબ રામબિનુ, યે અબ રામ સહાય.

અર્થાત્ જે તુલસીદાસ પાસે ફૂટી બદામ પણ કોઈ ઇચ્છે તો મળે નહિ, એવો તે સસ્તો (અનાથ) હતો; તેને એક ગરીબનિવાજ શ્રીરામચંદ્રના નામેજ મોંઘો કરી દીધો! એક વાર તુલસીદાસ ઘરઘર ટુકડા માગતો હતો, તેનું કારણ એ હતું કે તે સમયે શ્રીરામ નામની સહાય લેવાની તેને સમજણ ન હતી; અને હવે જેના પગ ભૂપતિ પણ પૂજે છે, તે તુલસીદાસને શ્રીરામ નામની સહાયતા મળી ગઈ છે.

વેણીમાધવદાસજીકૃત 'મૂળ તુલસીચરિત્ર'માં ખુદ ગોસ્વામીજીનાં જે વચન છે, તે જોતાં તેમના પ્રપિતામહનું નામ પરશુરામ, તેમના પુત્રનું નામ શંકર મિશ્ર, અને તેમના પુત્રનું નામ રુદ્રનાથ મિશ્ર હતું. એ રુદ્રનાથ મિશ્રને બે કન્યાઓ હતી. તેમનાં નામ 'વિદ્યા' અને 'વાણી' હતાં; અને જે ચાર પુત્રો હતા તેમનાં નામ ગણપતિ, મહેશ, તુલારામ અને મંગળ હતાં. આમાંના ત્રીજા જે તુલારામ તેજ આપણા ચરિત્રનાયક હોઇને તેમનું બીજું બચપણનું નામ 'રામબોલા' હતું. પછી આગળ જતાં ભેખ લેતી વખતે ત્યાગીતરીકે તેમનું નામ તુલસીદાસ પડયું હતું. વળી વેણીમાધવદાસજીવાળા મૂળ 'તુલસીચરિત્ર'માં ગોસ્વામીજીના ગુરુનું નામ 'રામદાસજી' પણ જણાવ્યું છે.

સન ૧૬૧૬ માં ભારતમાં પ્લેગ આવ્યો અને આઠ વર્ષ રહ્યો. ગોસ્વામીજીને પણ એ રોગ થયેલો, એમ તેમની એક નાની કૃતિ હનુમાનબાહુકમાંના વર્ણન ઉપરથી જણાય છે. એ સમયે તેમને એ વ્યાધિ મટી ગયો; પરંતુ એ પછી સાત વર્ષે સન ૧૬૨૩–સંવત૧૬૮૦ માં બીજીવાર પાછો એ વ્યાધિ લાગુ થતાં કાશીમાં તેમનો દેહાંત થયો.

ગોસ્વામીજી "બાર ભૈયા ને તેરચૌકા" જેવો બાહ્યાચાર નહિ પાળતાં કોઈપણ સંત સાથે ભળી જતા. તેઓ વૈરાગીઓમાં પણ રહેલા; પરંતુ ધન–માન–કીર્તિ ઇત્યાદિની લૌકિક કામનાઓને ઓળંગી જઇ નિષ્કામી બનેલા, તથા સર્વભાવે એક શ્રીહરિનુંજ શરણ લઇને પૂર્ણ સફળતાને પામેલા; એટલે સામાન્ય માનવો સાથે ક્યાંસુધી તેમને બને! વિષયી અને જિજ્ઞાસુના ગુણ–કર્મ–સ્વભાવ વચ્ચે ધર્મશાસ્ત્રો પણ આસમાન–જમીન જેટલો ફેર બતાવે છે; અને એકબીજાથી એટલા બધા ઉલટા ધર્મ દર્શાવે છે કે, એકને માટે જે વિધિરૂપ, તે બીજાને માટે નિષેધરૂપ બને છે; અને બીજામાટે વિધિરૂપ, તે પહેલામાટે નિષેધરૂપ બને છે! મહર્ષિ ગોસ્વામીજીની કક્ષા ક્યાં અને સામાન્ય જનોની કક્ષા ક્યાં! છતાં પણ ગોસ્વામીજી ઉદારતા અને સહનશીલતાપૂર્વક રહેવાયું ત્યાંસુધી સાંપ્રદાયિકોમાં રહ્યા; અને પછી શ્રીકાશીજીમાં જઇ વસીને મોટે ભાગે ત્યાંજ રહ્યા. વચમાં વચમાં ચિત્રકૂટ પણ જઇ રહેતા.

સમ્રાટ્નો અંગત પરિચય ન થતાં સુધી તેમના પરિચયી માણસનેજ સમ્રાટ કરતાં અધિક ઉપયોગી સમજવો જોઇએ; એ દૃષ્ટિથી ગોસ્વામીજી પ્રભુ કરતાં પણ પ્રભુના દાસને અધિક દર્શાવવા કહે છે કેઃ–" મોરે મન પ્રભુ અસ વિશ્વાસા, રામતેં અધિક રામકર દાસા."

જે પણ સજ્જનોને ખરા અર્થમાં પૂર્ણ નિષ્કામી અને સચ્ચિદાનંદપદના પૂર્ણ આગ્રહી (તિવ્ર જિજ્ઞાસુ) બનીને યથાર્થ પરમાત્મદર્શી–આદર્શ જીવન્મુક્ત–રૂતંભરા બુદ્ધિવાળા ભારતીય-ઋષિમુનિ–દેશદશાનું વાસ્તવ નિદાન (મૂળ કારણ, તેનું કાર્ય તથા પરિણામનું યથાવત્ અવલોકન) અને તેનો આબાદ ઉપાય, પથ્ય, કુપથ્ય, ઇ૦ સમજી સમજાવી શકનારા મહાન જગતગુરૂની સ્થિતિએ પહોંચવું હોય; તેમને માટે તો ગોસ્વામીજીનું જીવન અને કવન આજે પણ અનેક રીતે એવું આદર્શરૂપ, અને માર્ગદર્શક, થાય તેવું છે કે જેથી તેમના ઉપરોક્ત કથન

મુજબ શ્રીરામભક્ત તરીકે સર્વ પહેલાં તેમને પોતાનેજ શ્રીરામ પ્રભુ કરતાં ચ્હડીયાતા કહેવાનું મન થઈ જાય છે. આ વિષે એક સંતપુરુષે ઠીકજ કહ્યું છે કેઃ—

ગુરુ ગોવિંદ દોનું ખડે, કિસકુ લાગુ પાય; બલિહારી ગુરુદેવકી, જિને ગોવિંદ દિયો બતાય.

પરંતુ એ પણ ખરૂં છે કે જીવતાજાગતા સુયોગ્ય ગુરુવિના પણ ભાગ્યેજ ચાલે; અને તે જોતાં તેવાની પ્રાપ્તિનો આધાર તો પાછો પ્રભુનીજ કૃપા ઉપર, અને પ્રભુપ્રાપ્તિનો આધાર ગુરુદેવની કૃપા ઉપર રહે છે. માટે એ વાત સ્પષ્ટ કરવા સારૂ ગોસ્વામીજી કહે છે કેઃ—

રામકૃપા તવ દરશન ભયઉ, તવ પ્રસાદ મમ સંશય ગયઉ.
સંત વિશુદ્ધ મિલહિં પરતેહી, ચિતવહિં રામકૃપા કરિ જેહી.
અબ મોહિં ભા ભરોસ હનુમન્તા, બિનુ હરિકૃપા મિલહિં નહિં સંતા.
બિનુ સત્સંગ બિબેક ન હોઈ, રામકૃપા બિન સુલભ ન સોઈ.

વાંચનાર બંધુ ! આ મહાન જગતગુરૂ ગોસ્વામીજીના જીવન અને કવનનાં યથાવત વખાણ કરવાને અસમર્થ હોઇને માત્ર આટલાં પાનીયાં આવા રૂપે તૈયાર કરવા પાછળ પણ પોણાબે માસ ગયા; પ્રકૃતિ જોઇએ તેવી સ્વસ્થ નહિ; સંસ્થાનાં બીજાં અગત્યનાં કાર્ય બાજુ રહ્યાં; માટે હવે તો બાકીની થોડીક જરૂરી હકીકતો આપી દઈ રજા લઇશ.

અનેક નાની કવિતાઓસિવાય વીસથી વધુ ગ્રંથો તુલસીદાસજીના રચેલા કહેવાય છે; પણ તેમાંથી કેટલાક તો બીજાઓના રચેલા કહેવાય છે એક હિન્દી નિબંધકારે વધુ માન્ય તરીકે નીચલા બાર ગ્રંથ દર્શાવ્યા છે. એમાં છ નાની રચનાઓ (૧) રામલલા નહછૂ (૨) વૈરાગ્ય સંદીપિની (૩) બરવૈ રામાયણ (૪) જાનકી મંગલ (૫) પાર્વતી મંગલ (૬) રામાજ્ઞા; અને છ મોટા ગ્રંથો (૭) કૃષ્ણગીતાવલી (૮) વિનય પત્રિકા (૯) ગીતાવલી (૧૦) કવિતાવલી (૧૧) દોહાવલી અને (૧૨) રામચરિત માનસ (તુલસીકૃત રામાયણ) છે. આમાં રામાયણ તો પ્રસિદ્ધ વસ્તુ છે; અને બીજી કૃતિઓ ગોસ્વામીજીની ત્રણસો વર્ષની જયંતિપ્રસંગે કાશીની નાગરીપ્રચારિણી સભાએ નીચે મુજબ પ્રસિદ્ધ કરી છે.

તુલસી ગ્રંથાવલી–ખંડ પહેલોઃ—એમાં મૂળમૂળ તુલસીકૃત રામાયણ નાના અક્ષરમાં હોઇને કદ ૫ાા × ૯, પૃષ્ઠ ૫૨૦, પૂંઠું બોર્ડપટીનું તથા મૂલ્ય રૂ. ૨ાા છે.

તુલસી ગ્રંથાવલી–ખંડ બીજોઃ—એમાં ઉપરોક્ત તુલસીકૃત રામાયણ સિવાયના બાકીના ૧૧ ગ્રંથ સમાયલા છે. પૃષ્ઠ શુમારે ૫૫૦, અને કદ, પૂઠાં, તથા મૂલ્ય ઉપર મુજબ.

તુલસી ગ્રંથાવલી–ખંડ ત્રીજોઃ—એમાં પ્રસ્તાવનારૂપે ગોસ્વામીજીનું જીવન ચરિત્ર તથા ઉત્તમસમાલોચના અપાવા ઉપરાંત એજ વિષય ઉપર જૂદા જૂદા વિદ્વાનોના અનેક ઉપયોગી નિબંધ આપેલા છે. કુલ પૃષ્ઠ ૫૫૫, તથા પૂંઠાં, કદ અને મૂલ્ય ઉપર મુજબ છે.

ગોસ્વામી તુલસીદાસજીઃ—આ પુસ્તકમાં ઉપરોક્ત ત્રીજા ખંડમાંથી ચરિત્ર અને સમાલોચના આપેલાં હોઈ પૃષ્ઠસંખ્યા ૨૪૦, મૂલ્ય રૂા. દોઢ, અને કદ, પૂઠાં ઇ૦ ઉપર મુજબ છે.

ઉપરોક્ત પહેલો ખંડ તો તુલસીકૃત રામાયણનોજ હોઇને અક્ષર પણ નાના છે; બીજો ખંડ જેઓ હિન્દી અને વ્રજભાષાથી વધુ પરિચિત હોય; તેમને માટે અમૃતના સાગરરૂપ છે. ત્રીજો ખંડ હિન્દીના સામાન્ય પરિચિત માટે પણ સમજાય તેવો, બોધદાયક અને ગોસ્વામીજીને અનેક દષ્ટિથી સમજાવવાવાળો છે. સમજુ વાંચકોએ આવા ઉત્તમ ગ્રંથ વસાવીને કુટુંબની ઉમદા સંપત્તિ વધારવી જોઇયે. હવે એક અન્ય ગ્રંથમાટે કહેવાનું કેઃ–

શુદ્ધ રામચરિત માનસઃ—આ ગ્રંથ મોટા સ્વચ્છ અક્ષરે, અને ગોસ્વામીજીની પોતાની જોડણીપૂર્વક ચાલુ સાલમાંજ નવલકિશોર પ્રેસ, લખનઉ; એ સ્થળેથી પ્રકાશિત થયેલો છે. મૂલ્ય રૂ. ૪, પૂંઠાં પાકાં, કદ ૬ાા × ૧૦, અને પૃષ્ઠસંખ્યા ૫૮૦ છે. ક્ષેપક ભાગ એમાં મુદ્દલે લીધો નથી; અને વેણીમાધવદાસજીકૃત તુલસીદાસના ચરિત્રનો સારરૂપ છેલ્લો અધ્યાય ઉત્તમ ભાષાંતર તથા પુષ્કળ ટીપણીઓ સહિત આપેલો છે. ચિત્રસંખ્યા ૧૪ છે.

ઉપરોક્ત ગ્રંથમાં ગોસ્વામીજીના મૂળ ચરિત્રની છેવટે તેના નિત્યપાઠનો મહિમા તથા રચનાનો સમય અને ઉદ્દેશ વેણીમાધવદાસજીએ નીચે મુજબ કહ્યો છે:–

" મૂલ ગોસાંઈ ચરિત નિત, પાઠ કરે જો કોય; ગૌરી શિવ હનુમત કૃપા, રામપરાયન હોય."

" સોરહસૈ સત્તાસિ સિત, નવમી કાર્તિક માસ; વિરચ્યો યહિ નિત પાઠ હિત, વેણીમાધવદાસ."

અનેક વંદન અને પ્રણતિ હો, એ મહાગુરુ ગોસ્વામીજીને; અને તેમનું ચરિત્ર મહાભારત કરતાં પણ મોટા કદમાં રચી ગયેલા તેમના સહવાસી શિષ્ય વેણીમાધવદાસજીને.

ભારતવર્ષમાં અનેક મહર્ષિ થઇ ગયા, પણ તેમનાં વિગતવાર ચરિત્ર કમનશીબે પ્રાપ્ત થતાં નથી. હિંદુ જાતિનું કોઈ મોટું પુણ્યજ જાગ્યું હશે, કે જેના યોગે ગોસ્વામીજીના ઉપરોક્ત સુયોગ્ય શિષ્યે રચેલું ઉપરોક્ત વિસ્તૃત અને ઉત્તમ ચરિત્ર સાહિત્યશોધકોની જાણમાં આવ્યું છે. ઈશ્વર કરે ને એ ઉપકારક ચરિત્ર પ્રસિદ્ધ કરવા કરાવવાને તેઓ શક્તિવાન થાય.

અહીં અપાયલું આ ચરિત્ર યથાપ્રાપ્ત હકીકતો ઉપરથી કેટલેક અંશે ભાષાંતરરૂપે તો કેટલેક અંશે સ્વતંત્ર અનુવાદરૂપે; કેટલેક અંશે ટીપણરૂપે તો કેટલેક અંશે વિશેષ ઉલ્લેખરૂપે તથા સારાંશરૂપે પણ છે. આમાં વાંચનાર બંધુઓને કાંઇ પણ હિતાવહતા જણાય, તો તેને માટે તેમણે મૂળલેખક સંત પુરૂષનો, પોતાના પુણ્યનો, ઉપરોક્ત કાશીની અને લખનઉની હિંદીમાં પ્રકટ કરનારી સંસ્થાઓનો તથા સર્વના સુહૃદ્ પરમાત્માનો આભાર માનવાનો છે; તથા જે કાંઇ ખોડખાંપણ વગેરે જણાય; તેને માટે આ મેલાઘેલા સેવકને ગુનેહગાર માનવાનો છે.

' પ્રભુ સકળ સદ્‌ગુણના દરિયા, દાસ મહીં દોષો બહુ ભરિયા ' એવું છતાં પણ વાંચક બંધુઓમાટે આવું તેવું કાર્ય કરવા કરાવવામાં શ્રીહરિ આ મેલાઘેલા તનમનને ચલવી લે છે: તેનેમાટે આ સેવક તે કૃપાળુ પ્રભુનો અને વાંચકવર્ગનો આભાર માને છે. સાથે વાંચકબંધુઓને વિનતિ છે કે પરમાત્મા આવા કાર્યનેમાટે અન્ય સુયોગ્ય સજ્જનોને દોરવવા–વાપરવાને બદલે આવા અયોગ્ય તનમનને વાપરે છે; તેને માટે તેમણે પોતાના પુણ્યનું ઓછપ પણ જાણીજ લેવી; અને પ્રભુપ્રત્યે પ્રાર્થના કરવી કે તે હવે સુયોગ્ય સેવકોથી કામ લે. વળી એવું પણ ઉંડા હૃદયપૂર્વક યાચવું જોઇયે કે હે દીનાનાથ !. અવદશાની હવે હદ થઈ. દેશના ઉદ્ધાર અને દોરવણી માટે અન્ય બાબતોના ઉપાસકો ભલે તેમની મતિગતિ પ્રમાણે બાહ્ય વસ્તુસ્થિતિઓ, બાહ્ય શત્રુઓ, અને બાહ્ય કારણો પાછળજ મચ્યા રહે; પરંતુ અમને તો એ તમામ બાબતોની–તમામ દુઃખોની–અદૃશ્ય ઉંડી જડ, તથા તેને મૂળમાંથી ઉખાડી નાખે એવી આબાદ અમોઘ ચિકિત્સા; એ સર્વ જાણવા કારવવાવાળા એવા આપના પોતાનાજ ઉપાસકોને (પરમાત્મદર્શીઓને) થોડા પણ મોકલો; કે જેમને જોઇને અમો સર્વને ગોસ્વામીજી અને જ્ઞાનેશ્વર, વ્યાસ અને વાલ્મીકિ, ગુરૂનાનક અને ગોવિંદસિંહ, રામદાસ અને શિવાજી, દયાનંદ અને રામકૃષ્ણ, વિવેકાનંદ અને રામતીર્થ, વસિષ્ઠ અને વિશ્વામિત્ર; શ્રીરામચંદ્ર અને હરિશ્ચંદ્ર, હઝરત મોહમ્મદ સાહેબ (સ૦ આ૦ સ૦) અને હઝરત અલિ સાહેબ, ઋષભદેવ અને મહાવીર, ખ્રીસ્ત અને જરથોસ્ત, ધ્રુવ અને પ્રહ્‌લાદ, શિબિ અને રંતિદેવ, દશરથ અને ભગીરથ, દુર્ગાદાસ અને બાપા રાવળ, બુદ્ધ અને શંકરાચાર્ય, ભીષ્મ અને યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન, સમરસિંહ અને પ્રતાપ, કબીરસાહેબ અને ભાણસાહેબ, સગાળશા અને ભામાશા, એવા એવાઓનાં પવિત્ર નામ અને કામ યાદ આવી જાય. ૐ તત્સત્ ૐ તત્સત્ ૐ તત્સત્

શ્રીગોસ્વામી ચરિત્ર નિત, પાઠ કરે જે કોય;
હરગૌરી હરિ લક્ષ્મી સહ, કૃપા સર્વની હોય.

અમદાવાદ,
ભાદરવા શુદ ૫.
સં. ૧૯૮૨.

गोस्वामीजीना केटलाक उपदेश

१–महामोहविनाशिनी–वैराग्यसंदीपिनी

दोहा

राम वाम दिसि जानकी, लषन दाहिनी ओर ।
ध्यान सकल कल्यानमय, सुरतरु तुलसी तोर ॥१॥
तुलसी मिटै न मोहतम, किये कोटि गुनग्राम ।
हृदयकमल फूलै नहीं, विनु रवि-कुल-रवि राम ॥२॥
सुनत लखत श्रुति नयन विनु रसना विनु रस लेत ।
वास नासिका विनु लहै, परसै विना निकेत ॥३॥

सोरठा

अज अद्वैत अनाम, अलखरूप गुनरहित जो ।
मायापति सोइ राम, दासहेतु नरतनु धरेउ ॥४॥

दोहा

तुलसी यह तनु खेत है, मन वच कर्म किसान ।
पाप पुन्य द्वै वीज हैं, ववै सो लहै निदान ॥५॥
तुलसी यह तनु है तवा, तपत सदा त्रय ताप ।
शांत होहि जव शांतिपद, पावै रामप्रताप ॥६॥
तुलसी वेद-पुरान-मत, पूरन शास्त्र विचार ।
यह विराग-संदीपिनी, अखिल ज्ञान को सार ॥७॥

(संत–स्वभाव–वर्णन)

दोहा

सरल वर्ण भापा सरल, सरल अर्थमय मानि ।
तुलसी सरलता संतजन, ताहि परी पहिंचानि ॥८॥

चौपाइ

अतिसीतल अतिही सुखदाई । सम दम रामभजन अधिकाई ॥
जड जीवन को करै सचेता । जगमाहीं विचरत यहि हेता ॥९॥

दोहा

तुलसी ऐसे कहुँ कहूँ, धन्य धरनि वह संत ।
परकाजे परमारथी, प्रीति लिए निवहंत ॥१०॥
की मुख पट दीन्हें रहे, यथा अर्थ भापंत ।
तुलसी या संसार में, सो विचारयुत संत ॥११॥
बोले वचन विचारि के, लीन्हें संत सुभाव ।
तुलसी दुख दुर्वचन के, पंथ देत नहिं पाव ॥१२॥
शत्रु न काहू करि गने, मित्र गने नहिं काहि ।
तुलसी यह मत संतको, बोले समता माहिं ॥१३॥

चौपाइ

अति अनन्यगति इँद्रियजीता । जाको हरि विनु कतहुँ न चीता ॥
मृगतृष्नासम जग जियं जानी । तुलसी ताहि संत पहिंचानी ॥१४॥

दोहा

एक भरोसो एक वल, एक आस विस्वास ।
राम-रूप-स्वाती-जलद, चातक तुलसीदास ॥१५॥
सो जन जगत-जहाज है, जाके राग न दोप ।
तुलसी तृष्ना त्यागि के, गहेउ शील संतोप ॥१६॥
शीलगहनि सवकी सहनि, कहनि हीय मुख राम ।
तुलसी रहिव एहि रहनि, संतजननको काम ॥१७॥
निजसंगी निजसम करत, दुर्जन मन दुख दून ।
मलयाचल हैं संत जन, तूलसी दोपविहून ॥१८॥
कोमल वानी संतकी, स्रवे अमृतमय आइ ।
तुलसी ताहि कठोरमन, सुनत मौन होइ जाइ ॥१९॥
अनुभव सुख उत्पति करत, भवभ्रम धरै उठाइ ।
ऐसी वानी संत की, जो उर भेदे आइ ॥२०॥
सीतल वानी संत की, शशि हूते अनुमान ।
तुलसी कोटि तपनि हरे, जो कोउ धारै कान ॥२१॥

चौपाई

पाप ताप सब सूल नसावै । मोह अंध रवि वचन वहावै ॥
तुलसी ऐसे सदगुरु साधू । वेदमध्य गुन विदित अगाधू ॥२२॥

दोहा

तन करि मन कारि वचन करि, काहू दूषत नाहिं ।
तुलसी ऐसे संतजन, रामरूप जगमाहिं ॥२३॥
मुख देखत पातक हरै, परसत कर्म विलाहिं ।
वचन सुनत मन मोहगत, पूरब भाग मिलाहिं ॥२४॥
अतिकोमल अरु विमल रुचि, मानसमें मल नाहिं ।
तुलसी रत मन होइ रहै, अपने साहिबमाहिं ॥२५॥
जाके मनते उठि गई, तिल तिल तृष्ना चाहि ।
मनसा वाचा कर्मणा, तुलसी वंदत ताहि ॥२६॥
कंचन काँचहि सम गनै, कामिनि काठ पषान ।
तुलसी ऐसे संतजन, पृथिवी ब्रह्म समान ॥२७॥

चौपाई

कंचन को मृतिका करि मानत । कामिनि काठ सिला पहिचानत ॥
तुलसी भूलि गयो रस एहा । ते जन प्रगट राम की देहा ॥२८॥

दोहा

निष्किंचन, इंद्रियदमन, रमन राम इक तार ।
तुलसी ऐसे संत जन, विरले या संसार ॥२९॥
अहंवाद, 'मैं तैं' नहीं, दुष्टसंग नहिं कोइ ।
दुखते दुख नहिं ऊपजै, सुखते सुख नहिं होइ ॥३०॥
सम कंचन काँचे गिनत, सत्रु मित्र सम दोइ ।
तुलसी या संसार में, कहते संत जन सोइ ॥३१॥
विरले विरले पाइए, मायात्यागी संत ।
तुलसी कामी कुटिल कलि, केकी काक अनंत ॥३२॥

" मैं तैं " मेट्यो मोहतम, उगो आतम भानु ।
संतराज सो जानिए, तुलसी या सहिदानु ॥३३॥

इति श्रीवैराग्यसंदीपिन्यां महामोहविध्वंसिन्यां संतस्वभाववर्णनं नाम प्रथमः प्रकाशः ॥१॥

(संत–महिमा–वर्णन)

सोरठा

को बरनै मुख एक, तुलसी महिमा संत की ।
जिन्हके विमल विवेक, शेष महेस न कहि सकत ॥३४॥

दोहा

महि पत्री करि सिंधु मसि, तरु लेखनी बनाइ ।
तुलसी गनपतिसों तदपि, महिमा लिखी न जाइ ॥३५॥
धन्य धन्य माता पिता, धन्य पुत्रवर सोइ ।
तुलसी जो रामहिं भजै, जैसेहु कैसेहु होइ ॥३६॥
तुलसी जाके वदन तें, धोखेउ निकसत राम ।
ताके पगकी पगतरी, मेरे तनुको चाम ॥३७॥
तुलसी भगत सुपच भलो, भजै रैनि दिन राम ।
ऊँचो कुल केहि कामको, जहाँ न हरिको नाम ॥३८॥
अतिउँचे भूधरनि पर, भुजगन के अस्थान ।
तुलसी अतिनीचे सुखद, ऊख अन्न अरु पान ॥३९॥

चौपाई

अति अनन्य जो हरि को दासा । रटै नाम निसि दिन प्रति स्वासा ॥
तुलसी तेहि समान नहिं कोई । हम नीके देखा सब लोई ॥४०॥
जदपि साधु सबही विधि हीना । तद्यपि सम ताके न कुलीना ॥
यह दिन रैनि नाम उच्चरैं । वह नित मान-अगिनिमें जरै ॥४१॥

दोहा

दासरता एक नाम सों, उभयलोक सुख त्यागि ।
तुलसी न्यारे होइ रहै, दहै न दुखकी आगि ॥ ४२ ॥

इति श्रीवैराग्यसंदीपिन्यां महामोहविध्वंसिन्यां संतमहिमावर्णनं नाम द्वितीयः प्रकाशः ॥२॥

(शांति-वर्णन)

दोहा

रैनिको भूपन इंदु है, दिवसको भूपन भानु ।
दासको भूपन भक्ति है, भक्तिको भूपन ज्ञान ॥ ४३ ॥
ज्ञानको भूपन ध्यान है, ध्यानको भूपन त्याग ।
त्यागको भूपन शांतिपद, तुलसी अमल अदाग ॥ ४४ ॥

चौपाई

अमद अदाग शांतिपद सारा । सकल कलेसन करत प्रहारा ।
तुलसी उर धारै जौ कोई । रहै अनंदसिंधुमहँ सोई ॥ ४५ ॥
त्रिविध-पाप-संभव जो तापा । मिटहि दोप दुख दुसह कलापा ।
परम शांति सुख रहैं समाई । तहँ उतपात न भेदै आई ॥४६॥
तुलसी ऐसे सीतल संता । सदा रहैं यहिभाँति एकंता ॥
कहा करैं खललोगभुजंगा । कीन्हयो गरल शील जो अंगा ॥४७॥

दोहा

अति सीतल अतिही अमल, सकल कामनाहीन ।
तुलसी ताहि अतीत गनि, वृत्ति शांति लयलीन ॥४८॥

चौपाइ

जौ कोइ कोपभरै मुख वैना । सन्मुख हतै गिरा-शर पैना ॥
तुलसी तऊ लेस रिस नाहीं । सो सीतल कहिए जगमाहीं ॥४९॥

दोहा

सात दीप नव खंडलौं, तीनि लोक जगमाहिं ।
तुलसी शांतिसमान सुख, अपर दूसरो नाहिं ॥ ५० ॥

चौपाई

जहँ सांति सतगुरुकी दई । तहँ क्रोधकी जर जरि गई ॥
सकल कामवासना विलानी । तुलसी यही शांति सहिदानी॥५१॥
तुलसी सुखद शांतिको सागर । संतन गायो करन उजागर ॥
तामें तन मन रहै समोई । अहं-अग्नि नहिं दाहै कोई ॥५२॥

दोहा

अहंकार की अग्निमें, दहत सकल संसार ।
तुलसी बाँचें संतजन, केवल शांति-अधार ॥५३॥
महाशांति जल परसिकें, शांत भए जन जोइ ।
अहं-अग्निते नहि दहें, कोटि करें जो कोइ ॥५४॥
तेज होत तन तरनिको, अचरज मानत लोइ ।
तुलसी जो पानी भया, बहुरि न पावक होइ ॥५५॥
जद्यपि सीतल, सम सुखद, जगमें जीवनप्रान ।
तदपि शांतिजल जानि गनो, पावक तेज प्रमान ॥५६॥

चौपाई

जरै बरै अरु खीझि खिझावे। रागद्वेपमहँ जनम गँवावे ॥
सपनेहु शांति नहीं उन देही । तुलसी जहाँ तहाँ व्रत एही ॥ ५७ ॥

दोहा

सोइ पंडित सोइ पारखी, सोई संत सुजान।
सोई सूर सचेत सो, सोई सुभट प्रमान ॥५८॥
सोइ ज्ञानी सोइ गुनीजन, सोई दाता ध्यानि ।
तुलसी जाके चित भई, रागद्वेपकी हानि ॥५९॥

चौपाइ

रागद्वेपकी अग्नि बुझानी, काम–क्रोध–वासना नसानी ॥
तुलसी जबहिं शांति गृह आई। तब उर ही उर फिरी दोहाई ॥६०॥

दोहा

फिरी दोहाई रामकी, गे कामादिक भाजि ।
तुलसी ज्यों रवि के उदय, तुरत जात तम लाजि ॥६१॥
यह विराग-संदीपिनी, सुजन सुचित सुनि लेहु ।
अनुचित वचन विचारिकें जस सुधारि तस देहु ॥६२॥

इति श्रीतुलसीदासविरचित वैराग्यसंदीपिन्यां महामोहविध्वंसिन्यां शांतिवर्णन नाम तृतीयः प्रकाशः समाप्तः ॥३॥ इति वैराग्यसंदीपिनी समाप्ता ।

२–श्री तुलसीदासजीकृत रामनाम रटना

दोहा

रामवामदिसि जानकी, लषण दाहिनी ओर।
ध्यान सकल कल्यानमय, सुरतरु तुलसी तोर ॥ १ ॥
रामनाम मनि दीप धरु, जीह देहरी द्वार।
तुलसी भीतर बहिरहु, जो चाहिसि उजियार ॥ २ ॥
रामनामको अंक है, सब साधन हैं सून।
अंक गये कछु हाथ नहिं, अंक रहे दसगून ॥ ३ ॥
रामनामको कल्पतरु, कलि कल्याननिवास।
जो सुमिरत भयो भाँगते, तुलसी तुलसीदास ॥ ४ ॥
रामनाम जपि जीह जन, भये सुकृत सुखसालि।
तुलसी यहाँ जो आलसी, गयो आजुकी कालि ॥ ५ ॥
रामनाम सुमिरत सुजस, भाजन भयो कुजात।
कुतरु कुसुरपुर राज मग, लहत भुवनविख्यात ॥ ६ ॥
रामनाम अवलंब बिनु, परमारथकी आस।
बरसत वारिद बूंद गहि, चाहत चढन अकास ॥ ७ ॥
रामनाम वर बरन जग, सावन भादों मास।
वर्षाऋतु रघुपतिभगति, तुलसीदास सुदास ॥ ८ ॥
रामनाम नगकेसरी, कनककसिपु कलिकाल।
जापक जन प्रह्लादजिमि, पालहिं दलि सुरसाल ॥ ९ ॥
रामनाम कलि कामतरु, सकल सुमंगलकन्द।
सुमिरत करतल सिद्धि सब, पग पग परमानन्द ॥ १० ॥
रामनाम कलि कामतरु, रामभक्ति सुरधेनु।
सकल सुमंगलमूल जग, गुरुपंदकजरेनु ॥ ११ ॥
रामनाम परतापते, प्रीति प्रतीति भरोस।
सो तुलसी सुमिरत सकल, सगुन सुमंगलकोस ॥ १२ ॥
रामनाम सब धर्ममय, जानत तुलसीदास।

यथा भूमि वस बीजमें, नखतनिवास अकास ॥ १३ ॥
रामनाम नित कहत हर, गावत वेद पुरान ।
हरन अमंगल अघ अखिल, करन सकल कल्यान ॥ १४ ॥
रामनाम सुमिरत मिटहिं, तुलसी कठिन कलेस ।
स्वारथ सुख सुपनेहु अगम, परमारथ परवेस ॥ १५ ॥
रामनामकी लूट है, लूटी जाय सो लूट ।
अंतकाल पछतायगो, प्रान जायँगे छूट ॥ १६ ॥
रामनाम कहवो करौ, जबलगि घटमें प्रान ।
कबहूँ दीनदयालुके, भनक परैगी कान ॥ १७ ॥
रामनामगति रामगति, रामनाम बिस्वास ।
सुमिरत सुभ मंगल कुसल, चहुँ दिसि तुलसीदास ॥ १८ ॥
नाम ललित लीला ललित, ललितरूप रघुनाथ ।
ललित बसन भूपन ललित, ललित अनुज सिसुनाथ ॥ १९ ॥
राम भरत लछ्मन ललित, सत्रुसमन सुभ नाम ।
सुमिरत दसरथसुवन सब, पूजहिं सब मनकाम ॥ २० ॥

॥ इति रामनामरटना सम्पूर्ण ॥

३—श्री राममहामंत्र*

श्री राम रामेति रामेति । रमे रामे मनोरमे ।
सहस्रनाम तत्तुल्यं । राम नाम वरानने ॥

४—एकश्लोकी रामायणम्

आदौ रामतपोवनादिगमनं हत्वा मृगं कांचनं ।
वैदेहीहरणं जटायुमरणं सुग्रीवसंभाषणम् ॥
वालीनिग्रहणं समुद्रतरणं लंकापुरीदाहनं ।
पश्चाद्रावणकुंभकर्णहननं एतद्धि रामायणम् ॥ १ ॥

---

* આ મહામંત્રનો અર્થ શ્રી રામેશ્વર ભટ્ટજીએ નીચે મુજબ લખ્યો છે.
“ રામ ” ઇસ ગોપ્ય મહામંત્રકા શિવજીને પાર્વતીજીસે બડા માહાત્મ્ય વર્ણન
ઇસકા ફલ વિષ્ણુકે સહસ્રનામકે તુલ્ય હૈ. જો મનુષ્ય ઇસકા જપ કરેંગે વે ધર્મ, અ
આર મોક્ષ ચારોં પદાર્થ પાવેંગે, ઔર ક્રોધાદિ મહાબલી શત્રુઓંકા જીત ભવસાગરસે
પરમ પદકો સિધાવેંગે.

५-श्रीगोस्वामी तुलसीदासजीकृत रामशलाकाप्रश्न

सु	प्र	उ	वि	हो	मु	ग	ब	सु	नु	बि	घ	धि	इ	द
र	रु	फ	सि	सि	रैं	बस	है	मं	ल	न	ल	य	न	अं
सज	सो	ग	सु	कु	म	स	ग	त	न	ई	ल	धा	बे	नो
त्य	र	न	कु	जो	म	रि	र	र	अ	की	हो	सं	रा	य
पु	सु	थ	सी	जे	इ	ग	म	सं	क	रे	हो	स	स	नि
ति	र	त	र	स	ह	हु	ब	ब	प	चि	स	यं	स	तु
म	का	ा	र	र	मा	मि	मी	म्हा	ा	जा	हू	हीं	ा	जू
ता	रा	रे	री	ह्र	का	फ	खा	जि	ई	र	रा	पू	द	ल
णि	को	मि	गो	न	म	ज	य	ने	मणि	क	ज	प	स	ल
हि	रा	म	स	रि	ग	द	न	प	म	खि	जि	मनि	त	जं
सिं	मु	न	न	को	मि	ज	र	ग	धु	ख	सु	का	स	र
गु	क	म	अ	ध	नि	म	ल	ा	न	ब	ती	न	रि	भ
ना	पु	व	अ	ढा	र	ल	का	ए	तु	र	न	नु	व	थ
सि	हु	सु	म्हा	रा	र	स	हि	र	त	न	प	ा	जा	ा
र	मा	ा	ला	धी	ा	री	त्त	हू	हीं	खा	जू	ई	ग	रे

दो०–श्रीगणेशको सुमरिके, शारदको धरि ध्यान। लिखित प्रश्नकी रीतिसों, उत्तर लीजौ जान॥

આમાં પ્રશ્ન કરવાની એવી રીત છે કે, પ્રશ્નકર્તાએ ભગવાન રામચંદ્રજીનું હૃદયપૂર્વક ધ્યાન કરી કોઈ પણ કોઠામાં આંગળી મૂકવી. ત્યાર પછી તે અક્ષર કોઈ જુદા કાગળ અથવા પાટીપર લખવો. પછી જે અક્ષરપર આંગળી મૂકી હોય તે અક્ષરથી દરેક દશમ અક્ષર લઈને લખવો; અને આંગળી મૂકેલો અક્ષર ફરીથી આવે ત્યાંસુધી અક્ષર મૂકે જવા. આમ કરવાથી એક ચોપાઈ બનશે. તે પોતાના પ્રશ્નનું ફળ જાણવું; પણ એટલું ધ્યાનમાં રાખવું કે, ચોપાઈ બરોબર ગોઠવવી. કેટલીકવાર નીચેના અક્ષર ઉપર તથા ઉપરના નીચે થઇ જાય છે, માટે તે બરાબર મેળવી લેવા જોઇએ, તેમાં કંઈ મુશ્કેલી નથી. વાંચવાથી તે સ્પષ્ટ જણાઈ જાય છે અને કોઠાઓમાં જ્યાં "ा" આવું ચિહ્ન છે, તે દીર્ઘનું છે. જો ગણતાં ગણતાં તે વચ્ચે આવી જાય તો કંઈ નહિ, પરંતુ જે અક્ષરથી દશમા નંબરે તે હોય તે અક્ષરને દીર્ઘ કરવો જોઇએ.

દૃષ્ટાંતતરીકે પહેલા કોષ્ટકપર 'सु'ના પર હાથ મૂકયો તો તેથી દશમો અક્ષર 'नु' આવ્યો, તેથી દશમો અક્ષર 'सि' આવ્યો તથા 'सि' થી દશમો અક્ષર 'व' આવ્યો; આ પ્રમાણે નીચે પ્રમાણે ચોપાઈ થઇ શકશે. આ ચોપાઈમાં "हमारी"નો મકાર અને "तुम्हारी"નો મ્હકાર કોઠાઓમાં હ્રસ્વ છે પરંતુ તેનાથી દશમા કોઠામાં "ा" છે તે દીર્ઘ કર્યો છે.

सुनु सिय सत्य असीस हमारी। पूजहि मन कामना तुम्हारी ॥ १ ॥
प्रबिसि नगर कीजै सब काजा। हृदयँ राखी कोसलपुर राजा ॥ २ ॥

અર્થઃ—(૧) આ પ્રશ્ન ઉત્તમ છે. કાર્યસિદ્ધ થશે. (૨) ભગવાનનું સ્મરણ કરીને કાર્યનો આરંભ કરો. સિદ્ધિ થશે. ફળ શુભ છે.

તેજ પ્રમાણે 'उ'પર હાથ મૂકયો હોય તો નીચે પ્રમાણે ચોપાઈ નીકળેઃ—

उघरे अंत न होइ निबाहू। कालनेमि जिमि रावण राहू ॥ ३ ॥
बिधिबस सुजन कुसंगति परहीं। फनिमनिसम निजगुन अनुसरहीं ॥ ४ ॥

અર્થઃ—(૩)જે કાર્ય તમે વિચાર્યું તે અંતે સારૂં નથી, ફળ મધ્યમ છે. (૪) ખોટા મનુષ્યનો સંગ છોડો તથા કાર્યમાં વિલંબ છે.

તેજ પ્રમાણે 'हो' પર હાથ મકયો હોય તો નીચે પ્રમાણે ચોપાઈ નીકળેઃ—

होइ है सोइ जो राम रचि राखा । को करि तरक बढावहि साखा ॥५॥
मुदमंगलमय संतसमाजू । जिमि जग जंगम तीरथराजू ॥ ६ ॥

અર્થઃ—તમારૂં કાર્ય ભગવાનપર છોડો. કાર્ય થવામાં સંદેહ નથી. પ્રશ્ન સારો છે. કાર્ય થશે.

गरल सुधा रिपु करै मिताई । गोपद सिंधु अनल सितलाई ॥ ७ ॥
बरुण कुबेर सुरेस समीरा । रण सन्मुख धरि काहु न धीरा ॥ ८ ॥
सफल मनोरथ होंइ तुम्हारे । राम लषन सुनि भये सुखारे ॥ ९ ॥

અર્થઃ—(૭) પ્રશ્ન સારો છે, શત્રુઓનો નાશ થશે. (૮) કાર્ય સિદ્ધ થવામાં શંકા રહે છે, ફળ મધ્યમ છે. (૯) સર્વ મનોરથ સિદ્ધ થશે, ધનની પ્રાપ્તિ થશે, ફળ બહુ શ્રેષ્ઠ છે.

६—ज्ञानमय भजन—राग विलावल

रामचंद्र रघुनायक तुमसों हों विनती केहि भाँति करों ॥
अघ अनेक अवलोकि आपने अनघनाम अनुमानि डरों ॥
परदुख दुखी सुखी परसुखते संतशील नहिं हृदय धरों ॥
देखि आनकी विपति परमसुख सुनि संपति बिनुआगि जरों ॥
भक्ति विराग ज्ञान साधन कहि बहुविधि डहँकत लोग फिरों ॥
शिव सरवस सुखधाम नाम तव बेंचि नरकप्रद उदरभरों ॥
जानतहूं निजपाप जलधिजिय जलसीकर सम सुनत लरों ॥
रजसम पर अवगुण सुमेरुकरि गुण गिरि सम रजतें निदरों ॥
नाना वेप बनाइ दिवस निशि परवित जेहितेहि जुगाति हरों ॥
एकौ पल न कबहुँ अलोलचित हित दै पदसरोज सुमिरों ॥
जो आचरण विचारहु मेरो कल्पकोटिलगि औटिमरों ॥
तुलसिदासप्रभु कृपाविलोकनि गोपदज्यों भवसिंधु तरों ॥

राग झंझोटी

मन पछतै है अवसर बीते । (टेक)
दुर्लभ देह पाइ हरिपद भजु कर्म वचन अरु ही ते ॥ मन०
सहसवाहु दशवदन आदि नृप बचे न कालवलीते ।
हम हम करि धन धाम सँवारे अंत चले उठरीते ॥ मन०
सुत वनितादि जानि स्वारथरत न करु नेह सबहीते ।
अन्तहु तोहि तजेंगे पामर तू न तजहि अबहींते ॥ मन०
अव नाथहिं अनुरागु जागु जड त्याग दुराशा जीते ।
बुझे न काम अग्नि तुलसी कहुँ विषय भोग बहु घीते ॥ मन०

तुलसीस्तोत्र–गोस्वामीजीकी स्तुति

(लेखक–बाबू ब्रजरत्नदास)

कविता कानन मम मन करते नित्य निवास ।
रामभक्ति रत शांत चित जय जय तुलसीदास ॥
कैसी सौम्य मूर्ति दर्शित है मुखपर जिसके रोष न राग ।
मानो एक रूप धारण कर भासमान हों शांति विराग ॥
बैठे हुए कुशासन ऊपर वृक्ष तले गंगा के तीर ।
कटि में है पीतांबर शोभित कंधेपर है श्वेत सुचीर ॥ १ ॥
गौर वर्ण आजानु–बाहु है प्रभा पुंज और तेजनिधान ।
भक्तप्रवर एकाग्रचित्त हो करते राम–सीयका ध्यान ॥
ज्ञान और तप रूप भानुका मुखपर है नहिं प्रखर प्रकाश ।
भक्ति–चंद्रकी मधुर चंद्रिका का है कैसा पूर्ण विकाश ॥ २ ॥
बाहु विशाल, ललाट हृदयपर शोभा पाते तिलक ललाम ।
तुलसीकी मालाएँ करती गले हाथपर हैं विश्राम ॥
किंतु हृदयमें घूम रही है निसिदिन माला जो अभिराम ।
उससे वदन पटलपर छाई है प्रसन्नता अति सुखधाम ॥ ३ ॥
हिंदीके साहित्य–गगनसे हटा निशा–तम किया प्रकाश ।
राम–भक्तिकी सुधा वरसकर किया हृदयमें शांति विकाश ॥
शिक्षामृतके शुद्ध पानसे हुआ विवेक विरति विस्तार ।
सुधा कालधर पूर्ण बिंबका जब नभ बीच हुआ संचार ॥ ४ ॥
तुलसी ने जब राम–कथाका मथा पयोनिधि बारंबार ।
निकली सुधा जो उसका मानस में भर किया प्रचार ॥
रामचरित मानस सरवरसे निकली भक्ति गंगकी धार ।
जिसके जलकण–स्पर्श मात्रसे जलकर पाप हुए सब क्षार ॥ ५ ॥
कवितावली, विनय, दोहावलि, गीतावली आदि सब ग्रंथ ।
मुख्य सहायक नदियाँ इसकी भक्तिसुधा पानेका पंथ ॥

इस मानस सुरसरि से जिसने कभी सुधाका किया न पान।
मंगलसे वंचित रहकर वह करता है अपना अवसान ॥ ६ ॥
दोहावलि में ग्रथित किया है राजनीति, सद्धर्म, सुज्ञान।
रस वीभत्स वीर करुणाका किया कवित्तों में निर्मान ॥
विनय पत्रिकाके अनुपम पद विनय नम्रताके कल गान।
गीतावलि में आर्य जातिके रघुकुलका है कीरति-गान ॥ ७ ॥
मानसकी पीयूषवर्षिणी शिक्षाका करनेपर पान।
बचता शेष विश्वमें फिर क्या जिसको हो लालायित प्रान ॥
सांसारिक सब हर्ष शोकका इसमें ऐसा हुआ प्रभास।
जिसके पढनेसे जीवोंके मनमें भर जाता उल्लास ॥ ८ ॥
भारतका यह धर्म-ग्रंथ है, काव्योंमें है अनुपम रत्न।
कर अनुवाद अन्य भाषामें सभी मनन करते सप्रयत्न ॥
रचकर ग्रंथ अमूल्य आपने आर्य-धर्मका किया प्रचार।
इस रचनाका गौरव कहते थके विज्ञजन वारंवार ॥ ९ ।
हिंदीके साहित्य सुधानिधि! हिंदी कविता-कामिनिकंत।
हिंदी कविकुल कुमुदकलाधर! हैं गुणगण के राशि अनंत ॥
हमें आपका अमित गर्व है, है कृतज्ञ सब भारतवर्ष।
करनेमें गुणगान लेखनी का मिटता है महा अमर्ष ॥ १०

तुलसी राम पदाब्ज आलि नवरस मानस ग्रंथ।
भक्त भ्रमर रसपानका है यह मानस पंथ ॥

' तुलसीग्रंथावली ग्रंथ तीसरा



आद्यकवि महर्षि वाल्मीकिनुं वृत्तान्त

"जयन्ति ते सुकृतिनो रससिद्धाः कवीश्वराः। नास्ति येषां यशःकाये जरामरणजम् भयम्।
ते धन्यास्ते महात्मानस्तेषां लोके स्थिरं यशः। यैर्निबद्धानि काव्यानि ये च काव्येषु कीर्तिताः॥"

જેમના યશરૂપી શરીરને વૃદ્ધાવસ્થાનો કે મરણનો ભય નથી એવા શુભ કાર્યો કરવાવાળા રસસિદ્ધ કવીશ્વરોનો જય હો! જેમણે કાવ્ય રચ્યાં તે પણ એવા રચ્યાં, કે જેથી તેઓ પોતે પણ કાવ્યોમાં ગવાઈ ગયા. માટે એવા અમર યશવાળા મહાત્માઓને ધન્ય હો!

૧–કવિની મહત્તા

કવિનાં વખાણ કરતાં બંગસાહિત્યસમ્રાટ્ સ્વ. બંકિમબાબુ લખે છે કેઃ—

"કોઇ ચોર ચોરી કરે તો રાજા તેને કહેશે કે, 'તું ચોરી કરતો નહિ, નહિ તો હું તને સજા કરીશ.' આથી ચોર બીકનો માર્યો પ્રગટપણે ચોરી કરતો અટકયો, પરંતુ તેને ચિત્તશુદ્ધિ ઉપજી નથી. તે એમાંથી એટલુંજ સમજશે કે, રાજા જાણી શકે નહિ એવી રીતે ચોરી કરવી જોઇએ."

"તેને ધર્મોપદેશક કહેશે કેઃ—'ઈશ્વરાજ્ઞાથી વિરૂદ્ધ છે, માટે ચોરી કરવી નહિ.' ચોર કહેશે કે, ઈશ્વરે મને આહાર જેટલું આપ્યાવિનાજ એવી આજ્ઞા કરી એ કયાંનો ન્યાય! માટે હું તો ચોરી કરીનેજ ખાઇશ. ધર્મોપદેશક તેને કહેશે કે, 'ચોરી કરીશ તો નરકે જઇશ.' ચોર કહેશે કે, એ બાબતના પ્રમાણનો અભાવ છે.' "

"નીતિવેત્તા તેને કહેશે કે, 'તમે ચોરી કરો નહિ; કેમકે ચોરી કરવાથી જનસમૂહનું અનિષ્ટ થાય છે અને જેથી જનસમૂહનું અનિષ્ટ થાય તે કોઇએ પણ કરવું ન જોઇએ.' ઉત્તરમાં ચોર કહેશે કેઃ—'જનસમૂહ મારા ભરણપોષણનો વિચાર કરે, તોજ હું તેમના હિતનો વિચાર કરવાને બંધાએલો છું; પરંતુ જ્યાં લોકો મને કશું આપે નહિ, ત્યાં પછી તેમનું અનિષ્ટ હો કે ન હો તોપણ મારે ચોરી તો કરવીજ.' "

"પરંતુ કવિ તો ચોરને એવું તેવું કશુંજ કહેશે નહિ. તે તેને ચોરી કરવાનો નિષેધ પણ કરશે નહિ; પરંતુ તે એ વિષય ઉપર એવું એક પવિત્ર આખ્યાન ઉપજાવી કાઢશે કે તે સર્વ જનોનું મન હરે એવું હશે, એટલે તેથી ચોરનું મન પણ ખેંચાશેજ. મનુષ્યનો એ સ્વભાવ છે કે, જેમાં તેનું મન મોહિત થાય તે વસ્તુને વારંવાર ખુશી થઇને મન જોયા કરે છે અને તેમ થવાને પરિણામે પછી તેવું બનવાની ઇચ્છા ઉદ્‌ભવે છે; કેમકે લાભની આકાંક્ષાનું નામ અનુરાગ છે. આ રીતે પવિત્રતા ઉપર ચોરનો અનુરાગ ઉપજે છે, એટલે ચોરી જેવા અપવિત્ર કાર્યથી તે ઉપરામ બને છે."

"એજ પ્રમાણે રામાયણમાં પણ 'સ્વાર્થપરાયણતા ખરાબ છે, માટે તમે સ્વાર્થપરાયણ થશો નહિ' આવાં નીતિવચન સ્પષ્ટ કહેલાં નથી; તેમજ વાર્તાને મિષે એવી નીતિ સિદ્ધ કરવામાટે પણ રામાયણ રચાયેલ નથી; છતાં પણ રામાયણથી ભારતવર્ષનો સ્વાર્થપરાયણતાનો દોષ જેટલો દૂર કરાયો છે, તેટલો કોઇ નીતિવેત્તા, ધર્મવેત્તા, સમાજસુધારક, રાજપુરુષ કે રાજાથી દૂર કરાયો નથી. સુજ્ઞ વાચકને હવે સમજાયું હશે કે, ઉદ્દેશ્ય અને સફળતા એ બન્ને બાબતોનો વિચાર કરતાં રાજા, રાજનીતિવેત્તા, વ્યવસ્થાપક, સમાજતત્ત્વવેત્તા, ધર્મોપદેશક, નીતિવેત્તા, વિજ્ઞાનવેત્તા અને દર્શનવેત્તા એ સૌ કરતાં કવિનું સ્થાન ઉંચું છે."

કવિના આવા મહિમા તરફ જોતાં રામાયણ જેવા જગતશ્રેષ્ઠ મહાકાવ્યના કર્તા કવિકુળશિરોમણિ

વાલ્મીકિમુનિનું નામ પણ રામાયણના નામની સાથે પ્રત્યેક હિંદુહૃદયમાં પૂજ્યભાવને પામે તેમાં આશ્ચર્ય નથી. ભારતવંદ્ય વિવેકાનંદજી પોતાના રામાયણવિષયક વ્યાખ્યાનમાં વાલ્મીકિમુનિનું વૃત્તાંત ટૂંકમાં આપે છે તે ઉપરથી તેમજ વાલ્મીકિ રામાયણમાં જુદે જુદે સ્થળે આવતી હકીકતો ઉપરથી આ નીચે તેમનું વૃત્તાંત આપ્યું છે.

૨-મહામુનિ વાલ્મીકિનું પૂર્વાશ્રમનું વૃત્તાંત

પ્રાચીન કાળમાં એક તરુણ પુરુષ બીજા કોઈ પ્રકારે પોતાના કુટુંબનો નિર્વાહ નહિ ચલાવી શકવાથી અંતે લૂંટફાટનો ધંધો કરવા લાગ્યો. શરીરે તે સુદૃઢ અને બળવાન હતો અને માર્ગમાં વટેમાર્ગુઓપર હુમલો કરવાથી મળતા દ્રવ્યવડે તે પોતાના પિતા, માતા, પત્ની અને સંતાનોનું પોષણ કરતો. એક દિવસ મહામુનિ નારદ જતા હતા. તેમની ઉપર તે લૂંટારાએ આક્રમણ કર્યું. ઋષિએ લૂંટારાને કહ્યું કે:-"તું મને શામાટે લૂંટે છે ? મનુષ્યપ્રાણીઓને લૂંટવાં અને મારી નાખવાં એ તો મહાપાપ કહેવાય. આવાં પાપ તું શામાટે કરે છે ?" લૂંટારાએ કહ્યું:-"આ દ્રવ્યદ્વારા હું મારા કુટુંબનું પોષણ કરવા માગું છું." ઋષિએ કહ્યું:-"પણ ત્યારે શું તારા કુટુંબનાં માણસો તારા પાપમાં પણ ભાગ લે છે?" લૂંટારાએ કહ્યું:-"હાસ્તો, પાપમાં પણ તેઓ અવશ્ય ભાગ લેજ." ઋષિએ કહ્યું:-"ઠીક, ત્યારે મને અહીંઆં બાંધી રાખીને મારા સંબંધમાં તું નિશ્ચિત થા અને ઘેર જઈ તારાં સ્વજનોને પૂછ કે, જેવી રીતે તમે મારા રળેલા પૈસામાં ભાગ લ્યો છો, તેવી રીતે તમે મારા પાપમાં પણ ભાગ લેશો ?" ઋષિના કહેવા પ્રમાણે લૂંટારો પોતાના પિતાની પાસે ગયો અને તેમને પૂછ્યું:-"પિતાજી ! તમારૂં પોષણ કેવી રીતે કરૂં છું, તે તમે જાણો છો ?" તેમણે પ્રત્યુત્તર આપ્યો:-"ના; તે હું જાણતો નથી." પુત્રે કહ્યું:-"હું લૂંટારો છું, લોકોને મારી નાખું છું અને તેમને લૂંટી લઉં છું." આ સાંભળીને પિતાએ કહ્યું:-"પુત્ર ! શું તું એમ કરે છે ? નીકળ, અહીંથી ચાંડાળ!" ત્યારપછી તે પોતાની માતાની પાસે ગયો અને તેને પૂછ્યું:-"માતા ! હું તમારૂં પોષણ કેવી રીતે કરૂં છું, તે તમે જાણો છો ?" તેણે પ્રત્યુત્તર આપ્યો કે:-"ના." પુત્રે કહ્યું:-"લૂંટ અને ખૂનદ્વારા હું તમારૂં પોષણ કરૂં છું." આ સાંભળીને માતા પોકારી ઉઠી:-"કેટલું ભયંકર કૃત્ય!" પુત્રે કહ્યું:-"પરંતુ તમે મારા પાપમાં પણ ભાગ લેશો કે નહિ ?" માતાએ પ્રત્યુત્તર આપ્યો:-"તારા પાપમાં મારે શામાટે ભાગ લેવો જોઇએ ? મેં કદી પણ લૂંટ કરી નથી." ત્યારપછી તેણે પોતાની પત્ની પાસે પણ એજ પ્રશ્ન કર્યો; પરંતુ તેણે પણ એજ ઉત્તર આપ્યો કે, "પાપમાં હું ભાગ શેનો આપું ? પતિતરીકે એવું પોષણ કરવું એ તો તમારૂં કર્તવ્યજ છે."

હવે તે લૂંટારાની આંખ ઉઘડી કે, જેમનેમાટે હું આ લૂંટફાટનો ધંધો લઈ બેઠો છું, તેઓ સુદ્ધાં મારા પાપમાં ભાગ લેવાને રાજી નથી. જે સ્થળે તેણે ઋષિને બાંધ્યા હતા, તે સ્થળે પાછો આવીને તેણે તેમને છૂટા કર્યા અને તેમને ચરણે પડી સર્વ વાત કહીને બોલ્યો કે:-"મહારાજ! મારો ઉદ્ધાર કરો ! હવે મારે શું કરવું, તે કહો." ઋષિએ કહ્યું:-"તારા હાલના જીવનક્રમનો ત્યાગ કર. તું જુએ છે કે, તારા કુટુંબનું કોઇપણ માણસ વસ્તુતઃ તને ચાહતું નથી, માટે આ સર્વ ભ્રમોનો ત્યાગ કર. તારાં સ્વજનો તારી સમૃદ્ધિમાં ભાગ લેશે; પરંતુ જે ક્ષણે તું સંપત્તિશૂન્ય બન્યો, તેજ ક્ષણે તારો ત્યાગ કરશે અને કોઇપણ માણસ તારા પાપમાં ભાગ નહિ લે; માટે જે પરમાત્મા સારા તેમજ માઠા પ્રસંગે સદાકાળ આપણી સાથેજ રહે છે, તેનીજ આરાધના કર. તે કદી પણ આપણો ત્યાગ કરતો નથી; કારણ કે પ્રેમ કદી પણ પતિત થતો નથી, તે બદલાને કે સ્વાર્થપરાયણતાને ઓળખતો નથી."

ત્યારપછી તે ઋષિએ તેને આરાધના કેવી રીતે કરવી તે શીખવ્યું. પછી આ માણસ બીજી સર્વ બાબતોનો ત્યાગ કરી અરણ્યમાં ગયો અને ત્યાં આરાધનામાં મશગુલ બનીને પોતાની જાતને એટલી બધી ભૂલી ગયો કે કીડીઓએ આવીને તેના શરીરપર માટીનાં દર બાંધ્યાં. તે વાતની પણ તેને ખબર પડી નહિ! આ પ્રમાણે ઘણાં વર્ષો વ્યતીત થયા બાદ એક દિવસે એકાએક એવી દેવવાણી તેને સંભળાઇ કે:-"હે ઋષિ ! જાગૃત થાઓ." આ ધ્વનિ સાંભળતાંજ તે જાગ્રત થઈ બોલી ઉઠ્યો કે:-"હું ઋષિ! હું તો લૂંટારો છું !" ધ્વનિએ પ્રત્યુત્તર વાળ્યો:-"હવે તમે લૂંટારા રહ્યા નથી. તમે શુ[illegible] થયેલા ઋષિ છો, તમારૂં જૂનું નામ અને કર્મ લુપ્ત થયાં છે. તમે પરમાત્મધ્યાનમાં એટલા બ[illegible] નિમગ્ન થયા હતા કે તમારી આસપાસ કીડીઓએ જે રાફડા કર્યાં હતા, તે પણ તમે જોયા ન[illegible]



લુટારાને નારદે પુછયું "આવો પાપી ધંધો શાથી!" "બીજી રીતે કુટુંબ નિર્વાહ ન બનવાથી" "પ્રશ્ન–પાપમાં પણ કુટુંબીઓનો ભાગ ખરો?" ઉત્તર–"હા, અવશ્ય." પછી નારદે કહેવાથી તેમને ઝાડે બાંધી ઘેર પૂછવા ગયો ઉત્તર મળ્યો કે "લૂંટ મહા મોટેરૂં પાપ, કરશે તે ભોગવશે આપ." તરતજ જઇ નારદને છુટા કરી ચરણે પડી પૂછયું "હવે મારે શું કરવું? મારો ઉદ્ધાર કરો." નારદે કહ્યું "તારો ભ્રમ અને પાપમય જીવન છોડીદે; સદાના સાથી પ્રભુનેજ આરાધ. પછી નારદે બનાવેલા જપ–તપ–ધ્યાનમાં એવો મંડયો કે દેહ પર રાફડો બંધાયો! પછી દેવવાણી થઇ કે "જાગૃત થાઓ, હવે તમે "લુટારા" નથી, સર્વ પાપ ટળી શુદ્ધ ઋષિ થયા છો. હવે "વાલ્મીકિ" કહેવાશો.

હવેથી તમે વાલ્મીકિના નામથી ઓળખાશો." (કારણ કે કીડીઓના રાફડાને 'વલ્મીક' કહે છે.) આ પ્રકારે તે લૂંટારો એક ઋષિ બન્યો.

આ તરફ હથિયારબદ્ધ લૂંટારો અને પેલી તરફ મહાજ્ઞાની નારદ ! એક તરફ ચળકી રહેલું ખુલ્લું હથિયાર અને બીજી તરફ ખુલ્લા શરીર અને એકજ વસ્ત્રમાં સુવર્ણપેરે ચળકી રહેલો ઋષિમુનિનો સરદાર! એક તરફ લૂંટારો યુવક સાચાબોલો અને જે પણ કરવું તે એકનિષ્ઠાથી તથા સર્વભાવે કરવાના સ્વભાવવાળો પરંતુ જ્ઞાનના અભાવે એ રૂડા સ્વભાવનો દુરૂપયોગ પાપના પંથમાં કરવાવાળો હતો; ત્યારે બીજી તરફ દેવર્ષિ નારદ દૈવી ગુણોના કુબેર ભંડારી બનીને શું વસ્તીમાં કે શું જંગલમાં—જ્યાં પણ ફાવે ત્યાં મનમાં આવે તેમ છૂટે હાથે લૂંટાવ્યે જનારા, હરિગુણગાનમાં મસ્ત રહી વિચરનારા અને વ્યાસ—વાલ્મીકિ જેવા મહર્ષિઓ તથા દેવતાઓના પણ સાચા સલાહકાર અને માર્ગસૂચક મહાગુરુ હતા !

લૂંટારાને મન નહિ મેલ, મુનિને મન માયાનો ખેલ;
આને વજ્ર સમાન શરીર, મુનિ છે માનવનો મહા પીર.
આને લૂંટ વિના નહિ કામ, મુનિ રહે મસ્ત હરિને નામ;
આછે ઘરનો પોષક ધણી, મુનિજન જગનો પારસમણી.
આ સેવે સંસાર અસાર, મુનિ માણે સારેનો સાર;
આને સ્વાર્થ પાપમય ભોગ, મુનિને જ્ઞાનભક્તિનો જોગ.
અહીં પૂર્વનો અધુરો યોગ, મુનિ પ્રારબ્ધે પરહિત ભોગ;
હરિ આપે કેવા સંજોગ, મુનિને સહજ સિદ્ધ સૌ યોગ.
અહીં ચળકે કુહાડી ઘણી, સામે ચળકે પારસમણી;
લોહકુહાડી ધસમસ ધસે, મણી ગ્રોધેરો મધુરું હસે.
આને આડ અવિદ્યા ખરી, પારસને નહિ પડદો જરી;
આને પ્રકટી પૂરણ ખંત, મુનિએ કર્યો પાપનો અંત.

બસ ખુલ્લમખુલ્લા હૃદયસ્પર્શજ થવાની વાર હતી. એક સંતદેવે કેવું સરસ ગાયું છે કેઃ—

એક પારસથી રે પારસ બને, એક પારસથી હોયે હેમ, એવા જન હરિતણા.

કૃપાળુ પ્રભુ! તું પણ જબરો ! કયાં એ લૂંટારો ને કયાં એ દેવર્ષિ ! પણ હા, સરળતામાં, નિર્ભયતામાં અને જે પણ કરવું તે એકનિષ્ઠાથી અને સર્વ ભાવે કરવામાં તો બન્ને સરખા ખરા ! હે સર્વનિયંતા ! તમે તો કરી રાખેલો સજાતીયને સજાતીય આકર્ષે એવો મહાનિયમ!

વાંચનાર ! તમે આ ખૂબ ધ્યાનપૂર્વક વાંચશો અને તેમાંથી યોગ્ય બોધ ગ્રહણ કરીને તમારાં મન, વાણી, કર્મમાં જે કાંઈ સ્વાર્થ, જૂઠ ઇ૦ વિકાર જણાય તે દૂર કરશો. એથી તમારામાં પણ ઉચ્ચ ઇચ્છા અને પ્રયત્ન એવાં જાગી ઉઠશે, કે જેથી તમને પણ કોઇ સાચો સલાહકાર અને પારસમણિ મળીજ રહેશે. હા, એટલું ધ્યાનમાં રાખવું કે આ લૂંટારાને તો પૂર્વના કોઇ જાણતાં અજાણતાં થઇ ગયેલા અસાધારણ પુણ્યકર્મનેજ લીધે નારદ જેવો પારસમણિ પ્રાપ્ત થયો હતો. સર્વ કોઇનાં એવાં મહાપુણ્ય કયાંથી હોય! અને ન હોય ત્યાંસુધી તો ઘેર બેઠાં આવે તોપણ તેને સાંભળવામાં લાજ—શરમ, ઉપજે; મોટપનું મિથ્યાભિમાન આડું આવે; માટે શોધવા નીકળવા જેટલી ભૂખ હજી પણ નજ પ્રકટી હોય, તો તે પ્રકટે તેવાં સત્કર્મ પણ નિષ્કામ ભાવે કરતાજ રહેજો.

ઓ મુડીવાદી ! જરા આટલું તો જરૂર યાદ રાખજે કે, ધોળા દિવસની ખુલ્લી લૂંટ કરવામાં તું કેટલું મોટું પાપ કરી રહ્યો છે અત્યારે તો પાપપુણ્યની પરવા ન કરતાં લાખો કરોડો લૂંટવામાં રચ્યોપચ્યો રહે છે અને એકેક પૈસા પાછળ કેટકેટલાં પાપ છે, તેનું તને ભાન પણ જણાતું નથી; પણ દુઃખની વાત એ છે કે એ ફળ પાકશે, ત્યારે તારી શી દશા થશે ? માલિક ન થા ! મુનિમ બન ! ઉન્નત માર્ગનો મુસાફર થા ! આ જગતરૂપી કુટુંબમાં જે અજ્ઞાન અને દુઃખદારિદ્ર વ્યાપી રહ્યાં છે, તેને જડમૂળથી હટાવવા પાછળ મોટાભાઇની પેરે તનમનપૂર્વક ધનને છૂટથી ખર્ચી નાખ; અને પછી જો કે, જે કોઈ પોતાનું સર્વસ્વ માત્ર પ્રભુકૃપામાટેજ એકનિષ્ઠાથી તથા સર્વભાવે સમર્પણ કરી જાણે છે, તેને માટે અખૂટ ભંડારી શ્રીહરિનો તમામ ભંડાર તારો પોતાનો બની રહે છે કે નહિ! માટે તે અખૂટ ઐશ્વર્યવાળા પ્રભુ સાથેજ સોદો કરવા માંડો અને તમારી કલ્પનામાં પણ ન આવે, એટલું બધું તમારૂં સાચું હિત લૂંટો—લૂંટાવો !

૩–રામાયણની રચના કેવા સંજોગોમાંથી ઉપજી?

હવે ઉપર જણાવ્યા મુજબની પ્રાથમિક હકીકત બન્યા પછી મહર્ષિ વાલ્મીકિએ રામાયણની રચના કરવાનો વિચાર કેવા સંજોગોમાં, કેવા દિવ્ય સ્વભાવને લીધે અને કેવી રીતે ગુરુઓના પણ ગુરુ નારદમુનિની સલાહ મુજબ નક્કી કર્યો અને કેવી રીતે તેમને આદિકવિનું પદ પ્રાપ્ત થયું, તથા બીજી શી શી બાબતો બની; એ વાત વાલ્મીકિ રામાયણ ઉપરથી આ નીચે આપી છે.

તપ કરનારા વાલ્મીકિમુનિએ તપ અને સ્વાધ્યાયમાં પ્રીતિવાળા તથા વાણી જાણનારાઓમાં શ્રેષ્ઠ એવા મુનિવર્ય નારદમુનિને એક સમયે પોતાના આશ્રમપર આવેલા જોઇને પૂછ્યું કેઃ–" હે મહર્ષિ ! આ ભૂલોકમાં પ્રશંસનીય ગુણવાળો, પરાક્રમવાળો, શ્રૌત–સ્માર્ત ધર્મના રહસ્યને જાણનારો, કૃતજ્ઞ, સત્યવક્તા, આપત્તિમાં પણ ગ્રહણ કરેલા નિયમનો ત્યાગ નહિ કરનારો, ઉત્તમ ચારિત્ર્યયુક્ત, સર્વ પ્રાણીઓનું હિત કરવાવાળો, આત્માનાત્મ પદાર્થને જાણનારો, પ્રજારંજન કરવામાં સમર્થ, સુંદર સ્વરૂપવાળો, પોતાના અંતઃકરણને વશ કરનારો, ક્રોધને જીતનારો, તેજસ્વી, ઈર્ષ્યાવિનાનો અને યુદ્ધસમયે જેને કોપાયમાન થયેલો જોઇને દેવો તેમજ અસુરો પણ ભય પામે એવો પુરુષ આ સમયમાં કોણ છે? હે મુનિ ! હું એ સઘળું સાંભળવા ઇચ્છું છું. ઉપર્યુક્ત સર્વ ગુણો એકજ પુરુષમાં હોય તેવા પુરુષને જાણવાની મને બહુ ઉત્કંઠા છે. હે મહર્ષિ ! તમે એ પ્રકારના પુરુષને જાણવાને સમર્થ છો, માટે કહો "

એ પ્રકારે વાલ્મીકિના પ્રશ્નો સાંભળીને, ભૂત, ભવિષ્ય તથા વર્તમાનને જાણનારા નારદમુનિએ આનંદ પામીને તથા " હે વાલ્મીકિમુનિ! સાંભળો " એવા સંબોધનથી તેમને સાવધાન કરીને કહ્યુંઃ–" હે મુનિ ! તમે જે ગુણોનું વર્ણન કર્યું તે સર્વ ગુણો એકજ પુરુષમાં હોવા અતિ દુર્લભ છે; તોપણ હું વિચાર કરીને તેવો પુરુષ કોણ છે, તે કહું છું, તમે સાંભળો.

સાંપ્રત સમયમાં ઇક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયેલા અને લોકવિખ્યાત રામ ઉક્ત સર્વ ગુણથી સંપન્ન છે. તે રામ પોતાના અંતઃકરણને નિયમમાં રાખનાર, મોટા પરાક્રમવાળા, તેજસ્વી, ધૈર્યવાન, બુદ્ધિમાન, નીતિમાન, ઉત્તમ વાણીવાળા, ઐશ્વર્યાદિથી યુક્ત, શત્રુઓનો નાશ કરનારા, વિશાળ ખભાવાળા, મોટા બાહુવાળા, શંખસમાન ગ્રીવાવાળા, માંસથી ભરેલાં કપોલવાળા, વિશાળ છાતીવાળા, ખભા આગળનાં હાડકાં (જેને હાંસડી કહે છે તે) જેનાં ગુપ્ત છે એવા, શત્રુઓનું દમન કરનારા, ઢીંચણસુધી લાંબા હાથવાળા, સુંદર મસ્તકવાળા, ભવ્ય લલાટવાળા તથા હાથી અને સિંહસમાન ગતિ કરનારા છે; તે રામ શરીરે સમાન છે, તેમના સર્વ અવયવો સરખી રીતે ઘાટીલા છે, તેમના શરીરનો વર્ણ ઇંદ્રનીલમણિ જેવો શ્યામ છે, તે પ્રતાપવાળા છે, તેમનું વક્ષઃસ્થળ માંસથી ભરેલું અને ઉંચું છે, તેમનાં નેત્ર કર્ણપર્યંત વિશાળ છે, તેમના સર્વ અવયવો સૌંદર્યયુક્ત છે અને તે સામુદ્રિકશાસ્ત્રમાં કહેલાં સર્વ શુભલક્ષણસંપન્ન છે. વળી તે રામ ધર્મને જાણનાર છે, સત્ય પ્રતિજ્ઞાવાળા છે, પ્રજાહિતનાં કાર્યોમાં પ્રીતિવાળા છે, યશસ્વી છે, જ્ઞાનસંપન્ન છે, બાહ્યાભ્યંતર શુદ્ધ છે, માતા, પિતા, આચાર્ય અને દેવોને આધીન રહેનારા છે, સમાધિવાળા છે, પ્રજાપાલનાદિ કાર્યમાં પ્રજાપતિસમાન છે, અગ્નિહોત્રી હોવાથી નિરંતર ભસ્મ ધારણ કરનારા છે, વૈદિક કર્મ કરનારા છે, વેદદ્રોહી દુષ્ટોનો નાશ કરનારા છે, પ્રાણિમાત્રનું રક્ષણ કરનારા છે અને મર્યાદાપરિપાલનવડે વર્ણાશ્રમધર્મનું રક્ષણ કરનારા છે. તે રામ યજ્ઞ કરવો, અધ્યયન કરવું, દાન કરવું દંડ દેવો અને યુદ્ધ કરવું ઇત્યાદિ સ્વધર્મનું પાલન કરનારા છે, સ્વજનોનું રક્ષણ કરનારા છે, વેદ તથા વેદાંગના× રહસ્યને જાણનારા છે, ધનુર્વેદને સારી રીતે જાણનારા છે, સર્વ શાસ્ત્રોના● રહસ્યને જાણનારા છે, સ્મૃતિમાન છે, વ્યવહારસમયમાં યોગ્યાયોગ્યને સમજનારા છે, સર્વ લોકોને પ્રિય છે, કોમળ સ્વભાવવાળા છે, દીનતાથી રહિત છે અને સર્વ કાર્યોમાં કુશળ છે. જેમ નદીઓ નિરંતર સમુદ્રનું સેવન કરે છે, તેમ સત્પુરુષો તે રામનું નિરંતર સેવન કરે છે. તે રામ સર્વને પૂજનીય છે, સર્વત્ર સમાનવૃત્તિવાળા છે–અર્થાત્ સુખદુઃખમાં હર્ષ–શોકથી રહિત છે; તેમજ શત્રુ, મિત્ર તથા ઉદાસીન જનોવિષે વૈષમ્યરહિત છે. તે સદૈવ પ્રિય આકૃતિવાળા છે. એ પ્રમાણે ઉક્ત

× ઋક્, યજુષ્, સામન્ અને અથર્વન્ એ ચાર વેદ છે; અને છંદસ્, કલ્પ, વ્યાકરણ, જ્યોતિષ, નિરુક્ત તથા શિક્ષા એ છ વેદનાં અંગ છે.

● શાસ્ત્રો છ છેઃ–સાંખ્ય, યોગ, વૈશેષિક ન્યાય, ગૌતમન્યાય, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા.

महामुनि वाल्मीकिना मुखमांथी काव्य नीसरवुं.

स्नान-ध्यानादि माटे महर्षि वाल्मीकिए तमसा किनारे शिष्यो सहित जवुं; त्यां क्रौंच पक्षीनो संहार अने मादानुं करुण रोदन जोई मादा तरफ दया अने पारधी तरफ क्रोध उपजवो अने तेना आवेशमां एकाएक श्लोक बोलाई जवो. तेमना मुखे सर्वथी पहेलुंज ए काव्य नीकळ्युं अने पछी एज धोरणे सर्वथी पहेलो रामायण ग्रंथ तेमणे रच्यो; जेथी ते "आदि कवि" कहेवाया.



આ પ્રસંગ તુલસીકૃતમાં નહિ, પણ વાલ્મીકિ રામાયણમાં ઉત્તમ પ્રકારે વર્ણવ્યો છે.

A 5214 Lakshmi Art, Bombay, 8.

તથા વક્ષ્યમાણ સર્વ ગુણોથી યુક્ત અને કૌશલ્યાના આનંદની વૃદ્ધિ કરનારા તે રામ, ગાંભીર્યમાં
સમુદ્રસમાન છે, ધૈર્યમાં હિમાલયસમાન છે, પરાક્રમમાં વિષ્ણુસમાન છે, ચંદ્રની પેઠે આહ્લાદદાયક
સ્વરૂપવાળા છે, યુદ્ધસમયે ક્રોધ કરવામાં પ્રલયકાળના અગ્નિસમાન છે, ક્ષમા કરવામાં પૃથ્વીસરખા
છે, દાન કરવામાં કુબેરસમાન છે અને સત્ય વચનમાં જાણે બીજો મૂર્તિમાન ધર્મજ હોય તેવા છે."
નારદજીનું વચન સાંભળી રહ્યાપછી વ્યાકરણાદિના સંસ્કારને લીધે વિચિત્ર અર્થયુક્ત વાણીવાળા,
જનસમાજને ધર્મોપદેશ કરનારા અને શિષ્યવર્ગને કલ્યાણમાર્ગ શીખવનારા એવા વાલ્મીકિમુનિએ
તેમનો સર્વ પ્રકારે આતિથ્યસત્કાર કર્યો. સત્કાર કર્યા પછી દેવર્ષિ નારદજીએ "બહુ સારૂં, હવે
હું જાઉં છું" એમ કહી આજ્ઞા માગી, ત્યારે વાલ્મીકિએ "આપની ઇચ્છા પ્રમાણે વિચરો"
એમ કહ્યું; એટલે નારદજી આકાશ તરફ ગયા.

નારદજીના ગયા પછી બેએક ઘડી પોતાના આશ્રમમાં રહીને પછી મધ્યાહ્નકર્મ
કરવામાટે વાલ્મીકિમુનિ ગંગાની સમીપમાં વહેતી 'તમસા' નામની નદીને કિનારે ગયા.
તમસાનદીના તટપર આવીને અને ઋષિઓવડે સેવાતા કાદવવિનાના જળને જોઇને વાલ્મીકિમુનિ-
એ પાસે ઉભેલા પોતાના શિષ્યને કહ્યું કેઃ–"હે ભરદ્વાજ! નિર્મળ જળવાળું, રમણીય અને
કાદવવિનાનું આ તીર્થ સત્પુરુષના મનસરખું છે, તેને તું જો. અત્યારે મધ્યાહ્નકાળ વીતી જતો
હોવાથી સમીપમાં આવેલી ગંગાના તટે નહિ જતાં હું આ ઉત્તમ તમસાનદીના જળમાંજ સ્નાન
કરીશ; માટે હે તાત! તું તારા હાથમાંથી કળશને નીચે મૂકી મને વલ્કલવસ્ત્ર આપ." મહાત્મા
વાલ્મીકિએ એ પ્રમાણે આજ્ઞા કરી ત્યારે ગુરુની સેવામાં તત્પર રહેનારા ભરદ્વાજે પોતાના ગુરુ-
વાલ્મીકિને વલ્કલવસ્ત્ર આપ્યું. પછી જિતેંદ્રિય એવા તે વાલ્મીકિમુનિ પોતાના શિષ્યના હાથમાંથી
વલ્કલવસ્ત્રને ગ્રહણ કરી, મધ્યાહ્નકર્મનું અનુષ્ઠાન કરવા યોગ્ય એકાંત સ્થળ શોધવામાટે તે
વિશાળ વનમાં ફરવા લાગ્યા. એટલામાં ભગવાન વાલ્મીકિમુનિએ તે ઘાટા વનની સમીપમાં ફરતું,
આધિ તથા વ્યાધિરહિત અને સુંદર સ્વરવાળું એક ક્રૌંચપક્ષીનું જોડું જોયું. વાલ્મીકિ જોતા
હતા ત્યાં તેમને નહિ ગણકારીને, જીવહિંસા કરવારૂપી પાપી નિશ્ચયવાળા અને અપરાધવિનાનાં
પ્રાણીઓ ઉપર પણ નકામું વેર રાખનારા કોઈ એક પારધીએ તે નર માદાના જોડામાંથી એક
નર પક્ષીને માર્યું. તેની સ્ત્રી–માદા ક્રૌંચી કે જે લાલ મસ્તકવાળા, મદોન્મત્ત, સંભોગસમય હોવા-
થી વિસ્તારેલી પાંખોવાળા અને નિરંતર સાથેજ ફરનારા પતિથી વિખુટી પડેલી હતી તે, રુધિર-
વડે ખરડાયેલા અંગોવાળા અને બાણના પ્રહારથી પૃથ્વીપર પડી તરફડીઆં મારતા પોતાના પતિ-
ક્રૌંચને જોઇ કરુણાજનક સ્વરથી રુદન કરવા લાગી. પારધીએ તે ક્રૌંચપક્ષીને એ પ્રમાણે મારેલો
જોઇને ધર્માત્મા મહર્ષિ વાલ્મીકિને દયા પ્રકટી. ક્રૌંચીને રુદન કરતી જોઇને દયા પ્રકટ થવાથી
અને 'કામભોગમાં આસક્ત થયેલ પ્રાણીનો વધ કરવો એ અધર્મ છે' એમ વિચારીને ક્રોધ ઉ-
પજવાથી વાલ્મીકિમુનિ પારધીને ઉદ્દેશી નીચેનો શ્લોક બોલ્યાઃ–

"मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः। यत्क्रौंचमिथुनादेकमवधीः काममोहितम्॥

પહેલો અર્થઃ—હે પારધિ! તેં ક્રૌંચપક્ષીના જોડામાંથી એક નરપક્ષી કે જે કામાસક્ત હતું
તેને માર્યું, માટે તું લાંબા સમયસુધી આ પૃથ્વીપર સ્થિતિને પામીશ નહિ–અર્થાત્ બહુ વખતસુધી
જીવી શકીશ નહિ.

બીજો અર્થઃ—હે લક્ષ્મીના સ્વામી રામચંદ્ર! મંદોદરી અને રાવણરૂપી ક્રૌંચમિથુનમાંથી
એક રાવણ કે જે કામાસક્ત હતો તેને તમે માર્યો; માટે લાંબા સમયસુધી આ પૃથ્વીપર સ્થિ-
તિને પામો–અર્થાત અગીઆર હજાર વર્ષપર્યંત રાજ્ય ભોગવો!

આ પ્રમાણે અનુષ્ટુપ છંદવાળો શ્લોક એકાએક પોતાના મુખથી બોલાઇ જવાથી, 'અરે!
આ પક્ષીના શોકની પીડાથી મેં મારા તપને નાશ કરનારૂં આ શું કહ્યું?' એવો વિચાર કરતા
વાલ્મીકિમુનિના મનમાં પોતાના તપનો નાશ થવાવિષેની ચિંતા ઉત્પન્ન થઇ. પછી મહાબુદ્ધિ-
માન તથા તત્ત્વજ્ઞાનવાળા મુનિશ્રેષ્ઠ વાલ્મીકિએ "અરે, મોટો અપયશ આપે એવું કાર્ય મારાથી
થઇ ગયું" એમ ચિંતન કરતાં નિશ્ચય કર્યો અને પછી તેજ બાબતનું વાક્ય પોતાના શિષ્યને
કહ્યું કેઃ–"હે તાત! ક્રૌંચપક્ષીના શોકથી ઉત્પન્ન થયેલો આ પારધીને શાપ દેવારૂપ શ્લોક કે જે
આઠ અક્ષરોવાળા અનુષ્ટુપ ચાર ચરણથી રચાયેલો, છંદઃશાસ્ત્રમાં કહેલા ગુરુ-લઘુ અક્ષરોની

વિષમતાવિનાનો અને વીણા, તાલ, મૃદંગ, વાંસળી તથા હાથના અભિનય વગેરેના વિરામની સાથે એક સમયે ગાવાયોગ્ય છે, તે અપયશરૂપ ન થતાં મારા યશરૂપ થાઓ." મુનિ વાલ્મીકિના આ અત્યુત્તમ વાક્યને તેમના શિષ્ય ભરદ્વાજે આનંદ પામીને "બહુ સારું, આપની ઇચ્છા પ્રમાણે એ શ્લોક આપના યશરૂપ થાઓ" એમ કહીને અંગીકાર કર્યું, તેથી વાલ્મીકિમુનિ તેના ઉપર પ્રસન્ન થયા. પછી તમસાનદીના પવિત્ર જળમાં સ્નાન કરી મધ્યાહ્નકર્મ કરીને મહર્ષિ વાલ્મીકિ પૂર્વોક્ત અર્થનોજ વિચાર કરતા પોતાના આશ્રમે આવવાને પાછા વળ્યા; અને જેણે ઘણાં શાસ્ત્રો સાંભળેલાં છે એવો નમ્રતાવાળો તેમનો શિષ્ય ભરદ્વાજ પણ જળથી ભરેલો કળશ લઇને તેમની પાછળ જવા લાગ્યો. પોતાના શિષ્યની સાથે આશ્રમમાં પહોંચ્યા પછી ધર્મને જાણનારા મહર્ષિ વાલ્મીકિ સુખપૂર્વક આસનપર બેસીને 'પારધીને શાપ દેતાં બોલાયેલો શ્લોક યશરૂપ કેવી રીતે થાય' એનોજ વિચાર કરતા બીજી વાતો કરવા લાગ્યા; એટલામાં સર્વ લોકના કર્તા, સ્વયંપ્રકાશ અને મહાતેજસ્વી ચતુર્મુખ બ્રહ્મા તે મુનિશ્રેષ્ઠ વાલ્મીકિને મળવામાટે ત્યાં આવ્યા. બ્રહ્માને પોતાના આશ્રમમાં આવેલા જોઇને અત્યંત વિસ્મય પામતા વાલ્મીકિમુનિ એકાએક ઉભા થયા; અને કાંઇ પણ નહિ બોલતાં નમ્રતાથી હાથ જોડીને ઉભા રહ્યા. થોડીવારે શાંતચિત્ત થઇને અને પ્રણામ કરીને વાલ્મીકિમુનિએ પાદ્ય, અર્ઘ્ય, આસન અને સ્તુતિ આદિ ઉપચારોવડે યથાવિધિ બ્રહ્મદેવનું પૂજન કર્યું. બ્રહ્મદેવે પણ વાલ્મીકિમુનિના તપ વગેરેનું કુશળ પૂછ્યું અને પોતાને માટે બિછાવેલા આસનપર બેસીને વાલ્મીકિને પણ આસનપર બેસવાની આજ્ઞા આપી. એ રીતે લોકોના પિતામહ બ્રહ્મદેવ આસનપર વિરાજ્યા એટલે બ્રહ્મદેવની આજ્ઞાથી મહર્ષિ વાલ્મીકિ પણ આસનપર બેઠા. તે સમયે પણ વાલ્મીકિનું ચિત્ત ક્રૌંચપક્ષીમાંજ ચોંટ્યું હતું. "પાપાત્મા અને મિથ્યા વૈર લેવાની બુદ્ધિવાળા તે પારધીએ બહુજ નીચ કૃત્ય કર્યું કે જેણે સુંદર સ્વરવાળા તે ક્રૌંચનરને નિષ્કારણ હણ્યો; અને મેં પોતાના તપને હાનિ કરનાર શાપ દીધો તે પણ કષ્ટરૂપજ કર્યું." એવા વિચારમાં નિમગ્ન થયેલા વાલ્મીકિમુનિ, ક્રૌંચ-માદાને સંભારીને મનમાં ને મનમાં શોક કરવા લાગ્યા. પછી પારધીને શાપ દેતાં જે શ્લોક પોતાથી બોલાઇ ગયો હતો, તે તેમણે બ્રહ્મદેવની આગળ કહી સંભળાવ્યો. ત્યારે બ્રહ્માએ હસતાં હસતાં મુનિશ્રેષ્ઠ વાલ્મીકિને કહ્યું કે:—"હે બ્રહ્મન્! આ તમારા મુખથી બોલાયેલો શ્લોક યશરૂપજ થશે; એમાં સંશય કરવો નહિ. મારી પ્રેરણાથીજ તમારા મુખથી એ સરસ્વતી પ્રવૃત્ત થઇ છે. હે ઋષિશ્રેષ્ઠ! તમે, લોકમાં રમણ કરનારા, ધર્માત્મા તથા બુદ્ધિશાળી ભગવાન શ્રીરામચંદ્રનું સંપૂર્ણ ચરિત્ર વર્ણવો. નારદની પાસેથી તમે ધીર તથા બુદ્ધિશાળી રામનું વૃત્તાંત જેવું સાંભળ્યું છે તેવું અને તે ઉપરાંત તેમનું જે કંઇ ગુપ્ત અથવા પ્રકાશ વૃત્તાંત હોય તે સઘળું રચો. સુમિત્રાના પુત્ર લક્ષ્મણસહિત રામચંદ્રનું, સર્વ રાક્ષસોનું અને સીતાનું જે જે વૃત્તાંત પ્રકાશ અથવા ગુપ્ત હશે તથા જે જે તમારા જાણવામાં નહિ હોય તે સઘળું તમારા જાણવામાં આવી જશે. આ રામાયણકાવ્ય રચવામાં તમારી એક પણ વાણી અસત્ય થશે નહિ. તમે મનને આનંદ દેનારી તથા પાપીને પવિત્ર કરનારી શ્લોકબદ્ધ રામકથા રચો. આ પૃથ્વીતલ ઉપર પર્વતો અને નદીઓ જ્યાંસુધી રહેશે, ત્યાંસુધી તમારી રચેલી રામકથા લોકોમાં પ્રચાર પામશે; અને તમોએ રચેલી રામકથા જ્યાંસુધી રહેશે, ત્યાંસુધી તમે મેં રચેલા ઉપરના તથા નીચેના લોકોમા સુખપૂર્વક નિવાસ કરશો." આ પ્રમાણે કહીને ભગવાન બ્રહ્મા ત્યાંજ અંતર્ધાન થઇ ગયા. આ સઘળો પ્રકાર જોઇને ભગવાન વાલ્મીકિમુનિ તથા તેમના શિષ્યો વિસ્મયયુક્ત થયા. ત્યાર પછી વાલ્મીકિમુનિના સર્વ શિષ્યો એજ શ્લોકને વારંવાર ગાવા લાગ્યા અને અત્યંત વિસ્મિત થતા તથા વારંવાર આનંદ પામતા પરસ્પર કહેવા લાગ્યા કે:—"મહર્ષિ વાલ્મીકિએ પારધીને શાપ દેતાં સમાન અક્ષરવાળા ચાર પાદવડે જે શ્લોક ગાયો છે તે વારંવાર બોલવાથી તેમને ઘણા શોકરૂપ થયેલો છતાં હાલમાં યશરૂપ થયો છે." ત્યારપછી શુદ્ધ અંતઃકરણવાળા મહર્ષિ વાલ્મીકિએ "હું આવા અનુષ્ટુપ શ્લોકોવડેજ આખું રામાયણકાવ્ય રચીશ" એવો નિશ્ચય કર્યો. એ પછી વાલ્મીકિમુનિ, બુદ્ધિમાન એવા રામચંદ્રજીનું ચરિત્ર પ્રકટ હોય વા ગુપ્ત હોય તે સઘળું યથાર્થ રીતે સમજવામાં આવે તેવો ઉદ્યોગ કરવા લાગ્યા. પૂર્વદિશા તરફ અગ્ર રહે એવી રીતે બિછાવેલા દર્ભાસનપર બેસીને, શાસ્ત્રોક્ત વિધિવડે આચમન કરીને અને હાથ જોડીને મહર્ષિ વાલ્મીકિ પોતાના યોગસામર્થ્યવડે રામચંદ્ર વગેરેનાં ગુપ્ત અને પ્રકટ ચરિત્રોના



મહર્ષિ વાલ્મીકિનું રામાયણ લેખન:—જે દેવર્ષિના યોગે "મહર્ષિ" થયેલા, તેજ એકવાર આવી ચઢતાં તેમને પૂછ્યું કે, મનમાં ઉભરાતું કવિત્વ જેના ગુણગાનમાં ઠાલવવું ગમે; એવો સર્વ ગુણ સંપન્ન જગતમાં કોણ છે? નારદજીએ કહ્યું 'રામચંદ્ર' પછી બ્રહ્માજી મળવા આવતાં તેમણે પેલા સર્વ પ્રથમ રચાયલા શ્લોકથી ખુશ ખુશ થઈ જઈ સંપુર્ણ રામાયણ રચવા કહ્યું. આ ચિત્ર, રામાયણ લેખન ઉપરાંત એ સૂચવે છે કે, માણસ જેવો લૂટવામાં બહાદૂર હોય, તેવોજ જો મુદ્દામ વાત સમજવામાં અને સમજે કે તરત આચરવામાં પણ બહાદૂર હોય, તો પછી તે આમ હિંસક પ્રાણીને પણ અહિંસક બનાવે, તથા 'મહર્ષિ' અને 'આદિ કવિ' બને, એમાં નવાઈ શી? ધન્ય એનું હૃદય કે જે આવી રામાયણનું રૂપ લઈને યુગો વીતવા છતાં પણ હિંદુ સંતાનોને હિંદુ રાખી ધડકી રહ્યું છે!

વિચાર કરવા લાગ્યા. કૌશલ્યાદિ સ્ત્રીઓસહિત રાજા દશરથે અને તેમની પ્રજાએ રામ, લક્ષ્મણ તથા સીતાની સાથે પ્રાપ્ત કરેલો સંબંધ, હાસ્ય, ભાષણ, ગમન તથા તેઓનાં સઘળાં ચરિત્રોને વાલ્મીકિમુનિએ, સમાધિમાં પોતાના યોગબળવડે યથાર્થરીતે જોયાં. સત્યપ્રતિજ્ઞાવાળા રામ-ચંદ્રને, સીતા અને લક્ષ્મણની સાથે વનમાં ફરતાં જે કંઇ પ્રાપ્ત થયું હતું તે સર્વ તેમણે જોયું. એ પ્રમાણે સમાધિમાં રહેલા ધર્માત્મા વાલ્મીકિમુનિએ હાથમાં રહેલા આમળાની પેઠે પૂર્વે થયેલાં રામચંદ્રાદિનાં સર્વ ચરિત્રોને જોયાં. વિશાળ બુદ્ધિવાળા વાલ્મીકિ એ પ્રમાણે યોગબળવડે તે સઘ-ળું યથાર્થ જોઇને સર્વને આનંદ આપનારા રામચંદ્રજીનું ચરિત્ર રચવાને તૈયાર થયા. પછી તેમણે પ્રથમ મહાત્મા નારદે પોતાને જેવું કહ્યું હતું તેવું, કામપુરુષાર્થથી યુક્ત, ધર્મ અને અર્થ એ બન્ને પુરુષાર્થને આપનારું, કાવ્યોના ગુણો-અલંકારોરૂપી રત્નોવડે ભરેલું હોવાથી સમુદ્રસરખું અને ઉપનિષદોના અર્થને પ્રતિપાદન કરનારું-અર્થાત્ મોક્ષપુરુષાર્થને આપનારું એવું રઘુવંશમાં જ-ન્મેલા રામચંદ્રનું ચરિત્ર બનાવ્યું.

૪–શ્રીસીતાજીનું આગમન

શ્રીરામચંદ્ર રાજ્યારૂઢ થયા પછી ઉપર પ્રમાણે મહર્ષિ વાલ્મીકિએ રામાયણ ગ્રંથ રચ્યો હતો. એ રચાયા પછી જ્યારે શ્રીરામચંદ્રે શ્રીલક્ષ્મણ સાથે શ્રીસીતાજીને વનમાં મોકલ્યાં. ત્યારે શ્રીરામચંદ્રની આજ્ઞા મુજબ વનમાં ગયા પછીજ શ્રીલક્ષ્મણજીએ, હવે તેમને વનવાસ સેવવાનો છે; એ વાત બહુજ ઊંડા દુઃખપૂર્વક કહી. આ સાંભળીને સીતાજીની અંતરવેદનાનો પાર રહ્યો નહિ. લક્ષ્મણ હવે તેમને પ્રદક્ષિણાપૂર્વક વંદન કરીને દુઃખી હૃદયે પાછા વળ્યા. સીતાજીના દુઃખનું હવે શું કહેવું ?

સીતાજીનું રુદન સાંભળીને અરણ્યવાસી મુનિકુમારો તેમની પાસે દોડી આવ્યા અને તેમને વિહ્વલ તથા દુઃખમૂર્ચ્છિત જોઇને દયા આવવાથી તેઓએ ઉગ્ર તપમાં નિમગ્ન થયેલી બુદ્ધિવાળા મહર્ષિ વાલ્મીકિમુનિ પાસે જઇ પ્રણામપૂર્વક કહ્યું કે:—"હે ભગવન્ ! કોઈ એક મહાત્માની પૂર્વે નહિ જોયેલી એવી લક્ષ્મી જેવી પત્ની છે. તે અતિશય દિલગીરીથી દીનવદન કરીને રુવે છે. હે ભગવન્ ! આકાશમાંથી ઉતરેલી દેવી જેવી કોઇ એક શ્રેષ્ઠ સ્ત્રી નદીના કિનારા ઉપર રુદન કરે છે. દુઃખ અને શોકને માટે અયોગ્ય હોવા છતાં, દુઃખ અને શોકમાંજ ડૂબી ગયેલી અને અનાથની માફક વિલાપ કરતી તે સ્ત્રીને અમે જોઈ છે; તેનાપ્રતિ આપ કૃપાદષ્ટિ કરો તો સારું."

"હે મુનિસત્તમ ! અમે માનીએ છીએ કે, તે કોઇ માનુષી સ્ત્રી નથી. તે આપનેજ શરણે આવેલી જણાય છે, તો આપે તેનો સત્કાર કરવો જોઇએ. આપણા આશ્રમથી થોડે દૂર રુદન કરતી બેઠેલી એ સાધ્વી સ્ત્રી પોતાનું રક્ષણ ઇચ્છે છે, માટે હે ભગવન્ ! તમે તેનું રક્ષણ કરવાને યોગ્ય છો." મુનિકુમારોનાં વચન સાંભળીને તેમજ બુદ્ધિપૂર્વક નિશ્ચય કરીને, તપથી પ્રાપ્ત થયેલ દિવ્યદૃષ્ટિવાળા ધર્મજ્ઞ વાલ્મીકિમુનિ જ્યાં સીતાજી હતાં ત્યાં દોડી ગયા. મહામતિમાન વાલ્મીકિને જતા જોઇને એમના શિષ્યો પણ એમની પાછળ ગયા. તે મહાબુદ્ધિશાળી મુનિ એ પ્રદેશ તરફ થોડાંક પગલાં ચાલ્યા પછી અર્ધ્ય લઇને સુંદર ગંગાના કાંઠા ઉપર આવ્યા. ત્યાં તેમણે રામચંદ્રજીનાં પ્રિય પત્ની સીતાને અનાથ જેવાં જોયાં.

શોકભારથી દુઃખી થયેલાં સીતાજીની પાસે જઇને મુનિશ્રેષ્ઠ વાલ્મીકિએ શાંતિ આપે તેવાં મધુર અને પ્રિય વચનો કહેવા માંડયાં કે:—"હે પતિવ્રતા ! તું દશરથની પુત્રવધૂ છે, રામની પ્રિય પત્ની છે, જનકની પુત્રી છે, તું અત્રે ભલે આવી. મેં યોગસમાધિથી તને ઓળખી લીધી છે, તેમજ તારા અહીં આવવાનું કારણ પણ મેં જાણી લીધું છે. હે મહાભાગ્યવતિ ! હું તારા શુદ્ધાચરણને યથાર્થ જાણું છું; કારણ કે ત્રણે લોકમાં જે કાંઈ થાય છે, તે સર્વ મારા જાણવામાં આવે છે. હે વૈદેહિ ! હે સીતા ! તપથી મળેલ દિવ્ય દૃષ્ટિથી હું તને નિષ્પાપ જોઉં છું. માટે હમણાં થોડો સમય ધીરજ રાખ અને મારા આશ્રમમાં આવીને રહે. મારા આશ્રમની પાસે તપ-સ્વિનીઓ તપ કરે છે. હે પુત્રી ! તેઓ સર્વે તારું હંમેશાં પુત્રની માફક પાલન કરશે. હવે તું સ્વસ્થ થઇને ક્લેશનો ત્યાગ કર અને મારા અર્ઘ્યનો સ્વીકાર કર. હે સીતા ! જેમ તું તારા પોતાના ઘરમાંજ આવી હોય તેમ માની લે." મુનિનાં પરમ અદ્ભુત વચનો સાંભળીને સતી

સીતાએ માથું નમાવી હાથ જોડીને તેનો સ્વીકાર કર્યો. પછી વાલ્મીકિમુનિ તપસ્વિનીઓના આશ્રમ તરફ જવા લાગ્યા, એટલે સીતાજી પણ હાથ જોડીને તેમની પાછળ ચાલવા લાગ્યાં. સીતાજીને લઇ મહર્ષિને આવતા જોયા, ત્યારે સર્વે તપસ્વિનીઓ હર્ષયુક્ત થઇને તેમની સામે આવી અને બોલી કે:-" હે મુનિરાજ ! તમારું આગમન શુભ હો. તમે બહુ દિવસે આવ્યા છો, અમે સર્વે તમને અભિવંદન કરીએ છીએ, હવે અમને શી આજ્ઞા છે?" ત્યારે વાલ્મીકિએ કહ્યું કે:-" બુદ્ધિમાન રામચંદ્રજીની પત્ની, દશરથરાજાની પુત્રવધૂ, જનક રાજાની પુત્રી, સતી સીતા અત્રે આવેલ છે; તે નિષ્પાપ છે, છતાં પતિથી તજાયેલી છે; તેથી મારે તેનું સર્વદા પરિપાલન કરવું જોઇએ. તમે સર્વે પરમ સ્નેહથી એના તરફ જોજો. ખાસ કરીને મારા ગૌરવયુક્ત વાક્યથી તમારે એને પૂજ્ય ગણવી." એમ વારંવાર કહીને મહાયશસ્વી વાલ્મીકિમુનિએ તે તપસ્વિનીઓના હાથમાં સીતાને સોંપ્યાં અને પછી શિષ્યોસહિત આશ્રમમાં આવ્યા.

* * * *

૫-શત્રુઘ્નનું આગમન અને આશ્રમની યજ્ઞભૂમિનો ઇતિહાસ

એકવાર "લવણાસુર"ને હણવામાટે શ્રીરામચંદ્રની આજ્ઞાથી શ્રીશત્રુઘ્ને મોટી સેના સાથે જવાનું સ્વીકાર્યું અને પ્રથમ તેમણે સેનાને રવાના કરી.

સેનાને વિદાય કર્યા પછી શત્રુઘ્ન એક માસ સુધી અયોધ્યામાં રહ્યા હતા. તે પછી ઉતાવળે મધુવનમાં જવા તે વિદાય થયા. માર્ગમાં બે રાત્રિઓ ગાળ્યા પછી ત્રીજે દિવસે શૂરવીર શત્રુઘ્ન પવિત્ર અને ઉત્તમ રહેઠાણવાળા વાલ્મીકિઋષિના આશ્રમે આવી પહોંચ્યા. ત્યાં મુનિશ્રેષ્ઠ મહાત્મા વાલ્મીકિને પ્રણામ કરીને હાથ જોડી તે બોલ્યા કે, "હે ભગવન ! રાજા રામચંદ્રના કાર્યમાટ નીકળેલો હું આજની રાત અત્રે રહેવા ઇચ્છું છું. પ્રભાત થતાં હું પશ્ચિમદિશામાં પ્રયાણ કરીશ."

ત્યારે તે મહાયશસ્વી મહાત્માને મુનિશ્રેષ્ઠ વાલ્મીકિએ હસીને કહ્યું કે, "તું ભલે આવ્યો. હે સૌમ્ય ! આ મારો આશ્રમ રાઘવકુળના રાજાઓમાટેજ છે. મારા તરફથી આસન, પાદ્ય અને અર્ઘ્ય આપવામાં આવે તેને તું કોઇપણ જાતનો સંકોચ રાખ્યાવિના સ્વીકાર." પછી વાલ્મીકિ ઋષિનો સત્કાર સ્વીકારીને ફળ, ફૂલ વગેરે જે મળ્યું તેનું ભોજન કરી શત્રુઘ્ન પરમ તૃપ્તિ પામ્યા. ભોજનક્રિયા સમાપ્ત થયા પછી તેમણે વાલ્મીકિ ઋષિને પૂછ્યું કે, "આ આશ્રમની પાસે પૂર્વદિશા તરફ જે યજ્ઞભૂમિ જણાય છે તે કોની છે ?"

ત્યારે વાલ્મીકિ મુનિ બોલ્યા કે, "હે શત્રુઘ્ન ! આ યજ્ઞભૂમિ પૂર્વે જેની હતી તેનું હું તને આખ્યાન કહું છું તે તું સાંભળ. તમારા પૂર્વજોમાં સૌદાસ નામનો એક રાજા હતો. તે રાજાને વીર્યસહ નામનો અતિશય ધાર્મિક અને પરાક્રમી પુત્ર હતો. તે સૌદાસ રાજા એક વખત બાલ્યાવસ્થામાંજ આ પ્રદેશમાં મૃગયા કરવા આવ્યો હતો. ત્યાં તેણે બે રાક્ષસોને ચારે તરફ ફરતા જોયા. તે રાક્ષસો સિંહ જેવા ભયંકર હોવાથી અનેક મૃગોનો આહાર કરવા છતાં પણ ધરાતા ન હતા. તે બંને રાક્ષસોએ આખા વનને મૃગરહિત કરી દીધેલું જોઇને મહાક્રોધાવિષ્ટ થયેલા સૌદાસ રાજાએ તીવ્ર બાણથી તેમાંના એકને હણી નાખ્યો. પુરુષશ્રેષ્ઠ સૌદાસ એ એમાંના એકને હણીને સંતાપ અને ક્રોધરહિત થયો. પછી તેણે તેના સહાયક બીજા રાક્ષસ તરફ જોયું, ત્યારે એ બીજો રાક્ષસ ઘોર સંતાપ કરતો બોલ્યો કે, "મારા સહાયકને તેં વિનાઅપરાધે હણ્યો છે, તેથી હે પાપિષ્ઠ ! હું તને તેનો બદલો બરાબર આપીશ."

એમ કહીને તે રાક્ષસ ત્યાંજ અંતર્ધાન થઈ ગયો. પછી કેટલેક કાળે સૌદાસ ગુજરી ગયો અને તેનો પુત્ર વીર્યસહ 'મિત્રસહ' એવું નામ ધારણ કરીને રાજા થયો. એ રાજા આ આશ્રમની પાડોશમાં અશ્વમેધ નામનો મહાયજ્ઞ કરતો હતો. તે યજ્ઞનું રક્ષણ વસિષ્ઠઋષિ કરતા હતા. તે મહાયજ્ઞ ઘણાં વર્ષ સુધી ચાલ્યો હતો. તે યજ્ઞ પુષ્કળ ધનધાન્યથી સમૃદ્ધ હતો તેથી દેવયજ્ઞ જેવો હતો. યજ્ઞ પૂરો થવા આવ્યો ત્યારે પૂર્વનું વૈર યાદ લાવીને વસિષ્ઠનું રૂપ ધારણ કરીને પેલો રાક્ષસ સૌદાસના પુત્ર મિત્રસહ રાજાને કહેવા લાગ્યો કે, "આજે આ યજ્ઞની પૂર્ણાહુતિ થવાની છે, માટે આજે મને માંસયુક્ત ભોજન આપો. તેમાં જરા પણ વિચાર કરવાની જરૂર નથી." વસિષ્ઠનું રૂપ ધારણ કરનાર રાક્ષસે આવી માગણી કરી ત્યારે રાજાએ પાકશાળામાં કુશળ

રસોઇયાઓને કહ્યું કે, "જેમ ગુરુ વસિષ્ઠ સંતોષ પામે, તે પ્રમાણે આજનું હવિષ્ય ભોજન પવિત્ર માંસયુક્ત અને સ્વાદયુક્ત બનાવો." રાજેંદ્રની આજ્ઞા થવા છતાં રસોઇયા સંભ્રમમાં પડયા, ત્યારે પેલો રાક્ષસ વળી પાછું રૂપ બદલીને રાજાના રસોડામાં ઘુસી ગયો. ત્યાં તેણે મનુષ્યમાંસ-યુક્ત ભોજન તૈયાર કર્યું. પછી રાજાની પાસે જઇ તેણે નિવેદન કર્યું કે, "આ સ્વાદિષ્ટ માંસયુક્ત હવિષ્યાન્ન ભોજન લાવ્યો છું." હે નરશ્રેષ્ઠ ! રસોઇયાનું રૂપ ધરનારા રાક્ષસે આણેલું તે ભોજન રાજરાણી મદયંતી વસિષ્ઠઋષિસમીપ લઇ ગઇ. એ ભોજન જ્યારે પીરસવામાં આવ્યું ત્યારે વસિષ્ઠઋષિ ભોજનમાં મનુષ્યમાંસ આવેલું છે એમ જાણીને મહાન ક્રોધ પામ્યા. તેઓ બોલ્યા કેઃ-"હે રાજન્ ! જેવી રીતે તું મને આ ભોજન આપવાને ઇચ્છે છે તેજ રીતે તે તારૂં ભોજન થશે એમાં જરા પણ સંશય નથી-અર્થાત્ તું રાક્ષસ થઇશ." આ સાંભળીને ક્રોધ પામેલો સૌદાસનો પુત્ર પણ હાથમાં જળ લઇને પ્રતિશાપ આપવા તૈયાર થયો. એ સમયે તેની રાણીએ તેને વાર્યો અને કહ્યું કે, "હે રાજન્! ભગવાન વસિષ્ઠ ઋષિ તો આપણા ગુરુ છે; એ દેવતુલ્ય પુરોહિતને પ્રતિશાપ આપવાને તમે શક્તિમાન નથી." રાણીનાં વચન સાંભળી તેજ-યુક્ત, બળયુકત અને ક્રોધયુકત જળ તે ધર્માત્મા રાજાએ પોતાના પગ ઉપર રેડી દીધું; એટલે એ રાજાના બંને પગ કાળા થઇ ગયા. ત્યારથી એ મહાયશસ્વી રાજા સૌદાસનો પુત્ર કલ્માષપાદ એ નામથી પ્રખ્યાત થયો. પછી રાણીસહિત તે રાજાએ વારંવાર પગે લાગીને વસિષ્ઠઋષિને પ્રસન્ન કરી વસિષ્ઠરૂપધારી રાક્ષસે જે કહ્યું હતું અને કર્યું હતું તે સર્વે વિદિત કર્યું.

આ વાત સાંભળીને તેમજ રાક્ષસની છેતરપંડી જાણીને વસિષ્ઠઋષિએ તે નરશ્રેષ્ઠ રાજાને કહ્યું કે, "મેં ક્રોધમાં ને ક્રોધમાં જે વચનો કહ્યાં છે તે મિથ્યા તો થઇ શકે તેમ નથી; પણ હું તને એક વરદાન આપું છું. તે એ કે, આ શાપનો અંત બાર વર્ષે આવશે; અને હે રાજેંદ્ર ! મારી કૃપાથી રાક્ષસાવસ્થામાં વીતેલી ઘટના તને બિલકુલ સાંભરશે નહિ." એ પ્રમાણે શત્રુનો નાશ કરનાર તે રાજાએ શાપ ભોગવીને પુનઃ રાજ્ય સંપાદન કર્યું; અને પ્રજાનું પ્રતિપાલન કરવા માંડ્યું. હે રાઘવ ! આ આશ્રમની પાડોશમાં જેને માટે તું મને પૂછે છે, એ કલ્માષપાદ રાજાની પવિત્ર યજ્ઞભૂમિ છે."

રાજેંદ્ર કલ્માષપાદની અતિશય કરુણ કથા સાંભળીને અને મહર્ષિ વાલ્મીકિને પગે લાગીને શત્રુઘ્ન પર્ણશાળામાં પેઠા.

૬ લવ-કુશનો જન્મ અને શત્રુઘ્ને આગળ જવું.

મહર્ષિ વાલ્મીકિના આશ્રમમાં શત્રુઘ્ન રાતવાસો રહ્યા તેજ રાત્રિએ સતી સીતાએ જોડ કુંવરોને જન્મ આપ્યો. અર્ધરાત્રિનો સમય થતાં ઋષિપુત્રોએ વાલ્મીકિઋષિ સમીપ આવીને કહ્યું કેઃ- 'હે ભગવન્ ! રામપત્ની સતી સીતાએ જોડ (બે) પુત્રોને જન્મ આપ્યો છે. હે મુનિવર ! તે બાળકને ગ્રહપીડા અથવા ભૂતબાધા નડે નહિ તેવી તેમની રક્ષા કરો.'

કુમારોનાં વચન સાંભળીને વાલ્મીકિમુનિ બાલચંદ્રસરખા કાંતિમાન અને દેવપુત્ર જેવા મહાઓજસવાળા રાજકુમારોને જોવા ગયા અને પ્રસન્ન થયા. પછી ભૂત અને રાક્ષસોનો નાશ કરે એવી રક્ષા કરી. (દર્ભના બે સરખા ભાગ કરીએ તો ઉપરનો અર્ધ ભાગ કુશ અને નીચેનો મૂળીઆંવાળો અર્ધભાગ લવ કહેવાય છે.) વાલ્મીકિ ઋષિએ કેટલાક દર્ભની કોળી હાથમાં લઇને વચ્ચેથી બે ભાગ કરી કુશ ભાગથી એકને અને લવ ભાગથી બીજાને સન્માર્જન કરવાને તપસ્વિનીઓને આપ્યા. વૃદ્ધ તપસ્વિનીઓએ સન્માર્જન કરી ભૂત અને રાક્ષસોથી તેની રક્ષા કર્યા પછી વાલ્મીકિમુનિ બોલ્યા કેઃ-"આ બન્ને કુમારોમાં જે પ્રથમ જન્મેલો છે તેને મંત્રસહિત કુશભાગથી પાણીનું માર્જન કરવામાં આવ્યું તેથી તેનું નામ કુશ પાડો; અને જે પાછળથી જન્મ્યો છે તેને લવ ભાગથી પાણીનું માર્જન કરવામાં આવ્યું તેથી તેનું નામ લવ પાડો. આ પ્રમાણે તે બન્ને જોડે જન્મેલા પુત્રો મારા આપેલા કુશ અને લવ નામથી પ્રસિદ્ધ થશે." પછી ત્યાં એકઠી થયેલી પાપરહિત વૃદ્ધ તપસ્વિનીઓએ વાલ્મીકિમુનિએ આપેલી રક્ષા ગ્રહણ કરી અને તે બન્ને કુમારોનું સાવધાનીથી જતન કર્યું. વાલ્મીકિમુનિએ "આ શુભ પુત્રો રામ અને સીતાના છે" એમ બોલી તેમના ગોત્ર ને નામકરણસંસ્કાર કર્યા.

પર્ણશાળામાં રાતવાસો રહેલા શત્રુઘ્ને પણ અર્ધરાત્રિ વીતતાં આ પ્રિય સમાચાર સાંભળ્યા. એ વખતે તે બોલ્યા કે:-"હે માતા જાનકી ! બહુ સારૂં થયું કે તમે બે પુત્રોને જન્મ આપ્યો." મહાત્મા શત્રુઘ્નની એ રાત્રિ આનંદમાં અને આનંદમાં એકદમ વીતી ગઇ. પ્રભાત થતાં સર્વ આ-હ્નિકકર્મ કરીને મહાપરાક્રમી શત્રુઘ્ન વાલ્મીકિઋષિની આજ્ઞા માગી પશ્ચિમદિશા તરફ ચાલવા લાગ્યા.

× × × × ×

૭–વાલ્મીકિએ લવ અને કુશને રામાયણ શીખવવી

હવે દિવસાનુદિવસ લવકુશ મોટા થતા ચાલ્યા. તેઓ નિત્યપ્રતિ પ્રાતઃકાળે સ્નાનાદિ પર-વારી વાલ્મીકિ મુનિ પાસે આવતા.

ભગવાન શ્રીવાલ્મીકઋષિએ રામચંદ્રને રાજ્યપદ પ્રાપ્ત થયા પછી, વિચિત્ર પદોના અર્થવાળું તેમનું જે સમગ્ર ચરિત્ર રચ્યું હતું; તે વિષે તેઓ એક પ્રસંગે વિચાર કરવા લાગ્યા કે:-"આ રામા-યણ કાવ્યને કયો સમર્થ પુરૂષ સભામાં જઇને ગાઇ સંભળાવશે ?" શુદ્ધ અંતઃકરણવાળા મહર્ષિ વાલ્મીકિ એ પ્રમાણે વિચાર કરતા હતા તે સમયે મુનિના સરખા વેષવાળા કુશ અને લવ જેઓ દિવસે દિવસે મોટા થતા હતા અને એક તરફ સીતાજીદ્વારા અને બીજી તરફ મહામુનિદ્વારા ઉત્તમોત્તમ શિક્ષણ પામ્યા કરતા હતા; તેઓ તેમની પાસે આવ્યા અને પ્રણામ કરીને બોલ્યા કે:-"હે ગુરૂ ! આપની કૃપાથી તે રામાયણકાવ્ય અમે સભામાં ગાઇશું." એ સાંભળી, મહર્ષિ વાલ્મીકિએ પોતાના આશ્રમમાં રહેનારા, ધર્મને જાણનારા, યશસ્વી, સુંદર સ્વરવાળા અને રાજપુત્ર એવા એ બન્ને ભાઈ કુશ-લવની સામું જોઇ, તેઓમાં 'રામાયણકાવ્ય ભણવાની યોગ્યતા છે' એવો નિશ્ચય કર્યો. તે બન્ને ભાઇઓ વિદ્યાને સારીરીતે ધારણ કરી શકે એવી બુદ્ધિવાળા હતા અને ચારે વેદોને ભણી રહ્યા હતા, તેથી સમર્થ અને વ્રતાચરણ કરનારા વાલ્મીકિમુનિએ, સીતા અને રામના શ્રેષ્ઠ ચરિત્રવાળા રામાયણ કાવ્યને "પૌલસ્ત્યવધ" એવું નામ આપીને અને "આ રામાયણ (પૌલસ્ત્યવધ) કાવ્યથી વૈદિક અર્થના જ્ઞાનમાં વૃદ્ધિ થશે" એમ જાણીને તે બન્ને ભાઇ કુશ-લવને ભણાવ્યું.

× × × × ×

૮–શત્રુઘ્નનું અયોધ્યા તરફ જતાં આશ્રમમાં આવવું.

પછી લવણાસુર હણાયો ત્યારે ઇંદ્ર તથા અગ્નિને આગળ કરીને સર્વ દેવોએ અતિશય મધુર વાણીથી શત્રુને તપાવનાર શત્રુઘ્નને કહ્યું કે, "હે વત્સ ! સદ્દભાગ્યે તારો વિજય થયો અને તેં લવણાસુરને હણ્યો, માટે હે પુરુષસિંહ ! હે સુવ્રત ! તું અમારી પાસે કાંઇ વરદાન માગ. હે મહા-ભુજ ! તારો વિજય ઇચ્છનારા સર્વે દેવો તને વરદાન આપવા ઇચ્છે છે, કારણ કે અમારૂં દર્શન નિષ્ફળ જવું જોઇએ નહિ."

દેવોનું આવું ભાષણ સાંભળીને મહાબાહુ આત્મસંયમી શૂરવીર શત્રુઘ્ને માથું નમાવી હાથ જોડી વરદાન માગ્યું કે, દેવોએ નિર્માણ કરેલી રમ્ય અને મધુર આ મધુપુરી એકદમ મારી રાજ-ધાની થાઓ. એ વરદાન મને આપો. ત્યારે અત્યંત પ્રસન્ન થયેલા દેવોએ "તથાસ્તુ" એમ કહ્યું; અને જણાવ્યું કે, તે રમ્ય નગર શૂરસેનવંશની રાજધાની થશે. એમ કહીને સર્વે દેવો સ્વર્ગમાં ગયા. પછી મહાતેજસ્વી શત્રુઘ્ને પોતાની સર્વ સેનાને ત્યાં બોલાવી. તે સેના પણ શત્રુઘ્નનો વિજય થયો સાંભળીને એકદમ ત્યાં આવી અને તુરતજ શ્રાવણ માસથી તે પુરી વસાવવાનું શરૂ કર્યું. તે પ્રદેશ પહેલા બાર વર્ષમાંજ સર્વ સ્થળેથી ભયરહિત અને પૂર્ણ વસ્તીવાળો થઈ ગયો; અને શૂર-સેનવંશી રાજાઓને વસવાને યોગ્ય થયો. તે પ્રદેશમાં યથાસમયે વરસાદ વરસવા લાગ્યો અને ત્યાંનાં સર્વ ખેતરો ધાન્યયુક્ત થઈ ગયાં. એ પ્રમાણે શત્રુઘ્નના રાજઅમલથી બધી વસ્તી નિરોગી અને વીરત્વ ગુણવાળી થઈ ગઈ. તે શોભાયમાન નગરી અર્ધચંદ્રાકારે યમુનાતીરે આવેલી હતી. તેમાં મોટ મોટાં મંદિરો, રાજમાર્ગો અને બજારો આવેલાં હતાં; તેમજ તે પુરી ચારે વર્ણના લોકો અ અનેક વેપારીઓથી શોભી રહેલી હતી. લવણાસુરે પૂર્વે તે શહેરમાં એક સુંદર અને મહાન ભવ બનાવ્યું હતું તેને શત્રુઘ્ને વિવિધ પ્રકારના રંગોથી રંગાવીને શોભીતું કર્યું. તે નગરીની આસપ શોભીતાં વિહારસ્થાનો અને ઉપવનો શોભી રહેલાં હતાં, તેમજ દેવો અને મનુષ્યો પણ તે

શોભામાં વધારો કરતાં હતાં. દેશદેશાંતરમાંથી આવેલી વેપારની ચીજો અને વેપારીઓથી તે પુરી દિવ્ય નગરી જેવી શોભતી હતી. સમૃદ્ધ અર્થવાળા ભરતજીના નાના ભાઈ મહાત્મા શત્રુઘ્ન મધુપુરીને આ રીતે સુંદર અને આબાદ થયેલી જોઇને પરમ હર્ષ પામ્યા. એ નગરીમાં રહેતાં રહેતાં તેમને જ્યારે બારવર્ષ થયાં ત્યારે "રામચંદ્રજીનાં ચરણારવિંદનાં દર્શન કરવા જાઉં" એવી તેમને ઇચ્છા થઇ. રઘુકુળના વંશની વૃદ્ધિ કરનાર નરરાજ શત્રુઘ્ને વિવિધ પ્રકારનાં માણસોથી વસાવેલી અમરાપુરી જેવી આ મધુપુરીમાં રહીને રામચંદ્રજીનાં પાદારવિંદનાં દર્શન કરવાની ઇચ્છા કરી.

મહાત્મા શત્રુઘ્ન બારમે વર્ષે થોડા સેવકો અને થોડું સૈન્ય સાથે લઇને રામથી પાલિત થતી અયોધ્યા નગરી તરફ જવા નીકળ્યા. સીમાડેથી મંત્રી આદિ સેનાના મુખ્ય પુરુષોને પાછા વાળીને પોતાની સાથે શ્રેષ્ઠ ઘોડા જોડેલા સો રથો લઇને શત્રુઘ્ન અયોધ્યા જવા લાગ્યા. મહાયશસ્વી રઘુનંદન શત્રુઘ્ન માર્ગમાં સાત-આઠ રાતવાસા કર્યા પછી વાલ્મીકિઋષિના આશ્રમે આવી પહોંચ્યા. ત્યાં આવી પુરુષશ્રેષ્ઠ શત્રુઘ્ન વાલ્મીકિના ચરણમાં નમ્યા અને મુનિશ્રીના હાથથીજ અર્ઘ્ય, પાદ્ય આદિ આતિથ્યનો સ્વીકાર કર્યો. પછી વાલ્મીકિ મુનિએ મહાત્મા શત્રુઘ્નસાથે અતિશય મધુર વાણીથી વાતચિત કરવા માંડી. તેઓએ લવણાસુરના વધવિષે વાત ઉચ્ચારી અને કહ્યું કે, "હે સૌમ્ય! તેં લવણાસુરને હણ્યો તે ઘણું દુષ્કર કાર્ય કર્યું છે. હે મહાભુજ! લવણાસુરે મહાબળવાન ઘણાય રાજાઓને યુદ્ધ કરતાં કરતાં સર્વ સૈન્ય અને વાહનોસહિત હણી નાખ્યા હતા. હે પુરુષશ્રેષ્ઠ! એવા પાપીને તેં રમત રમતમાં હણી નાખ્યો છે અને તારા એ વીર્ય-પરાક્રમવડે જગત શાંત અને નિર્ભય થયું છે. રામચંદ્રજીએ મહાપ્રયત્નથી રાવણનો ભયંકર રીતે નાશ કર્યો હતો, પણ તેં તો આ અતિશય મહાન કામ સહજ પ્રયત્નથી કરેલું છે. એ પ્રમાણે લવણાસુર હણાયાથી તારા ઉપર દેવોની પરમ પ્રીતિ ઉત્પન્ન થઇ છે; કારણ કે તેં જગતના પ્રાણીમાત્રનું પ્રિય કરેલું છે. હે રાઘવ! હે પુરુષશ્રેષ્ઠ! ઇંદ્રની સભામાં બેઠાં બેઠાં મેં તારું તે યુદ્ધ બરાબર નિહાળ્યું હતું. હે શત્રુઘ્ન! મને પણ અંતઃકરણમાં પરમ પ્રીતિ ઉત્પન્ન થાય છે, તેથી હું તારું મસ્તક સુંઘીશ; કારણ કે એ કાર્ય સ્નેહની પરિસીમારૂપ છે." એમ કહીને મહામતિ વાલ્મીકિએ શત્રુઘ્નનું મસ્તક સુંઘ્યું. પછી તેનું તેમજ તેના અનુચરોનું આતિથ્ય કર્યું.

ભોજનકાર્ય ચાલતું હતું તે સમયે મહાત્મા શત્રુઘ્ને કોઇએક સ્થળમાં ગવાતું, પ્રથમથી જોડી રાખેલું, ઉત્તમ ગીતમાધુર્યવાળું રામચરિત સાંભળ્યું. તે ગાન ઉર, કંઠ અને શિર, એ ત્રણ સ્વરવાળું, વીણાના લયસહિત તાલવાળું, વ્યાકરણ, વૃત્ત, કાવ્ય અને સંગીતશાસ્ત્રના લક્ષણોવાળું સંસ્કૃત ભાષામાં થતું હતું. તે સમયે પ્રથમથી રચી રાખેલું, જે પ્રમાણે પૂર્વે બનેલ હતું તે પ્રમાણે અક્ષરે અક્ષર સત્યતાથી ભરેલું, રામચરિત શત્રુઘ્ને સાંભળ્યું. તે સાંભળીને મહાત્મા શત્રુઘ્નની આંખોમાંથી આંસુની ધારા ચાલવા લાગી અને એક મુહૂર્તસુધી સ્તબ્ધ થઇ જઇને તે વારંવાર નિસાસા નાખવા લાગ્યા. મહાત્મા શત્રુઘ્ન પૂર્વકાળમાં બનેલી હકીકત જાણે વર્તમાનકાળમાંજ બનતી હોય એમ એ ગીતમાં સાંભળવા લાગ્યા. વળી તેની સાથે આવેલા અનુચરો પણ એ ગીત સાંભળીને મોઢું નીચું કરી દીન થઈ ગયા અને "આશ્ચર્ય! આશ્ચર્ય!" એમ બોલવા લાગ્યા. તેઓ અંદર અંદર પૂછવા લાગ્યા કેઃ-"અરે! આ શું છે? આપણે ક્યાં છીએ? શું આ સ્વપ્નદર્શન તો નથી? આપણે જે પૂર્વે જોયું હતું તે આજ પુનઃ આશ્રમમાં સાંભળીએ છીએ? આ ઉત્તમ ગીતબંધ શું આપણે સ્વપ્નમાં તો સાંભળતા નથી?" એ પ્રમાણે પરમ વિસ્મય પામેલા સૈનિકો શત્રુઘ્નને કહેવા લાગ્યા કેઃ—"હે નરશ્રેષ્ઠ! મુનિશ્રેષ્ઠ વાલ્મીકિને પૂછો કે આ શું છે!" ત્યારે કુતૂહલવાળા તે સર્વને શત્રુઘ્ને ઉત્તર આપ્યો કેઃ-"હે સૈનિકો! મુનિને આ પ્રમાણે પૂછવું એ મને યોગ્ય લાગતું નથી; કારણકે તેમના આશ્રમમાં આવાં ઘણાં આશ્ચર્યો થાય છે; માટે કુતૂહલને વશ થઇને આ હકીકત મુનિને પૂછવી યોગ્ય નથી." એ પ્રમાણે રઘુનંદન શત્રુઘ્ને સૈનિકોને કહ્યું એટલે મહર્ષિને અભિવંદન કરીને તેઓ પોતપોતાના સ્થાનકે ગયા.

અનેક અર્થવાળા ઉત્તમ રામચરિતસંબંધી વિચારમાં તલ્લીન થવાથી નરવ્યાઘ્ર શત્રુઘ્નને નિદ્રા આવી નહિ. તે મહાત્માની એ રાત્રિ વીણાના લયસહિત અતિશય મધુર ગમકોવાળું ગાન સાંભળવામાં એકદમ વીતી ગઇ. પછી પ્રાતઃકાળ થતાં આહ્નિક કર્મથી પરવારી મુનિશ્રેષ્ઠ વાલ્મીકિને હાથ જોડીને તેમણે કહ્યું કેઃ-"હે ભગવન્! રઘુનંદન રામચંદ્રજીનાં દર્શનની મને અ-

ભિલાષા છે, માટે અતિ તીવ્ર વ્રત-તપ આચરનારા આ ઋષિઓસહિત આપની આજ્ઞા માગું છું." શત્રુનો સંહાર કરનાર શત્રુઘ્ને એમ કહ્યું એટલે વાલ્મીકિ મુનિ તેમને ભેટયા અને જવાની રજા આપી.

૯-મહર્ષિ સાથે લવકુશનું યજ્ઞપ્રસંગે અયોધ્યા આવવું; અને રામાયણનું ગાન કરવું.

મહામુનિ વાલ્મીકિઋષિના આશ્રમમાં રામપત્ની સતી સીતાજી રહેતાં હતાં અને તેમણે પ્રતાપી લવ-કુશને જન્મ આપ્યો હતો તેને બાર વર્ષ વીતી ગયાં હતાં. એ સમયદરમિયાન વાલ્મીકિમુનિએ લવ-કુશને યોગ્ય વિદ્યા શીખવીને પોતે રચેલું 'રામચરિત' તાલ-લય સાથે શીખવ્યું હતું. તેઓ સતી સીતાને રામચંદ્રનો મેળાપ થાય અને કુમાર લવ-કુશને સદાએ તપોવનમાં રહેવું ન પડે તેવા વિચારમાં એક દિવસ નિમગ્ન હતા; એટલામાં તેમને રાજા રામચંદ્રના અશ્વમેધ યજ્ઞમાં પધારવા આમંત્રણ મળ્યું. આથી હવે યોગ્ય પ્રસંગ આવ્યો માનીને પોતાના પ્રિય શિષ્યો લવ-કુશસહિત તેઓ અયોધ્યા તરફ પધાર્યા.

અયોધ્યામાં પરમ અદ્ભુત યજ્ઞ ચાલી રહ્યો હતો ત્યારે ભગવાન વાલ્મીકિઋષિ પોતાના શિષ્યોસહિત ત્યાં આવ્યા. આ અદ્ભુત દેખાવના દિવ્ય યજ્ઞનું દર્શન કરીને તે મુનિશ્રેષ્ઠે પોતાના સાથીઓસહિત ત્યાં આવેલી પર્ણશાળામાં ઉતારો કર્યો. પછી રાજા રામચંદ્રના સેવકોએ સુંદર ફળમૂળથી ભરેલાં અનેક ગાડાંઓ વાલ્મીકિના ઉતારે મોકલ્યાં. પછી રાજાએ અને મહાત્મા મુનિઓએ તેમની સારી રીતે પૂજા કરી. પછી એ મહાતેજસ્વી અને પરમાત્માસરખા વાલ્મીકિઋષિ ત્યાં વિસામો લેવા લાગ્યા.

પછી મુનિશ્રેષ્ઠ વાલ્મીકિએ સાવધાન ચિત્તવાળા, યુવાન અને અતિશય હર્ષ પામેલા પોતાના બંને શિષ્યોને પરમ આનંદથી રામચરિત્રનું ગાન કરવાની આજ્ઞા આપતાં કહ્યું કે:-" હે પુત્રો ! ઋષિઓનાં પવિત્ર સ્થાનોમાં, બ્રાહ્મણોનાં નિવાસસ્થાનોમાં, શેરીઓમાં, રાજમાર્ગોમાં, રાજમહેલોમાં, જ્યાં બ્રાહ્મણો યજ્ઞ કરે છે તે વેદીનાં દ્વારપર અને ઋત્વિજોની પાસે તમે આ ચરિત્ર ખાસ કરીને ગાઓ. આ પર્વતનાં શિખરો ઉપર જે વિવિધ સ્વાદવાળાં ફળો થાય છે તે ખાતા રહેજો અને મેં શીખવેલું રામચરિત ગાતા ચાલજો. એ અતિશય મીઠાં ફળો અને મૂળો ખાવાથી તમને જરા પણ થાક લાગશે નહિ અને તમારો રાગ પણ બગડશે નહિ. જો તમને ઋષિઓની વચ્ચે બેઠેલા રાજા રામચંદ્ર બોલાવે તો વિનયપુરઃસર તેમની પાસે જજો; અને જો તેઓ પણ સાંભળવાની ઈચ્છા બતાવે તો મીઠી વાણીથી મેં બતાવેલા પ્રમાણ પ્રમાણે પ્રતિદિન વીસ સર્ગ ગાજો. હે પુત્રો! ધનની ઇચ્છા કે બક્ષીસથી તમે જરા પણ લલચાશો નહિ; કારણકે આપણે ફળમૂળથી મસ્ત રહેનારા આશ્રમવાસીઓને ધનની શી જરૂર છે ? કદાચ રામચંદ્રજી તમને પૂછે કે, તમે બંને કોના પુત્ર છો ! તો તમે રાજાજીને કહેજો કે, અમે બંને વાલ્મીકિના શિષ્યો છીએ. આ વીણા અતિશય મીઠો અવાજ ઉત્પન્ન કરનારી છે; તેમાં તાલ, સ્થાન, લય અને મૂર્છનાનો બરાબર યોગ સાધીને નિશ્ચિંત થઈ તમે મધુર વાણીથી મેં શીખવેલું રામચરિત ગાજો. આદિસર્ગથી ગાવાનો આરંભ કરજો. તમે રાજાજીની જરાપણ અવજ્ઞા કરશો નહિ; કારણ કે એવા ધર્મધુરંધર રાજા તો સાક્ષાત્ ઇશ્વરતુલ્ય અને પ્રાણીમાત્રના ધર્મપિતા છે. હે પુત્રો ! આનંદી ચિત્તવાળા અને સાવધાન મનવાળા એવા તમે બંને આવતીકાલે પ્રાતઃકાળ થતાં વીણાસાથે એ મધુર કાવ્ય ગાવાનો આરંભ કરજો."

પરમ ઉદાર વાલ્મીકિ ઋષિ આ રીતે તે બન્ને કુમારોને પ્રોત્સાહન આપીને અને રામચરિત ગાવાની પ્રેરણા કરીને શાંત થયા. ત્યારે શત્રુને દમનારા સીતાના તે બંને કુમારોએ "તેમજ કરીશું" એમ ઉત્તર આપ્યો. જેમ ચ્યવનમુનિએ રચેલી નીતિસંહિતા અશ્વિનીકુમારોએ હૃદયમાં રાખી હતી તેમ તે બંને કુમારોએ વાલ્મીકિઋષિએ કહેલી અદ્ભુત વાણી હૃદયમાં રાખીને 'પ્રાતઃકાળે આપણે ગાન કરવા જઈશું' એવા ઉત્સાહમાં ને ઉત્સાહમાં આખી રાત્રિ આનંદમાં ગાળી.

રાત્રિ વીતી અને પ્રભાત થયું, ત્યારે લવ-કુશ બન્ને ભાઇઓએ સ્નાન અને હોમ આદિ કર્મથી પરવારીને વાલ્મીકિમુનિના કહ્યા પ્રમાણે રામાયણનું ગાન શરૂ કર્યું. * * તેઓ નાટ્યશાસ્ત્રના તત્ત્વને જાણનારા, સ્વરોનાં સ્થાન અને મૂર્છના જાણવામાં કુશળ, ઉત્તમ સ્વરવાળા, ગંધર્વસમાન રૂપવાળા, ઉત્તમ લક્ષણવાળા, મધુર વચન બોલનારા અને સૂર્ય અથવા ચંદ્રના બિંબથી જેમ પ્રતિબિંબ ઉત્પન્ન થાય, તેમ રામચંદ્રના દેહથી જાણે બીજા રામચંદ્રજ ઉત્પન્ન થયા

હોય એવા હતા. તેઓએ પાઠ કરવામાં અને ગાન કરવામાં કાનને મધુર લાગનારૂં ધૃત, મધ્ય અને વિલંબિત એવાં ત્રણ પ્રમાણોવાળું, ષડ્જ વગેરે સાત સ્વરયુક્ત, વીણાના સ્વર સાથે ગાવાયોગ્ય અને શૃંગાર, કરુણા, હાસ્ય, રૌદ્ર, ભયાનક, વીર, બીભત્સ, અદ્‌ભુત તથા શાન્ત એવા નવ રસમય આ રામાયણ કાવ્ય ગાવા માંડયું. ગાયનશાસ્ત્રના તત્વને જાણનારા તથા સ્થિર ચિત્તવાળા તે બન્ને રાજપુત્ર કુશ-લવ, ધર્મયુક્ત અને ઉત્તમ એવા આ રામાયણ કાવ્યનો મુખપાઠ કરીને જ્યાં ઋષિઓ, દ્વિજો અને સત્પુરુષો એકત્ર થયા હોય ત્યાં આગળ ગુરુએ શીખવ્યા પ્રમાણે ગાવા લાગ્યા. એક સમયે મોટા ભાગ્યવાન અને સામુદ્રિકશાસ્ત્રમાં કહેલાં સર્વ લક્ષણોવાળા તે બન્ને મહાત્મા રાજપુત્ર એકદા મળેલા નિશ્ચિત બુદ્ધિવાળા ઋષિઓની સભામાં ગયા અને ત્યાં બન્ને સાથે રહીને આ રામાયણ કાવ્યનું ગાન કરવા લાગ્યા. તે સાંભળીને હર્ષથી જેમનાં નેત્રોમાં આંસુ આવી ગયાં છે એવા ધર્મવત્સલ તે સર્વ મુનિઓ વિસ્મય પામીને "સાધુ, સાધુ" એમ કહેવા લાગ્યા. તેઓ રામાયણનું ગાન કરનારા અને પ્રશંસા કરવા યોગ્ય એવા કુશ-લવને વખાણવા લાગ્યા કેઃ-"અહા ! ગાયનમાં અને શ્લોકમાં કેવી મધુરતા છે ! આ રાવણવધસુધીનું રામચરિત્ર ઘણા સમયપર થઇ ગયેલું છે છતાં કવિએ હાલમાં પ્રત્યક્ષ હોયની તેવું વર્ણવ્યું છે !" આ સમયે કુશ-લવ સાથે મળીને અને રામાયણના તે તે સ્થળના ભાવને સારી પેઠે સમજીને કર્ણને મધુરૂં લાગે તેવું ઉત્તમ સ્વરસહિત ગાન કરી રહ્યા હતા. તપવડે પ્રશંસનીય થયેલા મહર્ષિઓએ પોતાની પ્રશંસા કરવાથી જ્યારે તેઓ અત્યંત ઉચ્ચ સ્વરવડે કર્ણમધુર ગાન કરવા લાગ્યા, ત્યારે તો તે મુનિસભામાં બેઠેલા કોઇ મુનિએ પ્રસન્ન થઇને તે કુશ-લવને કળશ આપ્યો, મહાયશસ્વી કોઇ મુનિએ વલ્કલવસ્ત્ર આપ્યું, કોઇએ કૃષ્ણમૃગચર્મ આપ્યું, કોઇએ યજ્ઞોપવીત આપ્યું, કોઇએ કમંડળુ આપ્યું, કોઇ મહામુનિએ મુંજમયી કટિમેખલા આપી, કોઇએ દર્ભાસન આપ્યું, કોઇએ કૌપીન આપ્યું, કોઇ મુનિએ તેમને કુઠાર (કુહાડી) આપ્યો, કોઇએ કાષાય વસ્ત્ર આપ્યું, કોઇએ વનચીર આપ્યું, કોઇએ જટા બાંધવાને માટે ખાખરા વગેરેની છાલની દોરડી આપી, કોઇએ યજ્ઞપાત્ર આપ્યું, કોઇએ કાષ્ઠનો ભારો આપ્યો અને કોઇએ ઉંબરાની છાલથી ગુંથેલી સાદડી આપી. કેટલાએક મુનિઓએ "તમારૂં કલ્યાણ થાઓ" એમ કહ્યું તથા કેટલાએક મહર્ષિઓએ હર્ષથી "તમે દીર્ઘ આયુષ્યવાળા થાઓ" એવો આશીર્વાદ આપ્યો. એ પ્રમાણે સત્યવાદી સર્વ મુનિઓએ વરદાન આપીને વળી પ્રશંસા કરતાં કહ્યું કેઃ-"હે સર્વ પ્રકારે ગાયનવિદ્યામાં કુશળ કુશ-લવ બાળકો ! વાલ્મીકિમુનિએ પ્રકટ કરેલું આ આશ્ચર્યરૂપ આખ્યાન કવિઓને પરમ આધારભૂત, આયુષ્યની વૃદ્ધિ કરનારૂં, શ્રોતા-વક્તાનો અભ્યુદય કરનારૂં છે અને ઉપનિષદ્‌ના અર્થને જણાવનારૂં છે, તેને તમે બહુ સારી રીતે ગાઇ બતાવ્યું છે."

× × × × × × × × ×

એ પછી લવ અને કુશ બંને રોજ રોજ અયોધ્યામાં જૂદે જૂદે ઠેકાણે રામકથાનું ગાન કરતા વિચરવા લાગ્યા. એક દિવસ યજ્ઞશાળાના મુખ્ય દરવાજા આગળજ તેમણે એ ગાન લલકારવા માંડયું. પૂર્વે ગાનાચાર્ય ભરતમુનિએ નિર્માણ કરેલી અપૂર્વ પાઠ્ય જાતિયુક્ત, ગેયપવાળું, અનેક પ્રકારનાં પ્રમાણવાળું, વીણા સાથે ગવાતું, રામાયણનું એ સંગીત સાંભળીને રાજા રામચંદ્રજીને અતિશય કુતૂહલ થયું. તે પરથી યજ્ઞવિરામનો સમય થતાં પુરુષસિંહ રાજા રામચંદ્રજીએ મહામુનિઓને, પાર્થિવોને, પંડિતોને, વેદ જાણનારા દ્વિજોને, પુરાણ જાણનારાઓને, શબ્દશાસ્ત્ર જાણનારા વૃદ્ધોને, સંગીતના સ્વરોનાં લક્ષણો જાણનારાઓને, રામાયણ સાંભળવાને ઉત્સુક દ્વિજશ્રેષ્ઠોને, સામુદ્રિક લક્ષણો જાણનારાઓને, ગાંધર્વોને, પૌરજનોને, પદ, અક્ષર અને સમાસ જાણનારાઓને, ગાયત્રી આદિ છંદશાસ્ત્રોનાં માપ જાણનારાઓને, કળા, માત્રા, પ્રસ્તાર, મેરુ આદિ પિંગળશાસ્ત્ર જાણનારાઓને, જ્યોતિષમાં પારંગત થયેલાઓને, ભાષાઓ જાણનારાને, મનોભાવ જાણનારાઓને, વ્યવહારસમયમાં યુક્તિ વાપરનારાઓને, તાર્કિકોને, બહુશ્રુતોને, છંદ, વેદ અને પુરાણ જાણનારાઓને, દ્વિજશ્રેષ્ઠ વેદીઆઓને, ચિત્રકળા જાણનારાઓને, જનત અને સૂત્રશાસ્ત્ર જાણનારાઓને, ગીત, નૃત્ય આદિના વિશારદોને, સર્વ શાસ્ત્ર જાણનારાઓને, નીતિનિપુણોને, વેદનો અર્થ સ્પષ્ટ કરનારાઓને, એ સર્વે સમાજને સન્માનપૂર્વક બોલાવીને રામાયણનું ગાન કરનારા તે બન્ને ભાઇઓને સભામાં બોલાવ્યા. પછી રાજા રામચંદ્રજીની આજ્ઞા થતાં વાલ્મીકિમુનિના તે શિષ્યોએ શ્રોતાજનોને હર્ષ ઉપજાવનાર રામાયણનું ગાન કરવા માંડયું. મનુષ્યની ગતિ ન પહોંચે તેવું એ મધુર

સંગીત સાંભળીને સર્વે શ્રોતાજનો મુગ્ધ થઇ ગયા અને વારંવાર તે સાંભળવાની ઇચ્છા કરવા લાગ્યા. સર્વે મહાબળવાન રાજાઓ અને મુનિઓ રાજી થયા અને તેઓ વારંવાર એ બંને કુમારો સામું નિહાળીને જાણે તેના રૂપનું પાન કરતા હોય તેમ જોઇ રહ્યા. એ સર્વે સાવધાન ચિત્તવાળા પરસ્પર એવું કહેતા હતા કેઃ—"જેમ પાણીમાં રવિનું પ્રતિબિંબ તેના જેવુંજ જોવામાં આવે છે, તેમજ આ બંને કુમારો રામચંદ્રજી જેવાજ છે. જો માથે જટા ન હોત અને વલ્કલ ધારણ કર્યાં ન હોત તો તે બન્ને કુમારો અને રાઘવમાં કાંઈ ફેરફાર જોઈ શકાત નહિ." એમ જ્યારે પૌરજનો અને દેશજનો અંદર અંદર સંભાષણ કરતા હતા, ત્યારે નારદજીએ કહેલો પહેલો સર્ગ શરૂ થયો. પહેલા સર્ગથી માંડીને વીસ સર્ગસુધી તેમણે ગાયું, ત્યારે બપોર થયા. એ રીતે વીસ સર્ગો સાંભળ્યા પછી મહાત્મા રાઘવે પોતાના ભાઇને કહ્યું કેઃ—"હે કાકુત્સ્થ ! આ મહાત્માઓને અઢાર હજાર સુવર્ણમહોરો અને બીજું જે કાંઇ તે ઇચ્છતા હોય તે સર્વે એકદમ અર્પણ કરો." મહાત્મા રાઘવની આજ્ઞાનુસાર લવ-કુશને ધન આદિ આપવા માંડતાં તેમણે કહ્યું કેઃ—"એ ધન-સંપત્તિની અમને શું જરૂર છે ? અમે વનવાસીઓ વનમાં ઉત્પન્ન થયેલા ફળ-મૂળમાં સંતોષ માનનારા છીએ, તો અમે એ સુવર્ણને શું કરીએ ?"

લવ-કુશનો આશ્ચર્યકારક ઉત્તર સાંભળી સર્વે શ્રોતાજનો તેમજ રાજા રામચંદ્રજી અતિશય વિસ્મય પામ્યા. પછી મહાતેજસ્વી રાજા રામચંદ્રજી તે બંને મુનિશિષ્યોને એ કાવ્યની ઉત્પત્તિ કેવી રીતે થઇ ? એ કાવ્ય કેવડું મોટું છે ? એ કાવ્યનો વિષય શું છે ? એ મહાન કાવ્યના નિર્માણ કરનારા મુનિશ્રેષ્ઠ ક્યાં રહે છે ? વગેરે પ્રશ્નો પૂછવા લાગ્યા ત્યારે તે મુનિશિષ્યોએ ઉત્તર આપ્યો કેઃ—"એ કાવ્યના કર્તા ભગવાન વાલ્મીકિ મુનિ છે. તેઓ આ યજ્ઞમાં આવેલા છે. તેમણે આ આખું ચરિત્ર તમને સંભળાવવાની અમને આજ્ઞા આપી છે. ભૃગુવંશી મહાતપસ્વી વાલ્મીકિમુનિએ આ આખું ચરિત્ર ચોવીસ હજાર શ્લોકનું રચેલું છે. તેમાં એકસો ઉપાખ્યાનો ગોઠવેલાં છે. હે રાજન્ ! એ મહાત્માએ પહેલેથી માંડીને છેલ્લેસુધી પાંચસો સર્ગો અને ૭ કાંડો રચ્યા છે અને છેલ્લો ઉત્તરકાંડ રચ્યો છે. અમારા ગુરુ વાલ્મીકિઋષિએ આપનાં ચરિત્રોને ઉદ્દેશીને આ કાવ્ય લખ્યું છે. જ્યાંસુધી સૃષ્ટિ રહેશે ત્યાંસુધી આ કાવ્યની પ્રતિષ્ઠા રહેશે. હે રાજન્ ! હે મહારથ ! જો એ ચરિત્ર સાંભળવાની આપની ઇચ્છા હોય, તો યજ્ઞપ્રયોગના વિરામસમયે પ્રાપ્ત સુખવાળા થઇને સર્વે ભાઇઓસહિત તમે તે સાંભળજો "

કુમારોનાં વચન સાંભળી રાજા રામચંદ્રજીએ તેમની પ્રશંસા કરી અને ફરી આવવાનું કહી તેઓને રજા આપી. પછી તે બંને ભાઇઓ જ્યાં મુનિ વાલ્મીકિ હતા ત્યાં ગયા અને રાજા રામચંદ્રજી મહર્ષિઓ અને રાજાઓ સાથે એ મધુર ગીત સાંભળીને યજ્ઞશાળામાં ગયા.

૧૦—વાલ્મીકિની પ્રતિજ્ઞા અને સીતાજીનું જમીનમાં સમાવું.

એ પ્રમાણે રાજા રામચંદ્રે ઘણા દિવસસુધી મુનિઓ, રાજાઓ અને વાનરોસાથે એ પરમ શુભ સંગીત સાંભળ્યું. તે સંગીતવૃત્તાંત ઉપરથી કુશ અને લવ એ બંને સીતાના પુત્રો છે, એમ રામને જણાયું; ત્યારે તુરતજ રાજા રામચંદ્રે સાચા સમાચારો લાવનાર દૂતને બોલાવીને પોતાના મનની ઇચ્છા જણાવતાં કહ્યું કે, તું અહીંથી ભગવાન વાલ્મીકિ પાસે જા અને મારા નામથી તેમને કહે કેઃ—"જો સીતા શુદ્ધ આચાર પાળનારી હોય અથવા વનવાસ કરવાથી તેનાં પાપ બળી ગયાં હોય, તો તે આપની અનુમતિ લઇ આપની સાથે આવી આ જનસભામાં પોતાની આત્મશુદ્ધિની ખાત્રી કરી આપે. હે દૂત ! તું મુનિનું હાર્દ સમજીને તેમજ સીતાની મનોગત ઇચ્છા જાણીને જે સત્ય વાત જણાય તે તુરત મને વિદિત કર. વળી તેમને જણાવજે કે, જો જનકપુત્રી આવતી કાલે સવારે આ સભામાંજ સોગંદ લે, તો હું સ્રીસૌંદર્યથી લોભાયો છું; એવા લોકાપવાદથી મુક્ત થાઉં."

રાઘવનાં આ પરમ અદ્ભુત વચન સાંભળીને તે દૂત વાલ્મીકિમુનિના નિવાસસ્થાને ગયો અને અમાપ તેજથી પ્રકાશતા તે મહાત્માને પ્રણામ કરીને તેમને રામચંદ્રજીનાં મૃદુ અને મધુર વચનો વિદિત કર્યાં. દૂતે કહેલા રામચંદ્રના અંતરના વિચારો જાણીને મહાતેજસ્વી વાલ્મીકિમુનિ સર્વ પરિસ્થિતિ સમજી ગયા. પછી તેઓ બોલ્યા કેઃ—"હે દૂત ! તમારૂં કલ્યાણ થાઓ. સતી

સીતા મહાત્મા રાઘવ કહે છે તેમજ કરશે, કારણકે સ્ત્રીનું દૈવત તેનો સ્વામી છે." મુનિનાં વચન સાંભળી મહાબળવાન રાજદૂતે મહાત્મા રાઘવની પાસે જઇને મુનિએ જે પ્રમાણે કહ્યું હતું તેજ પ્રમાણે વિદિત કર્યું. મહાત્મા વાલ્મીકિનો આવો ઉત્તર સાંભળીને રાજા રામચંદ્રજી બહુ પ્રસન્ન થયા અને ત્યાં એકઠા થયેલા ઋષિઓ અને રાજાઓને કહ્યું કેઃ-"હે ભગવન્! સશિષ્ય સર્વે ઋષિઓ અને અનુચરોસહિત સર્વે રાજાઓ, તેમજ અન્ય જે કોઇને ઇચ્છા હોય તે સર્વેને આવતી કાલે થનાર સીતાશપથ વખતે આ સભામાં પધારવા વિનતિ છે" મહાત્મા રાઘવનાં આવાં વચન સાભળીને સર્વે મુખ્ય ઋષિઓએ "ધન્ય છે, ધન્ય છે" એમ કહ્યું; અને પ્રશંસા કરવા લાગ્યા કેઃ-"હે નરશ્રેષ્ઠ! તમારા જેવો બીજો કોઇ રાજા પૃથ્વી ઉપર ઉત્પન્ન થયો નથી." શત્રુનો નાશ કરનાર મહાત્મા રાઘવે પોતાનો નિશ્ચય જણાવ્યા પછી તે સર્વે ઋષિઓને "આવતી કાલે આવજો" એમ કહીને વિદાય કર્યા. મહાનુભાવ મહાત્મા રાજસિંહ રામચંદ્રજીએ આવતી કાલે જાનકીના શપથ સમયે સર્વેને પધારવાનું કહી સભાને વિસર્જન કરી.

રાત્રિ વીતી અને પ્રભાત થયું, ત્યારે યજ્ઞશાળામાં ગયેલા રાજા રામચંદ્ર મહાતેજસ્વી સર્વ ઋષિઓને ત્યાં બોલાવ્યા. મહાત્મા વસિષ્ઠ, વામદેવ, જાબાલિ, કાશ્યપ, વિશ્વામિત્ર, દીર્ઘતમા, મહાતપસ્વી દુર્વાસા, પુલસ્ત્ય, શક્તિ, ભાર્ગવ, વામન, માર્કંડેય, દીર્ઘાયુ, મહાયશસ્વી મૌદ્ગલ્ય, ગર્ગ, ચ્યવન, ધર્માત્મા શતાનંદ, તેજસ્વી ગૌતમ, કાત્યાયન, ભરદ્વાજ, અગ્નિપુત્ર સુપ્રભ, નારદ, પર્વત, મહાયશસ્વી સુયજ્ઞ અને તપોનિધિ અગસ્ત્ય આદિ અનેક વ્રતધારી મુનિઓ તેમજ મહાપરાક્રમી રાક્ષસો, મહાબળવાન વાનરો, સેંકડો ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો સીતાશપથ જોવામાટે ત્યાં એકઠા થયા. જૂદા જૂદા દેશોમાંથી આવેલા વ્રતધારી, જ્ઞાનનિષ્ઠ, કર્મનિષ્ઠ અને યોગનિષ્ઠ બ્રાહ્મણો પણ સીતાશપથ જોવામાટે ત્યાં આવ્યા હતા. એ રીતે ગોઠવાયેલી સર્વે સભા ચિત્રવત્ સ્થિર હતી તેવામાં ભગવાન વાલ્મીકિમુનિ સતી સીતાસહિત ત્યાં આવતા જણાયા. મહાત્મા રાઘવનુંજ ચિંતન કરતાં સતી સીતા મોઢું નીચું કરીને હાથ જોડી રોતાં રોતાં ઋષિની પાછળ આવતાં હતાં. ભગવાન વાલ્મીકિમુનિની પાછળ એ રીતે આવતાં સતી સીતા જાણે પિતામહ બ્રહ્માની પાછળ શ્રુતિ હોય તેવાં લાગતાં હતાં. એ સમયે કોઇ ધન્ય છે, ધન્ય છે, એમ બોલતા હતા; ત્યારે કેટલાક આ દૃશ્યને જોઈ મહાદુઃખમાં ગરકાવ થઇ જતા હતા. એ સમયે શોકાતુર થયેલા સર્વે દ્રષ્ટાઓએ અતિ આર્ત્તસ્વર કરી મૂક્યો. કોઇ ધન્ય રામ! તો કોઇ ધન્ય સીતા! તો વળી કોઇ ધન્ય સીતારામ! એ પ્રકારે કોલાહલ કરતા હતા. સીતાને સહાય કરનાર ભગવાન વાલ્મીકિમુનિએ સભામાં આવીને મહાત્મા રાઘવને કહ્યું કેઃ–

"હે દાશરથી રામ! આ સીતા શુભ આચરણવાળી અને ધર્મવત્સલ છે, છતાં લોકાપવાદને લઇ તમે તેનો મારા આશ્રમની પાસે ત્યાગ કર્યો છે. હે મહાવ્રતશાળી રામ! લોકાપવાદથી ભય પામેલા તમને આ સીતા પોતાની વિશુદ્ધિની ખાત્રી આપવા ઇચ્છે છે, માટે તેને રજા આપવી જોઇએ. હે રઘુનંદન! હું સત્ય કહું છું કે, જાનકીના ઉદરથી જોડે જન્મેલા આ બંને મહાદુર્ધર્ષ કુમારો તમારાજ પુત્રો છે. હું પ્રચેતાનો દશમો પુત્ર છું. હું કદી અસત્ય બોલ્યો હોઉં એમ મને સાંભરતું નથી; તેથી હું કહું છું કે, આ બંને તમારા પુત્રો છે. મેં હજારો વર્ષોસુધી તપ કરેલ છે, તે તપના શપથ ખાઇને હું કહું છું કે, જો આ મૈથિલી દુષ્ટ આચરણવાળી હોય, તો મારા તપનું ફળ મને જરાપણ ન મળો. મેં ક્યારે પણ મન, વચન અને કર્મથી કાંઈ પણ પાપ કર્યું નથી. તે તપનું ફળ પણ જો આ જાનકી પાપી હોય તો મને ન મળો. હે રાઘવ! પાંચ જ્ઞાનેંદ્રિય અને છઠ્ઠું મન એ સર્વેથી વિચારીને આ સીતા શુદ્ધ છે એવી મારી ખાત્રી થઇ, ત્યારેજ હું વનમાંના ઝરાના કિનારેથી તેને મારે આશ્રમે લઇ ગયો હતો. આ રીતે શુદ્ધ આચરણવાળી, નિષ્પાપ અને પતિને દેવતરીકે માનનારી આ સીતા લોકાપવાદથી ભય પામેલા તમને પોતાની વિશુદ્ધિની ખાત્રી આપશે. હે દશરથપુત્ર! તમારી આ પ્રિયતમા વિશુદ્ધ છે એમ તમે જાણો છો, છતાં લોકાપવાદના ભયથી ખિન્ન ચિત્તવાળા થઇને તમે તેને તજી દીધી છે. હું મારી દિવ્યદૃષ્ટિ અને જ્ઞાનદૃષ્ટિવડે તમને ખાત્રી આપું છું કે તે વિશુદ્ધ છે માટે તમે તેને મદદ કરો.

સતી સીતાને સભામાં આવેલાં જોઇને અને ભગવાન વાલ્મીકિમુનિની પ્રતિજ્ઞા સાંભળીને ગળગળા થયેલા રામચંદ્રજી બોલ્યા કેઃ-"હે મહાભાગ! હે ધર્મવિદ! તમે કહો છો તે યથાર્થ

છે. હે બ્રહ્મન્! મને તમારાં નિર્દોષ વચનોમાં વિશ્વાસ છે. પૂર્વે વૈદેહીએ દેવોની સમક્ષ લીધેલા શપથથી એની વિશુદ્ધિની મને ખાત્રી થઇ હતી અને તેથીજ મેં એને મારી સાથે રાજમંદિરમાં રાખી હતી; પણ જ્યારે લોકાપવાદ અતિશય પ્રવર્ત્યો, ત્યારે એ અપાપી છે એમ જાણતાં છતાં રાજધર્મ બજાવવાની ખાતર મારે તેનો ત્યાગ કરવો પડયો છે. હે મુનિ! તેને માટે ક્ષમા કરો. હું જાણું છું કે, આ જોડે જન્મેલા કુશ અને લવ એ બન્ને મારા પુત્રો છે અને આ મૈથિલી આખા જગતમાં વિશુદ્ધ છે, તેથી મારી એના ઉપર પ્રીતિ હો."

આજે સીતા શપથ લેશે એ વાત સાંભળી પિતામહ બ્રહ્માને આગળ કરીને આદિત્યો, વસુઓ, રુદ્રો, વિશ્વદેવો, વાયુદેવો, સાધ્યદેવો, પરમર્ષિઓ, નાગદેવો, સુપર્ણો, સિદ્ધો વગેરે અનેક સુરશ્રેષ્ઠો ત્યાં આવેલા હતા. એ સર્વે દેવો અને ઋષિઓને જોઇને રાઘવે ફરીથી કહ્યું કે, "હે સુરશ્રેષ્ઠો! મને આ ઋષિનાં અપાપી વચનોમાં સંપૂર્ણ વિશ્વાસ છે. આ જગતમાં વૈદેહી વિશુદ્ધ છે અને એના ઉપર મારી પૂર્ણ પ્રીતિ છે."

રામચંદ્રના મનનો અભિપ્રાય જાણીને સૌ પ્રસન્ન થયા. એ સમયે સુંદર, દિવ્ય ગંધવાળો, પવિત્ર અને શુભકારક વાયુ વાવા લાગ્યો; તેથી બધા સુરશ્રેષ્ઠો અને આખો જનસમાજ આનંદ પામ્યો. જુદા જુદા દેશોમાંથી આવેલા માણસો જાણે સત્યયુગ પ્રવર્ત્યો હોય તેવું આ અદ્‌ભુત અને ન સમજી શકાય તેવું દૃશ્ય જોવા લાગ્યા. તે સમયે કાષાય વસ્ત્ર ધારણ કરેલાં સતી સીતાએ હાથ જોડીને નીચું મોઢું રાખી ભૂમિ તરફ દૃષ્ટિ કરતાં બોલ્યાં કે:-

यथाहं राघवादन्यं मनसापि न चिन्तये । तथा मे माधवी देवी विवरं दातुमर्हति ॥

"જો મેં રાઘવસિવાય અન્યનું મનવડે પણ ચિંતન કર્યું ન હોઉં તો હે માધવી દેવિ! મને તારામાં સમાવી દે. હે પૃથ્વીમાતા! મને માર્ગ આપ."

मनसा कर्मणा वाचा यथा रामं समर्चये । तथा मे माधवी देवी विवरं दातुमर्हति ॥

"જો મેં મન, વચન અને કર્મવડે નિરંતર રામનુંજ આરાધન-પૂજન કર્યું હોય તો હે માધવી દેવિ! મને તારામાં સમાવી દે. હે પૃથ્વીમાતા! મને માર્ગ આપ."

यथैतत्सत्यमुक्तं मे वेद्मि रामात्परं न च । तथा मे माधवी देवी विवरं दातुमर्हति ॥

"જો હું રામસિવાય બીજા કોઇને જાણતી ન હોઉં-અર્થાત્ મન, વચન અને કર્મથી રામચંદ્રનેજ ભજનારી છું તે સત્ય હોય તો હે માધવી દેવિ! મને તારામાં સમાવી દે. હે પૃથ્વીમાતા! મને માર્ગ આપ."

સતી સીતાએ જ્યારે ઉપરાઉપરી આવા ત્રણ શપથ લીધા ત્યારે ત્યાં એકાએક આશ્ચર્યકારક દૃશ્ય ઉત્પન્ન થયું. સર્વ સભા સમક્ષ સતી સીતા ઉભાં હતાં ત્યાંની પૃથ્વી ફાટી અને તેમાંથી એક ઉત્તમ અને દિવ્ય સિંહાસન બહાર આવ્યું. એ દિવ્ય સિંહાસનને દિવ્ય દેહધારી, દિવ્ય રત્નનાં આભૂષણ ધારણ કરનારા, અમિત પરાક્રમી નાગોએ માથા ઉપર ધારણ કરેલું હતું અને તેના ઉપર ધરણી દેવી બેઠેલાં હતાં. તેમણે સીતાને બંને હાથથી આલિંગન કરી, 'પુત્રી! કલ્યાણ થાઓ' એ પ્રમાણે અભિનંદન આપી તેને પોતાના ખોળામાં બેસાડી લીધાં; અને રસાતળમાં જવા લાગ્યાં. એ સમયે દિવ્ય સિંહાસન ઉપર બેઠેલાં ધરણી દેવીસહિત સીતાજી ઉપર આકાશમાંથી દિવ્ય પુષ્પોની અવિચ્છિન્ન વૃષ્ટિ થવા લાગી. વળી દેવોમાં પણ મહાન સાધુઓ એકદમ ઉભા થઈ ગયા અને કહેવા લાગ્યા કે, જેનું આવું શીલ છે તે સીતા તને ધન્ય છે! ધન્ય છે! સીતાજીનો ભૂમિપ્રવેશ જોઇને અંતરિક્ષમાં રહેલા પ્રસન્ન ચિત્તવાળા અનેક દેવોએ એ પ્રમાણે અનેક પ્રકારે ધન્યવાદ આપ્યો. રાજા રામચંદ્રજીના યજ્ઞમાં આવેલા સર્વે મુનિઓ તથા પુરુષસિંહ રાજાઓ તો આ દૃશ્ય જોઇને દિગ્મૂઢ થઇ ગયા. એજ રીતે મહાકાય દાનવો અને પાતાળવાસી પન્નગો; તેમજ અંતરિક્ષમાં રહેલાં અને ભૂમિ ઉપરનાં સર્વે સ્થાવરજંગમ પ્રાણીઓ પણ આ દૃશ્ય જોઇને દિગ્મૂઢ થઈ ગયાં. કેટલાક પ્રસન્ન થઇને "જય જય" બોલવા લાગ્યા, કેટલાક ધ્યાનપરાયણ થઇ ગયા, કેટલાક મહાત્મા રામચંદ્ર તરફ જોઇ રહ્યા, ત્યારે કેટલાક જડ જેવા થઇને ભૂમિપ્રવેશ કરતાં સતી સીતા તરફ જોઇ રહ્યા. એ સમયે ઋષિઓનો સત્સમાગમ અને સીતાનો ભૂમિપ્રવેશ જોઇને આખું જગત એક મુહૂર્તપર્યંત સંમોહ પામી ગયું.

જ્યારે વૈદેહીએ રસાતળમાં પ્રવેશ કર્યો, ત્યારે રામની સાંનિધિમાં રહેલા સર્વે વાનરો અને મુનિઓએ "સતી સીતા, તને ધન્ય છે ! ધન્ય છે !" એવો હર્ષનાદ કર્યો. એ સમયે રાજા રામચંદ્રજી યજ્ઞદંડને ટેકવી નીચે મુખે બેઠા હતા, તે ઉંચું પણ જોઇ શકયા નહિ. તેમની આંખોમાં અશ્રુ ભરાઇ આવ્યાં અને દીનચિત્ત થયેલા હોવાથી તેઓ અતિશય દુઃખી જણાતા હતા. અંતે તેઓએ મહાન શોકસાગરમાં ડુબી રોદન કરવા માંડયું અને તેમની આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. ઘણીવાર રોદન કર્યા પછી તેમણે કહ્યું કે, "લક્ષ્મી જેવી સ્વરૂપવાન સીતાએ મારા દેખતાંજ ભૂમિપ્રવેશ કર્યો, તેથી કોઇ દિવસ નહિ થયેલો એવો અપાર શોક મારા હૃદયને ભેદી નાખે છે. પૂર્વે મહાસાગરને સામે કાંઠે આવેલી લંકામાં જ્યાં કોઇને એનું દર્શન પણ થયું ન હતું, ત્યાંથી પણ મેં એને પાછી આણી હતી, તો પછી પૃથ્વીના તળમાંથી તેને પાછી આણવી તે મોટી વાત નથી. હે દેવી ભગવતી વસુધે ! મને મારી સીતા પાછી આપો, નહિ તો તમે મને ઓળખો છો તે પ્રમાણે હું તમારા ઉપર ક્રોધ કરીશ. ખરેખર, તમે મારાં સાસુજી છો, કારણ કે હળથી ખેડ કરતા જનકરાજાને સીતા તમારી પાસેથી પ્રાપ્ત થયેલ હતી. હે વસુધે ! સીતા મને પાછી આપો અથવા મને પણ તમારામાં સમાવી દો, કે જેથી પાતાળમાં કે સ્વર્ગમાં પણ હું સીતાની સાથેજ વસું. હે વસુધે ! તમે મને સીતા પાછી આણી આપો, કારણકે તેનાવિના હું ગાંડો થઇ ગયો છું. જો તમે સીતા જેવી હતી તેવી મને પાછી નહિ આપો તો હું પૃથ્વીમાં પ્રવેશ કરીશ. આટલું છતાં પણ તમે નહિ માનો તો હું પર્વત અને વનોસહિત આખી પૃથ્વીને વ્યાકુળ કરીને સર્વ ભૂમિ જળમય કરી દઇશ અને અંતે તમારો નાશ કરીશ."

રાજા રામચંદ્રજી ક્રોધ અને શોકયુક્ત વચનો બોલવા લાગ્યા ત્યારે દેવોસહિત બ્રહ્માએ કહ્યું:– "હે રામ ! હે રામ ! હે સુવ્રત ! તમારે કોઇ પણ પ્રકારનો સંતાપ કરવો યોગ્ય નથી. હે શત્રુનાશક ! પૂર્વે કરેલ મંત્ર અને ભાવનું સ્મરણ કરો. હે મહાબાહુ ! તમારા એ ઉત્તમ વિષ્ણુભાવનું અમે કાંઇ તમને સ્મરણ કરાવતા નથી, માત્ર ઇશારોજ કરીએ છીએ. હે દુર્ધર્ષ ! આ પળે તમે તમારા જન્મનો હેતુ અને કાર્યનો વિચાર કરો. વૈદેહી સીતા વિમલ સાધ્વી હતી અને નિરંતર તમારૂંજ ચિંતન કરનારી હતી. તે તમારા આશ્રયથી તેમજ તેના તપોબળથી નાગલોકનું સુખ ભોગવવા ગયેલ છે. તે જરૂર ફરીથી સ્વર્ગમાં તમને મળશે, માટે હવે આ સભામાં હું જે વચનો કહું તે તમે સાંભળો."

"હે રામ ! જે કાવ્ય તમે સાંભળ્યું છે તે સર્વે કાવ્યોમાં ઘણું ઉત્તમ છે અને મેં પણ પૂર્વે સાંભળેલું છે. તમારાં સર્વે ચરિત્રોનું તેમાં વિસ્તારથી વ્યાખ્યાન કરેલું છે. હે વીર! જન્મથી માંડીને તમે જે સુખદુઃખ ભોગવેલાં છે અને ભવિષ્યમાં જે ભોગવવાનાં છે તે સર્વે વાલ્મીકિ ઋષિએ એમાં વર્ણવેલાં છે. હે રામ ! આ આખું આદિકાવ્ય તમારાવિષેજ રચેલું છે. ખરેખર, રાઘવસિવાય બીજો કોઇ એ કાવ્યનો યશ ભોગવવા યોગ્ય નથી. દિવ્ય અદ્ભુત સ્વરૂપી અને સત્ય વાકયવાળું આ કાવ્ય પૂર્વે મેં દેવોની સાથે સાંભળેલું હતું. હે પુરુષસિંહ ! હે કાકુત્સ્થ ! ધર્મને લીધે સાવધાન ચિત્તવાળા તમે ભવિષ્યનો રામાયણનો શેષ ભાગ સાંભળો. હે મહાતેજસ્વી! હે મહાયશસ્વી! એ કાવ્યનો બાકીનો ઉત્તમ ઉત્તરભાગ તમે ઋષિઓની સાથે સાંભળો. હે વીર! હે રઘુનંદન ! તમારા જેવા પરમ રાજર્ષિએ એ રહસ્યવાળો ભાગ બીજા કોઇ ભાઇની સાથે સાંભળવો ન જોઇએ." એ પ્રમાણે કહીને ત્રિભુવનપતિ બ્રહ્મા, દેવો અને બીજા સર્વે પોતાના બાંધવો સાથે સ્વર્ગલોકમાં ગયા.

એ સમયે બ્રહ્મલોકમાં નિવાસ કરનારા જે જે મહાત્મા ઋષિઓ હતા તે સર્વે બ્રહ્માજીની આજ્ઞાથી પોતપોતાને સ્થાનકે જવા નીકળ્યા હતા; પરંતુ રાજા રામચંદ્રનું હવે પછી થવાનું ઉત્તરચરિત સાંભળવાની ઇચ્છાથી તેઓ સભામાં પાછા આવ્યા. પછી તેમની વની શુભ વાણીથી રાજા રામચંદ્રે ભગવાન વાલ્મીકિને બાકીનો ભાગ સંભળાવવા વિનતિ કરી; ત્યારે પરમ તેજસ્વી વાલ્મીકિ બોલ્યા કેઃ–"હે ભગવન્ ! બ્રહ્મલોકનિવાસી ઋષિઓ તમારૂં ભવિષ્ય શ્રવણ કરવાની ઇચ્છા કરે છે, તો હવે તે આવતીકાલ સવારથી શરૂ કરીશું." એવો નિશ્ચય જાહેર કરી કુશ અને લવને સાથે લઇને તે સભામંડપ છોડીને પર્ણશાળામાં ગયા અને સાક્ષાત લક્ષ્મીજીના અવતાર જેવાં સીતાજીનો શોક કરતાં કરતાં રાત્રિ વીતાવી.

૧૧–હિંદુજાતિનો મહાન અને સાચો ધર્મગુરુ

એક વર્તમાન દેશભક્ત અને મહાન સ્વાર્થત્યાગી " ભાઇ પરમાનંદ એમ. એ." તરફથી
હાલમાંજ " વાલ્મીકિ મુનિકા જીવનચરિત્ર " નામે એક પુસ્તક પ્રસિદ્ધ થયું છે. (પૃષ્ઠસંખ્યા
૧૮૦, મૂલ્ય ૦ાા, ઠેકાણું આર્યપુસ્તકાલય અનારકલી-લાહોર) એમાં વાલ્મીકિના ચરિત્ર સાથે વ-
ર્તમાન દેશદશા ઉપર પણ તેમણે પુષ્કળ લખ્યું છે. એ પુસ્તકમાં મહર્ષિ વાલ્મીકિ અને તેમની
રામાયણ વિષે તેઓ લખે છે કે:—

"કિસી મનુષ્ય કે જીવનચરિત્ર જાનને કે લિયે પહેલી બાત તો યહ હૈ કિ હમ યહ જાનના
ચાહતે હૈં કિ વહ કહાં પૈદા હુઆ, કહાં ઉસકા પાલનપોષણ હુઆ, ઉસને કયા કયા બડે કામ
કિયે. ઇન સબ બાતોં કા જો થોડા બહુત પતા લગ સકા હૈ હમ ને ઉસકા વર્ણન ઋષિ વા-
લ્મીકિ કે સંબંધ મેં કર દિયા હૈ. મનુષ્ય કા જીવન કેવલ ઇતના હી નહીં હોતા હૈ. હમારા
વાસ્તવિક જીવન હમારે વિચારોં કે અંદર પાયા જાતા હૈ, જીસે હમ અપના માનસિક જીવન કહ
સકતે હૈં. લોગ કહતે હૈં કિ યદિ તુમ હમેં બતાદોગે કિ અમુક મનુષ્ય કિન લોગોં કી સંગતિ
મેં રહતા હૈ તો હમ બતાદેંગે કિ વહ કૈસા મનુષ્ય હૈ–અર્થાત્ મનુષ્ય સંગતિ સે ભી પહિચાના
જા સકતા હૈ. મનુષ્ય બાતોં સે ભી પહિચાના જા સકતા હૈ. સબ સે બઢ કર મનુષ્ય કો પ્રકટ
કરનેવાલે ઉસકે વિચાર હોતે હૈં. કિસી કે વિચારોં કા પ્રભાવ થોડે સે લોગોં પર થોડે સે સ-
મય કે લિયે રહતા હૈ. કઈ એક કા થોડે સે સમય કે લિયે બહુત લોગોં પર રહતા હૈ. સચ્ચે
મહાપુરુષ વે હૈં જીનકા પ્રભાવ ચિરકાલ તક બહુત લોગોં પર રહતા હૈ. નિઃસંદેહ વાલ્મીકિ
ઉન મેં સે એક હૈ. વાલ્મીકિ કી રામાયણ ને હિન્દૂજાતિ કે હૃદયોં પર અતિ પ્રાચીન કાલ સે
લેકર આજ તક જીતના પ્રભાવ ડાલા હૈ વહ શાયદ હી કિસી ઔર પુસ્તક ને ડાલા હો. પિ-
છલે સમય મેં જીતની રામાયણેં ભારતવર્ષ કે ભિન્ન ભિન્ન ભાગોં મેં લિખી ગઇ હૈં વહ સબ વા-
લ્મીકિ રામાયણ સે નકલ કી ગઈ હૈ. વાસ્તવિક રામાયણ વાલ્મીકિ કી હી હૈ. ઔર ઉનકે સબ
વિચાર વાલ્મીકિ કે હી હૈ. યદિ વાલ્મીકિ બિના રામાયણ લિખે મર જાતે તો ઉનકા નામ ઉન
સૈંકડોં ઋષિયો મેં સે એક હોતા, જો ભારતવર્ષ કે ગગનમંડળ મેં તારકાઓં કે સદશ ચમક
રહે હૈં; પરંતુ વાલ્મીકિ ને અપને ઉચ્ચ વિચારોં કો રામાયણ કા રૂપ દેકર હિન્દૂ જાતિ પ
એસા ઉપકાર કિયા હૈ કિ વે હમારે સચ્ચે ધર્મગુરુ બન ગયે હૈ."

"યોં તો હમ જાનતે હૈં કિ હમારે ધર્મપુસ્તક વેદ હૈં. હમ યહ ભી જાનતે હૈં કિ હમારા
ઉચ્ચ આધ્યાત્મિક જ્ઞાન હમારી ઉપનિષદોં મેં ભરા પડા હૈં. હમેં યહ ભી માલૂમ હૈ
કિ હમારા તત્ત્વજ્ઞાન હમારે દર્શનોં મેં પાયા જાતા હૈ. હમારા કાનૂન માનવધર્મ–શાસ્ત્ર ઔર
દૂસરી સ્મૃતિયોં મેં મૌજૂદ હૈ. રામાયણ કી વિશેષતા કયા હૈ ? ધર્મ ઔર જ્ઞાન કો કેવલ ઉપ-
દેશદ્વારા ફૈલાના બહુત કઠિન હૈ. સાધારણ લોગધર્મ કો ઇસ વિધિ સે જલદી ગ્રહણ નહીં કર
સકતે. લોગોં કો ધર્મ કી શિક્ષા દેને કી ઉત્તમ વિધિ યહ હૈ કિ ઉનકે સામને એસે જીવન કા
આદર્શ રખા જાય જીસકે અન્દર ધર્મ કે સબ નિયમ કાર્ય રૂપ મેં પાયે જાતે હોં. વાલ્મીકિ ને
રામાયણ લિખકર હમારી જાતિ કે સાર ધર્મ કો કાર્ય રૂપ મેં પરિણિત કર દિયા હૈ. યહી વા-
લ્મીકિ કી વિશેષતા હૈ ઔર ઇસી લિયે વહ હમારા ધર્મગુરુ હૈ."

"વાલ્મીકિ કી સબસે બડી વિશેષતા ઇસ બાત મેં હૈ કિ ઉન્હોંને ગૃહસ્થ–ધર્મ કો અતિ
ઉત્તમ ઔર પૂર્ણ–રૂપ મેં હમારે સન્મુખ રક્ખા હૈ. ગીતા મેં કૃષ્ણ ને પુરુષોત્તમ કા સ્વરૂપ
બતાયા હૈ. વાલ્મીકિ કી રામાયણ હમારે સામને મર્યાદા પુરુષોત્તમ કા સ્વરૂપ ઉપસ્થિત કરતી હૈ
યહી નામ હૈ જો હિન્દૂ જાતિ ને શ્રીરામચંદ્રજી કો દિયા હૈ કેવલ રામચંદ્ર હી મર્યાદા પુરુષોત્તમ
ન થે ઉનકા સારા કુલ મર્યાદા કા અતિ ઉત્કૃષ્ટ નમૂના હૈ. પ્રકૃતિ કે સૌંદર્ય કા વર્ણન કર
મેં વાલ્મીકિ અદ્વિતીય હૈ. કિસી નઇ ચીજ કા ચિત્રણ કરને મેં ભી ઉન્હોંને કમાલ દિખા
હૈ. જબ હમ દશરથ, કૈકેયી, લક્ષ્મણ, શ્રીરામચંદ્ર ઔર સીતા કી બાતોં કો પઢતે હૈં તો હ
એસા અનુભવ હોને લગતા હૈ માનોં વે જીતે–જાગતે હમારે સામને બાતેં કર રહે હૈં. વાલ્મી
ને ઇન સબ ચરિત્રોં કો સંસાર મેં અમર કર દિયા હૈ."

રઘુનાથદાસ ગોસ્વામીનું ટૂંક ચરિત્ર

સીત કમલ સકલાત વિદિત પુરુષોત્તમ દીની; સૌચ ગયે હરિસંગ કૃત્ય સેવકકી કીની.
જગન્નાથ-પદ પ્રીતિ નિરંતર કરત ખવાસી; ભગવત-ધર્મ-પ્રધાન પ્રસન્ન નિલાચલવાસી.
ઉત્કલ-દેશ ઉડિસા નગર બૈનતેય સબકોઉ કહેં; શ્રી રઘુનાથ ગુસાંઈ ગરુડ જ્યોં સિંહ-પૌરિ ઠાઢે રહેં.

(નાભાદાસકૃત ભક્તમાળ)

જ્યારે મહાપ્રભુ ગૌરાંગ સમસ્ત ભારતવર્ષને ભક્તિરસથી ભીંજવી રહ્યા હતા; તે સમયે અનેક ધનવાનો, માન્યપુરુષો તથા વિદ્વાનો સંસારનો મોહ, માનમરતબો, વિષયવાસના, ધનની આસક્તિ વગેરે તરફ બેદરકાર રહીને તેમના અનુયાયી થતા હતા. શ્રી ચૈતન્ય મહાપ્રભુના દૈવી ચરિત્રથી આકર્ષિત થઇને જે અતુલ ઐશ્વર્યશાળી મહાનુભાવો સંસારને તૃણવત્ સમજીને માત્ર ભગવાનનુંજ નામ-સંકીર્તન તથા કથાવાર્તામાંજ સમય ગાળવા ભિક્ષુ થઇને નીકળી પડયા હતા, તેઓમાં શ્રી રઘુનાથદાસ ગોસ્વામી સર્વશ્રેષ્ઠ ગણાય છે. એજ મહાનુભાવનું પરમ પવિત્ર ચરિત્ર સંક્ષેપમાં અત્રે રજુ કરવામાં આવે છે.

ચારસો વર્ષ ઉપર બંગાળામાં સરસ્વતી નદીને કિનારે સપ્તગ્રામ નામે એક નગર હતું. ઘણા જૂના કાળથી તે બંગાળાનું એક મુખ્ય વ્યાપારી નગર હતું; પરંતુ સરસ્વતી નદીમાં રેતી ભરાઇ જવાને લીધે ત્યાં વહાણો ઓછાં આવવા લાગ્યાં અને સન ૧૬૩૨ માં હુગલી બંદર સ્થપાયું, એટલે આ નગર એક રીતે ઉજ્જડ જેવુંજ થઇ ગયું. ત્યારપહેલાં આ સ્થળ ધન અને મનુષ્યોથી ભરપૂર હતું. ત્યાં હિરણ્યદાસ અને ગોવર્ધનદાસ નામના બે સગા ભાઈ રહેતા હતા. તેઓ જાતે કાયસ્થ હતા. બંગાળાના નવાબ સૈયદ હુસેનશાહે આ બન્ને ભાઇઓને કર ઉઘરાતદારતરીકે નીમ્યા હતા, તેથી તેઓ મજમુદાર કહેવાતા. આ સ્થળની આવક ૨૦ લાખની હતી, જેમાંથી બારલાખ નવાબને મોકલતા અને બાકીના આઠ લાખની તેમની આવક હતી. તે વખતની આટલી આવક તે આજની આવક કરતાં દશગણીના જેટલી હતી. એ ઉપરથી તેમના વૈભવનો પૂરો ખ્યાલ આવી શકે તેમ છે. વળી તેઓ મહાપંડિત, દાની અને ધાર્મિક હતા. નવદ્દીપના ઘણાય બ્રાહ્મણોનો જીવન-નિર્વાહ તેમની મદદથી ચાલતો. મોટાભાઇ હિરણ્યદાસને કંઇ સંતાન ન હતું. હા, નાનાભાઈ ગોવર્ધનદાસને માત્ર એક પુત્ર હતો. આ લેખના ચરિત્રનાયક રઘુનાથદાસજી તે એક માત્ર પુત્ર હતા, એટલે બાલ્યકાળમાં તેમનું કેવીરીતે લાલન-પાલન થયું હશે તેનું અનુમાન સહેજે થઇ શકશે.

રઘુનાથદાસનો જન્મ ઘણે ભાગે સંવત ૧૫૫૪ ના અરસામાં થયો હશે. તેમનો જન્મથીજ ધર્મતરફ પ્રેમ હતો. પોતાના કુલપુરોહિત બળરામ આચાર્યને ઘેરજ તેઓ વિદ્યાધ્યયન કરવા જતા હતા; ત્યાંજ તેમને યવનકુળમાં ઉત્પન્ન થયેલા પરમ ભાગવત શ્રીહરિદાસ ઠાકુરનાં દર્શન થયાં. તે દિવસોમાં ઠાકુર મહાશય ત્યાંજ રહેતા હતા. તેમને મુખે હરિનામનું માહાત્મ્ય સાંભળીને બાળક રઘુનાથના હૃદયમાં વૈરાગ્યનો ઉદય અને ધર્મપ્રત્યે પ્રેમ જાગૃત થયો. રઘુનાથ વિદ્યાધ્યયનને બહાને ત્યાં જઇને હરિદાસનું દર્શન કર્યા કરતા હતા. સંસારના ભોગવિલાસ વગેરેપ્રત્યે તેમની ઉદાસીનતા જોઇને તેમનાં માતપિતા બહુજ ચિંતા કરવા લાગ્યાં.

ત્યારબાદ કેટલાક દિવસો પછી શ્રી ચૈતન્ય મહાપ્રભુ સંન્યાસ લઇને શાન્તિપુર પધાર્યા, ત્યારે ત્યાં તેમના દર્શનમાટે ઘણાય ભકતો એકઠા થયા. રઘુનાથ પણ બધાની સાથે ત્યાં ગયા. શ્રી ચૈતન્યદેવના પિતા સાથે હિરણ્યદાસને બહુ સ્નેહ હતો એટલે ચૈતન્ય રઘુનાથને સારીરીતે ઓળખતા હતા. શાંતિપુરના શ્રી અદ્વૈતાચાર્ય સાથે પણ તેમને ઓળખાણ હતું. તેમણે રઘુનાથને પોતાને ત્યાં રાખીને બહુ મહેરબાની કરીને શ્રી ચૈતન્યનો ઉચ્છિષ્ટ પ્રસાદ તેને આપ્યો. ચૈતન્યદેવ નાની ઉંમરના રઘુનાથનો ધર્મપ્રેમ જોઇને અત્યંત પ્રસન્ન થયા અને કંઇ ઉપદેશ આપીને તેને વિદાય કર્યો. શ્રી ગૌરાંગના સમાગમથી રઘુનાથની ભક્તિને પૂર ચઢયાં અને તેને ઘરએ તો માત્ર બંધન જેવું જણાયું. તેમનો પ્રેમ એટલો બધો વધી ગયો કે તેઓ ઘેરથી નાસી નીકળ્યા, પરંતુ તેમના પિતાએ તેમને પકડી મંગાવ્યા.

આ રીતે રઘુનાથદાસે કેટલીયેવાર નાસી જવાના પ્રયત્નો કર્યા, પરંતુ દરેક વખતે પકડાઈ ગયા. તેમના ઉપર કેટલાયે પહેરેગીરો ચોકી કરતા હતા. તેમને સાંસારિક મોહપાશમાં જકડી લેવા માટે ભોગ-વિલાસની અનેક સામગ્રીઓ રજુ કરવામાં આવી અને એક રૂપવતી કન્યા સાથે તેમનો વિવાહ પણ કરી દીધો; પરંતુ આ સઘળા પ્રયત્નોનો પ્રભાવ ઉલટોજ પડયો-અર્થાત્ સાંસારિક સુખોમાં જકડવામાટે જેટલી તૈયારી કરવામાં આવી હતી તેટલુંજ તેમનું મન તે વસ્તુસ્થિતિઓથી ઉપરામ થતું ગયું. રઘુનાથદાસની પ્રેમમય દશા જોઇને લોકો તેમને ગાંડા અને ચિત્તભ્રમ થયેલ માનવા લાગ્યા અને તેમના પિતાને દવા કરાવવાનું કહેતા. કેટલાક દિવસ પછી શ્રીગૌરાંગ ફરીથી શાન્તિપુર આવ્યા. આ સમાચાર સાંભળી રઘુનાથદાસ પણ દર્શન કરવા ગયા. પિતાએ કેટલાક માણસોને રખવાળ તરીકે સાથે મોકલ્યા. ત્યાં રઘુનાથદાસ ચૈતન્યદેવ સાથે સાત દિવસસુધી રહ્યા અને તેમની સાથે નીલાચળ જવાની તેમની ઉત્કટ ઇચ્છા હતી. શ્રી ગૌરાંગે તેમનો મનોભાવ જાણી જઇને કહ્યું:-"હજુ ચિત્ત સ્થિર કરીને ઘેર પાછા જાઓ. એકદમ ગાંડા થવાથી કામ નહિ ચાલે. ભવસિંધુને લોકો ધીરે ધીરેજ તરી જાય છે. સંસારને દેખાડવા ખાતર મર્કટ-વૈરાગ્ય ના ધારણ કરતા. બહારથી લોકાચાર પ્રમાણે ચાલતા રહીને તેમાં લેપાતા નહિ અને ભગવાનમાં પ્રીતિ કાયમ રાખ્યા કરો. પ્રભુ તમને સંસાર-બંધનમાંથી તરતજ મુક્ત કરશે. અમે વૃંદાવન જઇને નીલાચળ આવીએ ત્યારે તમે ત્યાં આવજો. ભગવાન જેના ઉપર કૃપા કરે છે, તેને કોણ બાંધી રાખી શકે?"

રઘુનાથ દાસ ઘેર પાછા આવ્યા અને શ્રી ગૌરાંગના ઉપદેશ પ્રમાણે કામકાજ કરવા લાગ્યા. માતાપિતાએ અત્યંત પ્રસન્ન થઇને સઘળું કામકાજ તેમને સોંપ્યું. તેમના ઉપરના ચોકીપહેરા પણ ઓછા થયા અને તેઓ કોઇ ને કોઇ રીતે સઘળા કામની દેખરેખ રાખવા લાગ્યા. જો કે આથી તેમને બહુ આંતરિક દુઃખ થતું હતું, પણ ગમે તેમ કરીને દિવસ વીતાવતા હતા. કેટલાક દિવસ પછી તેમના સાંભળવામાં આવ્યું કે ચૈતન્ય મહાપ્રભુ જગદીશપુરીમાં આવી ચૂક્યા છે. આ શુભ સમાચાર સાંભળી તેઓ અધીરા થઇ ગયા અને છટકી જવાનો લાગ શોધવા લાગ્યા. તે દિવસોમાં શ્રી નિત્યાનંદજી ચૈતન્ય મહાપ્રભુએ પ્રવર્તાવેલા ભક્તિમાર્ગના પ્રચારમાટે બંગાળમાં ભ્રમણ કરતા હતા. તેમની સાથે રઘુનાથદાસને મેળાપ થયો ત્યારે તેઓએ ખૂબ આદરભાવ અને પ્રેમપૂર્વક સઘળા વૈષ્ણવોને નિમંત્રણ આપી ભોજન કરાવ્યું. રઘુનાથદાસ વૈષ્ણવોનું નૃત્ય-કીર્તન જોઇને ઘણા ખુશી થયા અને શ્રી નિત્યાનંદજીને અત્યંત વિનીતભાવે પૂછયું કે, મને ચૈતન્યદેવનાં દર્શન ક્યારે થશે? શ્રી નિત્યાનંદજીએ અત્યંત પ્રસન્ન થઇને તેમને આશીર્વાદ આપ્યો અને કહ્યું કે, "તમે આ વખત ઘેર જાઓ, તમને તરતમાંજ શ્રી ગૌરાંગ પ્રભુનાં દર્શન થશે."

બંગાળી વૈષ્ણવો તેજ દિવસોમાં રથયાત્રાના દર્શનમાટે જગદીશ જતાં હતાં. રઘુનાથદાસે આ સમાચાર સાંભળી તે લોકો સાથે જવાનો નિશ્ચય કર્યો; પરંતુ ફરીથી વિચાર કર્યો કે, તે લોકો તો રાજમાર્ગેથી જશે અને જો હું તે લોકો સાથે જઇશ તો જરૂર પકડાઇ જઇશ. એમ વિચારીને રઘુનાથદાસે જંગલને રસ્તે જવાનો નિશ્ચય કર્યો અને એક રાત્રે પાછલે પહોરે જ્યારે બધાં ઘોર નિદ્રામાં સૂતાં હતાં તે વખતે ઘરમાંથી નાસી છૂટયા. તે જંગલોમાં થઇને રાતદિવસ શ્રી ગૌરાંગનું સ્મરણ કરતા કરતા જગદીશ તરફ ચાલી નીકળ્યા. બીજે દિવસે પ્રાતઃકાળે ઘેર ભારે કોલાહલ થયો. આમતેમ લોકો શોધવા ગયા પણ તેમનો કંઇપણ પત્તો ન લાગ્યો.

આ તરફ રઘુનાથદાસે ભોજનાદિને તિલાંજલી આપીને રાતદિવસ "હા ગૌર! ક્યારે દર્શન થશે" એમ કહેતા કહેતા ચાલવા લાગ્યા. બાર દિવસમાં તેઓ પુરુષોત્તમ ક્ષેત્રમાં પહોંચ્યા અને જ્યાં ચૈતન્યદેવ ભક્તોસહિત વિરાજમાન હતા ત્યાં જઇને તેમનાં ચરણોમાં મસ્તક મૂકીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. શ્રી ગૌરાંગ ઉભા થઇ તેમને ભેટયા અને આદરમાન સાથે બેસાડયા. પછી રસ્તાના થાકથી ક્ષીણ અને મેલા થયેલા રઘુનાથના શરીર તરફ જોઇને શ્રી સ્વરૂપ દામોદરને કહ્યું: "રઘુનાથને હું તમને અર્પણ કરૂં છું. તેણે રસ્તામાં બહુ દુઃખ સહ્યાં છે, તેથી તેનું પુત્રની પેઠે પાલન કરજો." આમ કહીને ચૈતન્ય મહાપ્રભુએ પોતે રઘુનાથનો હાથ સ્વરૂપના હાથમાં આપ્યો. સ્વરૂપે મહાપ્રભુની આ આજ્ઞા શિરોધાર્ય ગણીને રઘુનાથને છાતી સરસા ચાંપ્યા. રઘુનાથે સમુદ્રમાં સ્નાન કર્યા પછી જગદીશનું દર્શન કર્યું અને પછી પ્રસાદ લઇને આરામ લીધો.

રોજનો નિયમ થઇ ગયો હતો કે રઘુનાથદાસ સ્નાન કરીને આવતા, ત્યારે ભોજનમાટે તેમને મહાપ્રસાદ મળતો હતો. આ રીતે પાંચ દિવસ વીતી ગયા. પછી રઘુનાથે વિચાર કર્યો કે, આ પ્રકારે તૃપ્ત થઇને પ્રસાદ લેવાથી ભજનમાં વિક્ષેપ થશે. આથી છઠ્ઠે દિવસે તે ત્યાં ભોજન કરવા ન ગયા અને આખો દિવસ ભજનમાં ગાળી રાત્રે શ્રીજગદીશની પુષ્પાંજલિનાં દર્શન કરીને સિંહદ્વાર આગળ ભિક્ષાને માટે ઉભા રહ્યા. તેવખતે ત્યાં એવી પ્રથા હતી કે જે ભક્ત ભિક્ષા નહોતા માગતા તેઓ રાત્રે સિંહદ્વાર આગળ ચૂપચાપ ઉભા રહેતા; અને જ્યારે જગદીશના સેવકો સેવા-પૂજાથી પરવારી ઘેર જતા ત્યારે તે અનાર્થી વૈષ્ણવોને કંઇક પ્રસાદ આપતા હતા. રઘુનાથે એજ અકિંચન ભિક્ષુઓનું અનુકરણ કર્યું.

જ્યારે આ સમાચાર શ્રી ગૌરાંગના જાણવામાં આવ્યા, ત્યારે તેમણે અત્યંત સંતોષ પામીને કહ્યું કે, રઘુનાથે વિરક્તોને યોગ્યજ કાર્ય કર્યું છે. વિરક્તોએ હમેશાં નામ-સંકીર્તન કરવું જોઇએ અને જે કંઇ મળી આવે તેનાથી ઉદર-પોષણ કરવું જોઇએ. સંસારનો ત્યાગ કરીને પણ જેઓ ભોગ-વિલાસ અને ઇન્દ્રિયસુખમાં તત્પર રહે છે તેઓ ભગવાનને મેળવી શકતા નથી. વૈરાગ્ય અને વિનય એ ધાર્મિક પુરુષોના શણગાર છે. રઘુનાથમાં વૈરાગ્ય જેટલા પ્રમાણમાં હતો તેટલીજ નમ્રતા પણ હતી. તે કદી ચૈતન્ય સાથે આંખે આંખ મેળવીને વાતચીત નહોતા કરતા. જો કોઈ વાત કહેવી હોય તો બીજાની મારફત કહેવડાવતા. એક દિવસ આચાર્ય સ્વરૂપની મારફત તેમણે પ્રભુને જણાવ્યું કે, "હું ઘર છોડીને અહીં આવ્યો છું, મારા જીવનનો શું ઉદ્દેશ છે અને મારૂં શું કર્તવ્ય છે તે કશું મને ખબર નથી. આપ પોતેજ શ્રીમુખે મારફત કંઈ ઉપદેશ આપીને મને કૃતાર્થ કરજો."

શ્રી ગૌરાંગે કહ્યું:-"તમે સ્વરૂપ પાસેથી સાધ્ય-સાધનતત્ત્વનું શિક્ષણ લ્યો. તેજ તમારા ઉપદેશક છે. તે જે જાણે છે તે હું નથી જાણતો; છતાં પણ જો મારી વાતમાં વિશ્વાસ હોય તો મારે એજ કહેવાનું છે કે, સારરહિત ગ્રામ્ય કથાવાર્તા કહેવી નહિ અને સાંભળવી પણ નહિ. સારૂં ખાવું નહિ અને સારૂં પહેરવું નહિ. જાતે માન મેળવવા ન ઇચ્છતાં બીજાઓને માન આપવું. હમેશાં હરિનામ લેવું અને શ્રી રાધાકૃષ્ણની માનસિક ઉપાસના કરવી. મારો આજ ટૂંકો ઉપદેશ છે અને બીજી વાતો સ્વરૂપ પાસેથી જણાશે." આ પ્રમાણે કહીને પોતાનો રચેલો શ્લોક વાંચ્યો.

तृणादपि सुनीचेन तरोरपि सहिष्णुना । अमानिना मानदेन कीर्तनीयः सदा हरिः ॥

રઘુનાથ આ ઉપદેશ સાંભળીને સ્વરૂપની સાથે પ્રભુની સેવામાં પોતાનો સમય ગાળવા લાગ્યા. બીજી તરફ રથયાત્રાના ઉત્સવમાં ભાગ લેવાને શિવાનંદ આદિ બંગાળી વૈષ્ણવો નીલાચળ આવ્યા, તેમની સાથે તેમના પિતાએ એક પત્ર અને દશ માણસ રઘુનાથને પાછા લાવવામાટે મોકલ્યા હતા. શિવાનંદે બધા સમાચાર રઘુનાથને કહ્યા. રથયાત્રાના સમયના ભક્તવૃંદસહિત શ્રીચૈતન્યનાં નૃત્યકીર્તન જોઇને રઘુનાથ આશ્ચર્યચકિત થયા અને પ્રેમથી ગદ્‌ગદ્ થઇ ગયા. ચાતુર્માસ વીત્યા પછી જ્યારે ભક્તો પોતાને દેશ પાછા ફર્યા ત્યારે રઘુનાથના પિતાએ શિવાનંદને પોતાના પુત્રના સમાચાર પૂછ્યા. તેમણે કહ્યું:-"તેમને કોણ નથી જાણતું ? તે એક પ્રખ્યાત ભક્ત છે અને રાત-દિવસ કીર્તનમાંજ મગ્ન રહે છે. તે પોતાના ભોજન આચ્છાદનની પણ દરકાર નથી કરતા. ભોજન માટે ભિક્ષા લેવા પણ જતા નથી. કોઇએ કંઈ આપ્યું તો ખાઈ લે છે નહિ તો કંઈ પરવા નહિ. તેમણે જે મહાન ઐશ્વર્યવાળાં માતપિતા તથા સ્ત્રી વગેરેનો મોહ તજીને વૈરાગ્ય ધારણ કર્યો છે તેનાથી તથા પોતાના ચારિત્ર્યના બળથી તેઓ ભક્તોના અત્યંત પ્રીતિપાત્ર થઇ પડ્યા છે."

સેવકોને મુખે રઘુનાથના અપવાસી રહેવાના અને ભિક્ષા ન લેવા જવાના સમાચાર જાણીને ગોવર્ધનદાસને ભારે દુઃખ થયું. તેમણે ચારસો સોનામહોરો તથા બીજી કેટલીએ સામગ્રી જગદીશ મોકલી આપી. રઘુનાથ તે લેવા ઇચ્છતા ન હતા, પરંતુ પિતાને દુઃખ થશે એમ સમજીને બધું યે રાખી લીધું. તેમણે પોતાને માટે તેમાંની એક કોડી પણ ન લીધી. પર્બુખરૂં વૈષ્ણવોને વહેંચી દીધું. તેમાંથી જે કંઈ રાખ્યું હતું તેમાંથી તેઓ મહીનામાં બે વાર ગૌરાંગ મહાપ્રભુને નિમંત્રણ આપી ભોજન કરાવતા. બે વર્ષ આ રીતે ભોજન કરાવીને રઘુનાથે આ કાર્ય પણ બંધ કર્યું. ને ત્રણ મહીના પછી શ્રી ગૌરાંગે સ્વરૂપને પૂછ્યું કે, 'હવે રઘુનાથ મને ભોજનનું નિમંત્રણ

કેમ નથી આપતો ?' સ્વરૂપે કહ્યું કે,'રઘુનાથે એમ વિચારીને નિમંત્રણ બંધ કર્યું છે કે વિષયાસક્ત
મનુષ્યના પૈસાથી પ્રભુને ભોજન કરાવવાથી તેનું મન પ્રસન્ન નથી થતું અને આપ તેના આગ્રહ-
-નેજ આધીન થઇને નિમંત્રણ સ્વીકારી લો છો, એટલે નિમંત્રણ બંધ કરવું એજ ઉત્તમ છે.'
આ સાંભળી શ્રીગૌરાંગે પ્રસન્ન થઇને કહ્યું કે:–' વિષયીનું અન્ન ખાવાથી મન મલિન થાય છે અને
મન મલિન થવાથી શ્રીહરિનું સ્મરણ રૂડે પ્રકારે નથી થતું. તેને રાજસિક નિમંત્રણ કહે છે.
એથી દાતા અને ભોક્તા બન્નેનાં ચિત્ત કલુષિત થાય છે. રઘુનાથે નિમંત્રણ બંધ કરીને
ઠીકજ કર્યું છે. '

પૂર્વોક્ત વ્યવસ્થાનો ઉલ્લેખ ભક્તમાળના ટીકાકાર પ્રિયાદાસજીએ આ રીતે કર્યો છેઃ—
અતિ અનુરાગ ઘર સંપતિ શોં રહ્યો પાગિ, તાહૂ કરી ત્યાગ નીલાચલ કિયો બાસ હૈ;
ધનકો પઠાવે પિતા તોપે નહિં આવે કછુ, દેખિએ સુહાવે મહા પ્રભુજી કો પાસ હૈ.
મંદિર કે દ્વારરૂપ સુંદર નિહારયો કરે, લગ્યો સીન ગાન સકલાત હુઈ દાસ હૈ;
સૌચ સંગ જાઇએ કી રીતિ કો પ્રમાન વહે, વૈસે સબ જાન્યો માધોદાસ સુખરાસ હૈ.

કેટલાક દિવસ પછી રઘુનાથે સિંહદ્વાર પાસે ઉભા રહેવાનું પણ છોડી દીધું; કેમકે તેને
ધનવાનનો પુત્ર જાણીને લોકો અધિક ભિક્ષા આપવા લાગ્યા હતા. હવે તે અન્નક્ષેત્રામાં જઇને
ત્યાંથી જે કંઈ મળતું તેનાથી જીવનનિર્વાહ કરતા. ચૈતન્યદેવ આ સમાચાર સાંભળી અત્યંત
પ્રસન્ન થયા અને કહ્યું કે,"રઘુનાથે ઠીકજ કર્યું છે; કેમકે સિંહદ્વાર પાસે ઉભા રહીને ભિક્ષા કરવી
એ વેશ્યાઓના આચાર જેવું છે. ચૈતન્યદેવ આ વાતથી એટલા પ્રસન્ન થયા કે પોતાની ગોવર્ધન-
શિલા અને ગુંજામાળા રઘુનાથને ભેટ આપી. રઘુનાથ ચૈતન્યના આદેશાનુસાર આ શિલાની ભક્તિ-
પૂર્વક પવિત્ર જળ અને તુલસી-મંજરીઓથી પૂજા કરતા. એ ભેટથી તે અત્યંત પ્રસન્ન થયા
હતા અને પ્રભુની પોતાના ઉપર પૂર્ણ કૃપા સમજ્યા હતા.

ત્યારબાદ રઘુનાથે અન્નક્ષેત્રામાં પણ જવાનું છોડી દીધું. ગાયોને માટે જે વાસી અને
સડેલો પ્રસાદ બહાર ફેંકી દેવાતો અને જેને ગાયો પણ નહોતી ખાતી તેને રઘુનાથ રાત્રે
-ઉપાડી લાવતા અને તેને પાણીમાં ધોવાથી જે ચોખા નીકળતા તેમાં મીઠું ભેળવીને ખાતા.
એક દિવસ રઘુનાથ આવું ભોજન કરતા હતા તેજ વખતે ચૈતન્ય મહાપ્રભુ ત્યાં જઈ પહોંચ્યા
અને તેમાંથી એક મુઠ્ઠી ભરીને ખાઈ ગયા. જ્યારે બીજીવાર ખાવા ઇચ્છયું ત્યારે તેમણે અટકા-
વ્યા અને કહ્યું કે, "તે આપને ખાવા યોગ્ય નથી." ચૈતન્યે કહ્યું કે, "હું રોજ અનેક પ્રકારના મહાપ્ર-
-સાદ જમું છું, પરંતુ આવું સ્વાદિષ્ટ ભોજન મેં કદી ખાધું નથી."

રઘુનાથ આ રીતે સંપૂર્ણ રીતે ઇંદ્રિય-નિગ્રહ કરી અને માત્ર નામજપ તથા નામસંકીર્તન
કરી શ્રી ચૈતન્યના પવિત્ર સહવાસમાં જીવન વ્યતીત કરવા લાગ્યા. રાતદિવસ તે ધર્મ-ચિન્તન-
-માંજ મગ્ન રહેતા અને માત્ર બે અઢી કલાક સૂવામાં અને ખાવાપીવામાં ગાળતા. સ્વાદનો વિચાર
-નહિ કરતાં કેવળ શરીર ધારણ કરવા પૂરતોજ થોડો આહાર કરતા અને શરીરને ઢાંકવામાટે
ફાટલું તૂટલું જૂનું વસ્ત્ર પહેરતા. આ રીતે ૧૬ વર્ષ રઘુનાથ નીલાચલમાં રહ્યા. ચૈતન્ય મહાપ્રભુ-
-ની પ્રેમવિરહોન્મત્ત મહાભાવની અવસ્થામાં સ્વરૂપની સાથે રઘુનાથ પણ સારીરીતે તેમના
-દેહનું રક્ષણ અને સેવા કરતા હતા. શ્રી ચૈતન્યે લીલા સમાપ્ત કર્યા પછી પણ કેટલાક દિવસસુધી
તે નીલાચળમાં રહ્યા; પરંતુ જ્યારે સ્વરૂપનું પણ મૃત્યુ થયું, ત્યારે તેઓ ગુરુ-વિરહના શોકથી દુઃખી
-થઇને વૃંદાવન ચાલ્યા ગયા. પ્રિયાદાસ લખે છે કેઃ–

મહાપ્રભુ કૃષ્ણ ચૈતન્ય જૂકી આજ્ઞા પાઈ, આયે વૃંદાવન રાધાકુંડ વાસ કિયો હૈ;
રહનિ કહનિરૂપ ચહનિ ન કહિ સકે, થકે સુનિ તનભાન રૂપ કરિ લિયો હૈ.
માનસી મેં પાયો દૂધ ભાત સરસાત હિએ, લિએ રસ ભારી દેખિ વૈદ કહિ દિયો હૈ;
કહાઁ લૌં પ્રતાપ કહાં આપુ હિ સમુઝિ લેહુ, દેહુ વહી રીઝિ જૈસો આગે પાય જીયો હૈ.

આ પદથી રઘુનાથદાસ ગોસાંઇજીની માનસિક ઉપાસનાની પરાકાષ્ઠા બતાવવામાં આવી છે. એક-
-વાર તેમણે માનસિક પૂજન-અર્ચન ઉપરાંત ખીરનું માનસિક નૈવેદ્ય પણ ધરાવ્યું હતું; અને તે
ઉપરાંત તે પ્રસાદને માનસિકરૂપે ખૂબ ખાધો પણ હતો; જેનું પરિણામ એ આવ્યું કે, તેમને

અજીર્ણ થયું હતું. એક સજ્જન કે જેમને તેમના માનસિક પૂજન વગેરેમાં વિશ્વાસ નહોતો, પણ જે એટલું જાણતા હતા કે તેમણે કંઇ ભારે ભોજન કર્યું નથી અને કરતા પણ નથી, તે તેમને માટે એક અત્યંત બાહોશ વૈદને બોલાવી લાવ્યા. તેણે કહ્યું કે, 'તેમણે કોઇ ભારે પદાર્થ ખાધો છે અને તેનાથી અજીર્ણ થયું છે.''

વૃંદાવનમાં શ્રીરૂપ અને સનાતનનો ભેટો થવાથી રઘુનાથદાસને કંઇક શાંતિ થઈ અને તે તેમની સાથે આનંદથી રહેવા લાગ્યા. રૂપ અને સનાતન રઘુનાથદાસ પાસેથી શ્રીગૌરચંદ્રની ગહન લીલા સાંભળવા લાગ્યા. રઘુનાથદાસે ગૌરલીલા ઉપર બંગાળીમાં એક પુસ્તક લખ્યું છે. તેઓ સંસ્કૃતના પણ સારા પંડિત હતા. તેમણે 'ચૈતન્ય-સ્તવ-કલ્પવૃક્ષ,' 'મનઃશિક્ષા' અને 'ગુણલેશ શેખર' વગેરે કેટલાક ગ્રંથો રચ્યા છે. 'કૈટે લાગસ કૈટે લાગોરમ' માં તેમના નામની પહેલાં સ્વરાવલી, મનઃશિક્ષા અને ગુણલેશ શેખરનાં નામ આપેલાં છે; પણ તેમાં ગુણલેશ શેખરનું નામ ગુણલેશ-સુખદ આપેલું છે. પ્રથમ પુસ્તકમાં પોતાના ઉદ્ધારવિષે તેમણે લખ્યું છે કેઃ-

महासंपद्दारादपि पतितमुद्धृत्य कृपया, स्वरूपे यः स्वीये कुजनमपि मां नस्य मुदितः।
उरो गुञ्जाहारं प्रियमपि च गोवर्द्धनशिलां, ददौ मे गौराङ्गो हृदय उदयन्मां मदयति॥

મારા જેવા દુર્જન ઉપર પણ કૃપા કરીને મહત્તા અને સ્ત્રી-પ્રલોભનથી મારો ઉદ્ધાર કરીને સ્વરૂપ-ના હાથમાં સોંપ્યો અને પ્રસન્ન થઇને મને પોતાના કંઠમાંનો ગુંજાહાર અને ગોવર્ધનશિલા આપ્યાં, એજ ગૌરાંગ મારા હૃદયમાં જાગૃત થઇ મને પ્રેમોન્મત્ત બનાવી દે છે.

ભક્તશ્રેષ્ઠ શ્રી ધ્રુવદાસજીએ પોતાની ભક્તનામાવળીમાં રઘુનાથદાસ ગોસાંઇવિષે લખ્યું છે કેઃ—

ભજનરાસિ રઘુનાથજી રાધાકુંડ સ્થાન, લોન તક બ્રજકો લયો પરસ્યો નહિ કછુ આન;
વંદન કરી કૈ ચિંતવન ગૌરસ્યામ અભિરામ, સોવત હૂ રસના રટૈ રાધાકૃષ્ણ સુનામ.

વૃંદાવનમાં રાધાકુંડ ઉપર એક કુટી બનાવીને રઘુનાથદાસ પહેલાં કરતાં પણ અધિક કઠિન વ્રત પાળતા રહીને સમય વીતાવવા લાગ્યા. કહેવાય છે કે, વૃંદાવનમાં તેમણે અન્નજળ છોડી દીધાં હતાં અને માત્ર છાશ પીને રહેતા હતા. રઘુનાથદાસ હમેશાં ત્રણવાર રાધાકુંડમાં સ્નાન કરીને વૈષ્ણવોને ભેટતા હતા, એક લાખ હરિનામના જપ કરતા અને એક હજાર વૈષ્ણવોને દંડવત્ પ્રણામ કરતા. એક પહોર શ્રી ચૈતન્યના અલૌકિક ગુણ અને ચરિત્રનું વર્ણન કરતા અને બાકીનો સમય રાધાકૃષ્ણનાં ધ્યાન, ધારણા અને માનસપૂજામાં ગાળતા હતા. વૈષ્ણવોમાં રઘુનાથજીનું સ્થાન બહુ ઉંચું છે. બંગાળી વૈષ્ણવોમાં જે ૭ ગોસ્વામી આદિગુરુ કહેવાય છે તેમાં રઘુનાથજી પણ એક છે. રઘુનાથ-દાસજીએ વૃંદાવનમાં ૪૯ વર્ષ નિવાસ કર્યો. 'ચૈતન્યચરિતામૃત'ના રચનાર કૃષ્ણદાસ કવિરાજ તેમના શિષ્ય હતા. આશ્વિન શુક્લ દ્વાદશીને દિવસે તેમણે દેહત્યાગ કર્યો. દર વરસે એ દિવસ વૈષ્ણવોમાં મહાન ઉત્સવતરીકે ઉજવાય છે. કહે છે કે, સં. ૧૬૩૯ માં તેમણે દેહત્યાગ કર્યો હતો.

અતુલ ઐશ્વર્યના એકલાજ અધિકારી અને પતિપરાયણ સુંદર સ્ત્રીના સ્વામી હોવા છતાં રઘુનાથદાસ ગોસ્વામીએ સંસારનો ત્યાગ કરી વૈરાગ્ય,ગરીબાઇ તથા ભગવદ્‌ભક્તિની એકનિષ્ઠાને પોતાનાં કર્યાં હતાં. શ્રીકૃષ્ણદાસ કવિરાજે પોતાના બંગાળીમાં રચેલા ચૈતન્યચરિતામૃતમાં એક સ્થળે રઘુનાથદાસ ગોસ્વામીવિષે લખ્યું છે કેઃ-

અનન્ત રઘુનાથેર ગુણ કિ કરિબે લેખા, રઘુનાથેર નિયમ જેન પાષાનેર રેખા.
સાડે સાત પ્રહર જાય કીર્તન સ્મરણે, આહાર નિદ્રા ચારિ દંડસે ઓ નહે કો ન દિને.
વૈરાગ્યેર કથા તાર અદ્‌ભુત કથન, આજન્મ ના દિલ જીહ્‌વાય રસેર સ્પર્શન.

ભક્તભૂષણદાસ

महान भक्त लालाबाबुनुं टूंक चरित्र

(બંગાળી ઉપરથી લેખકઃ–શ્રીયુત શિવપ્રસાદ દલપતરામ પંડિત)

(બંગાળી ઉપરથી લેખક:–શ્રીયુત શિવપ્રસાદ દલપતરામ પંડિત) ઇતિહાસ-
ગર્વનર જનરલ વૉરન હેસ્ટિંગ્સના વિખ્યાત દિવાન ગંગા ગોવિંદસિંહના નામથી ઇતિહાસ-
-ના અભ્યાસીઓ સુપરિચિત છે. અમારા ચરિતનાયક એમનાજ પૌત્ર થાય. ઇ. સ. ૧૮૦૩ માં
તેમને ઉડિસાના વસુલાતી ખાતાના દિવાનનું પદ આપવામાં આવ્યું હતું; પરંતુ એ પદ ઉપર
તેઓ ઝાઝા દિવસ સુધી રહ્યા નહિ. સ્વતંત્રપણે જીવન ગાળવાની અભિલાષાથી તેમણે નોકરીનું
રાજીનામું આપ્યું અને પૈતૃક જમીનદારી તથા અન્ય સંપત્તિના વહિવટમાં ચિત્ત પરોવ્યું. એક
દિવસ એ પોતાની જમીનદારીની તપાસ કરીને સંધ્યાકાળે એક ગામડામાં થઈ ઘેર પાછા ફરતા
હતા એવામાં એક ધોબીની કન્યા તેના પિતાને કહી રહી હતી: 'બાપા, વેળા તો થઈ ગઇ. દીવો
સળગાવોને?' આ શબ્દો રાજા રામકૃષ્ણસિંહના ચિત્તમાં મર્મભેદી બાણની પેઠે વિંધાઇને પ્રવેશ
પામ્યા. એ વિચારવા લાગ્યા: 'વેળા તો મારી પણ થઈ ગઈ છે, પણ મેં હજુસુધી અંતરમાં
દીવો પ્રગટાવ્યો છે? આટલાં વર્ષ નાહક મોજમજાહ અને ભોગવિલાસમાં જીવન વ્યતીત કર્યું'!
આ પ્રમાણે અન્તર્મુખી વૃત્તિ કરીને વિચાર કરવાથી તેમના હૃદયમાં એક ક્ષણમાત્રમાં જ્ઞાનજ્યોતિ
પ્રકટી નીકળી. ચિત્તમાં દૃઢ વૈરાગ્યનો ઉદય થયો અને ત્રીસ વર્ષની ભરયુવાવસ્થામાં રાજવૈભવ
તથા સુંદર, પતિવ્રતા યુવતી પત્ની રાણી કાત્યાયનીનો ત્યાગ કરીને સંન્યાસધર્મ સ્વીકાર્યો. બંગા-
ળાનો ત્યાગ કરીને પોતે પવિત્ર ધામ વૃન્દાવનમાં પધાર્યા; અને પચીસ લાખ રૂપિયાનું ખર્ચ કરીને
ત્યાં એક વિશાળ, ચતુષ્કોણ ભવ્ય મંદિર બંધાવ્યું. એ મંદિરમાં કૃષ્ણચન્દ્રની મૂર્તિ પધરાવવામાં
આવી છે. રાજપૂતાનાના આરસપહાણવડે એ મંદિર બાંધવામાં આવ્યું છે. વૃન્દાવનનાં દર્શનીય
સ્થાનોમાં એની ગણત્રી છે. એ મંદિર સાથે સાધુ, સંત, અતિથિ, અભ્યાગતને સારૂ એક અન્ન-
ક્ષેત્રની પણ વ્યવસ્થા છે. એ મંદિરની સ્થાપના કર્યા પછી એમણે મથુરાંના રાધાકુંડની ચોતરફ
શ્વેત પથ્થરનાં પગથીઆં બંધાવી આપ્યાં.

એ સમયમાં રાજપૂતાનાના કેટલાક રાજાઓ સાથે અંગ્રેજ સરકાર સંધિના કોલકરાર કરી
રહી હતી. એમાંના કોઇ એક રાજાને સંધિપત્ર ઉપર સહી નહિ કરવાની સલાહ રાજા કૃષ્ણચન્દ્ર ઉર્ફે
લાલાબાબુએ આપી છે, એવો સંદેહ ઉપજવાથી તે વખતના સરકારી રેસિડેન્ટ સર ચાર્લ્સ
મેટકાફ તેમને દિલ્હી લઇ ગયા; પરન્તુ પૂરી તપાસ થતાં તેઓ નિર્દોષ છે એવી ખાત્રી થવાથી
દિલ્હીના બાદશાહ સાથે તેમનો પરિચય કરાવ્યો. બાદશાહે તેમનો ઘણો આદરસત્કાર કર્યો અને
'મહારાજા' ની ઉપાધિ આપવા માંડી; પરન્તુ માનવૈભવનો પ્રથમથીજ ત્યાગ કરી આવેલા લાલા
બાબુએ વિનયપૂર્વક ત્યાગ કર્યો. દિલ્હીથી પાછા ફરતી વખતે પોતે સ્થાપેલા મંદિર આદિ ધાર્મિક
સંસ્થાઓના નિભાવ અર્થે મથુરા જીલ્લામાં પંદર ગામ ખરીદી લેવાનો બંદોબસ્ત કરતા આવ્યા.
તેમની મથુરાની જમીનદારીની આવક પુષ્કળ હતી. એમાંથી મંદિરનું બધું ખર્ચ જતાં વર્ષ દિવસે
બાવીસ હજાર રૂપિયા બચતા, તે અન્નસત્રના નિભાવ સારૂ જૂદા કાઢવામાં આવ્યા. એ અન્નસત્ર
વ્રજમંડળમાં નિરાશ્રિત બંગાળીઓનું આશ્રયસ્થાન છે. એ મંદિર તથા અન્નસત્રને સારૂ ખરીદેલી
જમીનદારીને અંગે મથુરાંના સૌથી પ્રસિદ્ધ શેઠજી, જેમની સરકાર દરબારમાં તથા લોકોમાં પણ
સારી પ્રતિષ્ઠા અને લાગવગ હતી, તેમની સાથે લાલા બાબુને કજીયો ઉભો થયો અને કચેરીમાં
મુકદ્દમા ચાલવા લાગ્યા. એ પ્રસંગથી લાલા બાબુને પાર્થિવ સંપત્તિ, આત્માભિમાન વગેરે ઉપર
બહુ તિરસ્કાર ઉપજ્યો; અને સૂક્ષ્મ ભોજન કરીને રાતદિવસ હરિનું નામ લેવામાં તેમણે સમય વ્યતીત
કરવા માંડયો. એ વખતે નાભાજીની 'ભક્તમાળ' નો બંગાળી અનુવાદ કરનાર સાધકચૂડામણિ
પરમ વૈષ્ણવ કૃષ્ણદાસ બાબાજી વૃન્દાવનમાં બિરાજતા હતા. તેમની સાધુતા, અસીમ પાંડિત્ય,
અહંકારશૂન્યતા અને અસાધારણ ભગવદ્‌ભક્તિની વાત લાલા બાબુને કાને પહોંચી હતી. બાવા-
જીની સેવામાં જઇને દીક્ષા લેવાની પ્રબળ ઇચ્છા એમના મનમાં હતી. લાલાબાબુની પૂર્વાવસ્થા,
વૈરાગ્ય, દીનતા, દયા, સૌજન્ય અને વિનય આદિ ગુણોથી બાવાજી પણ ક્યારનાએ જાણીતા હતા.
એમનું ચિત્ત પણ લાલાબાબુ પ્રતિ ઘણા સમયથી આકર્ષિત થયું હતું; પરન્તુ આટલા દિવસ
બન્નેને પરસ્પર મળવાનો પ્રસંગ પ્રાપ્ત થયો નહોતો. એક દિવસ લાલાબાબુ બાવાજીના આશ્રમમાં
જઇને બેઠા અને દીનભાવે પોતાનો અભિલાષ પ્રગટ કર્યો. બાવાજીએ ઘણાજ આદરપૂર્વક તેમને

સત્કાર કર્યો. યોગ્ય ગુરુની આગળ યોગ્ય શિષ્ય દીક્ષા ગ્રહણ કરવાનો આગ્રહ કરી રહ્યા છે. કેવું સુંદર દૃશ્ય! આવા વિશુદ્ધ ચરિત્રવાળા, સંસાર ઉપર વિરક્તિ ધરાવનારા, પરમ ભગવદ્‌ભક્ત સુપ્રસિદ્ધ લાલાબાબુને દીક્ષા આપવામાં ગુરુએ વિલંબ કરવો જોઇએ કે એમને દીક્ષા આપીને કૃતાર્થ થયેલા ગણવા જોઇએ! પરંતુ સાધુ મહાત્માઓના સ્વભાવ વિચિત્રજ હોય છે. કૃષ્ણદાસ બાવાજીએ આદરપૂર્વક તેમને પોતાની પાસે બેસાડીને દીન અને કરુણ સ્વરે કહ્યું:-"બેટા! તારે દીક્ષા ગ્રહણ કરવાને હજુ થોડીવાર છે. હજુ થોડા દિવસ વાટ જો!" બાવાજીનાં વચનથી લાલાબાબુ દુઃખ અને વિસ્મયસાગરમાં લીન થઇ ગયા અને કુંજમાં પાછા ફરીને પોતાના સ્વભાવ તથા ચારિત્ર્યનું અવલોકન કરવા અને તેમાં શા દોષ છે તે તપાસવા લાગ્યા. થોડીવાર પછી તે બોલી ઉઠયાઃ-"હા, હવે હું સમજ્યો. ખરેખર, મારે દીક્ષા ગ્રહણ કરવામાં હજુ ઘણો વિલંબ છે. ભગવદ્‌ભક્તિમાં મોટો પ્રતિબંધ નાખનાર, હૃદયની મુખ્ય મલિનતારૂપ અહંકાર હજુસુધી મારા હૃદયમાં જડ ઘાલી બેઠો છે. મારૂં મંદિર છે, હું મારા પૈસાથી બંધાવેલા મંદિરનો પ્રસાદ ગ્રહણ કરૂં છું, એવા વિચાર હજુસુધી મારામાં ઠસેલા છે. 'હું' અને 'મારૂં' એ ભાવ હજુસુધી ગયો નથી. ધિક્કાર છે મારા જીવતરને!"

એજ ક્ષણેથી લાલા બાબુએ મધુકરીવૃત્તિ સ્વીકારી. કુંજમાં ઘેરેઘેર ભટકીને એક એક મુઠ્ઠી ભિક્ષા માંગીને તેનુંજ ભોજન કરવા માંડયું. હૃદયમાંથી જ્યારે હુંપદ-અહંબુદ્ધિનો બીલકુલ લોપ થયેલો જણાયો, ત્યારે પાછા એક દિવસ બાવાજીના આશ્રમમાં જઇ પહોંચ્યા અને દીનતાપૂર્વક તેમને ચરણે નમીને દીક્ષા લેવાની પુનઃ પ્રાર્થના કરી. એમને ખાત્રી હતી કે, આ વખતે તો બાવાજી અવશ્ય કૃપા કરીને દીક્ષા આપશે. બાવાજીએ પહેલાં કરતાંયે અધિક મધુરભાવે અને મૃદુ શબ્દોમાં કહ્યું:-'બેટા! તારે દીક્ષા ગ્રહણ કરવામાં હજુ પણ થોડો વિલંબ છે.' લાલા બાબુ સ્તંભિત થઇને આશ્રમના આંગણામાં પુતળાની પેઠે ઉભા રહીને ચોધાર અશ્રુ વરસાવવા લાગ્યા! થોડીવાર પછી નિરાશ થઇને પોતાની કુંજમાં પાછા ફર્યા અને ઊંડા વિચારમાં નિમગ્ન થયા. 'ગુરુજીનું કથન સકારણજ હોવું જોઇએ. મારામાં હજુપણ કોઇ દોષ હશે જેને લીધે ગુરુજીએ મને દીક્ષાને માટે અયોગ્ય ગણ્યો.' આવી ચિન્તામાં નિમગ્ન થઇ એ પોતાના અપરાધોનું અવલોકન કરવા લાગ્યા. વિચાર આવ્યોઃ-"મેં સ્ત્રી, પુત્ર, ધન, સંપત્તિનો ત્યાગ કરીને શ્રી વૃંદાવનમાં વૃક્ષની નીચે આશ્રમ બાંધ્યો છે; માધુકરીવ્રત ધારણ કરીને જીંદગી ગાળું છું; હરિના ચરણકમળમાં ચિત્તને સમર્પણ કરીને આઠે પહોર ભગવાનનું નામ જપ્યા કરૂં છું; એ બધી વાત સાચી, પરંતુ મારા મનની મલિનતા હજુ પણ દૂર નથી. શામાટે હું શેઠજીના કુંજમાં મધુકરી માગવા સારૂ નથી જઇ શકતો? હજુપણ શત્રુપ્રત્યે તિરસ્કાર અને દ્વેષબુદ્ધિ મારામાં પ્રબળરૂપે રહ્યાં છે, તોપછી મારૂં મન શુદ્ધ થયું કેમ કહેવાય? શત્રુ, મિત્ર, માન, અપમાન, એ બધું ભેદજ્ઞાન જ્યાંસુધી આટલું બધું પ્રબળ છે, ત્યાંસુધી અહંકારબુદ્ધિ કેવી રીતે જતી રહે? શું આવા લક્ષણેજ હું બાવાજીની કૃપા મેળવવા ગયો હતો? ધિક્કાર છે મને! ધન્ય છે બાવા કૃષ્ણદાસ તમને! ધન્ય છે તમારા મહિમાને! તમારા મહિમાનો અંત નથી. તમેજ મને તમારો દાસ બનાવવાને યોગ્ય બનાવી રહ્યા છો!"

જે શેઠજીનો ઉપર ઉલ્લેખ કરી ગયા છીએ તે એક મહા ધનાઢ્ય જમીનદાર અને પરમભક્ત હતા. વૃંદાવનમાં તેમણે એક અતિ વિશાળ મંદિર બંધાવ્યું છે. તેમના ઐશ્વર્યની સીમા નહોતી. મથુરાં અને તેની આસપાસનાં કેટલાંએ ગામ તેમણે જમીનદારીમાં ખરીદી લીધાં હતાં. લાલાબાબુની પણ મથુરાંમાં કેટલીક સંપત્તિ છે. વાર્ષિક આવક લાખેક રૂપિયાની છે. જમીન સદા કજીયાનું કારણ થઇ પડતી હોવાથી આ બન્ને ભક્તજનોમાં પણ વૈમનસ્યનું નિમિત્ત થઇ પડી. એ જમીનદારીની ખાતર બન્ને વચ્ચે લાંબા સમયસુધી મુકદમો ચાલ્યો હતો અને બન્નેનાં મન એટલાં ઉંચાં થઇ ગયાં હતાં, કે એકબીજાના સામું જોતા નહિ. એક વખત તો એ શત્રુતા એટલી બધી પ્રબળ થઇ પડી હતી કે બન્નેને પોતપોતાના જીવનની શંકા થઈ પડી હતી.

લાલાબાબુ બધી કુંજોમાં જઇને ભિક્ષા માગી આવતા, પરંતુ શેઠજીની હવેલીમાં જતાં એમનો પગ ઉપડતો નહિ. મનમાં વિચાર આવતાંજ ગઈ ગુજરી સાંભરી આવતી અને એમને ત્યાં મધુકરી માગવા જવું એ માથું કાપ્યા જેવું લાગતું. કેમ ન લાગે? વૉરન હેસ્ટીંગ્સનો જ-

મળે હાથ, ભારતવર્ષના રાજતંત્રની લગામ એક વખત પોતાના હાથમાં રાખનાર રાજા ચંદ્ર ગોવિંદસિંહના પૌત્રને એક શેઠને નમવું આપનાં સંજોગ કેમ ન આવે ! પરંતુ લાલાબાબુ કે હવે રાજા કૃષ્ણચંદ્ર મટીને એક દીન ભિક્ષુ બન્યા હતા. પોતાના મનનો અહંકાર કાઢી નાખવા તેમણે દઢ સંકલ્પ કર્યો હતો. એ સંકલ્પનું ભાન થતાં વારજ એમનો જાણે સહાય મળી ગઈ. માન, અભિમાન, શત્રુતા, અહંકારઆદિ વિકારો તેમના હૃદયમાંથી પલાયન કરી ગયા. બીજે દિવસે મધ્યાહ્નકાળે યમુનાસ્નાન કરી આવીને દીનવેશે લાલાબાબુ શેઠજીની કુંજમાં જઈને ઉપસ્થિત થયા અને મુઠ્ઠીભર અન્નની ભિક્ષા માગી. કલકત્તાના એક બંગાળી રાજાને ભિક્ષા માગતા જોઈ શેઠજીની હવેલીના નોકરો ગદ્ગદ થઈ ગયા. તેમની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. તે પોતાના શેઠ નારાજ થાય એ બીકથી તેઓ કાંઈ પણ કહી શકયા નહિ; તેમજ ભિક્ષા આપવાની પણ હિંમત ચાલી નહિ. દૈવયોગે શેઠજી પોતેજ એ વખતે ત્યાં હતા. નોકરોએ શેઠના કને જઇને ખબર આપ્યા કે લાલાબાબુ આપણે ત્યાં મધુકરી માગવા આવ્યા છે. શેઠજી ઉતાવળે પગે બહાર આવીને જુએ છે, તો ખરેખર લાલાબાબુજ ઉભેલા છે. તેમના વિસ્મયનો પાર રહ્યો નહિ. લાલાબાબુનો દીન વેશ અને વૈરાગ્ય જોતાંજ તેમની પ્રત્યે શેઠજીનો જે કાંઈ રોષ અને શત્રુભાવ હતો તે જતો રહ્યો. લાલાબાબુને મુખેથી મધુકરી ભિક્ષાની પ્રાર્થના સાંભળતાં વાર તેમનું હૃદય પીગળી ગયું. એ લાલાબાબુના ચરણમાં પડી ગયા. લાલાબાબુએ શેઠને ઉભા કરીને દઢ આલિંગન આપ્યું. બન્નેનાં નેત્રમાંથી અશ્રુધારા વહેવા લાગી. શેઠજીએ તેમને પ્રસાદ આરોગવાનો ઘણો આગ્રહ કર્યો; પરંતુ લાલાબાબુ પોતાનું મધુકરીવ્રત તોડવા કોઈ પ્રકારે તૈયાર થયા નહિ અને ઘણાજ વિનયપૂર્વક ફક્ત એક મુઠ્ઠી અન્નનીજ યાચના કરી.

શેઠજી લાચાર થઇને લાલાબાબુને મધુકરી આપવાની નોકરોને આજ્ઞા આપીને અશ્રુપૂર્ણ નેત્ર તથા વ્યાકુળ ચિત્તે ઘરમાં ચાલ્યા ગયા. લાલાબાબુની આટલી બધી દીનતા તથા વિનયને લીધે બધા મુગ્ધ થઇ ગયા. ઘોર શત્રુને પરમ મિત્ર ગણી તેને ઘેર ભિક્ષા માગી આવીને જેવા બહાર નીકળ્યા તેવા શું જુએ છે ! કૃષ્ણદાસ બાવાજી સન્મુખ ઉભા છે ! લાલાબાબુ મૂર્છિત થઇને તેમના ચરણમાં ઢળી પડયા. બાવાજીએ પરમ યત્નપૂર્વક તેમને ઉઠાડીને આલિંગન આપ્યું અને સ્નેહપૂર્વક કહ્યું:–' બેટા, તારી દીક્ષાનો સમય આવી પહોંચ્યો છે. ' ત્યારપછી લાલાબાબુએ સાધુ કૃષ્ણદાસજીપાસે દીક્ષા લઇ જીવનની સર્વોચ્ચ કામના પૂર્ણ કરી.

વૃંદાવનમાં લાલાબાબુનું નામ પ્રાતઃસ્મરણીય છે; અને તેમનો વૈરાગ્ય તથા પ્રેમભક્તિ સહુ ઓને માટે આદર્શરૂપ થઇ પડયાં છે. વૃજમંડળમાં તેમની કીર્તિ ઘેર ઘેર ગવાય છે. ભારતવર્ષના દૂર દેશાવરથી વૈષ્ણવો લાલાબાબુની કુંજ જોવા સારૂ આવે છે અને તેમની સમાધિનાં દર્શન કરીને પોતાને ધન્ય માને છે. વૃંદાવનનાં સેંકડો પવિત્ર સ્થાનોમાંનું એ એક પવિત્ર સ્થાન મનાય છે.

દીક્ષા લીધાપછી લાલાબાબુએ મૌનવ્રત ધારણ કર્યું હતું. એ અવસ્થામાં એક દિવસ તેઓ વ્રજમાર્ગ ઉપર જઇ રહ્યા હતા, એવામાં ગ્વાલિયરનાં મહારાણી એમને જોઇને ભક્તિપૂર્વક દર્શન કરવા તૈયાર થયાં. મહારાણીને પાસે આવતાં જોઇ એ ખસી જવા લાગ્યા, એવામાં એક સવારના ઘોડાની અડફટમાં આવી જવાથી ત્યાંજ પડી ગયા અને ઘોડાની લાત પેટમાં વાગવાથી એકદમ ભોંય ઉપર પડી ગયા. ભક્તો તરતજ તેમને ઉંચકીને કુંજમાં લઈ ગયા. ત્યાં આગળ ગુરુદેવના ખોળામાં માથું મૂકીને રાધા–કૃષ્ણની યુગલમૂર્તિનાં દર્શન કરતાં ઇ. સ. ૧૮૨૨ માં જ્યેષ્ઠ સુદી બીજને દિવસે ૪૬ વર્ષની વયે, એમણે દિવ્ય ધામપ્રતિગમન કર્યું. ગુરુદેવ બ્રહ્મનામ સંભળાવવા લાગ્યા. ભક્તજનો રોવા લાગ્યાં. ગ્વાલિયરનાં મહારાણીના શોકનો પાર નહોતો, કે આવી હું પુણ્ય કમાવા અને સાધુજનના મૃત્યુનું નિમિત્ત થઇ પડી.! હાય ! મારા જેવી પાપી કોણ હશે! એ દિવસે આખા વૃંદાવનમાં શોક વ્યાપી ગયો. ધર્મજગતમાંથી એક ઉજ્જવલ નક્ષત્ર ખરી પડ્યું. સંસારમાં લાલાબાબુ સમાન ધાર્મિક પુરુષો જવલ્લેજ જોવામાં આવે છે.

એમના મૃત્યુની પૂર્વે કેટલાંક વર્ષોથી એમની જાગીરનો વહિવટ એમનાં પત્ની રાણી કાત્યાયની કરતાં હતાં. કાર્યકુશળ હોવા ઉપરાંત એ સેવાપરાયણ અને પરોપકારી નારી હતાં. સત્કાર્યોમાં એમણે પણ પુષ્કળ દાન કર્યું છે. બંગાળામાં પાઇકપાડાના રાજા એમનાજ વંશજ છે.

ભક્ત લાલાબાબુ અને સાધ્વી કાત્યાયનીના પવિત્રાત્માને શ્રદ્ધાંજલિ અર્પી વાચકોની રજા લઉં.

રામાયણવિષે કેટલાક વિચારો

(આ સંસ્થા તરફની વાલ્મીકિ રામાયણ તેમજ ગિરધરકૃત રામાયણ સાથે અત્ર તરફના નિવેદનમાં રજુ કરાયલા વિચારો વગેરે આમાં પહેલા તેમજ બીજા પેટાપ્રકરણરૂપે આપ્યા છે. એ પછી પેટાપ્રકરણ ૩ (ક)–રૂપે **રામાયણ અને એક મહાત્માજી** એવા મથાળા નીચે એક અસરકારક ન્હાની વાર્તા આપી છે; તથા ૩ (ખ)–રૂપે **ગોસ્વામીજી અને તેમની રામાયણવિષે મહત્વના અભિપ્રાય'** એવા મથાળા નીચે વિદ્વાનોના જાણવા જેવા વિચારો તેમની પોતાનીજ હિંદી બોલીમાં આપ્યા છે. તે પછી ચોથું પેટાપ્રકરણ **'હિંદુજાતિ ઉપર રામાયણનો પ્રભાવ'** એવા મથાળા નીચે આપ્યું છે; તથા પાંચમું પેટાપ્રકરણ **'રામાયણની રહસ્યકથા'** એવા મથાળાવાળું હોઇને તેમાં સ્વામી શ્રી શ્રદ્ધાનંદજીના મહત્વપૂર્ણ વિચારો આપ્યા છે. આ પ્રમાણે આ પહેલું પ્રકરણ પૂરૂં થયા પછી બીજું પ્રકરણ **'રામાયણવિષે જાણવાજોગ હકીકત'** એવા મથાળાવાળું અને પંદર પેટા પ્રકરણોવાળું આપેલું છે; આ સર્વ એટલાજ માટે આપ્યું છે કે જે સજ્જનો આ સંસ્થા તરફની અન્ય રામાયણો ન લઇ શકતાં માત્ર આ તુલસીકૃત રામાયણજ લઇ શકે, તેઓ પણ તે તે ઉપકારક બાબતોથી જાણીતા થાય. આસો વદ ૫–સંવત ૧૯૮૨. **ભિક્ષુ: અખંડાનંદ**

૧–રામાયણની સર્વસામાન્યમાટે ઉપકારકતા

ભારતવાસી હિંદુસંતાનોને તેમના પ્રાચીન ગ્રંથો જે અવર્ણનીય લાભ પહોંચાડતા આવ્યા છે, તેમાં કાળક્રમથી ભલે રામાયણનું નામ વેદ, ઉપનિષદ્ અને મનુસ્મૃતિ ઇ૦ ની પછી આવતું હોય; પરંતુ હિંદુસમાજના લગભગ સઘળા ભાગને ઉપકારક થવામાં તો તેનું સ્થાન સર્વોપરીજ રહેતું આવ્યું છે. દુર્દશાનાં સૈકાંપર સૈકાં વીતી જવાથી અત્યારે પુષ્કળ હિંદુસંતાનોના મનમાંથી વેદ, ઉપનિષદ્, દર્શનશાસ્ત્ર, મનુસ્મૃતિ કે ગીતા જેવા શ્રેષ્ઠ આર્યગ્રંથોનાં નામસુદ્ધાએ ભૂલાઈ ગયાં છે; પરંતુ રામ અને સીતાનું નામ ન જાણતો હોય અને તેમના તરફ પૂજ્યભાવ નહિ ધરાવતો હોય એવો હિંદુ તો ભાગ્યેજ હશે; કારણ કે એ નામો અને એ પૂજ્યભાવ હિંદુમાત્રના હૃદયમાં ગળથુથીના સાથે તો શું, પણ ગર્ભાવસ્થામાથીજ (માતાપિતાના સંસ્કારોદ્વારા) દાખલ થયેલાં હોય છે. દેહાંતસમયે પણ શ્રીરામનું નામ પ્રત્યેક હિંદુનો તારકમંત્ર હોઇને તેના શબની સ્મશાનયાત્રાસુદ્ધાં એ પુણ્યપવિત્ર નામના અખંડ ઘોષપૂર્વકજ થવાની.

રામ અને સીતાનાં પુણ્યપવિત્ર નામોની પેઠેજ તેમના શબ્દચિત્રરૂપ રામાયણગ્રંથ હિંદુજાતિમાં સર્વત્ર પૂજ્ય અને પ્રચલિત થઇ રહ્યો છે. ભારતવર્ષમાં કોઈ પણ ગામ એવું નહિ હોય કે જ્યાંના હિંદુ રહેવાસીઓ રામકથાના નામથી અજ્ઞાત હોય.

સંસ્કૃતના સમયમાં વાલ્મીકિકૃત રામકથા હયાત છતાં પણ અનેક સુકવિઓએ જૂદા જૂદા સેંકડો ગ્રંથોરૂપે તેને તેજ ભાષામાં જૂદી જૂદી રીતે ગાઇને પોતાની વાણી પવિત્ર કરી છે અને પ્રાકૃતનો સમય આવતાં તે તે પ્રાકૃત ભાષાને પણ તેના સુકવિઓએ એ મહાન ગ્રંથથી વિભૂષિત કરી છે.

રામાયણ અને મહાભારતના સમર્થ અભ્યાસી અને સમાલોચક શ્રીમાન ચિંતામણ વિ૦ વૈદ્ય રામાયણના સંબંધમાં કહે છે કેઃ–

" રામચંદ્રના અતિ ઉત્તમ ચરિત્રને વાંચી પ્રેમ, આનંદ અને આદરભાવની લાગણી કયા ભારતવાસીજનને નહિ થાય ? આપણી આર્યભૂમિ વૈભવ અને નીતિના શિખરપર પહોંચી હતી એવા સમયનું તે ચિત્ર આંખ આગળ ઉભું રહેતાં કોનું હૃદય આનંદથી નહિ ઉછળી રહે ? જો કે આપણા આર્યદેશના પ્રાચીન ઇતિહાસનો થોડો સરખો ભાગજ આપણને મળી આવ્યો છે, તોપણ એ અંધકારમય પ્રાચીનકાળમાં શ્રીરામચંદ્રનો સમય શરદ્પૂર્ણિમાની રાત્રિ પ્રમાણે શુભ અને આનંદદાયક પ્રકાશથી ભરપૂર દેખાય છે. એ સમયમાં શ્રીરામચંદ્રની મોહક મૂર્તિ પૂર્ણચંદ્રની પેઠે મધ્યે વિરાજમાન થયેલી માલમ પડે છે અને તેમનાથી ક્ષણભર પણ વેગળી ન પડનારી જાનકી ચંદ્રની જ્યોત્સ્ના પ્રમાણે શોભી રહે છે. તેજસ્વી અને શીઘ્ર કોપ કરનાર લક્ષ્મણજી મંગળના લાલ ગ્રહ પ્રમાણે પ્રકાશમાન દેખાય છે; અને શાન્ત–પ્રેમાળ ભરતજી બૃહસ્પતિના તારાની પેઠે શુભ અને

કોમળ તેજથી શોભી રહ્યું છે. વસિષ્ઠ, વિશ્વામિત્ર, જનક, દશરથ, ભરદ્વાજ, અગસ્ત્ય, કૌશલ્યા, અનસૂયા ઇત્યાદિ અનેક વંદનીય સ્ત્રી-પુરુષોની મૂર્તિઓ પણ પોતપોતાના પ્રકાશવડે ચળકી રહેલા મહેલોની પેઠે તે સમયમાં ચળકી રહી છે. આવા ઉત્તમ રામાયણના સમયપ્રત્યે ભારતવાસી આર્ય-લોકો આનંદ અને અભિમાનની દૃષ્ટિથી જુએ એમાં નવાઇ શું ?"

" આર્યસ્ત્રીઓના અંતઃકરણમાં સીતાદેવીનું પવિત્ર ચરિત્ર-એટલે કે તેમનો નિઃસીમ પતિ-પ્રેમ, દૃઢ પતિવ્રત, પતિ સાથે સંકટ ભોગવવાની તેમની તત્પરતા ઇત્યાદિ અસંખ્ય ગુણોનું ચિત્ર, આર્ય સ્ત્રીઓના હૃદયપટપર એવું કોતરાઇ રહ્યું છે, કે જેને લીધે તેઓ હજારો વર્ષથી આપણા સમાજના ભૂષણરૂપ બનતી આવી છે. શ્રીરામનું ઉચ્ચ અને મનોહર ચરિત્ર પણ પ્રત્યેક ભારતવાસી પુરુષને માટે 'દુનિયામાં માણસે કેવી રીતે વર્તવું" તે દેખાડનારા નિષ્કલંક આદર્શરૂપ છે. રામચંદ્રનું નામ સેતાંજ આપણા મનમાં સર્વ સદ્ગુણોની મોહક મૂર્તિ ખડી થઇ રહે છે. હિંદુસંતાનોને માટે ઉત્તમ પુત્ર, ઉત્તમ બંધુ, ઉત્તમ મિત્ર, ઉત્તમ શત્રુ, ઉત્તમ રાજા, એ બધાનો એકત્ર નમુનો તે શ્રીરામચંદ્રજ છે."

"કાવ્યનાં બંને અંગ-કવિ અને નાયક—ની બાબતમાં રામાયણની બરોબરી કરે તેવો કોઇ પણ ગ્રંથ કોઇ પણ દેશમા મળી આવશે નહિ; રામચંદ્ર સરખો અલૌકિક સામર્થ્યવાળો તથા ઉદાત્ત નીતિવાળો એક પણ પુરુષ ઇતિહાસમાં દૃષ્ટિએ પડતો નથી; તેમજ વાલ્મીકિઋષિ સરખી પ્રતિભા તથા ઉચ્ચ કલ્પનાવાળો કોઇ પણ કવિ આજપર્યંત થયો નથી. ગ્રીસ તથા રોમદેશમાં પુરાતનકાળમાં હોમર તથા વર્જીલ નામના કવિઓએ "ઇલિયડ" તથા "ઇનીડ" નામના ગ્રંથો લખ્યા છે, તે પાશ્ચાત્યદેશોમાં ઉત્તમ ગણાય છે; અને ઈંગ્લાંડમાં મિલ્ટન નામના કવિએ 'પેરેડાઇઝ લૉસ્ટ' નામનો ગ્રંથ રચ્યો છે, તે પણ ઉત્તમ ગણાય છે; પરંતુ એ બધા ગ્રંથો કરતાં પણ રામા-યણ કેટલી બધી શ્રેષ્ઠ છે ? કદાચ કોઇ કાવ્યશક્તિમાં હોમર વગેરેને વાલ્મીકિની બરોબરીએ બેસાડે; પણ તેઓનાં કાવ્યના નાયકો એકિલીસ, ઇનિયસ અને ઍડમ-એ સર્વે નીતિની દૃષ્ટિએ તો રામાયણના રામચંદ્રાદિ કરતાં અતિશય ઉતરતા જણાય છે. સારાંશ એજ કે રામાયણસંબંધે આર્યલોકો જે અભિમાન ધરાવે છે તે યોગ્યજ છે."

ભારતવાસીઓને માટે રામાયણ આ પ્રમાણે પ્રાચીન સમયથી ઉપકારક થતી આવી છે અને ભવિષ્યમાં પણ જ્યાંસુધી આર્યજાતિનું નામ જારી રહેશે, ત્યાંસુધી ઉપકારક થતી રહેશે. મહામુ-નિ વાલ્મીકિનું અસામાન્ય કવિત્વ જોઇને બ્રહ્માજી પોતેજ કહી ગયા છે કેઃ—

यावत्स्थास्यं तिगिरयः सरितश्च महीतले । तावत्रामायणकथा लोकेषु प्रचार्रिष्यति ॥

અર્થાત્ આ પૃથ્વીતલ ઉપર જ્યાંસુધી પર્વતો અને નદીઓ રહેશે, ત્યાંસુધી તમારી રચેલી રામકથા લોકોમાં પ્રચાર પામતી રહેશે.

વેદો, ઉપનિષદો અને દર્શનશાસ્ત્રો જેવા મહાન ગ્રંથો અને તેના દ્રષ્ટા-પ્રણેતા મહર્ષિઓ કરતાં પણ આ પ્રમાણે રામાયણ અને શ્રીરામ-સીતાનાં નામ વિશેષ પ્રચાર પામવાનું એક મોટું કારણ એ પણ છે કેઃ-

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु । युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥

ભગવતી ભગવદ્ગીતામાં આ પ્રમાણે યુક્તતાનું જે મહત્વ આહારવિહાર ઉપરાંત અન્ય પણ પ્રત્યેક ક્રિયા અને ચેષ્ટાને માટે ઉપદેશવામાં આવ્યું છે, તે યુક્તતાના સૂત્રનુંજ-રામાયણનો અને રામ સીતાનો આટલો બધો આદર કરીને-હિંદુસમાજે પાલન કર્યું છે. "યુક્ત" નો અર્થ એ સ્થળે યોગ્ય, ઘટિત હોય તેવું અથવા અધિકારને બંધબેસતું એવોજ છે. મિષ્ટાન્ન ભોજન ગમે તેટલું તુષ્ટિ-પુષ્ટિદાયક હોય, પણ તે સબળ જઠરવાળાને માટેજ હોઇને માંદાને તો નુકસાનજ કરે; એજ પ્રમાણે વાચન, ભણતર, નિત્યપાઠ વગેરેના સંબંધમાં પણ સમજી લેવાનું છે. મોક્ષનાં મુખ્યસા-ધનરૂપ જે તત્વજ્ઞાન, તેને લગતા ગ્રંથો ગમે તેટલા ઉપકારક હોવા છતાં પણ તેમની તે ઉપકારક-તા-ખુદ તે ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે-સાધનચતુષ્ટયસંપન્ન (વિવેક, વિરાગ, ષટ્ગુણસંપત્તિ અને મોક્ષેચ્છાયુક્ત) જિજ્ઞાસુજનોનેજ માટે છે.

એ સાધનસંપત્તિને બદલે જેનામાં પામરતા અને વિષયલોલુપતાજ પ્રાધાન્ય ભોગવી રહી હોય અને પછી ગીતા, ઉપનિષદ્ કે બીજા વેદાંતગ્રંથોમાંના અભેદ સિદ્ધાંતને ગોખી મારવામાં આવે, તો

ા તેવી અયુક્ત-અનધિકાર-કર્મચેષ્ટાનું પરિણામ માંદાને મિષ્ટાન્ન અથવા ચોરને અભયદાનની પેઠે અધ્યાત્મજ્ઞાનનો દુરૂપયોગ થવામાંજ આવે.

આમ થવાથી એવા મનુષ્યો પ્રથમ કરતાં પણ વધારે ભ્રમણા, અનીતિ અને વિષયલોલુપતામાં ખડ પડે અને પોતાની ચારિત્ર્યહીનતાનો બચાવ "હમકો ક્યા લગતા હૈ" "એક બ્રહ્મ દ્વિતીયો નાસ્તિ" "इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तंत" વગેરે વેદાંતવાક્યોના બકવાદથી કરે, એમાં આશ્ચર્ય નથી. અશાશ્વત-વિષયો તરફથી મન-ઇંદ્રિયને પાછાં વાળી તેને શાશ્વત સચ્ચિદાનંદપદદાયક કર્મયોગ અથવા સાંખ્યયોગમાં પ્રવર્તાવનાર યતાત્માનેજ વેદાંતનાં ઉચ્ચ સત્યો ઉપકારક થઇ શકે છે. સાંખ્યમાર્ગનો પ્રવાસી પોતાના તે તે શુભ જ્ઞાનચારિત્ર્યના સંબંધમાં ભૂલે ચૂકે પણ અભિમાનમાં ન ચઢી જતાં "ગુણોજ ગુણોમાં વર્તી રહ્યા છે", એ સત્યને લક્ષમાં રાખીને પોતાના સર્વથી પર એવા આત્મભાવમાંજ ચિત્તને વાળ્યા કરે અને કર્મયોગી જે કાંઇ શુભ કર્મ કરે, તે નિષ્કામભાવે અને પ્રભુપ્રીત્યર્થેજ કરતો રહીને પ્રભુની પ્રેરણા અને કૃપાથીજ તે સર્વ બને છે એમ સમજીને નિરભિમાની રહે, એટલા માટેજ એવાં સત્યોનો ઉપયોગ હોય છે; પરંતુ કયાં અર્જુન જેવો જ્ઞાનચારિત્ર્યસંપન્ન, સંયમી, બલિષ્ઠ અને દયાના આવેશમાં બાપદાદાના રાજપાટને પણ જતું કરવાને તૈયાર થયેલો મહાવીર! અને કયાં હાલનો આ કંગાલ વિષયરક્ત વાચક વેદાન્તી!

અનધિકારી અને કુપાત્રને બ્રહ્મવિદ્યાનું દાન આપવું એ અસલથીજ પાપરૂપ ગણાતું આવ્યું છે. મહર્ષિ વસિષ્ઠે આ વાત અલંકારમાં ઉપદેશતાં બ્રહ્મવેત્તાપ્રત્યે બ્રહ્મવિદ્યા પાસે નીચલા ભાવનું કહેવરાવ્યું છે કેઃ-"હું હવે તારી માલિકીની વસ્તુ થઈ છું; પરંતુ મારૂં દાન તું બહુ સાચવીને કરજે. જે મારૂં હાસ્ય કરે, જે દુષ્ટ હોય અને જે ઇંદ્રિયોનો ગુલામ હોય, તેવાને મારૂં દાન કરતો નહિ. મને આ પ્રકારે સુરક્ષિત રાખવાથી તારા હૃદયમાં હું બળવાન થતી ચાલીશ; માટે હે બ્રહ્મવેત્તા! જેમ કોઇ સમજુ માણસ પોતાના ખજાનાની ખૂબ કાળજીથી રક્ષા કરે છે, તેવીજ કાળજીથી તું મારી રક્ષા કરજે; અને માત્ર એવાજ પુરુષને મારૂં દાન કરજે કે જે પવિત્ર, અંતરમુખ, શુદ્ધ બુદ્ધિવાળો, બ્રહ્મચર્યવ્રતને પાળનારો તથા જે કદી પણ મારૂં અપમાન કરે નહિ એવો હોય."

આમ હોવાથી સર્વસામાન્યને માટે તો એવાજ ગ્રંથો અને ઉપદેશો યુક્ત-ઉપકારક થઇ શકે કે જે તેમને પામરતામાંથી અને વિષયલોલુપતામાંથી ઉપર ચઢાવીને સદ્‌ગુણી, સારાસાર સમજનારા તથા સારભૂત વસ્તુસ્થિતિને ઇચ્છનારા (જિજ્ઞાસુ) બનવામાં મદદ કરે. રામકથાનો ગ્રંથ તેમાં આવેલાં રામ, લક્ષ્મણ, જાનકી, હનુમાન વગેરેનાં ઉત્તમોત્તમ ચરિત્રોને લીધે સર્વસામાન્યને માટે એવો ઉપકારક અને બંધબેસતો હોવાથીજ સમગ્ર હિંદુજાતિ તેને વેદ, ઉપનિષદ્ અને ગીતા જેવા ગ્રંથો કરતાં પણ અધિક પ્રિય માનતી આવી છે.*

૨-इतिहासनो महिमा अने स्वरूप

ધર્મગ્રંથતરીકે રામાયણની મહત્તા અને ઉપકારકતા આટલી બધી હોવા છતાં કોઈ તેને માત્ર ઇતિહાસગ્રંથજ કહેવા માગે તો તે પ્રકારે પણ રામાયણનું મહત્ત્વ જેવું તેવું નથી. અથર્વવેદમાં ઇતિહાસ, પુરાણ વગેરેની ઉપકારકતા દર્શાવતાં કહ્યું છે કેઃ—

स महतीं दिशमनुव्यचलन्। तमितिहासश्च पुराणं च गाथाश्च नाराशंसीश्चानुव्यचलन्।
इतिहासस्य च वै स पुराणस्य च गाथानां च नाराशंसीनां च प्रियं धाम भवति य एवं वेद॥

(અથર્વવેદ, કાંડ ૧૫, અધ્યાય ૬, સૂક્તાક મંત્ર ૧૦-૧૧-૧૨)

અર્થાત્-"મનુષ્ય અથવા પ્રજાને ઉન્નતિની દિશામાં આગળ વધવામાં ઇતિહાસ, પુરાણ, ગાથા અને નારાશંસી બહુજ સહાયકારક થાય છે. આ સત્ય વાતને જેઓ જાણે છે, તેઓ તેવા ગ્રંથોનો પુષ્કળ અભ્યાસ કરીને તેના પ્રિય ધામરૂપ (એટલે કે કેટલાક બહુશ્રુત મનુષ્યોને આપણે પુસ્તકાલય અથવા લાયબ્રેરીની ઉપમા આપીએ છીએ તેવા) બની રહે છે."

* રામાયણમાં પણ વેદાન્ત-તત્ત્વજ્ઞાનના વિષય આવે છેજ, પણ તે ખીચડીમાં મીઠાની પેઠે જરૂર જોગાજ. બીજી હાથપર વેદ, ઉપનિષદ્ વગેરેમાં પણ સર્વસામાન્યના ઉપયોગનો ઉપદેશ નથી એવું નથી, પણ તે ઉપદેશ રામાયણદ્વારા સંવાદ રાખવા સાથે જે સહજતા અને રસપૂર્વક માનવહૃદયપર ઠસાવી શકાય છે, તેવું વેદાદિદ્વારા સર્વસામાન્યમાટે નથીજ બનતું.

ઉપલા વેદવાક્યમાં ઇતિહાસને સર્વથી પ્રથમ સ્થાન અપાયું છે, તે યોગ્યજ છે; પરંતુ તે ઇતિહાસનો અર્થ અત્યારે વિદ્યાર્થીઓને ગોખાવી મરાતાં "દેશની દુર્દશાના સમયનાં નામો અને વર્ષો" એવો જરા પણ નથી. એવો ઇતિહાસ અને શિક્ષણપદ્ધતિ તો શીખનારાની ઉન્નતિ કરવાને બદલે તેમની વધારે દુર્ગતિ અને વિનાશ કરવાનુંજ કામ બજાવે છે. આર્યોની અન્ય સર્વ બાબતોની પેઠે તેમની ઇતિહાસની વ્યાખ્યા પણ કેવી સુયોગ્ય છે, તે નીચલા શ્લોક વાંચવાથી જણાશે.

धर्मार्थकाममोक्षाणामुपदेशसमन्वितम् । पूर्ववृत्तकथायुक्तमितिहास प्रचक्षते ॥

અર્થાત્-ઇતિહાસ તેનેજ કહેવાય, કે જેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષના ઉપદેશ તથા પ્રેરણાવાળી કથાઓસહિત પૂર્વવૃત્તાંત આપેલો હોય.

રામાયણ અને મહાભારતના ગ્રંથો ઉપર જણાવેલી ઇતિહાસની વ્યાખ્યાને કેટલા બધા બંધબેસતા છે, તે દર્શાવવું પડે તેમ નથી. એક દાર્શનિક બુદ્ધિવાળા ઇતિહાસવેત્તાએ ઠીકજ કહ્યું છે કેઃ–"પ્રત્યેક દેશનું ભવિષ્ય તેના ભૂતકાળમાં અંકિત છે; અને જે પ્રજાને પોતાના ભૂતકાળનું યથાર્થ જ્ઞાન નથી, તે પ્રજા પોતાની ભવિષ્યની ઉન્નતિનો માર્ગ બહુ મુશ્કેલ અને અનેક ખાડી-કોતરોથી ભરપૂર જોશે."

ઇતિહાસના ઊંડા અભ્યાસી પ્રૉફેસર રામદેવજી તેમણે રચેલા "ભારતવર્ષકા ઇતિહાસ" માં ઇતિહાસની આવશ્યકતાવિષે લખે છે કેઃ—

"દુઃખસાગરથી પાર થવાને માટેનાં જે કેટલાંક સાધન છે, તેમાં ઐતિહાસિક જ્ઞાન પણ એક અગત્યનું સાધન છે. ભારતવર્ષની નૌકા અનેક શતાબ્દિઓથી ભયંકર દુઃખસાગરના વમળમાં પડીને ડગમગી રહી છે. અમારા જે પૂર્વજો આ નૌકાને સુગતિથી ચલાવતા હતા તેઓ તો રહ્યા નહિ અને અમો આળસુઓ નૌકાસંચાલનની તે યોગ્ય વિધિ તેમની પાસેથી શીખ્યા નહિ. હવે જ્યાં નાશકારક પ્રચંડ પવન વહેવા લાગ્યો, નૌકા ખૂબ ડામાડોળ થવા લાગી અને 'આ ડૂબી, આ ડૂબી' એવી દશા આવી પહોંચી, ત્યારેજ હાહાકારનો આરંભ થયો; પરંતુ એ આક્રંદથી શું વળે તે છે ? હવે તો અમને એજ ઉચિત છે કે, જે વિધિઓનો ઉપયોગ કરીને અમારા પૂર્વજો ભારતનૌકા સુગતિથી ચલાવતા હતા અને જે વિધિઓ અમારા કલ્યાણના વિચારથી તેઓ તાના ગ્રંથોમાં અંકિત કરી ગયા છે, તે વિધિઓનો પત્તો મેળવવો."

એવી પ્રાચીન સુયોગ્ય વિધિઓ રામાયણમાં પણ બહુ સારી રીતે વર્ણવેલી હોવાથી ઇતિહાસગ્રંથતરીકે પણ રામાયણનું મહત્ત્વ જેવું તેવું નથી. "રામાયણ કલ્પિત ગ્રંથ છે," "ચીન ભારતવર્ષમાં ઇતિહાસ લખવાની રૂઢિ ન હતી," વગેરે આક્ષેપોના ઉત્તરો તેમજ અન્ય અનેક જાણવા જેવા વિચારો પ્રૉ૰ રામદેવજીએ તેમના ઉપરોક્ત ગ્રંથમાં દર્શાવેલા છે, તે હવે છીના લેખોમાં અપાયલા જણાશે.

રામાયણનું નામ આપણા દેશમાં સર્વત્ર પ્રસિદ્ધ છતાં પણ તેની અસામાન્ય મહત્તા તે હિંદુસમાજપ્રત્યેની ઉપકારકતાનો વિશેષ ખ્યાલ તો થોડાજ માણસોને હોય છે. ગોટપી શિક્ષણથી રંગાયલો વર્ગ તો એવા ગ્રંથોને ગપસપ જેવા ગણી કાઢીને તેનાથી દૂરજ રહે. એકડા ઘુંટતું કોઈ છોકરું એકાદ સમ્રાટના ધનવૈભવની આંકણી કરવા બેસે; અથવા તો કાચલીવડે કોઇ સાગરનું પાણી માપવા બેસે; તેમ કોઈ કોઇ તો રામાયણનાં પ્રાતઃસ્મરણીય ત્રોને પણ રસ્તે જનારાં સામાન્ય મનુષ્ય જેવાં સમજી તેમના અમાપ જ્ઞાનચારિત્ર્યને ક્ષુલ્લક-વેંતીઆ જ્ઞાનચારિત્ર્યવડે માપવા બેસીને તેમનામાં ખામીઓ પણ દર્શાવવા મંડી પડે વિદેશના સમર્થ વિચારકો અને અભ્યાસીઓએ રામાયણની મહત્તા અને ઉપકારકતાનાં મુક્ત ગુણગાન કર્યાં હોય, તે આવી સ્થિતિમાં સર્વસામાન્યમાં પ્રચલિત થવાની જરૂર લાગવાથી એમાંના સારભૂત કેટલાક વિચારોનો સંગ્રહ આ ગ્રંથના વાચકોની જાણમાટે "રામકથાનો મહિમા" એવા મથાળા નીચે આ પછીનાં પૃષ્ઠોમાં આપ્યા છે. આશા છે કે વાંચનાર તે વિષય પ્રથમ વાંચી જઇને રામાયણ એ શી વસ્તુ છે, તેની શી ઉપકારકતા તે શું શીખવે છે, તે બાબતો સમજી લીધા પછીજ તેને વાંચવી શરૂ કરશે; અને પરિણામે સંસ્કારો તથા પ્રેરણાઓ વિશેષ પ્રમાણમાં મેળવવાને ભાગ્યશાળી થશે.

ખરૂં જોતાં જૂદાં જૂદાં દષ્ટિબિંદુથી કોઈ રામાયણનો મહિમા ગાવા બેસે તો તેનો એક મોટો ગ્રંથજ બની રહે. ટુંકામાં તો કવિસમ્રાટ્ રવીન્દ્રનાથ ઠાકુરે તેને હિંદુજાતિનું "જીવનધન" કહ્યું છે તેટલું પણ સુચિત્ત હિંદુસંતાનોને માટે બસ કહી શકાય. અલબત્ત હિંદમાં ઉદ્ભવેલી એક નવીન માનવસૃષ્ટિને માટે આ મહિમા કાંઈક વધુ વિસ્તારથી આપવાની આવશ્યકતા છે ખરી. પાશ્ચાત્યશિક્ષણના વિલક્ષણ સકંજામાં સપડાઇ સુધારકપણાના પોકળ પાંડિત્યમાં પટકાઇ પડવાથી જેઓ આર્યભાવનાઓરૂપી પવિત્ર પોષક રક્તને ગુમાવી રહ્યા હોય; જેઓ વિદેશીઓના વિજયગાનનું ભૂસું ભેજામાં ભરી ભરીને ગોટપીટની ગોખણપટ્ટીના તાનમાં પોતાની જાતને અક્કલનું બારદાન અને હિંદુ રીતભાતને મૃત્યુની મહેમાન બનાવી રહ્યા હોય; જેઓ પાશ્ચાત્ય ભૌતિકવાદની મદિરાથી મસ્ત બનીને સ્વદેશના સર્વસ્વની પેઠે ભારતીય પહેરવેશને પણ "ડોન્ટ કેર" કરી બેઠા હોય; જેઓ બિચારા ઇલ્લાં(યડ)બિલ્લાંના ઉદર બની જઇ સુયોગ્ય ભારતીય સાહિત્યના પઠનથી પરાઙ્મુખજ રહી ગયા હોય; જેમને મન રામાયણ અને મહાભારત એ ટાઢા પહોરનાં ગપ્પાં અને વેદો એ જંગલી સ્થિતિનો બકવાદ હોય અને આ પ્રમાણે જેઓ સુશિક્ષિત કહેવાવા છતાં કુશિક્ષિત જેવાજ બની રહ્યા હોય તેવા અનેક નવયુવકો અને સુધારકમન્યોને માટે તો આ ફેરફારીના યુગમાં પણ રામાયણના વિશેષ મહિમાની આવશ્યકતા સ્પષ્ટજ છે. આ આવશ્યકતા પૂરી પાડવામાટે દેશવિદેશના જે અનેક અસામાન્ય વિદ્વાનોએ આ ગ્રંથનાં મુક્તકંઠે ગુણગાન કર્યાં છે, તેનાં અવતરણો આ પછીનાં પૃષ્ઠોમાં આપવામાં આવ્યાં છે. રામાયણનું વાચન શરૂ કરવા પહેલાં આ ઉપયોગી લેખો સંપૂર્ણ ધ્યાનથી વાંચી જવા પ્રત્યેક વાંચનારને ખાસ ભલામણ છે. રામાયણના મહિમાને જાણવાવાળા સજ્જનોને પણ એ લેખો અવનવી માહિતીઓ, મનનીય વિચારો અને આદરભાવની ઉર્મીઓ પૂરી પાડે એવાજ છે.

કોઈ એમ કહે કે, રામાયણ જેવો મહાન ગ્રંથ અને અન્ય અનેક ગ્રંથો દેશમાં વિદ્યમાન હોવા છતાં ભારતવાસીઓની દુર્દશા કેમ શરૂ થઇ અને તે હજાર હજાર વર્ષ સુધી કેમ ટકી રહી છે ? ઉત્તર સ્પષ્ટજ છે કે, એવા ગ્રંથોમાં દર્શાવેલા અનુભવસિદ્ધ આચાર-વિચાર (જ્ઞાન-ચારિત્ર્ય) ઘટતા ચાલવાનુંજ એ પરિણામ છે. ઘરમાં પુષ્કળ ખજાનો હોવા છતાં તે વાતથી અજ્ઞાત મનુષ્ય " અન્ન અન્ન " કરતો મરી જાય અથવા તો તે ખજાનાનો દુરૂપયોગ કરીને કોઇ એ કરતાં પણ બૂરે મોતે મરે, તો તેમાં તે ખજાનાનો દોષ નજ કહી શકાય. આર્યગ્રંથોવિષે પણ એજ પ્રકાર સમજવો; પરંતુ તેની સાથે આ વાત પણ ભૂલવાની નથી કે, ઘટી ઘટીને પણ એ જ્ઞાનચારિત્ર્ય જેટલા પણ પ્રમાણમાં કાયમ રહી શક્યા છે, તે પણ એ મહાન આર્યગ્રંથોનો અને પૂર્વજોનોજ પ્રતાપ છે. એમના પ્રતાપેજ ભારતવર્ષ ભારતવર્ષતરીકે અને હિંદુજાતિ હિંદુતરીકે અત્યારસુધી હયાતી ધરાવી શક્યા છે; નહિ તો અન્ય અનેક પ્રાચીન પ્રજાઓની પેઠે હિંદુજાત પણ નામશૂન્ય બનીને આજે મુસલમાન કે ખ્રિસ્તીપદનેજ શોભાવતી હોત.

અફસોસની વાત છે કે, અન્ય કેટલીક ઉપકારક બાબતોની પેઠે રામાયણ, મહાભારત, ઓખાહરણ, વગેરેની કથાઓ પણ અનેક પ્રકારના લલિત રાગોમાં ગવાની સાંભળવાનું દેશમાં ઓછું થતું ચાલે છે અને તેથી તેવી કથાઓ લલકારીને ગાઇ સંભળાવનારા સુયોગ્ય ઉત્સાહી વ્યાસદેવનાઓ પણ ઘટતા ચાલે છે.

એજ પ્રમાણે આપણા પ્રાતઃસ્મરણીય સંતમહાત્મા અને કવિવરોનાં રચેલાં અનેક પ્રકારનાં જ્ઞાનચારિત્ર્યવર્ધક આખ્યાન, ભજન, ધોળ, ગરબી, ગરબા, રેખતા વગેરેને પણ અસરકારક રીતે ગાઇ સંભળાવનારી વ્યક્તિઓ તથા ભજનમંડળીઓ દિવસાનુદિવસ ઘટતીજ ચાલે છે; અને જે જાય છે તેની જગ્યા મોટે ભાગે ખાલીજ રહે છે.

જંબુસર તાલુકાના સારોદ ગામમા આજથી ૭૫-૧૦૦ વર્ષપર એક કદાવર અને બળવાન બાંધાવાળા ભટ્ટજી હતા. તેઓ ઓખાહરણની કથા પગે ઘુઘરા અને કેડે નરઘાં બાંધીને તેના લલિત રાગોમાં એવી તો સરસ રીતે કહેતા કે, શ્રોતાઓ ચિત્રવત્ બની રહેતા અને તેમનાં હૃદય આનંદ તથા ઉત્સાહથી ઉભરાઈ રહેતા.

એજ ગામમાં વહોરા પરોઢમાં " સુલેમાન ભગત " તો હમણાંજ થઈ ગયા. આ લખનારને

નાનપણથી અનેક વ્યાસોના મુખથી કથાવાર્તાઓ શ્રવણ કરવાનું સૌભાગ્ય મળ્યા કર્યું છે; પણ એજ ઓખાહરણ કે ગિરધરકૃત રામાયણ જ્યારે સુલેમાન ભગત એક હાથમાં તંબુરો તથા બીજા હાથમાં મંજીરા લઇને અને એક નરઘાં વગાડનાર તથા એક સારંગીવાળા ભરથરીને સાથે બેસાડીને પોતાના પહાડી રાગથી ગાતા, ત્યારે તે હદજ વળતી. એ લેહ, એ હલક, એ જોશ અને એ અસર અજબજ હતી. ભગત પોતે પણ તે ગાતા ગાતા આમતેમ ડોલ્યા કરે અને શ્રોતાઓ પણ ડોલ્યા કરે! હિંદુઓનાં ઘર અને દેવમંદિરમાં તો એમનાં કથાકીર્તન થતાંજ; પરંતુ મુસલમાન કોમથી વસેલા મહોલ્લાઓમાં પણ તેમની ઓખાહરણ વગેરેની કથા ચાલતી અને એ કોમના એટલા બધા શ્રોતા એકત્ર થતા કે પગ મૂકવાની જગ્યા રહે નહિ!

એજ ગામમાં ભંગીની કોમમાં 'બોજીઓ' કરીને એક ઉંચો પડછંદ અને મજબૂત બાંધાનો વૃદ્ધ હતો. એ માણસ રાત્રે વાર્તા માંડતો ત્યારે વચમાં વારંવાર જોશમાં આવીને ઉભો થઇ જતો અને જાણે તે પોતેજ તે વાર્તાનું કોઈ અસામાન્ય પાત્ર હોય એવોજ શ્રોતાઓને ભાસ થઇ આવી તેઓનાં હૃદય પણ વીરરસથી ઉભરાઇ ઉઠતાં!

દશેક વર્ષપર અમદાવાદમાં સાધુચરિત ગણેશ ગોપાળ પંડિતના મકાન પાસે સસ્તા સાહિત્યનું કાર્યાલય હતું, ત્યારે તેમને ત્યાં કોઇ આધેડ વયના બારોટ ઉતરેલા. એક રાત્રે કાર્યાલયમાં આવીને તેમણે બે ત્રણ કલાક સુધી એક વાર્તા સંભળાવી હતી. શી વર્ણનશક્તિ અને શી રસ જમાવવાની ખુબી! વાર્તામાં વચ્ચે પ્રસંગ આવતાં એકવાર તેમણે એક હોકારો કરેલો, તે તો જીંદગી સુધીએ ભૂલાય તેમ નથી. કવિઓ 'આભના ગાભ છૂટે' એવી ઉપમા આવા હોકારાને આપે એમાં નવાઈ નથી.

એજ પ્રમાણે ભીમની વાત કહેતી વખતે ભીમના ભાવમાં આવી જાય, સહદેવની વાત કરતાં સહદેવ જેવાજ જણાઈ રહે, અર્જુનની વાત આવતાં અર્જુનનોજ ભાસ કરાવે, ધર્મરાજાનો પ્રસંગ આવતાં ધર્મમૂર્તિજ બની રહે; અને હનુમાન, રાવણ, કુંભકરણ, લક્ષ્મણ, શબરી વગેરેના પ્રસંગ ચાલતાં તેવા તેવા ભાવ દર્શાવવામાં પણ કમાલ કરે; તેમજ રોજ રોજ નવી નવી બોધપૂર્ણ વાર્તાઓથી ધર્મનીતિનો બોધ પણ સરસ આપે અને વચ્ચે વચ્ચે હસાવવામાં પણ બાકી રાખે નહિ; એવી એવી અનેકવિધ ખુબીઓવાળા વ્યાસદેવતાઓની કથાઓ સાંભળવાની જે મઝા મળેલી, તે પણ ભુલાય તેવી નથી, પણ હવે તો એ વાતો ૩૦–૪૦ વર્ષ જેટલી જૂની થઈ ગઈ!

પરંતુ ઇશ્વરકૃપાથી હજી પણ–બહુ નહિ તો કોઇ કોઇ પણ એવા અસામાન્ય વાર્તાકારો, કથાકારો, કીર્તનકારો વગેરે હયાત હશેજ; અને તેઓ છે ત્યાંસુધીજ તેમના હુન્નરને ઉત્તેજી અનેક વ્યક્તિઓમાં પ્રચલિત કરીને મરતો અટકાવવાની તક છે. એવી પ્રત્યેક વ્યક્તિ ભારતનું મોંઘું ધન છે. દેશનું ઘણુંયે ગયું તેમ એ ધન પણ જતું રહેશે, તો ફરી તેને ઉપજાવવું મુશ્કેલ છે. આવા બાહોશ કથાકારો, કીર્તનકારો, વાર્તાકારો, પુરાણી, ભાટચારણો, ભગતો, વ્યાસદેવો, ઘરબારી સાધુબાવા, ભરથરી, કાપડી વગેરેનો પણ દિવસાનુદિવસ ઘટાડોજ થતો ચાલે છે; અને જે જે હોશિયાર માણસો જાય છે તેમનું સ્થાન ખાલીજ રહે છે. અનેક પ્રયત્નોવડે જામેલી અને સેંકડો વર્ષસુધી ઉપકારક થતી આવેલી હિંદુસંસ્કૃતિનાં આ સાધન અત્યારે મોટે ભાગે દીનહીન સ્થિતિમાં છે; પણ આગલા સમયમાં જ્યારે તે પોતાના ઉન્નત સ્વરૂપમાં હશે ત્યારે કેવાં હશે, તેની તો વાતજ શી કરવી? આજે તો તેઓમાં દશાંશ જેટલી પણ યોગ્યતા અને ઉપકારકતા રહેલી ન ગણાય; પરંતુ એવાં એવાં પણ એ સાધનોમાંથી સારી સારી વ્યક્તિઓને શોધી, ઉત્તેજી તથા કેળવી યોગ્ય સંસ્કારોથી સંસ્કૃત બનાવીને જો તેનો યોગ્ય લાભ લેવામાં આવે; અને તેમની સંખ્યા વધે તેમ કરીને જનસમૂહને છૂટથી તેમનો લાભ આપવામાં આવે, તો દેશની નષ્ટ થવા બેઠેલી શુભ સંસ્કૃતિમાં સારે જેવું ચેતન પૂરાતું રહે અને ક્રમે ક્રમે એ લોકો પણ જ્ઞાન, ચારિત્ર્ય, કળા તેમજ ઉપકારકતામાં ખીલતાં–ખુલતાં ચાલે એમાં સંશય નથી.

લોકરુચિને વશ બની રાષ્ટ્રીયતાના નામ નીચે પણ ગોટપીટીઆ ગોખણપટ્ટીવાળી શાળાઓ ચલવીને લાખોની બરબાદી કરવી અને દેશમાંના આતાપીતા તથા અનેક પ્રકારે ગરીબોનાં લોહી

ચૂસતા લોકોની સંખ્યા તથા આવડતને વધાર્યા જવી, એના કરતાં તો ઉપર જણાવ્યા જેવી વ્યક્તિઓ અને સંસ્થાઓને ખીલવીને દેશના ખરા આધારરૂપ શ્રીવર્ગ, ખેડુતો, અત્યંજો તેમજ બીજા નિરાધાર, ગરીબ અને અજ્ઞાન લોકોનીજ સંગીન સેવા બજાવવામાંજ રાષ્ટ્રનું સાચું અને સંગિન હિત રહેલું છે. સમજુઓએ હવે તો એવાં કાર્યોની પાછળજ, ધનના ઢગ અને સુયોગ્ય સેવાભાવી જીવનો અર્પણ કરવાં-કરાવવાં ઘટે છે.

ભારતમાતાનો સાચો સપૂત બંકિમબાબુ, કે જે આર્યસંસ્કૃતિનો મહાન અભ્યાસી અને હિમાયતી હતો; વર્તમાનયુગનો જ્ઞાનચારિત્ર્યસંપન્ન મહાવિદ્વાન હતો; જેનું રોમેરોમ દેશદાઝથી ફફડી રહેલું હતું અને હજીસુધી દેશમાં જેનો જોટો પાકયો નથી એવો અસામાન્ય સાહિત્યસેવક હતો; આનંદમઠ તથા કૃષ્ણચરિત્રાદિ જેવા અનેકાનેક પ્રેરક ગ્રંથનો તથા 'વંદેમાતરમ્' જેવા રાષ્ટ્રીય ગીતનો જે પ્રણેતા હતો; તે બંગસાહિત્યનો સમર્થ સમ્રાટ બંકિમબાબુ શિક્ષણ અને શિક્ષિતવિષે શું કહે છે ?

તેઓ કહે છે કેઃ-" લખતાંવાંચતાં આવડે તેજ શિક્ષિત અને ન આવડે તે અશિક્ષિત; એવું જરા પણ સમજતા નહિ. પાઠશાળાઓ અને નિશાળોમાં ભણ્યાવિના પણ જ્ઞાનની વૃદ્ધિ થઇ શકે છે. આપણા દેશમાં પૂર્વે જ્ઞાન પ્રાપ્ત કરવાના જે કેટલાક ખાસ માર્ગો હતા તે આજે લુપ્તપ્રાય થઇ ગયા છે. ' કથા ' અને ' હરિકીર્તન ' એ પૂર્વકાળે જ્ઞાનપ્રાપ્તિનો એક મુખ્ય ઉપાય હતો. પ્રાચીન સન્નારીઓ કથાકારોના મુખથી પુરાણ તથા ઇતિહાસની વાતો સાંભળતી અને તેથી કરીને પુરાણ-ઇતિહાસમાં જ્ઞાનનો જે ઉત્તમ ભંડાર છુપાયલો છે, તે તેમની પાસે ખુલ્લો થઇ જતો. અત્યારના આપણા સુશિક્ષિત ગણાતા યુવકો કરતાં પણ અનેક વિષયો પૂર્વકાળની સન્નારીઓ બહુ સારી રીતે સમજી શકતી હતી. ભોગવિલાસમાંજ જીવનની સાર્થકતા સમજાવનારી, કાળા મોંવાળી આ વીસમી સદીએ એક હાથમાં તોપ-બંદુક અને બીજા હાથમાં કળ-કારખાનાંઓને ધારણ કરી સેંકડો શિક્ષિત, અર્ધશિક્ષિત તથા અશિક્ષિત યુવકોને ધર્મસંસ્કારથી ભ્રષ્ટ કર્યા છે. "

પોતાનું નામ પણ ન લખી જાણનારા પ્રાતઃસ્મરણીય ભગવાન રામકૃષ્ણ પરમહંસ, છત્રપતિ શિવાજી અને મહાન અકબર જેવાઓ જે અસામાન્ય જ્ઞાનચારિત્ર્ય અને શરીરબળ ધરાવતા હતા; તે સર્વ કયાંથી આવેલું ? આર્યસંસ્કૃતિનાં એ સમયનાં અક્ષરજ્ઞાનની બહારનાં ઉત્તમ સાધનોનોજ એ સર્વ પ્રતાપ હતો.

વળી એ સાધનોનો લાભ માત્ર રાજાઓનાંજ છોકરાંને મળે, એવું ન હતું. એ લાભ તો સર્વ કોઇને મળી શકતો. પ્રથમ તો એ લાભ પરમ આસ્તિક, બળવાન અને સદ્ગુણી માતાપિતાનાં જ્ઞાનચારિત્ર્ય, ઉછેર અને ગૃહશિક્ષણમાંથીજ મળી રહેતો; અને તે પછી એ લાભ ગામમાંના જ્ઞાનચારિત્ર્યસંપન્ન કુળપુરોહિત, ભટ્ટ, ચારણ, શાસ્ત્રી, પુરાણી, ધર્માચાર્યો, મહંતો અને યાત્રાળુપંડિતો, મંડળેશ્વરો, સંતસાધુઓ, પરમહંસો તેમજ અતિથિઅભ્યાગતો વગેરેથી મળતો. વાર તહેવારોની ઉજવણીઓ, મેળાઓ અને યાત્રાએ નીકળતા સંઘો પણ એ બાબતમાં સારી પેઠે મદદગાર થતાં.

એવે એવે પ્રકારે જનસમાજમાં સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, યુવકો, ખેડુતો તેમજ ગરીબગુરબાં વગેરે તમામ વર્ગો જ્યારે જ્ઞાનચારિત્ર્યવર્ધક આર્યસંસ્કૃતિથી પોષાયા કરતા, ત્યારે મનુષ્યો કેવાં સુખી, સદ્ગુણી અને બળવાન રહેતાં ! તેઓ આખું આયુષ્ય ધર્મનીતિથી તથા સુખસંપત્તિપૂર્વક ગુજારતાં; અને ગરાસીઆઓમાં તો શું પણ ગામના ભંગી સુદ્ધાંમાં એવું બળ અને આરોગ્ય રહેતું કે અત્યારનાં આપણાં ભણીગણીને કરકુરીઆં જણી જાણનારાં પાંચ દશ માણસો પણ તેવા એકને પહોચી શકે નહિ !

આ વાત તો આજે પણ પુષ્કળ માણસો જાણે છે કે આજથી પચાસ અને સો વર્ષ પહેલાં દેશમાં આજના જેટલું દારિદ્ર, દુષ્કાળ, મોંઘારત, તનમનની દુર્બળતા, કુસંપ, ઝેરવેર, સ્વાર્થપરાયણતા, વિલાસિતા, છળપ્રપંચ અને લોભલાલચ વગેરે ન હતાં; અને એના સામા છેડાની સંપત્તિ-સુખશાન્તિ, સુકાળ, સંપ, હેતપ્રીત, ઉદારતા, સાદાઈ, પરોપકાર, સરળતા, સહાનુભૂતિ, આસ્તિકતા વગેરે હાલના કરતાં વધારે હતાં. એ સમયે એવી સ્થિતિ હોવાનું મુખ્ય કારણ ઉપર જણાવેલા પ્રકારોદ્વારા લોકોને જ્ઞાનચારિત્ર્યનું શિક્ષણ ખૂબ છૂટથી તેમજ સ્વાભાવિક રીતે મળ્યા કરતું તેજ હતું. આજે આપણે નાના કે મોટા પ્રત્યેક ગામમાં બ્રાહ્મણોને, બારોટોને તેમજ મઠમંદિર-

વાળાઓને જે ગામગરાસો પળતા જોઇએ છીએ, તે સર્વ એવા ઉચ્ચ કક્ષાવાળાં અને નિઃસ્પૃહ લોકશિક્ષકોના ચરણમાં કદરદાન રાજકર્તાઓ, ધનિકો તેમજ ગામલોકોદ્વારા તેમના ચારિત્ર્ય અને ઉપકારકતા ઉપર ઓવારી નખાયલાં હતાં. આજે તેમના ઉત્તરાધિકારીઓ તો એ જ્ઞાનચારિત્ર્ય પણ ખોઇ બેઠા છે અને તેની પાછળ પાછળ તેમની જમીનજાગીરો પણ ખોવાતી-નષ્ટ થતી ચાલી છે.

પરંતુ આ સર્વ છતાં ઉપર જણાવ્યું તેમ હજી પણ એ વર્ગોને સચેત અને સુસંસ્કૃત કરીને સમાજસેવા માટે ઉપયોગી બનાવી શકાય તેમ છે; અને માનવસમાજ પોતે તંગી વેઠીને પણ પોતાના એવા સુયોગ્ય સહાયકોને રોટલો આપી શકે તેમ છે. એમાં પણ જે અનેક બાળકો માતાપિતા કે પાલકપોષકવિનાનાં હોઈ જે તે પ્રકારે જીવન ગાળતાં હોય, તેમનીજ સેવા અને સુશિક્ષણનું કાર્ય તેમનાજ જેવી નિર્ધનતા વગેરે સ્વીકારીને સર્વભાવથી આચરવામાં આવે તો કારીગરનો છોકરો સહેજે કારીગર બને છે; તેમ જ્ઞાનચારિત્ર્યસંપન્ન શિક્ષક અને રક્ષકના પોતાના દૃષ્ટાંત અને શિક્ષણથી ધારણામુજબના જ્ઞાનચારિત્ર્યસંપન્ન, મજબૂત અને સેવાવૃત્તિવાળા સમાજસેવકો તેમનામાંથી અવશ્ય સારા પ્રમાણમાં ઉપજી આવે. રાષ્ટ્રસેવાની સાચી દાઝવાળા અને પંડનું ભાન ભૂલી તેની પાછળ મચી પડનારા સજ્જનો માટે શું આ ઓછી આકર્ષક તક છે! જે નબાપાં નિરાધારોમાંથી ઘણાંખરાં દેશને કષ્ટકારક, ચોર, ભામટા, જુગારી, ભિખારી, વ્યભિચારી, પાખંડી, ઠગ અને બાવાસાધુજ બની જવાનાં, તેમનામાંથી ઉત્તમ સમાજસેવકો બનાવવાનુ કામ કેટલું બધું મહત્ત્વનું છે?

લૌકિક સ્વાર્થ અને સંગ્રહવૃત્તિને દૂર કરી પ્રભુનેજ સર્વસ્વ માની શકનારા એવા જ્ઞાનચારિત્ર્યસંપન્ન થોડાક સજ્જનો પણ જો સર્વભાવે, એકનિષ્ઠાથી અને સતતપણે ઉપર જણાવ્યા જેવી એકાદ સંસ્થા જમાવવા ઇચ્છે, તો હાલની શ્રીમંતસેવી તથા લૂંટારાવર્ધક અનેક શાળાપાઠશાળા અને બોર્ડિંગો જે વિઘાતક કાર્ય બજાવી રહી છે, તેને બદલે સમાજના સત્ય હિતની દિશામાં અસાધારણ પરિણામ આવ્યાવિના રહેજ નહિ. આવા કૃષિપ્રધાન્ય દેશમાં એવા કામ માટે લૂંટારા ધનિકોની પાસે ભીખ માગી તેમને મોટા ભા બનાવવાનું કામ પણ જ્યાંસુધી કુશળ કૃષિકાર બનવામાં આવે નહિ, ત્યાંસુધીજ બજાવવું પડે. ઉચ્ચ ભાવનાવાળા, આસ્તિક અને પરિશ્રમી સમાજસેવકને પ્રભુ આવી બાબતોમાં કોઇ ને કોઇ માર્ગ ખોલી આપેજ. દેશનો ઉદય હવે કોઇ પણ પ્રકારે થવો અનિવાર્ય હોવાથી સાચી લાગણીવાળા અને સંયમી નરદેવતાઓને માટે કાંઇ ને કાંઇ ઉકેલ પોતાની ઉચ્ચ ભાવનાઓ પાર પડે એવા મળીજ આવે. હા, ઉચ્ચ સિદ્ધાંતોને ખાતર પંડે અકિંચનતામાં અને જરૂર પડે તો ભૂખમાં પણ સુખ માનવા જેટલું જ્ઞાનચારિત્ર્ય તેમનામાં હોવુંજ જોઇએ.

જગકર્તાને જે કાંઇ કરવું છે, તે થશે તો ખરુંજ. માત્ર જેમનું પરમભાગ્ય હશે તેઓજ તેના હથિયારરૂપે બની આત્મોન્નતિના અને પરમ યશના ભાગી થશે.

२ (क)-रामायण अने एक महात्माजी

(લેખકઃ-શ્રીયુત ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ)

થોડા સમય પહેલાં મુંબઇના મમ્માદેવીના મંદિરમાં એક મહાત્માજી પધાર્યા હતા. તેઓ શરીરે કદાવર, પાંચ હાથ ઉંચા અને ભવ્ય દેખાવના હતા. મસ્તક મહાવિશાળ, આંખો ગરુડ જેવી, મુખમુદ્રા સર્વાંશે સાત્વિક અને સદા આનંદસ્વરૂપ હતી. મુંબઇ આવ્યા પછી તેઓ તુલસીદાસજીકૃત રામાયણની કથા કરતા હતા અને પાંચ દિવસમાં તો કથામાં એટલી બધી ભીડ થવા લાગી કે માણસોને બેસવાને જગા પણ મળતી નહિ. તેઓ સવારના સાડાઆઠથી દશસુધી કથા કરતા. હિંદીમાં કથા કરતા પણ એવી રસિકતાથી, એવી મિઠી જબાનથી અને મિઠાશથી કરતા કે લોકોને તેનો એટલો બધો મોહ થયો કે સવારમાં મમ્માદેવીમાં કથા શ્રવણ કરવા આવનારાઓની મોટરો, ઘોડાગાડીઓ અને લોકોની મહામેદનીથી મહામેળો જામતો. મુંબઇની પોલિસનું પણ આ મેદની તરફ ધ્યાન ખેંચાયું હતું અને બંદોબસ્તમાટે ત્યાં બે માણસોને ખાસ મૂકવામાં આવ્યા હતા. દિનપ્રતિદિન મેદની

વધતી જતી. મુંબઇ જના રાજામહારાજા, ઠાકોરો, દરબારો, શ્રીમન્તો, મધ્યમ વર્ગના લોકો, દરેક કોમના લોકો તથા કેટલાક પારસી અને ઇસલામી ગૃહસ્થો પણ આ કથા સાંભળવા જતા. કથાસિવાયના સમયમાં પણ અનેક શ્રીમંત અને સામાન્ય સ્થિતિનાં સ્ત્રીપુરુષો મહાત્માજીનાં દર્શને આવતાં.

મહાત્માજી સમદૃષ્ટા, નિર્વિકારી, સદા પરહિતકારી હતા. લોકો તો ઐહિક તેમ પારલૌકિક સર્વ પ્રકારના સુખની-કલ્યાણની યાચના કરતા. મહાત્માજીનું હૃદય જગતનાં દુઃખોથી હંમેશાં દ્રવતું અને સર્વને સુખસંતોષ આપવાને તેઓ યત્ન કરતા, કંટાળતા નહિ. તેમની મુખમુદ્રા તો હંમેશાં પ્રસન્નજ રહેતી. મહાત્માજી તો ખરેખર મહાત્માજ હતા. પરમેશ્વરનો તેમના ઉપર પૂરો અનુગ્રહ હતો.

મુંબઈમાં મહાત્માજીને બે માસ થયા, ચાર માસ થયા, છ માસ થયા. તેમના શ્રોતા અને સેવકોની સંખ્યા તો સુમારવિનાની થઇ હતી. આ બધી સ્થિતિ મહાત્માજી શોચતા. તેઓ એક મહાન નિરીક્ષક હતા. તેમણે જોયું કે, સેવકોમાં ધર્મઘેલાપણું છે; પણ તેમાં નિષ્કામવૃત્તિ ઓછી છે, ત્યાગ ઓછો છે, સાત્વિકપણું બિલકુલ નથી-લોકો કથા સાંભળવા આવે છે, પણ તેમને સત્યજ્ઞાન અને સદાચારનું ભાન થતું નથી. સવારમાં કથાશ્રવણ, પછી ધંધામાં કસાઇપણું. લોકોમાં સદ્વર્તન નથી, તેમનામાં સાચી દયા નથી, તેમનું જીવન પાપથી ઘેરાયલું રહે છે. મહાત્માજી આ પરિસ્થિતિ જોઇ અત્યંત ખિન્ન થયા.

એક સમયે એકાદશીને દિને કથા ચાલતી હતી, ત્યાં તેમણે કહ્યું:-"ભાઇઓ અને બહેનો! તમે માનો કે ન માનો પણ હું એક પામર, પાપી જીવ છતાં ગઈ રાત્રિએ સ્વર્ગના ઝાંપાસુધી જઈ પહોંચ્યો હતો.

ત્યાં તો અનહદ અજવાળા અને અસીમ આનંદ હતો. દેવોનો વિરામ લેવાનો એ સમય હતો. સ્વર્ગનાં દ્વાર બંધ હતાં. હું તો જિજ્ઞાસુ હતો, ગરજવાળો હતો અને ગરજવાનને અક્કલ નહિ! મેં તો દરવાજાની સાંકળ ખખડાવી. એક ભવ્ય મહાસુંદર દેવે દ્વાર ઉઘાડયાં મને તે પોતાને મંદિરે લઇ ગયા. મંદિરનો પ્રકાશ, સ્વચ્છતા અને સુંદરતાનો પાર ન હોતો. દેવે મને આસન બતાવ્યું. તેઓ તેમને આસને બેઠા.

દેવે કહ્યું:-"મહાત્માજી! તમે અહીં કયાંથી? શા કામ સારૂ પધાર્યા છો? બોલો."

હું બોલ્યો:-"હે દેવ! સ્વર્ગની કુંચી અને દફતર તમારી પાસે છે. હું આખા ભરતખંડમાં ફર્યો છું; અનેક સ્ત્રીપુરુષો, રાજા, મહારાજા, મહારાણીઓ, શ્રીમંત, રંક-સર્વેએ મારો ઉપદેશ લીધો છે, મારી સેવા ગ્રહણ કરી છે. તમારૂં દફતર તપાસશો? એમાં મુંબઇના કેટલા જીવ દાખલ થયા છે?

તેમણે કહ્યું:-"મહાત્માજી! આવો, અહીં જરા નજીક આવો. આપણે બંને સાથેજ ચોપડો તપાસીએ."

દેવે એક મોટો ચોપડો હાથમાં લીધો. પાનેપાનાં ઉથલાવ્યાં. મુંબઈનું મથાળું ફરી ફરીને જોયું; પણ મુંબઈનું પાનુંજ કોઇ હતું. મુંબઇનું એકે નામ સ્વર્ગને ચોપડે ચઢયું ન હતું.

હું બોલ્યો:-" શું મુંબઇમાંથી કોઈ નહિ? એ કાંઈ સંભવિત નથી? એવું બનેજ કેમ? જરા ફરીથી જુઓ ને?"

દેવે કહ્યું:-" મહાત્માજી! મુંબઇથી અહીં કોઈ આવ્યું નથી,-ખરેખર નથીજ આવ્યું. શું મશ્કરી સમજો છો? મહાત્માજીની મશ્કરી હોય?"

દેવને બે હાથ જોડી હું બોલ્યો:-" પ્રભુ! આ શું?"

દેવે કહ્યું:-" મહાત્માજી! આમ ખિન્ન શામાટે? એમાં તમારો કાંઇ દોષ નથી. તમે તમારા કર્તવ્યનું યથોચિત પાલન કર્યું છે."

મેં કહ્યું:-"પણ મારા સેવકો કયાંછે તે મારે જોવું જોઇએ, મારે કાંઇક આશ્વાસન પણ આપવું જોઇએ."

દેવે કહ્યું:-" એઓ સ્વર્ગમાં નથી તો નરકમાંજ હોવા જોઇએ. મહાત્માજી! તમને તો ના નહિ પાડી શકાય. લ્યો, આ પાવડીઓ પહેરો. જુઓ, પેલો દૂર દૂર કાળો દરવાજો છે. ત્યાં જાઓ. દરવાજા આગળ જશો એટલે દરવાજો એની મેળે ખુલ્લો જશે."

હું તો તે નરક ચાલ્યો. દરવાજો દેખાતો હતો પણ તે તો ઘણો દૂર હતો. હું તો ચાલ્યો ને ચાલ્યોજ ચાલ્યો. કેવો ભયંકર રસ્તો! અણીવાળા પત્થર એના ઉપર નાખેલા હતા, ખાડાખૈયાનો તો પાર નહિ, વચમાં મોટા નાગ અને અજગરો ફરે. વળી આગળ ચાલ્યો ત્યાં તો આખા રસ્તા ઉપર સળગતા અંગારા. મારા તો હાંજાજ ગગડવા માંડયા. મને ચક્કર આવવા

લાગ્યાં. મદ્યપીના જેવી મારી સ્થિતિ થઇ હતી. હું અડબડીઆં ખાવા લાગ્યો, પરસેવાના રેલેરેલા મને વળવા લાગ્યા, રોમાંચ ખડાં થયાં, કંઠે શોષ પડવા માંડયા;છતાં હું સલામત રહ્યો હતો પેલી પાવડીઓથીજ. હું દરવાજા આગળ આવી પહોંચ્યો. લોખંડી દરવાજાને કોશો જેવડા તો ઉપરથી પણ અણિયાળા એવા ખીલા લગાવ્યા હતા. નરકનું તો બધું ભયંકરજ હોય. હું વધારે નજીક ગયો, એટલે દરવાજો તો એની મેળે ઉઘડી ગયો. આ દરવાજે કાંઇ તાળાંકુંચી રહેતાં નથી. અહીં કાંઈ દફતર કે કાંઇ ચોપડા નહોતા. લોકોનાં ટોળેટોળાં અહીં આવતાં હતાં. હું તો ધાસ્તીથી ધ્રુજતો હતો. મારો દરેક વાળ, રૂંવેરૂંવું ઉભું થયું. માંસ સળગતું હોય, ભૂંજાતું હોય એવી ખરાબ, ભયંકર વાસ મને આવવા લાગી. હું તો ગભરાવા લાગ્યો. મારા શ્વાસોચ્છ્વાસ વધવા લાગ્યા. દુઃખની ફીકીઆરીઓ, ચીસોસિવાય અહીં બીજું કાંઇ સંભળાતું નહોતું.

ત્યાં એક શીંગડાંવાળો દૈત્ય ગદા ફેરવતો આવ્યો. તેણે કહ્યું:–"જા, અંદર જા, જલદી જા." હું તો થંભી ગયો.

ફરી તે બોલ્યો:–"જાય છે કે નથી જતો?" એમ કહી મારા ઉપર ગદા ઉગામી.

મેં કહ્યું: "ભાઇ! તું મને ઓળખે છે! હું તો ઇશ્વરનો ભક્ત છું,સેવક છું,તેનો પરમ ઉપાસક છું."

"તું ઇશ્વરનો ભક્ત હોય તો પછી અહીં શા સારૂ આવ્યો છે?"

મારા પગ હવે તો લોચાવા માંડયા હતા. મારાથી ઉભા રહેવાતું નહોતું.

મેં પેલા દૈત્યને કહ્યું:–"ભાઈ! હું તને બહુ નમ્રતાથી પૂછું છું કે, મુંબઇથી તો કોઇ થોડાંજ મનુષ્ય અહીં આવેલાં છે!"

"મુંબઇ, અરે આખું મુંબઇ અહીં છે, જરા ઉભા રહો."

એ મને થોડે દૂર લઇ ગયો અને કહ્યું:–"જો, અહીં મુંબઇનું કોઈ છે?"

હા! મેદાનોમાં પવનના વંટોળીઆ કોણે જોયા નથી! અહીં તો અગ્નિના વંટોળીઆ ચાલતા હતા. સમુદ્રમાં પાણીના પર્વત જેવડાં મોજાં ઉછળે છે એમ અહીં અગ્નિ ઉછળતો હતો.

એ વંટોળીઆ વચ્ચે અગ્નિનાં એ મોજાં વચ્ચે મેં શું જોયું?

અરે, આ તો પેલા મોહનગરના મહારાજા મહાવીરસિંહજી! રાજ્યમાં દુષ્કાળ ચાલે, મહાભયંકર દુષ્કાળ ચાલે, પ્રજાને ખાવા અન્ન નહિ, પીવા પાણી નહિ, પહેરવા પૂરૂં વસ્ત્ર નહિ–એ સમયે તેઓ વિલાયતમાં વિલાસ માણતા, પ્રજાનાં પુષ્કળ નાણાં બરબાદ કરતા; પણ ખેડુતને બીલકુલ રાહત આપતા નહિ.

અરે આ કોણ? એ તો પેલો કથા શ્રવણ કરવા આવનાર ન્યાયાધીશ! પૈસાની લાલચથી ખરા અપરાધીને છોડનાર અને નિર્દોષને સજા ઠોકનાર સાકરલાલજી!

અને આ તો પેલા પ્રમોદભાઇ! દેશાભિમાનને નામે પ્રજાનાં હજારો નાણાં "હોઇયાં"કરી જનાર!

આ વળી કોણ? પેલા હવાલદાર હરિસિંહજી! ખેડુતોને અડાવતા, ગાળો દેતા, ધોલધપ્પો કરનાર અને તેમનાં બાળકનાં મોંમાંથી દૂધનો છેલ્લો છાંટો પડાવનાર!

અને પેલા કોણ? પન્થરામજી! અનહદ દારૂ પીનાર અને દારૂ પીવામાટે પૈસા ખૂટે એટલે પોતાની સ્ત્રીને મારીકૂટી તેના દાગીના ઉઠાવી જનાર!

અરે! આ તો પેલા સુજનતાનો ડોળ કરનાર પણ વૃદ્ધ પડોશીની સ્ત્રીને ફોસલાવી લઈ જનાર, પંડિત પરમેશ્વરલાલજી!

અરે આ તો મનાયજ કેમ? અરે હા, એ તો ધાર્મિકતા, વિદ્વત્તા અને દેશાભિમાનનો ડોળ કરતી, દેશને માટે દિવ્ય ઝોળી લઇ ફરતી પણ ધણીને સૂનો વેચી, ઠામઠામ સંતસંગોમાં ભટકતી, સન્માર્ગ ભૂલેલી દિવ્યલક્ષ્મી!

અને આ તો પેલો દૂધમાં ભેગ કરી, લક્ષાધિપતિ થઇ પડેલો ઘાંચી–લલ્લુ!

ઓહો! આ તો પેલા પદમશીભાઇ! જેઓ ગામની ખરી ખોટી વાતો કરતા, અને નિર્દોષને અપરાધી અને અપરાધીને નિર્દોષ ઠરાવતા, જુઠ્ઠી સાક્ષીઓ સુદ્ધાં પૂરતા.

અને પેલા પાચ પાંચ વર્ષે અને લાગ આવે તો તે પહેલા જ્યારે ત્યારે, કાંઇ ધાપ લાગતી હોય તો પળે પળે વિચારનું પરિવર્તન કરનાર "વિમોચન". પત્રના તંત્રી!

આ પેલી ધગધગતી, સળગતી લોખંડની લગડીએ (સોનાને બદલે) લગાડેલા ખુનીઓનો બચાવ કરનાર અને નિર્દોષને ખુની ઠરાવનાર વકીલ વૈજનાથ!

આ તો પેલા ભગવતીપ્રસાદ ! અન્યના સદગુણ નહિ જોનાર, જગતનાં હમેશાં છિદ્ર જોનાર, પોતાનાં છિદ્ર છુપાવનાર!

× × × × ×

આમ અનેક અપરાધી વ્યક્તિઓને અગ્નિમાં ફફડતી, ચાસો નાખતી જોઇ હું ત્રાસી ગયો."

મહાત્માજીની વાત કહેવાની રીત–તાદશ્ય ચિત્ર રજુ કરવાની પદ્ધતિ–એટલી અસરકારક–હૃદયદ્રાવક હતી કે કથા શ્રવણ કરનારાઓનાં મુખ ઉપર પણ ભય, ત્રાસ, ગ્લાનિ દેખાતાં હતાં. તેઓ પોતે જાણે નરકનું દશ્ય અનુભવી રહ્યાં હોય એમ જણાતું હતું. આ અગ્નિમાં કોઇનો બાપ, તો કોઈની મા, કોઇનો ભાઇ તો કોઇની બહેન હોય એમ તેમને ભાસ થયો.

× × × × ×

વૃત્તાંત પૂરો થયો હતો. મહાત્માજીએ પોતાના શ્રોતાઓને કહ્યું:–"ભાઇઓ અને બહેનો ! તલવારની ધારપર રહેવું અને સ્વર્ગની યોગ્યતા પ્રાપ્ત કરવામાટે સદાચારનું વિકટ વ્રત ધારણ કરવું, એ સમાન છે. તમારી જાતને, તમારા આત્માને પૂછો, તમે સ્વર્ગપ્રાપ્તિને લાયક આચરણ કરો છો ? તમે નરકમાં જવાને લાયક કાંઇ ને કાંઇ કામ ઉઘાડી આંખે, સમજીને કર્યું નથી ? સદ્ધર્મ અને ઈશ્વરના આદેશની અવગણના કદી પણ તમે કરી નથી ? સવારમાં તમે સદાચારનો સંકલ્પ કરો છો, તે સાંજેજ–તે પછીની ક્ષણે પણ તમે તેનો ભંગ કરો છો ? વાવશો તેવું લણશો. કરશો તેવું પામશો–ભોગવશો. કર્મનું ફળ–સારૂં કે નરસું મળે છેજ. તમારાં દુષ્કૃત્ય કોઇ કાળે અવશ્ય તમને મુંઝવશે, ફસાવશે, જકડી લેશે, બાંધી લેશે. તેનો બદલો જરૂર તમને મળશે.

મનુષ્યના હૃદયમાં મેલ છે, પાપ છે, વિષ છે. માનવહૃદયમાં નિર્મળતા નથી, પવિત્રતા નથી. મનુષ્ય અપવિત્ર છે, દુરાચારી છે, પાપી છે, ત્યાંસુધી તેના હૃદયમાં પરમાત્મા વસતો નથી.

ભાઇઓ અને બહેનો ! દંભ, ડોળ, દુરાચાર મૂકી દો. સદ્ધર્મ–સમદષ્ટિ, દયા, અહિંસા, સત્ય ધારણ કરો, એ સર્વનું પાલન કરો, તમારી ન્યુનતાઓ સમજો, દૂર કરો. જાતને પહેલાં ઓળખો, દરેક રીતે પવિત્ર બનો, પરમ મંગળકારી પરમેશ્વર તમારા અંતરમાં વિરાજશે. તમે સ્વર્ગમાં બિરાજશો."

× × × × ×

મહાત્માજીની કથાની આજ અનન્ય, અલૌકિક અસર થઇ. શ્રોતાજનો–સેવકો ઘેર ગયા પછી, તે દિવસની કથાવિષે વિચાર કરી રહ્યાં હતાં. તેમના હૃદયના તિમિર ગયાં હતાં. તેમનાં હૃદય પ્રકાશથી ઝળહળી રહ્યાં હતાં. તેમની દષ્ટિ ખુલ્લી ગઇ હતી, તેઓએ તે દિવસે હૃદયના કેટલાક સાચા સંકલ્પ કર્યા.

मातृवत् परदारेषु परद्रव्येषु लोष्टवत् । आत्मवत् सर्व भूतेषु यः पश्यति स पश्यति॥*

३ (ख)–गोस्वामीजी अने तेमनी रामायणविषे महत्त्वना अभिप्राय

(કાશી નાગરી પ્રચારિણીસભાએ પ્રસિદ્ધ કરેલા "તુલસી ગ્રંથાવલી–તીસરા ખંડ" એમાંના પંડિત અયોધ્યાસિંહ ઉપાધ્યાયના નિબંધમાંથી નીચેના ઉતારા લીધા છે.)

"સમગ્ર રામચરિત માનસ મેં મર્યાદા કે ઐસે ઐસે મનોરમ ઔર પૂર્ણ આદર્શ હૈં, ઐસે ઉચ્ચ વિચારમય ગાર્હસ્થ્ય જીવન કે નિદર્શન હૈં, જીનકા આભાસ ભી હિન્દી ભાષા કે અન્ય ગ્રંથોં મેં નહીં મિલતા. ખેદ હૈ કિ સ્થાન–સંકોચવશ મૈં ઉન સબ કા દિગ્દર્શન માત્ર ભી નહીં કરા સકતા."

"ગોસ્વામીજીકા સામંજસ્ય–સ્થાપન ભી અભૂતપૂર્વ હૈ. ઉનકા પદાનુસરણ આજ તક હિંદી સંસાર કા કોઇ કવિ ઉસ સૌંદર્ય ઔર નિપુણતા કે સાથ નહીં કર સકા. હિંદૂ સમાજ કા અધિકાંશ પંચદેવોપાસક હૈ. વિષ્ણુ–શિવ–વિરોધ ઉસકે હૃદય કી પ્યારી સામગ્રી નહીં. આજ ભી હિંદૂ સમાજ મેં સર્વ કાર્ય કે પ્રથમ ગણેશજી કી અર્ચના હોતી હૈ, આજ ભી ભગવતી વીણાપાણિ હિંદુઓં કે હૃદયમંદિર કી અધિષ્ઠાત્રી દેવી હૈ, આજ ભી દુર્ગતિનાશિની ભગવતી દુર્ગા કી આ-

* અમદાવાદના "ગુજરાતી પંચ" પત્રના રજત મહોત્સવ ના વિશેષાંકમાંથી આભારસહિત ઉદ્ધૃત

રાધના ગૃહ ગૃહ મેં હોતી હૈ. ગોસ્વામીજીને અપને ગ્રંથો મેં સબકા સમાદર કિયા હૈ, સબકી ઉ-ચિત સ્તુતિ કી હૈ, ઔર ઇન કે ભક્તિભાવ કો ઇસ પ્રકાર અંકિત કિયા હૈ, કિ વહ ચિરપ્રચલિત હિંદૂ ઉપાસના-પદ્ધતિકા આદર્શ બન ગયા હૈ; તથાપિ એકેશ્વરવાદકા-જીતા જાગતા ચિત્ર ઉસમેં વર્તમાન હૈ, ઔર વહ ઇતના રહસ્યપૂર્ણ હૈ કિ ઉસીકે અંતર્ગત સમસ્ત દેવતાઓંકી ઉપાસનાકી અંતરભાવ હો ગયા હૈ ક્યોંકિ વહ જાનતે થે કિ 'સર્વં ખલ્વિદં બ્રહ્મ નેહ નાનાસ્તિ કિંચન' યહ ભાવ ઉનકે હૃદય મેં ઇતના જાગૃત થા કિ ઉનકી લેખની યહ ઉદાત્ત ભાવ પ્રગટ કરને મેં સમર્થ હુઇ—

" સિયા રામમય સબ જગ જાની, કરહુ પ્રનામ જોરિ જુગપાની."

"વાસ્તવ બાત તો યહ હૈ કિ ઉનકા યહ વ્યાપક વિચાર હી ઉનકી સર્વપ્રિયતાકી કુંચી હૈ. હમારે પ્રિયબંધુ ગોસ્વામીજી કે પ્રસિદ્ધ જીવનીકાર શ્રીયુત બાબૂ શિવનંદન સહાયને ઇસ વિષય મેં જો કુછ લિખા હૈ, ઉસકો ભી મેં યહાં અવિકલ ઉદ્ધૃત કર દેતા હૂં:—

"ગોસ્વામીજી ધન્ય હૈં ઉન્હોંને ઐસે સમય મેં કેવલ અપની બુદ્ધિ ઔર લેખનીકે બલસે અ-ત્યાચારિયોંકા દર્પ ચૂર્ણ ઔર માન મર્દન કર-સ્વદેશિયોંકો સચ્ચે ધર્મ-માર્ગ મેં અટલ રખનેકા દૃઢ તથા પ્રબલ ઉદ્યોગ કિયા, જીસ સમય અત્યાચારિયોંકા ખડ્ગ ચતુર્દિક્ ચમાચમ ચમકતા હુઆ સ-ર્વદા હિંદુઓંકા-વિશેષતઃ તીર્થસ્થ હિંદુઓંકા કલેજા કંપાયા કરતા થા. જબ મત-મતાન્તરકે ઝગડોં-સે લોગોંકી બુદ્ધિ ભ્રમિત હો રહી થી, જબ વૈષ્ણવગણ શૈવોંસે વિરોધ કરને મેં હી ઈશ્વરકી પ્રસન્નતા સમઝતે થે, જબ શૈવ વૈષ્ણવોંસે દ્વેષ રખને મેં હી અપની કૃતજ્ઞતા માનતે થે, જબ રામોપાસક તથા કૃષ્ણોપાસક મેં ભી વૈમનસ્ય આ ઘુસા થા, ઔર લોગ એક દૂસરેકો ઘૃણાકી દૃષ્ટિસે દેખને લગે થે, ઉસ ઉદ્યોગસે લોગ આજતક લાભ ઉઠા રહે હૈં તથા આગે ભી ઉઠાતે હી જાયેંગે. ક્યોંકિ ગોસાંઇજી કે જીવિતકાલકી અપેક્ષા આજ ઉનકા રચનાયેં હિંદૂ ધર્મ એવં જગતપર નિશ્ચય અધિકતર પ્રભાવ દિખા રહી હૈં. વિશેષ પ્રશંસાકી બાત યહ હૈ કિ સબ સંપ્રદાય કે અનુગામી, ક્યા વૈષ્ણવ, ક્યા શૈવ, ક્યા શાક્ત, ક્યા નાનકશાહી, ક્યા વેદાન્તી-સભી લોગ નિર્દ્વેષ ભાવસે ઇસકા આદર કરતે હૈં, ઔર ઇસસે શિક્ષા ગ્રહણ કર આનંદ પાતે હૈં. જો રામોપાસક હૈં ઉનકા તો કહના હી ક્યા ?"

"**શ્રીમાન સત્યદેવજીને** લિખા હૈઃ-'જૈસે અંકલ ટૉમ્સ કેબિન કા ઉપન્યાસ ઉત્તરીય તથા દક્ષિણીય અમેરિકામેં હબસી ગુલામોંકા વાણિજ્ય રોકનેકા કારણ હુઆ, જૈસે હાલ હી મેં અપ્ટન સિંકલેયરને અપને ઉપન્યાસ કે બલસે શિકાગો કે કસાઇ-ઘરકા સુધાર કરાયા, જૈસે રૂસો એમિલીને સ્વ-લિખિત ઉપન્યાસદ્વારા શિક્ષા કે પ્રાચીન ઢંગકા પ્રચાર કિયા, જૈસે ઇટલીકી સ્વતંત્રતા-પ્રાપ્તિકા કારણ ગિબન-કૃત "રોમનરાજ્યકા ઉત્થાન ઔર પતન" નામક ગ્રંથ હુઆ, જૈસે અગણિત ઉ-પન્યાસોંદ્વારા ઇસાઈ ધર્મકી શ્રેષ્ઠતા પ્રતિપાદિત હુઈ, વૈસે હી ગોસાંઇજીકી રચનાઓંને શૈવ તથા વૈષ્ણવોં કે પરસ્પર દ્રોહ એવમ્ રામોપાસક તથા કૃષ્ણોપાસક કે પરસ્પર વૈમનસ્ય ઔર રાગદ્વેષકો દૂરકર હિંદૂધર્મકી શ્રેષ્ઠતા પૂર્ણ રૂપેણ પ્રતિપાદિત કર દેશકો મહાન લાભ પહુંચાયા.'"

"**રામાયણ કે પ્રસિદ્ધ અનુવાદક ગ્રીઉસ સાહબ** અપને ગ્રંથકી ભૂમિકા મેં લિખતે હૈંઃ-"રામાયણ કેવલ હિંદુઓંકા રાષ્ટ્રીય મહાકાવ્ય હી નહીં હૈ, કિંતુ ઉસ મેં યહ વિશેષ ગુણ ભી હૈ કિ વહ અપને દે-શવાસિયોંકે વિશ્વાસ તથા ચરિત્રકા ચિત્ર અત્યંત સત્યતાપૂર્વક ચિત્તાકર્ષક રૂપ મેં ખીંચતી હૈ. ઇ-સકા ફલ યહ હોતા હૈ કિ ઉસકે અનુશીલનસે યોરપવાસિયોંકે બહુતસે મિથ્યા વિશ્વાસ ઔર દુર્ભાવ જો ઇસ સંબંધ મેં હૈં, સો દૂર હો જાતે હૈં ઔર દોનોં જાતિયોં મેં પરસ્પર સહાનુભૂતિકી વૃદ્ધિ હોતી હૈ.""

"**માનનીય વિદ્વાન ડાક્ટર જી૦ એ૦ ગ્રિયર્સન** અપને ભારતવર્ષીય સાહિત્યકે ઇતિહાસ મેં લિખતે હૈંઃ—" ભારતવર્ષ કે ઇતિહાસ મેં તુલસીદાસકી મહત્તાકે વિષય મેં ઇદમિત્થં નહીં કહા જા સકતા. સાહિત્યકી દૃષ્ટિસે રામાયણકે ગુણોંકો એક ઓર રખકર યહ બાત અવશ્ય ઉલ્લેખનીય હૈ કિ યહ ગ્રંથ યહાંકી સર્વ જાતિયોંદ્વારા અંગીકૃત હૈ. પંજાબસે ભાગલપુર તક ઔર હિમાલયસે નર્મદાપર્યંત ઉસકા પ્રભાવ હૈ. વહ રાજમહલસે લેકર ઝોંપડી તક પ્રત્યેક મનુષ્ય કે હાથોં મેં દેખી જાતી હૈ, ઔર હિંદૂ જાતિકે પ્રત્યેક વર્ણદ્વારા, ચાહે વહ ઉચ્ચ હો યા નીચ, ધની હો યા નિર્ધન, યુવા હો અથવા વૃદ્ધ, એક રૂપસે પઢી-સુની જાતી અથ ચ આદૃત હોતી હૈ. વહ હિંદુ જનતાકે જીવન, આચા અથ ચ ચરિત મેં પ્રાયઃ તીનસૌ વર્ષસે ઓતપ્રોત હૈ ઔર કેવલ અપને કવિતાગત સૌંદર્યકે લિયે હી

આદર તથા પ્રેમ નહીં લાભ કરતી હૈ, વરન્ યહ ઉનસે પવિત્ર ધર્મપુસ્તક કી ભાંતિ સંમાનિત હોતી હૈ. જીસ ધર્મકા ઉસને પ્રચાર કિયા હૈ, વહ સાદા ઔર ઉચ્ચ હૈ, એવં ઈશ્વરકે નામપૂર્ણ વિશ્વાસ પર નિર્ભર હૈ."

"મધ્યકા અપને પડોસી કે પ્રતિ કયા કર્તવ્ય હૈ, તુલસીદાસ ઈસિકે બડે પ્રચારક થે. વાલ્મીકજીને ભરતજીકી ધર્મ-પરાયણતા, લક્ષ્મણજી કે ભ્રાતૃ-પ્રેમ ઔર સીતાજી કે સ્ત્રી-ધર્મકી પ્રશંસા કી થી, કિંતુ તુલસીદાસને ઉન્હેં આદર્શ બના કર દિખલા દિયા."

"એક દૂસરે સ્થાનપર વહી મહોદય લિખતે હૈંઃ—

"ભારતવર્ષીય ધર્મોન્નતિ કે ઇતિહાસ મેં જો આસન તુલસીદાસજીકો પ્રદાન કિયા જાતા હૈ, ઉસસે કહીં ઉચ્ચતર આસનકે અધિકારી વે દેખે જાતે હૈં; કયોંકિ હમ લોગ ધર્મ-પ્રચારકકી શ્રેષ્ઠતાકી અટકલ ઉસકે કાર્ય-ફલસે લગાતે હૈ. યહ કહને મેં કિ ઠીક નૌ કરોડ મનુષ્ય ઈનકે લેખોં પર હી અપને ધર્મ તથા સદાચાર કે તત્ત્વોંકો સ્થાપિત કિયે હુએ હૈ, હમ સામાન્ય ગણનાસે બહુત હી કમ અનુમાન કરતે હૈં. વર્તમાનકાલ મેં ઇનકી રચનાએં લોગોં પર જો પ્રભાવ દિખાતી હૈ, યદિ હમ લોગ ઉસીસે જાઁચ કરેં તો એશિયાકે તીન યા ચાર બડે બડે લેખકોં મેં સે એક યહી મહાશય હૈ."

"ઈસ (રામાયણ) કી સુખ્યાતિ પર્યાપ્ત હોને મેં તનિક ભી સંદેહ નહીં હૈ. અપને દેશ મેં ઈસને સબ ગ્રંથોં પર પ્રાધાન્ય લાભ કિયા હૈ ઔર સર્વસાધારણ પર ઇસકા ઐસા પ્રભાવ પડ રહા હૈ કિ ઉસે બઢા ચઢાકર કહના કઠિન કાર્ય હૈ."

"વિલાયત મેં જીતના બાઇબલકા પ્રચાર હૈ, ઉસસે કહીં અધિક પ્રચાર બંગાલ ઔર પંજાબ એવં હિમાલય ઔર વિંધ્યકે મધ્યસ્થ પ્રદેશોં મેં ઇસ મહાન ગ્રંથકા પાયા જાતા હૈ."

"ગોસ્વામીજી કે જીવની-લેખક સહૃદયવર બાબુ શિવનંદન સહાય લિખતે હૈંઃ—

"રામાયણ મેં પ્રદર્શિત ચિત્રોં પર ધ્યાન દેનેસે યહ સ્પષ્ટ જ્ઞાત હોતા હૈ કિ સદ્ધર્મ-નિરૂપણ તથા સત્-શિક્ષા-પ્રદાન કે નિમિત્ત હી ઇસ ગ્રંથકી અવતારણા હુઇ હૈ. ગ્રંથરૂપી નાટયશાલા મેં ખડે હોકર ઇસકે પાત્રગણ આજ ભી અપને ઉદાહરણોંસે આર્યત્વ કે પરમોત્તમ ગુણ સદ્ધર્માનુરાગ, સત્યતા, સરલતા, ધીરતા, વીરતા, ઉદારતા, સહનશીલતા, દયાલુતા આદિકી સુંદર શિક્ષા પ્રદાન કર રહે હૈં."

"લાખોં જન ઇસે અપના જીવન-સર્વસ્વ સમઝતે હૈ, કરોડો ઈસીકા આશ્રય ગ્રહણ કરકે કતિપય કુત્સિત કર્મોંસે બચતે હૈ, કિતને ઇસકે પાઠસે વિરક્ત સાધુ બન જાતે હૈ, એવં કિતને પંડિત ઔર જ્ઞાની કહલાને લગતે હૈ."

"રામાયણ કેવલ કવિતા-રસ કે પ્રેમ હી સે નહીં પઢી જાતી, યહ ધર્મકા એક અંગ ઔર ધર્મશાસ્ત્રકી એક પ્રધાન પુસ્તક બન ગઈ હૈ. ધર્મશાસ્ત્ર હી કયોં? સમાજ-નીતિ, વ્યવહાર-નીતિ, રાજનીતિ ઇત્યાદિ સબ નીતિયોંકા શાસ્ત્ર કહલાનેકા યહ ગ્રંથ અધિકારી હૈ."

"અંગ્રેજી કવિ વર્ડ્ઝવર્થકે સમાન ગોસાંઇજી પ્રાકૃતિક સૌંદર્યોપાસક થે, એવં સ્વચ્છતા તથા સત્યતાકો ઉસકા પ્રધાન અંગ માનતે થે. વે અપને સૌંદર્યદેવકો વિષય કે ગંદલે જલસે સ્નાન નહીં કરાતે થે, વરન પવિત્રતા કે સ્વચ્છ ગંગા-જલસે સ્નાન કરાકર ઉસે રચના-મંદિર મેં સ્થાપિત કરતે થે."

"શ્રીયુત જ્ઞાનમોહન દત્ત ને "પ્રવાસી" ભાગ ૧૧ ખંડ ૧૨ મેં લિખા હૈ કિ ઇસ પુસ્તક મેં ધર્મભાવ જીસ રૂપસે જાગ્રત હૈ, વૈસી ધર્મભાવ-સમન્વિત દૂસરી ઔર કોઇ પુસ્તક નહીં દેખી જાતી. કલકત્તા હાઇકોર્ટ કે ભૂતપૂર્વ જજ શ્રીમાન બાબૂ શારદાચરણ મિત્ર ને એક લેખ મેં રામાયણ કે કુછ પદ ઉદ્ધૃત કરતે હુએ ગોસ્વામીજીકો "ભક્તિભાજન ભાવુક શ્રેષ્ઠ કવીશ્વર" તથા "ભારતવર્ષીય કવિગણ મેં અગ્રણી" લિખા હૈ."

"સમયકા પ્રભાવ બદલ ગયા હૈ. આજ દિન પુનિત ભારતવર્ષમેં યુરોપિયન આદર્શકા બોલબાલા હૈ. 'યથા રાજા તથા પ્રજા' કી ચરિતાર્થતા હો રહી હૈ. આત્મત્યાગકા સ્થાન આત્મગૌરવ, સૌજન્યકા સ્થાન અહંભાવ, કર્તવ્યનિષ્ઠાકા સ્થાન કામુકતા, ધર્મ-પરાયણતાકા સ્થાન અહમહમિકતા, પવિત્ર નીતિકા સ્થાન પૉલિસી, સત્યતાકા સ્થાન પ્રવંચના, લોકહિતકારિતા કા સ્થાન સ્વાર્થલોલુપતા ઔર ઉદારતાકા સ્થાન અનુદારતા ગ્રહણ કર રહી હૈ. આજ ગુરુજન-ગૌરવગરિમાસે મનોવૃત્તિકા સમાદર અધિક હૈ, પાવન પતિ-પ્રેમસે સામ્યવાદકા મહત્ત્વ વિશેષ હૈ ઔર ભ્રાતૃ-પ્રીતિ ઉદર-

ભારિતા કે સામને તિરસ્કૃત હૈ. આજ આલુલાયિત-કુન્તલા અવિકલ-વદના આર્ય સભ્યતા ધ[illegible]
ધારે અપના ચિર અધિકૃત ઉચ્ચ સિંહાસન પરિત્યાગ કર રહી હૈ, ઔર ઉસ પર ધીરે-પાદવિક્ષેપ
પરાયણા ઉલ્લાસમયી સભ્યતા નામ-ધારિણી એક અંધ સભ્યતા ક્રમશઃ આરોહણ કર રહી હૈ. ન[illegible]
કહા જા સકતા કિ, ઉંટ કિસ કરવટ બૈઠેગા, ઔર કવિકુલતિલક મહાત્મા તુલસીદાસ ઔર ઉનકી અ
દ્ભુત રામાયણકા મહત્ત્વ અબ સુરક્ષિત રહેગા યા નહીં; કિંતુ મૈં યહી કહુંગા, "सत्यमेव जयते
नानृतम्" ભગવાન કમલિનીકુલવલ્લભ કબ તક ઘનપટલસે આચ્છન્ન રહેંગે? વે યથા-સમય મુ[illegible]
હોંગે ઔર ઉનકી આભાસે ગગનમંડલ ઝગમગાને લગેગા. જબ તક સંસાર મેં જ્ઞાન-પિપાસા ર[illegible]
હેગી, સદુપદેશકા સમાદર હોગા, આદર્શ ચરિત્ર લોક-હૃદયકો ઉત્ફુલ્લ કરેંગે, મર્યાદા સમાદૃત હોગી
આત્મોત્સર્ગકા મહત્ત્વ સમઝા જાયગા, ઔર પવિત્ર આર્ય સભ્યતા ધરાતલકો પાવન કરતી રહેગી
ઉસ સમય તક ગોસ્વામીજી માનવહૃદય કે ઉચ્ચ આસનપર વિરાજમાન રહેંગે, ઔર ઉનકા લોકો[illegible]
ત્તર રામચરિત માનસ ગૌરવકી દૃષ્ટિસે દેખા જાયગા. સત્કવિ ઔર સત્કવિતા યદિ સંસારમેં અજર અમ[illegible]
નહીં હૈ, તો ફિર નશ્વર જગત મેં અજર અમરકા પ્રશ્ન હી વ્યર્થ હૈ. મૈં નિમ્નલિખિત શ્લોકોં કે સા[illegible]
ઇસ લેખકો સમાપ્ત કરતા હું.

जयंति ते सुकृतिनो रससिद्धाः कवीश्वराः । नास्ति येषां यशःकाये जरामरणजम् भयम् ।
ते धन्यास्ते महात्मानस्तेषां लोके स्थिरं यशः यैर्निबद्धानि काव्यानि ये च काव्येषु कीर्तिता ॥"

(નીચેનું લખાણ સુપ્રસિદ્ધ હિન્દી "મનોરમા"ના ૧૯૮૦ના એક અંકમાંથી લીધું છે.)

"સાહિત્ય-સંસાર કે ભિન્ન ભિન્ન સ્થલોં પર ઘૂમને કે બાદ, મન બાર બાર લૌટ કર તુલસીકૃત રામાયણ હી કી તરફ દૌડતા હૈ. ઇસકા કારણ યહી જાન પડતા હૈ કિ ઇસકે અંદર કા સાહિત્ય એક તો ઉચ્ચ કોટિ કા હૈ, દૂસરે યહ હમારે જીવન મેં ઇતના 'વ્યાપ્ત' હૈ કિ હમ અપને કો ઇસસે ભિન્ન દેખ હી નહીં સકતે. ઈસકી સ્થાયી રોચકતા તથા શુદ્ધ ધાર્મિક શિક્ષા જો હમસે વિશેષ સંબંધ રખતી હૈં, હમારે જીવન કી રોશની (લાઇટ ઑફ લાઈફ) હૈ, જીસકે સહારે હમ અપના સબ કામ કરતે હૈં. ઔર ઔર સાહિત્યોં મેં ભી અચ્છી અચ્છી ખુબિયાં હૈં, જો પ્રથમ શ્રેણી મેં ઉન્હેં સ્થાન દિલા સકતી હૈં, પર ભાષા-રામાયણ કા જાદૂ હી કુછ ઔર હૈ. યહ એક ઐસી સુગઠિત રચના હૈ, જો આદ્યોપાન્ત પરમોત્કર્ષપૂર્ણ હૈ. ઇસ મેં કહીં ભી, એક શબ્દ અધિક યા અનુપયુક્ત પ્રમાણિત કરના, કઠિન હી નહીં, અસંભવ હૈ. ઐસા હોને પર ભી, રામ-કથા કે કોઈ કોઇ પ્રસંગ ઐસે માર્મિક ઢંગ સે લિખે ગયે હૈં, કિ જીનકે પઢને સે, ગોસાંઇજી કી કવિત્વ શક્તિ માનુષિક નહીં, કિન્તુ દૈવિક સી પ્રતીત હોતી હૈ. ઐસે મર્મસ્પર્શી પ્રસંગ રામ-વન-ગમન, ચિત્રકૂટ કા ભરતમિલાપ, નંદિ-ગ્રામ મેં ભરત-તપસ્યા, લક્ષ્મણ કો શક્તિ-બાણ લગના તથા રામ કા ઉસ પર વિલાપ કરના, ઇત્યાદિ હૈ. યે સબ પ્રાયઃ એક હી રસ કે હૈ. ગોસાંઇજી ને, ઇનસે ભિન્ન શૃંગાર રસ પર ભી જો લિખા હૈ, વહ માર્મિકતા મેં અપની તુલના નહીં રખતા. હમારા સંકેત ('સુમન-સંચય') તથા 'ગૌરી પૂજન' વાલે, ફુલવારી કે દૃશ્ય કી ઓર હૈ. શૃંગાર-રસ કા ઐસા અનૂઠા, સ્વચ્છ તથા મર્યાદા-પૂર્ણ વર્ણન કદાચિત્ હી સંસાર કે કિસી ઔર સા-હિત્ય મેં હો! ઉઠાકર ધ્યાનપૂર્વક માર્મિક દૃષ્ટિ સે ઉન સબ બાતોં કો ધ્યાન મેં રખતે હુએ, જીનકા ઉલ્લેખ ઉપર કિયા ગયા હૈ, ઇસે પઢિયે. દોહે ચૌપાઇયાઁ ક્યા હૈ, માનો રામકથા-રૂપી અંગૂઠી કે અદ્ભુત નગીને હૈં! ઐસે નાજુક વિષય કો, ઈસ ખુબી કે સાથ નિબાહના તુલસીદાસ હી જૈસે કવિ કા કામ થા. અંગ્રેજી, ફારસી, ઉર્દૂ ઈત્યાદિ સાહિત્યોં કી તો ચર્ચા હી ક્યા, સં-સ્કૃતવાલે કાલિદાસ ભી ઐસા કરને મેં, સહજ હી અશ્લીલતા (ઑબ્સેનિટિ) કે ગઢ્ઢે મેં જા ગિરે હૈ. ગોસ્વામીજી પ્રત્યેક અવસ્થા મેં, મનુષ્ય-હૃદય કી ગૂઢતા (ડેપ્થ ઑફ હ્યુમન હાર્ટ) તથા ઉસકે ભાવોંકી વિષમતા ઔર ઉતાર ચઢાવ (કૉમ્પ્લેક્સિટી ઍન્ડ ઇન્ટેન્સીટી ઑફ હાર્ટ) કો, કિસ ગહરાઈ તક જાનતે થે. ઉનકી સૌંદર્યાનુભવ શક્તિ (ઍસ્થેટિક ફૅકલ્ટી) કૈસી બઢી ચઢી થી, ઔર પાત્રોં કી સ્થિતિ કે અનુસાર, અવસ્થા-વિશેષ મેં,' વહ ઉનકા ચરિત્ર-ચિત્રણ કિસ બારીકી તથા જાનકારી કે સાથ કર સકતે થે-ઇન સબ ગુણોં કા પરિચય, ઉનકી-ઇસ 'ફુલવારી-લીલા' કે સુચારુ તથા માર્મિક વર્ણન સે ભલીભાઁતિ મિલતા હૈ. હમેં ખેદ હૈ,

કે સ્થાનાભાવ તથા લેખ કે બહુત બઢ જાને કે ભય સે, હમ ઇસ સુંદર સંબાદ મેં સે લેકર કુછ નહીં લિખ સકતે; પર વિષય તથા ઉસકે વર્ણન કા ઢંગ, ઐસા મનોમુગ્ધકારી હૈ, કિ હમ અપને સહૃદય પાઠકોં સે, ઇસે કુછ ઐસે હી ઢંગ સે, પઢને કા વિશેષ અનુરોધ કરેંગે. ઇસમેં સંદેહ નહીં, કિ ઉનકા શ્રમ બદલે મેં મિલનેવાલે અપૂર્વ આનંદ સે અચ્છી તરહ અદા હો જાયગા."

મનોરમા-૧૯૮૦ ના બીજા એક અંકમાં લખે છે કે:–"યહી નહીં કિ હિન્દીકે પ્રચારકોં મેં કવિવર તુલસીદાસકા સ્થાન સર્વશ્રેષ્ઠ હૈ, બલ્કિ હમેં તો ઇસમેં ભી સંદેહ નહીં કિ યદિ ઇસ મહાત્માકા જન્મ ન હુઆ હોતા તો આજ ભારતવર્ષભરમેં હિન્દીકે રાષ્ટ્રભાષા હોને ઔર ઉસકે ઇતના પ્રચાર પાનેમેં ભી સન્દેહ હી રહ જાતા. ઐસે મહાપુરુષ કે દર્શન ઔર સ્મરણસે હમમેં શક્તિકા સંચાર હો જાતા હૈ ઔર હમારી નિર્બલતા હમેં ભયભીત નહીં હોને દેતી."

શ્રીયુત શોભારામ ધેનુસેવક—તુલસીગ્રંથમાળાના પ્રકાશક લખે છે કે:—"યહ ધુરંધર પંડિતોંકા ભી છક્કા છુડાનેવાલા પ્રસિદ્ધ "રામચરિત-માનસ" (તુલસીકૃત રામાયણ) હૈ. જીસકી એક એક ચોપાઈકા મતલબ હલ કરને મેં કઈ દિવસ વ્યતીત હો જાતે હૈં. ફિર ભી ઉસકી ગહરાઈકી થાહ નહીં મિલતી હૈ. × × × × ×

"રામચરિત માનસ" કો કયા કહેં ? મહાકાવ્ય યા આદર્શકાવ્ય, નીતિશાસ્ત્ર યા પ્રીતિશાસ્ત્ર, મંત્રમય યા તંત્રમય, સાહિત્યપ્રાણ યા ધર્મપરિત્રાણ, ભાવભંડાર યા કવિતાકામિનીકા શૃંગાર, ઉપદેશદિવાકર યા શાંતિસુધાકર, ત્રિવિધતાપહર યા કામનાકલ્પતરુ, રમ્ય રહસ્યોંકા અવતાર યા નવરસોંકા આગાર, જ્ઞાનનિધિ યા ભક્તિવારિધિ. જગદીશ હી જાને ઇસ ચમત્કારી અમર-કાવ્ય ગ્રંથકો કયા કહા જાવે. જીસ પ્રકાર જનકપુરીકી રંગભૂમિમેં ભગવાનકો સબને અપની અપની ભાવનાઓંકે અનુસાર એકરૂપકો નાના રૂપોં મેં દેખા; ઉસી પ્રકાર "રામચરિત માનસ" કો ભી ભક્તજન "જાકી રહી ભાવના જૈસી, પ્રભુ મૂરત દેખી તિન તૈસી" કે અનુસાર નાના ભાવોં મેં દેખેં તો કયા આશ્ચર્ય હૈ! ક્યોં કિ યહ ભી તો ઉસી લીલામયકી અલૌકિક લીલાકા લલિત નિકેતન હૈ."

સુપ્રસિદ્ધ સાહિત્યસેવક શ્રીમાન રામનરેશ ત્રિપાઠીજી લખે છે કે:—"ઇસ ગ્રંથરત્નકા પ્રચાર ગરીબકી ઝોંપડી સે લેકર રાજમહેલ તક હૈ. અચ્છે અચ્છે વિદ્વાન ભી ઇસકા આદર કરતે હૈ ઔર શિક્ષિત તથા અ શિક્ષિત ભી ઇસે ગાતે ઔર સુનતે હૈ. હિંદુઓંમેં નિમ્ન શ્રેણી કે ચમાર, ધોબી, નાઈ, કહાર આદિ જાતિયોંકે લોક ભી ઇસકી ચોપાઇયાઁ અપને જાતીય ગીતોં મેં મિલાકર ગાતે હૈ. અહિર લોક ઇસકી ચૌપાઇયોં કો વિરહા કી તરહ ગાતે હૈ. × × × ખોજ કરનેસે પતા લગતા હૈ કિ અબતક ઇસ ગ્રંથ કે લગભગ ૩૭૦ સંસ્કરણ નિકલ ચુકે હૈ."

૪–हिंदुजाति उपर रामायणनो प्रभाव

(જુલાઇ ૧૯૧૨ ના "સરસ્વતી" માંથી સાભાર ઉદ્ધૃત)

"रघुकुल रीति सदा चालि आई, माण जाहिं परु वचन न जाई"

× × × × × ×

"હજારોં વર્ષ પહેલે કવિ (વાલ્મીકિ) ને તમસા નદીકે પવિત્ર તટપર જો (રામાયણરૂપી) વાણી બજાઇ થી, ઉસકા મધુર ગાન ભારતીય નરનારિયોંકે કાનમેં આજ ભી ધ્વનિત હો રહી હૈ. પ્રાચીન અયોધ્યા ધ્વંસ હો ગઇ હૈ, કિન્તુ હિંદુસમાજકે હૃદયમેં રામાયણકી અયોધ્યા નિત્ય નઈ કે સમાન ચિરકાલસે પ્રતિષ્ઠિત હૈ. સંસારમેં હિંદુજાતિકા જબતક અસ્તિત્વ રહેગા, તબતક ઉસકે હૃદયમે રામાયણકા પ્રભાવ દૂર ન હો સકેગા. ઇસ છોટેસે લેખમેં હમ ઇસ પ્રભાવકે દોએક દૃષ્ટાન્ત દેના ચાહતે હૈં."

"છોટાનાગપુર ઔર બિહારમેં "ઘટવાર" કહલાને વાલે કિતને હી જમીંદાર હૈ. બહુધા લોગ ઉન્હેં ટિકૈત યા ઠાકુર કહતે હૈં. વે અપનેકો સૂર્યવંશી બતલાતે હૈં. અપને સ્વાર્થકી કુછ ભી પરવા ન કરકે વે સત્યકી રક્ષા કરનેમેં તત્પર રહતે હૈં. રાજા દશરથકો વે ઇસ વિષયમેં અપના આદર્શ માનતે હૈં. ઉનકા યહ કામ વર્તમાન સમયમેં બહુત હી પ્રશંસનીય કહા જા સકતા હૈ. એક નહીં, દો ભી નહીં, કિન્તુ જિતને ઘટવાર જમીંદાર હૈં, સભી અપની બાત કે ઐસે

ધની હૈં કિ યદિ વે કિસી વિષયમેં કોઇ બચન દે દેં, તો આપ નિશ્ચિંત રહેં, ઉન્હેં ફિર ચાહે હાનિ હો યા લાભ–દુઃખ હો યા સુખ; પરંતુ અપને બચનકો વે કભી ન ટાલેંગે. ઘટવારકે સાધારણ બચનકો રજિસ્ટરી દસ્તાવેજ માન લેનેમેં કોઇ હાનિ નહીં. યદિ અપને બચન કો નિબાહને મેં સર્વસ્વ ભી નષ્ટ હોતા હો, યા ન નિબાહને સે એક રૂપયે કે બદલે સૌ રૂપયે કા લાભ હોતા હો, તો ભી ઘટવાર અપને બચનસેં કભી પીછે નહીં હટતે. વે સૂર્યવંશી હૈં. ફિર વે કિસ તરહ સત્ય–ભ્રષ્ટ હો સકતે હૈં ? જિસ વંશકે રાજા દશરથ ને સત્ય કી રક્ષા કરને કે લિયે અપને પ્રિયતમ પુત્ર–નહીં નહીં પ્રાણોંતક કા વિસર્જન કર દિયા, ઉસી વંશમેં ઉત્પન્ન હો કર કિસ પ્રકાર વે દિયે હુએ વચન કો મેટ સકતે હૈં ? ઘટવાર જમીંદાર પ્રાયઃ અપને કર્મચારી (કારભારી) કે હાથ કે ખિલૌને (રમકડાં) હોતે હૈં, પરન્તુ વચન–રક્ષા કરતે સમય ઉનકે સામને કર્મચારીઓંકી કુછ ભી નહીં ચલતી. જબ કર્મચારી લોગ પ્રકટ રૂપ સે ઉન કે બચન કી પૂર્તિ હોને મેં બાધા ડાલને લગતે હૈં, તબ વે અપની વાક્ય–રક્ષા કે લિયે શુભ રીતિ તક સે પ્રયત્ન કરતે હૈં. જબ કર્મચારી ઉન્હેં સ્વાર્થ–નાશ કા ભય દિખલાતે હૈં, તબ વે તુલસીદાસકી રામાયણ કી ઇસ ચૌપાઇ કો સુના કર ઉન્હેં નિરુત્તર કર દેતે હૈં:—

रघुकुल रीति सदा चलि आई, प्राण जाहिं वरु वचन न जाई

"હજારીબાગ જિલે મે ડોરંડા નામ કી એક જમીંદારી હૈ. ઉસકે સોલહ હોં આને કે માલિક ટિકૈત દિલીપનારાયણ સિંહ હૈ જબ યહ જમીંદારી કૉર્ટ આવ્ વાર્ડસ કે અધીન થી, તબ મૈંને ઉસકે અન્તર્ગત એક સ્થાન મેં અભ્રક કી ખાન ઢુંઢ નિકાલી. થોડે હી દિનોં મેં વહ સ્થાન અભ્રક કે લિયે પ્રસિદ્ધ હો ગયા. જબ કૉર્ટ આવ્ વાર્ડસ સે નિકલ કર ઉક્ત જમીંદારી ટિકૈત મહાશય કે હાથ મેં આઇ તબ મેરે પટ્ટેકે નિર્દિષ્ટ કાલમેં કેવલ દો વર્ષ બાકી રહ ગયે થે. યહ દેખકર કિતને હી અમીર આદમિયોં કે મુંહસે લોભ કી લાર ટપકને લગી. ઉન્હોંને ચાહા કિ દો વર્ષ બાદ વહ ખાન ઉન્હીં કો મિલે; કિન્તુ ટિકૈત ને મેરે જ્યેષ્ઠ બેટે કો યહ વચન દે દિયા થા કિ યદિ નયે બન્દોબસ્ત કે સમય તુમ ઢાઇ સૌ રૂપયે કી સાલાના માલગુજારી ખજાનેમેં જમા કર દોગે, તો ફિર તુમ્હીં કો સાત વર્ષ કે લિયે પટ્ટા દે દિયા, જાયગા. મેરે પ્રતિપક્ષિયોં મેં સે કિતને હીં લોગ ડેઢ ડેઢ હજાર રૂપયા તક દેને કે લિયે તૈયાર હો ગયે ઔર બંગાલી મૈનેજર મહાશય ભી, જો પહલે મેરે પક્ષ મેં થે, કુછ કારણોં સે મેરે વિપક્ષ મેં ખૂબ જોર લગાને લગે. ફિર લોભ ભી થોડા નહીં. જિસ (જમીંદાર) કી કુલ સાલાના આમદની બીસ હજાર રૂપયે સે અધિક ન હો, ઉસકી આમદની મેં રૂા. ૧૨૫૦) કી વૃદ્ધિ થોડી વૃદ્ધિ નહીં. ઉધર કર્મચારી ભી અધિક આમદની કે હી પક્ષ મેં થે. ઐસી અવસ્થા મેં વચનરક્ષા કરના સહજ કામ નહીં; કિન્તુ ઉસ ઉભય સંકટ મેં પડ કર ભી આપ જાનતે હે ઘટવાર ટિકૈતને ક્યા કિયા ? એક દિન અપને કર્મચારીઓં સે છિપ કર, ઔર કેવલ એક વિશ્વાસપાત્ર આદમી કો સાથ લેકર ચાલીસ મીલ દૂર ગાંવ મેં વે આયે, ઔર સાત વર્ષ કે લિયે, ઢાઇ સૌ રૂપયે સાલાના લગાન પર ઉન્હોંને પટ્ટા લિખા, ઔર રજિસ્ટરી કરા કર ઉસે મુઝે દે દિયા. કુછ દિન બાદ જબ મેરે વિપક્ષિયોં કો યહ બાત માલૂમ હુઇ, તબ ઉન્હેં બહુત રંજ હુઆ. મૈંને ટિકૈત મહાશય કો બહુત ધન્યવાદ દિયા; પરંતુ જબ કભી ઉનસે મેરી મુલાકાત હોતી ઔર ઇસ વિષયપર બાતચીત ચલતી, તબ વે યહી ઉત્તર દેતે કે જિસકો જો બચન એક બાર દે ચુકે, ક્યા ફિર ઉસે કભી ઇનકાર કર સકતે હૈં ? ક્યોંકિ:–"

रघुकुल रीति सदा चलि आई, प्राण जाहिं वरु वचन न जाई

"ગોવિંદપુર કે સુપ્રસિદ્ધ વકીલ બાબુ ક્ષિતિભૂષણ મુખોપાધ્યાય ઝરિયા કે ઘટવાર રાજા કે મૈનેજર થે. ઉનકે સમય મેં એક બંગાલી વકીલ રાજા કે પાસ, કંઇ સૌ બીઘે કોયલેવાલી જમીન લેને કે લિયે આયે. રાજાનેં ઉન્હેં દેને કા વચન દે દિયા. કિન્તુ ઇસ કે કુછ હી દિન બાદ કલકત્તે કી એક પ્રસિદ્ધ કમ્પની ઉસી જમીન કે લિયે ઉન બંગાલી વકીલ સે દો લાખ રૂપયા અધિક દેને કો તૈયાર હો ગઇ. ક્ષિતિભૂષણ બાબુ ને જબ રાજા કો ઇસ બાતકી સૂચના દી, તબ રાજાને બિના જરા ભી દુઃખ પ્રદર્શિત કિયે હી કહ દિયા:–" વહ ભૂમિ તો અમુક બાબુ કી હો ગઇ." યદ્યપિ ઇસ વિષયકી કોઇ લિખા પઢી ન હુઈ થી, તથાપિ કેવલ ઇચ્છા પ્રકટ કર દેને સે હી રાજાસાહબને

અપની બાત કો ઇકરારનામે સેં ભી બઢ કર સમઝા." ક્યોંકિ:—

रघुकुल रीति सदा चलि आई, प्राण जाहिं बरु बचन न जाई

"એક ટિકૈત ને કિસી મહાજન સે બહુત સા રૂપયા ઉધાર લિયા. જબ ઉનકી જમીંદારી કોર્ટ આવ્ વાર્ડ્સ કે અધીન હો ગઇ તબ ઉનકે કર્જ કી જાંચ પડતાલ કી ગઈ. માલૂમ હુઆ કિ મહાજનને કર્જ કી રકમ બહુત કુછ બઢાકર લિખ દી થી, ઔર સૂદ (વ્યાજ) ભી બહુત અધિક જોડા થા. ઇસ કારણ ઉસે બહુત સે રૂપયે સે હાથ ધોના પડા. જિતની રકમ વાજિબ થી ઉતની હી ઉસે દી ગઇ; પરન્તુ જબ પન્દ્રહ વર્ષ બાદ ટિકૈત મહાશય કે હાથ મેં ફિર જમીંદારી આઇ તબ ઉન્હોંને ઉક્ત મહાજન કો બુલાકર ઉસકા બાકી રૂપયા ભી કૌડી કૌડી ચુકા દિયા. જિસ ઋણ કો ઉન્હોંને સ્વીકાર કર લિયા થા, ઔર જિસકે અદા કરનેકા ઉન્હોંને વચન દે દિયા થા, ઉસસે ઉન્હેં છુડાનેવાલા કાનુન કૌન હોતા થા ? વે સત્ય ભ્રષ્ટ નહીં હો સકતે." ક્યોંકિ:—

रघुकुल रीति सदा चलि आई, प्राण जाहिं बरु बचन न जाई

"ગિરીડી કે શ્રદ્ધાસ્પદ શ્રીયુક્ત તીન કૌડી બસુ મહાશય છોટા નાગપુર કી ભિન્ન ભિન્ન જમીંદારિયોં મેં કોઇ બીસ વર્ષ તક પ્રધાન પદોંપર અધિષ્ઠિત રહ ચુકે હૈં. ઇસ લેખ કે વિષયસમ્બન્ધ મેં ઉન સે મેરી બાતચીત હુઈ તો ઉન્હોંને કહા કિ ઘટવાર લોગ સચમુચ હી બડે સત્યપ્રતિજ્ઞ હૈં. ઉન્હોંને એક ઉદાહરણ ભી દિયા. વે બોલે કિ જબ મૈં શ્રીરામપુર કે ઘટવાર રાજા કા મૈનેજર થા તબ રાજાને એક આદમીકી ભૂમિ રેહમ રખ કર ઉસકે બદલે મેં કુછ અધિક રૂપયા દેનેકા વચન ઉસે દે દિયા. દરિયાફ્ત કરને પર માલૂમ હુઆ કિ ઉસ ભૂમિ કે દામ બહુત હી થોડે હૈં ઔર ઉસકે બદલે મેં જિતના રૂપયા રાજા ને દેના કહા થા ઉસકા અલ્પાંશ ભી ઉસસે વસૂલ ન હોગા. રાજા સે યથાર્થ બાત બતલાઇ ગઇ. હા, ઉન્હોંને સાફ કહ દિયા:–'અબ તો ઉતના રૂપયા દેના હી હોગા; ક્યોંકિ હમને વચન દે દિયા હૈ'" ક્યોં કિ:–

रघुकुल रीति सदा चलि आई, प्राण जाहिं बरु बचन न जाई

"ઇસ પ્રકાર કે ઔર ભી અનેક દૃષ્ટાન્ત દિયે જા સકતે હૈં. બારહ વર્ષ તક ઘટવાર જમીંદારોં કી બાતોં પર વિશ્વાસ કરકે મૈંને જિતને કામ કિયે હૈં ઉનમેં કભી મૈંને ધોખા નહીં ખાયા. જિન લોગોં કો ઘટવાર જમીંદારોં સેં કામ પડા હૈ, વે બિના કિસી સંકોચ કે યહી કહતે હૈં કિ ઘટવારોં કે મુખ સેં નિકલી હુઇ બાત રજિસ્ટરી શુદા દસ્તાવેજ સેં કમ નહીં."

"ઇસ દુર્નીતિદલિત સમય મેં ઇસ પ્રકાર વાક્યરક્ષા કરના બડે હી ગૌરવ ઔર સૌભાગ્ય કી બાત હૈ."

"ધન્ય કવિગુરુ વાલ્મીકિ, ધન્ય ગોસ્વામી તુલસીદાસ ઔર ધન્ય તુમ્હારી વીણા કી અક્ષય ધ્વનિ! ધન્ય રાજા દશરથ ઔર ધન્ય તુમ્હારા સર્વસ્વત્યાગપૂર્વક સત્યકા પાલન! ઇતના સમય બીત જાને પર ભી જંગલી ઔર પહાડી ગ્રામવાસી તક તુલસીદાસ કે કણ્ઠ મિલાકર ઉચ્ચ સ્વર સે સુના રહે હૈં:—

"रघुकुल रीति सदा चलि आई, प्राण जाहिं बरु बचन न जाई"

૫–रामायणनी रहस्यकथा

(મહર્ષિ દયાનંદ સરસ્વતીની શતવર્ષી પ્રસંગે 'ટંકારા' માં સંન્યાસી શ્રી શ્રદ્ધાનંદજીને શ્રીમુખેથી)

પુરુષવરો (સુપરમેન)ના પૂજક સાધુ વસવાણી તેમના એક વ્યાખ્યાનમાં જગતના પુરુષવરોની નામાવલિ ગણાવતા હતા. તેમણે બુદ્ધ, મહાવીર, કૃષ્ણ, ક્રાઇસ્ટ, કોન્ફ્યુશિયસ, મહંમદ, નાનક, કેશવચંદ્ર સેન અને રાજા રામમોહન રાય વગેરે કેટલાંએ નામો ઉચ્ચાર્યાં; પણ તે એક નામ ચૂકી ગયા. વસવાણીજીના શ્રોતૃવર્ગમાંથી એક મુસલમાન બિરાદરે ખડા થઇ તે નામ સૂચવ્યું:–'સાધુજી! આપે બધાં નામો ગણાવી દીધાં; પણ સૌથી વિશેષ જ્યોતિર્મય રામચંદ્રજીનું નામ આપ ચૂકી ગયા. રામચંદ્ર જેવા આદર્શ પુરુષ (આઇડીઅલ મેન)નાં દર્શન મેં જગતના સાહિત્યમાં ક્યાંય નથી કર્યાં.' વસવાણીજીએ પોતાની શરતચૂક સુધારી; અને રામચંદ્રનું નામ જગતના એક આદર્શ પુરુષતરીકે જનતાને સંભળાવ્યું.

હું પોતે તો રામાયણનો ભક્ત છું. મારા જેવા ભક્તને એક વખત રામાયણ ઉપર મુગ્ધ એવા

એક અંગ્રેજ આફસર મળી ગયા. તેમણે રામાયણનું અંગ્રેજીમાં ભાષાન્તર કરેલું છે. એ સજ્જને મને કહ્યું કે:-'જગતના વાઙ્મયમાં રામ જેવું પાત્ર મને ક્યાંય નથી લાગ્યું. હું ધર્મે ખ્રિસ્તી છું, ક્રાઇસ્ટનો અનુયાયી છું; પણ એ છતાંયે, રામચંદ્રને એક ભક્ત હિંદુ જેટલા ભાવથી પૂજે છે તેટલાજ ભાવથી હું પૂજું છું. તમે રામચંદ્રને મર્યાદા પુરુષોત્તમ કહો છો, તેવાજ પુરુષોત્તમ એ રામચંદ્ર મને દેખાય છે અને રામચંદ્રજીનું જેમાં બયાન ગવાયું છે, તે રામાયણ પણ મને જગતનું અદ્વિતીય મહાકાવ્ય દેખાયું છે. રામ અને રામાયણના પરિચયે મારી જીંદગી સાર્થક થઇ છે.'

એવા અદ્ભુત રામાયણની અપૂર્વતાઓ અને ભવ્યતાઓ હું આપને પૂરેપૂરી કયી રીતે જણાવી શકું! એ આદર્શ પુરુષ, એ મર્યાદા પુરુષોત્તમ, એ રામચંદ્રના જીવનની મનોહરતા હું આપને કયી રીતે પૂરે-પૂરી બતાવી શકું ! રામાયણના મહાસાગરમાં સંઘરાયેલાં ઝવેરાત આપની સમક્ષ પૂરેપૂરી ખુલ્લી મૂકી શકું એવો મને વિશ્વાસ નથી; એ છતાંયે હું કથા વાંચવાનો બીન-અનુભવી આપની પાસે રામાયણ-કથા વાંચવાનો પ્રયત્ન કરીશ.

હિંદુસમાજની રચના ઉપર સૌથી વિશેષ પ્રકાશ તો રામાયણના કર્તાના નામમાંથી નીતરે છે. રામાયણના કર્તા ઋષિ વાલ્મીકિ કોણ હતા ? વાલ્મીકિ તેમના પૂર્વાશ્રમના ભીલ હતા અને તેઓ ગુણ અને કર્મથી ઋષિ બન્યા હતા, એ રામાયણનો પ્રથમ બોધ છે. આજે હિંદુસમાજમાં મનુષ્ય-નો વર્ણાશ્રમ તેના જન્મ ઉપર આધાર રાખે છે; આજે અંત્યજને ઘેર અવતરેલા બાળકને હિંદુના મંદિરમાં પગ મૂકવાનો અધિકાર નથી; પણ રામાયણ તો પુકારી પુકારીને કહે છે કે, ભીલ પણ બ્રાહ્મણ બની શકે છે; રામાયણ આજના પતિત હિંદુસમાજને સદ્બોધ પાઠવે છે કે, વર્ણ જન્મ ઉપર નહિ પણ ગુણકર્મ ઉપર અવલંબે છે.

રામચંદ્રના પિતા દશરથરાય પણ ત્રણ પત્નીઓ કરે છે. હિંદુધર્મનો એકપત્નીવ્રતનો આદર્શ ચૂકે છે અને તેનું પરિણામ શું છે ? રામચંદ્રજીનો વનવાસ. પછી રામાયણના નાયક રામચંદ્ર જીવનભર એકપત્નીવ્રત આચરે છે, એમ રામાયણમાંથી તમામ હિંદુઓને માટે એકપત્નીવ્રતનો અચળ સિદ્ધાંત પ્રતિપાદિત થયો છે. આજે કેટલાય હિંદુ રાજવીઓ, એ સિદ્ધાંતનો ભંગ કરી અનેક પત્નીઓ કરે છે અને તેનાં પરિણામ વિનાઅપવાદે કડવાંજ આવે છે.

દશરથના દરબારમાં વિશ્વામિત્ર ઋષિ આવે છે. રાજા રાજસિંહાસનેથી ઉઠી, ઋષિના પાદનું પ્રક્ષાલન કરી, વિશ્વામિત્રને આવકાર આપે છે. વિશ્વામિત્રને રાજસિંહાસને પધરાવી, પોતે બે હાથ જોડી તેમની સામે બેસે છે અને ઋષિજીની આજ્ઞા માગે છે. વિશ્વામિત્ર વેણ ઉચ્ચારતાં પહેલાં રાજાને વચનથી બાંધી લે છે; અને પછી પોતાના યજ્ઞની રક્ષા કરવા રામલક્ષ્મણની જોડી સાથે લઇ જવાની માગણી કરે છે. દશરથ મુંઝાય છે. બન્ને બાળક રાજકુમારોને રાક્ષસોની સામે લડવા મોકલતાં દશરથનો જીવ નથી ચાલતો. તેણે મહર્ષિને વિનવ્યા કે:-' આપ ફરમાવો તો હું મારૂં આખું સૈન્ય લઇને આવું.' વિશ્વામિત્રને રામ અને લક્ષ્મણનું જ યુગલ જોઇતું હતું. દશરથ રાજા વચનથી બંધાયા હતા; એટલે મન ન માનતાં છતાં, તેમણે રામ-લક્ષ્મણને મહર્ષિની સાથે મોકલ્યા. આ પ્રસંગમાં એકવચનનો આદર્શ મળ્યો છે. સાચો ક્ષત્રિય વચનને કાજ તેનું માથું ઉતારી આપે. આજે એવા વચન પાળનારા ક્ષત્રિયો ક્યાં છે ! આજે તો ક્ષત્રિય રાજાને તેના વચનની કશીજ કિંમત નથી રહી, સાચું ક્ષાત્રતેજ ક્યાંય નથી દેખાતું! એજ હિંદુજાતિના અધઃપાતનું મુખ્ય કારણ છે.

બ્રહ્મચારી રામ અને લક્ષ્મણ તેમના બ્રહ્મચર્યના બળે હજારો રાક્ષસોને હણી, વિશ્વામિત્રના યજ્ઞની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ કરાવી, ઋષિજીની સાથે સીતાના સ્વયંવરદરબારમાં જાય છે. સ્વયંવર-માં શિવધનુષ્ય તોડવાનું હતું. એ શિવધનુષ્યને બ્રહ્મચારિણી સીતાએ એક વખત રમતમાં સરળ-તાપૂર્વક ઉંચકેલું, એમ રામાયણમાં વર્ણન છે. જે ધનુષ્ય સીતા જેવી બાળકીથી ઉંચકી શકાયું તેને આર્યાવર્તના સહસ્રો રાજવીઓમાંથી કોઇ ન ઉંચકી શક્યું. લંકાપતિ રાવણ પણ ન ઉંચકી શક્યો! આખરે વિશ્વામિત્રની આજ્ઞાથી રઘુકુળપતિ રામચંદ્રે તેને ઉંચકી તેના ટુકડા કરી નાખ્યા. એ પ્રસંગમાં બ્રહ્મચર્યનો પ્રતાપ ગવાયો છે. આજે આપણા જીવનમાં એ બ્રહ્મચર્યનું સ્થાન ક્યાં છે!

સીતાએ શિવધનુષ્ય ફેરવી, બ્રહ્મચારિણીની શક્તિનો પરિચય દીધો, તેમ એ વખતની આર્ય-નારીના ઓજસનું એક બીજું જવલન્ત દૃષ્ટાન્ત રામાયણમાંથી મળે છે.

દશરથ એક વખત યુદ્ધ ગયેલા, ત્યારે કૈકેયી તેમની સંગે સીધાવેલી. યુદ્ધદરમિયાન દશરથના રથની ધરી નીકળી ગઇ. કૈકેયીએ પોતાનો હાથ ધરીને સ્થાને રાખી અને છાતીથી રથને ટેકાવી, દશરથને વિજય અપાવ્યો. ભારતની દેવીઓ રણે ચઢતી અને વિજયને વરતી, ત્યાંસુધી ભારતવર્ષ સ્વતંત્ર હતો. એવી છેલ્લી રણચંડી ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ પાકી. એક અંગ્રેજ ઇતિહાસકાર લખે છે કે, જ્યાંસુધી ૧૮૫૮ ના બળવાનો ઝંડો લક્ષ્મીબાઇના હાથમાં હતો અને એ વીરાંગના યુદ્ધના વ્યૂહો ગોઠવતી, ત્યાંસુધી અંગ્રેજોની તાકાત નહોતી કે બળવાખોરોને પાછા હઠાવી શકે. ત્યારે હિંદી બળવાખોરોની તલવારથી અંગ્રેજોનાં ધડ ધડાધડ નીચે પડતાં અને એ શબોને પગ નીચે કચરી, વિજયવંત બળવાખોરો આગળ વધતા; પણ નાનાસાહેબે લક્ષ્મીબાઇના હાથમાંથી ઝંડો બીજાના હાથમાં સોંપ્યો. બળવાખોરોનો પરાજય થયો.

આજે ભારતવર્ષમાં કૈકેયી કે લક્ષ્મીબાઇઓ છે ? આજે ભારતમાં રણચંડીઓ નીપજે છે ? આજે સ્ત્રીઓની શી દશા છે ? ગુજરાતમાં પડદો છે એ હું જાણતો હતો, પણ કાઠિયાવાડમાં એ પડદો છે એ હું નહોતો જાણતો. પડદો હિંદુસ્થાનમાં મુસલમાનોની સાથે આવ્યો છે. બારમા સૈકા સુધી ભારતવર્ષમાં પડદો નહોતો. તેરમા સૈકામાં પણ ભારતમાં પડદો નહોતો. ચૌદમા સૈકામાં એ હિંદુસ્થાનમાં આવ્યો અને પછી તો તમારા કાઠિયાવાડમાં પણ પેઠો. મુસલમાનો હિંદુ સ્ત્રીઓને ઉઠાવી જતા. તેમની સામે લડવાની આપણી તાકાત નહોતી એટલે સ્ત્રીની આબરૂનું રક્ષણ કરવા સ્ત્રી ઉપર પડદો પડયો અને એની સાથેજ સંરક્ષણવૃત્તિમાંથીજ બાળલગ્નનો અનાચાર અવતર્યો. પુત્રીનું રક્ષણ કરવાને અશક્ત પિતાઓ તેમની કન્યાઓને કાચી વયે પરણાવવા માંડયા. એમાંથી આજની નિર્બળ, કમતાકાત હિંદુ પ્રજા જન્મી છે.

દશરથ રાજાને વાનપ્રસ્થ લેવું હતું. તેમને રામચંદ્રનો રાજ્યાભિષેક કરી, તેમના શિરપર રાજ્યધુરા નાખવી હતી; પણ તે વખતે આજની જેમ ડેસ્પૉટીક મૉનાર્કી–આપખુદ એકહથ્થુ સત્તાનો જમાનો નહોતો. ત્યારે આઇડીઅલ ડેમોક્રેટીક મૉનાર્કી–આદર્શ પ્રજાનિયંત્રિત રાજ્યતંત્રનો યુગ હતો. દશરથ રાજાએ રાજ્યના પ્રજાજનોને બોલાવ્યા, ઋષિજનોને અને બ્રહ્મદેવોને તેડાવ્યા; અને તેમની સમક્ષ પોતાની ઇચ્છા રજુ કરી, પ્રજાની અનુજ્ઞા મેળવી. રામચંદ્રજીનો રાજ્યાભિષેક ઠેરવાયો.

આજે રાજાઓની રાણીઓને ઝનાનો છે. આજે રાજ્યાભિષેક થાય છે તે એક પુરુષનોજ. સ્ત્રીનો–જીવનભર સાથે રહેનારી અર્ધાંગનાનો–રાજરાણીનો–નહિ. હા, વિલાયતમાં રાજા જ્યૉર્જ અને રાણી મેરી સાથે સિંહાસને બેસે છે, ત્યાં પતિપત્ની બન્નેનો રાજ્યાભિષેક થાય છે; પણ ભારતવર્ષમાં અત્યારે તેમ નથી. રામયુગમાં આજના જેવી સ્થિતિ નહોતી. રામયુગમાં પુરુષ અને સ્ત્રીનો બન્નેનો સાથે રાજ્યાભિષેક થતો; ત્યારે રાજ્યની ધુંસરી બન્નેને સાથે પહેરાવાતી.

દશરથ રાજાએ રાજ્યાભિષેકની ખબર આપવા રામ અને સીતાને બોલાવ્યાં. બન્નેએ પિતાની આજ્ઞાને શિર નમાવ્યું. રાજ્યાભિષેકની તિથિ ઠરી. તે રાજ્યાભિષેકની તિથિના આગલા દિવસે રામ અને સીતા બન્નેને ઉપવાસ કરવાની પિતાની આજ્ઞા થઇ. આગલી રાત્રે બન્નેને શિલાતલ ઉપર ઘાસની પથારીએ શયન કરવાનો આદેશ થયો. તે મુજબ રામસીતાના યુગલે આખી રાત્રિ તપશ્ચર્યામાં વીતાવી. રામયુગમાં પ્રજાપાલકને, રાજ્યધુરા ધારણ કરનારને, એટલો સંયમ આચરવો પડતો, એટલું તાપસજીવન અંગીકાર કરવું પડતું.

અને આજે ! આજે એ તપશ્ચર્યાનો, એ સંયમનો આદર્શ ક્યાં રહ્યો છે ? આજે રાજ્યાભિષેકને વખતે રાજકુમાર મદાંધ બને છે, રાજાને ન શોભે એવા જલસાઓ અને રંગરાગો માંડે છે. હમણાંજ કાશ્મીરમાં રાજ્યાભિષેકનો મહોત્સવ ઉજવાય છે. અખબારોમાં પ્રસિદ્ધ થયું છે કે, કાશ્મીરનરેંદ્ર હરિસિંહે એ પ્રસંગે પાંચ લાખ રૂપિયા તો રંડીઓને અને નર્તિકાઓને નોતરવા પાછળજ કાઢ્યા છે; અને એવાજ ઉડાઉ પચાસ લાખ રૂપિયાના ખર્ચનો ક્રમ ગોઠવ્યો છે. આજે આપણી એ દશા છે. આપણા રાજાઓમાંથી પ્રજાપતિની લાયકાત ગઇ છે. પ્રજાપાલક બનવાને જોઇતી તપશ્ચર્યા અને સંયમ તેમણે વછુટાડ્યાં છે. રાજસ્થાનને માટે એ સ્વેચ્છાચારના અંતરમાંથી ભયંકર આગાહી ઊઠે છે.

રામના રાજ્યાભિષેકના સમાચાર સાંભળી, રામચંદ્રની ઓરમાન માતા કૈકેયીના હૃદયમાં દ્વેષની હોળી પ્રકટી. રાત્રે હરખાતા હરખાતા દશરથ રાજા કૈકેયીને મંદિરે આવ્યા, ત્યારે કૈકેયીએ

તેમની પાસેથી તેના લેણા બે વર માગ્યા. રામચંદ્રને વનવાસ અને ભરતને ગાદીપ્રાપ્તિની કૈકેયીએ
માગણી કરી. દશરથ એ સાંભળી મૂર્છિત થયા. આખી રાત મૂર્છામાં વીતાવી.
પ્રભાતે પિતા દશરથને અને માતા કૈકેયીને પ્રણામ કરવા રામચંદ્ર કૈકેયીના મહાલયે આવ્યા.
તેમણે પિતાને મૂર્છિત જોયા. રામચંદ્રે આજ્ઞા કરવા પિતાને આજીજીઓ કરી, તોએ પિતાજી
કશું ન બોલ્યા. રામને પારાવાર ગ્લાનિ થઇ. પિતા કેમ બોલતા નથી ! મારો અપરાધ શો છે !
પિતા આજ્ઞા કરે તો હું અગ્નિમાં ઉતરૂં, શિર કાપી આપું, સમુદ્રમાં પડું. પિતાની આજ્ઞા મેં
કદી ઉથાપી નથી; છતાં પિતાજી મારા ઉપર નારાજ કેમ છે ? રામ પિતાની પાસે થંભી ગયા.
આખરે કૈકેયીએ તેના વચનની વાત સંભળાવી અને દશરથના વચનને ખાતર ચૌદ વર્ષ
વનવાસ ભોગવવા ચાલ્યા જવા આજ્ઞા કરી. રામચંદ્રના મુખ ઉપર એક રેખાયે ન બદલાઇ. જેટલા
આનંદથી તે પિતાને પાયવંદન કરવા આવેલા તેટલાજ આનંદથી તે પિતાની આજ્ઞાનું પાલન કરવા
ચાલી નીકળ્યા. કશાજ ઉદ્વેગવિના યોગીની નિઃસ્પૃહતાથી, રામચંદ્રે વસુંધરાનું રાજ્ય ત્યાગી,
વનનો માર્ગ લીધો. આ પ્રસંગમાં પુત્રધર્મ બોધાયો છે. રામ જેવા આજ્ઞાધારી પુત્રો આજે ક્યાં છે!

રામચંદ્રને વનવાસ મળ્યો ત્યારે ભરત તેમને મોસાળ હતા. તે પાછા આવ્યા; તેમને રાજ-
મુગટ પહેરવા કૈકેયીએ વાત્સલ્યપૂર્વક વિનતિ કરી. ભરતે રાજ્ય સ્વીકારવાની ના પાડી. માતાને
તેના દુષ્કૃત્યમાટે ઠપકો દીધો. વડિલ બંધુ રામચંદ્રજીને પાછા તેડી લાવવા અયોધ્યાના નગરજનો
સાથે તે ચિત્રકૂટ ચાલ્યા. રામે તો આખરે ભરતની એ પ્રાર્થના ન સ્વીકારી અને પિતાની
આજ્ઞા મુજબ વનવાસ ભોગવવાનુંજ પસંદ કર્યું. રામના એ અસ્વીકારથી શોકાન્વિત બની ભરત
અને પ્રજા પાછાં ફર્યાં. ભરતે રામચંદ્ર વનવાસથી પાછા ફરે ત્યાંસુધી તપશ્ચર્યા કરવાનો અને રાજ-
સિંહાસને રામચંદ્રની પાદુકા સ્થાપી તેનું શાસન પ્રવર્તાવવાનો નિશ્ચય કર્યો. તે નિશ્ચય મુજબ
ચૌદ વર્ષ રામચંદ્રની પાદુકાના અનુચરતરીકે તેમણે અયોધ્યાનું રાજતંત્ર ચલાવ્યું.
ભરત જેવા ભ્રાતૃધર્મ પાળનારા બાંધવો આજે ભારતવર્ષમાં ક્યાં છે ?

ભરત પ્રજાજનોની સાથે ચિત્રકૂટને માર્ગે જતા હતા. રસ્તામાં એક નદીને તીરે નિષાદ
રાજા તેમનું સ્વાગત કરવા ઉભેલા. નિષાદ એટલે પંચમ એવી તે વખતની માન્યતાને અશાસ્ત્રીય
ઠરાવી ભરતકુમાર નિષાદરાજને ભેટી પડ્યા, તેનું ભાવભર્યું સ્વાગત હોંસે સ્વીકાર્યું. વેદમાં ચાર
વર્ણો બોધ્યા છે; પંચમના જેવો કોઈ પાંચમો વર્ણ હોઇ શકેજ કેમ ? ભરતે નિષાદરાજાને અને
તેમના લાખો ભીલોને ચતુર્વર્ણમાં લીધા અને તેમનો ઉદ્ધાર કર્યો.

એ ભરતને પગલે ચાલનારા ક્ષત્રિયો આજે ક્યાં છે ? આજે સાત કરોડ અછુતો ભરત
જેવા ક્ષત્રિય નૃપતિની વાટ જોઇ રહ્યા છે અને એ અછુતોની સેવા તો કેટલી જબ્બર છે !
આપણામાં કદરદાની હોય, આપણે કૃતજ્ઞતામાં માનતા હોઇએ તો તો એ અછુતોને, એ ભીલોને
આપણે એક પળવાર પણ આપણાથી અળગા ન રાખી શકીએ એટલો વિપુલ તેમનો ઉપકાર છે.
હિંદુપતિનો ઇલ્કાબ પ્રજાએ એક પ્રતાપનેજ આપ્યો છે. એ પ્રતાપની બધી, ફોજ જ્યારે
મુસલમાન શહેનશાહો સાથેની લડાઈમાં નાશ પામી અને પ્રતાપ એકલો અસહાય બની ગયો,
ત્યારે એ હિંદુપતિ મહારાણાનું કોણે રક્ષણ કર્યું હતું ? અછુતોએ-કામઠાધારી ભીલોએ તેમના શ-
બનો કોટ રચી, મહારાણા પ્રતાપને સુરક્ષિત રાખેલા. ત્યારપછી શિવાજી મહારાજના જાનની
રક્ષા કરનારા પણ અછુતો-મહારોજ હતા. તે ઉપરાંત ગુરુ તેજબહાદૂરનું શિર દુશ્મનની તલવાર-
થી કપાઈ જ્યારે જમીન ઉપર રઝળવા માંડ્યું, ત્યારે તેને જતનપૂર્વક ઉપાડી, પોલવાળી નાળુ-
ટોપલીમાં પધરાવી, ગુરુ ગોવિંદસિંહ પાસે એ મસ્તકને લઇ જનાર અને ભક્તિપૂર્વક તેમના
ચરણમાં એ શિર ધરનાર પણ એક ભંગીજ હતો. અછુતોની એવી એવી ઐતિહાસિક સેવાઓ
છે. આપણે એ સેવાઓનો બદલો આજે કેવી રીતે વાળીએ છીએ ?

રામચંદ્ર પિતાની આજ્ઞાનું પાલન કરવા ચિત્રકૂટ છોડી, ભીષણ વનોના બીનરમાં આગ
ચાલ્યા. રામચંદ્રને પિતાની આજ્ઞા હતી કે, તેમણે ચૌદ વર્ષસુધી વનવાસની તપશ્ચર્યા કરવી. રામન
સાથે સ્વેચ્છાએ વનવાસ સ્વીકારનારા લક્ષ્મણની પ્રતિજ્ઞા હતી કે, પોતે ચૌદ વર્ષસુધી વડી
ભ્રાતા રામચંદ્રની સેવા ઉઠાવવી. રામચંદ્રની છાયા સરીખડાં સીતાજીએ વ્રત ધરેલું કે, પોતે રઘુવીર

પગલે અનુસરી રઘુવીરની સાથે સર્વ પ્રકારની કઠોર તપશ્ચર્યા માંડવી. રામ, લક્ષ્મણ અને જાનકીની ત્રિપુટિએ એ નિશ્ચય કેવી અડગ દઢતાપૂર્વક પાળ્યો, એનાં અનેક ઉદાહરણો રામાયણમાંથી સાંપડે છે. તેમાં સૌથી જ્વલંત ઉદાહરણ રામ અને સીતાના બ્રહ્મચર્યનું છે.

સીતાનું રાવણે હરણ કર્યું, ત્યારપછી રામલક્ષ્મણ સીતાની શોધમાં ભટકતા ભટકતા વાનરોની કિષ્કિન્ધા નગરીમાં આવી પહોંચ્યા. સીતાને પીઠ ઉપર નાખી આકાશમાર્ગે ઉડતો લંકા તરફ ચાલ્યો જતો રાવણ જ્યારે કિષ્કિન્ધા પાસેથી નીકળ્યો, ત્યારે વાનરોના ટોળામાં સીતાજીનાં થોડાં આભૂષણો પડેલાં તેમાં હાથના બાજુબંધ, કાનનાં કુંડળ અને પગનાં નૂપુર હતાં. વાનરરાજ સુગ્રીવે એ આભરણો રામચંદ્રજીના ચરણમાં ધર્યાં. રામચંદ્રજી એમાંથી એકે ઘરેણાને ઓળખી શકયા નહિ. ઘરેણાં લક્ષ્મણે નીરખવા માંડયાં:

नाहं जानामि केयूरम् नाहं जानामि कुंडलम्। नूपुरं चैव जानामि नित्यं पादाभिवन्दनात्॥

કેયૂર કે કુંડળને હું નથી ઓળખતો; નિત્ય પાયવંદન કરવાના કારણે એક નૂપુરોનેજ ઓળખું છું.

લક્ષ્મણ સીતાજીના માત્ર નૂપુરનેજ ઓળખી શકયા અને રામચંદ્રજી કશું ઓળખી શકયાજ નહિ. એ બતાવે છે કે, વનવાસનાં ચૌદ વર્ષદરમિયાન રામચંદ્રે સીતાજીના દેહ ઉપર નજરસરખી પણ નહોતી કરી. આવા બ્રહ્મચર્યેજ રામમાં રાક્ષસનાં ધાડાંઓને હણવાની અને રાવણનાં માથાં રણમાં રોળી નાખવાની તાકાત મૂકી. આજેયે એવો બ્રહ્મચારી નીપજે, તો દુનિયાને તેના બળથી તાજુબ કરી મૂકે; પણ એવું બ્રહ્મચર્ય કયાં છે ?

સીતાજી અશોકવનમાં એકલાં બેઠાં છે. રાવણ અને તેના અનુચર રાક્ષસો દરરોજ સીતાજી પાસે આવી અનેક પ્રકારની ધમકીઓ આપી જાય છે; પણ સીતાજી ઉંચી નજર પણ કરતાં નથી. સતી સીતાજી ઉંચી નજર કરે તો રાક્ષસો બળીને ભસ્મ થઇ જાય. છતાંયે સીતાજી એમ શામાટે નથી કરતાં ?

હનુમાનજી સીતાજીની ભાળને અર્થે સમુદ્ર ઓળંગી લંકા નગરીમાં આવ્યા અને કૂદતાં કૂદતા અશોકવનમાં જઈ પહોંચ્યા; ત્યારે સીતાજી તે રાક્ષસીઓની સતાવણી ચૂપચાપ સહી લેતાં જોઇને હનુમાનજીને સવાલ થયો કે, પળમાત્રમાં ત્રણે લોકને ભસ્મ કરવાનું સામર્થ્ય ધરાવનારાં સીતામૈયા આ જુલ્મ શામાટે સહન કરે છે ? તેમણે રાક્ષસીઓને સીતાજીની પાસેથી કાઢી મૂકી, પોતાની સમસ્યાનો ઉકેલ માગ્યો. સીતાજીએ ઉત્તર દીધો:—

'પુત્ર હનુમાનજી ! મારા એક પતિવ્રતના પ્રભાવથી, મારા સતીત્વના તેજથી, હું રાવણને બાળીને ભસ્મ કરી શકું તેમ છું; પણ રામચંદ્રજીની ગેરહાજરીમાં હું મારો એ પુણ્યસંચય ખર્ચી નાખવા નથી માગતી. રામચંદ્ર મારીસાથે ન હોય ત્યાંસુધી અશોકવનમાંજ રહીશ અને તેમના નામની માળા જપીશ !'

હનુમાનજીને સીતાજીનાં દર્શન કર્યા પછી અને તેમના ઉપર ગુજરતો રાક્ષસોનો જુલમ નિરખ્યા પછી, સીતાજીને એકલાં અશોકવનમાં મૂકી, પાછા ફરવું ઠીક ન લાગ્યું. તેમણે સીતાજીના પગમાં માથું નમાવી, આજીજી ઉચ્ચારી કે:–'માતા, તારું દુઃખ મારાથી નથી સહાતું, તેમ તને એકલી મૂકીને પાછા ફરતાં મારો જીવ નથી ચાલતો; માટે તમે મારી પીઠ ઉપર સવાર થઇ જાવ અને હું તમને રામચંદ્રજી પાસે લઈ જાઉં.'

સીતાએ તે ન માન્યું. તેણે કહ્યું કે:–'મારા શરીરને રઘુવીરસિવાય કોઇનો સ્પર્શ થઇ શકે નહિ. રાવણે મને તેની પીઠ ઉપર નાખી ત્યારે હું મૂર્છાવશ હતી એટલે લાચાર હતી. વીર હનુમાન ! તમે સુખેથી સીધાવો. હું તો રામચંદ્ર લંકા આવી મને તેડી જાય ત્યાંસુધી અશોકવનમાંજ રહીશ અને તપશ્ચર્યા કરીશ.' હનુમાનજી સીતા મૈયાના પાદામ્બુજમાં ફરીવાર મસ્તક નમાવી ચાલી નીકળ્યા.

સીતાજીની આવી બ્રહ્મચર્યભાવના અને આવી તપશ્ચર્યાને પરિણામેજ લવકુશ જેવા વીરશિરોમણિ પુત્રો પાકે. આજે સીતાજીના આદર્શનો એક સહસ્રાંશ પણ ભારતની મહિલાઓના આચારમાં દેખાય છે ! ભારતની દેવીઓના જીવનમાં સીતાજીનું બ્રહ્મચર્ય નથી, સીતાજીનું તેજ નથી, સીતાજીની તપશ્ચર્યા નથી, સીતાજીનું સતીત્વ નથી એટલેજ આજે ભારતમાં લવકુશ અશક્ય થઇ પડયા છે, એટલેજ ભારતવર્ષની આજે આ દુર્દશા છે.

રાવણ પડ્યો. લંકામાં રામચંદ્રજીના વિજયની નોબતો વાગવા માંડી. સીતાજીને અશોકવન-
માંથી ગાજતે વાજતે રામચંદ્રજી સમક્ષ તેડી લાવવામાં આવ્યાં. સીતાજીની વિશુદ્ધિ કરવા અગ્નિ-
કુંડ રચવામાં આવ્યો. સીતાજી અગ્નિકુંડમાં પડી, તેમની પવિત્રતાની પરીક્ષા આપવા તૈયાર થયાં; પણ
રામચંદ્રજીએ સીતાજીનો હાથ ઝાલ્યો: 'ના દેવી, અમને તમારી ખાત્રી છે.' રામચંદ્રે સીતાજીને પોતાની
સાથે સિંહાસને બેસાડ્યાં. સીતારામની બેલડી સિંહાસને શોભવા લાગી. રામાયણ પૂરું થયું.

આખા રામાયણમાં–સમગ્ર રામચરિત્રમાં એક વસ્તુ ખાસ મનનીય છે. રામયુગમાં સ્ત્રીઓને
સર્વ પ્રકારની સ્વતંત્રતા હતી. સ્ત્રી પુરુષના જેટલાજ અધિકાર ભોગવતી, એટલુંજ નહિ પણ
સ્ત્રી પુરુષ કરતાં વધારે માનની હક્કદાર ગણાતી. રામાયણમાં સર્વત્ર સીતારામ લખાયું છે; ક્યાંય
રામસીતા નથી લખાયું. પ્રથમ સીતા અને પછી રામ ! આજે યૂરોપ કે જે સ્ત્રીઓદ્ધારને માટે
દુનિયાભરમાં પંકાય છે, ત્યાં પણ સ્ત્રીઓને રામયુગ જેટલું ગૌરવવંતુ સ્થાન નથી. વિલાયતમાં
આજે રાજા જ્યૉર્જ અને રાણી મેરી બોલાય છે; પણ રામયુગમાં તો કોઈ સીતારામને બદલે
રામસીતા બોલે તો મોટો અપરાધ મનાતો.

રામચંદ્ર અયોધ્યા આવ્યા. અયોધ્યાને રાજસિંહાસને રામચંદ્રની પધરામણી થઈ. પહેલો દ
બાર ભરાયો. લંકાથી સાથે આવેલા વાનર સુભટો દરબારમાં તેમની માનભરી જગ્યાએ બેઠા. ઃ
સુભટોના સરદારસમા મારુતી પણ તેમને આસને બેઠા. રામચંદ્રજીએ એ સૌ સુભટોને તેમ
વીરતાની કદરમાં ઇનામો આપવા માંડ્યાં. સૌને ઇનામોની નવાજેશ થઈ; પણ હનુમાનને કશું ;
નામ ન મળ્યું. સીતાજીને આ નિરખી અચંબો થયો. તેમણે પોતાના ગળામાંથી સાચા મોતી
મહામૂલ્યવાન નવસેરો હાર કાઢીને હનુમાનને આપ્યો. હનુમાનજીએ હારનું એક એક મોતી મોંવ-
તોડી, એને નીચે ફેંકી દેવા માંડ્યું. એમ પાંચ–૭ મહામૂલાં મોતી ટુકડા કરીને ફેંકી દીધાં. સીતાજી આ
ન સમજી શક્યાં. તેમને હનુમાનના આ વાનરવેડા જોઈ દુઃખ થયું. તેમણે હનુમાનને તેમ ન કરવા સૂચવ્યું.

' માતા ! આપનો આ હાર મારે નકામો છે. હું એનું મોતી તોડી તોડીને એનું અંતર
નિહાળું છું; પણ તેમાં મને ક્યાંય રામનામ નથી મળતું; અને જેમાં રામનામ ન હોય, એવી
કોઈ વસ્તુની મારે શી જરૂર છે ? ' હનુમાનનો એ ઉત્તર સાંભળી સીતાજી સ્તબ્ધ બની ગયાં.

આજે એવો હનુમાન ક્યાં છે ? એવો ભક્તશિરોમણિ મહાવીર ક્યાં છે ? મહર્ષિ 'દયાનંદનું
જીવન ઘણી રીતે મર્યાદા પુરુષોત્તમ રામચંદ્રના જીવનને મળતું આવે છે, પણ રામચંદ્રને હનુમાન
જેવો સેવક મળ્યો અને દયાનંદને ન મળ્યો એટલું દયાનંદનું જીવનકાર્ય અધુરું રહ્યું છે.

મહર્ષિ દયાનંદના ઓ અનુયાયીઓ ! ઓ બ્રાહ્મણો અને ક્ષત્રિયો ! ઓ હિંદુઓ ! તમે દયા-
નંદને ચહાતા હો, તમે હિંદુવટના ઉદ્ધારના કાર્યને સહાય કરવા ઇચ્છતા હો, તો તમે વીર હનુમાન
જેવા સાચા સેવક બનો. રામની કે દયાનંદની તસ્વીર પાછળ ઘેલા બનનારા ખોટા સેવકો નહિ; પણ
અંતરમાં રામનામ રાખનારા અને દયાનંદનું જીવનકાર્ય અપનાવી લેનારા સાચા સેવક બનો.

રામાયણના મહાકાવ્યમાં, પુરુષોત્તમ રામચંદ્રના જીવનમાં દરેકે દરેક પ્રકારનો જીવન-ધર્મ
આલેખાયો છે; પણ આજે એ રામાયણનું પઠનપાઠનજ ચૂકાયું છે, એટલે એમાં બોધેલા જીવન-
ધર્મના આચરણનો તો અવકાશજ ક્યાં રહે છે ? ભારતના ક્ષત્રિયવીરો ! જે રઘુવંશના સંતાન
હોવાનું તમે માનો છો, તે રઘુવંશને દીપાવવાને અને જે હિંદુધર્મના રક્ષકતરીકે તમારાં ગૌરવ-
ગાન ગવાય છે, તે હિંદુધર્મની રક્ષાઅર્થે તમે સાચા ક્ષત્રિય બનો; રામાયણમાં બોધેલો ક્ષાત્ર-
ધર્મ જીવનમાં ભરો: અને ભારતની દેવીઓ ! રામચંદ્રનું બધું બળ સીતાને આધારેજ હતું, તેમ
આજનું ભારતોદ્ધારનું કાર્ય પણ તમારાવિના–આર્ય મહિલાઓના સહચારવિના–સિદ્ધ થવું
અશક્ય છે. ઓ દેવીઓ ! તમે સીતા બનો, તમે લવકુશને જન્મ આપનારી વીર માતાઓ બનો,
તમે હનુમાનને કુખમાં ધારનારી અંજનીદેવીઓ બનો. ઓ આર્ય મહિલાઓ અને ઓ ક્ષત્રિયો !
તમારા બન્નેના વર્ચસ્ ઉપરજ ભારતના ઉદ્ધારનો આધાર છે.

रामायणविषे जाणवाजोग हकीकत

१–रामायणमहिमा

इदं पवित्रं पापघ्नं पुण्यं वेदैश्च संमितम् । यः पठेद्रामचरितं सर्वपापैः प्रमुच्यते ॥

ચિત્તને શુદ્ધ કરનાર, પાપનો નાશ કરનાર, પુણ્યના સાધનરૂપ અને વેદના રહસ્યને પ્રતિપાદન કરનાર હોવાથી વેદતુલ્ય એવી આ રામાયણનો જે મનુષ્ય પાઠ કરશે, તે સર્વ પાપોથી મુક્ત થશે.

एतदाख्यानमायुष्यं पठन्रामायणं नरः । सपुत्रपौत्रः सगणः प्रेत्य स्वर्गे महीयते ॥

આયુષ્યની વૃદ્ધિ કરનાર આ રામાયણનો જે મનુષ્ય પાઠ કરશે, તે પુત્ર, પૌત્ર અને સંબંધીવર્ગ-સહિત સ્વર્ગમાં સુખ ભોગવશે.

पठन् द्विजो वागृषभत्वमीयात् स्यात्क्षत्रियो भूमिपतित्वमीयात् ।
वणिग्जनः पण्यफलत्वमीयात् जनश्च शूद्रोऽपि महत्वमीयात् ॥

અર્થાત–રામાયણના પઠનથી બ્રાહ્મણ શબ્દબ્રહ્મના પારને પામે, ક્ષત્રિયને રાજનીતિ પ્રાપ્ત થાય અને વૈશ્યને વ્યાપારકુશળતા તથા શૂદ્રને શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય. (વાલ્મીકિ રામાયણ)

× × × × × ×

दोहा–रामायण अमृत कथा, लेत न ताको स्वाद ।
तिनको निश्चय जानिये, हैं पूरे मनुजाद ॥

चौ०–रामायण सुरतरुकी छाया, दुःख समय दूर निकट जो आया ।
रामायण सुरधेनु समाना, दायक अभिमत फल कल्याना ॥
श्री रामायण जहि घर मांहीं, भूत प्रेत तहं भूल न जांही ।
प्रीति करै रामायण मांहीं, तेहि सम भाग्यवंत कोउ नांही ॥
कथा रामायणकी जहां होइ, सो गृह घर मति जाने कोइ ।
सो घर तीर्थरूपसम भासे, तहां गए सब पातक नासे ॥

दोहा–रामायण के सुनत ही, छूटि जाय प्रेतत्व ।
जाके पढे सुने तें, सूझत है पर तत्त्व ॥ (મહાત્મા ગોપાલદાસજી)

× × × × × ×

"જગતમાં જેનો જોટો મળતો નથી એવા અનન્ય સાહિત્યગ્રંથતરીકે રામાયણ આપણને પ્રાપ્ત થાય છે." (સ્વામી વિવેકાનંદ)

× × × × × ×

"રામાયણથી ભારતવર્ષનો સ્વાર્થપરાયણતાનો દોષ જેટલો દૂર કરાયો છે, તેટલો કોઈ પણ નીતિવેત્તા, ધર્મવેત્તા, સમાજસુધારક, રાજપુરુષ કે રાજાથી દૂર કરાયો નથી." (સાહિત્યસમ્રાટ્ બંકિમ)

× × × × × ×

"હોમરના કાવ્યમાં જે રસ છે, તેના કરતાં રામાયણમાં વિશેષ રસ છે." (વેબર)

× × × × × ×

"બીજા દેશોનાં મહાકાવ્યો કરતાં હિંદનું રામાયણ મહાકાવ્ય સર્વોપરી છે......અને જે અદ્‌ભુત સદ્‌ગુણોનું વર્ણન વાલ્મીકિએ આ ગ્રંથમાં દર્શાવ્યું છે, તે તરફ લક્ષ દેતાં, પોતાના કાળમાં તો શું પણ તે થઈ ગયાં અનેક સૈકાં વીત્યા છતાં રામ જેવો સત્યવ્રતપરાયણ રાજા કોઈ પણ રાજકુળમાં થયો

નથી. એ રામ સકળ ગુણસંપન્ન અને પ્રજાપ્રીતિ સંપાદન કરવામાં અદ્દભુત રાજા હતો...વાલ્મીકિનું કાવ્ય આદિકાવ્યના સ્થાનને યોગ્ય છે અને સર્વ રસથી ભરપૂર છે." (ગોરીસિયો)

× × × × × ×

(રામાયણના અંગ્રેજી અનુવાદક મી. ગ્રીફના અભિપ્રાયનો હિન્દી અનુવાદ)

"જગતમેં છંદોંકી પુસ્તકેં બહુત હૈં; પરંતુ આગાર ઔર છંદબંદીકો કોઇ કવિ ઐસી દશા, મનોહરતા વા રસિકતા સે નહીં બાંધ સકા. ઇસ પ્રભાવશાલી ઢંગમેં ધર્મકી શિક્ષા દેના એ રામાયણકા હી કામ હૈ. કેવલ યહી એક કવિતા હૈ, જો હમારે દિલોંમેં ઇસ ઉત્તમતાસે સચ્ચાઈકે પ્યારકો પૈદા કર દેતી હૈ. હમ રામાયણકો પઢ કર કુછ કે કુછ બન જાતે હૈં, હમમેં ઉંચે ખ્યાલ પૈદા હો જાતે હૈં ઔર વહ ગુણ જો મનુષ્યકી ઉત્કૃષ્ટતાકે ભૂષણ હૈં સો હમારે સ્વભાવમેં આ કર ખડે હો જાતે હૈં. સત્યાચરણ, પુત્રોંકી ભક્તિ, પતિવ્રતાધર્મ, પતિકર્તવ્ય, પિતામાતાકા સ્નેહ, વિનય, ધૈર્ય, દયાલુતા, સારાંશ યહ કિ માનુષી ગુણોંકા કૌનસા ચિત્ર હૈ જિસકે યથાર્થ રૂપકો જાદૂભરી લેખનીસે કવિને ઇસમેં નહીં લિખા?"

સુપ્રસિદ્ધ **વેદરત્ન પંડિત સંતરામ શર્મા** લખે છે કેઃ—

"રામાયણ કહને કો તો એક મહારાજાકા જીવનચરિત્ર હૈ; પરંતુ વાસ્તવમેં યહ સંસારકે મલોંકો નાશ કરનેવાલા અગ્નિ, અંધકારમેં પ્રકાશ, સ્ત્રીયોંકા ધર્મ, પુરુષોંકા પૌરુષ, બ્રાહ્મણોંકા બ્રહ્મતેજ, ક્ષત્રિયોંકા ક્ષાત્રધર્મ, વૈશ્યોંકા ધન, શૂદ્રોંકા ધર્મ ઔર ગૃહસ્થમેં પ્રવેશ કરનેવાલે નરનારિયોંકા સુખદીપક હૈ. ઇસકી જ્યોતિકો હાથમેં રખકર પુરુષ યદિ માર્ગ દેખ દેખ ચલે તો હો નહીં સકતા કિ કિસી સમય વહ જીવનયુદ્ધમેં પરાજય પ્રાપ્ત કરેં...જગતકા ઇતિહાસ પઢનેવાલે કહતે હૈં કિ હિન્દુજાતિકો વેદોંકે પ્રચાર હટજાને પર યદિ કિસી રસાયનને જીવિત રખ્ખા હૈ તો યહ રામાયણ હી હૈ. ઇસીકે બલસે હિન્દુ નારિયોંમેં સતીત્વકા ઔર હિન્દુ નરોંમેં બલિદાન કરનેકા સાહસ રહા હૈ."

રામાયણના ઉંડા અભ્યાસી કાંગડી ગુરુકુલના વર્તમાન આચાર્ય **પ્રૉ૦ રામદેવજી** લખે છે કેઃ—

"જબસે આર્યસન્તાન પતિત હુઈ તબસે કિતને પ્રકારકી વિપત્તિયોંકા ઝોંકા ઇસે ઝેલના પડા? ઇસ કે કિતને ઐતિહાસિક પુરુષોં કે યશ, ઇસકે ઇતિહાસોં કે નાશ કે સાથ હી સાથ લોપ હો ગએ? (તબભી) આશ્ચર્ય હૈ કિ કોઇ ભી વિપત્તિ વા કિસી ભી પ્રકારકા હ્રાસ મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજી મહારાજકા નામ ઔર યશ કો વિલુપ્ત ન કર સકા! યદિ ઉનકા ભી યશ કેવલ કિસી એક ઇતિહાસકે પત્રોંપર અંકિત હોતા અથવા ઉનકે સમકાલીન વા કુછ કાલાન્તરકે કતિપય સહસ્ર વા લક્ષ નરનારી હી ઉનકી કીર્તિ જાનતે હોતે તો સંભવ થા કિ ઉનકા ભી યશ આજ સુનાઇ નહીં દેતા; પરંતુ જબકિ ઉનકા યશ ઉસી સમયસે—જબ કિ વહ પિતૃભક્તિ કી મર્યાદા કી રક્ષા કે લિયે અયોધ્યાસે દંડકારણ્યકી ઓર પ્રસ્થિત હુએ—ચતુર્દિક ફૈલને લગા; ઔર ઉનકે જીવનકાલ મેં હી કરોડોં નરનારીયોંકો ઉનકા હાર્દિક ભક્ત બના દિયા; ઔર યે લોગોંને અપની સંતાનોં કો ઔર ઉન સંતાનોંને અપની સંતાનોં કો—ઇસ પ્રકાર પ્રત્યેક પીઢીને અગલી પીઢી કો—રામયશ સુનાના અપની સન્તાન કે કલ્યાણકા એક મુખ્ય હેતુ સમઝા; ફિર વહ રામયશ કિસ પ્રકાર ભૂલેં? જો રામયશ કેવલ અનેક ગ્રંથો મેં હી વિદ્યમાન ન રહા; પ્રત્યત કરોડોં મન ઔર હૃદયોંમેં—ભી અપના સ્થાન બરાબર બનાતા આયા; વહ કિસ પ્રકાર વિસ્મૃત હો? ક્યા ભારત કે કિસી ભી પ્રાન્તમેં આજ ભી કોઈ આર્યગૃહપતિ વા આર્યગૃહિણી ઐસી હૈ જો રામનામ કો ન જાનતી હો?"

"પરંતુ એક સમય થા જબકિ રામયશ ન કેવલ ભારત મેં પ્રત્યુત ઇસ પૃથિવી કે અન્યાન્ય કંઇ ભાગોંમેં ભી ફૈલા હુઆ થા. આજ અમેરિકા દેશ વા પાતાલકે પ્રાચીન મેક્સિકોનિવાસી રામ-સીનવ (રામ-સીતા) કે નામ સે જો ઉત્સવ મનાતે હૈં, ક્યા વહ સિદ્ધ નહીં કરતા કિ રામયશ પ્રાચીન કાલોંમેં ભારતસે અન્યાન્ય કંઇ દેશોંમેં ઘૂમતા હુઆ અમેરિકા દેશ વા પાતાલમેં પહુંચા થા?*"

*કેવળ રામનો યશજ નહિ; પણ ભારતવાસી મનુષ્યો, તેમનો ધર્મ અને તેમની રાજસત્તા સુદ્ધાંત અમેરિકા, યૂરોપ અને આફ્રિકામાં તેમજ અન્ય અનેક દ્વીપદ્વીપાન્તરમાં જઇ રહેલાં હોવાનાં પ્રમાણો દિવસે દિવસે

"શ્રીરામચંદ્રજી મહારાજ કે સમય કે એક દીર્ઘકાલ પશ્ચાત્ તક જબ કિ આર્યસન્તાન આર્યોચિત જીવન વ્યતીત કરતી થી, તબ તક રામચરિત્ર કી પવિત્રતાકે સન્મુખ આર્યસંતાન ભલીભાંતિ શીશ ઝુકાતી રહી તો (ઉસમેં) આશ્ચર્ય હી કયા હૈ? મહાભારતકા રામોપાખ્યાન સિદ્ધ કર રહા હૈ કિ રામયશ શ્રવણ કર મહાભારતકે સમયકે વીરગણ ભી અપના સુધાર કરના ચાહતે થે; તથા મહાભારતકે ભિન્ન ભિન્ન સ્થલોંમેં આઇ હુઇ રામાયણકે વીરોંકી ઉપમાએં ભી સ્પષ્ટ સિદ્ધ કર રહી હૈં કિ ઉસ સમયકે પતિત વીરોંકી ભી કામના થી કિ વે રામ ઔર ઉનકે સમકાલીન વીરોંકા અનુકરણ કરેં. (યદ્યપિ વે અપને કુસંસ્કારોંકે કારણ અનુકરણ કરનેમેં અસમર્થ હો ગએ થે.)"

રામાયણ અને મહાભારતના દેશપ્રસિદ્ધ અભ્યાસી શ્રીમાન ચિંતામણ (વિ. વૈદ્ય લખે છે કે–: "રામચંદ્રના અતિ ઉત્તમ ચરિત્રને વાંચી પ્રેમ, આનંદ અને આદરભાવની લાગણી કયા ભારતવાસી જનને નહિ થાય? આપણી આર્યભૂમિ વૈભવ અને નીતિના શિખરપર પહોંચી હતી, એવા સમયનું તે ચિત્ર આંખ આગળ ઉભું રહેતાં કોનું હૃદય આનંદથી નહિ ઉછળી રહેશે? જો કે આપણા આર્યદેશના પ્રાચીન ઇતિહાસનો થોડો સરખો ભાગજ આપણને મળી આવ્યો છે, તોપણ એ અંધકારમય પ્રાચીનકાળમાં શ્રીરામચંદ્રનો સમય શરદ્પૂર્ણિમાની રાત્રિ પ્રમાણે શુભ્ર અને આનંદદાયક પ્રકાશથી ભરપૂર દેખાય છે. એ સમયમાં શ્રીરામચંદ્રની મોહક મૂર્તિ પૂર્ણ ચંદ્રની પેઠે મધ્યે વિરાજમાન થયેલી માલમ પડે છે અને તેમનાથી ક્ષણભર પણ વેગળી ન પડનારી જાનકી ચંદ્રની જ્યોત્સ્ના પ્રમાણે શોભી રહે છે; તેજસ્વી અને શીઘ્ર કોપ કરનાર લક્ષ્મણજી મંગળના લાલ ગ્રહ પ્રમાણે પ્રકાશમાન દેખાય છે; અને શાંત–પ્રેમાળ ભરતજી બૃહસ્પતિના તારાની પેઠે શુભ્ર અને કોમળ તેજથી શોભી રહે છે. વસિષ્ઠ, વિશ્વામિત્ર, જનક, દશરથ, ભરદ્વાજ, અગસ્ત્ય, કૌશલ્યા, અનસૂયા ઇત્યાદિ અનેક વંદનીય સ્ત્રી–પુરુષોની મૂર્તિઓ પણ પોતપોતાના પ્રકાશવડે ચળકી રહેલા ગ્રહોની પેઠે તે સમયમાં ચળકી રહી છે. આવા ઉત્તમ રામાયણના સમયપ્રત્યે ભારતવાસી આર્યલોકો આનંદ અને અભિમાનની દૃષ્ટિથી જુએ એમાં નવાઈ શું?"

"આર્ય સ્ત્રીઓના અંતઃકરણમાં સીતાદેવીનું પવિત્ર ચરિત્ર–એટલે કે તેમનો નિઃસીમ પતિપ્રેમ, દૃઢ પતિવ્રત, પતિ સાથે સંકટ ભોગવવાની તેમની તત્પરતા ઇત્યાદિ અસંખ્ય ગુણોનું ચિત્ર, આર્ય સ્ત્રીઓના હૃદયપટપર એવું કોતરાઇ રહ્યું છે કે જેને લીધે તેઓ હજારો વર્ષથી આપણા સમાજના ભૂષણરૂપ બનતી આવી છે.........શ્રીરામનું ઉચ્ચ અને મનોહર ચરિત્ર પણ પ્રત્યેક ભારતવાસી પુરુષને માટે 'દુનિયામાં માણસે કેવી રીતે વર્તવું' તે દેખાડનારા નિષ્કલંક આદર્શરૂપ છે. રામચંદ્રનું નામ લેતાંજ આપણા મનમાં સર્વ સદ્ગુણોની મોહક મૂર્તિ ખડી થઈ રહે છે. હિંદુસંતાનો માટે ઉત્તમ પુત્ર, ઉત્તમ બંધુ, ઉત્તમ મિત્ર, ઉત્તમ શત્રુ, ઉત્તમ રાજા, એ બધાનો એકત્ર નમુનો તે શ્રીરામચંદ્રજ છે."

"કાવ્યનાં બંને અંગ–કવિ અને નાયક–ની બાબતમાં રામાયણની બરોબરી કરે તેવો કોઇ પણ ગ્રંથ કોઇ પણ દેશમાં મળી આવશે નહિ. રામચંદ્ર સરખો અલૌકિક સામર્થ્યવાળો તથા નીતિવાળો એકપણ પુરુષ ઇતિહાસમાં દૃષ્ટિએ પડતો નથી; તેમજ વાલ્મીકિ ઋષિ સરખી પ્રતિભા તથા ઉચ્ચ કલ્પનાવાળો કોઇ પણ કવિ આજપર્યંત થયો નથી. ગ્રીસ તથા રોમ દેશમાં પુરાતન કાળમાં હોમર તથા વર્જીલ નામના કવિઓએ "ઇલીયડ" તથા "ઇનીડ" નામના ગ્રંથો લખ્યા

મળતાં થાયે છે. સરતા સાહિત્યની વિવિધ ગ્રંથમાળાદ્વારા નીકળેલા પુસ્તક "હિંદી લેખમાલા" ના એક લેખમાં આ વિષય લંબાણથી ચર્ચેલો છે. આ સ્થળે તો તેમાંનું અમેરિકાવિષેનું અવતરણજ આપીશું કેઃ–

"અમરિકાકી આર્યજના પ્રાચીન સભ્યતા કે ચિહ્નોંપર દૃષ્ટિ ડાલી જાય તો માલૂમ હોગા કિ યૂરપવાસિયોં કે પ્રવેશ કરને કે પહલે, વહાં કોઇ સભ્ય જાતિ અવશ્ય રહતી થી. દક્ષિણી અમરિકામેં બડે બડે નગરોં કે ખંડહરોં, દૃઢ કિલોં, સુન્દર ભવનોં, જલાશયો, સડકોં, નહરોં આદિ કે ચિહ્ન મિલતે હૈં, જિનસે યહ પ્રતીત હોતા હૈ કિ પ્રાચીન કાળ મેં વહાં કોઇ બડી દૃશ્ય એસી હી સભ્ય જાતિ રહતી થી. અચ્છા, તો વહ સભ્યતા આઈ કહાંસે? યૂરોપીય પુરાવસ્તુવેત્તાઓને ઇસકા પતા લગાયા હૈ. વે કહતે હૈં કિ વહ સભ્યતા ઓર કહીં સે નહીં, હિન્દુસ્તાન સે આઈ થી. બેરન હમબોલ્ટ મહાશય કા કથન હૈ કિ ઇસ સમય ભી અમરિકા મેં હિંદુઓંકે સ્મારકચિહ્ન મિલતે હૈં."

છે, તે પાશ્ચાત્ય દેશોમાં ઉત્તમ ગણાય છે અને ઇંગ્લાંડમાં મિલ્ટન નામના કવિએ 'પેરેડાઇઝ લૉસ્ટ'
નામનો ગ્રંથ લખ્યો છે તે પણ ઉત્તમ ગણાય છે; પરંતુ એ બધા ગ્રંથો કરતાં રામાયણ [illegible]
શ્રેષ્ઠ છે કદાચ કોઈ લોકો કાવ્ય-શક્તિમાં હોમર વર્જિલને વાલ્મીકિની બરોબરીએ મેળવે [illegible]
તેઓના કાવ્યના નાયકો ઍકિલીસ, ઈનીયસ અને ઍડમ, એ સર્વે નીતિની દૃષ્ટિએ [illegible]
પણના રામચંદ્રાદિ કરતાં અતિશય ઉતરતા જણાય છે. સારાંશ એજ કે, રામાયણગ્રંથથી [illegible]
જે અભિમાન ધરાવે છે તે યોગ્યજ છે."

૨–कविवर रवीन्द्रनाथ ठाकुरना विचार*

"સાદી રીતે કાવ્યોના મુખ્ય બે પ્રકાર કરી શકાય. એક પ્રકારનાં કાવ્યોમાં કેવળ કવિની
પોતાનીજ કથા હોય છે; અને બીજા પ્રકારનાં કાવ્યોની કથાનો સંબંધ વિશાળ જનસમુદાય
કથા સાથે હોય છે. 'કેવળ કવિની કથા" એટલે એમ સમજવાનું નથી કે, કવિસિવાય બીજું [illegible]
તેને સમજી ન શકે. જો એવું હોય તો તો એવા કાવ્યને કાવ્ય નહિ; પરંતુ ગાંડા માણસનો [illegible]
વાદજ માત્ર કહી શકાય. એનો અર્થ એજ કે, એમાં કવિએ પોતાની પ્રતિભાના બળથી પોતાનાં
જ સુખદુઃખ, પોતાનીજ કલ્પના અને પોતાનાજ અનુભવોને માનવસમુદાયના હૃદય, વિચારો [illegible]
જીવનરહસ્યોદ્વારા પ્રકટ કર્યાં હોય છે; ત્યારે બીજી શ્રેણીનાં કાવ્યો એવા ઉચ્ચ [illegible]
વાળા કવિઓદ્વારા રચાય છે કે તેમની કાવ્યરચનામાં સમગ્ર દેશ અથવા [illegible]
યુગની ભાવનાઓ, જ્ઞાન અને અનુભવો, સીધે સીધા પ્રકટ થવા પામે છે; અને તેથી તે [illegible]
ગ્રંથો માનવજાતિનું જીવન-ધન બની રહે છે–અર્થાત્ સંસારના સર્વ લોકો એવાં કાવ્યોથી [illegible]
માટે લાભ ઉઠાવે છે અને સમગ્ર દેશ અથવા જાતિ એ કાવ્યોદ્વારા બોલી રહેતી દેખાય છે."

"આ બીજી શ્રેણીના સામાન્ય કવિઓનેજ "મહાકવિ" કહી શકાય. સમગ્ર દેશ અથવા સમગ્ર
જાતિની સરસ્વતી આવીને આવા કવિનો આશ્રય લે છે અને જનસમાજ તેમના ગ્રંથોની [illegible]
તાનો માર્ગ નક્કી કરી તદનુસાર ગતિ કરતો જણાઈ રહે છે. આવા મહાકવિઓની રચનાને કોઈ
એક વ્યક્તિવિશેષની રચના કહેવા જેવી નથી હોતી. એમની કાવ્યરચના તો એવા વિશાળ [illegible]
વૃક્ષની ઉપમાને લાયક હોય છે, કે જે વૃક્ષ પોતાના જન્મસ્થાનની ચારે તરફ આવેલી ભૂમિને [illegible]
તાની વિસ્તૃત છાયાનો લાભ આપે છે. શકુન્તલા અને કુમારસંભવ કાવ્યોમાં કવિ કાલિદાસ [illegible]
નિપુણતાનો સારો પરિચય આપણને મળે છે, એ નિઃસંદેહ છે; પરંતુ રામાયણ અને મહાભારત
તો ભારતવર્ષને પુણ્યસલિલા ગંગા અને પર્વતરાજ હિમાલયની સમાન પૂજનીય બની રહેલાં [illegible]

"આપણા દેશમાં જેમ રામાયણ અને મહાભારત એ મહત્ત્વપૂર્ણ ગ્રંથો છે, તેમ પ્રાચીન [illegible]
અને રોમમાં 'ઇલિયડ' અને 'ઇનીડ' ગ્રંથો મહત્ત્વપૂર્ણ હતા. એ ગ્રંથો સમસ્ત ગ્રીસ અને રોમ [illegible]
હૃદયપદ્મમાંથી ઉત્પન્ન થયા અને તેણે તેમના હૃદયપદ્મમાં સ્થાન મેળવ્યું. કવિ હોમર અને વર્જિલે
લે પોતપોતાના સમગ્ર દેશ અને કાળના કંઠમાં એ કાવ્યોદ્વારા પોતપોતાની ભાષારૂપ પુષ્પ [illegible]
પહેરાવી હતી. જેમ મેળામાં અને ઉત્સવોમાં દૂર દૂરથી આવનારાં મનુષ્યોદ્વારા ત્યાં સાંભળેલી [illegible]
વનવી વાતો લોકો ત્યાંથી વેરાઇ જતાં સર્વત્ર ફેલાઇ જાય છે, તેમ હોમર અને વર્જિલનાં [illegible]
પણ પોતપોતાના પ્રદેશોમાં એક છેડેથી બીજા છેડાસુધી ફેલાઇ જઇને ત્યાંના લોકોમાં [illegible]
સુધી ગાજી રહ્યાં હતા."

"કોઇ આધુનિક કાવ્યમાં એટલી બધી વ્યાપકતા નથી જોવામાં આવતી. કવિ મિલ્ટનના
'પેરેડાઇઝ લૉસ્ટ' નામક ગ્રંથમાં ભાષાની ઉત્કૃષ્ટતા, છંદોની મહત્તા અને રસની ગંભીરતાની કમી [illegible]
તોપણ એ ગ્રંથ સમગ્ર દેશનું ધન નથી. કેવળ પુસ્તકાલયોની શોભાનીજ સામગ્રી માત્ર તે [illegible]

"આથી એવાં પ્રાચીન કાવ્યોને એક જૂદીજ શ્રેણીમાં મૂકવાં જોઇએ. પ્રાચીનકાળમાં એ [illegible]
વ્યો દેવતાઓ અને દૈત્યોની માફક વિશાલકાય હતાં; પરંતુ વર્તમાન સમયમાં એ પ્રકારનાં [illegible]
લુપ્ત થઇ ગયાં છે."

"પ્રાચીન આર્ય સભ્યતાની એક શાખા યૂરોપ તરફ ગઇ હતી અને બીજી ભારતવર્ષ તરફ [illegible]

---

* કવિવરે "રામાયણી કથા" નામના બંગાળી પુસ્તકની ભૂમિકારૂપે ઇસ્વીસન ૧૯૦૪ માં [illegible]
લેખનો આ ભાવાર્થ છે.

હતી. એ શાખાઓમાંથી યુરોપ અને ભારત બન્ને સ્થાનોમાં પોતપોતાનાં બબ્બે મહાકાવ્યોની ઉત્પત્તિ થઇ. એ મહાકાવ્યોવડેજ એ બંને શાખાઓના પ્રાચીન ઇતિહાસ અને સંગીતની રક્ષા થતી રહી છે.

"હું ભારતવાસી હોવાથી અને ગ્રીસરોમની બાબતમાં મારાથી નિશ્ચયપૂર્વક ન કહી શકાય કે એ દેશો પોતાનાં એ બંને મહાકાવ્યોદ્વારા પોતાની સર્વ પ્રકૃતિને પ્રકટ કરવામાં સફળ થયા છે કે નહિ; પરંતુ એ તો નિશ્ચય છે કે, ભારતવર્ષે તો રામાયણ અને મહાભારતદ્વારા તેમ કરવામાં કંઇંજ બાકી નથી રાખ્યું."

"એજ કારણથી સેકાંઓ ઉપર સેકાં વહી જવા છતાં પણ ભારતવર્ષમાં રામાયણ અને મહાભારતનો પ્રચાર-પ્રવાહ જરા પણ સુકાયો નથી. ઘેરે ઘેર અને ગામે ગામ તેનો નિત્ય પાઠ થાય છે; અને વાણીઆની દુકાન તથા રખેવાળ ભૈયનજીથી માંડીને તે ઠેઠ રાજાના મહેલપર્યંત સર્વત્ર તેનો એકસરખો આદર થાય છે. ધન્ય છે તે બન્ને મહાકવિઓને કે હજારો વર્ષ વહી જવા છતાં પણ જેમની વાણીની શીતળ-મંદ-સુગંધ લહરીઓ, હજીસુધી પણ ભારતવાસીઓનાં ગૃહદ્વારોમાં અને કરોડો નરનારીઓનાં હૃદયદ્વારોમાં પ્રતિદિવસ સુખ અને શાંતિ તથા ભક્તિ અને શક્તિ અર્પણ કરતી સ્દાને અતિ પ્રાચીન સમયની જ્ઞાનચારિત્ર્યમયી સુંદર સૌરભથી તરાવટ આપી રહી છે!"

"આમ હોવાથી રામાયણ અને મહાભારતને કેવળ મહાકાવ્યજ કહેવાં ન જોઇએ; પરંતુ તે ઇતિહાસ પણ છે. અલબત્ત, તે કાંઇ સમય અથવા ઘટનાઓના ઇતિહાસ નથી; કેમકે ઘટનાઓના ઇતિહાસ તો અમુક સમયનુંજ અવલંબન કરે છે, પરંતુ રામાયણ અને મહાભારત તો ભારતવર્ષના ચિરકાળના ઇતિહાસ છે. બીજા ઇતિહાસો સમય સમયપર ફેરવાતા રહે છે, પરંતુ આ ઉભય ઇતિહાસમાં કાંઇપણ પરિવર્તન નથી થતું. **ભારતવર્ષની જે સાધના, જે આરાધના અને જે સંકલ્પ છે, તેનોજ** ઇતિહાસ આ બન્ને મહાકાવ્યોરૂપી રાજપ્રાસાદના ચિરકાલરૂપી રાજસિંહાસનપર સમ્રાટ-સમો વિરાજે છે."

"આ કારણથીજ મહાભારત અને રામાયણની સમાલોચનાનો આદર્શ અન્ય કાવ્યોની સમાલોચનાના આદર્શથી ભિન્ન હોવો જોઇએ. રામનું ચરિત્ર ઉચ્ચ હતું કે નીચ અને લક્ષ્મણનું ચરિત્ર સારૂં લાગે છે કે નહિ, એટલીજ સમાલોચના પૂરતી નથી. એ ગ્રંથોની સમાલોચના કરનારને તો શાંત થઇને શ્રદ્ધાપૂર્વક વિચાર કરવો જોઇશે કે, સમસ્ત ભારતવર્ષ સહસ્રો વર્ષોથી એ મહાન ગ્રંથોને કયા ભાવથી ગ્રહણ કરતો આવ્યો છે? અમે ગમે તેવા મોટા સમાલોચક હોઇએ, તોપણ જો એક સમય પ્રાચીનદેશના ઇતિહાસપ્રવાહિત સમસ્ત કાળના વિચારો આગળ અમારૂં શિર નજ ઝુકતું હોય તોપછી તેની ધૃષ્ટતા લજ્જાનોજ વિષય છે."

"રામાયણમાં ભારતવર્ષ શું સંદેશો આપે છે; રામાયણમાં ભારતવર્ષે કયા આદર્શને મહાન સમજીને સ્વીકાર્યો છે; એજ આ સમયે અમારેમાટે સવિનય વિચાર કરવાનો વિષય છે."

"સામાન્ય લોકોની એવી સમજ છે કે, વીરરસપ્રધાન કાવ્યોનુંજ નામ "એપિક" છે. જે દેશ અને જે કાળમાં વીરરસનું ગૌરવ પ્રધાનપદે રહ્યું હોય, તે દેશ અને તે કાળમાં મહાકાવ્ય પણ અવશ્ય વીરરસથી પૂર્ણ હોઈ શકે. રામાયણમાં કાંઈ યુદ્ધનો તોટો નથી. વળી સામર્થ્ય પણ રામમાં કાંઈ સામાન્ય પ્રકારનું ન હતું અને તોપણ રામાયણમાં જે રસ પ્રધાન છે, તે વીરરસ નથી. રામાયણમાંથી બાહુબળનું પ્રાધાન્ય ઘોષિત નથી થતું તેમના યુદ્ધની ઘટનાઓજ તેના વર્ણનનો મુખ્ય વિષય નથી. વળી દેવતાઓની અવતારલીલાને લઇનેજ આ કાવ્યરચના થઈ હોય, એવું પણ નથી. કવિ વાલ્મીકિની સમક્ષ રામચંદ્ર એક "અવતાર" નહિ, પરંતુ મનુષ્યજ છે; એ વાતને તો પંડિત લોકો પ્રમાણ માનશેજ. આ વિષયમાં પંડિતાઈ દેખાડવાનું પ્રયોજન નહિ હોઇને સંક્ષેપમાં કેવળ એટલુંજ કહી દેવું અમે ઉચિત સમજીએ છીએ કે, **જો કવિએ રામાયણનું નર-ચરિત્રનું વર્ણન ન કરતાં દેવ-ચરિત્રનુંજ વર્ણન કર્યું હોત તો તેથી રામાયણનું ગૌરવ ઘણુંખરૂં નષ્ટ થયું હોત.** રામચરિત્રનો મહિમા એ કારણથી છે કે, તે મનુષ્યચરિત્રથી પર-ભિન્ન નથી. રામાયણમાં એવા સદ્‌ગુણોથી પૂર્ણ પુરુષોની કથા છે, કે જેવા સદ્‌ગુણોથી વિભૂષિત નાયકની કવિને પોતાના કાવ્યને માટે આવશ્યકતા હતી. બાલકાંડના પ્રથમ સર્ગમાં વાલ્મીકિ નારદને અનેક ગુણો કહી બતાવીને તેવા સર્વસદ્‌ગુણસંપન્ન નાયકનું નામ પુછે છે કેઃ-**સમગ્રા રૂપિણી લક્ષ્મીઃ કિમેકં સંશ્રિતા નરમ**-અર્થાત્ કયા એકજ પુરુષનો લક્ષ્મીએ પોતાનાં સમગ્ર રૂપોસહિત આશ્રય લીધો છે?" ત્યારે નારદ મુનિ કહે છે કેઃ-"

देवेष्वपि न पश्यामि कश्चिदेभिर्गुणैर्युतम् । श्रूयतां तु गुणैरेभिर्यो युक्तो नरचन્द्रमाः ॥

"અર્થાત્ "એ સર્વ ગુણોથી સંપન્ન હોય એવી વ્યક્તિ તો દેવતાઓમાં પણ નથી; પરંતુ હા, મનુષ્યોમાં એક રામ સર્વ સદ્ગુણોથી સંયુક્ત પુરુષ છે." આ ઉપરથી સિદ્ધ થાય છે કે, રામાયણ એ રામચંદ્ર નામક નરચંદ્રમાનીજ કથા છે, તે કાંઈ અવતાર કે દેવતાની કથા નથી. રામાયણમાં કાંઇ દેવતાઓએ નીચા ઉતરીને પોતાને મનુષ્ય નથી બનાવ્યા; પરંતુ મનુષ્યોજ પોતાના સદ્ગુણોવડે દેવ બની ગયેલા તેમાં માલુમ પડે છે. કવિએ મનુષ્યોના ઉત્તમ આદર્શની સ્થાપના કરવા સારુજ એ મહાકાવ્યની રચના કરેલી છે; અને તેથીજ ત્યારથી માંડીને આજપર્યંત ભારતવાસીઓ મનુષ્યના એ આદર્શ ચરિત્રવર્ણનનો આગ્રહપૂર્વક પાઠ કરતા આવ્યા છે."

"રામાયણમાં એક મોટી વિશેષતા એ છે કે, તેમાં એકજ ગૃહકુટુંબની કથાને પુષ્કળ વિસ્તારથી દર્શાવી છે. પિતા પુત્રમાં, બંધુ બંધુમાં અને પતિ પત્નીમાં જે ધર્મનું બંધન હોય છે, જે પ્રીતિ અને ભક્તિનો તેઓ વચ્ચે સંબંધ હોય છે, તેને રામાયણે એટલું બધું મહત્ત્વ આપ્યું છે તથા તે સંબંધો એટલી ઉચ્ચતાથી તેમાં દર્શાવવામાં આવ્યા છે, કે જેથી તે ગ્રંથ સહજપણેજ મહાકાવ્યને યોગ્ય બની ગયો છે. અન્ય મહાકાવ્યોનું ગૌરવ પ્રાયઃ તેમાંનાં શત્રુદમન,દેશજય અને બે પ્રબળ વિરોધી પક્ષોના પરસ્પરમાં રક્તપાત આદિ ઘટનાઓનાં વર્ણનને લીધે હોય છે; પરંતુ રામાયણના મહિમાએ કાંઇ રામ અને રાવણના યુદ્ધનો આશ્રય લીધો નથી. એ યુદ્ધઘટનાનું વર્ણન તો તેમાં કેવળ રામ અને સીતાના ઉજ્જવલ દામ્પત્યપ્રેમનું દર્શન કરાવવાને માટેજ ઉપલક્ષરૂપે છે. રામાયણમાં કેવળ એજ બતાવવામાં આવ્યું છે કે, પુત્રને માટે પિતૃઆજ્ઞાનું પાલન, ભાઇઓમાટે ભાઇનો આત્મત્યાગ, પત્નીનું પતિવ્રત, પતિનું પત્નીવ્રત અને પ્રજાપ્રત્યે રાજાનું કર્તવ્ય-એ કેટલાં ઉંચી હદસુધી હોઈ શકે છે! કોઇ પણ દેશના મહાકાવ્યમાં આ પ્રમાણે વ્યક્તિવિશેષના ઘરની વાતોને આટલા વિસ્તારથી વર્ણવવાનું યોગ્ય સમજવામાં નથી આવ્યું. આ ઉપરથી કેવળ કવિનોજ પરિચય આપણને નથી મળતો; પરંતુ સમગ્ર ભારતવર્ષનો પરિચય મળે છે. એ ઉપરથી આપણને જણાઈ આવે છે કે, ભારતવર્ષમાં ગૃહ અને ગૃહધર્મ કેટલાં બધાં ઉચ્ચ સમજવામાં આવ્યાં છે! આ મહાકાવ્ય એ વાત પણ સ્પષ્ટતાથી સિદ્ધ કરે છે કે, અમારા દેશમાં ગૃહસ્થાશ્રમનું સ્થાન પણ કેટલું ઉચ્ચ છે. ગૃહસ્થાશ્રમ એ અમારાં પોતાનાંજ સુખ અને સગવડને માટે નથી; પરંતુ તે સર્વ સમાજને ધારણ કરવાવાળો છે અને મનુષ્યને યથાર્થ બનાવનારો છે. ગૃહસ્થાશ્રમને ભારતવર્ષીય સમાજની જડ સમજવી જોઇએ અને રામાયણ તેજ ગૃહસ્થાશ્રમના મહત્ત્વને દર્શાવી રહેલું મહાકાવ્ય છે. ગૃહસ્થાશ્રમધર્મને રામાયણે સત્યપાલનને ખાતર પુત્રવિયોગ અને વનવાસ વગેરેનાં કષ્ટોમાં નાખીને વિશેષ ગૌરવપ્રદાન કર્યો છે. કૈકેયી અને મંથરાની કુમંત્રણાના કઠિન આઘાતોવડે અયોધ્યાનું રાજગૃહ ઉજ્જડ જેવું થઇ જવા છતાં પણ આ ગૃહસ્થધર્મની દુર્ભેદ્ય દૃઢતાને રામાયણ ઘોષિત કરી રહી છે. રામાયણે શારીરિક શક્તિને નહિ, વિજયની અભિલાષાને નહિ, રાજનૈતિક મહત્ત્વને નહિ; પરંતુ શાંતિયુક્ત ગૃહધર્મનેજ કરુણાનાં અશ્રુઓથી ભીંજવીને સર્વોચ્ચ સિંહાસનપર વિરાજમાન કર્યો છે."

"શ્રદ્ધાહીન પાઠકો કહેશે કે, આ પ્રકારનું ચરિત્રવર્ણન અતિશયોક્તિમાં ફેરવાઇ જાય છે; પરંતુ એવા કથન ઉપરથી આ વાત સિદ્ધ નથી થતી કે, કયી જગ્યાએથી યથાર્થ સીમાનું અને કયી જગ્યાએથી કલ્પનાની સીમાનું ઉલ્લંઘન થવાથી કાવ્યકળા અતિશયોક્તિપૂર્ણ થઇ જાય છે?"

"જે વિદેશી સમાલોચકોએ કહ્યું છે કે, 'રામાયણમાં ચરિત્રવર્ણન અતિ પ્રાકૃત છે.' તેમને અમે એટલુંજ કહીશું કે એ વાત પોતપોતાની પ્રકૃતિ ઉપર આધાર રાખે છે. અમુક ખાસ પ્રકૃતિને લઇને એકને માટે જે વાત અપ્રાકૃત (અસ્વાભાવિક) છે, તેજ વસ્તુ અન્ય ખાસ પ્રકૃતિવાળા બીજાને માટે પ્રાકૃત (સ્વાભાવિક) હોય છે. જે જગ્યાએ જે આદર્શ પ્રચલિત હોય, તે આદર્શને જો અતિમાત્રામાં અંકિત કરવામાં આવે તો તેને ત્યાંના લોક ગ્રહણુજ કરી શકશે નહિ. અમે અમારા કાનવડે થાકયાસિવાય કેટલું સાંભળી શકીએ, તેની હદ હોય છે. કાંઈ એમ નથી હોતું કે, કોઇ અમે તેટલું બોલ્યાજ કરે અને તે બધું અમે સાંભળી યાદ રાખી શકીએ. અમારી સાંભળવાની શક્તિ ઉપરાંત કોઇ પોતાના મોટા ઘાંટાથી અમારા કાન બહેરા થઇ જાય એવું બોલે, તોપણ અમુક હદની ઉપરાંત અમારા કાન તેના શબ્દોને નહિજ ગ્રહણ કરે. કાવ્યમાં સમાયલાં ચરિત્ર અને ભાવો, પાઠકના

અંતરમાં જાગવા-પ્રવેશવાના સંબંધમાં પણ એજ પ્રમાણે સમજવાનું છે. " આટલી વીસો કે તેટલી વીસો " એમ વીસો કરતાં વધુ ઉચ્ચ સંખ્યાને સમજી ન શકે એવો માણસ લાખ-કરોડની સંખ્યાજ ન સમજી શકે, તેવુંજ આમાં પણ છે. જો આ વાત સત્ય છે, તો આ વાત હજારો વર્ષથી પ્રમાણિત થઈ ચૂકી છે કે, **રામાયણની કથા ભારતવર્ષને માટે કોઈપણ અંશમાં અતિશયોક્તિપૂર્ણ નથી."**

"રામાયણથી ભારતવર્ષનાં આબાલવૃદ્ધ નરનારીઓએ અને ઉચ્ચનીચ સર્વ લોકોએ કેવળ શિક્ષણજ નથી મેળવ્યું; પરંતુ આનંદ પણ પ્રાપ્ત કર્યો છે. તેઓ તે કથાને કેવળ શિરોધાર્ય કરીનેજ રહ્યા નથી; પરંતુ પોતાના હૃદયમાં પણ તેમણે તેને સ્થાન આપ્યું છે. રામાયણ એ કેવળ તેમનું ધર્મશાસ્ત્રજ નથી; પરંતુ કાવ્ય પણ છે. રામચંદ્ર અમારેમાટે કેવળ દેવતાજ નથી; પરંતુ તેની સાથે મનુષ્ય પણ છે. તેજ પ્રમાણે રામાયણપર અમારી માત્ર ભક્તિજ નથી, પણ તેની સાથે તેના ઉપર અમારી પ્રીતિ પણ છે. જો આ મહાગ્રંથની કવિતા દૂર દેશમાં વસતા કોઇ કલ્પનાપ્રસુત લોકોની સામગ્રી હોઇને ભારતવર્ષને માટે તે અહીં આવી હોત અથવા તો તે અમારા સમાજ-સંસારમાં વ્યાવહારિક ઉપકારક ન થઈ રહી હોત તો રામ અને રામાયણના સંબંધમાં ઉપર્યુક્ત વાતો અમે કહી શકત નહિ."

"જો વિદેશી સમાલોચક પોતાના દેશનાં મહાકાવ્યોના આદર્શને સામે રાખીને રામાયણ જેવા મહાકાવ્યને અતિ પ્રાકૃત યાને અસ્વાભાવિક ગણે તો તેથી તેના દેશના મુકાબલામાં ભારતવર્ષની ઉલટી એક બીજી વિશેષતાજ પ્રસ્ફુટિત થાય છે કે, **રામાયણમાંથી ભારતવર્ષે જે ઇચ્છયું તે મેળવ્યું છે."**

"રામાયણ અને મહાભારત બન્નેને અમે વિશેષતઃ એવાજ ભાવથી જોતા આવ્યા છીએ. એમાંના સરળ અનુષ્ટુપ છંદોમાં ભારતવર્ષનું હજારો વર્ષનું હૃદય સજીવ રૂપથી ધડકી રહ્યું છે."

"પાઠક ! રામાયણને કેવળ કવિનું કાવ્ય નહિ સમજતાં "ભારતવર્ષની રામાયણ" સમજીને તેનો આદર કરજે. એમ કરવાથીજ રામાયણદ્વારા ભારતવર્ષને અને ભારતવર્ષદ્વારા રામાયણને ઠીક ઠીક સમજી શકાશે. સાથે દરેકે આ વાત પણ સ્મરણમાં રાખવી કે, ભારતવર્ષની ઇચ્છા કોઇ એક ગૌરવભરી ઐતિહાસિક કથાને સાંભળવાની ન હતી, તેને તો મનુષ્યના પરિપૂર્ણ આદર્શ ચરિત્રની કથા સાંભળવી હતી અને રામાયણદ્વારા આજપર્યંત તેવીજ કથા અડગ શ્રદ્ધાથી અને અતિ આનંદથી સમગ્ર દેશ સાંભળતો આવ્યો છે."

"ભારતવાસીઓની માનવચરિત્રની પરિપૂર્ણતા ઉપર બહુજ શ્રદ્ધા અને ચાહના છે. તેમણે એવા ઉત્તમ ચરિત્રને સત્યથી તેમજ શક્યતાથી વિપરીત સમજીને કદી પણ તેનાપ્રત્યે અશ્રદ્ધા કે અવજ્ઞા કરી નથી; તેમણે તો એને પૂર્ણ સત્ય અને શક્ય સમજીનેજ તેનો સ્વીકાર કરેલો છે અને તેમાંથી હિત તથા આનંદ પણ તેમણે ઘણો મેળવ્યો છે. જગદ્‌ગુરુ ભારતવર્ષની પરિપૂર્ણતાયુક્ત આદર્શની આકાંક્ષાને રામાયણવડે ઉદ્‌બોધિત કરીને તેમજ તૃપ્ત કરીને રામાયણના મહાકવિએ ભારતવર્ષના ભક્તિપૂર્ણ આધ્યાત્મિક હૃદયને સદાને માટે ખરીદી લીધું છે-જીતી લીધું છે."

"જે (પાશ્ચાત્ય) જાતિ અપૂર્ણ સત્યને પ્રાધાન્ય આપે છે; જે પ્રજા અવિરત શ્રમથી ભૌતિક સત્ય અને સુખની શોધમાં મચી રહે છે; જે પ્રજા કવિતાને માત્ર પ્રકૃતિનું પ્રતિબિંબજ સમજે છે; જે પ્રજા સંસારમાં અવશ્યમેવ અનેક ભૌતિક કાર્યો કરે છે અને તે બાબતમાં તે સફળ મનોરથવાળી પણ થાય છે, તેના એવા યત્ન અને સફળતામાટે નિઃસંદેહ સમગ્ર માનવજાતિ તેની ઋણી છે;પરંતુ બીજી તરફ જોઇએ તો જેમણે કહ્યું છે કે:-"भूमैव सुखं भूमात्वेव विजिज्ञासितव्यः"-અર્થાત્ તે પરબ્રહ્મ પરમાત્મા એજ ખરૂં સુખ છે અને તે પરમાત્માજ વિશેષ જાણવા-માનવા યોગ્ય છે. જેમણે માનવચરિત્રની પરિપૂર્ણતાને સાચવી રાખવામાટે તથા તે પૂર્ણતાનાં સર્વ અંગપ્રત્યંગોના સૌંદર્યની યથેષ્ટ રક્ષા કરવાને માટે; તેમજ સર્વ પ્રકારના વિરોધને શાંત કરવામાટે સાધના કરી છે, તેનું ઋણ પણ કોઈ કાળે સંસારથી વાળી શકાય તેમ નથી. જેમ ધૂળ અને ધુમાડાથી ભરેલા એકાદ કારખાનાનાં દ્વાર બંધ કરી દઇ બહારની સ્વચ્છ હવા પેસતી અટકાવવામાં આવે તો તેમાંનાં માણસોનો દમ ગુંગળાઇ જઇને તેઓ મરી જાય છે; તેમ જો અમે અમારાં હૃદયરૂપી મંદિરોમાં એવા અનુપમ ઉપદેશ અને સ્વરૂપજ્ઞાનને આવતું બંધ કરી દઇશું-અર્થાત્ તેને ભૂલી જઈશું, તો માનવસભ્યતા, ગુંગળાઇ જતા માણસની પેઠે પળે પળે પીડિત થઇને સદાને માટે આ સંસારથી વિદાય થઇ જશે. રામાયણ, ચિરકાળથી અનુપમ જ્ઞાનચારિત્ર્યનાં અખંડ અમૃતપિપાસુઓનો આપણને પરિચય

ઠરાવતી આવી છે. એમાં જે બ્રાતૃભાવ, જે સત્યપરાયણતા, જે પતિ-પત્નીવ્રત અને જે ગાનભક્તિ વર્ણવેલાં છે, તેનાપ્રત્યે જો આપણે આપણી સરળ શ્રદ્ધા અને આંતરિક ભક્તિને કાયમ રાખી શકીએ, તો આપણાં હૃદયરૂપી ઘર કે કારખાનાંઓમાં મહાન આધ્યાત્મિક સમુદ્રની નિર્મળ વાયુલહરીઓ પ્રવેશતી રહી હમેશાં આપણને સુખ આપ્યા કરશે."

૩--રામાયણના સમયની સ્થિતિ

(શ્રીયુત ચિંતામણ વિ૦ વૈદ્યના મરાઠી ગ્રંથ ઉપરથી)

તે સમયનો આર્યદેશ પશ્ચિમે સિંધુનદીથી તે પૂર્વે ગંડકી નદીસુધી અને ઉત્તરે હિમાલયથી તે દક્ષિણે પ્રયાગપર્યન્ત હતો. તે દેશમાં કોશલ, વિદેહ વગેરે રાજ્યો આવી રહ્યાં હતાં. તેમાં સિંધુ, વિતસ્તા, જેલમ, વિપાસા (બિયાસ), શતદ્રુ (સતલજ) વગેરે નદીઓ પશ્ચિમવાહિની હતી અને યમુના, ગંગા, સરયૂ વગેરે નદીઓ પૂર્વવાહિની હતી. મધ્યે સરસ્વતીનદી દક્ષિણમાં કુરુક્ષેત્રમાં થઇ વહેતી હતી. આ નદીઓમાં હિમાલયના બરફનું બનેલું ઠંડું અને મીઠું પાણી વહેતું હતું. સર્વ નદીમાં ગંગા નદી વિશાળ હતી અને તેનું પાણી અત્યંત શીતળ, મધુર, સ્વચ્છ અને પાચક હતું. તે નદીપ્રત્યે લોકોનો એટલો પૂજ્યભાવ હતો કે તેને સ્વર્ગની નદી અથવા સ્વર્ણદી નામ આપ્યું હતું. આ પ્રદેશની જમીન સપાટ અને અસંત ફળદ્રુપ હતી અને હવા નિરોગી, શક્તિ આપનારી અને સમશીતોષ્ણ હતી. આ કારણોથી તેમજ રાજ્યવ્યવસ્થા ઉત્તમ હોવાથી લોકો સુખી અને આનંદિત રહેતા હતા. શ્રીરામચંદ્ર વનવાસ નીકળ્યા, ત્યારે કોશલદેશનાં હૃષ્ટપુષ્ટ પ્રજાથી ભરેલાં ગામોને જોઈ તેમને અસંત આનંદ થયો હતો. ગામડાંના લોકો હૃષ્ટપુષ્ટ હોય એ દેશની સમૃદ્ધિ અને સુસ્થિતિનું એક અનુપમ લક્ષણ છે. રામચંદ્રના રથને વારંવાર ગાયોનાં ટોળાંને લીધે ઉભા રહેવું પડતું, એમ વાલ્મીકિએ ખુબીથી વર્ણન કરેલું છે; તે પરથી તે સમયમાં ગામડાંઓમાં હજારો ગાયોનાં ટોળાં હશે અને તે ગાયો પુષ્કળ દૂધ આપવા સાથે ખેતીવાડીમાટે હજારો બળદોને જન્મ આપતી હશે, એમ સ્પષ્ટ થાય છે. આ પ્રમાણે આર્યોનાં આ નાનકડાં રાજ્યોમાં વૈસ્યાદિ સામાન્ય લોકો જાનવરો અને અનાજ વગેરે સંપત્તિથી સંપૂર્ણ રીતે સુખી હતા.

કોઇ પણ દેશમાંના સામાન્ય જનસમૂહની સ્થિતિનો આધાર તે દેશના ઉચ્ચ વર્ગની હોશિયારી અને નીતિપર રહેલો છે, એ સ્પષ્ટ છે. આ સમયનો વરિષ્ઠવર્ગ એટલે કે બ્રાહ્મણ અને ક્ષત્રિય પોતપોતાના કામમાં દક્ષ અને તેજસ્વી હતા, એ સહજ જણાઈ આવે છે. આર્યોનું તેજ અને ઉંચું નૈતિક બળ તેઓમાં સંપૂર્ણ રીતે જણાતું હતું. અનાર્યો કરતાં આર્યલોકો વધારે મજબૂત, સુસ્વરૂપ અને સુધરેલા હતા, તેમજ તેઓ વધારે નીતિમાન હતા; એટલુંજ નહિ પણ તેઓ નીતિમત્તાને આર્યત્વનું મુખ્ય લક્ષણ સમજતા હતા. 'આર્ય' શબ્દમાં સર્વ પ્રકારની ઉચ્ચ કલ્પનાઓ તેમજ ઉંચી વર્તણુકનો સમાવેશ થાય છે, એમ તેઓ સમજતા હતા. કોઇ ચીજ ખરાબ હોય તો તેને 'અનાર્ય-જૂષ્ટ' એટલે આર્યજનોને ન છાજે એવી કહેવાનો તે વખતે સંપ્રદાય પડયો હતો. ટુંકમાં આર્યલોકોનું આર્યત્વ તેઓની ઉચ્ચ નીતિપરજ રચાયલું છે, એમ તેઓની સમજ હતી અને તે સમજ પ્રમાણે બ્રાહ્મણ તેમજ ક્ષત્રિયો પોતાનાં આચરણો શુદ્ધ અને ઉદાત્ત રાખવા તત્પર રહેતા. આવા પ્રકારનો વરિષ્ઠવર્ગ જે સમાજમાં હોય, તે સમાજમાં સુખ અને આનંદ વ્યાપી રહે એમાં શી નવાઇ!

પ્રથમ આપણે તે વખતના બ્રાહ્મણવર્ગની સ્થિતિનું અવલોકન કરીએ. વિદ્યા શીખવી તથા શીખવવી, યજ્ઞયાગાદિ કરવા અને કરાવવા, એ તેઓનાં મુખ્ય કર્તવ્ય હતાં. તે સમયના બ્રાહ્મણો આ કર્તવ્યમાં તત્પર હતા. શીખવું ને શીખવવું એજ પોતાના આયુષ્યનો મુખ્ય ઉદ્દેશ તેઓએ રાખ્યો હતો. એ કામ ઉત્તમ રીતે થઇ શકે માટે બ્રાહ્મણો ઘણુંખરું મોટાં શહેરોમાં ન રહેતાં શહેર બહાર કિંવા અરણ્યમાં આશ્રમ બાંધી રહેલા હતા. વસિષ્ઠનો આશ્રમ અયોધ્યા પાસે ગામબહાર હતો, વાલ્મીકિ મુનિ ગંગા અને તમસાના સંગમપર રહેતા હતા, ભરદ્વાજ પ્રયાગમાં રહેતા હતા, વિશ્વામિત્ર ગંગાપાર સિદ્ધાશ્રમમાં રહેતા હતા અને જનકના ઉપાધ્યાય ગૌતમ મિથિલા પાસેના એક સુંદર વનમાં રહેતા હતા. બ્રાહ્મણો એ પ્રમાણે નિર્ભય સ્થાનકોમાં આશ્રમ બાંધી રહેતા; એટલુંજ નહિ પણ મોટાં મોટાં ભયંકર વનોમાં પણ આશ્રમ બાંધી રહેતા હતા. દંડકારણ્યમાં પણ આશ્રમ બાંધી ઋષિઓ જુદે જુદે સ્થળે રહ્યા હતા. અત્રિ, સુતક્ષ્ણ, અગસ્ત્ય આદિ ઋષિઓના આશ્રમો ભયંકર અરણ્યમાં હતા અને

ઇ કોઇ પ્રસંગે આત્મરક્ષણમાટે તેઓને શસ્ત્ર પણ ધારણ કરવાં પડતાં; પરંતુ તેઓ પોતાનાં ખ્ય કર્તવ્ય વિદ્યાર્જન અને વિદ્યાદાનને કદી પણ વિસરતા નહિ.

તે સમયનાં વિદ્યાલયોનાં વર્ણન વાંચતાં આનંદ થયા સિવાય રહેતો નથી. એ આશ્રમો ઘણુંખરૂં શહેરની ગડબડથી દૂર એકાદા રમ્ય નદીના કાંઠાપર શાંત અને રમણીય સ્થળે રાખવામાં આવતા. તેઓની આસપાસ સુંદર બાગબગીચા, ખેતરો અને વાડીઓ હતી; કારણ આશ્રમવાસી ઋષિઓ અને શિષ્યો પોતાનો સાદો ચરિતાર્થ ઘણુંખરૂં પોતાના શ્રમથીજ મેળવતા હતા. વિદ્યાર્થીઓ રાનમાંથી લાકડાં કાપી લાવી તેનો ઢગ આશ્રમમાં કરતા, તેમજ વનમાંથી કંદમૂળ અને ફળો તોડી લાવતા આ કારણથી વિદ્યાર્થીપર વિદ્યાભ્યાસનો ભાર એકસરખો ન પડતાં તેઓને અરણ્યોમાં અને વનમાં ખુલ્લી હવામાં ફરવાનો તેમજ બીજી કસરત કરવાનો અભ્યાસ થતો હતો. ઋષિના આશ્રમોની અંદર હમેશાં શાંત અને રમણીય દેખાવ હતો અને ત્યાં સુંદર પક્ષીઓ અને પશુઓ આનંદથી આમતેમ ફરતાં હતાં. ઇંદ્ર, વરુણ, યમ ઇત્યાદિ વૈદિક દેવોનાં દેવાલયો આશ્રમમાં રાખવામાં આવતાં અને યજ્ઞશાળા પણ રહેતી. વિદ્યાર્થીઓને રહેવાની જગ્યાઓ આશ્રમમાં નિરાળી રાખવામાં આવતી. આવા પ્રકારનાં શાંત અને વેરભાવવિનાનાં સ્થળોમાં વિદ્યાર્થીઓનું શિક્ષણ સતત ચાલુ રહેતું અને તેઓને સંસારનાં દુઃખ કિંવા મોહનો પવન સુદ્ધાં લાગી શકતો નહિ. આ કારણથીજ ઋષ્યશૃંગ જેવા તેજસ્વી અને પુણ્યશીલ વિદ્યાર્થીઓ તૈયાર થતા અને થાય એમાં નવાઇ પણ નથી.

આવા આશ્રમોમાં ફક્ત બ્રાહ્મણનાજ છોકરાઓ આવતા એમ નહિ, પણ ત્રણે વર્ણના વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસમાટે આવતા અને તેઓને ધર્મશિક્ષણસિવાય બીજું પણ પોતપોતાની સ્થિતિને યોગ્ય શિક્ષણ બ્રાહ્મણો આપતા. બ્રાહ્મણોએ ત્રણે વર્ણના શિક્ષણની જવાબદારી પોતાના ઉપર રાખી હતી, એ કારણથી સાહજિક રીતે બીજી વર્ણના લોકો બ્રાહ્મણોના નિર્વાહવિષે કાળજી રાખતા. આશ્રમવાસી ઋષિઓ પોતાના નિર્વાહમાટે બીજાઓપર આધાર રાખતા નહિ, એ આપણે ઉપર કહી ગયા છીએ; તથાપિ પ્રસંગોપાત રાજાઓ વગેરે પણ તેમની સેવા કર્યાજ કરતા. શ્રીરામચંદ્રે વનવાસ જતી વેળા પોતાનું દ્રવ્ય બ્રાહ્મણોને વહેંચી આપતાં લક્ષ્મણને કહ્યું હતું કેઃ–"બ્રાહ્મણો પોતના અભ્યાસમાં મગ્ન રહી પોતાના નિર્વાહની પરવા રાખતા નથી; માટે એવા બ્રાહ્મણોને આપણું દ્રવ્ય આપવું, એ આપણું કર્તવ્યજ છે." આ પ્રમાણે વિદ્યાર્જન અને વિદ્યાદાનમાં મગ્ન રહેતા બ્રાહ્મણોને દાન આપવું એ આપણું કર્તવ્ય છે, એમ તે વખતના લોક સમજતા; અને તેથી બ્રાહ્મણોને પોતાના નિર્વાહની કાળજી ન રહેતાં તેઓ વિદ્યાદાનનું કર્તવ્ય ઉત્તમ રીતે બજાવી શકતા.

વિદ્યાર્જન ઉપરાંત બીજું કર્તવ્ય યજ્ઞ કરવા એ હતું. જેવી રીતે બીજી વર્ણને વિદ્યાનું દાન કરવું એ બ્રાહ્મણોનું કર્તવ્ય હતું, તેમજ તેઓને યજ્ઞ કરાવવા એ પણ તેઓનુંજ કર્તવ્ય હતું. અશ્વમેધ સરખા યજ્ઞનો અધિકાર ક્ષત્રિયોનેજ હતો, તેથી તે યજ્ઞ તેઓ પાસે બ્રાહ્મણો કરાવતા; પણ તેઓનું લક્ષ તે તરફ બહુ ન હતું. તેઓનું મુખ્ય વલણ પોતે જાતે યજ્ઞ કરવા તરફ હતું. વિશ્વામિત્રે જાતે યજ્ઞ કર્યો તેનું વર્ણન રામાયણમાં છે. બ્રાહ્મણને કરવા યોગ્ય ઘણા યજ્ઞો હતા. "**यज्ञानां जपयज्ञोऽस्मि**" એ ભગવદ્‌ગીતાના શબ્દોમાં જપયજ્ઞને યજ્ઞોમાં ઉત્તમ ગણ્યો છે. તે જપમાં એ સમયના બ્રાહ્મણો મગ્ન રહેતા. સારાંશ કે, બ્રાહ્મણો સર્વ પ્રકારના યજ્ઞ કરવામાંજ પોતાનો સર્વ વખત અને આયુષ્ય ગાળતા. આ પ્રમાણે વિદ્યા અને તપ કરનારા બ્રાહ્મણો બીજી વર્ણો કરતાં હરેક પ્રકારે વંદ્ય અને પૂજ્ય ગણાતા, એમાં આશ્ચર્ય જેવું નથી; કારણકે વિદ્યા અને તપનું સામર્થ્ય અલૌકિક અને વિલક્ષણ છે. "**धिग् बलं क्षत्रियबलं, ब्रह्मतेजो बलं बलं**" એટલે ક્ષત્રિયબળ તુચ્છ છે, ખરૂં બળ તો બ્રહ્મતેજનુંજ છે," એમ જે વિશ્વામિત્રે કહ્યું છે, તેમાં તેમણે વિદ્યા અને તપનીજ સ્તુતિ કરી છે.

જેમ બ્રાહ્મણો પોતાના કર્તવ્યમાં દક્ષ હતા; તેમજ ક્ષત્રિયો પણ તે સમયમાં પોતાના કર્તવ્યમાં પ્રવીણ હતા. બ્રાહ્મણની માફક વિદ્યાભ્યાસ અને યજ્ઞયાગ કરવા ઉપરાંત યુદ્ધ અને રાજ્યકારભાર અથવા પ્રજાપાલન એ તેમનાં વિશેષ કર્તવ્ય હતાં. તે સર્વમાં એ સમયના ક્ષત્રિયો કુશળ અને આગળ પડતા હતા. વિદ્યાસંપાદન કરવામાં તેઓ બ્રાહ્મણોથી તલમાત્ર પણ પાછા પડતા ન હતા. "યથાવત્ સાંગ વેદાંત" એટલે '૭ અંગસહિત વેદ જાણનારા બ્રાહ્મણોની બરોબરજ' એ શબ્દોમાં રા-

ગચંદ્રના અભ્યાસની પ્રજાજનોએ દશરથ આગળ સ્તુતિ કરી હતી. રામચંદ્રે વસિષ્ઠગુરુના આશ્રમમાંજ વેદવિદ્યાનું અધ્યયન કર્યું હતું, એ જણાવવાની જરૂર નથી. અસ્તુ. તે વખતના ક્ષત્રિયો ફક્ત વેદાભ્યાસ કરતા, એટલુંજ નહિ પણ વૈદિક કર્મ પણ શાસ્ત્ર પ્રમાણે કરતા. શ્રીરામચંદ્ર નિયમ પ્રમાણે સંધ્યા કરતા, એ વર્ણવવું વાલ્મીકિમુનિ કદી પણ ચૂકતા નથી; એટલુંજ નહિ પણ વાસ્તુ વગેરે ધાર્મિક વિધિ પણ યથાશાસ્ત્ર રામે કર્યાનું વર્ણન રામાયણમાં તેમણે કર્યું છે. સારાંશ કે, વિદ્યાભ્યાસ અને યજ્ઞયાગમાં તે વખતના ક્ષત્રિયો બ્રાહ્મણો જેટલાજ કુશળ અને વિદ્વાન હતા.

શત્રુ સાથે યુદ્ધ કરવું એ ક્ષત્રિયોનું વિશેષ કર્તવ્ય હોવાથી વેદાભ્યાસ પૂરો થતાંજ તે વખતના ક્ષત્રિયો યુદ્ધોપયોગી સર્વ વિદ્યા શીખતા હતા. તરવારનો ઉપયોગ, ઘોડાપર બેસવું વગેરે વિદ્યા તેઓ ઘણી મહેનત કરી પ્રાપ્ત કરતા. તરવા વગેરેની ઉપયોગી કળામાં પણ તેઓ કુશળ હતા. રામ-લક્ષ્મણ સીતાને લાકડાંના તરાપાપર બેસાડી તરતા તરતા યમુના પાર લઇ ગયા; એ વાંચી તેઓના તરવાના કૌશલ્યવિષે આપણે આશ્ચર્ય પામીએ છીએ. ક્ષત્રિયોનું સર્વથી વિશેષ લક્ષ ધનુર્વિદ્યા તરફ હતું; કારણકે તે સમયનાં સર્વ આયુધોમાં ધનુષ્ય મુખ્ય હતું. ધનુર્વિદ્યામાં તેઓ એવા પ્રવીણ હતા કે, ફક્ત શબ્દપરથી તે અમુક બાણ મારતા. મૃગયામાં યુદ્ધની તાલીમ મળતી હોવાથી તેઓ મૃગયા કરતા અને વાઘ, સિંહ, હાથી વગેરે ભયંકર પશુઓને મારતા; એટલુંજ નહિ પણ ક્ષત્રિયોએ પોતાનું બાહુબળ એટલું વધાર્યું હતું કે, આયુધવગર ફક્ત બાહુથીજ તેઓ વાઘસાથે કુસ્તી કરી તેને ઠાર મારી શકતા. એવા ક્ષત્રિયો દશરથરાજાના લશ્કરમાં સેંકડો હતા. અસ્તુ. શારીરિક શક્તિ ગમે તેટલી હોય અને શસ્ત્રવિદ્યા ગમે તેટલી ઉત્તમ આવડતી હોય, તોપણ મનુષ્યમાં ધૈર્ય અથવા હિંમત ન હોય તો તે સર્વ વ્યર્થ છે. તે વાત લક્ષમાં રાખી તે સમયના ક્ષત્રિયોએ બહાદુરી એટલી તો વધારી દીધી હતી, કે યુદ્ધમાંથી પાછા ફરવાનું તેઓ જાણતાજ ન હતા. યુદ્ધમાંથી પલાયન કરવું નહિ, એ તે વખતના ક્ષત્રિયો એક મહાન ગુણ સમજતા. યુદ્ધમાંથી પલાયન કરતા પાછળથી ઘા ખાવો એ ક્ષત્રિયો મોટામાં મોટું પાપ સમજતા. પોતાનું મન શુદ્ધ છે એમ દેખાડવામાટે ભરતે કૌશલ્યા માતા આગળ અનેક શપથ લીધા હતા; તેમાં એક શપથ એવો હતો કે, મને યુદ્ધમાં જતાં પાછળથી ઘા પડે. આ પરથી રણમાંથી પલાયન કરવું એ કેવું ઘોર પાતક હતું, તે જણાશે. શસ્ત્રકૌશલ્ય, શરીરસામર્થ્ય અને શૌર્ય, આ ત્રણે બાબતમાં તે વખતના ક્ષત્રિયો આગળ પડતા હતા અને તે કારણથી તેઓના શત્રુ તેમનાથી ડરતા રહી તેમને અજેય માનતા હતા.

શત્રુને જીતવા એ કદાચિત્ સહેલ છે, પણ આપણું મન જીતવું એ ઘણું કઠિન છે; પોતાના મનપર કાબુ મેળવ્યાવગર પ્રજાનું યથાયોગ્ય પાલન કરવું શક્ય નથી. રામને દશરથે યુવરાજપદ આપતી વખતે ઉપદેશ દીધો હતો કે, રાજાએ વિનયશીલ રહી કામક્રોધને પગ નીચે દાબી દેવા. જેઓનામાં શસ્ત્રવિદ્યાનું અને શરીરનું બળ વિશેષ હોય, તેઓને આ પ્રમાણે આત્મ-સંયમન કરવું ઘણું કઠણ પડે એ દેખીતું છે. જ્ઞાન અને શિક્ષણથી તેમ કરવું સાધ્ય છે. તે સમયના ક્ષત્રિયો જેમ યુદ્ધ કરવામાં સમર્થ હતા; તેમજ શિક્ષણના પ્રભાવથી પ્રજા-પાલનમાં પણ સમર્થ હતા. તેઓને ગુરુના આશ્રમમાં વિદ્યાધ્યયન કરવું પડતું તેથી તેઓને વિદ્યા અને વિનય સાહજિક રીતે પ્રાપ્ત થતાં. વળી ઘણાખરાઓને ગુરુના આશ્રમમાં રાજધર્મનું પણ શિક્ષણ મળતું. રાજાનો ધર્મ શું છે,તે મનુના સમયથી નિશ્ચિત હતું અને તેથી પ્રજાસંબંધી આપણું કર્તવ્ય શું છે, એ રાજાઓ સહેલથી સમજતા. સારાંશ કે; તે સમયના ક્ષત્રિયો પોતાનો મુખ્ય ધર્મ-પ્રજાપાલન બરાબર બજાવતા હતા.

પ્રજાપ્રત્યે રાજાનું શું કર્તવ્ય છે તે અને રાજાએ કેમ વર્તવું તેવિષે વાલ્મીકિએ ઘણી ઉંચી કલ્પના રાખી છે. કલ્પનાતીત ઉત્તમ રાજ્ય કર્યું, તો કે રામરાજ્ય એમ આપણે સમજીએ છીએ. અતિ ઉત્તમ રાજાનાં મુખ્ય લક્ષણો જોઇતાં હોય તો તે રામચંદ્રના ચરિત્રપરથી સમજી શકાય છે. પ્રથમ રાજાએ પ્રજા પાસેથી ષડ્ભાગ એટલે જમીનની પેદાશનો છઠ્ઠો ભાગ લેવાનો; તે રાજા પ્રજાનું રક્ષણ કરવામાટે જવાબદાર છે તેના બદલામાં લેતા, એવો સિદ્ધાંત તે સમયે હતો. ભરતે શપથ લીધા હતા તેમાં એક એવો હતો કે, "ષડ્ભાગ લેતાં છતાં પણ પ્રજાનું રક્ષણ ન કરનારા રાજાનું પાપ મને લાગે." બીજો મુદ્દો એ હતો કે. "રાજ્યની ઇમારત સત્યના પાયાપર રચાઇ છે. એમ તે વખતે લોકો સંપૂર્ણ રીતે માનતા હતા." 'ચૌદ વર્ષ વનવાસ કરીશ' એમ દશરથને આપેલું વચન તમે નહિ પાળો.

તોપણ ચાલશે, એમ જ્યારે જાબાલિએ રામચંદ્રને સમજાવવાનો પ્રયત્ન કર્યો, ત્યારે શ્રીરામે સત્યની અતિશય પ્રશંસા કરી અને રાજાઓએ તો સત્ય ખાસ કરી પાળવું જોઇએ તેનું કારણ સમજાવ્યું. ત્રીજો મુદ્દો એ હતો કે, પ્રજાનું આરાધન કરવું એજ રાજાનું મુખ્ય અને શ્રેષ્ઠ કર્તવ્ય છે. આ કારણથી પ્રજાનું આરાધન રાજલોક પોતાનું સર્વસ્વ ખર્ચીને પણ કરતા હતા. ચોથો મુદ્દો, અધર્મથી રાજ્ય કદી પણ ચલાવાતું નથી, ધર્મ પાળ્યો નહિ તો પ્રજાનું અકલ્યાણ થશે, એમ તે વખતે દૃઢ સમજુત હતી અને તેથી રાજાઓ ધર્મ પ્રમાણે ચાલવાની અત્યંત કાળજી રાખતા. અસ્તુ. આ ચારે તત્ત્વો રામરાજ્યમાં પૂર્ણપણે અમલમાં આવતાં અને તેથીજ રામરાજ્ય સર્વથી વધારે ઉત્તમ રાજ્ય ગણાતું. એવા રામરાજ્યમાં સર્વ પ્રકારનાં સુખો સંપૂર્ણરીતે વાસ કરી રહ્યાં હતાં, એમ આપણે માનીએ છીએ તેમાં આશ્ચર્ય શું!

એવા સમયમાં સર્વ પ્રજા પણ ધર્મ અને ન્યાયથી વર્તતી હતી એમ કહેવાની જરૂર નથી. અહિંસા, અસ્તેય, વગેરે જે ધર્મનાં મુખ્ય અંગો મનુએ વર્ણવ્યાં છે તે સર્વ એ સમયે સંપૂર્ણ રીતે પાળવામાં આવતાં અને વડીલો તરફ-એટલે પિતા, માતા, ગુરુ જ્યેષ્ઠબંધુ વગેરે તરફ લોકો અત્યંત પૂજ્યભાવ રાખતા. માતાપિતાની આજ્ઞા પાળવી અને સેવા કરવી એ મારો પરમ ધર્મ છે, એમ રામ કહે છે. તેવીજ રીતે લોકોનો સજ્જનો તરફ પણ પૂજ્યભાવ હોઇને સજ્જનોનાં વર્તન પ્રમાણે પોતાનું વર્તન રાખવાની તેમને હોંસ રહેતી. વડીલોપ્રત્યે ભક્તિ, તૃષ્ણાપર અંકુશ અને સજ્જનોને પગલે ચાલવું, એ આર્યનીતિનાં મુખ્ય લક્ષણો છે, એમ ભારદ્વાજે કહ્યું છે. તૃષ્ણાપર અંકુશ રાખ્યાસિવાય સન્માર્ગ સાધી શકાય નહિ, એ દેખીતું છે. લોભ એ પાપનું મૂળ છે. તે જીત્યાસિવાય ધર્મ અને નીતિનો માર્ગ શક્ય નથી. અસ્તુ. સત્યમાટે પણ લોકોને ઘણી આકાંક્ષા હતી. સદાચરણ અને સત્ય ભાષણ એ પરમ શ્રેયનાં મુખ્ય સાધન છે, એમ લોક માનતા. આ વિષયમાં બ્રાહ્મણો વિશેષ પરાયણ હતા. "ખોટા બોલનારા ઋષિ પ્રમાણે નિસ્તેજ થયો!" એમ રામાયણમાં દૃષ્ટાંત છે, તે વાંચતાં હાલના બ્રાહ્મણોને અભિમાન તેમજ ખેદ લાગ્યા સિવાય રહેશે નહિ. તે વખતના લોકો માનતા હતા કે, પરસ્ત્રીગમન જેવું બીજું કોઈ પણ ઘોર પાપ નથી; તેમજ પરદ્રવ્યનું હરણ કરવું એ પણ મહાન પાપ છે, એમ તેઓ માનતા હતા. બ્રાહ્મણો તેમજ અપંગોને દાન આપવું એ સારૂં કામ ગણાતું હતું; પણ વિનાકારણ ભિક્ષા માગવી એ અયોગ્ય છે એમ લોકોની દૃઢ સમજુતી હતી; એટલુંજ નહિ પણ ભક્ષા માગન ા કરવું એ ઘોર પાતક ગણાતું હતું, એમ ભરતજીએ લીધેલા એક શપથપરથી સ્પષ્ટ રીતે દીસે છે. સુરાપાનપ્રત્યે લોકો ઘણાજ તિરસ્કારપૂર્વક જોતા. વિશેષે કરી લોકોના ધર્મશિક્ષક બ્રાહ્મણ તેજ જો સુરાપાન કરતા તો તેઓપર લોકો ચીડાતા હતા અને એવા મદ્ય પીનાર બ્રાહ્મણોને રસ્તામાં કાંકરાનો માર પડતો હતો. સારાંશ કે, એકંદરરીતે લોકોની ધર્મપર અતિશય આસ્થા હતી. ધર્મમાટે ગમે તેવી પ્રિય વસ્તુનો પણ ત્યાગ કરવો પણ ધર્મનો ત્યાગ કરવો નહિ, એવી તેઓની ધર્મપર શ્રદ્ધા હતી; તેમજ પોતાની કીર્તિને જરા પણ કલંક લાગે નહિ, તેમાટે દરેક માણસ કાળજી રાખતો. જે માણસની જનસમાજમાં અપકીર્તિ થાય, તે માણસ અધઃપાત પામે છે એમ તેઓ માનતા હતા. વળી પ્રત્યેક માણસ પોતાનું શીલ સાચવવામાં તત્પર રહેતો; કારણ સદ્વર્તન એજ સજ્જનનું ભૂષણ છે, એમ તે બધાની સમજુત હતી. આ રીતે ઘણેભાગે સર્વ લોક તે વખતે ધર્મ, નીતિ અને સદ્વર્તનને માર્ગે ચાલતા હતા.

સ્ત્રીઓનાં કર્તવ્યની કલ્પના પણ તે વખતે ઉચ્ચ હતી. આર્યસ્ત્રીઓ એટલે સુશીલ સ્ત્રીઓ તે વખતે પતિનેજ પોતાનું દૈવત, ગુરુ અને સર્વસ્વ સમજતી હતી. પતિસાથે તેઓ અરણ્યમાં ખુશીથી જતી. તેના સહવાસમાં જે સુખ મળે તે સ્વર્ગમાં પણ મળવાનું નથી, તેના સિવાય રાજ્ય-વૈભવસુદ્ધાં નરકવાસ જેવો છે, એમ તેઓ માનતી. પતિની સેવા કરવામાં તેઓને અત્યંત આનંદ લાગતો હતો. રાજાના ઐશ્વર્યમાં ચાકરોની કમી નહિ, છતાં રામચંદ્ર બેસે એટલે સીતા ઉભાં રહી તેમને પવન નાખતાં. આવી ભાવના અને વર્તનવાળી સ્ત્રીઓ કેવી તેજસ્વી હશે, તેની કલ્પના સહજ કરી શકાશે. એવી સ્ત્રીઓની આસપાસ એક પ્રકારનું સદ્ગુણનું અભેદ્ય કવચજ રહેતું, એમ કહીએ તો ચાલે. એવી પતિવ્રતા સ્ત્રીઓનું અપમાન કરવાથી આપણાપર ભયંકર ઈશ્વરી કોપ આવી પડશે, એમ લોકો માનતા. પતિવ્રતાનાં અશ્રુ જમીનપર વ્યર્થ પડતાં નથી, એમ તે લોકો માનતા હતા. સારાંશ કે, તે સમયની સ્ત્રીઓ પોતાના પતિમનના સદ્ગુણથી પોતાની જનનને, પોતાના સ્વામીને અને પોતાના સમાજને ભૂષણરૂપ થઇ રહી હતી. બીજી બાબતોમાં પણ તે વખતની સ્ત્રીઓ-ખાસ કરી બ્રાહ્મણ અને ક્ષત્રિય સ્ત્રીઓની યોગ્યતા

મોટી હતી. તેઓ પોતાના ઘરમાં રહી વેદાધ્યયન કરી શકતી અને સંધ્યાવંદન, હોમ વગેરે વૈદિક ક્રિયાનો અધિકાર ભોગવતી. ક્ષત્રિયસ્ત્રીઓ ક્ષત્રિયાણીને યોગ્ય વિદ્યા શીખતી હતી. કૈકેયીએ રણસંગ્રામમાં અણીને વખતે દશરથના સારથિનું કામ કર્યું, એ વાંચી કોને આશ્ચર્ય થશે નહિ! જો કે સ્ત્રીઓ મોટે ભાગે બહાર પડતી ન હતી, તથાપિ ઉત્સવને દિવસે કિંવા યજ્ઞ કે વિવાહ જેવા શુભ પ્રસંગે સ્ત્રીઓને સમાજમાં બહાર પાડવામાં કોઇ જાતનો અટકાવ ન હતો. એજ પ્રમાણે સ્ત્રીઓને યોગ્ય શિક્ષણ મળતું હતું અને યોગ્ય સ્વતંત્રતા પણ હતી, તેમજ તેઓ પોતાના પતિના સંસારમાં દરેક પ્રકારે ઉપયોગી થઇ રહેતી.

તે કાળના સર્વલોક ધર્મશીલ કિંવા નીતિમાન હતા, અથવા સર્વ સ્ત્રીઓ સદ્‌ગુણી અને સુગૃહિણી હતી, એમ કહેવાનો ઉદ્દેશ નથી; તોપણ "यद्यदाचरति श्रेष्ठः तत्तदेवेतरो जनः" એટલે કે શ્રેષ્ઠ લોકો જેવું વર્તન કરે તેવુંજ બીજાઓ પણ કરે, એ સૂત્ર પ્રમાણે તે કાળના સમાજમાંના અગ્રેસરો ધર્મ અને નીતિથી ચાલતા, તેથી જન-સમાજનું વલણ ઘણેભાગે નીતિ અને ધર્મના માર્ગપ્રત્યે હતું, એમ કહેવામાં હરકત નથી. તે વખતે પણ કોઇ કોઇ પાપી પુરુષો તો હતાજ, પણ તેઓનું વલણ તો સન્માર્ગ તરફજ રહેતું; કારણ તે વખતે એવી સમજુત હતી કે પાપ કરનારા પુરુષો રાજ્યદંડ ભોગવી પાપમુક્ત થતા હતા. જેમ સુવર્ણ અગ્નિમાં નાખવાથી શુદ્ધ થાય, તેમ પાપીઓ રાજદંડ પામી શુદ્ધ થતા એમ તેઓ માનતા. આ કારણથી ઘણાખરા પાપીઓ રાજસભામાં હાજર થઇ પોતાનાં પાપો કબૂલ કરતા; એટલુંજ નહિ પણ પોતાનાં પાપો બદલ યોગ્ય શિક્ષા માગી લેતા. અપરાધીને શિક્ષા કર્યા વગર છોડી દે તો રાજાને પોતાને તે શિક્ષા ભોગવવી પડે એમ લોકો માનતા. નિરપરાધીને શિક્ષા કરવી અને અપરાધીને છોડી દેવો, એ બન્નેથી રાજા એકસરખો પાપમાં પડે છે, એમ લોકો માનતા હતા. રાજપુત્રો પણ રાજ્યદંડથી છૂટતા નહિ. જો કોઇ રાજપુત્ર ઉન્મત્ત થઇને પ્રજાને રંજાડે અથવા પરસ્ત્રીપ્રત્યે આડી નજર કરે તો તેને હદપાર કરતા. સારાંશકે, પ્રજાને યોગ્ય ન્યાય મળતો અને પ્રત્યેક ગુન્હેગારને યોગ્ય દંડ કરવામાં આવતો.

તે સમયમાં પ્રજાનો યોગ્ય ન્યાય કરવો એજ રાજાનું શ્રેષ્ઠ અને મુખ્ય કર્તવ્ય ગણાતું હતું. રાજા ન્યાયી ન હોય તો દેશમાં સર્વત્ર અંધકાર પ્રસરી રહે, એમ લોકોના મનમાં બીક રહેતી. અરાજક સ્થિતિ ઘણી ભયંકર છે, એમ લોકોને ખાત્રી હતી અને તેથી દેશમાં રાજા જોઇએજ, એમ લોકોની દૃઢ સમજ હતી. કોઈ વિશેષ પ્રસંગે રાજ્યમાં કોઇજ અધિકારી ન હોય તો તે વખતે લોકો સભા મેળવીને ન્યાય કરવા સારૂ રાજા નિમતા હતા. રાજાએ રોજ રાજસભામાં આવી ન્યાય આપવો, એ નિયમ હતો. આળસ અથવા એશઆરામમાં પડી જઇ રાજા ઈન્સાફ આપવામાં ગાફલ રહે તો કોઈ કોઈ વખતે ઋષિઓ તેને શાપ આપતા હતા. પ્રજાનો ન્યાય રાજા રાજસભામાં બેસી અષ્ટપ્રધાનની સલાહ લઈ કરતા હતા. મહત્ત્વનો રાજકીય સવાલ હોય ત્યારે સર્વ પ્રજાની સલાહ લેતા. આવી લોકસભામાં રાજ્યધાની તેમજ દેશના બીજા ભાગોમાંના ચારે વર્ણના પ્રમુખ લોકો તેમજ માંડલિક રાજાઓને બોલાવવામાં આવતા. રાજા વૃદ્ધ થાય એટલે કામમાં મદદ કરવામાટે પોતાના જ્યેષ્ઠ પુત્રને યુવરાજ નિમતા. તેને ઈન્સાફ ચુકાવવાનો તેમજ બીજો અધિકાર મળતો. એક વામ જેવડા વ્યાસનું દુંદુભિ અને શ્વેત છત્ર, એ રાજચિહ્ન ગણાતાં અને રાજાના રથને આઠ ઘોડા જોડવામાં આવતા; તેમજ સૂત, માગધ અને બંદીજનો, રાજાના તેમજ રાજવંશના ગુણ અને યશનું ગાન પ્રત્યેક પ્રહરે દરરોજ કરતા. આનો હેતુ ફક્ત વખત જણાવવાનો ન હતો, પરંતુ પોતાના પૂર્વજોની યાદ આપી પોતાની કીર્તિ કાયમ રાખવાને ઉત્તેજિત કરવાનો હતો. આ પ્રમાણે ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરી અને રાજ્યનો ઉપભોગ કરી, વિશેષ વૃદ્ધાવસ્થા થતાં રાજાઓ સંસારનો મોહત્યાગ કરી, રાજ્ય છોડી દઈ વનવાસ કરતા કિંવા બીજી રીતે મોક્ષનો માર્ગ સ્વીકારતા.

આ પ્રમાણે તે વખતે ભારતવાસી આર્યોની નૈતિક તેમજ રાજકીય સ્થિતિ સર્વથી વધારે ટોચપર પહોંચી હતી. પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્ને માર્ગનું જે સમાજમાં યથાયોગ્ય સેવન થાય છે, તે સમાજ ઉન્નતિ પામે એ સ્વાભાવિક છે. "कामात्मता न प्रशस्ता न चैवेहास्त्यकामता।" એ મનુભગવાનનું અમૂલ્ય વચન લક્ષમાં રાખવા યોગ્ય છે. ભૌતિક સુખને અત્યંત સ્વાધીન થયેલો માણસ અથવા સમાજ અવનતિ પામ્યાવગર રહેજ નહિ, તેથી ઉલટું એકદમ નિવૃત્તિમાર્ગે રહેવું એ પણ માણસો અથવા સમાજને માટે શક્ય નથી. સારાંશ કે, પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્ને

માર્ગોનું રીતસર સેવન કરવામાંજ ખરું સુખ અને ખરી ઉન્નતિ છે. આ પ્રકારની ઉન્નત સ્થિતિપર તે વખતના ભારતવાસી આર્યો પહોંચ્યા હતા. શરીરે ઉંચા, રંગે ગોરા અને અણીદાર નાક–આંખવાળા, તે સમયના આર્યો સશક્ત અને બુદ્ધિમાન હતા અને તેઓ ઉત્સાહ તથા તપના તેજથી પ્રકાશી રહ્યા હતા. સંસારમાં ઉત્સાહ રાખવો એજ માણસનું મુખ્ય બળ છે, એમ તે લોકો માનતા હતા; તેમજ પારકાએ કરેલા અપમાનનો બદલો પોતાના તેજથી આપે નહિ તેનો પુરુષાર્થ નકામો છે, એમ પણ તેઓ માનતા. ઉદ્યોગમાં તેઓ વખણાયલા હતા. વારંવાર અડચણ આવે કે નિરાશા ઉત્પન્ન થાય, તોપણ પોતાનો ઉદ્યોગ તેઓ છોડતા નહિ. ભગીરથનું નામ અખંડ ઉદ્યોગમાટે એટલું તો પ્રસિદ્ધ થયેલું છે કે, આર્યભાષામાં 'ભગીરથ' શબ્દ અખંડ પ્રયત્નસૂચક થઇ પડયો છે. આ ઉદ્યોગની સાથે તેઓ સાહસિક પણ હતા. મોટા મોટા અરણ્યમાં અથવા તો પરદેશી ક્રૂર લોકોના દેશોમાં જતાં તેઓ જરાપણ બીતા નહિ. સારાંશ કે, ઉત્સાહ, તેજ, ઉદ્યોગ, સાહસ વગેરે જે ગુણો ભૌતિક ઉન્નતિમાટે જરૂરના છે, તે એ સમયના આર્યોમાં હતા. વિશેષમાં તે ઉપરાંત ધર્મ, નીતિ, તપ અને નિષ્કામ બુદ્ધિ એ ગુણો પણ તેમનામાં હતા. તે કારણોથીજ તેઓની સર્વ પ્રકારે ચડતી થઈ હતી; એટલુંજ નહિ પણ રાક્ષસોના રાવણ જેવા બલાઢ્ય રાજાને પણ તેઓ જીતી શક્યા હતા.

એ સમયમાં આર્યલોકોનાં રાજ્યો હિમાલયથી તે પ્રયાગપર્યંત પ્રસરી રહ્યાં હતાં, તે આપણે ઉપર કહી ગયા છીએ. યમુનાની દક્ષિણે ગોદાવરીપર્યંતનો ભાગ તે સમયે નિર્જન અને ભયંકર અરણ્યવાળો હતો. તે ભાગને દંડકારણ્ય કહેતા. હાલના મધ્યપ્રાંતોની સીમા લગભગ દંડકારણ્યને મળતી આવે છે. હજુ પણ આ દેશમાં મોટાં મોટાં અરણ્યો તેમજ વિંધ્યાચળ અને સાતપુડા પર્વતની વિશાળ દુર્ગમ રાંગ ઉભી રહેલી છે. આ દંડકારણ્યમાં કેટલાંક યોગ્ય સ્થળે આચાર્યોએ પોતાના આશ્રમો સ્થાપ્યા હતા. ગોદાવરીની પેલી બાજુએ દક્ષિણ તરફ લંકાપર્યંત અનાર્યોની વસ્તી પુષ્કળ હતી. તેમાં રાક્ષસો વધારે બળવાન હતા અને તેઓનું લંકામાં અત્યંત સમૃદ્ધિવાળું રાજ્ય હતું. રાક્ષસો શરીરે મજબૂત, કાળા રંગના તથા ક્રૂર સ્વભાવના અને કપટી હતા. રાક્ષસ અને અસુર વચ્ચેનો ભેદ અહીં ધ્યાનમાં રાખવો જોઇએ. અસુર એ આર્યોનાજ ભાઇબંધ હોઈ તેઓ સિંધુનદીને પેલે કિનારે ઉત્તરમાં રહેતા હતા. રાક્ષસો અનાર્ય હતા અને દક્ષિણદેશમાં સમુદ્રકિનારે રહેતા હતા. આ રાક્ષસોનો સૌથી ભયંકર દુર્ગુણ એ હતો કે, તેઓ નરમાંસ ખાનારા હતા. દંડકારણ્યના આશ્રમમાં તેઓનો ઘણોજ ત્રાસ હતો અને તેઓ ઘણાં માણસોને મારી ખાતા. એ સિવાય પરસ્ત્રી અથવા પુત્રીઓને જબરજસ્તીથી હરણ કરી જઇ તેઓની સાથે લગ્ન કરવાનો ચાલ તેઓમાં હતો. આ પ્રકારનાં લગ્નને આપણાં ધર્મશાસ્ત્રોમાં 'રાક્ષસવિવાહ' નામ આપેલું છે. આ બે ભયંકર કૃત્યોથી રાક્ષસ અને આર્યોવચ્ચે વારંવાર વિરોધ પડતો. આ કારણથીજ તે સમયે હદપાર કરેલા આર્ય રાજપુત્રોને દંડકારણ્યમાં મોકલવાની રૂઢિ પડી હશે. તેનો ઉદ્દેશ એ હશે કે, હદપાર થયેલા રાજપુત્રોએ દંડકારણ્યમાં રહેનારા બ્રાહ્મણોને રાક્ષસોની વિરુદ્ધ મદદ કરવી. શ્રીરામચંદ્ર અને રાક્ષસો વચ્ચે પણ વૈરભાવ ઉત્પન્ન થયો અને શ્રીરામચંદ્રે પોતાનાં અલૌકિક પરાક્રમવડે રાક્ષસનાં બલાઢ્ય રાજ્યોનો નાશ કર્યો વગેરે સમગ્ર હકીકત રામાયણમાં આવેલી છે. હિંદુસ્થાનના એક છેડાથી તે બીજા છેડાસુધી નરમાંસભક્ષકોનો સમૂળગો નાશ કરવો, એ રામચંદ્રના જન્મનું મુખ્ય કૃત્ય છે. તે ઉપરાંત રામચંદ્રે પોતાના અતિઉદાત્ત ચરિત્રથી લોકમાં નીતિનો એક ઉત્તમ નમુનો ચિત્રી બતાવ્યો છે. " હે લક્ષ્મણ ! અપરાધી તેમજ નિરપરાધી બન્નેનો એકસાથે વધ કરીશ નહિ ! " એમ કહી રામે ઇંદ્રજિતના માયાવી આકાશયુદ્ધ જેવા ભયંકર સંકટના પ્રસંગમાં પણ નીતિનો માર્ગ છોડયો નથી; અને સુવર્ણના કોટથી વેષ્ટિત અને રત્નોથી ભરપૂર લંકાનગરી તેમના હાથમાં આવ્યા છતાં પણ તલમાત્ર લોભ કર્યા વગર તેમણે સુવર્ણ રત્નસહિત લંકાનું રાજ્ય વિભીષણને સ્વાધીન કર્યું હતું. સારાંશ કે, પોતાના અલૌકિક ઉદાહરણથી શ્રીરામચંદ્ર પોતાના સમયના ભારતવાસી આર્યોને વૈભવ અને નીતિના શિખરપર પહોંચાડવા સાથે ભવિષ્યની પ્રજાને માટે પણ ઉદાર અને ઉચ્ચ નીતિનો આદર્શ મૂકી ગયા છે; અને તે આપણું (ભારતવાસીઓનું) મહાન સદ્ભાગ્ય છે.

૪–દ્રાવિડદેશની રામાયણ

મહારાષ્ટ્ર, ગુજરાત, ઉત્તરહિંદ વગેરે પ્રદેશોમાં વાલ્મીકિ રામાયણ ઉપરાંત તુલસીકૃત, ગિરધરકૃત, વલ્લભકૃત વગેરે બીજી પણ અનેક નાની મોટી રામાયણો પ્રચલિત હોઇને વાલ્મીકિની રામાયણના અને આ સર્વ રામાયણોના કથાભાગમાં બહુ ફરક નથી; પરંતુ દક્ષિણ તરફ દ્રાવિડદેશમાં ત્યાંની દ્રાવિડીભાષામાં એક બીજી રામાયણ છે. એ રામાયણની મૂળકથા તો વાલ્મીકિ રામાયણને મળતીજ છે; પરંતુ અન્ય ઘટનાઓમાં મોટો ફરક છે. વાલ્મીકિ રામાયણમાં આવે છે તેવી વિલક્ષણ બાબતો તેમાં દેખાતી નથી. તેમાં નથી તો મહાવીર હનુમાનની અતિ વિશાળ કાયાની વાત કે નથી તેમના લાખો ગજ લાંબા પૂંછડાની વાત. એમાં તો તેમને કેવળ એક મહાબલિષ્ટ યોદ્ધાજ દર્શાવેલા છે. એ રામાયણમાંનો કથાભાગ ઐતિહાસિક સત્યની દષ્ટિથી પણ સુસંગત જણાય છે. આ વિષે મરાઠીભાષાના સુપ્રસિદ્ધ "કેસરી" પત્રમાં છપાયલો એક લેખ ખાસ જાણવા જેવો હોવાથી તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે.

દ્રાવિડદેશના રાજા જીમૂતવાહનને શત્રુનો ભાસ થવાથી તેણે લંકા અને પાતાળલંકાના ભીમ નામના બળવાન અને પ્રતાપી રાક્ષસરાજાનો આશ્રય લીધો. રાજા ભીમ વૃદ્ધ અને પુત્રવિનાનો હોવાથી તેણે જીમૂતવાહનને દત્તક લઈ એક રાક્ષસકન્યાસાથે તેનું લગ્ન કરાવી આપ્યું અને લંકા તથા પાતાળલંકા એ બન્ને સ્થળનું પોતાનું રાજ્ય તેને સોંપ્યું. આ વાત સુપ્રસિદ્ધ છે કે, લંકા એ હાલનો સીલોન બેટ છે અને કન્યાકુમારીથી લઇને ગોકર્ણસુધીના પશ્ચિમઘાટને તથા સમુદ્રકિનારા વચ્ચેના પ્રદેશને પાતાળલંકા કહેતા–અર્થાત્ ત્રાવણકોર, કુર્ગ અને કાનડા જીલ્લાના કેટલાક ભાગને પાતાળલંકાની સંજ્ઞા હતી. લંકાનું રાજ્ય કેવળ સીલોન બેટમાંજ નહિ, પરંતુ ઉત્તરપૂર્વ દિશામાં આવેલા હાલના ત્રિચીનાપલ્લીસુધી અને ઉત્તરપશ્ચિમે આવેલા સમુદ્રકિનારાસુધી પ્રસરેલું હતું.

એજ જીમૂતવાહનના વંશમાં માલી, સુમાલી અને માલ્યવાન નામના ત્રણ પરાક્રમી રાજા થયા હતા; પણ વિદ્યાધર દેશના રાજા ઇંદ્રે તેમનું રાજ્ય લઇ લેવાથી તેમને પાતાળલંકાનો આશ્રય લેવો પડયો હતો.

એમાંના સુમાલીના પુત્રનું નામ રત્નશ્રવા હતું અને રાવણ એ રત્નશ્રવાનો પુત્ર હતો. રાક્ષસકુળમાં એ રાવણ અતિ પ્રતાપી અને દિગ્વિજયી રાજા થઇ ગયો છે. એણે વિદ્યાધર દેશના રાજા ઇંદ્રને જીતી લંકાનું સ્વામીત્વ પાછું મેળવ્યું અને કિષ્કિંધાનું રાજ્ય પણ જીતી લઇને ત્યાં ઋક્ષજ અને સૂર્યજને રાજ્યપદે સ્થાપન કર્યા. સૂર્યજને વાલી અને સુગ્રીવ નામના બે પુત્ર હતા. રાવણે કિષ્કધાનું રાજ્ય પાછું મેળવી આપ્યાના બદલામાં તેમની પાસે પારિતોષિકના નિમિત્તે વાલી અને સુગ્રીવની બ્હેનની માગણી કરી. વાલી એ વાતમાં સંમત થયો નહિ અને પોતાના ભાઇ સુગ્રીવ વગેરે સાથે તેને મતભેદ પડયો; તેથી સુગ્રીવને રાજપાટ સ્વાધીન કરી ચાલ્યો ગયો અને સુગ્રીવ પોતાની ભગિનીનું રાવણ સાથે લગ્ન કરી નિર્વિઘ્ને રાજ્ય કરવા લાગ્યો. વાલ્મીકિ રામાયણમાં (સુંદરકાંડ સર્ગ ૫૧) હનુમાન રાવણના દરબારમાં ગયા હતા, તે વખતે તેમણે રાવણને ઉદ્દેશીને કહ્યું છે કેઃ–'હે રાક્ષસરાજ ! તમારા સંબંધી સુગ્રીવે તમારી કુશળતા પૂછી છે ?' આ ઉપરથી જણાય છે કે, આ વાક્યમાંનો 'સંબંધી' શબ્દ ઉપર જણાવેલા સગપણને અનુલક્ષીનેજ યોજાયલો હોવો જોઇએ.

એક વખત સુગ્રીવને પોતાની સ્ત્રી "સુતારા" સાથે અણબનાવ થવાથી તેણે કંટાળીને રાજ્યધાનીથી દૂર એક સ્થળે (બહુધા ઋષ્યમૂક પર્વતપર) અજ્ઞાતવાસ કર્યો; પરંતુ આ તક સાધીને એક દુષ્ટ માણસ સુગ્રીવનો વેષ ધારણ કરી રાજ્યધાનીમાં આવી રાજ્ય કરવા લાગ્યો.

જ્યારે આ વાત ખરા સુગ્રીવના જાણવામાં આવી, ત્યારે તે ચિંતાતુર બનીને પોતાના પ્રાણપ્રિય મિત્ર હનુવર દેશના રાજા અને પવનજયના પુત્ર હનુમાનની સલાહ લેવા ગયો. રાજા હનુમાનને પોતાના દૂતદ્વારા ખબર મળી હતી કે, કોસલદેશનો સૂર્યવંશી રામચંદ્ર નામનો કોઇ એક અતિ બળવાન વીર પોતાના પરાક્રમી બંધુ લક્ષ્મણસહિત કંઇ કારણસર વનવાસ સ્વીકારી નજીકમાં પાતાળલંકા આગળના અરણ્યમાં વિચરે છે. આ પરથી તેમણે પોતે ત્યાં જઈ રામચંદ્રની

ભેટ લીધી અને અગ્નિને સાક્ષી રાખી સુગ્રીવસાથે તેમની મૈત્રી કરાવી આપી. બંનેએ પરસ્પર એકબીજાના કાર્યમાં સહાય કરવાની પ્રતિજ્ઞાઓ લીધી. બંને વચ્ચે ઠરાવ થયો કે, રામચંદ્રે વેશધારી સુગ્રીવને મારી સુગ્રીવને રાજ્ય પાછું અપાવવું અને સુગ્રીવે રામચંદ્રની પત્ની સીતાની શોધ કરાવી તેને પાછી લાવવાના કાર્યમાં રામચંદ્રને મદદ આપવી. ખરા સુગ્રીવ અને વેશધારી સુગ્રીવના સ્વરૂપમાં બહુજ મળતાપણું હોવાથી ઓળખી શકાય તેટલા સારૂ રામે ખરા સુગ્રીવના ગળામાં ચિહ્નતરીકે એક માળા પહેરાવી, વેશધારી સુગ્રીવ સાથે યુદ્ધ કર્યું અને હનુમાનની સહાયથી તેને મારીને ખરા સુગ્રીવને તેનું રાજ્ય પાછું મેળવી આપ્યું. પછી સુગ્રીવે સીતાની ખોળમાટે ચોતરફ દૂત મોકલી દીધા.

આ દૂતોએ ચારે દિશામાં ફરી વળી એવા સમાચાર આણ્યા કે, લંકાનો રાજા રાવણ સીતાનું હરણ કરી ગયો છે. રસ્તામાં સીતાનું આક્રંદ સાંભળી રાજા જટાયુએ એ દુષ્ટના પંજામાંથી સીતાને છોડાવવાનો પ્રયત્ન કર્યો હતો; પણ તેમાં તેને યશ ન મળ્યો અને રાવણે તેને મારી નાખ્યો. આ પ્રમાણે સીતાની શોધ થયા પછી રાવણના હાથમાંથી તેને કેવી રીતે છોડાવવી એ પ્રશ્ન ઉપસ્થિત થયો; ત્યારે રામ, લક્ષ્મણ, સુગ્રીવ અને હનુમાન એ સર્વના વિચારથી એવું ઠર્યું કે, રાજા હનુમાને વિષ્ટિમાટે રાવણ પાસે જવું અને તેને સામોપચારની વાતો કહી સીતાને પાછી સોંપવા સમજાવવો. આ કાર્યમાટે હનુમાનની થયેલી યોજના અત્યંત સમર્પક હતી; કારણ કે હનુમાન રાવણની માફકજ રાક્ષસવંશના અને રાવણના દૂરના સગા હતા. વળી તે અતિ બુદ્ધિશાળી, અસામાન્ય શૂરવીર અને કુશળ વક્તા પણ હતા.

આ યોજના પ્રમાણે હનુમાન વિષ્ટિના કાર્યમાટે નીકળ્યા. નીકળતાં પહેલાં તેમણે ઓળખાણની કેટલીક નિશાનીઓ સીતાને બતાવવાસારૂ રામ પાસેથી લીધી હતી. તે મહેંદ્ર અને દધીમુખ પર્વતના માર્ગે લંકા જઇ પહોંચ્યા. રાવણની મુલાકાત લઇ કહેવા જેવી એ વાતો કહી; પણ રાવણે ઉન્મત્તતાથી તેમનું કથન સ્વીકાર્યું નહિ.

વિષ્ટિનો પ્રયત્ન નિષ્ફળ ગયા પછી યુદ્ધસિવાય અન્ય માર્ગ રહ્યો નહિ; ત્યારે રામ, સુગ્રીવ અને હનુમાન યુદ્ધની તૈયારી કરવા લાગ્યા. સુગ્રીવ અને હનુમાને અન્ય દ્રાવિડીરાજાઓની સહાય મેળવીને મોટું સૈન્ય એકત્ર કરી લંકા તરફ પ્રયાણ કર્યું. આ પ્રવાસદરમિયાન તેમને રસ્તામાં વેલાંધપુર, સુવેલાચલ અને હંસદ્વીપ વગેરે રાજ્યોમાંથી પસાર થવું પડ્યું. આ વખતે વેલાંધપુરમાં સમુદ્ર નામનો કોઇ રાજા રાજ્ય કરતો હતો. તેણે સૈન્યને પોતાના રાજ્યમાંથી પસાર થવાનો માર્ગ આપ્યો. આ સાદી વાતપરથી વાલ્મીકિ રામાયણમાં કવિએ કલ્પના ચલાવી સમુદ્રપર રામે સેતુ બાંધી લંકામાં વાનરસેના ઉતાર્યાની કથા રચી હોય એમ જણાય છે.

દ્રાવિડદેશની આ રામકથા અને તેમાં આપેલો કિષ્કિંધાના રાજવંશનો ઇતિહાસ કાળજીપૂર્વક વાંચવાથી વાલ્મીકિ રામાયણમાં અને આ કથામાં ક્યાં ક્યાં તફાવત પડે છે, તથા જ્યાં જ્યાં તફાવત પડતો હોય ત્યાં દ્રાવિડી કથા કેવી સુસંગત છે અને વાલ્મીકિ રામાયણમાં કવિના કલ્પનાવિલાસને અતિશય ઓતપ્રોત કર્યાથી એમાં કેવો અસંભવિત વાતોનો ભંડાર થઇ પડ્યો છે, તે જણાઇ આવે છે.

એ પ્રમાણે દ્રાવિડી રામાયણમાં સુગ્રીવ આદિને વાનર નહિ પણ મનુષ્યતરીકે દર્શાવેલા છે. વળી વાલ્મીકિ રામાયણમા રામચંદ્ર ઉપર છુપાઇને વાલીને બાણ મારવાના જે આરોપ છે; તેમજ વાલી ઉપર પોતાના નાનાભાઇને સતાવવાનો અને તેની સ્ત્રી ખુંચવી લેવાનો અને સુગ્રીવ ઉપર વડીલબંધુની હત્યાનો જે આરોપ મૂકાયલો છે, તે આરોપોથી તેઓ તદ્દન મુક્ત ઠરે છે; એટલુંજ નહિ પણ ઉલટું એમાંથી વાલીનું મહત્ત્વ દેખાઇ આવે છે કે, ભાઇસાથે મતભેદ થતાં રાજ્યહિતને ખાતર તે રાજ્યગાદી છોડીને ચાલ્યો ગયો.

છેવટે આ બાબતની વધુ ચોકસી થવાની આવશ્યકતા દર્શાવતાં શ્રીયુત આપ્ટે જણાવે છે કેઃ—

"ઉપલી માહિતી કેટલેક દરજ્જે ખરી છે; અને ખરી હોય તો દ્રાવિડીરામાયણમાંથી બીજા પણ કોઇ એવી નવીન હકીકતો મળી આવે છે કે કેમ, તેની તપાસ કરી કોઈ ઇતિહાસસંશોધક કોઠાનમાં વધારો કરશે તો જનસમાજપર મહદ્ ઉપકાર થશે."

બંગાળી માસિક પત્રના (બંગાળી સન) ૧૩૨૭ના શ્રાવણ અંકમાં શ્રીયુત અમૃતલાલ શીલ-નો ઉપલી બાબતપર એક લેખ પ્રસિદ્ધ થયેલો, તે ઉપરથી શ્રીયુત વાસુદેવ ગોવિંદ આપ્ટેએ ઉપલો લેખ લખ્યો હતો.

५-शुं प्राचीन आर्यो ऐतिहासिक विद्याथी अज्ञात हता ?

[કાંગડી ગુરુકુળના સુયોગ અધ્યાપક શ્રીયુત રામદેવજીએ "ભારતવર્ષ કા ઇતિહાસ" નામે એક અતિ ઉપયોગી પુસ્તક રામાયણ, મહાભારત તેમજ અન્ય કંઇએક પ્રાચીન ગ્રંથો અને ભારતના પ્રાચીન ઇતિહાસવિષે યુરોપીયન વિદ્વાનોને હાથે લખાયલાં પુસ્તકોના ઉંડા અભ્યાસ પછી લખેલું છે. એ પુસ્તકમાં રામાયણના સંબંધમાં જણાવેલી કેટલીક હકીકતો ખાસ મહત્વની હોવાથી વાચકોના મનનને માટે તેમનાજ શબ્દોમાં અંક ૫ થી ૧૪ સુધીમાં નીચે આપીએ છીએ.]

પશ્ચિમના કંઇએક ઇતિહાસવેત્તાઓ કહે છે કે, પ્રાચીન આર્યો ઐતિહાસિક વિદ્યાથી અજ્ઞાત હતા. આ લાંછનનો ઉત્તર આપતાં પ્રૉફેસર રામદેવજી ઉપલા ગ્રંથમાં લખે છે કેઃ—

"વાસ્તવ મેં યદિ યહ લાંછન ઠીક હો તો હમેશાં માનના પડેગા કિ હમારે પુરુષોં (પૂર્વજ) કેવળ અર્ધસભ્ય થે; કયોંકિ કેવલ દો હિ અવસ્થાઓંમેં કોઇ નેશન વા જાતિ ઐતિહાસિક જ્ઞાન સે શૂન્ય હો સકતી હૈ"

"(૧) કિ ઉસ કે નેતાને કોઈ ઐસે કાર્ય ન કિયે હોં જિસે ઉનકી સંતતિ અભિમાનપૂર્વક સ્મરણ કર સકે."

"(૨) કિ ઉસકે નેતા અપની સન્તતિ કો ઐતિહાસિક શિક્ષા કે લાભોં સે અવગત કર ઉન મેં દેશભક્તિ કે ભાવોં કો ઉત્તેજિત કરનેકી આવશ્યકતાસે અનભિજ્ઞ હોં."

"પહેલી અવસ્થા તો હો હી નહીં સકતી; કયોંકિ યહ પ્રખ્યાત હૈ કિ, પ્રાચીન આર્યાવર્ત મેં રેખાગણિત, બીજગણિત, જ્યોતિષ તથા પદાર્થવિજ્ઞાન મહોન્નતિ કો પહુંચે હુએ થે. વૈદ્યકસંબંધી આશ્ચર્યજનક અન્વેષણ હો ચૂકે થે. અધ્યાત્મ-વિદ્યા ઉન્નતિ કે શિખરપર વિરાજમાન થી. પ્રજાતંત્રશાસનપ્રણાલી કા પ્રચાર કિયા ગયા થા તથા ચક્રવર્તી સામ્રાજ્ય ભી સંસ્થાપિત હો ચુકા થા. અતએવ યહ સિદ્ધ નહીં હો સકતા કિ પ્રાચીન આર્યોંકે કાર્ય ઐસે ન થે જો ઉન કે સંતાન કે ઉચ્ચ ભાવોં કો ઉત્તેજિત કરતે ઔર ઉન કી ઉન્નતિ મેં સહાયક હો સકતે. વાસ્તવ મેં ઉનકે કાર્ય્ય તો કેવલ ભારત હી નહીં પ્રત્યુત સર્વ સંસાર કો ઉન્નતિ કે માર્ગપર ચલને કા આદેશ કરતે હૈ."

"દ્વિતીયાવસ્થા ભી સંઘટિત નહીં હોતી; કયોંકિ જબ હમ પ્રાચીન ઔર નવીન સંસ્કૃત સાહિત્ય કી આલોચના કરતે હૈં તો ઉસે ઇતિહાસ કે ગુણવર્ણન સે ભરપૂર પાતે હૈં."

એ પછી ઉપલી બાબતમાં સ્થાલીપુલાક ન્યાયે કેટલાંક ઉદાહરણો અથર્વવેદ, ગૃહ્યસૂત્ર, છાંદોગ્ય, મહાભાષ્ય, વ્યાકરણ, કાદંબરી, મહાભારત વગેરેમાંથી આપીને; તેમજ ઇતિહાસની લેખનકળા ભારતવર્ષની ૬૪ કળાઓમાંની એક કળાતરીકે ગણાતી તેનું પ્રમાણ આપીને પ્રૉફેસર રામદેવજી લખે છે કેઃ—

"ઇન ઉદાહરણોં સે ભલી ભાંતિ વિદિત હોતા હૈ કિ પ્રાચીન આર્ય્ય, ઇતિહાસ કો એક પ્રકાર કા વિજ્ઞાન ઔર ધર્માર્થ કામ મોક્ષ કી પ્રાપ્તિ મેં સહાયક માનતે થે, એવં ઉસકી સહાયતા સે અપને અનેક કાવ્યોંકો શિક્ષાપ્રદ તથા મનોરંજક બનાયા કરતે થે. ભલા, જિસ ઇતિહાસ કી વિદ્યમાનતા કી સાક્ષી નારદ, સનત્કુમાર, પતંજલિ પ્રભૃતિ સ્પષ્ટ શબ્દોં મેં દે રહે હૈં, ઉસકે જ્ઞાતા ભારત મેં ન હુએ હોં, યહ કૈસે સંભવ હો સકતા હૈ? એવં ભારતીય સાહિત્ય મેં ઐતિહાસિક સાહિત્ય કી અવિદ્યમાનતા કોઇ કૈસે સિદ્ધ કર સકતા હૈ?"

"જબ પ્રશ્ન ઉપસ્થિત યહ હોતા હૈ કિ યદિ પ્રાચીન આર્ય લોગ ઇતિહાસકે લાભોં સે પરિચિત થે તો ઇસ સમય કારણકાર્ય્ય શૃંખલારૂપ સમસ્ત ભારતકા ઇતિહાસ કયોં નહીં મિલતા, જિસમેં. તિથિવાર સબ ઘટનાઓંકા સવિસ્તર વર્ણન હો ! મિલે કૈસે ? જિસ સમય મુસલમાની અંતસે અસમ્બન્ધ ભારતસન્તાનકો વશીભૂત કરનેકી બલાત્ ચેષ્ટા કી જાતી થી, જિસ સમય સહસ્રોં

પુરુષો સે ઉનકી પત્નિયાં ઔર ભાતાઓં સે ભગિનિયાં છીની જાતી થીં, કભી કતલ આમ–અર્થાત્ સર્વજનવધ કી આજ્ઞા પ્રચલિત હોતી થીં, ઉસ સમય કુરાનકે પ્રતિદ્વન્દ્વી ભારતીય ગ્રંથ ભલા કૈસે બચ સકતે થે? ઉદન્તાપુરી કા પ્રાચીન વિશ્વવિદ્યાલય મહારાજ મહાપાલ કે સમય મહોન્નતિ કો પ્રાપ્ત થા, જિસ મેં અન્યાન્ય પ્રકાર કે વિદ્યાર્થિયોં કે અતિરિક્ત હીનાયન સંપ્રદાય કે ૧૦૦૦–એક સહસ્ર બૌદ્ધ સાધુ તથા મહાયન સંપ્રદાય કે ૫૦૦૦–પાંચ સહસ્ર બૌદ્ધ સાધુ શિક્ષા ગ્રહણ કર રહે થે. ઉસકે મહાન પુસ્તકાલય કો, જીસમેં બ્રાહ્મણોં તથા બૌદ્ધોં કે ગ્રન્થ ભરે પડે થે, ૧૨૦૨ ઇસવી મેં બખ્તિયાર ખિલજી કે સેનાપતિ મુહમ્મદ બિનસીમ ને જલા દિયા ઔર ઉક્ત સાધુઓંકો માર ડાલા, ઐસી દુર્ઘટનાએં કિતની હુઈ ઇસકા પતા કૌન લગા સકતા હૈ? (વર્તમાન સંસ્કૃત ગ્રંથોં મેં અનેક ઐસે ગ્રંથોં કે નામ આતે હૈં જિન કા ઇસ સમય કહીં ભી પતા નહીં લગતા. ઇસકા કારણ ક્યા? યહી કિ અનેક ભારતીય ગ્રંથ મુસલ્માની ધર્માગ્નિમેં ભસ્મ હો ગયે.) જબ આર્યજાતિ પર યહ વિપત્તિ પડી તો ઉસ કે નેતાઓંને યહ સોચા કિ ઇતિહાસાદિ સાધારણ ગ્રંથ તો ફિર ભી બન સકતે હૈં; પરંતુ યદિ વેદોં, ઉપનિષદોં તથા દર્શનાદિ શાસ્ત્રોં કા નાશ હો ગયા તો ન કેવલ આર્ય્ય જાતિ હી વિનષ્ટ હો જાયગી, પ્રત્યુત સંસારમાત્ર કી આત્મિક, માનસિક તથા સામાજિક ઉન્નતિયોંમેં બાધા પડેગી. અતએવ વહ વેદોપનિષદ્ દર્શનાદિ કતિપય ગ્રંથોંકો કંઠસ્થ કરને લગે, જિસ સે આર્યોં કે સૈંકડો ગ્રંથોં બચ ગયે; પરંતુ સહસ્રોં પરમોપયોગી ગ્રંથોં કી રક્ષા ન હો સકી. વેદોં કી ૮૦૦ સે ભી અધિક શાખાઓં કા નાશ હો ગયા. ધનુર્વેદ, આયુર્વેદ, શિલ્પવિદ્યા, ઇતિહાસાદિ કે સેંકડોં ગ્રંથ વિલુપ્ત હો ગયે; તથાપિ માનના પડેગા કિ હમારે પુરુષોં ને ઉસ ઘોર વિપત્તિ કે સમય બડી બુદ્ધિમત્તા સે કામ કિયા. યદિ આજ ઇસ ગિરિ હુઇ અવસ્થા મેં ભી ભારતસંતાન કા કુછ માન્ય યોરોપ તથા અમેરિકાદિ દેશોં મેં હૈ તો ઉસકા કારણ કેવલ યહી હૈ કિ ગૌતમ, કણાદ, પતંજલિ ઔર વ્યાસકી પૂજા સભ્ય સંસારમેં હોતી હૈ."

"પરંતુ ક્યા સારી ઇતિહાસકી પુસ્તકોંકા નાશ હો ગયા? નહીં, ઇસ સમય ભી કાશ્મીર કા ઇતિહાસ મિલતા હૈ જિસ કા નામ રાજતરંગિણી હૈ; જિસ કે કર્તા કલ્હન કે વિષય મેં ડાક્ટર સ્ટાઇન નામક પ્રસિદ્ધ ઐતિહાસિક માનતા હૈ કિ કલ્હન ઇતિહાસ કે સચ્ચે અર્થોં કો જાનતા થા. ઔર મિસ્ટર ગ્રેય. બુસ આશ્ચર્ય પ્રકટ કરતા હૈ કિ જિસ સમય યોરોપમેં વાસ્તવિક ઐતિહાસિક બુદ્ધિ કા વિકાસ ભી નહીં હુઆ થા ઉસ સમય ભારતમેં કલ્હન સરીખા ઇતિહાસવેત્તા કૈસે ઉત્પન્ન હો ગયા? કલ્હનકા કાર્ય્ય અદ્ભુત ઔર ઇવોલ્યુશન થિયરી–અર્થાત્ વિકાસવિચાર કે નિયમોં મેં આબદ્ધ નહીં હોતા.'

"સોચને કી બાત હૈ કિ મહારાજ વિક્રમાદિત્યકી બારહવીં શતાબ્દિમેં, જબ કિ ભારતકા અધઃપતન હો રહા થા, કલ્હન સરીખે ઇતિહાસવેત્તા ઉત્પન્ન હો સકતે થે; તો ઉસ સમય. જબ કિ ભારત ઉન્નતિ કે શિખરપર વિરાજમાન થા, ઇસ દેશ મેં કિતને ઔર કૈસે કૈસે ઐતિહાસિક વિદ્વાની ઉત્પન્ન હુએ હોંગે! કલ્હન લિખતે હૈં કિ રાજતરંગિણી લિખને કે પૂર્વે મૈંને ૧૧–ગ્યારહ ઐતિહાસિકોં કે પુસ્તકોં કો અવલોકન કિયા; પરન્તુ શોક! મહાશોક! કિ મુસલ્માનોંકી કૃપા સે ઉન મેં સે એક કા ભી કહીં પતા નહીં મિલતા."

"પ્રાચીન આર્યોંકી તો કથા હી ક્યા હૈ, ઉનકી પતિત સંતતિ ભી ઐતિહાસિક ઘટનાઓંકો સ્મૃત વા અંકિત રખના આવશ્યક સમઝતી થી. જિસ સમય ભારતમેં હાહાકાર મચા હુઆ થા ઔર આર્યોંકી લિખિત પુસ્તકોંકો મુસલ્માન નષ્ટ કર રહે થે, ઉસ સમય દેશકે શેષ ભાટ ઔર ચારણ સામયિક ઐતિહાસિક ઘટનાઓં કા વર્ણન લિખને કી અપેક્ષા કંઠસ્થ રખના સમુચિત સમઝ પ્રસિદ્ધ પ્રસિદ્ધ ઘટનાઓં કો અપની સ્મૃતિ મેં રખને લગે. યહી કારણ હૈ કિ સુપ્રસિદ્ધ નિષ્પક્ષ ઐતિહાસિક ટૉડ મહાશય જબ ક્ષત્રિયોં કા ઇતિહાસ લિખને લગે તો ઉક્ત ચારણ તથા ભાટોં સે ઉન્હેં તિથિવાર ઉન સબ ઐતિહાસિક ઘટનાઓં કા ઠીક ઠીક પતા મિલ ગયા, જિન્હેં ઉન્હોંને અપને સુપ્રતિષ્ઠિત ઇતિહાસ રાજસ્થાન મેં અંકિત કર રખા હૈ. મરહટોં કી શક્તિ જબ પ્રકટ હુઇ, મુસલ્માની અત્યાચાર કા સામના ભારતીય સફલતા કે સાથ કરને લગી. તબ પુસ્તકોં કે નાશકા ભય કુછ ન્યૂન હુઆ ઔર મરહટે મહારાજ શિવજી (સેવાજી) તથા પેશ્વાઓં કે રાજ્યસમયકા વૃત્તાંત

મરહટી ભાષા મેં લેખબદ્ધ કરને લગે; જો અબ તક વિદ્યમાન હૈ."

"જો પક્ષપાતી યહ કહતે હૈં કિ પ્રાચીન આર્યોં કો ઐતિહાસિક વિદ્યા કા જ્ઞાન ન થા, વહ યહ બતાવેં કિ અબ્બુલફજલ ને જો ભારતકા ઇતિહાસ લિખા હૈ ઉસકી સામગ્રી ઉસને કહાં સે એકત્રિત કી ? યદિ ઐતિહાસિક વિદ્યા કા જ્ઞાન હી ન થા તો મહારાજ અશોક અપને રાજ્યસમય કી ઘટનાઓં કો નિર્વિવાર પર્વતોંકી શિલાઓં પર કૈસે લિખવાયા કરતે થે ? કયા સમાલોચક મહાશયોં ને કભી ચીની યાત્રી હ્યુનસેનકે ભારતભ્રમણ વૃત્તાંત કો ધ્યાનપૂર્વક પઢા હૈ ? હ્યુનસેન સ્પષ્ટ શબ્દોં મેં લિખતે હૈં:- "ઘટનાઓં કો લેખબદ્ધ કરને કે લિયે પ્રત્યેક પ્રદેશ મેં એક રાજપુરુષ હોતા થા જિસકા કાર્ય્ય યહ થા કિ ઘટનાઓં કા વૃત્તાંત લિખતા રહે. ઉનકે લેખોંકા નામ નીલોપિય-"નીલપિત" (નીલપત્રી) યા નીલકોપ થા. ઇન લેખોંમેં સુઘટનાએં તથા દુર્ઘટનાએં સભી વર્ણિત હોતી થી. એવં દેશ કી આપત્તિ તથા સૌભાગ્યસૂચક ઘટનાએં સબ વિદ્યમાન રહતી થી." આજ કલ ભી યોરોપીય દેશોં મેં રાજ્યપ્રબન્ધ કે લિયે પ્રત્યેક વિભાગ સે બ્લુ બુકસ-અર્થાત્ નીલપત્રિયાં નિકલતી હૈં જિન કે આધારપર હી આધુનિક ઐતિહાસિક ઇતિહાસ લિખા કરતે હૈ. ભારતીય **નીલપત્રી તથા યોરોપીય બ્લુ બુકસ ઇન દોનોં નામોં મેં જો સામ્ય હૈ,** વહ વર્તમાન ઐતિહાસિકોં કે મન મેં નાના પ્રકાર કી કલ્પનાએં ઉત્પન્ન કર રહી હૈ. **કયા યહ અસંભવ હૈ કિ યોરોપીયનોં ને બ્લુ બુકસ લિખનેકી પ્રણાલિ નીલપત્રી કે નિર્માણ સે હી સીખી હો?** સંસ્કૃત ભાષામેં ઐતિહાસિક કાવ્યોંકી વિદ્યમાનતા સિદ્ધ કર રહી હૈ કિ પ્રાચીન આર્ય્યાવર્તમેં ઇતિહાસ પર કઈ પુસ્તકેં લિખી ગઈ થીં. યદિ નહીં લીખી ગઇ થીં તો કવિ કાલિદાસ ને રઘુવંશ લખને કે લિયે ઐતિહાસિક સામગ્રી કહાં સે એકત્રિત કી થી ? ઔર પુરાણોં મેં જો વંશાવલિયાં દીહુઈ હૈં ઉનકા જ્ઞાન પુરાણ કે કર્તાઓં કો કહાં સે હુઆ ? કઇ કાવ્યોં કે પઢનેસે બોધ હોતા હૈ કિ એક સમય ઇસ દેશ કે વિદ્યાલયોંમેં ઇતિહાસ ભલીભાંતિ પઢાયા જાતા થા. એવં ઇતિહાસ કે અનેક ગ્રંથ ઉપસ્થિત થે. હર્ષચરિતમેં બાણભટ્ટ લિખતા હૈ કિ જબ મહારાજ હર્ષ કા ચિત્ત ઉદાસ હુઆ કરતા થા તબ વહ ઇતિહાસ સુના કરતે થે. પુનઃવહી કવિ અપની પુસ્તક કાદમ્બરી મેં લિખતા હૈ કિ રાજાને અપને પુત્ર કે લિયે ગુરુકુલ ખુલવાયા ઔર ઉસ મેં ભિન્ન ભિન્ન વિદ્યાઓં કે અધ્યાપકોં કે સાથ ઇતિહાસ કા અધ્યાપક ભી નિયુક્ત કિયા. યદિ ઇતિહાસ થે હી નહીં તો અધ્યાપક લોગ રાજકુમારકો ઇતિહાસ કૈસે પઢાતે થે ?"

રામાયણ ઔર મહાભારત દો મહાન ઐતિહાસિક કાવ્ય ઇસ સમય (ભારતવર્ષ મેં) ઉપસ્થિત હૈ. યદ્યપિ ઉન મેં પ્રક્ષિપ્ત શ્લોક બહુત હૈ, તથાપિ ઉન કે વિષયોં કે ઐતિહાસિક હોને મેં કોઇ સન્દેહ નહીં. રામાયણ કે એક અલંકારયુક્ત પુસ્તક હોને ઔર મહાભારત સે પીછે લિખે જાને કે વિષય મેં યોરોપીય ઐતિહાસિકોંને જો નયે નયે ઔર વિચિત્ર વિચાર ગઢે હૈં ઉનકા ખંડન હમ એક અન્ય પરિચ્છેદ મેં કરેંગે ઔર દર્શાએંગે કિ ઉન કે કથન કૈસે હાસ્યાસ્પદ ઔર યુક્તિશૂન્ય હૈ. યદિ પ્રાચીન આર્ય્ય ઇતિહાસ કે લાભોં કો નહીં સમઝતે થે તો વાલ્મીક ઔર વ્યાસ ને ઇતની બડી બડી પુસ્તકોં કે લિખને કા કષ્ટ કયોં ઉઠાયા ? યૂનાની ઇતિહાસવેત્તા મેગેસ્થિનીસ અપને ભારતભ્રમણ કા વૃત્તાન્ત લિખતે હુએ, અંકિત કરતે હૈ કિ, "મહારાજ ચંદ્રગુપ્તકે દેશમેં ભિન્ન ભિન્ન ઘટનાઓં કી વાર્તા સંગ્રહ કરને કે લિયે કઇ રાજપુરુષ નિયુક્ત થે." નિશ્ચય હૈ કિ ઇન્હીં ઘટનાઓં કે સાર વૃત્તાંત સે ઇતિહાસ બનતા હોગા. ઇતિહાસસંગ્રહ કે વિષય મેં ઇસ સે ભી દ્દઢતર પ્રમાણ મહારાજ અશોક કા છઠ્ઠા શિલાલેખ હૈ, જિસ મેં અંકિત હૈ કિ, "જો કુછ ઘટના કિસી નગર મેં હો ઉસે પત્રીવેત્તા નામક રાજપુરુષ લેખબદ્ધ કર લેવે."

"પૂર્વોક્ત પ્રમાણોં સે યહી પરિણામ નિકલતા હૈ કિ પ્રાચીન આર્ય્ય ઐતિહાસિક વિજ્ઞાન કો જાનતે થે, ઉન્હોંને ઇતિહાસ કી કઇ પુસ્તકેં લિખી, જિન મેં સે બહુતેરોં કા મુસલમાની રાજ્ય કે સમય નાશ હો ગયા, તથાપિ જો પુસ્તકેં બચી હુઇ હૈં વહ પ્રાચીનાર્યોં કે ઐતિહાસિક વિજ્ઞાનપ્રદર્શન મે કમ્પાસ કા કામ દે રહી હૈં ઔર સિદ્ધ કરતી હૈં કિ આધુનિક વિજ્ઞાનવિદ્ ઇતિહાસ લિખને મેં જિસ શૈલિ કા અવલમ્બન કરતે હૈં વહ વિધિ ભી પ્રાચીન આર્ય્ય ઐતિહાસિકોંકો જ્ઞાત થી."

६–रामायणमें क्षेपक (પાછળથી થયેલા उमेरा)

"મહાભારતકે સેંકડો વર્ષ પીછે ઔર બુદ્ધદેવ કે જન્મ કે સેકડોં વર્ષ પહલે જબકિ ભારતમેં અવિદ્યાકી ઘનઘોર ઘટા છા ગઈ ઔર મતમતાન્તરોં કે પ્રચારક જુગનુ કિ ભાંતિ ઇતસ્તતઃ પ્રગટ હોને લગે તબ વામમાર્ગિયોં ને દેખા કિ રામચરિત્ર કો પવિત્ર માનનેવાલી સર્વસાધારણ આર્ય્ય પ્રજાકો યદિ બતલાયા જાય કિ રામ કા જીવન સિદ્ધ કર રહા હૈ કિ વામમાર્ગ ઠીક હૈ તો કાર્ય્ય શીઘ્ર સિદ્ધ હોગા; અતઃ વે રામચરિત કો વર્ણન કરનેવાલે કવિશિરોમણિ મહર્ષિ વાલ્મીક કે રામાયણ મેં પ્રક્ષેપ કરને લગે, ઐસે ઐસે શ્લોક બના કર ઉક્ત રામાયણ મેં મિલાએ જિસ સે સિદ્ધ હો કિ રામ પક્કે માંસભક્ષક થે."

"પુનઃ બુદ્ધમતકે પ્રગટ હોને પર બૌદ્ધોંને જબ કિ દેખા કિ સર્વસાધારણ પ્રજા રામચરિત કો પવિત્ર માનતી હૈ તો ઉન્હોંને રામચરિત વર્ણન કરને કે લિએ "દશરથજાતક" નામક ગ્રંથ લિખા; ઔર બતલાયા કિ બુદ્ધદેવ પહલે રામરૂપ મેં ભી રહ ચુકે હૈ–અર્થાત્ બુદ્ધદેવ રામ કે અવતાર હૈ." ઉન્હોંને રામકા મહત્ત્વ બઢાને કે લિયે દશરથજાતક મેં નિમ્નલિખિત શ્લોક ભી લિખ દિયાઃ—

दशवर्षसहस्राणि षष्टिवर्षशतानि च। कम्बुग्रीवो महाबाहू रामो राज्यमकारयत्॥

"અર્થાત્ જિન કી ગર્દન શંખ કી તરહ (સુંદર) થી, ઔર જિનકી ભુજાએં વિશેષ લમ્બી થી ઉન રામ ને સોલહ સહસ્ર વર્ષોં તક રાજ્ય કિયા થા. વે બૌદ્ધસંપ્રદાયવાલે અહિંસાધર્મ કે પ્રચારક થે. અતઃ ઉન્હોંને રામ કો દૃઢ અહિંસાવ્રતધારી બતલાયા."

"વૈષ્ણવમત કે પ્રચારકોં ને ભી રામચરિત કે સાથ સર્વસાધારણકા જો પ્રેમ થા ઉસસે લાભ ઉઠાને કે લિયે વાલ્મીકિ રામાયણ મેં લિખ દિયાઃ—

विष्णोर्वीर्याऽर्द्धतो जज्ञे रामो राजीवलोचनः।"

"અર્થાત્ વિષ્ણુ કે આધે બલ વા અંશ સે કમલનયન રામ ઉત્પન્ન હુએ."

"જબ કિ ભારતવર્ષ મેં ભિન્ન ભિન્ન દેવતા ઔર દેવિયોં કી શક્તિયોં કો અદ્ભુત પ્રકારસે વર્ણન કરને કી શૈલી પ્રચલિત હુઈ તો વાલ્મીકિ રામાયણ મેં પુનઃ પ્રક્ષેપ હુઆ ઔર શ્રીરામચંદ્રજી તથા ઉનકે અનુયાયી તથા ઉનકે શત્રુ રાવણાદિ તથા ઉન કે અનુયાયિયોં કી શક્તિ ભી અલૌકિક ઔર અદ્ભુત બતલાઈ ગઇ; પરન્તુ ઇન પ્રક્ષેપોંસે ભી જબ કિ મન ભરા તો અધ્યાત્મ રામાયણાદિ ગ્રન્થ રામયશકો અલૌકિક રીતિસે વર્ણન કરને કો રચે ગએ."

"શ્રીગોસાંઈ તુલસીદાસજી ને સાધારણ પ્રજા કા રામચરિત કે સાથ પ્રેમ દેખ અપને વૈષ્ણવ સંપ્રદાય કે પ્રચાર કે લિયે આર્યભાષા મેં રામાયણ લિખા, જિસ મેં આપને શ્રીરામચંદ્રજી કો મહાવિષ્ણુકા અવતાર તથા અલૌકિક શક્તિયોં સે સમન્વિત બતલાયા. બ્રહ્મા, વિષ્ણુ, મહેશાદિ સભી દેવતાઓંકો ઉનકા ઉપાસક ઠહરાયા ઔર રાવણાદિ રાક્ષસોં કો ભી અલૌકિક શક્તિયોંવાલા અંકિત કર દિયા. તુલસીકૃત રામાયણકી કથા વાલ્મીકિરામાયણ સે કંઈ સ્થલોંમેં નહીં મિલતી જિસ કા સમાધાન ગોસાંઈજી કે અનુયાયી "રામાયણ શતકોટિ અપારા" નામ વચન કે દ્વારા કરના ચાહતે હૈં; પરંતુ ઉનકા યહ યત્ન સફળ હોતા સા દીખ નહીં પડતા."

"શ્રી રામચંદ્રજી કે પવિત્ર ચરિત્રપર સર્વસાધારણ પ્રજા કો મોહિત દેખ તથા સ્વયં મોહિત હો કિતને કવિયોંને કિન કિન ગ્રંથોં કે દ્વારા કિસ કિસ સમય ઉનકા યશકીર્તન કર અપની કવિત્વશક્તિ કો સફલ કિયા ઉન સબકા ઠીક ઠીક પતા અબ નહીં લગ સકતા સંસ્કૃત તથા ભારતીય પ્રાન્તિક ભાષાઓં કે પચાસોં ગ્રંથ ઇસ સમય ભી વિદ્યમાન હૈં જિન મેં રામચરિત સંક્ષિપ્ત વા વિસ્તૃત રૂપસે ગ્રંથકર્તાઓં ને અપને અપને ભાવોં કે સાથ વર્ણિત હૈં; પરંતુ ઉન સબમેં અધિક પ્રતિષ્ઠિત કવિશિરોમણિ મહર્ષિ વાલ્મીક કા રામાયણ હી માના જાતા હૈ."

७–उत्तरकान्ड प्रक्षिप्त है

"(૧) યુદ્ધકાન્ડ કે અન્તિમ સર્ગ ૧૨૮ કે પિછલે ભાગ મેં ૬૪ શ્લોક ઐસે મિલતે હૈં જિનસે યહી પરિણામ નિકાલના પડતા હૈ કિ યુદ્ધકાન્ડકી સમાપ્તિ કે સાથ હી સાથ મહર્ષિ વાલ્મીકિ કા

રામાયણ સમાપ્ત હોતા હૈ. ઇસ સર્ગ કે ૧૦૫ વેં તથા ૧૧૦ વેં શ્લોક મેં લિખા હૈઃ—
आदि काव्यमिदं चार्षं पुरा वाल्मीकिना कृतम्॥
धर्म्यं यशस्यमायुष्यं राज्ञां च विजयावहम्। श्रद्दधानो जितक्रोधो दुर्गाण्यतितरत्यसौ॥"
शृणोति य इदं काव्यं पुरा वाल्मीकिना कृतम्। ... વિજયકા દેનેવાલા યહ આર્ષ પુરાતન

"અર્થાત્ ધર્મ, યશ, આયુ તથા રાજાઓં કે લિયે ... જો કોઇ
આદિકાવ્ય વાલ્મીકકા રચા હુઆ હૈ. વાલ્મીકદ્વારા રચે હુએ ઇસ પુરાતન કાવ્ય કો ... હો જાયગા."
શ્રદ્ધાપૂર્વક તથા ક્રોધકો જીત કર સુનેગા વહ (કઠિન દુઃખરૂપ) દુર્ગોં કે ભી પાર ... બનાએ હુએ ઔર

"નિસ્સન્દેહ ઉક્ત શ્લોક મહર્ષિ વાલ્મીક કે નહીં પ્રત્યુત કિસી અન્યકે ... અવશ્ય હી મહર્ષિ
પીછે સે જોડે હુએ હૈં; પરંતુ માલૂમ હોતા હૈ કિ ઇન શ્લોકોં કા બનાનેવાલા ... વહ કભી "आदिका-
વાલ્મીક કે રામાયણકા બડા પ્રેમી થા. અતઃ રામાયણ કી પૂર્તિ કે પૂર્વ ... પૂર્ણતાસૂચક શબ્દ નહીં
व्यमिदम्" યહ આદિ કાવ્ય, "इदं काव्यम्" યહ કાવ્ય, ઐસે ગ્રંથ કે ... મહર્ષિ વાલ્મીક કે રામાયણ
લિખ સકતા થા. અતઃ ઉત્તરકાન્ડ (જિસકા અર્થ હી પીછે કા કાન્ડ), ...
સાથ પીછે સે જોડા હુઆ જ્ઞાત હોતા હૈ."

"(૨) રામાયણ કી દો પ્રકાર કી પ્રતિયાં પહલે પહલ છપી થીં. એક કા નામ ગૌડ (બંગાલ) પ્રતિ
ઔર દૂસરે કા નામ બમ્બઈ કી પ્રતિ હૈ. બંગાલકી પ્રતિ મેં કેવલ છઃ કાન્ડ થે ઔર બમ્બઇકી પ્રતિ
મેં ઉત્તરકાન્ડ સહિત સાત કાન્ડ થે. ઇટેલીદેશ કે પ્રસિદ્ધ સંસ્કૃતજ્ઞ ગૌરીશિવ ને સ્વદેશભા-
ષાનુવાદસહિત જિસ વાલ્મીકિરામાયણ કો મહારાજ સાર્ડિનિયા કી સહાયતા સે છપવાયા થા
ઉસ મેં ભી કેવળ ૭ હી કાન્ડ થે."

"(૩) વાલ્મીકિ રામાયણ, બાલકાન્ડ તૃતીય સર્ગ મેં જહાં રામાયણ કી કથાઓં કા સંક્ષેપ હૈ-
વહાં બાલ સે યુદ્ધકાન્ડ તક કી કથાઓં કા સાર લિખતે હુએ કિસી કાન્ડકા નામ નહીં લિયા; પરંતુ
અંતિમ શ્લોક મેં લિખ દિયા "तच्चकारोत्तरे काव्ये वाल्मीकिर्भगवानृषिः" યહાં ઉત્તરકાંડકા નામ
લેના સર્ગ કી લેખશૈલી સે સર્વથા વિરુદ્ધ હૈ, અતઃ યહ શ્લોક પ્રક્ષિપ્ત હૈ, એવં ઉત્તરકાન્ડ કે . વિષય
પ્રક્ષિપ્ત હૈ."

"(૪) ઉત્તરકાન્ડ કે અંતિમ સર્ગ ૧૧૧ કે પ્રથમ શ્લોક મેં લિખા હૈઃ—
"एतावदेतदाख्यानं सोत्तरं ब्रह्मपूजितम्। रामायणमितिख्यातं मुख्यं वाल्मीकिना कृतम्॥

"અર્થાત્ ઇતના યહ આખ્યાન ઉત્તરસહિત બ્રહ્મપૂજિત હૈ, ઇતના પ્રસિદ્ધ મુખ્ય રામાયણ હૈ
જિસે વાલ્મીકને બનાયા હૈ. યહાં ભી "सोत्तरम्" ઉત્તરસહિત શબ્દ સન્દેહજનક હૈ. અનુમાન
હૈ કિ ઇસ શ્લોક કે બનાને વાલેને યહ સમઝતે હુએ કિ લોગ ઉત્તરકાન્ડ કો કહીં રામાયણ કા ભાગ
ન સમઝેં, ઇસ લિયે "सोत्तरम्" શબ્દ લિખ દિયા."

"(૫) ચમ્પૂ રામાયણ જો મહારાજ ભોજકે સમય બના થા, ઉસમેં સ્પષ્ટ લિખા હૈ કિ યહ
વાલ્મીકિ રામાયણકા સાર હૈ, ઔર ક્યોંકિ ચમ્પૂ રામાયણમેં યુદ્ધકાન્ડ તક કા હી વિષય હૈ, અતઃ
સિદ્ધ હોતા હૈ કિ વાલ્મીકિ રામાયણ મેં ૭ હી કાન્ડ હૈં."

"(૬) ઉત્તરકાન્ડમેં ઇતની અધિક સૃષ્ટિનિયમવિરુદ્ધ બાતેં હૈં કિ જિસે આર્ષ કહનેમેં
સર્વથા જી હિચકતા હૈ, અતઃ ઉત્તરકાન્ડ વાલ્મીકિ રામાયણ કા ભાગ નહીં."

૮–रावण एक शीश और दो ही भुजावाला था.

"મહારાણી સીતા કે સન્મુખ જિસ સમય રાવણ આયા થા મનુષ્ય માલૂમ હોતા થા
"દશ શીશ" કા અર્થ હૈ જીસ કે શીશ મેં દશ સાધારણ શીશોં કે બરાબર શક્તિ હો. મહર્ષિ
વાલ્મીકિ ને ઇસી અભિપ્રાય સે દશ ગ્રીવાદિ શબ્દોં કા પ્રયોગ કિયા થા; પરંતુ પૌરાણિ[illegible]
સમયમેં જબ લોગ વાસ્તવિક રૂપક ન સમઝ સકે તો દશ ગર્દનાદિકી કલ્પનાએં કર લીં. [illegible]
શ્રીરામચંદ્રજી કે પિતા "દશરથ" ઇસ કારણ કહલાતે થે કિ ઉનકે પાસ કેવલ દશ રથ થે
અથવા ઇસ કારણ કિ વહ એક સમય કી દશ રથોં પર ચઢા કરતે થે?"

"રાવણ એક શીશ ઔર દો હી ભુજાઓંવાલા થા ઇસકે લિયે નિમ્નલિખિત પ્રમાણ વાલ્મ[illegible]

રામાયણ મેં હી મિલતે હૈં. હનુમાનજીને લંકા મેં જાકર ઔર છિપ કર સોએ હુએ રાવણ કો નિમ્નલિખિત પ્રકાર કા દેખા થાઃ-(સુંદરકાંડ સર્ગ ૧૦, શ્લોક ૨૧-૨૪)"

ददर्श स कपिस्तस्य बाहू शयनसंस्थितौ । मन्दरस्यान्तरे सुप्तौ महाहीरुषिताविव ॥
तस्य राक्षसराजस्य निश्चक्राम महामुखात् । शयानस्य विनिःश्वासः पूरयन्निव तद्गृहम् ॥"

"ઉસ કપિ (હનુમાન) ને ઉસ રાક્ષસરાજ (રાવણ) કે સોતે સમયકે સ્થિર દોનોં બાહુઓં ("બાહૂ" દ્વિવચન હૈ) કો ઐસા દેખા, માનો દો બડે બડે ક્રુદ્ધ સર્પ પર્વત કે ભીતર સોએ હુએ હોં. ઉસ સોએ હુએ રાક્ષસરાજ કે મહામુખ ("મહામુખાત્" એકવચન હૈ) સે નિકલા હુઆ શ્વાસ ઉસ ઘર કો ભર રહા થા."

"ઉક્ત શ્લોક ૨૧ પર જો "તિલક" નામક સુપ્રસિદ્ધ ટીકા હૈ ઉસ મેં લિખા હૈઃ- अत्र द्विभुजत्वकथनाद्युद्धादि काल एव विंशतिभुजत्वं दशशीर्षत्वं चेतिबोध्यम्-અર્થાત્ યહાં (ક્યોંકિ) દો ભુજાએં કહી ગઇ (અતઃ) યુદ્ધાદિ કાલોંમેં હી વીસ ભુજ તથા દશ શીષ સમઝના ચાહીએ."

"ટીકાકારને યહાં વિસ્પષ્ટ દો ભુજાએં ઔર એક શીષ લિખા હુઆ દેખા ઔર અન્યત્ર વીસ ભુજાએં ઔર દશ શીશ લિખા હુઆ દેખકર દોનોં પરસ્પર વિરુદ્ધ લેખોંકો અવિરુદ્ધ સિદ્ધ કરને કા વૃથા યત્ન કિયા હૈ, ક્યોં કિ યુદ્ધકાલ મેં ભી રાવણ કો એક શિરવાલા કહીં કહીં લિખા હૈ. યથાઃ—

अथ ते मच्छरच्छिन्नं शिरो ज्वलितकुण्डलम् । क्रव्यादा व्यपकर्षन्तु विकीर्णं रणपांसुषु ॥"

"(યુદ્ધ કરતે હુએ) શ્રી રામચંદ્રજી રાવણ સે કહતે હૈં, "અભી તેરા શિર (શિરઃ એકવચન હૈ) જ્વલિત કુન્ડલસહિત મેરે બાણોં સે કટા હુઆ રણભૂમિ મેં વિક્ષિપ્ત, શવ-ભક્ષિયોંસે ખીંચા જાયગા." જબ કિ રામાયણ મેં હી વિસ્પષ્ટ લિખા હૈ કિ રાવણકા એક શીશ ઔર દો ભુજાએં થી ઔર યહ બાત નિર્ભ્રાન્ત પરમાત્મા કે અપરિવર્તનીય સૃષ્ટિનિયમ કે અનુકૂલ ભી હૈ તો ક્યોં ન માના જાય કિ રાવણકે વાસ્તવમેં એક શીશ ઔર દો હી ભુજાએં થી ? રાવણ પુલસ્ત ઋષિ કે વંશ મેં થા, પુલસ્ત ઋષિ મનુષ્યાકૃતિ કે થે, પુનઃ રાવણ કી આકૃતિ ભી મનુષ્ય કી તરહ ક્યોં ન માની જાય ? ક્યા નિર્ભ્રાન્ત ઔર સર્વશક્તિમાન પરમાત્મા કે અપરિવર્તનીય સૃષ્ટિનિયમ કો બદલને કી શક્તિ કિસી મેં કભી હો સકતી હૈ ? કદાપિ નહીં. રાવણ તથા ઉસ કે મિત્ર, બાન્ધવ, સહચર ઔર અનુચરવર્ગ જબ કિ મનુષ્યોં કી ભાંતિ પરસ્પર મેં તથા હનુમાનાદિ સેં બાતેં કર સકતે થે તો ઉન્હેં મનુષ્યાકૃતિ કા હી ક્યોં ન માના જાય ? યહ બાત કી રાક્ષસ ભાંતિ ભાંતિ કે રૂપ ઇચ્છાનુસાર ધારણ કર લેતે થે. યદિ બહુરૂપિયોં જૈસા માના જાયે તો કુછ વિશ્વાસ મેં આ ભી સકતા હૈ; પરન્તુ અન્ય પ્રકાર (સૃષ્ટિનિયમવિરુદ્ધ હોને સે) કભી ભી ઠીક સિદ્ધ નહીં હો સકતા. " यक्षरक्षःपिशाचान्नं मद्यं मांसं सुरासवम्" (મનુ) કે અનુસાર વિશેષ મદ્યમાંસાદિ કે સેવન એવં તામસી વૃત્તિવાલે હોને કે કારણ રાવણાદિ રાક્ષસ કહલાતે થે ઔર સતોગુણી વેદાનુયાયી ઋષિયોંકો સતાયા કરતે થે"......

"રાવણ કે દો હી નેત્ર, એક હી શીશ ઔર દો હી ભુજાએં થી ઇન કે લિયે નિમ્નલિખિત પ્રમાણ ભી વાલ્મીકિ રામાયણમેં વિદ્યમાન હૈં. મેઘનાદ કે મારે જાને પર વિલાપ કરનેકે પશ્ચાત્ રાવણ જબ અતિ ક્રુદ્ધ હુઆ તો " तस्य क्रुद्धस्य नेत्राभ्यां प्रापतन्नश्रुबिन्दवः । दीपाभ्यामिव दीप्ताभ्यां सार्चिषः स्नेहबिन्दवः ॥" (યુદ્ધ. ૯૨, ૨૨) ઉસ ક્રુદ્ધ (રાવણ) કે દોનોં નેત્રોં સે આંસુ કી બૂંદે ઐસી ગિરને લગીં. માનોં દો જલતે હુએ દીપોં સે જ્વાલાસહિત તેલ કે બિન્દુ ગિરતે હો. પુનઃ જબ રાવણ મારા ગયા તો ઉસકી સ્ત્રિયાં રણભૂમિ મેં આ વિલાપ કરને લગીં. " उत्क्षिप्य च भुजौ काचिद् भूमौ सुपरिवर्तते । हतस्य वदनं दृष्ट्वा काचिन्मोहमुपागमत् ॥ काचिदङ्के शिरः कृत्वा रुरोद मुखमीक्षती । स्नापयन्ती मुखं बाष्पैस्तुषारैरिव पङ्कजम्" (યુદ્ધ ૧૧૦, ૯, ૧૦) કોઈ તો ઉસકી દોનોં ભુજાઓં ("ભુજૌ"

'દ્વિવચન) કો ઉઠા કર પુનઃ પૃથ્વી પર ઉન્હેં (સ્નેહસહિત) ફેરને લગી, કોઇ મરે હુએ (રાવણ કે) મુખ કો દેખ કર મૂર્છિત હોને લગી, કોઇ ઉસકે શિર ("શિરઃ" એકવચન) કો ગોદ મેં રખ કે ઉસ કે મુખ કો દેખતી હુઇ રોને લગી ઔર (અપને આંસુઓં સે) ઉસ મુખ કો આર્દ્ર કરને લગી, જૈસે કિ તુષાર કે બાષ્પ સે કમલ આર્દ્ર હો જાતા હૈ."

९–हनुमान और उनके सहचर मनुष्य थे, पूंछवाले वन्दर नहीं.

"કૌન સત અસત કા વિવેકી પુરુષ ઐસા હૈ જો વિદ્યાવ્રતસ્નાતક શ્રીરામચંદ્રજી કી ઇસ સમ્મતિ કો પઢ કર કિ હનુમાન ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અખિલ વ્યાકરણશાસ્ત્ર કે જ્ઞાતા થે યહ કહ સકે કિ હનુમાન વાનર થે ? ક્યા પરમાત્માકી સૃષ્ટિમેં કહીં ભી ઐસા નિયમ દિખાઈ દેતા હૈ જિસસે અનુમાન કિયા જાય કિ વાનર ભી વેદોં કા જ્ઞાન ધારણ કર સકતા હૈ ? અતઃ નિશ્ચય હૈ કિ વૈદિક જ્ઞાનોં કે ધારણ કરનેવાલે હનુમાન તથા સુગ્રીવાદિ પૂંછવાલે વાનર નહીં થે. અભી થોડે દિનોં કી બાત હૈ કિ જબ રૂસ ઔર જાપાનિયોં કા યુદ્ધારંભ હુઆ થા તો જાપાનિયોં કી દેહ ઢાંઢ દેખ રૂસિયોંને ઉનકા નામ (યલો મન્કી) "પીલે બન્દર" રખ દિયા થા. (જાપાનિયોં કા રંગ કુછ પીલા હોતા હૈ.) યહ શબ્દ જાપાનિયોં કે લિયે વર્ષોં તક રૂસમેં વ્યવહૃત હોતા રહા. (રૂસીઅન બેર) રૂસી ભાલૂ ઐસે શબ્દ હૈં જિન્હેં આજ ભી સબ યૂરોપવાલે તથા અન્યાન્ય કંઇ દેશોં કે લોગ વ્યવહૃત કરતે હૈં. (બ્રિટિશ લાયન) બ્રિટિશ સિંહ વા 'જૉન બુલ' ઐસે શબ્દ હૈં. જો બરાબર અંગ્રેજો કે લિયે વ્યવહૃત હોતે હૈં. નાગવંશી ક્ષત્રિય પ્રસિદ્ધ હૈ, જિનકે વંશમેં હી છોટાનાગપુરાદિ કે કંઇ મહારાજ હૈં, જો અપને કો સાભિમાન "નાગ" કહતે હૈં. ક્યા વે નાગ અર્થાત્ સર્પ હૈ ? નહીં. નાગ કી તરહ ક્ષાત્રક્રોધ ધારણ કરને કે કારણ ઉનકા વંશ નાગ કહલાતા હૈ. એવં વિશેષ સ્ફૂર્તિ હોને કે કારણ સુગ્રીવાદિ કે સહચર તથા અનુચરાદિ વાનર કહલાતે થે. મહર્ષિ વાલ્મીકિ કે વાસ્તવિક ભાવોં કો ન સમઝ, ભારતમેં જબ કિ અદ્ભુત ગાથાવર્ણન કી શૈલી પુરાણોં કે સમય સે પ્રચલિત હુઇ તબ હનુમાન, સુગ્રીવાદિ કે નામોં કે સાથ અદ્ભુત ગાથાએં બઢાઈ ગઈ. ક્યા કભી ઐસા હો સકતા હૈ કિ વાનરજાતિકી રાજધાની કિષ્કિન્ધા કા વર્ણન મનુષ્યોંકી એક સમૃદ્ધશાલિની રાજધાની જૈસા રામાયણમેં વિદ્યમાન હો ઔર ફિર ઉસ કે નિવાસી ઔર રાજકાર્ય્યસંચાલક પૂંછોંવાલે વાનર માને જાય ! કાવ્ય કી શૈલી હૈ કિ કિસી કે નામકો ભી ઉસ કે પર્યાયવાચી શબ્દોંસે પુકારતે હૈં, ઇસી કારણ બાનર કે સાથ મેં કપ્યાદિકા ભી રામાયણ મેં પ્રયોગ હૈ. અન્યાન્ય કાવ્યોંમેં ભી વિશ્વામિત્રકે લિયે સર્વમિત્ર તથા દશરથકે લિયે પંક્તિરથ વ્યવહૃત હુએ હૈ."

१०–हनुमान समुद्र को कूद गये थे वा तर गये थे ?

"ઇસ સમય લંકા ઔર ભારત કે બીચ ૫૮ મીલ કા અન્તર હૈ. ભારત ઔર લંકા કે બીચ મનાર તથા રામેશ્વર નામ દો ટાપૂ હૈં. જો પૈંતીસ મીલ હૈ. અતઃ સમુદ્રભાગ કેવલ ૨૩ મીલ હૈ. (દેખિયે ઇન્ટરનેશનલ જ્યોગ્રેફી પૃષ્ઠ ૫૦૪) ઉસ સમુદ્રભાગ મેં ભી જલ બહુત થોડા રહતા હૈ. જબ કિ ફ્રાંસ ઔર ઇંગ્લેંડ કે બીચ કો ઇંગ્લિશ ચૈનેલ નામ ખાડી કો (જિસ કી ચૌડાઇ પ્રાયઃ ૨૧ મીલ હૈ) કઈ બલવાન પુરુષ તૈર જાતે હૈં તો હનુમાન જૈસે વીર બાલબ્રહ્મચારી કા ભારત ઔર લંકા કે બીચ કે ૨૩ મીલ સમુદ્રભાગ કા તૈરના કદાપિ અસંભવ નહીં માના જા સકતા. (વાલ્મીકિય રામાયણ મેં હી ઇસ વિષયકા ઉલ્લેખ ભી પાયા જાતા હૈ. દેખો સુંદરકાંડ સર્ગ ૧ શ્લોક ૨૭, ૬૭, ૬૯)

एव पर्वतसंकाशो हनूमान् मारुतात्मजः । तितीर्षति महावेगः समुद्रं वरुणालयम् ॥
सागरस्योर्मिजालानामुरसा शैलवर्ष्मणा । अभिघ्नंस्तु महावेगः पुप्लुवे स महाकपि ।
विकर्षन्नूर्मिजलानि वृहन्ति लवणाम्भसि । पुप्लुवे कपिशार्दूलो विकिरन्निव रोदसी ॥"

"અર્થાત્ પર્વતકે સમાન દૃઢ હનુમાન (માનો વેગવાન વાયુ કે પુત્ર હી હોં) મહાવેગવાન વરુણાલય (સમુદ્ર) કો તૈરને લગે. પર્વતશિખાકી તરહ સુંદર દૃઢ અપની ઉરસા અર્થાત્ છાતીસે સમુદ્રકે તરંગોપર ધક્કા દેતે હુએ મહાવેગવાન કપિ તૈરને લગે-(મહાન ખારે જલમેં)

અર્થાત્ મહાસાગરમેં લહરોં કી જાલા કો ચીરતે હુએ કપિશાર્દૂલ ઉસી પ્રકાર (વેગસે) તૈરને લગે જૈસે કિ આકાશમેં ફેંકી હુઇ કોઇ વસ્તુ (જા રહી હો) વા ધાવાપૃથ્વી આકાશ મેં ચલ રહે હોં. "

११-समुद्रपर सेतु बनाना अशक्य नहीं था.

"રામાયણમેં લિખા હૈ કિ (યુદ્ધકાંડ સર્ગ ૨૨, શ્લોક ૨૬):—

हस्ति मात्रान् महाकायाः पाषाणांश्च महाबलाः । पर्वतांश्च समुत्पाट्य यन्त्रैः परिवहन्ति च ॥"

" અર્થાત્ મહાકાય, મહાબલિ, વાનર (ગણ) યંત્રોદ્વારા* પર્વતોંકો ગિરાકર હાથી કે બરાબર પથ્થરોંકો ઢોને લગે. ઔર નીલ કી શિક્ષાનુસાર ઇન સબ વસ્તુઓંકો સમુદ્રમેં ડાલને લગે."

"જો લોગ યહ કહતે હૈં કિ સમુદ્ર મેં પૂલ બાંધના સર્વથા અસંભવ હૈ, ઉન્હેં ચાહિએ કિ ભારત ઔર લંકા કે બીચકે સમુદ્ર ભાગ કા વર્ણન કિસી અચ્છે ભૂગોલ મેં દેખેં. ઇન્ટર નેશનલ જ્યોગ્રેફીકે પૃષ્ઠ ૫૦૪ મેં મિલ સાહેબ જો લિખતે હૈં ઉસકા સારાંશ યહ હૈઃ—"લંકા ઔર ભારત કે બીચ " મનાર " નામ ખાડી હૈ, પરંતુ મનાર તથા રામેશ્વર નામ ટાપુઓં તથા મૂંગ વાલે ચટ્ટાનોંx (જિન્હેં "આદમ કા પૂલ" કહતે હૈ) કે બીચ મેં હોનેસે ભારત પ્રાયઃ લંકા કે સાથ જુટા હુઆ હૈ. ઉકત મૂંગવાલે ચટ્ટાનોં કે બીચ કહીં ભી ઇતના જલ નહીં હૈ જિસસે કોઇ બડા જહાજ નિકલ સકે. લંકા કો રેલદ્વારા ભારત કે સાથ જોડ દેને કે લિયે સર્વે+ (પૈમાઇશેં) હુઇ હૈ જિસકે અનુસાર પૈંતીસ મીલ રેલ મનાર તથા રામેશ્વર ટાપુઓં પર, ૨૨ મીલ રેલ ઉકત મૂંગ વાલે ચટ્ટાનોં પર ઔર કેવળ એક મીલ રેલ મનાર કી ખાડી પર જિસ મેં જલ બહુત કમ રહતા હૈ; અર્થાત્ કુલ ૫૮ મીલ રેલ બનને વાલી હૈ." ઇસ સમય જબ કિ લોગ લંકા ઔર ભારતકે બીચ રેલ બનાને કો તૈયાર હૈ તબ શ્રીરામને અત્યલ્પ જલવાલે સમુદ્રભાગ પર યદિ પૂલ બના દિયા હો તો ઇસમેં આશ્ચર્ય હી કયા હૈ ! લંકા ઔર ભારત કે બીચ કા જો પથરીલા ભાગ આદમ કે પૂલ કે નામ સે આજ પુકારા જાતા હૈ ઉસે શ્રીરામકે પૂલકા ભાગ કહનેમેં હમ કભી ભી હિચક નહીં સકતે."

१२-श्रीरामचरित के विषयमें वेबर आदिका भ्रम

" શોક હૈ કિ વેબર આદિ કંઇ યૂરોપીય ઔર ઉનકે કોઇ કોઇ ભારતીય શિષ્ય સંસ્કૃત સાહિત્ય સે પૂર્ણ પરિચિત ન હોને કે કારણ કહા કરતે હૈં કિ રામાયણ એક અલંકારયુક્ત ગ્રંથ હૈ. "સીતા" કા અર્થ હલ હૈ, "રામ" કા અર્થ હલ ચલાનેવાલા હૈ, આદિ; પરન્તુ ઇન સે યદિ કોઇ પૂછે કિ રામાયણ મેં આએ હુએ અન્યાન્ય પુરુષોં કે નામ ભી અલંકાર કે સાથ ઘટાઓ તો બેચારે ઘટા નહીં સકતે. ઘટાવેં તો તબ જબ કિ રામાયણ કોઇ અલંકાર હો, જબ કિ રામચંદ્રજીકે વંશજ મહારાણા ઉદયપુર તથા ભારત કે કઇ ભાગોંમેં અન્યાન્ય ક્ષત્રિયભૂષણ વિદ્યમાન હૈં. જબ કિ રામાયણ કી કથા કો સત્ય માનનેવાલી કરોડોં ભારતીય પ્રજા હી નહીં પ્રત્યુત અમેરિકા—પાતાલ મેં ભી રામ સીતવ કે નામ સે ઉત્સવ મનાનેવાલી એક પ્રાચીન જાતિ વિદ્યમાન હૈ, તો કૈસે કોઇ સિદ્ધ કર સકતા હૈ કિ રામાયણ કી કથા કાલ્પનિક હૈ ! કયા સંસાર કે ઇતિહાસ સે એક ભી ઐસા પ્રમાણ પ્રસ્તુત કિયા જા સકતા હૈ કિ કાલ્પનિક કથાઓંકે પીછે કરોડોં મનુષ્ય ઐસે લટ્ટૂ હો ગએ હોં કિ ઉસ કથાનુસાર અપને અનેક બડે બડે ઉત્સવ મનાતે હોં યદિ શ્રીરામ સીતાદિ કલ્પિત પુરુષ હોતે તો કયા કભી સંભવ થા કિ સંસ્કૃત સાહિત્ય કે પચાસોં ગ્રંથ ઉનકે યશ સે પરિપૂરિત હોતે! ઔર ઉનકે પીછે કી આર્ય્યસંતાન ઉનકે નામોં કો બરાબર ગૌરવ કે સાથ સ્મરણ કરતી આતી !"

---

* જબ કિ પર્વતોં કિ શિલાઓંકો દૂરે દૂરે કરનેકા યંત્ર વાનરોંકે પાસ થા, તો બડી બડી શિલાઓંકે લાનેકા યંત્ર ભી વાનરોંકે પાસ હોના કહના અસંભવ નહીં. × પરવાળાના ખડક + માપણી

१३--रामायण और महाभारतके समयोंकी तुलना

"ધર્મમય એવં આત્મિક તથા પ્રાકૃતિક સબ પ્રકાર કી ઉન્નતિયોંસે પરિપૂર્ણ રામાયણ કે સમય કે સંક્ષિપ્ત ઇતિહાસ કો વર્ણન કર તથા ઉસકે પીછે કે એક દીર્ઘ કાલ કે ઇતિહાસ કો છોડ કર મહાભારત કે સમય કા યત્કિંચિત્ ઇતિહાસ લિખના.પડતા હૈ. શ્રીરામચંદ્ર-જી કે પવિત્ર આચરણ કે પ્રતિકૂલ યુધિષ્ઠિર કે જૂઆ ખેલને આદિ કર્મોંકો, લક્ષ્મણ ભરતાદિ કે ભ્રાતૃસ્નેહ કે પ્રતિકૂલ યુધિષ્ઠિર કે પ્રતિ ભીમ કે અપમાનસૂચક શબ્દોં કો, મહારાજ દશરથ કી શોકમય હૃદય કે સાથ મહાભારત કે સમય કા... પ્રજાકે સન્મુખ સીતાકો કૈકેયીદ્વારા તપસ્વિની કે વસ્ત્ર દેનેપર પ્રજા કા એક સાથ · ચિલ્લા ઉઠના "ધિક્ त्वां दशरथम्" તથા ધૃતરાષ્ટ્ર કી રાજસભામેં દ્રૌપદી કી દુર્દશા હોને પર ભી ભીષ્મ-દ્રોણાદિ વીરોં કા નપુંસક કી ભાંતિ કુછ કર ન સકના, કુટિલા દાસી મંથરા કા ભી અપમાન ભરત કે લિયે અસહ્ય ઔર મહારાણી દ્રૌપદીકી દુર્દશામેં દુર્યોધન કર્ણાદિ કી પ્રસન્નતા, સતી સાધ્વી સીતાકા પાતિવ્રત ઔર શ્રીરામચંદ્રજી કા પત્નીવ્રત જિસકે પ્રતિકૂળ સત્યવતી ઔર કુન્તીકે કાનીન પુત્રોકી ઉત્પત્તિ ઔર પાન્ડવાદિ કે બહુવિવાહ, શ્રીરામચંદ્રજી કે વનકો ઔર ચલને પર -અયોધ્યાવાસિયોંકા ઉનકે સાથ વનગમન કે લિએ યત્ન ઔર યુધિષ્ઠિર કે દો વાર હસ્તિનાપુર સે નિકાલે જાને પર સિવાય થોડે સે નગરનિવાસિયોંકે પાંડવોંકે દુઃખ કે સાથ ખુલમખુલા દુઃખ -પ્રગટ કરને મેં અન્યોંકા કૌરવોં કે ભયસે મૌનાવલમ્બન, શ્રીરામ ઔર ભરત કા મહાન રાજ્ય જૈસે પદાર્થ કો ધર્મપાલન કો સન્મુખ તુચ્છ સમઝના ઔર ઉસે એકકા દૂસરે કે હાથમેં ફેંકના ઔર દુર્યોધન કા યહ કહના કિ "सूच्यग्रं नैव दास्यामि विना युद्धेन केशव !" યુદ્ધક્ષેત્રમેં રાવણ કે ઘાયલ હો જાને પર શ્રીરામચંદ્રજીકા યહ કહના કિ ઘાયલ કા વધ કરના ધર્મવિરુદ્ધ હૈ ઔર -શસ્ત્ર છોડે હુએ ભીષ્મ ઔર દ્રોણ કા વધ, રથસે ઉતરે હુએ કર્ણકા વધ, સોતે હુએ ધૃષ્ટદ્યુમ્ન, .શિખંડી તથા દ્રૌપદીકે પાંચો પુત્રોંકા બ્રાહ્મણકુલોત્પન્ન વીરાભિમાની અશ્વત્થામાદ્વારા વધઆદિ કહાં તક ગિનાએં! યહ સબ ઘટનાએં હૈં જો વિસ્પષ્ટ રૂપ સે રામાયણ ઔર મહાભારતકે સમય-કી અવસ્થાઓં કો પ્રકટ કરતી હૈં. યદ્યપિ મહાભારત કે સમય રામાયણ કે સમયકી ભાંતિ હી અથવા ઉસસે ભી અધિક આર્યાવર્તમેં સંપત્તિ ભરી હુઇ થી ઔર રામાયણ કે સમય કે વીરોકી ભાંતિ ભીષ્મ, દ્રોણ, અર્જુનાદિ કતિપય યોદ્ધા વાયવ્યાસ્ત્ર, પાશુપતાસ્ત્ર, વારુણાસ્ત્ર, અન્તર્ધાનાસ્ત્ર, બ્રહ્માસ્ત્રાદિ આગ્નેયાસ્ત્રોંકી વિદ્યા ભી જાનતે થે, અશ્વતરી નામ અગ્નિયાન જલપર ચલતા થા, આર્યાવર્તકા દબદબા સારી પૃથ્વીપર જમા હુઆ થા; પરંતુ રામાયણકે સમયકી અપેક્ષા ઇસ સમય ધર્મકા બહુત હી હ્રાસ થા. વૈદિક આજ્ઞાઓંકો મનમાની રીતિસે લોગ પદદલિત કર રહે થે. ઇસી કારણ દુરાચારી હો મહાભારતકે સમયકે યોદ્ધા પરસ્પર મે યુદ્ધ કર લડ મરે જિસસે યહ દેશ ઘોર પતિત હો, ઉત્તરોત્તર દુઃખ હી ભોગતા ગયા. પર -માત્મા કૃપા કરેં કિ કુલહત્યારે દુર્યોધન કા ભાવ આર્યોં કે બીચસે દૂર હો, ઔર વે એક -દૂસરે કે દુઃખમેં દુઃખ ઔર સુખમેં સુખ માનતે હુએ અપની ઉન્નતિ કરેં."

१४--रामायणके समयकी अयोध्या

"મહાભારત યુદ્ધસે એક દીર્ઘકાલ પૂર્વ અતિપ્રાચીન સમયમેં, જિસકા ઠીક ઠીક નિર -હમ નહીં કર સકતે; તથા શ્રીમાન મહારાજાધિરાજ ઇક્ષ્વાકુ કે સહસ્રોં વર્ષ પશ્ચાત્ ઉન કે વં -અજ નામ સમ્રાટકે પુત્ર મહારાજ દશરથ ઉસ સમયકે આર્ય સામ્રાજ્ય કે મુખ્યકેન્દ્ર કોશલદે રાજધાની અયોધ્યાપુરીમેં રાજ્ય કરતે થે. અયોધ્યા ઉસ સમય ૧૨-બારહ યોજન લમ્બી ૩-તીન યોજન ચૌડી થી.* યહ ચારોં ઓર સે એક ગહરી ગમ્ભીર પરિખા (જલભરી ખાઈ ઘિરી હુઈ થી ઔર ઇસ કે ચારો ઓર દુર્ગમ દુર્ગ બને હુએ થે, જિનપર સૌં‡ શતઘ્નિયાં

* आयता दश च द्वे च योजनानि महापुरी । श्रीमती त्रीणि विस्तीर्णा सुविभक्तमहापथा ॥ वाल ५ । ७ ॥

‡ शतघ्नी शतसंकुलाम् ॥ बाल ५ । ११ ॥ શતઘ્ની ઉસ યંત્ર કા નામ હૈ જો એ ... છૂટને પર પ્રાયઃ એક સૌ યોદ્ધાઓં કો માર સકતી થી. પ્રાચીન આર્યોં કા આવિષ્કૃત યહ એક -અગ્ન્યાસ્ત્ર થા.

બડી બડી તોપેં) નગરરક્ષણાર્થ સદા ચઢી હુઇ રહની થી. શતઘ્ની કે અતિરિક્ત અન્યાન્ય કઇ પ્રકાર કે યુદ્ધસંબન્ધી યંત્ર તથા આયુધ ભી + યથાસ્થાન દુર્ગોંપર તથા શસ્ત્રાગારોંમેં વિદ્યમાન થે, જિન કે દ્વારા યુદ્ધવિદ્યાવિશારદ યોદ્ધાગણ નગર કી રક્ષા કરતે થે. નગર કા આન્તરિક ભાગ સુન્દર ચૌડે ઔર લમ્બે લમ્બે રાજપથોંસે વિભક્ત હો રહા થા. ઇન રાજપથોંપર પ્રતિદિન જલસિંચન હોતા થા તથા ઇન કે દોનોં કિનારોં પર ભલી ભાંતિ રક્ષિત ખિલે હુએ પુષ્પોંકી પંક્તિયાં શોભા દે રહી થીં. ×ઇન રાજપથોં કે દોનોં કિનારોંપર સમભૂમિ ઔર સમાન રેખાઓં મેં બને હુએ બડે સુન્દર સુન્દર ભવન શોભાયમાન થે. ઇનમેં સે અનેક બહુત ઉંચે ઉંચે ઔર રત્નોં સે જડિત થે.[1] નગર કે બીચ બીચ યથોચિત સ્થાનોંમેં સાલવૃક્ષોં સે ઘિરે હુએ ઔર આમ્રાદિ વૃક્ષોંસે સુશોભિત ઉદ્યાન[2] અર્થાત્ ક્રીડાસ્થાન બને હુએ થે. સ્વચ્છ નિર્મલ જલ સે ભરે હુએ સુન્દર સુન્દર સરોવર ભી યથાસ્થાન વિદ્યમાન થે. નગર નરનારિયોં કે સમૂહ સે ભરા હુઆ થા. બ્રાહ્મણ ષડંગસહિત વેદોં કે જાનને વાલે, ક્ષત્રિય શૂરવીર તથા ધનુર્વેદવિશારદ ઔર વૈશ્ય વ્યાપારકુશલ, સે બડી બડી સંપત્તિયોં કે સ્વામી ઔર શૂદ્ર શ્રદ્ધા પૂર્વક દ્વિજાતિયોંકી સેવા કરને વાલે થે. શ્રમજીવી (મજદૂર) ભી દિનભર કી કમાઇ કે બદલે એક છોટા સા સોને કા સિક્કા પ્રાપ્ત કર લેતા થા.[3] રાજધાનીભર મેં કોઇ ભી પુરુષ ઐસા ન થા જો ક્ષુધા સે પીડિત, દીન–અર્થાત્ દારદ્રી હો.[4] પ્રાયઃ લોગ સુવર્ણ તથા રત્નોં કે આભૂષણોં સે ભૂષિત રહતે થે; નાના પ્રકાર કે રથ, હાથી, ઘોડે, ગા આદિ પશુ રખતે થે. ઇન્હીં કે સાથ કરદરાજ્યોં કે રાજદૂત (તથા અન્યાન્ય રાજ્યોં કે રાજદૂત) તથા ભિન્ન ભિન્ન દેશોંસે વ્યાપારાર્થ આયે હુએ વણિક ભી નિવાસ કરતે થે.[5] શિક્ષણ ઔર રક્ષણ કા પ્રબન્ધ ઐસા ઉત્તમ થા કિ નગર મેં કામી, કાયર, ક્રૂર, અવિદ્વાન, નાસ્તિક, અગ્નિહોત્ર ન કરને વાલે તથા ચોરાદિકોં કે નામ કઠિનતા સે સુન પડતે થે.[6] સબ નરનારી ધર્મ્મ-શીલ બને હુએ થે.[7] પ્રજા સબ પ્રકારસે સુખી થી ઔર અયોધ્યાભરમેં કોઇ ભી પુરુષ ઐસા નહીં દીખતા થા જો રાજાજ્ઞા પાલન ન કરતા હો અથવા જો રાજા કા ભક્ત નહો.[8]"

\+ सर्वयन्त्रायुधवतीमुषितां सर्वशिल्पिभिः ॥ बाल ५ । १० ॥

× मुक्तपुष्पावकीर्णेन जलसिक्तेन नित्यशः ॥ ब . ५ । ८ ॥

१ प्रासादे रत्नविकृतैः पर्वतैरिव शोभिताम् बाल ५ १२

२ उद्यानाम्रवणोपेतां महतीं सालमेखलाम् ॥ बाल ५ । १२ ॥

૩ દેવી ન્યૉંજ નામકે પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી કહતા હૈ કિ કિસી દેશકે અભ્યુદયકા ઠીક ઠીક અનુમાન ઇસ સાધનસે લગતા હૈ જો શ્રમજીવી (મજદૂર) કો પ્રતિદિનકે પરિશ્રમ કે બદલ મેં મિલતા હૈ.

४ न दीनः ॥ बाल ६, १५ ॥

५ सामन्तराजसंघैश्च बलिकर्मभिरावृताम् ।
नानादेशनिवासैश्च वणिग्भिरुपशोभिताम् ॥ बाल ५ । १४ ॥

६ कामी वा न कदर्यो वा नृशंसः पुरुषः क्वचित् ।
द्रष्टुं शक्यमयोध्यायां नाविद्वान्न च नास्तिकः ॥ बाल ६ । ८ ॥
नानाहिताग्निर्नायज्वा न क्षुद्रो वा न तस्करः ॥ बाल ६ । १२ ॥

७ सर्वे नराश्च नार्यश्च धर्मशीलाः सुसंयताः ॥ बाल ६ । ९ ॥

८ द्रष्टुं शक्यमयोध्यायां नापि राजन्यभक्तिमान् ॥ बाल ६ । १६ ॥

१५–श्री रामके समयमें अस्त्र–शस्त्र कैसे थे ?

(લખનાર–ઉમેશપ્રસાદસિંહ બખ્શી તથા ગુરુદેવપ્રસાદ સિંહ બખ્શી)

રામાયણકે ભિન્ન ભિન્ન સ્થલોંમેં યંત્રશાલાઓંકા ઉલ્લેખ પાયા જાતા હૈ. યંત્ર-વિજ્ઞાનમેં પ્રાચીન ભારતીય સભ્યતાકી કેન્દ્ર-ભૂમિ અયોધ્યાકી અપેક્ષા અનાર્ય-સભ્યતાકા કેન્દ્રસ્થલ લંકા હી અધિક ઉન્નત અવસ્થામેં થા. માનવી જ્ઞાનકી અપેક્ષા દાનવી જ્ઞાનકે વૈચિત્ર્ય કા પરિચય અધિક મિલતા હૈ. (લંકાકાંડ-૩)

અયોધ્યા તથા લંકા-દોનોં કાંડોંમેં દુર્ગ ઔર અસ્ત્રશસ્ત્ર કા ઉલ્લેખ હૈ. દોનોં સ્થાનોં કે દુર્ગ કે શીર્ષભાગપર લોહે કે બને હુએ 'શતઘ્ની' નામક અસ્ત્ર રખે રહતે થે.

રામાયણ કે ટીકાકાર રામાનુજ મહાશય ને 'શતઘ્ની' કો આગ્નેયાસ્ત્ર કહ ઘોષિત કિયા હૈ. રામાયણમેં આગ્નેયાસ્ત્રકા ઉલ્લેખ અનેક સ્થલોંમેં દૃષ્ટિગત હોતા હૈ; ઇસ લિયે 'શતઘ્ની' કો આજકલકે કમાન-તુલ્ય આગ્નેય અસ્ત્ર કહ સકતે હૈં.

લંકામેં રાવણકે શય્યાગૃહમેં યંત્રચાલિત પંખા થા. રાત્રિકે સમય હનુમાનને ઉસ કમરેમેં જાકર વિસ્મયસે અવાક્ હોકર ઉસે દેખા થા.

बालव्यजनहस्ताभिर्वीज्यमान समन्ततः ॥५।५।१०॥

લંકાનિવાસી દાનવ શિલ્પી વિશ્વકર્મારચિત શૂન્યગામી 'પુષ્પક' નામક એક વિમાન થા. 'પુષ્પક' થા હંસચાલિત મહાવેગશાલી વિમાન. (લંકાકાંડ ૧૨૫ સર્ગ, ૧ શ્લોક) વહ આરોહીકે ઇચ્છાનુસાર ઇચ્છાનુરૂપ સ્થાનમેં બેરોક-ટોક વિચરણ કર સકતા થા.

આકાશકે ઉપરસે નિમ્નસ્થિત જન, પ્રાણી, ઘર આદિ કિસ પ્રકાર દૃષ્ટિગોચર હોતે થે, ઇસકા વર્ણન કિષ્કિંધા કાંડકે ૬૨ સર્ગમેં હૈ. યહ વિવરણ પરીક્ષિત તથા સત્ય હૈ.

સમુદ્ર મેં સેતુ બાંધનેકે સમય કોઈ ઉચ્ચ વૈજ્ઞાનિક રીતિ આચરિત હુઇ થી વા નહીં, ઇસકી ચર્ચા મહર્ષિને અપની રચનામેં નહીં કી હૈ; કિન્તુ સાગર-બંધન કે સમય જિન અસ્ત્ર-શસ્ત્રોં કા [illegible] વ્યવહાર હુઆ થા, ઉસકા સ્પષ્ટ ઉલ્લેખ રામાયણ મેં પાયા જાતા હૈ. યથા—

'हस्तिमात्रान् महाकाया पाषाणांश्च महाबलाः। पर्वतांश्च समूत्पाटॊ यंत्रैः परिवहन्ति च॥' યદ્દાદાર[illegible]

હાથીકે સમાન પ્રકાંડ પ્રસ્તરખંડ તથા પર્વત ઉખાડ કર યંત્રકી સહાયતાસે (સમુદ્રમેં [illegible]) ડાલે જાને લગે.

સેતુ કેવલ સમુદ્રમેં પથ્થર ડાલ કર નહીં બાંધે જાતે કિન્તુ ઉનમેં કુછ નાપ-જોખકી આવશ્યકતા હોતી હૈ-જિસસે દેખનેમેં વે ભદ્દે ન પ્રતીત હોં. ઉસકા વર્ણન સંક્ષેપમેં ઇસ પ્રકાર હૈ [illegible]

પથ્થર કે ટુકડે છોટે હોનેકે કારણ સમુદ્રકી તરંગોં કે સાથ ઉપર ઉઠને તથા નીચે ગિ[illegible] લગે. બહુસંખ્યક બંદર એકત્રિત હો વિવેચના કરને લગે-ઇસ પ્રકાર બાનરશિલ્પી નલ [illegible] શિલ્પિયોંકી સહાયતાસે સેતુ-બંધન કરને લગે. (લંકાકાંડ-૨૨ સર્ગ)

એક સ્થાનપર 'પાંશુ' નામક અસ્ત્ર કી સહાયતા સે કુએં આદિ ખોદનેકા ઉલ્લેખ હૈ. (૯,૨[illegible]

રામાયણમેં જલયાનકા ઉલ્લેખ હૈ. ઋગ્વેદમેં ભી ઇસકા ઉલ્લેખ હૈ; કિન્તુ વહ યં[illegible] ચલતા થા, વા વાયુવેગ સે, અથવા નાવિકોંદ્વારા-ઇસકા પતા નહીં-ઇસકા કોઇ આભાસ રા[illegible] મેં નહીં મિલતા.

ઇંદ્રજિત બાદલમેં છિપ કર યુદ્ધ કરતા થા. ઇસકો રામાયણમેં રાક્ષસી માયા કહ કર ઉલ્લેખ કિયા ગયા હૈ. (૧૭,૬,૨૫) ("મનોરમા" નામે લખનૌના હિંદી માસિકમાંથી સાભાર)

હાભારતમાં પૂજ્ય ઋષિમુનિઓએ એવી આદર્શ ભતસંસ્કૃતિ આલેખી છે કે જેને માટે હિંદુ-
તિ ઉપરાંત સમગ્ર માનવજાતિને પણ હવે પછી તીવ્ર આકાંક્ષા ઉત્પન્ન થશે. 'વિવેકાનંદ'

મ્હોટા સાત ભાગોમાં નિકળી ચૂક્યું છે.

સંપૂર્ણ મહાભારત

ઉત્તમ ભાષાંતર, ૫૦૦૦ પૃષ્ઠ, સુંદર ૩૦ ચિત્ર, મજબૂત કાગળ, તથા પાકાં પૂંઠાં સાથે

મૂલ્ય રૂ ૩૬, દીવાળીસુધી ૩૨

थयेला अने थनारा ग्राहको प्रत्ये खास सूचनाओ

ધર્મગ્રંથ સમજુ માણસોને તો પાછળથી
૧-હિંદુ સંતાનો માટે આવો ઉપકારક અને માનીતો ધર્મગ્રંથ સમજુ માણસોને તો પાછળથી
પૂરી કિંમતે પણ લેવોજ પડવાનો; તો પછી તે સવેળા અને કિફાયતી કિંમતેજ તેમણે શામાટે
ન લેવો ? ગુજરાતી પ્રેસનું આખું મહાભારત જ્યારે ૭૫) થી પણ મળતું નહિ, ત્યારે તેનું બીજું
કનિષ્ઠ ભાષાન્તર રૂ. ૫૦)થી પણ અનેકોને લેવું પડેલું. માટે આ ગ્રંથ વેચાઈ ગયા પછી પાછું
તેમ ન કરવું પડે તેટલા માટે, અને આવા મ્હોટા ગ્રંથ ફરી ફરીથી છપાવા સહજ નથી તેટલા
માટે પણ જેમનાથી બને તેમણે આવીવિરલ તકનો લાભ તરતમાં અને જરૂરથી લઇ લેવો જોઇયે.

૨-આ મહાભારતનું મૂલ્ય રૂ. છત્રીસ છે; તેમજ ગ્રંથમાળાનું પુસ્તક પણ શ્રાવણમાંજ નિકળે
તેમ લાગવાથી તેની કિફાયતી કિંમત પણ લંબાવી છે; એટલે કે પ્રથમથી નાણાં ભરનાર માટે અષાડ
સુધી રૂા. ત્રીસ અને તે પછીને માટે દિવાળી સુધી રૂા. બત્રીસ રખાઈ છે.

૩-અગાઉ જેઓ આ ખાતાનાં શાંતિપર્વ તથા આદિ અને સભાપર્વ ખરીદી ચૂક્યા હોય તેમણે
પણ તે તે ગ્રંથ આ સાત ભાગના પેટામાં નવાજ લેવા ઠીક છે; છતાં જેમને તે એક અથવા બંને
ગ્રંથ નહિજ લેવા હોય તેમણે તેની ખર્ચેલી એક ગ્રંથની કિંમત બદલ રૂ. રાા અને બે બદલ ૫)
ઓછા આપવાના છે.

૪-મુંબઇના જે સજ્જનો પાસેથી આ ગ્રંથના માર્ગવ્યય બદલ રૂ. ૧ાાા વધુ લેવાયેલા; તેમને
સાતે ભાગ એકી વખતે મુંબઈમાં આપવા ઠરવાથી રૂ. ૦ાાા ગ્રંથ સાથે પાછો અપાશે; અને અમ-
દાવાદથી મોકલવાના પેકીંગ ઇ૦ બદલ રૂ. ૧) વધુ ભરનારને તે પણ પાછો અપાશે.

૫-મુંબઇના થયેલા ગ્રાહકોને કાર્ડથી ખબર અપાનાંજ તેમણે તે કાર્ડ તથા નાણાંની પાવતી
મુંબઈના કાલબાદેવીના મંદિર સામેના કાર્યાલયમાં મોકલી આપીને સાતે ભાગ મંગાવી લેવા.

૬-આ ગ્રંથ વી.પી. થી તો મોકલાશેજ નહિ; માટે પોસ્ટદ્વારે મંગાવનારે કિંમત મોકલતા
ઉપરાંત રેલ્વેજ વગેરે બદલ પણ રૂા. સાડાપાંચ પ્રથમથીજ મોકલી આપવા.

જેમ સુરમ્ય સ્થાનમાં ફરવાથી શરીર શીતળ થાય છે, તેમ અમૃતસમાન મહાભારતની
કથાઓ વાંચવા–સાંભળવાથી મન તેમજ પ્રાણ શીતળ થાય છે. 'નારાયણ હેમચંદ્ર'

૭–રેલ્વેરસ્તે આ ગ્રંથ બહુ મોંઘા ખર્ચે આવશે અને પેકીંગ ૪૦ પણ નહિ ચડે; પરંતુ
કિંમત, સ્ટેશનનું નામ અને રેલ્વે રીસીટ મોકલવાનું શીરનામું, એટલું તો તેમણે પ્રથમથીજ મોકલવું.

૮–આફ્રિકા વગેરે દૂર દેશાવર માટે પણ કિંમત ૧૯૮૪ ની વસંતપંચમી સુધી રૂ. ૩૬ ને
બદલે ૩૨ અથવા તો પચાસ શીલીંગ અને પોસ્ટેજ ૪૦ બદલ તેર શીલીંગ અથવા રૂ. સાડાઆઠ મોકલવા.

૯–દશેક વર્ષ પૂર્વે મહાભારતની યોજના, તે સમયના ખર્ચના પ્રમાણમાં રૂ. ૧૬) અને ૧૨ાથી
કઢાડેલી; પણ પાછળથી મોંઘારત થતાં એ યોજના પડી મૂકાઇ અનામતવાળો રૂપિયો પાછો અપાયો
હતો. હજી જે થોડા સજ્જનોએ એ રૂપિયો નથી મંગાવ્યો, તેમણે તે ૧૯૮૪ ની હોળી સુધીમાં
પૈસા ભર્યાનો દાખલો મોકલીને જરૂર મંગાવી લેવો. નહિ તો તે જ્ઞાનયજ્ઞખાતે વાપરી દેવાશે.

महाभारत शामाटे खरीदवुं जोईये ?

ભારતવર્ષમાં મહાભારતના નામથી અપરિચિત કોઇકજ હિંદુ હશે. તે રચાયું ત્યારથી માંડીને
અદ્યાપિસુધી હિંદુજાતિમાં જે જે સંસ્કૃત ગ્રંથો અતિ આકર્ષક, માર્ગદર્શક અને ઉપકારક ગણાતા
આવ્યા છે, તેમાં મહાભારત પણ સદા પ્રથમ શ્રેણીમાંજ રહ્યું છે અને રહેશે.

મહાભારતરૂપી જે મહાસાગરના એક સ્વલ્પ અંશરૂપ 'શ્રીમદ્ ભગવદ્ગીતા' જગતભરના
વિદ્વાનોને પોતાના અલૌકિક જ્ઞાનગૌરવથી ચકિત કરી રહી છે; જે મહાસાગરમાંથી ગીતા ઉપરાંત
બીજાં એવાં એવાં અનુપમ રત્નો હિંદુજાતિને પ્રાપ્ત થયાં છે કે જે નિત્યપ્રતિ લક્ષાવધિ અધિકારી-
જનોનાં હૃદયને જ્ઞાનભક્તિના અનેરા પ્રકાશથી અજવાળી રહ્યાં છે; જે મહોદધિનાજ એક અગ-
ત્યના ખંડરૂપ "શાંતિપર્વ" માં લહેરાઇ રહેલું ધર્મામૃત તેમાં નિમજ્જન કરનારાં હજારો ધર્મ-
જિજ્ઞાસુ હૃદયોને શાંત, પવિત્ર અને ચારે પદાર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) ને પાત્ર બનાવતું
આવ્યું છે; જે મહાન ગ્રંથનો અદ્ભુત પ્રકાશ સહસ્રો વર્ષથી આર્ય નૃપતિઓની પરંપરાને
રાજધર્મ અને વીરત્વના ઉત્તમોત્તમ આદર્શ દર્શાવતો આવ્યો છે; જે મહાન ગ્રંથની ઓજસ્વી
કથાઓએ શતાવધિ નૃપતિઓને અને લક્ષાવધિ ક્ષત્રિયોને પ્રભાવિત કરી, તેમના પરમ હિતકારી
ધર્મપંથે પળાવ્યા છે; જે મહાગ્રંથના પ્રભાવે અતિવિકટ સમયે પણ પ્રતાપ, ગુરુ ગોવિંદ અને
શિવાજી જેવા મહાવીરોને આર્યધર્મની રક્ષામાટે અપૂર્વ ચેતના અને અદ્ભુત પરાક્રમ આપી
તેમને અપાર બળશાળી શત્રુદળો સામે અડગભાવે ઉભા રાખ્યા છે; જે મહાન ગ્રંથની જ્વલં
પ્રેરણાઓથી પ્રેરાઇને લક્ષાવધિ ક્ષાત્રકુળદીપક વીરાત્માઓએ આ નશ્વર જગતપ્રત્યેનાં મોહ-મમત
છોડી દીધાં અને પોતાનાં પ્રચંડ શરીરોને પ્રફુલ્લવદને સ્વધર્મપાલનના મહાયજ્ઞમાં તૃણની
હોમી દઇ અત્યંત દિવ્ય એવી વીરગતિને પ્રાપ્ત કરી છે; જે મહાન ગ્રંથ ભારતવર્ષની વર્તમા
દીનહીન દશામાં પણ વિદ્વાનથી માંડી ખેડુતસુધીનાં અને રાજાથી માંડી રંકપર્યંતનાં કોટયવ
સંતાનોને આર્યોની અસામાન્ય પ્રાચીન જાહોજલાલીનું સ્મરણ આપતો થકો તેમના એક મ
ખચિત સ્મારકસ્તંભરૂપે ભારતવાસીઓને 'उत्तिष्ठत जाग्रत, प्राप्य वरान्निबोधत' ઇત્યાદિ ઉત્
મહામંત્રો અનેક મુખે સુણાવી રહ્યો છે; અને જે મહાન ગ્રંથ દેવર્ષિ, બ્રહ્મર્ષિ, રાજર્ષિ
ચારે વર્ણાશ્રમના અનેકાનેક મહાત્માઓનાં ચરિત્રોરૂપી મહામણિઓથી સુશોભિત હોવા ઉ
તેમના વ્યવહાર તેમજ પરમાર્થને લગતા અનેકાનેક પ્રોત્સાહક અનુભવોથી અને ઉન્
ઉપદેશોથી ભરપૂર છે; આવો આ આર્યોનાં આદર્શભૂત જ્ઞાનચારિત્ર્યથી શોભી રહેલો મહાસાગ
મહાભારત ગ્રંથ, તે પોતાના સમગ્ર સ્વરૂપમાં અને ભારતની પ્રત્યેક ભાષામાં પ્રચલિત થઇ
હિંદુ-આર્યના ગૃહને સુશોભિત કરે, ઉચ્ચ પ્રેરણાઓ આપ્યા કરે અને ઉન્નતિપરાયણ
કરે તથા તેમ થાય તેટલા સારૂ તે સ્વલ્પ મૂલ્યે બહાર પડે, એવું કોણ નહિ ઇચ્છે ?

सस्तुं साहित्य वर्धक कार्यालय } મું૦ અમદા
અને મુંબા

महाभारतनो महिमा अने उपयोग

(મહાભારતનાજ જુદા જુદા શ્લોકો અને શ્લોકાર્ધો ઉપરથી)

अनागतश्च मोक्षश्च कृष्णद्वैपायनः प्रभुः । संदर्भं भारतस्यास्य कृतवान्धर्मकाम्यया ॥
धर्मे चार्थे च कामे च मोक्षे च भरतर्षभ । यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न कुत्रचित् ॥

દીર્ઘદૃષ્ટિવાળા અને મોક્ષસ્વરૂપ એવા ભગવાન વેદવ્યાસે કેવળ ધર્મવૃદ્ધિનીજ ઇચ્છાથી આ મહાભારતની રચના કરી છે. હે ભરતશ્રેષ્ઠ! ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–આ ચાર પુરુષાર્થોના સંબંધમાં આ મહાભારતમાં જે કંઈ કહ્યું છે, તેજ બીજાં શાસ્ત્રોમાં કહ્યું છે; અને જે આમાં કહ્યું નથી તે બીજે ક્યાંય પણ કહેલું નથી.

एतत्पवित्रं परममेतद्धर्मनिदर्शनम् । एतत्सर्वगुणोपेतं श्रोतव्यं भूतिमिच्छता ॥
कायिकं वाचिकं चैव मनसा समुपार्जितम् । तत्सर्वं नाशमायाति तमः सूर्योदये यथा ॥

આ મહાભારત પરમ પવિત્ર છે, ધર્મને દર્શાવનારૂં છે અને સર્વ ગુણોથી સંપન્ન છે; માટે કલ્યાણને ઈચ્છનારા માણસે આનું વાંચન–શ્રવણ અવશ્ય કરવું જોઇયે. કેમકે એથી કાયિક, વાચિક તથા માનસિક પાપો, સૂર્યોદયથી જેમ અંધકાર નાશ પામે તેમ નાશ પામે છે.

शृणोति श्रावयेद्वापि सततं चैव यो नरः । सर्वपापविनिर्मुक्तो वैष्णवं पदमाप्नुयात् ॥
पितॄनुद्धरते सर्वानेकादशसमुद्भवान् । आत्मानं ससुतं चैव स्त्रियं च भरतर्षभ ॥

જે પુરુષ નિત્યપ્રતિ મહાભારત સાંભળે છે કિંવા સંભળાવે છે, તે સર્વ પાપથી મુક્ત થઇને વિષ્ણુના પદને પામે છે; એટલુંજ નહિ પણ હે ભરતશ્રેષ્ઠ! તે પુરુષ પોતાની અગિયાર પેઢીના પિતૃઓનો, તથા પુત્ર અને સ્ત્રી સહિત પોતાનો પણ ઉદ્ધાર કરે છે.

यथा समुद्रो भगवान्यथा मेरुर्महान्गिरिः । उभौ ख्यातौ रत्ननिधी तथा भारतमुच्यते ॥
न तां स्वर्गगतिं प्राप्य तुष्टिं प्राप्नोति मानवः । यां श्रुत्वैव महापुण्यमितिहासमुपाश्नुते ॥

જેમ ઐશ્વર્યવાન સમુદ્ર અને મહાપર્વત મેરુ એ બંને રત્નનિધિ તરીકે પ્રખ્યાત છે; તેમ આ મહાભારત પણ રત્નોના ભંડારતરીકે પ્રસિદ્ધ છે. આથી મનુષ્યને આ મહા પુણ્યરૂપ ઇતિહાસ વાંચવા–સાંભળવાથી જેવો સંતોષ થાયછે, તેવો સંતોષ સ્વર્ગપ્રાપ્તિથી પણ થતો નથી.

शरीरेण कृतं पापं वाचा च मनसैव च । सर्वं संत्यजति क्षिप्रं य इदं शृणुयान्नरः ॥
भरतानां महज्जन्म शृण्वतामनसूयताम् । नास्ति व्याधिभयं तेषां परलोकभयं कुतः ॥

જે મનુષ્ય આ મહાભારત વાંચે કે સાંભળે છે; તે મન વાણી અને કાયાવડે કરાયલાં સર્વ પાપોને ઝટ તજી દે છે. જે મનુષ્ય ઈર્ષ્યારહિત થઇને ભરતવંશીઓનાં મહાન ચરિત્ર વાંચે કે સાંભળે છે, તેને વ્યાધિનોજ ભય નથી; ત્યાં પછી પરલોકનો તો ભયજ ક્યાંથી!

इदं हि वेदैः समितं पवित्रमपि चोत्तमम् । श्राव्यं श्रुतिसुखं चैव पावनं शीलवर्धनम् ॥
य इदं भारतं राजन्वाचकाय प्रयच्छति । तेन सर्वा मही दत्ता भवेत्सागरमेखला ॥

આ મહાભારત વેદતુલ્ય છે; ઉત્તમ છે; પરમ પવિત્ર છે; સાંભળવા યોગ્ય છે; કર્ણપ્રિય છે અને શુભ આચરણને વધારનાર છે. માટે હે રાજન! જે મનુષ્ય આ ભારતનો ગ્રંથ વાંચનારને આપે છે; તેને સમુદ્રપર્યંતની સમગ્ર પૃથ્વી દાન કર્યાનું ફળ મળે છે.

મહાભારતના પાઠથી માણસ ... દૃઢ ઉન્નત મનોભૂમિકામાં પહોંચી જાય છે

અને તેથી મહાભારતનો વધુ પ્રચાર કરવો એ પ્રત્યેક સમજુનું કર્તવ્ય છે.

મહાત્મા ગાંધીજી એવા ભાવનું કહે છે કેઃ—"મેં આ પહેલાં 'મહાભારત'નો સંપૂર્ણ ગ્રંથ વાંચ્યો ન હતો. કોઈ કોઈવાર થોડું થોડું જોયું હોય તે જુદી વાત. મેં તો ઉલટો તેની વિરુદ્ધ-માંજ મત બાંધી દીધો હતો કે, એમાં મારામારી, લડાઇ અને ઝઘડાઓની કહાણીઓ હશે, અને એવાં લાંબાં વર્ણન હશે કે મારાથી વાંચી પણ નહિ શકાય; અથવા હું વાંચવા બેસીશ તો મને નિદ્રા આવશે! એથી કરીને મહાભારતનાં ૧૭ હજાર પાનાનાં મોટાં પોથાં જોઇને પ્રથમ તો હું ગભરાયો હતો; પરંતુ પછી જ્યારે મેં તેને વાંચવું શરૂ કર્યું ત્યારે તો પછી એ અમુક ભાગ સિવાય એટલું બધું મનમોહક થઇ પડ્યું-તેમાં એટલી બધી રુચિ લાગી ગઇ કે એકવાર શરૂ કર્યા પછી એ ગ્રંથ પૂરો કરવા-ને હું અધીરો બની ગયો અને એ સંપૂર્ણ વાંચી રહ્યા પછી એ વિષેના મારા પહેલાંના ખ્યાલો ખોટા ઠર્યા.

એ ગ્રંથ મેં ચાર મહીનામાં (યરોડા જેલમાં) પૂરો કર્યો ત્યારે મને લાગ્યું કે, આ મહાભારતને કાંઇ ઉપમા આપવી હોય તો તે ગણ્યાંગાંઠ્યાં સુંદર જવાહીરોની એકાદ તિજોરીની ન આપી શકાય; પણ અમૂલ્ય રત્નોની એકાદ અખૂટ ખાણ સાથેજ તેને સરખાવી શકાય, કે જે ખાણને જેમ જેમ વધુ ને વધુ ઉંડી ખોદીએ તેમ તેમ. તેમાંથી કિંમતી જવાહીર વધુ ને વધુજ નીકળતાં જાય."

લોકમાન્ય તિલક મહારાજે કહ્યું છે કેઃ—"મહાભારત ગ્રંથ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. + + તેમાં ધર્મરાજની સત્યનિષ્ઠા, કર્ણની ઉદારતા, ભીમનું બાહુબળ, અર્જુનનું યુદ્ધકૌશલ્ય ઇત્યાદિ અનેક અવર્ણનીય ગુણોયુક્ત વીરોનાં વર્ણન છે અને તે વીરોનાં ચરિત્ર વાંચવા યોગ્ય તથા મનન કરવા યોગ્ય છે. એમાં પણ ભીષ્મપિતામહનો દૃઢ નિશ્ચય અને શ્રીકૃષ્ણચંદ્રનું રાજનીતિકૌશલ્ય તો વિલક્ષણજ મહત્ત્વ ધરાવે છે. તેમના આગળ બીજાઓના બીજા ગુણો ફિક્કા પડી જાય છે. × × × આથી નવયુવકોને હું કહું છું કેઃ—**'મહાભારતનું અધ્યયન અવશ્ય કરો અને ભીષ્મ-પિતામહનો દૃઢ નિશ્ચય તથા શ્રીકૃષ્ણચંદ્રનું રણકૌશલ્ય તમારામાં વધારવાનો પ્રયત્ન કરો.'**"

મહાન અભ્યાસી શ્રીમાન સાતવલેકર લખે છે કેઃ—" જ્ઞાની પુરુષો કહેતા આવ્યા છે કે, જેમને પ્રાચીન ઇતિહાસ નથી તેમને માટે ભવિષ્યમાં પણ આશા નથી; પરંતુ ભારતવાસીઓને તો પ્રાચીન ઇતિહાસ છે, માત્ર ઇતિહાસજ નહિ પરંતુ દિગ્વિજયી, પ્રતિભાપૂર્ણ અને તેજસ્વી ઇતિહાસ છે, અને તેથી ભારતવાસીઓને માટે ભવિષ્યમાં પણ નિઃસંદેહ ભાગ્યદિન સર્જાયેલો છે; પરંતુ એ ભાગ્યદિન લાવવા માટે ભારતવાસીઓએ પોતાના પૂર્વજોના એ ભાગ્યશાળી અને પ્રતાપપૂર્ણ ઇતિહાસને જાણવો અને મનન કરવો જોઇએ. માત્ર ઇતિહાસના અસ્તિત્વથીજ કામ નહિ ચાલે, પરંતુ તેનું જેટલું પણ વધારે મનન થશે તેટલોજ વધુ લાભ થવાનો સંભવ છે; અને એવું હોવાથી આ **પ્રતાપપૂર્ણ દિગ્વિજયનો ઇતિહાસ પ્રત્યેક ભારતવાસી સમક્ષ રજુ થવો જોઇએ.**"

" જનસમાજમાં અનેક જાતના લોક હોય છે અને દરેક જાતના લોકની રુચિ જૂદા જૂદા પ્રકારની હોવાથી એકને જે રુચિકર હોય છે તે બીજાને માટે નથી હોતું; પરંતુ આ કાવ્યમય ઇતિહાસ તો એવી અજબ રીતે લખાયો છે, કે **તેમાંથી પ્રત્યેક જાતના માણસને રસાસ્વાદ મળી શકે છે.** આસ્તિક ભગવદ્ભક્ત આમાં ભક્તિમાર્ગ જોઇ શકે છે; વેદાંતી આમાંથી આત્મપ્રત્યયનું જ્ઞાન મેળવી શકે છે; તર્કવિશારદ એમાં યુક્તિવાદ જોઇ શકે છે; શાસ્ત્રજિજ્ઞાસુ આમાંથી અનેક શાસ્ત્રના સિદ્ધાંતો જાણી શકે છે; ઇતિહાસપ્રેમી માટે એમાં અતિવિશાળ કાર્યક્ષેત્ર રહેલું છે; રાજપ્રકરણીને એમાં રાજનીતિ દેખાય છે; વીરને એમાં વીરતાનાં દૃષ્ટાંત મળી આવે છે; ગૃહસ્થાશ્રમીને એમાંથી ઉત્તમ ગૃહસ્થનું જીવન જાણવા મળે છે અને બ્રહ્મચારીને આદર્શ બ્રહ્મચારીના દાખલા મળે છે. તાત્પર્ય કે, **જેની જેની જેવી જેવી જિજ્ઞાસા હોય તેની તેની તે તે તમામ પ્રકારની જિજ્ઞાસા આપણા પૂર્વજોના આ અનુપમ પ્રાચીન ઇતિહાસરૂપી મહાભારતમાંથી તૃપ્ત થાય છે.** "

કવિવર રવીંદ્રનાથ ઠાકુર કહે છે કેઃ—"રામાયણ અને મહાભારતને કેવળ મહાકાવ્યજ કહેવાં ન જોઇએ, પરંતુ તે ઇતિહાસ પણ છે. અલબત્ત, તે કાંઇ સમય અથવા ઘટનાઓના ઇતિહાસ નથી; કેમકે ઘટનાઓના ઇતિહાસ તો અમુક સમયનુંજ અવલંબન કરે છે, પરંતુ રામાયણ અને મહાભારત તો ભારતવર્ષના ચિરકાળના ઇતિહાસ છે. બીજા ઇતિહાસો સમય સમયપર ફેરવાતા રહે છે, પરંતુ આ ઉભય ઇતિહાસમાં કાંઇપણ પરિવર્તન નથી થતું. ભારતવર્ષની જે સાધના જે આરાધના અને જે સંકલ્પ છે; તેનોજ ઇતિહાસ આ બન્ને મહાકાવ્યોરૂપી રાજપ્રાસાદ ચિરકાળરૂપી રાજસિંહાસનપર સમ્રાટસમો વિરાજે છે."

સંસ્કૃત સાહિત્યના બગીચામાં મહાભારત અને રામાયણ એ એક કલ્પવૃક્ષ સમાન છે; કારણ કે એમાંથી જે પણ માગો તે મળશે. પ્રૉ૦ દાવર

श्रीरामायणनुं संक्षिप्त माहात्म्य

इदं पवित्रं पापघ्नं पुण्यं वेदैश्च संमितम् । यः पठेद्रामचरितं सर्वपापैः प्रमुच्यते ॥
एतदाख्यानमायुष्यं पठन्रामायणं नरः । सपुत्रपौत्रः सगणः प्रेत्य स्वर्गे महीयते ॥
पठन् द्विजो वागृषभत्वमीयात् स्यात्क्षत्रियो भूमिपतित्वमीयात् ।
वणिग्जनः पुण्यफलत्वमीयात् जनश्च शूद्रोऽपि महत्त्वमीयात् ॥

ભાવાર્થ—આ રામાયણ ચિત્તને શુદ્ધ કરનાર, પાપનો નાશ કરનાર, પુણ્યરૂપ, અને વેદના રહસ્યને પ્રતિપાદન કરનાર હોવાથી જે મનુષ્ય એનો પાઠ કરશે, તે સર્વ પાપોથી મુક્ત થશે. જે મનુષ્ય આયુષ્યની વૃદ્ધિ કરનાર આ રામાયણનો પાઠ કરશે; તે પુત્ર, પૌત્ર અને સંબંધીવર્ગસહિત સ્વર્ગમાં સુખ ભોગવશે. રામાયણના પઠનથી બ્રાહ્મણ શબ્દબ્રહ્મના પારને પામે; ક્ષત્રિયને રાજનીતિ પ્રાપ્ત થાય અને વૈશ્યને વ્યાપારકુશળતા તથા શૂદ્રને શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય. (વાલ્મીકિ રામાયણમાંથી)

चौपाई–रामायण सुरतरुकी छाया, दुःखसमय दूर निकट जो आया । रामायण सुरधेनु समाना, दायक अभिमत फल कल्याना ॥ श्री रामायण जहि घर मांहीं, भूत प्रेत तहां भूल न जांहीं । प्रीति करै रामायण मांहीं, तेहि सम भाग्यवंत कोउ नांहीं ॥ कथा रामायणकी जहां होई, सो गृह घर मति जाने कोई । सो घर तीर्थरूपसम भासे, तहां गए सब पातक नासे ॥

"રામાયણ, એ જગતમાં જેનો જોટો મળતો નથી એવો અનન્ય સાહિત્યગ્રંથ છે." વિવેકાનંદ

"રામાયણથી ભારતવર્ષનો સ્વાર્થપરાયણતાનો દોષ જેટલો દૂર કરાયો છે; તેટલો કોઈ પણ "નીતિવેત્તા, ધર્મવેત્તા, સમાજસુધારક, રાજપુરુષ કે રાજાથી પણ દૂર કરાયો નથી." બંકિમચંદ્ર

"કાવ્યના બંને અંગ–કવિ અને નાયક–ની બાબતમા રામાયણની બરોબરી કરે તેવો કોઇ "પણ ગ્રંથ કોઇ પણ દેશમાં મળી આવશે નહિ. રામચંદ્ર સરખો અલૌકિક સામર્થ્યવાળો તથા "ઉદાત્ત નીતિવાળો અન્ય કોઈ પણ પુરુષ જગતભરના ઇતિહાસમાં દૃષ્ટિએ પડતો નથી; તેમ "મહર્ષિ વાલ્મીકિના જેવી પ્રતિભા તથા ઉચ્ચ કલ્પનાવાળો કવિ પણ કોઇ જણાતો નથી. હોમર "તથા વર્જીલ નામના પ્રાચીન કવિઓના "ઇલીયડ" તથા "ઇનીડ" ગ્રંથો અને મિલ્ટન કવિનો "'પેરેડાઇઝ લૉસ્ટ' પાશ્ચાત્ય દેશોમા ઉત્તમ ગણાય છે; પરંતુ એ બધા ગ્રંથો કરતાં રામાયણ "કેટલી બધી શ્રેષ્ઠ છે ? કદાચ કોઇ કાવ્ય–શાસ્ત્રમાં હોમર વગેરેને વાલ્મીકિની બરોબરીએ બેસાડે; "બાકી તેઓના કાવ્યનાયકો ઍકિલિસ વગેરે નીતિની દૃષ્ટિએ તો રામાયણના રામચંદ્રાદિ કરતાં "અતિશય ઉતરતા છે. સારાંશ કે, રામાયણમાટે આર્ય લોકો જે અભિમાન ધરાવે છે તે "યોગ્યજ છે." ચિંતામણ વિ. વૈદ્ય

"હમ રામાયણ કો પઢ કર કુછ કે કુછ બન જાતે હૈં; હમમેં ઉંચે ઉંચે ખ્યાલ પૈદા હો "જાતે હૈ; ઔર વહ ગુણ જો મનુષ્ય કી ઉત્કૃષ્ટતા કે ભૂષણ હૈં સો હમારે સામને આ કર ખડે "હો જાતે હૈં. સદાચરણ, પુત્રોં કી ભક્તિ, પતિવ્રતાધર્મ, પતિકર્તવ્ય, પિતામાતા કા સ્નેહ, વિનય, "ધૈર્ય, દયાલુતા, સારાંશ યહ કિ માનુષી ગુણો કા કૌનસા ચિત્ર હૈ કિ જિસકો યથાર્થ રૂપ કો કવિ ને "અપની જાદૂભરી લેખની સે ઇસમેં નહીં લિખા !" મી. ગ્રીફ્ટ

"રામાયણ કહને કો તો એક મહારાજ કા જીવનચરિત્ર હૈ; પરંતુ વાસ્તવ મેં યહ સંસાર કે "મલોં કો નાશ કરનેવાલા અગ્નિ હૈ; અંધકાર મેં પ્રકાશ હૈ; સ્ત્રીયોં કા ધર્મ હૈ; પુરુષોં કા પૌરુષ હૈ; "બ્રાહ્મણો કા બ્રહ્મતેજ હૈ; ક્ષત્રિયોં કા ક્ષાત્રધર્મ હૈ; વૈશ્યોં કા ધન હૈ; શૂદ્રોં કા ધર્મ હૈ; ઔર ગૃહસ્થા- "શ્રમ મેં પ્રવેશ કરનેવાલે નરનારિયો કા સુખદીપક હૈ. ઇસકી જ્યોતિ કો હાથ મેં રખકર પુરુષ યદિ "માર્ગ દેખ દેખ ચલે, તો હો નહીં સકતા કિ કિસી સમય વહ જીવનયુદ્ધ મેં પરાજય પ્રાપ્ત કરે...જગત "કા ઇતિહાસ પઢનેવાલે કહતે હૈં કિ હિન્દુજાતિ કો વેદો કે પ્રચાર ઘટજાને પર યદિ કિસી રસાયણ "ને જીવિત રખ્ખા હૈ તો વહ રામાયણ હી હૈ. ઇસીકે બલ સે હિન્દુ નારિયોં મેં સતીત્વ કા ઔર "હિન્દુ નરો મેં બલિદાન કરને કા સાહસ રહા હૈ." શાંતરામ શર્મા

૮ રામાયણ અને મહાભારતમાંના રામ અને કૃષ્ણ, એ માત્ર પુસ્તકોમાંજ રહેલી વ્યક્તિઓ નથી, પણ હિંદીઓના હૃદયમાં રહેલી જીવતીજાગતી પ્રતિમાઓ છે. પ્રૉફેસર હાવર

सद्ग्रंथोना सेवननो महिमा

(અનેક ઉત્તમ પુરુષોના ઉદ્ગાર)

यस्यास्ति सद्ग्रन्थविमर्शभाग्यं, किं तस्य शुष्कैश्चपलाविनोदैः ॥

અર્થાત્ જેને સારા સારા ગ્રંથો વાચવાવિચારવાનું સદ્ભાગ્ય મળેલું હોય, તેને 'ચપળા (લક્ષ્મીના–સ્ત્રીના) શુષ્ક વિનોદ શી ગણતરીમાં છે?

"તમે ગમે તેવી નવલકથાઓ અને બીજું જે આવ્યું તે વાંચવા મંડી પડો છો, પણ એવું તો તમે થોડું વાંચો તેજ સારું. ગીતાજી વાંચો, વેદાંતનાં બીજાં પુસ્તકો વાંચો; કેમકે તેની આખા જીવન સુધી જરૂર છે." **"સ્વામી વિવેકાનંદ"**

"પુસ્તકોમાં હું ગુંથાયેલો રહી શકતો, તેથી મને બે માસ વધારે જેલ મળત તોપણ હું ઉકળી કાયર નહિ થાત; એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઉલટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે, જેને સારાં પુસ્તકો વાચવાનો શોખ છે, તે ગમે તે જગ્યાએ એ એકાંતવાસ સહેલાઇથી વેઠી શકે. × × એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં ઉપર તમે આંતર્વિચાર પણ કરી શકશો." **"મહાત્મા ગાંધીજી"**

"મને પુસ્તકો વાંચવાથી જેવો આનંદ મળે છે તેવો આનંદ આ જગતમાં બીજા કોઈ પણ કામથી નથી મળતો." × × × "માતૃભાષામાં વિવિધ જ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રચાર થયા વિના કોઇ પણ પ્રજા ઉન્નતિ પામી શકતી નથી અને જાતીય ભાવના (સ્વદેશપ્રીતિ) પણ મેળવી શકાતી નથી." × × × "બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિ છે. પશુ આદિના જેવી ઇંદ્રિયતૃપ્તિસિવાયનું બીજું કોઇ પણ એવું સુખ તમે નહિ બનાવી શકો કે જેનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં રહેલું ન હોય." × × × "સાહિત્ય-ઉદ્યાનના ચતુર માળી થવાનું સુભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય અથવા જેનું મન સદૈવ સાહિત્યસરોવરના કમળોની મધુર સુગંધથી મસ્ત બનવા લાગ્યું હોય, તેને તો સાહિત્યસિવાયનાં સ્વર્ગીય સુખો પણ તુચ્છજ લાગે છે." **"બંકિમચંદ્ર"**

"ગરીબોને દરિદ્રતામાંથી છોડવવાની, દુઃખીઓનાં દુઃખ દૂર કરવાની, શરીર તથા મનનો થાક ઉતારવાની અને માંદાઓનું દર્દ ભુલાવી દેવાની ગ્રંથોમાં જેટલી શક્તિ છે, તેટલી શક્તિ ઘણું કરીને બીજી કોઇ ચીજમાં નથી." **"મારડન"**

"જ્ઞાન એ આકાશ છે અને પુસ્તકો એ તેમાં શોભી રહેલા ચળકતા તારાઓ છે; જ્ઞાન એ સમુદ્ર છે અને પુસ્તકો તે એ સમુદ્રનો લાભ લઇ શકાય તેવાં વહાણો છે; જ્ઞાન એ સૂર્ય છે અને પુસ્તકો એ આપણા ઘરમાં આવી શકે એવો તેનો પ્રકાશ છે; જ્ઞાન એ સોનાની ખાણ છે અને પુસ્તકો એ તેમાંથી બનાવેલા આપણને બંધબેસતા થાય તેવા દાગીના છે; જ્ઞાન એ મોટામાં મોટી કિંમતી નોટો છે અને પુસ્તકો એ આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા ચલણી સિક્કાઓ છે; જ્ઞાન એ વાયુ છે અને પુસ્તકો તે એ વાયુને ચલાવી ઠંડક આપનારા પંખા છે; જ્ઞાન એ અગ્નિ છે અને પુસ્તકો તે અગ્નિથી પ્રકટાવેલા દીવા છે; જ્ઞાન એ પૃથ્વી છે અને પુસ્તકો એ આપણને રહેવાલાયક મકાનો છે; જ્ઞાન એ અનાજનો ભંડાર છે અને પુસ્તકો એ તેમાંથી તૈયાર થયેલા રોટલા છે; જ્ઞાન એ મેઘ છે અને પુસ્તકો તે આપણા ઘરમાં રહી શકે તેવાં પાણીભરેલાં માટલાં છે; અને જ્ઞાન એ સર્વશક્તિમાન પરમાત્મા છે અને પુસ્તકો એ તે પરમાત્માનો રસ્તો દેખાડનારા પૂજનીય દેવો છે." **"સ્વર્ગનાં રત્નો"**

"પુસ્તકોપ્રત્યેનો સ્નેહ એ ઇશ્વરના રાજ્યમાં પહોચવાનો પરવાનો છે."

"ખરાબ ચોપડીઓનું વાચન, એ તો ઝેર પીવાસમાન છે."

"મહેલોથી તથા ધનવૈભવના અખૂટ ભંડારથી જે સંતોષ તમને નહિ મળે તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે."

"ખોરાકવિનાના શરીરની પેઠે જ્ઞાનવિનાનું મન પણ નિર્માલ્ય છે. એ જ્ઞાનને મેળવવાનું સર્વોપરિ સાધન વાચન હોવાથી જે ઘરમાં સારાં પુસ્તકો નથી, તે ઘર ઘર નહિ પણ નિર્માલ્ય મનવાળાં જીવતાં મુડદાંઓને રહેવાની ઘોર છે."

ચાર પદારથ પામવા, લેવા જીવનલ્હાણ; આદર્શો ઉત્તમ દિયે, મ્હોટા ગ્રંથ મહાન.
શા માટે સહો ભવતૃપા, કરો પ્રેમથી પાન; ઉપદેશામૃતથી ભર્યા, મ્હોટા ગ્રંથ મહાન.

શ્રીમદ્ ભાગવત ભાષાંતર

વેદધર્મસભાવાળું ઉત્તમ ભાષાંતર, આવા અક્ષર, ૧૫ ચિત્રો, ઉત્તમ કાગળ, પાકાં પૂંઠાં, મૂલ્ય ૫)

શ્રીમદ્ ભગવતી ભાગવત

'અથવા દેવી ભાગવત—ફરી છપાય છે.

વેદધર્મસભાવાળું આ ઉત્તમ ભાષાન્તર દીવાળીપછી રૂ ૫)માં નીકળશે. તરત માટે ૪॥

શ્રી રામકૃષ્ણ કથામૃત

આવૃત્તિ બીજી—બંને ભાગ ભેગા—પૃષ્ઠ૬૫૦, રૂ ૨॥

જગપ્રસિદ્ધ સ્વામી શ્રીવિવેકાનંદજીના ગુરુદેવ શ્રીરામકૃષ્ણ પરમહંસ જેવા અદ્દભુત પુરુષની જૂદા જૂદા જિજ્ઞાસુઓ તથા વિદ્વાનો સાથેની અતિ સરળ,સચોટ અને બોધપ્રદ વાતચીતો, તે દરમિયાન અપાયેલાં સચોટ દષ્ટાંતો, ગવાયેલાં અસરકારક ભજનો તથા વખતોવખત તેમને થઇ આવેલી ભાવસમાધિઓ વગેરેનું આબેહૂબ વર્ણન આ ગ્રંથમાં છે.

મહાન શિવાજીમહારાજના ગુરુ સમર્થ રામદાસ સ્વામીરચિત

શ્રી દાસબોધ

આ ગ્રંથમાં શ્રી સમર્થનું ભવ્ય ચરિત્ર, ઉત્તમ ભાષાંતર, છત્રપતિ પ્રત્યેના તથા બીજા અનેક પ્રકારના ધર્મ નીતિમય ઉપદેશ, પાકાં પૂંઠાં, પૃષ્ઠ ૬૨૦, મૂલ્ય ૨॥

પાદ્યારકૃત શાનબાગના સેંકડો દાખલા—દૃષ્ટાંતથી ભરપૂર

સ્વર્ગનાં ઉત્તમ પુસ્તકો

નીકળી ચુકેલી નવી આવૃત્તિઓ.

સ્વર્ગનું વિમાન
સ્વર્ગની કુંચી
સ્વર્ગનો ખજાનો
સ્વર્ગનો પ્રકાશ

નાનાં છોકરાં પણ સમજે એવી સાદી છતાં અસરકારક શૈલીથી લખાયેલા આ પ્રત્યેક પુસ્તકનું કદ ૫×૯, પૃષ્ઠસંખ્યા ૩૫૦ ની આસપાસ, મૂલ્ય ૧)= અને પાકાં પૂંઠાં સાથે ૧ા= છે.

ભગવદ્ગીતા-સરલ અર્થસાથે

ગુજરાતી સરલાર્થ સાથે—નવી આવૃત્તિ છપાય છે. કિં. ો
હિન્દી સરલ ટીકા સાથે પૃષ્ઠ ૨૩૦—મૂલ્ય ો-, પાકું ો=
મરાઠી સુબોધ ટીકા સાથે—પૃષ્ઠ ૨૩૦—મૂલ્ય ઉપર મુજબ

મૂલમૂલ ભગવદ્ગીતાઓ

પ્રકાર	કદ	પૃષ્ઠ	પાકું	પૂંઠું મધ્યમ
મધ્યમ અક્ષરમાં	૩ા×૫ા	૧૯૫	ો	ો)=
મોટા અક્ષરમાં	૫×૬ાા	૨૨૦	ોા	ો=

મૂલમૂલ પંચરત્નગીતાઓ

નાના અક્ષરમાં	ગુટકો	૨૦૦	ો	ો)=
મધ્યમ અક્ષરમાં	ગુટકો	૩૨૫	ો=	ો
મોટા અક્ષરમાં	પુસ્તક	૩૭૫	ોાા	ોા

आर्यभिषक् અથવા हिंदनो वैद्य

આવૃત્તિ છઠ્ઠી, કદ ૬ાાx૧૦, પૃષ્ઠ ७८०, મૂલ્ય ૪) દરેક ઘરમાં ખાસ રાખવા જેવા આ ઉમદા વૈદક ગ્રંથમાં સેંકડો રોગોનાં લક્ષણ, કારણ તથા હજારો ઘરગતુ ઉપાય અને સેંકડો ઔષધોના ગુણ તથા વર્ણનો છે.

आरोग्यविषे सामान्य ज्ञान

લેખકઃ—મહાત્મા ગાંધીજી, પૃષ્ઠ ૧૪૪, મૂલ્ય ૦।૮ વગર-ખર્ચના અને કુદરતી ઉપાયોથી ટાળી શકાય એવી રીતો આમાં છે. સવેળાથીજ રોગોથી દૂર રહી શકાય તથા થયેલા રોગને સાદા,

તમારાં બાળકોનાં મનપર ઉમદા વિચારોની છાપ પાડી તમને સુખી, સદ્‌ગુણી, બુદ્ધિમાન, ધાર્મિક અને આજ્ઞાંકિત બનાવવા માટે

बालग्रंथावलिनां पुस्तको

સદ્‌ગુણી બાળકો—પાંચમી... આવૃત્તિ, પૃષ્ઠ ૧૨૮, રૂ. ૦।૮
બાળકોની વાતો—પાંચમી... આવૃત્તિ, પૃષ્ઠ ૯૬, રૂ. ૦।
બાળસદ્‌બોધ—પાંચમી...... આવૃત્તિ, પૃષ્ઠ ૧૨૦, રૂ. ૦।
સુબોધક નીતિકથા—ત્રીજી આવૃત્તિ, પૃષ્ઠ ૧૮૪, રૂ. ૦।૮
દુઃખમાં વિદ્યાભ્યાસ—બીજી આવૃત્તિ, પૃષ્ઠ ૯૦, રૂ. ૦।

योगतत्त्व

આમાં-હઠયોગ, પ્રાણાયામ, કસરત, સ્નાન, હવા, ઓજસ, શરીર-રચના, આંતરિક રચના, વિદ્યુત શક્તિ, મનોબળ, આત્મિક ઉન્નતિ, અંતર્યામીનો અવાજ, ઇ૦ હકીકતો સમજાવેલી હોઇને કદ પા×૮, પૃ૦ ૩૮૪, મૂલ્ય ૧) પાકું પૂંઠું ૧।

આ તે ઇતિહાસ ગ્રંથ ! કે પારા... ! વીર-વીરાંગનાઓનાં ચરિત્ર-ચિત્ર ! કે જ્ઞાનેચ્છુઓનાં પવિત્ર મિત્ર ! વીરકથાનો સાગર ! કે ગુણરત્નોની ગાગર ! ઉચ્ચતાની હોય આરત, તો લ્યો આ બીજું ભારત !

राजस्थाननो इतिहास

૮૦૦, ૮૦૦ પૃષ્ઠના બે મોટા ગ્રંથોમાં. અનેક ચિત્ર ચરિત્રો તથા પાકાં પૂંઠાં સાથે મૂલ્ય માત્ર ૧૦)

शुभसंग्रह—भाग पहेलो

આમાં ઘરગતુ દવાઓ અને ઉપયોગી સૂચનાઓ ઇ૦ ૧૦૦ બાબતો છે. ત્રીજી આવૃત્તિ, પૃષ્ઠ ૨૦૦, મૂલ્ય ૦।, પાંચ પ્રતનો રૂ. ૧)

शुभसंग्रह—भाग बीजो

આ ભાગ વિવિધ ગ્રંથમાળાદ્વારા તરતમાં નીકળશે. એમાં વિવિધ વિષયના અતિ ઉપયોગી સેંકડો વિષય હોઇ કદ ૬।।। × ૧૦, પૃષ્ઠ શુમારે ७००, મૂલ્ય શુમારે ૨)

दयाळु माता અને सद्‌गुणी पुत्री

केटलीक कन्याबोधक कविताओ साथे

પૃષ્ઠ ૧૬૦, મૂલ્ય ૦।, રૂ. ૧) ની પ્રત ૫, સો રૂ. ની ૬૦૦ સ્ત્રીવર્ગ તેમજ પુરૂષવર્ગ માટે આમાંની ચારે વાર્તાઓ અસરકારક તથા બોધપ્રદ હોવાથી ઉદારાત્માઓએ એની હજારો પ્રત ભેટ વહેંચી છે.

તમારી વહુબેટીઓને સ્ત્રીજીવનના ઉત્તમ આદર્શ પૂરા પાડી તેમનાં જીવન, કુલ અને સંતતિને સુખી તથા સદ્‌ગુણી બનાવવા સારૂ આ અમૂલ્ય રત્નભંડાર તરતજ તેમને લઈ આપો.

भारतनां स्त्रीरत्नो

આ બીજી આવૃત્તિ ૭૦૦–૭૦૦ પૃષ્ઠના અને ૫।।।×૮ાના કદના ત્રણ મોટા ગ્રંથોમાં પુષ્કળ સુધારાવધારા સાથે લગભગ નવાજ રૂપમાં અને પ્રથમ કરતાં ડોઢા લખાણ સાથે છપાય છે. દરેકના રૂ. ૨।।, ત્રણે ભાગના રૂ. ૬, સતજુગથી માંડીને અત્યાર સુધીમાં થઇ ગયેલી ૫૨૮ મહાન સતીસાધ્વીઓ અને વીરાંગનાઓનાં અત્યંત બોધપ્રદ અને અસરકારક ચરિત્રોનો આ ભારતવર્ષમાં સર્વથી મોટો, સસ્તો અને ઉત્તમ સંગ્રહ છે.

रामतीर्थनी जीवनकथा

પૃષ્ઠ ૬૪૦, કદ ૫।।।×૮, મૂલ્ય ૧।।ℴ, પાકું ૨)

પોતાના આધ્યાત્મિક ઉપદેશોથી દેશવિદેશને ગજવી મૂકનાર આદર્શ મહાત્માનું આ જીવનવૃત્તાંત પુષ્કળ હકીકતોથી ભરપૂર અને અત્યંત બોધદાયક હોઇને અંગ્રેજી, હિન્દી અનેક ગ્રંથો ઉપરથી તેમજ તેમના પોતાના પત્રો અને ભાષણોમાંની વિગતોને આધારે લખાયું છે. જેની છેવટે બસો પૃષ્ઠ તેમના ૧૫ ઉત્તમ લેખો તથા ભાષણોને લગતાં પણ છે.

वीर दुर्गादास अथवा मारुसरदारो

પૃષ્ઠ ૨૪૦, મૂલ્ય ૦।।, પાકું ૦।।।,

મારવાડના આ મહાન નરકેસરીનું વીરત્વભર્યું વૃત્તાંત આમાં વાર્તારૂપે તેના લેખક સાક્ષરવર્ય વિઠ્ઠલદાસ ધનજીભાઇએ ઉત્તમ રીતે આલેખેલું છે.

विवेकानंदनुं संपूर्ण चरित्र

પૃષ્ઠ. ૭૬૦, મૂલ્ય. ૨), પાકું ૨।।

ભારતવર્ષના મહાન પ્રેરક અને અમેરિકાવાસી ગૌરાંગોને ચકિત કરી અનેક નરનારીઓને શિષ્ય બનાવનારા અદ્દભુત સંન્યાસીનું આ ચરિત્ર ૧૧ ગ્રંથોપરથી રચાયેલું તથા પુષ્કળ વિગતોવાળું છે.

પ્રત્યેક ભારતસંતાને અવશ્ય વાંચવા અને સંગ્રહ કરવા યોગ્ય

श्री शिवाजी छत्रपति

હિંદુધર્મના મહાન રક્ષક અને મરાઠી રાજ્યના પરાક્રમી સ્થાપક વીરકેસરીનું ઉત્તમ તથા પ્રમાણભૂત જીવનચરિત્ર, બહોળા સુધારાવધારાસાથે બીજી આવૃત્તિ, ૧૦ ચિત્ર, પૃષ્ઠ ૫૨૦, રૂ.૨।

भक्तचरित्र अथवा भक्तिरसामृत

કદ ૫×૯, પૃષ્ઠ ૪૦૦, પૂંઠાં પાકાં, મૂલ્ય ૧।।

આમાં વાંચનારને જ્ઞાનભક્તિથી ભરપૂર કરે એવાં મહાન સંતભક્તોનાં ૨૯ ચરિત્ર હોઇ ભક્તમાળમાં તે આવેલાં નથી.

महान सम्राट अकबर

આવૃત્તિ બીજી, ૭ ચિત્ર, પૃષ્ઠ ૩૫૦, મૂલ્ય ૧।

ભારતવર્ષના આ પનોતા પુત્ર અને મહાન મોગલસમ્રાટને ઉતારી પાડનારા વિદેશી લેખકોને સજ્જડ રદીયા આપી તેની અપૂર્વ મહત્તા સ્થાપન કરવા ઉપરાંત આ ચરિત્ર ભારતના ભૂત તથા વર્તમાન સમયનો ચિતાર પણ હૃદયદ્રાવક અને જોસદાર ભાષામાં આપે છે.

હાલ જમાનાના મહાન પ્રેરક, પરોપકારી અને અસહકારવાદી

મહાત્મા ટૉલ્સ્ટૉય

કદ પા×૮, પૃષ્ઠ ૬૨૦, મૂલ્ય રૂ. ૨, પાકું રા

જેના વિચારોનો અભ્યાસ અને અમલ કરવા સારૂ યૂરોપ-અમેરિકામાં પણ અનેક સંસ્થાઓ સ્થપાઈ છે; એવા આ અદ્દભુત પુરુષે એક મોટા રશિયન ઉમરાવ અને સ્વચ્છંદી યુવકમાંથી ફેરવાતે ફેરવાતે કેવી રીતે પોતાના અવગુણો ઉપર જીત મેળવી; અને કેવા રીતે તેઓ એક મહાન વિચારક, સમર્થ લેખક, ઉત્તમ તત્ત્વજ્ઞાની તથા મોટા પરોપકારી બની શકયા; અને છેવટે કેવી રીતે વૃદ્ધાવસ્થામાં ઘરબાર તજીને ચાલી નીકળ્યા તથા કેવી રીતે તેમનો દેહાન્ત થયો; એ સર્વ હકીકતો બહુજ અસરકારક, બોધદાયક અને વિવિધ પ્રકારના રસથી ભરપૂર છે.

મહાન નેપોલિયન

નવલકથાને પણ ભૂલાવી દે એવા અસામાન્ય-છતાં સાવ સાચા બનાવોથી ભરપૂર, અને ચરિત્રનાયકને ખરા રૂપમાં રજુ કરનારૂં તથા મી૦ એબટના ગ્રંથ ઉપરથી રચાયેલું આ અદ્દભુત ચરિત્ર છે. પૃષ્ઠ ૮૪૦, મૂલ્ય રા, પાકું ૩)

ઉત્તમ ચિત્રાવલિઓ અને ચિત્રો

દરેક ચિત્રાવલિ અને ચિત્રનું કદ ૬॥×૧૦ છે.

દરેક ચિત્રાવલિ અને ચિત્રનું કદ ૬॥×૧૦ છે..
શ્રીરામાયણ ચિત્રાવલિ—એમાં ચિત્રો ૩૬, મૂલ્ય ૦॥=,
શ્રીમહાભારત ચિત્રાવલિ— " ૩૦, મૂલ્ય ૦॥=
...ના દરેક છૂટા ચિત્રનો ૦)॥, ૬ ના ૦)=, ૨૦ ના ૦।=, ૧૦૦ નો ૧

દાનવીર કાર્નેગી

પૃષ્ઠ ૩૮૪, કદ પા×૮, મૂલ્ય ૧, પાકું ૧॥

ગરીબમાંથી મોટા ધનવાન બનનારા આ અમેરિકાવાસી મહાન દાનવીરનું ચરિત્ર દરેક ગરીબ તેમજ ધનવાને વાંચવા જેવું છે; કેમકે સાચા દેશસેવક કેવા હોય છે અને સાચા ઉપાય કેવા હોય છે, તે ખાતે હજી આપણા રાષ્ટ્રસેવકોએ પણ બહુ બહુ જાણવાવિચારવા જેવું બાકી છે.

સ્ત્રીઓ, પુરુષો અને આખા કુટુંબમાટે અત્યંત બોધદાયક

સામાજિક ટુંકી વાર્તાઓ

આ વાર્તાઓ શૃંગારિક વર્ણનોવાળી નથી; પરંતુ સમગ્ર કુટુંબ સાથે બેસીને વાંચી શકે એવા પ્રકારની છે. ઘરમાં, કુટુંબમાં, સગાંવહાલાંમાં, અડોશીપડોશીમાં તથા જ્ઞાતિબંધુઓ વગેરેમાં ચાલતા કલેશ, કુસંપ, ખરાબ રીતરિવાજ અને બીજી અનેક પ્રકારની દુર્દશાઓનાં આબેહુબ ચિત્રો તથા પરિણામો આ વાર્તાઓ એવી અસરકારક રીતે રજુ કરે છે, કે જેથી તેમાંથી લેવાતું શિક્ષણ આપોઆપજ વાંચનારના મન ઉપર ઠસી રહે છે.

ભાગ ૧ થી ૪ { આવૃત્તિ બીજી, ૬૬ સામાજિક વાર્તાઓ, પૃષ્ઠ ૬૦૦, કદ પ×૯, પાકું પૂંઠું રૂ.૨)

ભાગ ૫ મો { સામાજિક વાર્તાઓ ૨૮, પૃષ્ઠસંખ્યા ૩૦૦, કદ ૬ઇંચ ૫×૬॥, પાકું પૂંઠું રૂ.૦॥।=

ભાગ ૬ ઠ્ઠો { સામાજિક વાર્તાઓ ૨૭, પૃષ્ઠસંખ્યા ૩૬૦, કદ ૬ઇંચ ૫×૬॥, પાકાં પૂંઠાં રૂ. ૧)

ભાગ ૭ મો { ૧૦ સામાજિક વાર્તાઓ તથા શેખસાદીના 'ગુલીસ્તાન'નો અનુવાદ, પૃષ્ઠ ૩૫૦, પાકાંપૂંઠાં રૂ.૧॥

ભાગવત જેટે ભાવથી, કંપે કાળ કરાળ; ભાવ પછી બાધ ભાગે, ભાગ્ય ગ્રંથની માર
ઉત્તમ વાંચન ઉપરે, જો કંઇ હોય વહાલ; 'માળા ગ્રંથ વિવિધ' તણી, તો વાંચો તત્કાળ.

ચાલુ જમાનાના મહાન પ્રેરક, પરોપકારી અને અસહકારવાદી

महात्मा टॉल्स्टॉय

सुख, सामर्थ्य अने समृद्धि

તથા વિચારોના ચમત્કાર

પૃષ્ઠ ૫૫૨, કદ ૫×૬।।।, મૂલ્ય રૂ. ૧।

આ ગ્રંથ સમજાવે છે કેઃ–આપણને ઉત્પન્ન કરનારી દિવ્ય પરમાત્મશક્તિ આપણામાંજ વસી રહેલી છે; અને જો તેનો ઉપયોગ કરતાં આવડે તો જીવનકલહના સઘળા ઘા તથા સંકટોને દૂર કરવાનું અમોઘ સામર્થ્ય તેમાં રહેલું છે; દરેક માણસનું હાલનું શરીર અને બીજી સર્વ સ્થિતિઓ, એ સર્વ તેની આંતરસ્થિતિનુંજ પરિણામ હોઇને અત્યારે પણ જો તે ધારે તો પોતાના વિચારોમાં સુધારો કરીને પોતાનાં શરીર, ચારિત્ર્ય તથા બાહ્યસ્થિતિને સુદ્ધાં ફેરવવાને શક્તિમાન છે; અનંત ચૈતન્યસાથેની પોતાની અનાદિસિદ્ધ એકતા અનુભવવામાટે મનુષ્યે પોતાના મનરૂપી દ્વારમાં કેવી રીતે ખરાબ વિચારોને પેસતા અટકાવીને શુભ વિચારોનેજ પેસવા દેવા, તેનું આમાં આબાદ વર્ણન છે.

आदर्श दृष्टांतमाळा

આમાં દેશવિદેશનાં સેંકડો ચરિત્રોમાંથી ચૂંટી કાઢેલાં ૩૮૩ અતિ ઉત્તમ દૃષ્ટાંતો અને વચનો હોઇ પૃષ્ઠ ૩૩૦, મૂલ્ય રૂ. ૧)

पुस्तको मंगावनारने सूचना

૧–પોસ્ટેજ માફ ન લખ્યું હોય તે સર્વનું જુદું. ૨–બહારગામથી મંગાવનારે અમદાવાદજ લખવું. ૩–મંગાવેલામાંનું જે ન આવે તે ખલાસ સમજવું. ૪–રૂ. ૧)થી ઓછાનાં પુસ્તકાદિ માટે નાણાં કે ટીકીટો પ્રથમજ મોકલવી. ૫–રેલરસ્તે મંગાવનારે મૂલ્ય ઉપરાંત વધારાના પૅકીંગ ખર્ચના પણ રૂ. ૦ા પ્રથમથીજ મોકલવો. ૬–૨૫) કે વધુનાં પુસ્તકો લેનારને કમીશન મળશે. ૭–મહાભારતની [illegible]

दानवीर कार्नेगी

પૃષ્ઠ ૩૮૪, કદ પા×૮, મૂલ્ય ૧।, પાકું ૧।।

ઉત્તમ પુસ્તકો બૂજ કિંમતે પૂરાં પાડનારી ૧૭ વર્ષથી ચાલતી

विविध ग्रंथमाळा

દર વર્ષે વિવિધ વિષયનાં પા×૮ અને ૫×૯ના કદનાં ૧૬૦૦પૃષ્ઠ જેટલાં ઉત્તમ પુસ્તકો માત્ર ૪ માં અપાય છે. પાકાં પૂંઠાં સાથે ૫), પો. માફ

સંવત ૧૯૮૨માં "દાનવીર કાર્નેગી" અને "શુભસંગ્રહ–ભાગ પહેલો" નીકળી ચૂક્યો છે. એનોજ બીજો ભાગ તરતમાં નિકળી તે પછીનું પુસ્તક પણ સત્વર છપાશે. બીજાં પુસ્તકો–સં. ૧૯૮૩ તથા ૮૪ માટે નીચલાંમાંથી તેમજ નવાં પસંદ કરાય તેમાંથી નીકળશે. મુસ્લીમ મહાત્માઓ, પશ્ચિમના અપ્રસિદ્ધ પુસ્તકો, ભારતના વીર પુરુષો, મહાન શીખ ગુરુઓ, બુકર ટી. વૉશિંગ્ટન, દેશદેવી જોન ઑફ આર્ક, ફાધર ડેમીઅન, કાર્લાઇલ, વિલીયમ વૅલેસ, સત્યાગ્રહ અને અસહકાર, ટુંકી વાતોનો નવો ભાગ, ભારતીય નીતિકથાઓ, સ્વામી વિવેકાનંદનો જ્ઞાનયોગ, સુબોધ રત્નાકર, વિજયકૃષ્ણ ગોસ્વામીચરિત્ર, સંતમહાત્માઓની વાણીના પુસ્તકો, આદર્શ દૃષ્ટાંતમાળા ભાગ બીજો ઇત્યાદિ ઇત્યાદિ.

ખાસ સૂચના–ગમે ત્યારે ગ્રાહક થવા છતાં આખા વર્ષનાં પુસ્તક મળશે. લવાજમ પણ કાર્તિકથી દિવાળીસુધીનું આખા વર્ષનું લેવાશે.

आ माळाना हजी मळता आगला सॅट. पो. जुदुं

સં૦ ૧૯૭૬નાં ત્રણ પુસ્તક–પૃષ્ઠ ૧૫૦૦, રૂ. ૨।, પાકાંપૂંઠાં ૩। સ્વામી વિવેકાનંદ ભાગ ૬–૭, ભારતના સંતો, ટુંકી વાર્તાઓ ભાગ ૬ઠ્ઠો.

સં૦ ૧૯૭૯નાં ત્રણ પુસ્તક–પૃષ્ઠ ૧૫૦૦, રૂ. ૩।, પાકાંપૂંઠાં ૪। ટુંકી વાર્તાઓ ભાગ ૭મો, કાઉન્ટ ટૉલ્સ્ટૉય, સ્વામી વિવેકાનંદનો રાજયોગ.

સંવત ૧૯૮૦નાં ત્રણ પુસ્તક–(ઇંચ પા×૮ નાં પૃષ્ઠ ૧૬૦૦, મૂલ્ય સાદાં પૂંઠાં ૪, પાકાં પૂંઠાં ૫) સ્વામી રામતીર્થ ગ્રંથ ૩ જો–ભાગ ૧૦–૧૧, મહાન નેપોલિયન બોનાપાર્ટનું વિસ્તૃત ચરિત્ર, બંકિમકૃત ધર્મતત્ત્વ.

સંવત ૧૯૮૧ નાં ચાર પુસ્તક–(ઇંચ પા×૮નાં પૃષ્ઠ ૧૬૦૦, મૂલ્ય સાદાં પૂંઠાં ૪, પાકાં ૫) સ્વામી રામતીર્થ ગ્રંથ ૪થો ભાગ ૧૨–૧૩, [illegible]